જેરાજ અને **મહીરાજો** રે ।
પુંજીબાઈ કુંખે અવતર્યા,
કરે ધરમના કાજો રે... જંબૂ ० ॥૮॥

કસલા વોહરા ઘર ભારિયા,
સોનબાઈ તસ નામો રે ।
લખમીચંદ ત્રીકમ દોએ,
તસ કૂખે અભિરામો રે... જંબૂ० ॥૯॥

એહવે મુનિવર આવીયા,
શ્રી દેવચંદ્ર ગુરૂ રાયો રે ।
કરીયે પ્રતિષ્ઠા હરખસું,
આણી મન ઉચ્છાણો રે...જંબૂ૦ ॥૧૦॥

દૂહા

અઢારસે દસ (૧૮૧૦) અવસરે,
ઓચ્છવ કરી અપાર ।
બિંબ પ્રતિષ્ઠા તાં કરી,
વરત્યો જય જયકાર ॥૧॥

ઢાળ બીજી
નેંદરડીની દેશી

સંઘ ચતુર્વિધ તેડીઆ,
માંડ્યો માંડ્યો હો ઓચ્છવ મનરંગ કે ।
તંબુ ડેરા તણાવીઆ,
મોટા મોટા હો
માંડવ ઉત્તંગ તો...સંઘ૦ ૧

દંડ કલશ ધ્વજ લહકતે,
દીપે દીપે હો જિહાં મેરૂ સમાન તો ।
પૂજા સત્તર ભેદ અઠોત્તરી,
ગાવે ગાવે હો જિન–
શાસની ગ્યાંન તો...સંઘ૦ ૨

ચંદરૂઆ જરકસી ઘણાં,
બંધાવ્યા હો તિહાં ઠામો ઠામ તો ।
અબીલ ગુલાલ ઉડે ઘણાં,
ચુઆ ચંદન હો
કુસુમ અભિરામતો...સંઘ૦ ॥૩॥

પોઢા પરઠ મંડાવીઆ,
કીધી સૂખડી હો ભોજન પકવાન તો ।
વરણ અઢાર સંતોષીઆ,
શ્રી સીમંધર હો થાપ્યા
શુભ થાન તો...સંઘ૦ ॥૪॥

ડોસે વહોરે દિલ ઉલટે,
વાવે વાવે હો સાતક્ષેત્રે વિત્ત તો ।
નિજ આતમ માતાપિતા,
અજૂઆલ્યા હો દોએ
પખ પવિત્ર તો....સંઘ૦ ૫

જેઠો વોરો ઈણ અવસરે,
ગતી દેવતણી પામ્યા પુણ્યવંત તો ।
દેવળ પર દીવો થયો,
બારોત્તરે (૧૮૧૨) હો હુઆ
દેવ મહંત તો....સંઘ૦ ॥૬॥

સંઘ શેત્રુંજે જાતરા,
કીધી કીધી હો ચોદોતરે (૧૮૧૪) સારતો ।
સંઘવી પદ તિલક ધરાવીઓ,
વહોરે ડોસે હો લછમી
ખરચી અપારતો....સંઘ૦ ॥૭॥

માલ પહેરી સતરોતરે, (૧૮૧૭)
વહી ઉપધાન હો સાસુને વહુએ તો ।
હીરબાઈ પુંજીબાઈ હરખસું,
ગુરૂ ઉત્તમવિજે પાસે
તાહાં બહુ તો....સંઘ૦ ॥૮॥

વિહરમાન જિનરાજજી,
વીસોત્તરે (૧૮૨૦) હો પ્રતિષ્ઠા કીધ તો ।
અજિતવીર્યજિન થાપીઆ
લખ ખરચી હો જેણે શોભા લીધ તો....૯

મોહનવિજય પંન્યાસ મુખ,
કરી પ્રતિષ્ઠા ત્યાંહિ ।
ફરી શેત્રુંજે જાત્રાતણી,
આણી મન ઉચ્છાહિ ॥૧૦॥

ઢાલ ત્રીજી—ણુપરાની

ઠામ ઠામ કંકૂતરી રે લાલ,
મોકલી ગામોગામરે—સોભાગી લાલ
આવી મિલ્યા ઉતાવળા રે લાલ,
વ્યવહારી વડનામ રે—સોભાગી લાલ ઠામ૦ ૧

રથ તુરંગમ પાલખી રે લાલ,
શિબુઆરી સિરદારરે—સોભાગી લાલ
ઓચ્છવ મહોચ્છવ અતિ ભલારે લાલ,
ભેટયા **નાભિકુમાર** રે
—સોભાગી લાલ....ઠામ૦ ॥૨॥

સાહમીવચ્છલ લ્હાણી ઘણી રે લાલ,
પૂજા સત્તર પ્રકાર રે—સોભાગી લાલ ।
સંઘવી પદ તિલક ધરાવીનેં રે લાલ,
આવ્યા નિજ ઘરબાર રે—
સોભાગી લાલ...ઠામ૦ ॥૩॥

એમ અનેક કરણી કરી રે લાલ,
વરસ માસ દિન તેમ રે—સોભાગી લાલ
બત્રીસેં (૧૮૩૨) પોષ વદ ચોથ દિનેં રે લાલ,
સરગે પોહોતાં એમ રે—
સોભાગી લાલ...ઠામ૦ ॥૪॥

વિજયસિંહ સૂરિતણા રે લાલ,
સત્યવિજય પંન્યાસ રે સોભાગી લાલ ।
કપૂરવિજય ખીમાવિજય રે લાલ,
જિનવિજય શિષ્ય તાસ રે—
સોભાગી લાલ...ઠામ૦ ॥૫॥

ઉત્તમવિજય તસ પાટેં ભલા રે લાલ,
પદ્મવિજય મુનિરાય રે—સોભાગી લાલ ।
વિવેકવિજય સાધુ સહિત રે લાલ,
આવ્યા **લીંબડી** ઠામ રે—
સોભાગી લાલ...ઠામ૦ ॥૬॥

પંચ મહાવ્રત પાલતા રે લાલ,
ગુણ સત્યાવીશ અંગ રે—સોભાગી લાલ ।
રક્ષા કરે ષટ્કાયની રે લાલ,
દિન દિન ચઢતે રંગ રે
—સોભાગી લાલ...ઠામ૦ ॥૭॥

આગમ પિસ્તાલીશ તણા રે લાલ,
જાણે અર્થ વિચાર રે...સોભાગી લાલ ।
ન્યાય વ્યાકરણ પંચ કાવ્યની રે લાલ,
છંદ અલંકાર પ્રકાર રે....
સોભાગી લાલ....ઠામ૦ ॥૮॥

સંઘ ચતુર્વિધ હરખીઓ રે લાલ,
સાંભેલું ઘણું કીધ રે—સોભાગી લાલ ।
લુંછણડાં પરભાવના રે લાલ,
દાન સુપાત્રે દીધા રે
—સોભાગી લાલ....ઠામ૦ ॥૯॥

શ્રાવક સકલ સોભાગીઆ રે લાલ,
વ્રત પચ્ચખાણ અનેક રે—સોભાગી લાલ।
ધર્મવતી સહુ શ્રાવિકા રે લાલ,
તપ ઉપધાન અનેક રે—
સોભાગી લાલ....ઠામ૦ ॥૧૦॥

પ્રથમ ચોમાસેં ઈણી પરે રે લાલ,
થઈ ધર્મની વૃદ્ધ રે—સોભાગી લાલ ।
પદ્મવિજય મુનિ આવતાં રે લાલ,
સકલ મનોરથ સિદ્ધ રે—
સોભાગી લાલ...ઠામ૦ ॥૧૧॥

આગળ ચોમાસું તિહાં હતા રે લાલ,
લાલવિજય મુનિરાય રે...સોભાગી લાલ
રતનવિજય પુણ્યવિજય તણા રે લાલ,
હીરા ઓતમ સુખદાય રે—
સોભાગી લાલ...ઠામ૦ ॥૧૨॥

દૂહા

વડવખતી વ્યવહારીઓ,
શ્રાવકમાંહિ સીંહ ।
દિલદરીઓ ડોસા તણો,
અછે કુશલેશ અબીહ ॥૧॥

સુકરણી મોટી કરી,
વંશ દીપાવ્યો વાન ।
સદા વ્રતધર સારિખો,
દેતો અઢળક દાન ॥૨॥

બીજે ચોમાસો આવીયો,
ઓગણચાલે (૧૮૩૯) એમ ।
હીરબાઈને હરખ ઘણો,
તપ ઉજમણે પ્રેમ ॥૩॥

ઢાલ ચોથી

આશ ફલી મેરી આશ ફલી...એ દેશી

ફળ્યા વંછિત આવ્યા મુનિરાજ,
કરીયેં હવે મનોરથ કાજ —
એહવો હર્ષ ધરી ॥૧॥

કરીયેં તપ છુટેં જેણે કર્મ,
સાચો શ્રાવકનો એ ધર્મ —
એહવો હર્ષ ધરી ॥૨॥

સાસુ – વહુઅર કરી વિચાર,
વોરાજીનેં કહે નિરધાર —
એહવો હર્ષ ધરી ॥૩॥

જો તુમ આજ્ઞા અમનેં હો એ,
તો અમેં તપ માંડીજે સોએ—
એહવો હર્ષ ધરી ॥૪॥

બલતા **વોરો** વાણી વદે,
માંડો તપ હોઈ તમ ઉદેં —
એહવો હર્ષ ધરી ॥૫॥

વૃદ્ધ અવસ્થા માતા તુમ તણી,
તપ કરણી તો દુષ્કર ઘણી—
એહવો હર્ષ ધરી ॥૬॥

પુંજીબાઇ કહેં મનરલી,
અમેં પાંત્રીસું કરસ્યું વલી —
એહવો હર્ષ ધરી ॥૭॥

તમેં કીધા તપ આગેં બહુ,
છઠ્ઠઅઠ્ઠમાદિક જાણે સહુ—
એહવો હર્ષધરી ॥૮॥

ભાભીજી તપસી છો તમો,
તમ અનુમત કીમ દીજેં અમો—
એહવો હર્ષધરી ॥૯॥

પાંચ આઠ કીધા દશ બાર,
પાસખમણ કીધો સુવિચાર—
એહવો હર્ષધરી ॥૧૦॥

માસખમણ તપ મોટો જેહ,
તમેં કીધો આણી મન નેહ—
એહવો હર્ષધરી ॥૧૧॥

કર્મ સૂડણ તપ વહ્યાં ઉપધાન,
કલ્યાણક તપ કીધ પરમાણ—
એહવો હર્ષધરી ॥૧૨॥

આઠમ પાંચમ એકાદશી,
વીસસ્થાનક ઓલી મનવસી—
એહવો હર્ષધરી ॥૧૩॥

સાડાચાર વરસની જેહ,
વિધિસું ઓળી કીધી તેહ—
એહવો હર્ષધરી ॥૧૪॥

વર્ધમાન આંબિલ તપસાર
તેત્રીસ ઓલી કરી નિરધાર—
એહવો હર્ષધરી ॥૧૫॥

ચંદનબાલા રોહિણી જાણ,
તિમ સૂક્ષ્મ બહુ વિધિ પચ્ચખાણ—
એહવો હર્ષધરી ॥૧૬॥

તુમે જંગમતીરથ ઘર માંહિં,
તમને આજ્ઞા કિમ દેવાય?--
એહવો હર્ષધરી ॥૧૭॥

ઢાલ ૫ મી

હું વારી ધન્ના-એ દેશી

પુંજીબાઈ વલતું વદે, દેવરીઆ!
અમને દો આદેશ દે૦

પાંત્રીસું કરસું અગ્રહે, દેવરીઆ!
જૂઠ નહિં લવલેશ
મોરા દેવરીઆ, કીજે ધર્મ સનેહ
હો મોરા૦

ફરી ફરી લહેવો દોહિલો, દેવરીઆ!
એ શ્રાવક કુલ દેહ દે૦

તપ ઉજવણું તમે કરો દેવરીઆ!
ખરચો ધન અછેહ રે--
મોરા દેવરીઆ! કીજે૦ ॥૨॥

જિન શાસન શોભા કરો દેવરીઆ,!
તુમ્હ કુલવટની રીત--મોરા દેવરીઆ!।
બાપ કુલે બલીઆ તમે દેવરીઆ,!
ધર્મ કર્મ સુવિનીત,
મોરા દેવરીઆ! કાજે૦ ॥૩॥

થિર ચિત્ત દેખી એહવું રે,
વોરેજીઇ આજ્ઞા આપી જાંણુ ।
પાંત્રીસનું ધારી તીસે સો ભાગી,
તેરતણું પચ્ચકખાણુ રે
સોભાગી કાજે૦ ॥૪॥

કુસલાવોરા ઘર ભારયા સોભાગી,
સોનબાઈ તસનામ સોભાગી ।
માસખમણ પૂર્વે કર્યું સોભાગી,
પાંત્રીસ પચકખ્યા નામ રે
સોભાગી, કીજે૦ ॥૫॥

મૂળીબાઈ અમૃતબાઈ જાણીએ સોભાગી,
જયરાજ મેંરાજ ઘરનાર સોભાગી ।
અમૃતબાઈએ આદર્યો સોભાગી,
માસખમણ સુવિચાર રે
સોભાગી—કીજે ધર્મ૦ ॥૬॥

બેન **અવલબાઈ** આદરે સોભાગી,
માસખમણ તપ જેહ--સોભાગી ।
લબધ થઈ સર્વ સંઘમાં સોભાગી,
પંચોત્તર તપ તેહ રે--સોભાગી,
કીજે ધર્મ સનેહ ॥૭॥

નગર ચોસાલે જાણજ્યો સોભાગી,
એકસો પન્નર ખાસ રે--સોભાગી! ।
દેશ દેશ કીરતિ થઈ સોભાગી
લીંબડી લીલ વિલાસ રે--સોભાગી,
કીજે ધર્મ૦ ॥૮॥

સંઘમાંહિં ઓચ્છવ ઘણા,
ઘર ઘર મંગલ હોય!
પૂજા સંઘ પ્રભાવના,
જિનશાસન જગ જોય ॥૯॥

ઢાળ છઠ્ઠી

મેરે નંદનાં — એ દેશી

પુંજીબાઇ હવે જાણીયે રે લાલ
પ્રથમ કર્યું પચ્ચખાણ – સૂધી શ્રાવિકા ।
તેર ઉપવાસ તણું તિહાંરે લાલ,
ધાર્યું મનમાં જાણ
– સાચી શ્રાવિકા ॥૧॥

વેદની કર્મ ઉદય થયો રે લાલ
પુંજીબાઈને અંગ
– સાચી શ્રાવિકા ।
અવસર જાણી એહવો રે લાલ,
આવ્યો સકલ તિહાં સંઘ
– સાચી શ્રાવિકા ॥૨॥

ધિંગડમલ્લ ધારસી તણો રે લાલ,
મેહતો ડોસો મહંત
– સાચી શ્રાવિકા ।
આવ્યા તિહાં ઉતાવળા રે લાલ,
ધરમીનેં ધનવંત
સાચી શ્રાવિકા ॥૩॥

સહુ મિલીનેં વિનતિ કરે રે લાલ,
પારો તમે પચ્ચકખાણ
– સાચી શ્રાવિકા ।
નોરા–પાડા બહુ કરે રે લાલ,
દેખી અંગ અહિંનાણ
– સાચી શ્રાવિકા ॥૪॥

નરનારી ધર્મરાગીઆ રે લાલ,
આવી કહે શિર નામ
સાચી શ્રાવિકા ।
માગ્યું આપો પારો તમેં રે લાલ,
કરો અમારૂં કામ
– સાચી શ્રાવિકા ॥૫॥

ચાર આગાર કહ્યા અછે રે લાલ
શ્રી જિનવર મૂખ વાણ
– સાચી શ્રાવિકા ।
અવસર એહવો ઓળખી રે લાલ
મત કરો એહવી તાણ
સાચી શ્રાવિકા ॥૬॥

તોહે પચ્ચખાણ પારે નહીં રે લાલ,
મન ધીરજ દૃઢ બુદ્ધ
સાચી શ્રાવિકા ।
નવ ઉપવાસ ઉપર તિહાંરે લાલ,
પચ્ચખેં તે મન સુદ્ધ
– સાચી શ્રાવિકા ॥૭॥

અણહારી જે ઔષધી રે લાલ,
ન લીઇ મુખ લગાર
– સાચી શ્રાવિકા ।
પાણી જે સાકરતણું રે લાલ,
નાખી દીધું નિરધાર
સાચી શ્રાવિકા ॥૮॥
અણસણ સાગારી તસેં રે લાલ,
ધાર્યો હતો મન સુદ્ધ
સાચી શ્રાવિકા ।
અશનાદિક કીમ આદરે રે લાલ,
જેહની નિરમલ બુદ્ધ
– સાચી શ્રાવિકા ॥૯॥
ચાર ગતિના જીવડા રે લાલ,
ખમત ખામણ તેહ પ્રતેં રે લાલ,
મિચ્છા દુક્કડ દેહ–
સાચી શ્રાવિકા ॥૧૦॥
ચાર શરણ ચોકખેં ચિતેં રે લાલ,
કરી પોહોતી સુરલોય–
સાચી શ્રાવિકા ।
જંબુતરૂઅર સાસતો રે લાલ,
તિહાં જઈ દેવી હોય–
સાચી શ્રાવિકા ॥૧૧॥
શ્રાવણ વદિ એકાદશી રે લાલ,
ચોવીસમેં ઉપવાસ–
સાચી શ્રાવિકા ।
પુણ્ય પ્રભાવે પામીયા રે લાલ
દેવતણો આવાસ–
સાચી શ્રાવિકા ॥૧૨॥

દૂહા

પર્વ પજુસણ આવીયા,
સહુ કો કરે વિચાર ।
શોક સંતાપ ન રાખીઈ,
ધર્મ તણું અધિકાર ॥

ઢાળ ૭ મી

વાત મ કાઢો હો વ્રતતણી-એ દેશી

ઓચ્છવ માંડયો ઈણું અતિઘણો,
વાજે ઢોલ નીસાણ રે ।
હોયે શ્રીફળ પ્રભાવના,
ઘર ઘર કોડ કલ્યાણ-ઓચ્છવ ૦ ॥૧॥

કસલો વેરો કરીઆવર કરે,
દે સંવત્સરી દાન રે ।
સકલ સંઘ જમાડીએ,
કરી પંચ પકવાનો રે-ઓચ્છવ ૦ ॥૨॥

પૂંજીબાઈ ઉજમ્યાં હરખસું,
ખરચી દ્રવ્ય અપાર રે ।
સુખડીઓ કરી સામટી,
પોહ્યા વરણ અઢાર રે-ઓચ્છવ ૦ ॥૩॥

પતિ વાંસે બત્રીસમાં,
ચોરાશી ન્યાત જમાડી રે ।
દેસ ચોરાશી જમાડતાં,
તેણે થઈ કીરતિ જાડી રે-ઓચ્છવ ૦ ॥૪॥

કવિ જેરાંમ ઈણી પરે કહે,
જિનશાસનની જાણ રે ।
અઢળક દાન દીઇ અસો,
નિત નિત કોડ કલ્યાણ રે-ઓચ્છવ ૦॥૫॥

દીઇ આસીસ ઈણી પરે,
પ્રાગવંસ વિસેસ રે ।
વોરા વડ વ્યવહારીયા,
ચિરં જીવે કસલેસ રે-ઓચ્છવ ૦ ॥૬॥

કલશ-ગીત

પ્રથમ પ્રૌઢ પરસાદ
સંત જન સાતે દીધો,
બિંબ પ્રતિષ્ઠા હોય
સંઘ ત્રહવાર પ્રસિદ્ધો
તપ ઉજમણો તેમ
દેસ ચોરાશી દાખે,
અવકરણી અપાર
લોઅણ જસ કીરતિ ભાખે ।
દીલ દરીઆએ ડોસાતણો
જગડૂ જેહવો જાણીઈ
પ્રાગવંશદાતા પ્રસિદ્ધ
વોરા કસલેશ વખાણીઈ ॥૧॥

ઇતિ શ્રેયઃ કલ્યાણં । ઇતિ તપસ્યાગીતં સંપૂર્ણં ।

(૨) શ્રી તપ બહુમાન ભાસ પુણ્ય પ્રશંસીઈ-એ દેશી

લીંબડી નગર સોહામણું રે,
જિહાં જિનવર પ્રાસાદ ।
દેખી દેઉલ દિલ હરે રે,
ઉપજે અતિ આહ્લાદ રે-
ભવિજન તપ કરો-એ આંકણી ॥૧॥

શિખર બંધ સોહામણો રે,
તિહાં શ્રી શાંતિજિણુંદ
શાંતિ કરે સવિ વિખનની રે,
આપે પરમાણંદ રે-ભવિ ૦ ॥૨॥

ન્યાય મારગ બહુ પાલતો રે,
તિહાં હરજીરાજ રાય ।
પરનારી સહોદર સમો રે,
પ્રજાપાલન સુખદાય રે-ભવિ ૦ ॥૩॥

શ્રાવક અતિ સોહામણાં રે,
દાની જ્ઞાની રે જેહ,
શ્રી જિનવર અરચા કરે રે,
નવપદ ધ્યાન ધરેહ રે-ભવિ ૦ ॥૪॥

સંવત અઢારસેં તથા રે,
ઓગણચ્યાલ્લેં રે જાણ ।
અચરિજ વાત અતિ થઈ રે,
ચોથા આરા પ્રમાણ રે-ભવિ ૦ ॥૫॥

વોહરા ડોસા નામથી રે,
તસ સુત દોય વખાંણ ।
વોહરા જયેઠા જાણીઇ રે,
તિમ **કસલા** ગુણ ખાંણ રે-ભવિ ૦ ॥૬॥

જયેઠા ઘરણી જાણીઇ રે,
બાઈ**પુંજી** અભિધાન ।
તિમ **કસલા** ઘરિ કામિની રે,
નામે **સોન** સુજાંણ રે-ભવિ ૦ ॥૭॥

દેરાણી જેઠાણી બિહું જણે રે,
કર્યાં પાંત્રીસ ઉપવાસ ।
લોકમાં વાત તે વિસ્તરી રે,
વાધ્યા હર્ષ ઉલ્લાસ રે-ભવિ ૦ ॥૮॥

વધતે હરખેં બહુ કરે રે,
ત્રીશ અને પાંત્રીશ ।
અનુક્રમે પંચોતર થયાં રે,
વાધી જગત જગીશ રે-ભવિ ૦ ॥૯॥

હરખજી કરેં **રૂકમની** રે,
લ્હાણી મહાજન જુત્ત ।
મહાજન પણ તિહાં બહુ કરે રે,
લ્હાણી અતિ અદભૂત રે-ભવિ ૦ ॥૧૦॥

કેઈ રૂકમ કેઈ સ્વર્ણની રે,
કેઈ સાકર શ્રીકાર ।
કેઈ શ્રીફળ કેઈ કાપડાં રે,
કેઈ સાટક મનોહાર રે-ભવિ ૦ ॥૧૧॥

ઈણિસમેં **પુંજીબાઈનેં** રે,
ઉપનો રોગ અપાર ।
પણિ વ્રતમાં દૃઢતા ઘણી રે,
ભોગ ન કીધ લગાર રે-ભવિ ૦ ॥૧૨॥

સયણ-કુટુંબ આગ્રહ થકી રે,
નવિ પાર્યું પચખાંણ ।
બેસુંદ્ધમાં પણ નવિ કર્યું રે,
સાકર જલનું પાન રે-ભવિ ૦ ॥૧૩॥

અનુક્રમેં સુરપદવી વર્યાં રે,
ઉન્નતિ થઈ અપાર ।
વોહરા જેઠા સુર થયા રે,
સાખી ભરેં ભરતાર રે-ભવિ ૦ ॥૧૪॥

એ વ્યવહારે ભાખિયું રે,
દીહું તિણી રે રીત ।
નિશ્ચય ગતિ જ્ઞાની લહે રે,
શાસનની જે પ્રતીત રે-ભવિ ૦ ॥૧૫॥

જિનવર ભગતિ થકી કરે રે,
આણા સહિત તપ ઈમ ।
આણા વિના કષ્ટેં કિસ્યું રે,
માસખમણ જદિ પ્રેમ રે-ભવિ ૦ ॥૧૬॥

એક અનેક કરી જાંણિઇં રે,
માંહિં ભલેં જો એમ ।
એક વિના એકે નહીં રે,
કષ્ટ કરે જો અનેકો રે-ભવિ ૦ ॥૧૭॥

તિણેં જિન આણા મૂલ છે રે,
આણ વિના સવિ ફોક ।
આંણ સહિત હોઈ નિર્જરા રે,
એ ફલ રોકા રોક રે-ભવિ ૦ ॥૧૮॥

ઈહાં જિન આણાઈ તપ કરે રે,
તેહનો છે અધિકાર ।
તસ પદ કજ પ્રણમ્યા થકી રે,
લહીઇં ભવનો પાર રે-ભવિ ૦ ॥૧૯॥

ઓગણચ્યાલા વર્ષમાં રે,
માહવદિ પાંચમ જાંણ ।
શાંતિનાથ સુપસાયથી રે,
કીધાં તપ બહુમાન રે-ભવિ ૦ ॥૨૦॥

પંડિત રત્નવિજય તણો રે,
લાલ વિજય કહે એહ
તપ કરજ્યો ભવિ સાંભળી રે,
આણિ અધિક સનેહ રે–ભ.૨૧

॥ઇતિ શ્રી તપ બહુમાન ભાસ સંપૂર્ણમ્॥

શ્રી શત્રુંજયના છરી પાળતા સંઘનું સ્તવન

(ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો–એ દેશી)

શ્રી મુખ સૌધર્મ સુરપતિ આગલિ
વીર જિણેસર બોલે ।
સકલે તીરથમાં સાર સિદ્ધાચલ,
ત્રિભુવન નહીં એણ તોલે
રે ભવિયણ ! ભજીઇ એ ગિરી ભાવે,
એ તો દુર્ગતિ દૂરિ ગમાવે,
એહથી મન વાંછિત ફલ પાવે
રે ભવિયણ ॥૧॥

શત્રુંજય પુંડરીક બીજું
સિદ્ધિક્ષેત્ર ત્રીજું નામ
મહાબલ ચોથું ને સુરગિરિ પાંચમું,
વિમલાચલ છઠ્ઠે ઠામે
રે ભવિયણ ! ભજીઇ ॥૨॥

પુણ્યશ્રેણિ સપ્તમ શ્રીપદ અષ્ટમ,
ગિરિપતિ નવમ સુભદ્ર
દશમું દૃઢશક્તિ ઇગ્યારમેં,
નિષ્કર્મ બારે અક્ષુદ્ર રે
ભવિ. ॥૩॥

મુક્તિગેહ તેર ચૌદમેં મહાતીર્થ,
શાશ્વત પનરમેં ઠામે
સર્વ વંછિતદાઇ સોલશ
પુષ્પદંત સત્તરમેં પામી રે૦
ભવિ. ॥૪॥

મહાપદ્મ અષ્ટાદશ ભૂપીઠ
ઓગણીસમેં અભિધાને
પ્રભુપદ વીસમે ગિરિ કૈલાસ,
એકવીશ નામ પ્રધાન રે
ભવિ. ॥૫॥

મહાકલ્પથી અષ્ટોત્તર શત,
નામે સિદ્ધાચલ નીરખ્યો ।
ઇમ શ્રી વીર જિણેશ્વર મુખથી,
સાંભળી ભવિજન પરખ્યો રે
ભવિ. ॥૬॥

એંશી જોજન વિસ્તારે પહિલે,
સિત્તરિ બીજે આરે ।
ત્રીજે સાઠિ પંચાસનું ચોથે,
પંચમે બાર વિસ્તારે રે
ભવિ. ॥૭॥

હસ્ત સાતનું છઠ્ઠે રે,
ઇમ અવસર્પિણી સમયે ।
ઉત્સર્પિણીઇ ઉદય અધિક અતિ,
વૃદ્ધિ મહિમ ગુણી વિનયે રે
ભવિ. ॥૮॥

શ્રી સિદ્ધાચલ ગિરિ મંડન સ્વામી
શ્રી રિસહેસર દેવ ।
તસ દર્શન રસિયા જિન રંગી,
તે મિલિયા તતખેવ રે
ભવિ. ॥૯॥

ઝાલાવાડિમાં ચતુર ચોરાશી,
પરગણે લીંબડીપુરને ।
વોરે ડોસાઈ સંઘ શોભાવ્યો,
સુણી ઉપદેશ સુગુરૂને રે
ભવિ. ॥૧૦॥

ખરી શ્રદ્ધા કરી **ડોસે** ખંધારેં,
સમકિત ગુણ અજુઆલ્યું ।
પરિણતિ શુદ્ધ કરી પોતાની,
વિકલ્પથી મન વાળ્યું રે
ભવિ. ॥૧૧॥

સંઘ સકલનેં યાત્રા કરાવી,
માનવભવ ફલ લીધું ।
મોહ સુભટ મદમાન નિવારી,
સમ્યગદર્શન સીધું
રે ભવિયણ ! ભજીઇ ॥૧૨॥

શુદ્ધ નિમિત્તેં નિજ ગુણ સમરેં
વિરમેં સકલ વિભાવ ।
તે **વિમલાચલ** લહી ભવિ પ્રાણી,
સેવો સુદ્ધ સ્વભાવ રે.
ભવિ ॥૧૩॥

અઢારચૌદ ૧૮૧૪ની પોસી પૂનમ,
જુહાર્યા શ્રી જિનભાણ ।
ગુણચંદ્રગણી કહે સંઘ સહુનેં,
હોજ્યો કોડિ કલ્યાણ રે
ભવિ ॥૧૪॥

॥૧૪॥ ઈતિ સ્તવનં સંપૂર્ણમ્ ॥

(૪) શ્રી શાંતિનાથ ચૈત્ય પ્રતિષ્ઠા

આવો સજનજન જિનવર વંદન,
શ્રી શાંતિનાથ ગુણવૃંદા રે ।
જસ ગુણ રાગેં નિજગુણ પ્રગટેં,
ભાજે ભવભય ફંદા રે
આવો૦ ॥૧॥

વિશ્વસેન અચિરાનો નંદન
પૂરણ પુણ્યેં લહીયેં રે ।
ધ્યાન એક તત્વેં તત્ત્વ વિબુધેં,
સુદ્ધાતમ પદ ગ્રહીઇં રે
આવો૦ ॥૨॥


સંવત **અઢારસેં સાતે** ૧૮૦૭ વરસે,
ફાગુણ સુદિ બીજ દિવસેં રે ।
શાંતિ જણેસર હરખેં થાપ્યા,
અતિ બહુમાનેં શિવસુખ વરસેં રે
આવો સજન૦ ॥૩॥

લીંબડી નવરી મંડણ મનોહર,
શાંતિ ચૈત્ય પ્રસિદ્ધો ।
વૃદ્ધશાખ **પોરવાડ** પ્રગટ જસ,
વોહરે ડોસેં દીધો રે
આવો૦ ॥૪॥

જિનભગતેં જે ધન આરોપેં,
ધન ધન તુસીમત ? ધારો ।
ગુણીરાગથી તનમય ચિત્તેં,
પુદગલ રાગ ઉતારો રે
આવો૦ ॥૫॥

તીર્થંકર ગુણ રાગી બુધેં,
રત્નત્રયી પ્રગટાવો રે ।
દેવચંદ ગુણ રંગે રમતાં,
ભવભય સર્વ મિટાવો રે....
આવો સજન જન ! જિનવર વંદન ॥૬॥

॥ ઈતિ સ્તવનં સંપૂર્ણમ્ ॥



श्री

जैनशासनमाणिक्यश्चन्द्रवन्मोददोऽमलः । हेमेवार्च्यश्च देवेन्द्रैः

❀ जीयादानन्दसूरिराट् ❀

॥ श्री वर्द्धमान-स्वामिने नमः ॥

આગમ-રહસ્ય-પારગામી

આગમ-સમ્રાટ્ આગમિક-તલસ્પર્શી-વ્યાખ્યાતા
શ્રી આગમ-મંદિર-સંસ્થાપક, આગમવાચનાદાતા, પરમ પૂજ્ય,
આરાધ્યપાદ બહુશ્રુત, ધ્યાનસ્થ સ્વર્ગતશ્રી ૧૦૦૮

પૂજ્ય આગમોદ્ધારક, આચાર્યદેવશ્રી
આનંદસાગર સૂરીશ્વરજી મ. (સાગરજી મ.)નું

જીવનચરિત્ર

आगमोद्धारकर्त्तारं, शैलाणेशप्रबोधकम् ।
ध्यानस्थस्वर्गतं नौमि, सूरिमानन्दसागरम् ॥

પૂ. આગમોદ્ધારકશ્રીનું

સંક્ષિપ્ત જીવનદર્શન

જન્મ-સંવત-વિ. સં. ૧૯૩૧
જન્મસ્થળ-કપડવંજ
પિતા-મગનભાઈ
માતા-જમનાબેન
જન્મતિથિ-અસાડ વદ ૦))
દીક્ષાવર્ષ-વિ. સં. ૧૯૪૭
દીક્ષાતિથિ-મહા સુદ ૫
દીક્ષાગુરૂ-પ. પૂ. શ્રી ઝવેરસાગરજી મ.
દીક્ષાસ્થળ-લીંબડી (સૌરાષ્ટ્ર)
વડીદીક્ષા-વર્ષ વિ. સં. ૧૯૪૭
વડીદીક્ષાતિથિ-જેઠ સુદ ૭
વડીદીક્ષાદાયક-પૂ. પં. શ્રી હેતવિજયજી મ. સા.
વડીદીક્ષા સ્થળ-પુરણાઇ જૈન ધર્મશાળા લીંબડી
ગણીપદ વર્ષ-વિ. સં. ૧૯૬૦
ગણીપદતિથિ-જેઠ સુદ ૧૦
ગણીપદ સ્થળ-અમદાવાદ
પંન્યાસપદ વર્ષ-વિ. સં. ૧૯૬૦
પંન્યાસપદ તિથિ-અષાડ સુદ ૩
પંન્યાસપદ સ્થળ-અમદાવાદ
પદવીદાતા-પ. પૂ. પં. શ્રી નેમવિજયજી મ.
આચાર્યપદ વર્ષ-વિ. સં. ૧૯૭૪
આચાર્યપદ તિથિ-વૈ. સુદ ૧૦
આચાર્યપદ સ્થળ-સુરત
આચાર્યપદદાયક-પ.પૂ.આ. શ્રી કમલસૂરીશ્વરજી મ.સા.

આગમવાચનાકાળ-વિ. સં. ૧૯૭૧ થી ૧૯૭૭

પ્રથમવાચના વિ. સં. ૧૯૭૧ પાટણ
દ્વિતીયવાચના ,, ૧૯૭૨ કપડવણજ
તૃતીયવાચના ,, ૧૯૭૨ અમદાવાદ
ચતુર્થવાચના ,, ૧૯૭૩ સુરત
પંચમવાચના ,, ૧૯૭૩ સુરત
ષષ્ઠવાચના ,, ૧૯૭૬ પાલીતાણા
સપ્તમવાચના ,, ૧૯૭૭ રતલામ

પાલીતાણા આગમમંદિર પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૯૯ મહા વદ ૫
સુરત આગમમંદિર પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૦૪ મહા સુદ ૩
અર્ધપદ્માસન સ્થિતિ વિ સં. ૨૦૦૬ વૈ. સુદ ૫ બપોરે ત્રણથી
વૈ. વ. ૫ બપોરે ૪-૩૨ સુધી (સુરત)

श्री वर्धमानस्वामिने नमः



આગમોના તલસ્પર્શી વ્યાખ્યાતા
પ્રાવચનિક-ધુરંધર ધ્યાનસ્થ
સ્વર્ગસ્થ પૂજ્યપાદ

આગમોદ્ધારક આચાર્યદેવશ્રીનું
જી...વ....ન....ચ....રિ....ત્ર

વિભાગ-૨

પૂ. આગમોદ્ધારકશ્રી

આગમસમ્રાટ – આગમવાચના દાતા.

આગમોના તલસ્પર્શી વ્યાખ્યાતા

પ્રાવચનિક શિરોમણી

આચાર્યશ્રી

આનંદસાગરસૂરીશ્વરજી મ. ના

સદુપદેશથી નવ મહિનાનાં ટૂંકા ગાળામાં તૈયાર થયેલ



સુરત–ગોપીપુરામાં

ભવ્ય ધ્વજાપતાકાઓથી લહેરાતા

દેવવિમાન જેવું

શ્રી વર્ધમાન જૈન આગમમંદિર

(જ્યાં તામ્રપત્રો ઉપર આગમો કોતરાયા છે)



શ્રીવર્દ્ધમાનસ્વામિને નમઃ

આગમ-જ્યોતિર્ધર

(પૂ. આગમોદ્ધારકશ્રીની જીવનગાથા)

(વિભાગ બીજો)

ખંડ–૧

પૂ. ચરિત્રનાયકશ્રીના ગુરૂદેવશ્રી અંબેરસાગરજી મ.નો

જીવન-પરિચય

પ્રકરણ ૨૫ પૃષ્ઠ ૧ થી ૧૫૨

પૂ. સ્વનામધન્ય શાસનશાર્દૂલ



પૂ. મુનિરાજશ્રી ઝવેરસાગરજી મહારાજ

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ







પ્રકરણ ૨૫

ચરિત્રનાયકશ્રીના ગુરુદેવશ્રી ઝવેરસાગરજી મ. નો પરિચય

પૂ. આરાધ્યપાદ **આગમોદ્ધારક** આચાર્યદેવ ભગવંતના જીવનચરિત્રના આલેખન પ્રસંગે (ખંડ-૨ પ્રકરણ-૧૭ માં) પૂ. ચરિત્રનાયકશ્રીએ સુશ્રાવક-શિરોમણિ પોતાના પિતાજીની ગોઠવેલી યોજના મુજબ **કપડવંજ** જૈન શ્રીસંઘના અગ્રગણ્ય ચુસ્ત ધર્મનિષ્ઠ-શ્રાવક **શ્રી શંકરલાલ વીરચંદભાઇ**ના ઉદાત્ત, સહકારથી સંયમ-ગ્રહણ માટે અદ્વિતીય-સાહસભર્યો પુરૂષાર્થ કર્યાનું જણાવેલ છે.

તે પ્રસંગે પૂ. ચરિત્રનાયકશ્રી જેવા મહામહિમશાલી શાસનના અણમોલ ઝવેરાતને પારખનાર મહાપુરૂષ પણ કેવા અદ્‌ભુત અજોડ શાસન પ્રભાવક હતા? એ સંદર્ભમાં પૂ **મુનિશ્રી ઝવેરસાગરજી** મ. શ્રી ના અલૌકિક-અદ્વિતીય ગૌરવને ઉપસાવવા માટે ઉપયોગી રીતે ત્રીજા ખંડમાં (પ્રકરણ ૧૮ થી ૨૪ સુધી) **તપાગચ્છ**ની પ્રધાન ચાર શાખા પૈકી **સાગર**-શાખાના અપૂર્વ-તેજસ્વી અદ્વિતીય શાસન-પ્રભાવક અજોડ શ્રમણ-રત્નોનો ટૂંક પરિચય વગેરે માહિતી જણાવી હતી.

હવે પૂ. ચરિત્રનાયકશ્રીને ભવભય-હારિણી પારમેશ્વરી ભાગવતી પ્રવ્રજ્યા આપનારા મહાપુરુષ **શ્રી ઝવેરસાગરજી** મ. ના અલૌકિક વ્યક્તિત્વના સંક્ષિપ્ત-પરિચયની રજુઆત કરાય છે.

મહાપુરુષોની ઓળખાણ

જીવનશક્તિઓના વહેણને ઊર્ધ્વગામી બનાવનાર મહાપુરુષોમાં જન્મજાત દેખાતો કેટલાક વિશિષ્ટ સદ્‌ગુણોનો પ્રકર્ષ તેઓને જગતની સાથે દિવ્ય રૂપે રજુ કરે છે.

તેવા કેટલાક ગુણો પૈકી મહત્ત્વના ગુણો આ રહ્યા.

૦ નિખાલસતા ૦ અદ્‌ભુત ક્ષમા ૦ સ્વદોષદૃષ્ટિ ૦ સહનશીલતા ૦ પરાર્થવૃત્તિ ૦ ઉદાત્ત કરુણા ૦ દોષવાન ઉપર વધુ કરુણા ૦ અંતરદૃષ્ટિનો વિકાસ ૦ જીવમાત્રના કલ્યાણની તીવ્ર અભીપ્સા.

અજોડ વાદી વિજેતા શ્રી ઝવેરસાગરજી મ.

શાસન-નાયકશ્રી **મહાવીર**-પરમાત્માના શાસનમાં અવિચ્છિન્ન-પ્રણાલિકારૂપે શુદ્ધ-સામાચારીને જીવંત રાખનાર શ્રી **તપાગચ્છ**ની મહત્ત્વની **વિજય, સાગર, વિમલ** અને **ચંદ્ર** શાખામાં શાસનોદ્યોત અને આગમિક-પરંપરાઓને વધુ સજીવ રાખનાર વિશિષ્ટ—મહાપુરૂષોથી **સાગર**-શાખા છેલ્લા ૪૦૦ વર્ષમાં ખૂબ સમૃદ્ધ રીતે ફાલીફૂલી અનેક મનીષીઓના હૈયાને આકર્ષનારી બની છે.

તે **સાગર**-શાખામાં બારમી પાટે શાસન-પ્રભાવક અજોડ-ક્રિયાપાત્ર તરીકે **પૂ. મુનિશ્રી મયાસાગરજી** મ. ઓગણીસમી સદીના પશ્ચાર્ધ ભાગે તેજસ્વી-તારકસમા જિનશાસન-ગગનમાં ચમકી રહેલા કે જેમની અદ્વિતીય સંયમપ્રભા-જ્ઞાનપ્રભા અને ચારિત્રપ્રભાથી **અમદાવાદ**ના ધન-સમૃદ્ધ નગરશેઠના વંશજો પણ જિનશાસનની અદ્વિતીય-મહિમાના "ભાવુક ભક્ત બની સ્વ-પર કલ્યાણકારી જીવન જીવી શકયા હતા.

તે **શ્રી મયાસાગરજી** મ. શ્રીને બે શિષ્યો હતા.

(૧) ઉત્કૃષ્ટ-ક્રિયાપાત્ર શુદ્ધ-સંવેગી **પૂ. મુનિશ્રી નેમસાગરજી** મ.

(૨) અજોડ વિદ્વાન પ્રવર વ્યાખ્યાતા **પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી** મ.

પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. શ્રમણસંસ્થાના કાળ બળે ઝાંખા પડેલ ગૌરવને દેદીપ્યમાન કરનારા હતા, વિવિધ શાસ્ત્રોના તેઓ અભ્યાસી હતા.

તેમજ સમયચક્રના પરિવર્તન બળે શિથિલાચારી બનેલ શ્રમણોના વ્યક્તિગત જીવનથી મુગ્ધ-જીવો પ્રભુ-શાસનની ઓળખાણથી વંચિત રહેવા ન પામે તે હેતુથી ક્રિયોદ્ધાર દ્વારા શુદ્ધમાર્ગને ટકાવી રાખવા જે સંવેગી પરંપરાનું સર્જન તે વખતના દીર્ઘદર્શી-મહાપુરુષોએ કર્યું હતું, જેમાં પીળાં કપડાં રાખી વારસાગત-જ્ઞાનની કેટલીક મહત્ત્વની બાબતોને ગૌણ કરીને પણ ચારિત્રનો માર્ગ અક્ષુણ્ણ-અબાધાધપણે ઉભો રાખ્યો હતો.

તે પરંપરાને સબળા પ્રયત્ને પ્રોત્સાહન આપવા વિવિધ પ્રદેશોમાં વિચરી શાસનનો જય-જયકાર કરનારા **પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી** મ. એ વખતના શાસનાનુરાગી ગુણગ્રાહી આરાધક પુણ્યાત્માઓના ધ્રુવ-તારક સમા હતા.

વળી **પૂ. ગૌતમસાગરજી** મ. રાજ્ય-શાસનના છિન્ન-ભિન્ન તંત્રના આધારે કથળી ગયેલ પ્રજાજીવનમાં ધર્મતંત્રની સુવ્યવસ્થા-દ્વારા અપૂર્વ-શાંતિના અમૃતનું સિંચન કરવા દ્વારા ભવ્ય-જીવોને પરમ આશ્વાસનરૂપ હતા.

આવા **પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી** મ. ની ઓજસ્વિની શાસ્ત્રીય-શુદ્ધ દેશના અને ઉદ્યત-વિહારિતાથી આકર્ષાઈ **મહેસાણા** જૈન શ્રીસંઘે વિ. સં. ૧૯૧૨નું ચોમાસું આગ્રહપૂર્વક કરાવી વિવિધ ધર્મ-કાર્યોથી અને વિશિષ્ટ શાસન-પ્રભાવનાથી યાદગાર બનાવ્યું હતું.



આ ચાતુર્માસ દરમ્યાન **ઝવેરચંદજી** નામના નવયુવક ચઢતી જુવાનીમાં જીવનની સફળતા સર્વવિરતિના સ્વીકારમાં સમજી વૈરાગ્યના રંગે ખૂબ રંગાયા અને પૂ. ગુરૂદેવશ્રીને પ્રભુ-શાસનના સંયમ-પંથે નિશ્રાપ્રદાન કરવા આજીજીભરી વિનંતી કરી.

પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. એ પણ ક્ષણજીવી ઊર્મિ અને ભાવનાઓના આવેગમાં કયાંક અપરિપકવ નિર્ણયોમાં જીવન અટવાઈ ન જાય તેથી વારંવાર વિવિધ પરીક્ષણો દ્વારા **ઝવેરચંદની** મનોવૃત્તિ-વૈરાગ્ય ભાવનાને ચકાસી સંયમ-ગ્રહણની જવાબદારી સમજાવી કુટુંબીઓની સંમતિ માટે પ્રયત્ન કરવા જણાવ્યું.

શરૂઆતમાં મોહના ઉછાળાઓમાં અવરાયેલ-વિવેક બુદ્ધિવાળા કુટુંબીઓએ "જમને દેવાય પણ જતિને ન દેવાય" તેમજ "હજી તો તારી કાચી ઉંમર છે?" "સંસારના ભોગોને સમજ્યા અનુભવ્યા વિના છોડવા કાં ઉતાવળો થાય છે?" આદિ શબ્દજાળની ભૂલ-ભૂલામણીભરી ગૂંચમાં **ઝવેરચંદને** અટવાઈ જઈ ઢીલો કરવા પ્રયત્ન કર્યો, પણ યથોત્તર-પ્રવર્ધમાન સંવેગ-રંગવાળા **ઝવેરચંદે** શરીરની અસારતા અને જીવનની ક્ષણભંગુરતા સમજાવવા સાથે ધર્મ-આરાધનામાં જરાપણ પ્રમાદ ન કરવાની વાતની રજુઆત કરી, તેમજ પોતાની રહેણી-કહેણીમાં સાદાઈ, વિગઈઓનો ત્યાગ, આંબિલની તપસ્યા આદિથી ચાલુ જીવન-વ્યવહારના ત્યાગ-વૈરાગ્યમાં પ્રતિબિંબ પાડી કુટુંબીજનોને આખરે સંમત કર્યા, માતાજીનો મોહભાવ કેમે કરી ઢીલો ન થયો, તેથી **ઝવેરચંદ**-ભાઈએ **પૂ. શ્રી ગૌતમસાગરજી મ.** ને બધી વાત કરી.

પૂ. શ્રી ગૌતમસાગરજી મ. શ્રીએ "સાપ મરે નહીં" "પત્થર તળે આંગળી હોય ત્યારે બળ નહીં કળનું કામ" "કળની જગ્યાએ બળ કરવા જતાં વાત તુટી-બગડી જાય" આદિ સુભાષિતોને નજર સામે રાખી **ઝવેરચંદને** સમજાવ્યું કે--

"ભાઈ! તારી ઉંમર હાલ પંદર વર્ષની છે, કારતક વદમાં તને સોળમું બેસે છે તો કા. પૂનમ પછી હું અહીંથી વિહાર કરીને **અમદાવાદ** જઈશ, ત્યાં તું કારતક વદમાં આવી જજે!

સોળવર્ષનો તું થાય એટલે શાસ્ત્રીય રીતે અને લૌકિક કાયદાની રીતે વાંધો નહીં! અને તારી માતા તો ખૂબ ધર્મના રંગથી રંગાયેલ છે, એ તો મોહનાં તોફાન ભલભલાને આડા આવે! પણ છેવટે તને કંઈ સંયમ લીધા પછી પાછો તો નહીં જ લઈ જાય એટલી મને ખાત્રી છે.

કેટલીકવાર સંયોગોની વિષમતાએ રાજમાર્ગને છોડી આપવાદિક-ગલીકૂંચીનો પણ આશરો લેવો પડે, માટે જરા ધીરજ ધર! ઉતાવળ કામને બગાડે છે વગેરે."

ઝવેરચંદે પણ કા.પૂનમ થઈ અને તુર્ત પોતાને સંસારની ખાણમાંથી છુટવાની તકમાં ઢીલ થવા બદલ પોતાના અંતરાયકર્મની વાત વિચારી પૂ. ગુરૂદેવશ્રીના વચનને શિરોધાર્ય કરી વાતને વિસારે પાડી.

કાર્તિક પૂર્ણિમાએ સિદ્ધાચલજીના પટની યાત્રા કરી પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ. શ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો. ઝવેરચંદને પૂ. ગુરૂદેવ સાથે વિહારમાં રહેવા ભાવના હતી. પણ તેમ કરવામાં પોતાને કારતક વદમાં અમદાવાદ પહોંચી દીક્ષા આપવામાં કુટુંબીઓ નાહક મહારાજને છોકરો ઉપાડી ગયાનો આક્ષેપ કરી વાતાવરણ ડોળે–તેથી ગુરૂ આજ્ઞા તહત્તિ કરી ભારે હૈયે ઝવેરચંદભાઈ ઘરે પાછા આવ્યા. અને કેદખાનામાં રહેલો કેદી જેમ દિવસો ગણે તેમ કારતક વદના દશ દિવસો દશ યુગ જેવા પરાણે પસાર કર્યા.

પૂ. ગુરૂદેવશ્રીની સૂચના પ્રમાણે કા. વ. ૧૧ સોમવારે સૂર્યોદય વખતના મંગળકારી–વિજયમુહૂર્તે સાત નવકાર ગણી ઘરેથી નિકળી મોટા દહેરાસરે સ્નાન કરી શ્રીમનરંગા–પાર્શ્વનાથ પ્રભુની અને શ્રીસુમતિનાથ–પ્રભુની વાસક્ષેપ પૂજા કરી ૧ બાંધી માળા શ્રી નવકાર–મહામંત્રની ગણી અમૃત ચોઘડીયામાં ૨૧ નવકાર ગણી મહેસાણાથી પ્રસ્થાન કરી યોગ્ય સાધન દ્વારા કા. વદ ૧૩ બુધવારના બીજા અમૃત ચોઘડીએ રાજનગર–અમદાવાદમાં ઝવેરીવાડ, સૂરજમલ શેઠના ડેલામાં બિરાજમાન પૂ. શ્રી ગૌતમસાગરજી મ. ના ચરણોમાં ઉમંગભેર પહોંચી ગયા.

પૂ. મહારાજશ્રીએ પણ ચઢતે–રંગે સંયમની ભાવનામાં ઓતપ્રોત બનેલ ઝવેરચંદને યોગ્ય આશીર્વાદ વાસક્ષેપ દ્વારા આપ્યા. ઝવેરચંદભાઈએ વદ ૧૪ નો અહોરાત્રિ પૌષધ પૂ. ગુરૂદેવશ્રી પાસે કર્યો.

પૌષધ દરમ્યાન બપોરે પૂ. ગુરૂદેવશ્રીને ઝવેરચંદે પોતાને વહેલામાં વહેલા ભાગવતી દીક્ષાનું પ્રદાન કરવા વિનંતિ કરી. પણ પૂ. મહારાજશ્રીએ કહ્યું કે–

"ભાઈ! દરેક કામ પદ્ધતિપૂર્વક કરવાથી પાછળ પસ્તાવું ન પડે, દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવનું પણ પ્રબળ નિમિત્તરૂપે કાર્યની સિદ્ધિમાં મહત્ત્વ છે.

અહીંના નગરશેઠ આપણી સાગર–પરંપરાના વફાદાર ભક્ત છે, તેમના કાને વાત નાંખ્યા સિવાય આવું મહત્ત્વનું કામ શી રીતે થાય?!

હવે તું નિશ્ચિત રહે! કા. વ. ૧૦ થી તને સોળમું બેઠું છે હવે કાયદેસર તારા પર કુટુંબીજનો કંઈ કરી શકે તેમ નથી! બાકી કુટુંબીઓ કદાચ આવી ધમાલ કરે કે મોહના ચેનચાળાનું પ્રદર્શન કરે તો તે પ્રસંગે ટકવું તે તારી મક્કમતાને આભારી છે. જો તું મોહના સંસ્કારોને બરાબર જીતી ન શકયો હોય તો સંયમ લઈને છેવટે મોહની કારમી જંજાળોમાં ફસાઈ જાય!

માટે કદાચ કુટુંબીઓ આવે તો પણ ગભરાવું નહીં! અત્યારે વદ પક્ષ ચાલે છે. સુ. ૨ના મંગળ દિને મુહૂર્ત જોઈને યોગ્ય દિવસ નક્કી કરી લઉં–પછી અહીંના આગેવાનોને વાત કરી જોઉં!

તેઓ જો સંમત થતા હોય તો શાસન-પ્રભાવના પૂર્વક તારી દીક્ષા થાય તો શો વાંધો છે !

ઝવેરચંદ તો પૂ. ગુરૂદેવશ્રીની અગમચેતી-દીર્ઘદૃષ્ટિ, શાસ્ત્રાનુસારિતા અને વ્યવહાર-કુશળતા નિહાળી મનોમન પૂ. ગુરૂદેવશ્રી પર ઓવારી ગયો.

પૂ. મુનિશ્રી **ગૌતમસાગરજી મ.** ને માગ. સુ. ૨ના દિવસે પંચાંગ-શુદ્ધિ-ઉત્કૃષ્ટ યોગબળ અને ચંદ્રબળવાળો દિવસ મુહૂર્તની દૃષ્ટિએ જોતાં માગ. સુ. ૧૧ નો દિવસ સર્વશ્રેષ્ઠ લાગ્યો.

સોનામાં સુગંધની જેમ અઢારમા તીર્થંકર **શ્રી અરનાથ પ્રભુ અને ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ પ્રભુની** દીક્ષાનો દિવસ ઉપરાંત દોઢસો અને ત્રણસો કલ્યાણકની ખાણરૂપ મહાપવિત્ર મૌન એકાદશી રૂપ ગણાતો માગ. સુ. ૧૧ નો દિવસ મુનિપણું મેળવવા માટે સર્વોત્તમ ધારી દીક્ષાના મંગળ મુહૂર્ત તરીકે નિરધાર્યો.

ઝવેરચંદે પણ આ વાત જાણી મોડું પણ પોતાના સંયમ-જીવનની સફળતા માટે ઉત્કૃષ્ટ કોટિનું મંગળ મુહૂર્ત ગુરૂમહારાજે જે નક્કી કર્યું તેને "ગુરુ-આજ્ઞા પ્રમાણં" કરી વધાવી લીધું.

પછી પૂ. મુનિશ્રી **ગૌતમસાગરજી મ.**એ અગ્રગણ્ય શ્રાવકો, નગરશેઠ વગેરેને યોગ્ય સમયે બધી વાત કહી, તેઓએ પણ ઉગતી વયે દીક્ષિત થનાર વ્યક્તિને વ્યવહારૂ રીતે ચકાસી તપાસી, ચઢતી જુવાનીમાં પ્રબળ ગુણાનુરાગભર્યું અભિવાદન કર્યું.

કો'ક ઉછાંછળા શ્રાવકે તેમના કુટુંબીઓ કેમ આવ્યા નથી ! નો પ્રશ્ન રજુ કર્યો, પણ વિવેકી શ્રાવકોએ પૂ. મહારાજશ્રી પાસેથી બધી પૂરી વિગત જાણેલી હોઈ- 'ભાઈ ! લોખંડની બેડીઓ તોડવી સહેલી છે, પણ મમતાના કાચા સૂતરના બંધન ઝટ તૂટતા નથી ! આટલા દિવસથી આ ભાઈ અહીં છે ! જો ખરેખર કુટુંબીઓનો વિરોધ હોત તો કેમ તેને ઉપાડી જવા ન આવ્યા ? માટે એ તો મોહની ઘેરી-છાયા-તળે રહેલાઓની એવી જ સ્થિતિ હોય" આદિ સમજાવટથી મન સંપાદન કર્યું.

પૂ. ગુરુદેવશ્રીની સંમતિથી **શ્રી સંભવનાથ** પ્રભુના દહેરે અષ્ટાહ્નિકા-મહોત્સવ અને દીક્ષાર્થીને ભવ્ય વસ્ત્રાભરણોથી સુસજ્જ કરી દીક્ષાના બહુમાન નિમિત્તે વાયણાં જમવાનું શરૂ થયું.

આખા **રાજનગર**માં સંવેગી-સાધુઓની પરંપરામાં નાની ઉંમરની દીક્ષા જાણવા મુજબ પ્રથમ હોઈ ખૂબ જ ધર્મોત્સાહ વર્તી રહ્યો.

માગ. સુ. ૧૦ ના બપોરે વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નિકળ્યો. જેમાં અનેક-જાતની સામગ્રી હાથી-ઘોડા-છડીદાર, ચોઘડીયા, વિવિધ દેશી વાજિંત્રો, ચાંદીનો ભવ્ય રથ-જેમાં વીતરાગ-પ્રભુની

સુંદર પ્રશમરસ ઝરતી પ્રતિમાજી–પ્રભુજીની પાલખી, પ્રભુભક્તિ માટે સંગીતકારોની મંડલી ઉપરાંત ચાર ઘોડાની શણગારેલ બગીમાં દીક્ષાર્થી છૂટે હાથે વર્ષીદાન આપી રહેલ આવો ભવ્ય વરઘોડો અમદાવાદી ધાર્મિક પ્રજાએ ઘણા વર્ષો પછી પ્રથમ નિહાળેલો.

નગરશેઠના ઘરેથી આ વર્ષીદાનનો વરઘોડો નિકળેલો, આખા શહેરમાં ફરી **ઝવેરીવાડ** શ્રી **સંભવનાથ**–પ્રભુના જિનાલયે ઉતર્યો, દીક્ષાર્થી **ઝવેરચંદ** ભાઈ પૂ. ગુરૂદેવ પાસે રાત્રિવાસ રહ્યા.

આવતી કાલે પૂ. ગુરૂદેવશ્રીના ચરણોમાં આત્મ સમર્પણ કરવારૂપની મહાભાગીરથ ભાગવતી દીક્ષા લેવાની પૂર્વ–ભૂમિકા રૂપે ગુરૂદેવના ચરણોમાં માનસિક પૂર્વ તૈયારી અંગે ભોગવિલાસના મોહક વાતાવરણમાંથી અળગા થઈ પ્રતિક્રમણ આદિ કરી સંથારે સૂઈ ગયા.

મૌન એકાદશીના મંગળ પ્રભાતે રાઈ પ્રતિક્રમણ કરી પૂ. ગુરૂદેવશ્રીના ચરણોમાં આત્મ-નિવેદન કરવાપૂર્વક દીક્ષાગ્રહણ માટેની પૂર્વ તૈયારી રૂપે જયણાપૂર્વક સ્નાન કરી **શ્રીસંભવનાથ** પ્રભુની ભાવોલ્લાસ ભરી અષ્ટપ્રકારી પૂજા કરી, સ્નાત્ર ભણાવી, શાંતિકળશ કરી, મંગળવસ્ત્રો પહેરી દીક્ષા માટે ભવ્ય સમવટપૂર્વક ઉભા કરાયેલ મંડપમાં મંગળ વાજિંત્રોના સરોદા સાથે શુભ શુકનની પ્રેરણા મેળવી સધવા–સૌભાગ્યવંતી સ્ત્રીઓના મંગળગીત સાથે **ઝવેરચંદભાઈ** ઉમંગભેર આવ્યા.

પૂ. ગુરૂદેવશ્રીને વંદના કરી જ્ઞાનપૂજા કરી મંગળ વાસક્ષેપ નંખાવી **શ્રીફળ** હાથમાં રાખી નંદી સમવસરણમાં રહેલ ચતુર્મુખ–જિનબિંબોને સાક્ષાત્ અરિહંત–તુલ્ય સમજી **શ્રીનવકાર** મહા-મંત્ર ગણવા સાથે ત્રણ પ્રદક્ષિણા આપી.

પછી ગુરૂદેવના જમણા હાથે ઈશાન ખૂણા સમક્ષ મુખ રાખવાપૂર્વક ચારિત્રગ્રહણ કરવાના અપૂર્વ ઉત્સાહ સાથે ગુરૂદેવના સ્વમુખથી મંગળક્રિયાનો પ્રારંભ કર્યો.

યોગ્ય મુહૂર્તે ઓઘો માંત્રિક–વિધિ સાથે વાસક્ષેપના અભિમંત્રણપૂર્વક જ્યારે મળ્યો, ત્યારે **ઝવેરચંદભાઈ** જાણે ત્રણ લોકનું રાજ્ય મળ્યું તેટલા ઉમંગથી હરખભેર ખૂબ નાચ્યા, અને પ્રભુશાસનના સંયમને મેળવી જીવનને ધન્ય બનાવ્યું.

બાકીની વિધિ થયા પછી શુભ લગ્ન–નવમાંશમાં **મુનિશ્રી ઝવેરસાગરજી** નામકરણ થયું.

સકળ શ્રીસંઘે પણ જિનશાસનના પ્રખર જયઘોષપૂર્વક નૂતન મુનિશ્રીને અભિમંત્રિત વાસક્ષેપવાળા ચોખાથી ભાવપૂર્વક વધાવ્યા.

પૂ. ગુરૂદેવે મંગળકારી હિતશિક્ષા ફરમાવી કે––

"દેવોને પણ દુર્લભ માનવ–જીવનના સાર રૂપે સાવદ્ય યોગના સર્વથા ત્યાગ રૂપ સર્વ-વિરતિ-ધર્મની પ્રાપ્તિ કરી છે તો પ્રભુ–શાસનની વફાદારી જાળવવા સાથે સંયમ–ધર્મનું સફળ પાલન ગુરૂનિશ્રાએ આત્મ–સમર્પણ કરવા પૂર્વક કરી જીવન ધન્ય–પાવન બનાવો."

નવદીક્ષિત-મુનિશ્રીએ પણ પૂ. ગુરૂદેવશ્રીના વચનોને શુકનની ગાંઠ જેવા હૈયામાં બરાબર ધારી લીધા.

પછી સકલસંઘ સાથે મહોત્સવપૂર્વક **શ્રી સંભવનાથ** પ્રભુના જિનાલયે દર્શન-ચૈત્યવંદન કરી **સુરજમલ** શેઠના ડેલે પધાર્યા.

સાગર-શાખાના બારમા પટ્ટધર પૂ. **મુનિશ્રી મયાસાગરજી મ.** ના બે શિષ્યો પૈકી આદ્ય-શિષ્ય પૂ. **મુનિશ્રી નેમસાગરજી મ.** અને તેમની પરંપરા શાસનના ભવ્ય-ગૌરવને વધારનારી નિવડી, તે રીતે દ્વિતીય-શિષ્ય પૂ. **મુનિશ્રી ગૌતમસાગરજી મ.** પણ અજોડ વ્યાખ્યાનકળા અને વીરતાથી શાસન-પ્રભાવના અદ્‌ભુત રીતે કરી રહ્યા હતા.

તેમાં શાસનના વિજયવંત પ્રભાવ બળે શ્રી સંઘના પુણ્યે પૂ. **મુનિશ્રી ઝવેરસાગરજી મ.** જેવા અદ્વિતીય-અજોડ આત્મ-શક્તિવાળા શિષ્યને મેળવી તેમની શાસનોદ્યોતની પ્રવૃત્તિમાં અજબ વધારો થયેલ.

દીક્ષા થઈ ત્યારથી જ બીજના ચંદ્રની કલાની જેમ પૂર્વ-જન્મની વિશિષ્ટ-આરાધના બળે ગુરૂદેવની નિશ્રામાં આવશ્યક-ક્રિયાઓના પઠનની સાથે સંયમની ઝીણવટભરી જયણાની બાબતમાં ચોકસાઈપૂર્વક **પૂ. શ્રીઝવેરસાગરજી મ.** એ પૂ. ગુરૂદેવશ્રીના ઈશારામાત્રથી ઉંડાણભરી સમજણ સાથે નિપુણતા મેળવેલ.

વધુમાં તાત્ત્વિક-દૃષ્ટિના વિકાસને મેળવી સંયમની ક્રિયાઓ, જ્ઞાનાભ્યાસ અને શાસનોપયોગી આત્મ-શક્તિના ઘડતરમાં ઝડપભેર વધવા લાગ્યા.

બહુ જ ટૂંકા ગાળામાં તેઓશ્રીએ સાધુ-જીવનને લગતો પ્રાથમિક અભ્યાસ અને **ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, શ્રી તત્ત્વાર્થ-સૂત્ર** આદિનો સાંગોપાગ અભ્યાસ કરી લીધો.

વધુમાં હૈયામાં ધબકી રહેલા વિશિષ્ટ શાસનાનુરાગને મૂર્તસ્વરૂપ આપવા ઉપયોગી થઈ પડે તે શુભ-આશયથી પૂ. ગુરૂદેવશ્રીની દોરવણી પ્રમાણે આગમાભ્યાસ માટે જરૂરી શબ્દજ્ઞાનની ભૂમિકા પરિપકવ કરવા માટે તેમજ " सर्वासामेव विद्यानां मुखं व्याकरणं स्मृत " સૂકિત પ્રમાણે પદભંજન, વ્યુત્પત્તિ અને સચોટ ભાષા-જ્ઞાન મેળવવા **સારસ્વત**-વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો.

બહુ જ ઝડપથી પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ બંનેને મૂળપાઠ ગોખી તેના અર્થની વિવેચના પણ તીવ્ર બુદ્ધિના સફળ સહયોગથી મેળવી સાહિત્ય શાસ્ત્રનું અવગાહન કરી તર્કશાસ્ત્ર-ન્યાયશાસ્ત્રની કઠણ પરિભાષાઓને પણ ગુરૂકૃપાથી હસ્તામલકવત્ કરી લીધી.

પૂ. શ્રી ઝવેરસાગરજી મ.શ્રીને ગુરૂકૃપાનું બળ વિનય અને આજ્ઞાંકિતતાથી મળેલ હોઈ પૂર્વ-જન્મની વિશિષ્ટ-આરાધના-બળે મળેલ જ્ઞાનના તીવ્ર-ક્ષયોપશમ-બળે એકવાર પણ વાંચેલું

કે સાંભળેલું સ્મૃતિપથ પર ચોકસાઈથી અંકિત થઈ જતું, ધારણાશક્તિ અને સ્મૃતિશક્તિ અજોડ હતી, સાથેજ મેળવેલા જ્ઞાનને ટકાવવાની તમન્ના પણ અજબ હતી.

મુખપાઠ કરેલ હજારો શ્લોકોની આવૃત્તિ–પુનરાવર્તન સાંજના પ્રતિક્રમણ પછી રાત્રે ઠેઠ મોડીરાત અગ્યાર વાગ્યા સુધી અને સવારે વહેલા ઉઠીને પણ ચાર વાગ્યાથી કરવા ઉદ્યિત રહેતા.

આ બધું જોઈ પૂ. **ગૌતમસાગરજી** મ.નું હૈયું ભવિષ્યમાં શાસનનો અજોડ પ્રભાવક બનશે એ ધારણાના મૂર્તિમંત થઈ રહેલ કલ્પનાચિત્રથી આનંદવિભોર બની રહેતું

આ ઉપરાંત **શ્રીઝવેરસાગરજી** મહારાજે પોતાના અન્ય ગુરૂબંધુઓ સાથે સૌમ્યભાવે તેમજ યથોચિત–વિનયની મર્યાદાથી વર્તી સામુદાયિક–જીવનના આદર્શ સંસ્કારોને જીવનમાં સ્થાપિત કર્યા.

અવસરે પૂ. ગુરૂદેવશ્રીના શાસનોપયોગી કાર્યમાં પણ યથાયોગ્ય સહકાર આપી શાસન હિતકર આંતરિક અનુભવ મેળવવા ઉજમાળ રહ્યા.

પૂજ્ય શ્રી સાધુ–જીવનની મર્યાદામાં અને ક્રિયાકાંડની ચુસ્તતાની જાળવણીમાં ખૂબ જ સજાગ હતા, તેમજ તેઓશ્રીએ જીવનમાં તત્વદૃષ્ટિ અને વિવેકપૂર્ણ પ્રવૃત્તિના સુમેળથી દિન–પ્રતિદિન વૈરાગ્યના રંગને દૃઢ બનાવી લીધો હતો, તેઓશ્રીના શુદ્ધ ચારિત્ર્યની સુવાસથી પોતાના સમુદાય ઉપરાંત બીજા પણ અનેક ધર્મપ્રેમીઓના માનસમાં તેઓ શુદ્ધ–સાધુના પ્રતીક રૂપ બની રહ્યા.

ત્યાગ–તપના સુમેળવાળા સાધુ–જીવનમાં તેઓશ્રી પૂર્વના મહાપુરૂષોના પગલાંને અનુસરનારા બન્યા હતા, અનેક ધર્મના કાર્યો શાસનાનુસારી દીર્ઘદૃષ્ટિથી સફળપણે તેઓ કરાવી અનેક પુણ્યવાન ધર્મપ્રેમી–આત્માઓના આકર્ષણ કેંદ્રરૂપ નિવડ્યા હતા.

ગુરૂ–મહારાજની નિશ્રાએ ગુજરાતના નાના–મોટા ગામોમાં વિચરવા દરમ્યાન પૂજ્યશ્રી વ્યાખ્યાન પટુતા અને પ્રતિભાશાળી શબ્દ શૈલિથી અનેક ભવ્યાત્માઓના હૈયામાં અદ્‌ભુત ધર્મ-પ્રેરણાઓ ઉપજાવી શકયા હતા.

દીક્ષા પછીના ત્રીજા વર્ષે આગમાભ્યાસ માટેની પૂર્વભૂમિકા રૂપ સાધન ગ્રંથો શબ્દશાસ્ત્ર વ્યાકરણ અને તર્કશાસ્ત્ર પર અદ્વિતીય–પ્રભુત્વ મેળવી વિ.સં. ૧૯૧૫ના **રાજનગર–અમદાવાદના** ચાતુર્માસમાં તે વખતના તપાગચ્છાધિપતિ સંવેગી શાખાના મહાધુરંધર પ્રભાવક પૂ. તપસ્વીશ્રી **બુદ્ધિવિજયજી** મ. (**બુટેરાયજી** મ) ના શિષ્યરત્ન જ્ઞાન, દર્શન. ચારિત્ર તપ, શીલ, સંયમાદિ અનેક ગુણોથી અલંકૃત પ્રૌઢ પ્રતિભાશાળી પૂ.**મુક્તિવિજયજી** મ. (મૂળચંદજી મ.) ગણીના ચરણોમાં વિનયભાવપૂર્વક બેસી **દશવૈકાલિક સૂત્રની** હારિભદ્રીય–ટીકાના વાંચનથી આગમ–અભ્યાસનો પ્રારંભ કર્યો.



અપાર સમુદ્ર જેવા **શ્રી આવશ્યક સૂત્રના** વાંચન માટે સં. ૧૯૧૬ નું ચોમાસું પણ **અમદાવાદ** કર્યું, બે વર્ષ સળંગ ગુરૂનિશ્રાએ વિનીત-ભાવથી રહી **શ્રી આવશ્યકસૂત્ર**-હારિભદ્રીય ટીકાને તથા **શ્રી વિશેષાવશ્યકભાષ્યની મલધારી શ્રી હેમચંદ્રસૂરિ** મ૦ ની ટીકાને અવગાહી તેના રહસ્યને આત્મસાત્ કરી સઘળા આગમો વાંચવા માટેની પદ્ધતિ હસ્તગત કરી, સાથે સાથે **નંદીસૂત્ર** અને **અનુયોગ દ્વાર**-સૂત્રની વાચના પણ મેળવી આગમાભ્યાસ માટેની પીઠિકા મજબૂત રીતે આ બે ચોમાસામાં તૈયાર કરી લીધી.

આ રીતે પૂ. ગુરૂદેવશ્રીની શાસન-પ્રભાવનાની અનેક પ્રવૃત્તિઓને લક્ષ્યમાં રાખી પોતાની જાતને વધુ શાસનોપયોગી બનાવવા જરૂરી આગમાભ્યાસ માટે પૂ. ગુરૂદેવશ્રીની સંમતિથી પોતે **પૂ શ્રી દયાવિમલજી મ.** અને **પૂ. શ્રી મણિવિજયજી મ.** પાસે **શ્રી મૂળચંદજી મ.** ની નિશ્રાનો સ્વીકાર કરી આગમોના ગૂઢ, પદાર્થોને ગ્રહણ-આસેવન શિક્ષા દ્વારા મેળવવા ભગીરથ પ્રયત્ન પ્રારંભ્યો અને વર્ષો સુધી ગુરૂકુળવાસના સુમધુર-ફળરૂપે આગમોના ગૂઢ-તત્ત્વોની જાણકારી અને વિશુદ્ધ સંયમો-જીવનના પાયાના તત્ત્વોની સફળ માહિતી મેળવવા પૂજ્યશ્રી સૌભાગ્યશાળી બનેલા.

તે વખતના સંવેગી-સાધુઓમાં પ્રૌઢ તેજસ્વી, સંયમમૂર્તિ અને આગમિક-રહસ્યવેત્તા તરીકે **પૂ. શ્રી દયાવિમલજી મ.** બ્રણિ તથા **પૂ. પં. શ્રી મણિવિજયજી મ.** દાદાની ખ્યાતિ બહુ હતી, અને **પૂ. શ્રી મૂળચંદજી** ગણી ભગવંત નો પુણ્ય-પ્રતાપ પણ અનેરો હતો, આખા શ્રીસંઘમાં તેમના વચનને ઝીલવાની પૂર્ણ તૈયારી હતી.

આવા મહાપ્રભાવશાળી **પૂ. શ્રી મૂળચંદજી મ.** ની પાવન નિશ્રાએ પૂજ્યશ્રીએ વિનીતતા, ગંભીરતા સમયસૂચકતા અને આંતરિક-નમ્રતાથી **પૂ. શ્રી દયાવિમલજી મ.** તથા **પૂ. પં શ્રી મણિવિજયજી મ.** સિવાય **પૂ. મૂળચંદજી મ.** નું મન એવું સંપાદન કરેલ કે સર્વ સાધુઓ કરતાં પૂજ્યશ્રીનું સ્થાન દ્રવ્ય-ભાવથી **પૂ. મણિવિજયજી મ.** અને **પૂ. શ્રી મૂળચંદજી મ.** પાસે અનેરું હતું. **પૂ. શ્રી મૂળચંદજી મ.** એ પણ પાત્રતાની ચોકસાઈ કરી શાસન અને આગમોના નિગૂઢ-તત્ત્વો પૂજ્યશ્રીને એકાંતમાં બેસાડી ખૂબ જ પ્રેમાળ પદ્ધતિએ ઘોળી પાયાં હતાં, પરિણામે પૂજ્યશ્રીએ પણ પોતાની જાતને સર્વસ્વ-સમર્પણ રૂપે **પૂ. શ્રી મૂળચંદજી મ.** ના ચરણોમાં સમર્પિત કરી દીધી હતી.

જેથી આ બાળ-ગોપાળ જનતામાં એમ કહેવાતું કે-પૂ.શ્રી ઝવેરસાગરજી મ. ઉપર **પૂ શ્રી મૂળચંદજી મ.** ના ચાર હાથ છે. અને લોકો પણ **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** ને **પૂ.શ્રી મૂળચંદજી મ.** ના જ શિષ્ય તરીકે ઓળખવા લાગ્યા.

આવું હતું પૂજ્યશ્રીનું નિષ્ઠા-ભક્તિ ભર્યું સમર્પણ !!!

આ રીતે પૂર્ણ-અર્પિતતા અને વિનીતતાભરી સાહજિક-નમ્રતાના સુમેળથી પૂજ્યશ્રીએ છ-સાત વર્ષના ટૂંકા ગાળામાં લગભગ સઘળા આગમો ધારી આગમિક-પદાર્થોના રહસ્યને

પારખવાની કૂંચી સમી ગીતાર્થતા મેળવી, એટલું જ નહીં, પણ વિચારણાના વિરોધાભાસ વખતે પૂજ્યશ્રીની દોરવણી શાસ્ત્રાનુકૂળ અને ટંકશાળી મનાવા લાગી.

આ ગાળામાં પ્રાય: વિ. સં. ૧૯૧૬ ના માહ વદ ૭ દિવસે પોતાના જીવનોપકારી દીક્ષાદાતા ગુરૂદેવશ્રી **ગૌતમસાગરજી મ.** નો બોતેર વર્ષની વયે **રાજનગર–અમદાવાદ નાગોરીશાળાના** ઉપાશ્રયે કાળધર્મ થવાથી પોતે **પૂ. શ્રી મૂલચંદજી મ. ની** પાવનકારિણી નિશ્રાને જીવનના છેડા સુધી નભાવી શકાય તે રીતે અંગીકાર કરેલ.

પૂજ્યશ્રી પૂ. શ્રી મૂળચંદજી મ. ની નિશ્રાનો લાભ લેવાની સાથે સાથે વચગાળામાં આસપાસના પ્રદેશોમાં ટૂંકા ગાળા માટે વિહરી આવી સંયમની જયણાઓનું વિશિષ્ટ પાલન પણ કરતા હતા.

વિ. સં. ૧૯૨૫ માં પૂ. ગચ્છાધિપતિશ્રી પાસે **કપડવંજનો** શ્રી સંઘ શેષકાળમાં અષ્ટાહ્નિકા–મહોત્સવના પ્રસંગે વિનંતિ માટે આવેલ, પૂ. ગચ્છાધિપતિજીએ **પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ને** મોકલ્યા.

કપડવંજના શ્રી સંઘે ઉમંગભેર ખૂબ ઠાઠથી સામૈયાપૂર્વક પ્રવેશ કરાવી અદ્‌ભુત બહુમાન કર્યું–શ્રીફળ–રૂપિયાની પ્રભાવના પ્રથમ દિવસના વ્યાખ્યાનમાં કરી.

* પૂજ્યશ્રીની તાત્વિક અને બાળ–જીવોને સમજાય તેવી રસિક વ્યાખ્યાન–શૈલીથી ધર્મપ્રેમી જનતા પર્વાધિરાજના દિવસોની જેમ ઉપાશ્રયમાં માય નહીં તેટલી બધી આવવા માંડી,

પૂજ્યશ્રી બુદ્ધિગમ્ય રીતે તર્કબદ્ધ દાખલા–દલિલો–દૃષ્ટાંતોથી આગમિક–પદાર્થોની ખૂબ સરસ છણાવટ કરતા; પરિણામે શ્રી સંઘમાં અનેરો ધર્મોત્સાહ પ્રકટેલ.

પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજી **ગાંધી મગનભાઈ ભાઈચંદ** (ભગત) શ્રાવકજીવનની ક્રિયાઓની આચરણામાં જરૂરી તત્ત્વદૃષ્ટિ અને વિવેક બુદ્ધિનું મહત્ત્વ પૂજ્યશ્રીની દેશનાથી સમજી શકયા અને જાણે અંતરમાં એવો ઉઘાડ થયો–જાણે કે મહામૂલો ખજાનો જડયો ન

---

*આગળ આવતા ઐતિહાસિક આધારો પ્રમાણે વિ.સં. ૧૯૩૫ અ.સો સુદ ૮ **રાજનગર–અમદાવાદમાં** પૂ પં. શ્રી **મણિવિજયજી** મ૦ દાદાનો તથા વિ. સં. ૧૯૩૮માં પૂ. શ્રી **બુટેરાયજી** મ૦ નો સ્વર્ગવાસ થયો હોઈ ખરેખર તો પૂ. શ્રી **મૂલચંદજી** મ૦ ગચ્છાધિપતિ વિ. સં. ૧૯૩૮ પૂર્વે ન હતા.

પણ પૂર્વોક્ત બન્ને પૂજ્ય પુરૂષોએ શાસન–સંઘની વ્યવસ્થાને પહોંચી વળવા પ્રૌઢ પુણ્યપ્રભાવ અને કુનેહ–કુશળતા આદિ ગુણોથી પૂ. **શ્રી મૂલચંદજી** મ૦શ્રીને આખા સંઘ–સમુદાયની વ્યવસ્થાનો ભાર વિ. સં. ૧૯૧૨માં દીક્ષા પછી ત્રીજા જ વર્ષે બન્ને પૂજ્યશ્રીઓએ પોતાના વતી સોંપ્યો હોવાનું જણાય છે. એટલે આ અર્થમાં અહિં પૂ. **મૂલચંદજી** મ૦ને પૂ. ગચ્છાધિપતિ શબ્દથી સંબોધ્યા છે. આગળ પણ આ રીતે સમજવું.

આખા પ્રકરણમાં જ્યા જ્યાં **પૂજ્યશ્રી** શબ્દ આવે ત્યાં પૂ. મુનિશ્રી **ઝવેરસાગરજી** મ૦ સમજવા.



હોય તેમ પૂજ્યશ્રીના વ્યાખ્યાનોથી આનંદવિભોર બની પોતાના જીવનને ધર્મક્રિયાઓના ચોકઠામાં ઢાળવાની ઘરેડમાં તત્ત્વદૃષ્ટિ-વિવેકબુદ્ધિના મિશ્રણથી ઉત્તમ ધર્મક્રિયાઓનો સુંદર જીવન જીવવા રૂપે ઘાટ ઘડવા લાગ્યા.

એ રીતે પોતાના જીવનને લોકહેરીએ માત્ર ક્રિયાઓ કરી સંતોષ માણવાના ચાલુ ચીલા-માંથી બહાર કાઢી જીવનને જ્ઞાનીઓની આજ્ઞાનુસાર સંસ્કારોના નિરોધ સાથે કર્મ-નિર્જરાના ધ્યેયના ઉચ્ચ આદર્શ તરફ વાળવા ભાગ્યશાળી બની શક્યા.

તેમાં પૂજ્યશ્રીનો ભારોભાર ઉપકાર માની રહ્યા!

આ પ્રસંગ પછી પૂજ્યશ્રી પાછા રાજનગર-અમદાવાદ પધાર્યા. **મગનભાઈ ભગત** પૂજ્ય શ્રીના સહવાસ અને વ્યાખ્યાનથી મેળવેલી તત્ત્વદૃષ્ટિને અવારનવાર **અમદાવાદ** જઈ કલાકો સુધી-ધર્મચર્ચા-જ્ઞાનગોષ્ઠીરૂપે વિવિધ જિજ્ઞાસાઓના ખુલાસા મેળવી વિકસાવી રહ્યા!

પૂજ્યશ્રી પણ **કપડવંજ-શ્રી સંઘ** તરફ અજ્ઞાત રૂપે પણ અંતરથી આકર્ષિત બની રહ્યા, જ્યારે અવસર મળે ત્યારે **પૂ. ગચ્છાધિપતિશ્રીની** આજ્ઞાથી આસપાસના પ્રદેશમાં કોઈક ધર્મકાર્ય પ્રસંગે વિહરવા ટાણે મેળ ખાય તો **કપડવંજની** સ્પર્શના અચૂક કરતા!

આમ કુદરતી અવિરત ગતિએ ચાલતા કાળચક્રના કેટલાક દાંતા પૂજ્યશ્રીના **કપડવંજ** તરફના વધુ પક્ષપાત અને **મગનભાઈ** ના અંતરના આકર્ષણ રૂપે ગતિશીલ બની રહ્યા.

આમ પૂજ્યશ્રી વિ. સં. ૧૯૨૬ ની સાલ સુધી પૂ. શ્રી ગચ્છાધિપતિની નિશ્રામાં રહી સચોટ આગમિક પરાપરાના મૌલિક તત્ત્વોને ગુરુકુળવાસ, વિનય-સમર્પણ આદિ બળે મેળવેલ અદ્‌ભુત ગુરુકૃપાથી આત્મસાત્ કર્યા.

પછી પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી જન્મભૂમિ **મહેસાણા** પધાર્યા, તેઓશ્રીની અજોડ વિદ્વત્તા, અલૌકિક પ્રતિભા અને સચોટ આગમિક વ્યાખ્યાનોથી પ્રભાવિત બની કુટુંબીજનો ઉપરાંત **શ્રી સંઘ** પણ પોતાના ગામનું એક રત્ન શાસનના ચરણે સમર્પિત થઈ અદ્વિતીય શાસનનું ગૌરવવંતુ આભૂષણ બની રહ્યાનું જાણી ગૌરવાન્વિત થયો.

બાદ **પાંચોટ, ધાંણોજ, ચાણસ્મા, વડાવલી, ગાંભૂ, મોઢેરા શંખલપુર** થઈ **શંખેશ્વર**-મહાતીર્થની સ્પર્શના કરી **પાટણમાં** વિ. સ. ૧૯૨૭ નું ચોમાસું સ્વતંત્ર સર્વપ્રથમ કર્યું.

ચોમાસા દરમ્યાન થી **વિશેષાવશ્યક ભાષ્યનું** વાંચન આગમિક પદાર્થોની છણાવટ સાથે અનેક પુણ્યાત્માઓને પ્રેરક બન્યું.

ચાતુર્માસ દરમ્યાન વિવિધ તપસ્વાઓ અને અષ્ટાહ્નિકા મહોત્સવો થયા.

ઉણ-**થરાના** વતની શ્રદ્ધા-સંપન્ન શ્રી **પુનમચંદભાઈ** ચોમાસા દરમ્યાન પૂજ્યશ્રીની

દેશનાથી આકર્ષાઈ ધંધો વિગેરે આટોપી પબ્લુસગ્રથી ઠેઠ કા. સુ. ૧૫ સુધી પૂજ્યશ્રીની નિશ્રામાં દેશ વિરતિભાવે રહી સંસાર છોડી પ્રભુશાસનની ભાગવતી દીક્ષા સ્વીકારવા માટે તૈયારી કરી રહ્યા.

પૂજ્યશ્રીએ પણ શાસ્ત્રીય રીતે ચકાસી આત્મ-કલ્યાણનું ધ્યેય જીવનમાં ટકાવવું કેટલું કપરૂં છે? તે સમજાવી પ્રભુશાસનના સંયમની તુલના મીણના દાંતે લોઢાના ચણા ચાવવા સાથે બતાવી યોગ્ય પાત્રતા પરખી કા. વ. ૫ ના દિને તેમના કુટુંબીજનો અને સકળ શ્રી સંઘના ઉત્સાહપૂર્વક ધામધૂમથી દીક્ષા આપી **શ્રી રત્નસાગરજી મ.** નામ આપી પોતાના સર્વપ્રથમ શિષ્ય તરીકે સ્થાપ્યા.

આ પૂર્વે દીક્ષાર્થી તો ઘણા આવેલ, પણ બધાને ગુરૂભાઈ અગર પૂ. ગચ્છાધિપતિશ્રીના શિષ્ય તરીકે દીક્ષિત કરેલ.

પછી વિહાર કરી ઉંઝા-**વિસનગર-દહેગામ** થઈ **અમદાવાદ** જઈ પૂ. ગચ્છાધિપતિના શ્રીના ચરણોમાં જઈ નવ-દીક્ષિતને યોગવહન કરાવી વડી દીક્ષા અપાવી.

પછી પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાથી સૌરાષ્ટ્ર તરફ વિહાર કર્યો, **સાણંદ, વીરમગામ, લીંબડી, વઢવાણ, બોટાદ,** વિગેરે શહેરોમાં જઈ શાશ્વત ગિરિરાજશ્રી **સિદ્ધાચલજી** મહાતીર્થની ભાવ-ભરી યાત્રા કરી. પૂ. ગચ્છાધિપતિના ગુરૂભાઈ પૂ. સરળાશયી, મહાધુરંધર જ્ઞાની, ક્રિયાપાત્ર પૂ. મુનિશ્રી **વૃદ્ધિવિજયજી** (વૃદ્ધિચંદ્રજી) મ. ની પાવન નિશ્રામાં **ભાવનગરમાં** ચાતુર્માસ કર્યું.

ચોમાસા દરમ્યાન પૂ. **શ્રી વૃદ્ધિચંદ્રજી મ.** ના બહોળા અનુભવની મલાઈ અને શાસનની ઝીણવટભરી ઓળખાણ પૂજ્યશ્રીએ મેળવી પોતાની જ્ઞાન-ગરિમામાં વધારો કર્યો.

અનેક ધર્મકાર્યોથી સાનંદ ચોમાસું પૂર્ણ કરી પાછાં વળતાં **વલભીપુર** (વળા) માં **પૂ. શ્રી વૃદ્ધિચંદજી મ.** ના સહવાસથી વૈરાગી બનેલા, પણ યોગ્ય નિશ્રાની તપાસમાં અટકી રહેલ પુણ્યાત્માશ્રી **કેશરીચંદ** ભાઈને અચાનક પૂજ્યશ્રીની પ્રૌઢ આગમિક-દેશના અને સચોટ રદિયાવાળી પ્રતિપાદન શૈલિ સાથે શુદ્ધ સંયમી-જીવનથી સુષુપ્ત રહેલ વૈરાગ્યભાવના પ્રદીપ્ત બની, કુટુંબીઓને સમજાવી શ્રીસંઘના સહકારથી પો. સુ. ૧૦ ના મંગળ દિને **શ્રી. દેવર્દ્ધિ ગણી ક્ષમાક્ષમણ** ભગવંતે કરેલ છઠ્ઠી આગમ વાચનાની પુણ્ય-ભૂમિમાં પંચાવન વર્ષની પાકી વયે પણ અનેરા ચઢતા ઉલ્લાસપૂર્વક ધામધૂમથી દીક્ષા સ્વીકારી અને મુનિ શ્રી **કેશરસાગરજી** નામ રાખી પૂજ્યશ્રીએ પોતાના દ્વિતીય શિષ્ય બનાવ્યા.

પછી **બરવાળા-ધંધુકા-કોઠ-બાવળા** થઈ પુનઃ પૂ. ગચ્છાધિપતિની નિશ્રામાં આવી યોગવહન કરાવી નૂતન દીક્ષિતને વડી દીક્ષા આપી.

એક વખતે *ઉજમફઈની ધર્મશાળામાં પૂ. ગચ્છાધિપતિની પાસે સિદ્ધગિરિ મહાતીર્થની છ ગાઉની યાત્રા કરી માલવા પ્રદેશના **રતલામ-ઉજ્જૈન-ઇંદોરના** અગ્રગણ્ય શ્રાવકો મોટા જુથમાં વંદનાર્થે આવ્યા અને સુખશાતા પૂછી નીચે મુજબના ભાવાર્થની વિનંતી કરી કે—

"**સાહેબ ! દેશ મનોહર માળવો !**" શ્રીપાળ રાસમાં પૂ. શ્રી વિનય વિ. મ.એ જેના ગુણ ગાયા છે-પરદુઃખભંજન **વિક્રમાદિત્યના** નામથી જે **માળવા** પ્રખ્યાત છે, '**જે માળવાને માનું પેટ**' કહેવાય છે, ત્યાંના જૈનોને સંવેગી-સાધુઓના દર્શન જ થતાં નથી ! પાખંડીઓ વિચિત્ર-વિચિત્ર દલીલોથી મુગ્ધજનતાને ધર્મમાર્ગથી વિમુખ બનાવી રહ્યા છે. સાહેબ ! કૃપા કરો ! કોઈક સારા વ્યાખ્યાતા અને શાસનની પ્રભાવના તેમજ ધર્મનો ઉદ્યોત કરી શકે તેવા મહાત્માને અમારે ત્યાં મોકલો ! ઘણા વર્ષના. ભૂખ્યા-તરસ્યા બેઠા છીએ ! અહીં તો આપની છત્રછાયામાં ધર્મપ્રેમી લોકો પાંચ પકવાન્ન જમી રહ્યા છે પણ અમને તો રોટલો શાક હશે તો યે ચાલશે ! જરા કૃપા કરો ! ! ! "

પૂ. ગચ્છાધિપતિએ **માલવાના** શ્રીસંઘના આગેવાનોની વાત સાંભળી કહ્યું કે " પુણ્યવાનો ! વાત સાચી છે ! શું કરું ! મારી કાયા હવે બહુ કામ આપે તેમ નથી ! અમારી ફરજ છે કે આવા પ્રદેશોમાં વિચરી પ્રભુ-શાસનની જાણકારી લોકોને થાય તેમ કરવું જોઈએ ! તમારી વાત પર જરૂર વિચાર કરીશ ! તમે કાલે મળજો ! "

પૂ. ગચ્છાધિપતિના મીઠા-કોમળ આશ્વાસનથી માલવાના ધુરંધર-શ્રાવકો ઉત્સાહી બન્યા. બીજે દિવસે બપોરે ત્રણ પછી આવવાનું કહી વિદાય થયા.

પૂ. ગચ્છાધિપતિએ સાંજના પ્રતિક્રમણ પછી બધા સાધુઓને ભેગા કરી વાત મુકી કે—

" મહાનુભાવો ! સ્વ-કલ્યાણની ભૂમિકા સાથે પર-કલ્યાણની ફરજ મુંઝાયેલી છે ! મળવા જેવા પ્રદેશમાં સંવેગી સાધુઓનો પરિચય ઘટવાથી ઢુંઢકો, તેરાપંથીઓ, ત્રણ થુઈવાળા, ખરતર ગચ્છવાળા આદિ શાસન-બાહ્ય લોકો પગદંડો જમાવી રહ્યા છે, તે બાજુ વિચરવા જેવું છે, છે કોઈની ઈચ્છા ? તે બાજુ જવાની !"

સઘળા સાધુઓ એક અવાજે બોલ્યા કે-" સાહેબ ! અમારે તો આપની આજ્ઞા પ્રમાણ છે ! આપને ઠીક લાગે તેમને આપ આજ્ઞા કરો ! યથાશક્તિ આપની આજ્ઞાને અમલમાં મુકવા અમે સહુ તૈયાર છીએ ! ! !

પૂ. ગચ્છાધિપતિશ્રીએ સંતુષ્ટ સ્વરે કહ્યું કે-" વાહ ! વાહ ! ધન્ય છે તમારી નિષ્ઠાને ! ઠીક છે ! હાલ તો તમે બધા જાઓ ! હું વિચારીને કહીશ ! "

---

*નગરશેઠ હેમાભાઈનાં બહેન શ્રી **ઉજમબાઈએ** વિ. સં. ૧૯૨૮ નૂતનવર્ષે પૂ. શ્રી **મૂલચંદજી** મ.ની દેશનાથી પ્રભાવિત બની પોતાને રહેવાનું ઘર, હવેલી સકલ શ્રી સંઘને ધર્મધ્યાન કરવા ધાર્મિકસ્થાન-ઉપાશ્રય તરીકે શ્રીસંઘને અર્પણ કરવાની મંગળ જાહેરાત કરી.

આ મંગળ ભાવનાની પુર્તિ અર્થે પૂ. શ્રી **મૂલચંદજી** મ.ને સપરિવાર નવા વર્ષનું માંગલિક અને શ્રી **ગૌતમસ્વામિજી**-રાસ સંભળાવવા આગ્રહભેર વિનંતિ કરી પોતાના ઘરના આંગણે સકલ શ્રી સંઘને આમંત્રેલ અને સોનામહોરની પ્રભાવના કરેલ.

આજે પણ આ ધર્મસ્થાન **રતનપોળમાં વાઘણપોળમાં શ્રીચિંતામણિ પાર્શ્વનાથ** પ્રભુના જિનાલય પાસે પૂ. શ્રી **મૂલચંદજી** મ.ની ગાદી તરીકે કહેવાતું સકળ શ્રી સંઘને ધર્મક્રિયાનું મહત્વનું કેન્દ્ર છે.

થોડીવાર રડી પોતાના સમુદાયનું કામકાજ બરાબર સંભાળનાર પૂ. **મુનિશ્રી મંગલવિજયજી મ.,** પૂ. **શ્રી ચંદનવિજયજી મ.,** તથા પૂ. **શ્રી નેમવિજયજી મ.** ને બોલાવ્યા.

પૂ ગચ્છાધિપતિશ્રીએ કહ્યું કે "ભાવવાના સંઘની વાતનો શો જવાબ આપશું ? તેઓ કાલે બપોરે આવશે !"

સાધુઓએ કહ્યું કે- "વાત બરાબર છે તમારી ! પણ સાંભળવા પ્રમાણે હાલ મળવામાં ત્રણ શૈાયનો નવો પંથ કાઢનાર આ શ્રી રાજેન્દ્રસૂરિનો પ્રભાવ ઘણો છે. એટલે માત્ર વ્યાખ્યાન આપે કે પ્રતિક્રમણ કરાવે કે ધર્મક્રિયા કરાવે તેવા સાધુને ત્યાં મોકલવાનો અર્થ નથી, પણ શાસ્ત્રીય રીતે રચનાત્મક શૈલિથી શાસ્ત્રીય પ્રરૂપણા એવી શૈલીથી કરે કે જેથી પાખંડીઓના બધા પ્રપંચો ખુલ્લા પડી જાય. કદાચ જરૂર પડે તો શાસ્ત્રાર્થ-ચર્ચા-વાદવિવાદમાં પણ જિનશાસનનો ડંકે વગાડે એવાને ત્યાં મોકલવા જરૂરી છે.

પૂ. **નેમવિજયજી મ.** કહ્યું કે સાહેબ ! તેવા તો આ **મંગલ વિ. મ.** અને મુનિશ્રી **રાજવિજયજી મ.** તથા મુનિશ્રી **ઋદ્ધિવિજયજી મ.** આપણા સમુદાયમાં છે.

પૂ. **ચંદન વિ. મ.** બોલ્યા કે વાત તો બરાબર છે! પણ આ બધા અવસ્થાવાળા,**માલવા** જેવા દૂર દેશમાં જરા શક્તિશાળી અને નવજુવાન કોઈ જાય તો ઠીક રહે !

પૂ. **શ્રી મંગલવિજયજી** મ૦ એ કહ્યું કે 'સાહેબ! બધી વાત સાચી! પણ આપની નિશ્રામાં આગમિક જ્ઞાન અને સંયમની તાલિમ મળે છે, એટલે સાહજિક ગુરૂ-ભક્તિથી આટલે દૂર કોઈ જવા તૈયાર નહીં થાય. આપ આજ્ઞા કરશો તો કોઈ ના નહીં કહે, પણ અંતરથી મન કેચવાશે.

પૂ. **શ્રી નેમવિજયજી** મ૦ તથા પૂ. **શ્રી ચંદનવિજયજી** મ૦ બન્ને બોલ્યા કે 'હા ! એ વાત સાચી સાહેબ! મધુર નિશ્રાનો લાભ જતો કરી આઘે વિહરવાનું તો કોઈ ઈચ્છે જ નહીં !'

પૂ. ગચ્છાધિપતિશ્રીએ કહ્યું કે- પુણ્યવાન છો તમે બધા! કે આવી વિવેકબુદ્ધિ તમારામાં છે, પણ **વ્યક્તિ કરતાં શાસન મોટી ચીજ** છે. મારી નિશ્રાનો લાભ સામે જોવા કરતાં શાસનના હિતનો વિચાર વધુ કરવો જોઈએ. તેમ છતાં તમારી લાગણીઓની અવગણના કરવા માગતો નથી ! મને એમ લાગે છે કે- **ઝવેરસાગરજી**ને પૂછી જોઈ એ તો !

ત્રણે જણાએ કહ્યું કે- 'હા ! સાહેબ! બરાબર છે! યુવાન છે, ભણીગણી હાલમાં તૈયાર થયા છે, વ્યાખ્યાન-શૈલિ સારી છે, વાદવિવાદમાં કોઈનાથી ગાંજ્યા જાય તેમ નથી. તેમજ શાસનનાં આવાં કામોની ઘગશ ઘણી છે !!!"

પૂ. ગચ્છાધિપતિએ પોતાના સમુદાયના નાયકોના વિચાર લઈ પોતાની પસંદગીને આ રીતે સર્વમાન્ય કરવાની શાસ્ત્રીય શૈલિ અદા કરી.

સવારે દેરાસર દર્શન કરીને આવ્યા પછી પૂ. ગચ્છાધિપતિશ્રીને વંદન કરવા આવેલ **ઝવેરસાગરજી** મ૦ને પૂ. ગચ્છાધિપતિએ કહ્યું કે- "ભાઈ ! જરા બેસ ! મારે એક વાત કરવી છે !

પૂજ્યશ્રી તો રાજી રાજી થઈ ગયા કે-" મારા સૌભાગ્યનો ચાંદ બઢતી કળાએ ઉગ્યો કે પૂ. ગચ્છાધિપતિ જેવા મહાપુરૂષ મને કંઈક કહેવા માંગે છે !"

વિનયપૂર્વક આસન પાથરી વંદના કરી બેઠા કે– પૂ. ગચ્છાધિપતિએ બધી વાત કરી કે–"માલવમાં પ્રભુશાસનની છાયા ઝાંખી પડી છે, તે માટે કંઈક કરવાની જરૂ છે!

પૂજ્યશ્રીએ કહ્યું કે–ફરમાવો! આપની આજ્ઞા શિરોધાર્ય છે!

પૂ. ગચ્છાધિપતિએ કહ્યું કે– તે માળવાના પ્રદેશમાં સમય–ચતુર શાસ્ત્રનિષ્ણાત અને શુદ્ધ સંયમી સાધુને મોકલવા વિચાર છે. ગઈ રાત્રે બધો વિચાર–વિનિમય કર્યો, મારી સાથેના સાધુઓમાં મોટે ભાગે વયોવૃદ્ધ ઘણા છે. આટલે દૂર હવે તેઓને ત્યાં મોકલવા ઠીક નથી, વળી તેઓનું મન પાકી અવસ્થાના કારણે મારી પાસે રહેવા ખેંચાય છે. માટે કળશ તારા પર ઢોળાય તો કેમ?"

પૂજ્યશ્રી બોલ્યા કે– "સાહેબ! મારે આપની આજ્ઞા તહત્તિ છે, પણ! આ બે વર્ષ જુદા ચોમાસા કરી આવ્યો, પણ જે અમૃતના ઘૂંટડા આપની નિશ્રામાં મેળવેલા તે ન મળવાથી મારી તો દૃઢ ઇચ્છા આપના ચરણોમાં રહેવાની છે. તેમ છતાં આપની આજ્ઞા મારે પ્રમાણ છે!

પૂ. ગચ્છાધિપતિએ કહ્યું કે– "ભાઈલા! તારો વિનય અદ્ભુત છે! ખરેખર! તારી પાત્રતાએ મારા શિષ્યો જે નથી લઈ શકયા, તેથી વધુ મારી પાસેથી તને અપાવ્યું છે, શાસનની સેવા એ સૌથી મોટું કર્તવ્ય છે–તારા જેવા શક્તિશાળી વ્યાખ્યાન–શક્તિવાળા સાધુઓએ તો ઠેર ઠેર ધુમી પ્રભુ–શાસનનો વિજય–ધ્વજ ફરકાવવો જોઇએ, હવે અમે તો થાકયા. મારી સાથેના સાધુ તારા જેવું કરી શકે તેમ નથી, માટે પુણ્યવાન! તારે **માલવા** તરફ જવા વિચારવું જરૂરી છે!'

પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિના શબ્દો પાછળના રણકાર પારખી તુર્ત વિનયથી મસ્તક નમાવી "આપ ફરમાવો તે મારે શિરોધાર્ય છે" એમ કહી પૂ. ગચ્છાધિપતિના ચરણોમાં વંદન કરી રહ્યા.

પૂ. ગચ્છાધિપતિએ પણ તે જ વખતે વાસક્ષેપનો વાટકો મંગાવી સૂરિમંત્રથી વાસાભિમંત્રણ કરી પૂજ્યશ્રીના મસ્તકે ઉમંગભેર વાસક્ષેપ નાંખ્યો અને આશીર્વાદ આપ્યો કે–**"શાસનનો ડંકો વગાડજે!"**

પૂજ્યશ્રીએ પણ તહત્તિ કહી જીવનની પરમ ધન્યતા અનુભવી.

પૂ. ગચ્છાધિપતિશ્રીને પણ યોગ્ય વ્યક્તિને યોગ્ય કાર્યમાં જોડયાનો પરમ સંતોષ થયો. બપોરે નિયત–સમયે **માલવના** શ્રીસંઘના આગેવાનો આવ્યા, વંદના કરી સુખશાતા પૂછી ગઈ કાલની વિજ્ઞપ્તિનો ખુલાસો પૂછયો, એટલે પૂ. ગચ્છાધિપતિએ પૂજ્યશ્રીને પણ બોલાવી પાસે બેસાડયા. શ્રાવકોને ઉદ્દેશીને કહ્યું કે–

"महानुभावो! आपकी विनंति पर पूरी तरहसे सोचा गया है, जरूरत भी है आपके प्रदेशमें संवेगी–साधुओंके विहारकी, हमारी फर्ज भी है कि विशिष्ट धर्मलाभ होता. हा उस प्रदेशमें जरूर विचरना चाहीए, किन्तु परिस्थिति-ओंके कारण में उधर नहीं आ सकता! मेरे साथ में साधु भी प्रायः वृद्ध हैं, वे इतनी दूर विहार करने में असमर्थ है, ज्ञानाभ्यास आदिके कारण वे इतनी दूर आना भी पसंद नहीं करते, एवं च आप जिस कार्य के लिए साधुओंका ले जाना चाहते हैं, उस कामके लिए तो ये महाराज (पूज्यश्री तरफ अंगुलिनिर्देश करी) सब

तरहसे कावेल हैं, शास्त्रज्ञान गहरा है, व्याख्यान-शक्ति भी प्रभावशाली है, वाद-विवादमें भी मजबूत है, सब तरह से आपके प्रदेशमें शासनका जयजयकार कर सके ऐसे सुयोग्य वे महाराज हैं, मेरे खास माने हुए इनेगिने शिष्यों में उनका स्थान उंचा है, इनको मैं आपके प्रदेशमें भेजनेका सोचता हुं."

આ સાંભળી પૂ. ગચ્છાધિપતિજીની જય બોલાવતા માલવાના શ્રાવકોએ ફરીથી કહ્યું કે-

"बापजी बडी कृपा की आपने! हमारे लिए आपके भेजे हुए बाल या वृद्ध कोई भी मुनि श्री **गौतम-स्वामीजी** की बरोबर हैं। आपतो शासनके नायक है। आप जिसको भेजते होंगे वे हमारे प्रदेशमें फैल रहे पाखंड-मिथ्यात्व को दूर कर सके ऐसे ही भेजते होंगे। हमें तो आप पर पूरी श्रद्धा है।

માલવાના શ્રીસંઘે પૂ૦ ગચ્છાધિપતિશ્રી પાસે જ્ઞાનપૂજન કરી વાસક્ષેપ નંખાવી પૂજ્યશ્રી પાસે જઈ વંદના કરી વિનંતિ કરી કે—

"आप हमारे प्रदेश में जल्दी पधारो, और अज्ञान के अंधकारको हटाकर जिनशासनका प्रकाश फैलाओ। आप यहां से कब विहार करेंगे? और विहार में कोई जरुरत हो तो फरमावें, और हम उधरसे जानकार दो-चार श्रावकों को भक्ति के लिए भेजना चाहते हैं तो कब भेजें?

પૂજ્યશ્રીએ કહ્યું કે-"પુણ્યવાનો! शासनकी महिमा अपार है, देवगुरुकृपासे पू. गच्छाधिपतिने अनेक दूसरे समर्थ साधुओंके होते भी मुज बाल पर यह जो भार रक्खा हैं सोच-समज कर ही रक्खा होगा। मैं तो गुरु-चरणोंका सेवक हुं। शासनदेव सहाय करेगा हीं! में यहांसे फा.सु. २ को विहार करना चाहता हुं! विहारमें कोई जरुरत नहीं! यहांसे गोधरा तक तों श्रावकोंके घर हे ही! उसके बाद शायद जरुर पडे, युं कि गोध्राके बाद विकट जंगल भी है, तो श्रावकोको गोधरे ही भेजें तो ठीक! क्योंकि चैत्री ओली गोधरामें करनेका विचार हे।

માલવાના શ્રી સંઘે ફરીથી જ્ઞાનપૂજન કરી વાસક્ષેપ નંખાવી પૂજ્યશ્રીને વહેલા વહેલા માલવા તરફ પધારવા વિનંતિ કરી વિદાય લીધી.

પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિ સાથે ફરી વિચાર-વિમર્શ કરી વિહારની તૈયારીઓ કરી. પૂજ્ય ગચ્છાધિપતિનો વાસક્ષેપ લઈ મંગલાચરણ સાંભળી બંન્ને શિષ્યો સાથે વિહાર કર્યો.

સર્વપ્રથમ **નરોડા** જઈ **ગોડી પાર્શ્વનાથ પ્રભુના** દર્શન-વંદન કરી **"શાસન પ્રભાવનાની શક્તિ વિકસે" "શાસનની વફાદારીપૂર્વક પોતાની જ્ઞાનશક્તિનો લાભ શાસ્ત્રીય રીતે જગતને આપી શકાય"** આદિ મંગલભાવના ભાવી જીવતી-જાગતી મનાતી **શ્રીપદ્માવતી દેવીના** સ્થાન આગળ પણ શાસન સેવામાં સહયોગ આપવાની ભાવનાપૂર્વક શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરી ભાવોલ્લાસ પૂર્વક શુભ શકુન મેળવી દહેગામ તરફ વિહાર કર્યો.

ત્યાંથી **બહીયલ આંતરસુબા** થઈ **કપડવંજ** પધાર્યા, શ્રી સંઘના આગ્રહથી **ફાગણ** ચોમાસીની આરાધના ત્યાં કરી **મગનભાઇ ભગતની** હાદિક ભૂમિમાં ભવિષ્યમાં તેમના કુળમાં ઉપજનારા **પૂ. ચરિત્રનાયકશ્રીના** જીવનને વિશિષ્ટ બનાવી શકે તેવા શાસનોપયોગી તત્ત્વોનું બીજારોપણ કર્યું.

કપડવંજના શ્રીસંઘનો ચોમાસા માટે ઘણો આગ્રહ થયો પણ પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાથી હાલ તો **માલવા** પ્રદેશ તરફ જઈ રહ્યાનું જણાવી ભવિષ્યમાં કયારેક ક્ષેત્ર-સ્પર્શના બળે કરવા ભાવના વ્યક્ત કરી આગળ વિહાર શરૂ કર્યો.

લસુંદરા, બાલાસીનોર, મહેલોલ, વેજલપુર થઈ **ગોધરા** ચૈત્ર સુ. ૨ ના મંગળદિને પધાર્યા.

ત્યાંના શ્રી સંઘે પૂજ્યશ્રીને શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના અંગે આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી, પૂજ્યશ્રીએ યોગ્ય અવસર જાણી સ્વીકારી સ્થિરતા કરી; પૂજ્યશ્રીની તાત્ત્વિક દેશના-પદ્ધતિથી **ગોધરાનો** શ્રી સંઘ ખૂબ પ્રસન્ન થયો, ઘર-બેઠે ગંગા આવી સમજી ખૂબ ભાવોલ્લાસ સાથે શ્રી નવપદજીની આરાધનાની સામુદાયિક રીતે ભવ્ય તૈયારીઓ જિનેન્દ્ર ભક્તિ-મહોત્સવ-શાંતિસ્નાત્ર આદિના આયોજન સાથે કરવા માંડી.

પૂજ્યશ્રીની સલાહ-સૂચન મુજબ આયંબિલની ઓળીની આરાધના કરનારાઓના અત્તરવાયણાં-પારણાં નવ દિવસ દરમ્યાન રોજ ઠાઠથી સામુદાયિક વિધિ ચોસઠ-પ્રકારી પૂજા, છેલ્લે દિવસે શાંતિસ્નાત્ર વગેરે ભવ્ય કાર્યક્રમ જાહેર કરી આરાધક ભવ્યાત્માઓના ધર્મોત્સાહમાં અનેરો વધારો કર્યો.

પૂજ્યશ્રીએ પણ વ્યાખ્યાનમાં **શ્રીપાળ-ચરિત્રના** મુખ્ય પ્રસંગોના રહસ્યના વિવેચન સાથે **શ્રીનવપદજીનું સર્વાધિક મહત્વ કેમ ?** તે વસ્તુના તાત્ત્વિક રીતે દાખલા-દૃષ્ટાંતોથી સમજાવ્યાપૂર્વક રોજ એકેકપદની અર્થગંભીર રહસ્યાત્મક વ્યાખ્યા રજુ કરી જૈન શ્રીસંઘમાં સંવેગી પરંપરાના સાધુઓની અલ્પસંખ્યા અને વિચરણની ઓછાશથી સુષુપ્ત બનેલ ધર્મભાવનાને પર્વાધિરાજ શ્રી **પર્યુષણ** મહાપર્વના મંગળ દિવસોની જેમ દેદીપ્યમાન કરી.

ચૈ. સુ. ૧૩ લગભગ માળવાના શ્રી સંઘ તરફથી **રતલામથી** પાંચ-છ શ્રાવકો પૂજ્યશ્રીને વિહારમાં અગવડ ન પડે તે રીતે પૂરી તૈયારી સાથે આવ્યા.

પૂજ્યશ્રીએ પણ **ગોધરાના** શ્રીસંઘનો આગ્રહ ચોમાસા માટે છતાં પૂ. શ્રીગચ્છાધિપતિની આજ્ઞા પ્રમાણે **માલવા** તરફ જવાની વાત રજુ કરી અને **માલવા** સંઘ તરફથી શ્રાવકો લેવા માટે આવ્યા છે, માટે વધુ રોકાણ શકય નથી એમ જણાવી વદ ૧ સાંજે વિહારની જાહેરાત પૂનમના વ્યાખ્યાનમાં કરી.

પૂજ્યશ્રીએ વદ ૧ સાંજે **ગોધરા** શહેરની બહાર મુકામ કરી મંગલ-મુહૂર્ત સાચવી લીધું, માલવાથી આવેલ શ્રાવકો પણ રસોઈઆ, કામ કરનાર માણસો વગેરેની સગવડ લઈને

આવેલ, એટલે ગાડાની વ્યવસ્થા કરી પૂજ્યશ્રીને સંયમમાં વધુ દૂષણ ન લાગે તેવા વિવેક પૂર્વક ભક્તિ માટે પગપાળા ચાલ્યા.

પૂજ્યશ્રી પણ **ગોધરાથી દાહોદ** અને **દાહોદથી રતલામ** સુધીના ૧૦૦ માઈલના પ્રદેશમાં બીહડ જંગલ—વિકટ પહાડો આદિની વિષમતાવાળા પંથે યથાશકય સંયમની શુદ્ધિ પૂર્વક વિવેકી–શ્રાવકોની ભક્તિથી વૈ. સુ. ૧ **રતલામ** પહોંચી ગયા.

તે વખતે **રતલામમાં** શિથિલાચારી સાધુઓની વ્યક્તિગત–આચારની ઢીલાશથી જોર કરી **રહેલ** ઢુંઢકપંથી સ્થાનકમાર્ગીઓ અને કાળ પ્રભાવે મતભેદની જંજાળમાં સત્યની અટવામણીના નમૂના રૂપ તાજેતરમાં પ્રકટેલા ત્રિસ્તુતિક મતના પ્રવર્તક આ. **શ્રી વિજયરાજેન્દ્રસૂરિ મ. ના** છટાદાર પ્રવચનોની રમઝટ અને રોચક પ્રવચન—શૈલિથી શાસ્ત્રીયપરંપરાના અનુયાયીઓ માટે ખૂબ જ વિસંવાદી વાતાવરણ સર્જાયેલ,

પૂ. શાસન–પ્રભાવક મુનિપુંગવ **શ્રી ઝવેરસાગરજી મ.** શ્રીએ થોડા દિવસ સર્વસાધારણ ધર્મોપદેશની ધારા ચલાવી લોકમાનસમાં જિનશાસનની મૂળ પરંપરાના વાહક સંવેગી—સાધુઓના પરિચય—સંપર્કના અભાવે ઘટી ગયેલી શ્રદ્ધાને વધારવા પ્રયત્ન કર્યો, સાથે સાથે પૂ. ગચ્છાધિપતિશ્રીએ જે કામ માટે પોતાને મોકલેલ છે, તે કામ માટે ભૂમિકાની તપાસમાં વાતાવરણનો અભ્યાસ કર્યો.

શ્રાવકોમાં એક બીજાના ગુંથાયેલ જ્ઞાતિના સંબંધોના કારણે સત્યને વળગી રહેવાની ક્ષમતા ઓછી જણાઈ, સાથે જ સરખી રીતે સમજણ મળેલ ન હોઈ અજ્ઞાન–દશાના અંધારાં પણ શ્રાવકોના માનસમાં વધુ ઘેરાં લાગ્યાં.

આ ઉપરાંત પક્ષાપક્ષીના દાવપેચની કૂડી રમત પણ કાળ–બળે સૈદ્ધાન્તિક–મતભેદોને વિકૃત કરવામાં મોટા ભાગે ફેલાયેલ જણાઈ.

વધુમાં સ્થાનકવાસીઓ અને ત્રિસ્તુતિક–મતવાળા પોતાના સાધુઓની બાહ્યચર્યા જે કે શાસ્ત્રીય—વચનોના અતિ–યોગના પરિણામે શાસ્ત્રની દૃષ્ટિએ સ્વચ્છંદ–ભાવવાળી કહી શકાય તેને આગળ કરી જિનશાસનની પરંપરાવાળા સાચા શ્રમણોના સંપર્કના અભાવે શિથિલાચારી યતિઓના વિકૃત આચારને આગળ કરી શાસ્ત્રીય–પરંપરાને ઝાંખી કરવાના કુચક્રોની ગતિશીલતા નિહાળી

ટૂંકમાં પૂ. શ્રી **ઝવેરસાગરજી** મ. ખૂબ જ ગંભીર ભાસતી પરિસ્થિતિનું અધ્યયન કરી કયા મહત્વના કેન્દ્ર પર હથોડો મારી ખોટકાઈ ગયેલ એંજીનને ચાલુ કરનાર કુશળ કારીગરની સૂઝબુઝની જેમ શાસ્ત્રીય બાબતોની મૌલિક ચિંતના અને ગીતાર્થપણાના મધુર મિશ્રણની તૈયારી કરવા લાગ્યા.



છેવટે જે. સુ. ૧૪ના વ્યાખ્યાનમાં તત્ત્વદૃષ્ટિ અને **જિનશાસનની માર્મિકતાના** વિવેચનના સંદર્ભમાં—**" આચાર-શુદ્ધિમાં કાળ બળે આવતી ઓછાશ તત્ત્વદૃષ્ટિની નિર્મળતાથી ક્ષમ્ય બની શકે છે, પણ ગમે તેટલા ઉત્કૃષ્ટ-આચારોનું પાલન કરવાં છતાં તત્ત્વજ્ઞ ગીતાર્થ-મહાપુરુષોની પરંપરાની વિનય-વફાદારી અને તત્ત્વદૃષ્ટિની વિષમતાથી જિનશાસનની મૌલિક બાબતો અંગે કરાતો અપલાપ જીવનને વિષમતર કર્મોના બંધનમાં ફસાવનાર બને છે "** આ વાતને ખૂબ જ તર્કબદ્ધ રીતે શાસ્ત્રીય-દૃષ્ટાંતોથી છણાવટપૂર્વક રજુ કરી.

જે. વ. ૫ સુધીના વ્યાખ્યાનોમાં **" આચારશુદ્ધિ જિનશાસનમાં મહત્ત્વનું અંગ છતાં જિનશાસનની વફાદારી સૌથી વધુ મહત્ત્વની છે."** એ બાબત **મહાનિશીથ** આદિ સૂત્રોના સચોટ ઉદાહરણોથી શ્રોતાઓ સામે વ્યવસ્થિત રીતે રજુ કરી.

પરિણામે સ્થાનક-વાસીઓ અને ત્રિસ્તુતિક-મતવાળાઓમાં ખળભળાટ શરૂ થયો. શ્રાવકોમાં અંદરોઅંદર વૈચારિક-સંઘર્ષ શરૂ થયા. પૂજ્યશ્રીએ વ્યાખ્યાનની પાટથી સ્પષ્ટ જાહેરાત કરી કે-

" જે જે જિજ્ઞાસુઓને મારા વચનોમાં સંશય કે શંકા ઉપજે કે મારી વાતની પ્રામાણિકતાની ખાત્રી કરવી હોય તે બપોરે ૨ થી ૪માં ગ્રંથમથી સમય નક્કી કરી પોતાના પક્ષના આગેવાન શ્રાવકોને સાથે લઈ જિજ્ઞાસુભાવથી રૂબરૂ મળી ખાત્રી કરી શકે છે. "

" જરૂર પડે તો તે પક્ષના આગેવાન જાણકાર કે પક્ષ-નાયકો સાથે જાહેરમાં શાસ્ત્રપાઠોનો લેવડ-દેવડપૂર્વક સત્ય વાતની રજુઆત કરવાની પણ મારી તૈયારી છે."

આ ઉપરથી સ્થાનકવાસીઓ પોતાના સાધુ મહારાજ પાસેથી દલીલો અને શાસ્ત્રપાઠોનો જથ્થો લઈ અવારનવાર બપોરે આવવા લાગ્યા.

પૂજ્યશ્રીએ સ્થાનકવાસીઓને માન્ય બત્રીશ આગમોના જ પાઠો કાઢી બતાવી અને દલીલોમાં એકાંગીપણું પ્રબળ-તર્કો દ્વારા સમજાવી આવનાર સ્થૂળ-બુદ્ધિવાળા શ્રાવકોનાં હૈયાં કૂણાં કરી દીધાં, વધુમાં પૂજ્યશ્રીના સંપર્કમાં આવેલા કેટલાક જિજ્ઞાસુ-શ્રાવકો હકીકતમાં અંતરથી મિથ્યાત્વની આગ્રહભરી માન્યતાઓની પકડ ઢીલી કરી શકયા. પોતાના સાધુઓ અને પક્ષના મોવડીઓને સત્ય તત્ત્વની સમજુતી આપવા લાગ્યા પણ મતાભિનિવેશના કારણે સ્થાનકવાસી સંઘમાં ખળભળાટ વધુ ઉગ્ર બન્યો. કુતર્કો અને એકતરફી દલીલો અને વ્યક્તિગત આચાર-શિથિલતાની વાતો આડે ધરી પૂજ્યશ્રીની પ્રતિભાને ખંડિત કરવાનું વાતાવરણ સર્જાયું.

પૂજ્યશ્રીએ તો તત્ત્વદૃષ્ટિ સામે રાખી એક વાત ધ્યાનમા રાખી કે–

"મોટે ભાગે અભિનિવેશવાળા પાખંડીઓ સીધે રસ્તે સત્યતત્ત્વનો પલટો કરવો અશક્ય માની આડી-અવળી અસંબંદ્ધ અને ભળતી વાતોના આક્ષેપો રજુ કરી સામાને ઉશ્કેરાટમાં લાવી સત્ય-તત્ત્વના પ્રતિપાદનની દિશામાંથી ભળતી વાતોના ખુલાસા કરવાના આડે રસ્તે ચઢાવી જીભાજોડીમાં શક્તિનો અપવ્યય કરાવી થકવી દે અગર મૂળ વાતને ખોટી દલીલબાજીમાં અટવાવી દે."

તેથી પૂજ્યશ્રીએ તો બીજી વાતો સામા પક્ષ તરફથી ગમે તેવા જોશથી ઉશ્કેરાટ-આવેશ ઉપજાવે તેવી રજુ થવા છતાં મૂળવાત સૈદ્ધાન્તિક રીતે પકડી રાખી કે– "આ શાસ્ત્ર પાઠો છે! આનાથી સ્પષ્ટ રીતે મૂર્તિપૂજા પ્રમાણિત થાય છે. આ અંગે શું કહેવું છે? આ શાસ્ત્રપાઠોને ખોટા ઠેરવો! અગર આની સામે કોઈ મજબૂત શાસ્ત્રીય પ્રમાણો તમારી પાસે હોય તે રજુ કરો."

છેવટે સ્થાનકવાસી-પક્ષે જબ્બર ઉહાપોહ મચી ગયો, બહારગામથી પણ અનેક તે પક્ષના આગેવાનો આવી પોતપોતાની રીતે આડીઅવળી વાતો રજુ કરી પૂજ્યશ્રીના તર્કોને ગૂંચવવા લાગ્યા, પણ પૂજ્યશ્રીએ તો શાસ્ત્રના પાના હાથમાં રાખી **"આ અંગે શું કહેવું છે?"** બીજી બધી વાતો પછી!" એમ મજબૂતાઈથી મૂળ-વાતને વળગી રહ્યા.

પરિણામે ભદ્રિક પરિણામી જનતાનો મોટો વર્ગ સત્યતત્ત્વથી પરિચિત થયો. અને પૂજ્યશ્રીની નિશ્રાએ શાસનની તાત્ત્વિક ભૂમિકા નજીક આવવા ઉમંગવાળા બન્યા,

પણ કેટલાક જડ-પ્રકૃતિના તેમજ મિથ્યાભિનિવેશવાળાઓએ વાતાવરણ ખૂબ કલુષિત કરી નાંખ્યું.

એટલે પૂજ્યશ્રીએ પછી આ વાત પર પડદો પાડી દીધો. કોઈ જિજ્ઞાસાથી પૂછવા આવે તો જ, તે વિના આ વાતની ચર્ચા છોડી દીધી.

આ અરસામાં શ્રાવણ મહિને **શ્રી નેમિનાથ** પ્રભુના જન્મ-કલ્યાણક પ્રસંગે શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ કેવા ઉદાત્ત આશયથી કરવાની અને લૌકિક દેવો તથા લોકોત્તર દેવો વચ્ચે શો તફાવત છે? એ પ્રસંગે જિનશાસનની મર્યાદાઓનું વર્ણન કરતાં સમ્યગ્દૃષ્ટિ દેવોનું આરાધનામાં કેવું ઉચ્ચ સ્થાન છે! તેમની શ્રદ્ધા-ભક્તિનું હાર્દિક બહુમાન રાખવા સાથે પ્રસંગે ધર્મક્રિયાની આરાધનામાં વિઘ્ન-નિવારણ દ્વારા સહાયક થવા રૂપે સ્મરણ કરવાની વાત શાસ્ત્ર-સિદ્ધ કેવી રીતે છે! વગેરે વિચારણાની શરૂઆત કરી.

શ્રા. વ. ૧૦ સુધી વ્યાખ્યાનમાં આ અંગે જોરદાર પ્રરૂપણા ચાલી, આ ઉપરથી ત્રિસ્તુતિક

મતના શ્રાવકો ળળભળ્યા. પૂજ્યશ્રી પાસે આવી પોતાની ચાલુ દલીલો અવિરતિને વિરતિધારી નમસ્કાર કેમ કરે ? વગેરે રજુ કરી.

પૂજ્યશ્રીએ સચોટ શાસ્ત્રીય-પ્રમાણો સાથે રદિયા આપ્યા. અને ઠસાવ્યું કે " **સમ્યગ્-દૃષ્ટિદેવો શાસનના રખેવાળ છે. તેઓની શ્રદ્ધા-ભક્તિ અને સમ્યગ્દર્શનની નિર્મળતાનું અનુમોદન વિરતિધારી પણ કરી શકે** " વગેરે.

જે સાંભળી ત્રિસ્તુતિક-મતવાળા પોતાના મુખ્ય ગુરુ **આ શ્રી વિજય રાજેન્દ્રસૂરિ મ.** જેઓ કે **રતલામમાં** જ હતા. તેઓને બધી વાત કરી. તેઓએ પણ સંવેગી-પરંપરાનો આ નવો સાધુ શું આગમમાં સમજે ! આ તો આગમની ગૂઢ બાબત છે ! વગેરે વાતો કહી પોતાના શ્રાવકોને પૂજ્યશ્રીની વિદ્વત્તાભરી પ્રવચન-શૈલિ અને શાસ્ત્રીય-તત્ત્વોની તર્કબદ્ધ રજુઆતથી ઉપજેલ અંજામણી-અસરમાંથી મુક્ત કરવા કોશિશ કરી.

શ્રાવકો તે વખતે તો શાંત થઈ ઘરે ગયા, પણ પૂજ્યશ્રીની વાતોમાં શાસ્ત્રીય-પદાર્થોની ભવ્ય રજુઆત, શાસ્ત્રીય પાઠોનો રણકાર અને પૂજ્યશ્રીની વિશુદ્ધ સંયમ-ચર્યાથી ઉપજેલ હૈયાની ઊંડી અસરથી ફરીથી અંદરોઅંદર વિચારવા લાગ્યા કે—

" **આપણા ગુરુજીને આપણે ફરીથી વિનવવા જોઈએ કે સંવેગી સાધુમહારાજે જે શાસ્ત્રીય-પાઠોની રજુઆત કરવાની તૈયારી સાથે ત્રિસ્તુતિક-મતની માન્યતાને આકરતરો પડકાર ફેંકયો છે ! તો આ અંગે આપણા ગુરુજી મારફત જવાબ અપાવવો** જ જોઈએ " વગેરે

બધા શ્રાવકોએ આગેવાનોને ભેગા કરી બધી વાત કરી, આગેવાન શ્રાવકો " ગુરુમહારાજે કહ્યું છે તે બરાબર છે "-એમ કરી ભીડી વાળતા હતા. પણ જિજ્ઞાસુ કેટલાક શ્રાવકોએ કહ્યું કે-"એમ વાતને ટૂંકાવવાથી શો ફાયદો ! આપણા ગુરુજી કહે છે કે-તે સંવેગી નવો સાધુ છે, તે આગમમાં શું સમજે ? આ તો આગમની વાત છે ! પણ તે સંવેગી સાધુ તો શાસ્ત્રીય-પાઠો આપવા તૈયાર છે, તો સત્યનો નિર્ણય શાસ્ત્રાધારે થવો જોઈએ."

એટલે આગેવાનોએ કહ્યું કે-"આપણા ગુરુજી કહે છે તે બરાબર છે. આપણા ગુરુજી સામે આ સંવેગી નાના સાધુનું શું ગજું ? તે શું શાસ્ત્રોના પાઠો આપશે ? તમારે શાસ્ત્રોના પાઠો જોઈતા હોય કે સમજવા હોય તો ચાલો આપણા ગુરુજી પાસે ! તેઓ ધડાધડ અનેક શાસ્ત્રોના પાઠો આપશે.

એમ કહી તે બધા આ **શ્રી વિજયરાજેન્દ્રસૂરિ મ.** પાસે આવ્યા, બધી વાત કરી,

એટલે આચાર્યે મહારાજે જાહેર કર્યું કે–આવતી કાલે વ્યાખ્યાનમાં આ અંગે શાસ્ત્ર પાઠો સાથે વિસ્તારથી રજૂઆત થશે.

આ વાતના સમાચાર પૂજ્યશ્રીને પણ મળી ગયા. પૂજ્યશ્રીએ સમજુ-વિવેકી શ્રાવકોને કાગળ-પેન્સીલ લઈ ત્યાં સાંભળવા મોકલ્યા કે–તેઓ ક્યા કયા શાસ્ત્રો કે આગમોના પાઠ આપે છે! તે નોંધી લાવશો.

બીજા દિવસે હજારો માણસોની ભરચક સભામાં **આ શ્રી વિજયરાજેન્દ્રસૂરિજીએ** પોતાની વાતની રજુઆત કરી–તેના ટેકામાં શાસ્ત્રપાઠો પણ રજુ કર્યા.

પૂજ્યશ્રીએ પણ આખા **રતલામ** શહેરમાં શ્રી સંઘ તરફથી કરાયેલ જાહેરાત સાથે બીજે જ દિવસે સમ્યગ્દૃષ્ટિ દેવો અંગે શાસ્ત્રીય-માન્યતાઓના વિવેચન સાથે **'ધર્મમાં સહાયક તરીકે આવશ્યક ક્રિયાઓમાં તેમનું સ્મરણ વ્યાજબી છે'** એ વાત ઢગલાબંધ શાસ્ત્રના પ્રમાણોથી તેમજ વ્યવહારુ દૃષ્ટાંતો અને બુદ્ધિ-ગમ્ય તર્કોથી રજુ કરી.

શ્રોતાઓ તો સાંભળીને દંગ થઇ ગયા કે— **'હકીકતમાં સાચું શું!'** ગઈ કાલે આ. શ્રી **રાજેંદ્રસૂરિએ** શાસ્ત્રીયપાઠો પૂર્વક **આવશ્યક-ક્રિયાઓમાં કરાતી સમ્યગ્ દૃષ્ટિ દેવોનાં આરાધના અ-શાસ્ત્રીય છે'** એમ સાબિત કરેલ. આજે પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. શાસ્ત્રીય પાઠો, વ્યવહારૂ દાખલા અને દલીલોથી શાસનની ચાલી આવતી પરંપરાને યથાર્થ-સચોટ સાબિત કરી!

તટસ્થ-સમજુ અને વિવેકી મહાનુભાવોએ સત્ય તારવી લીધું, ચર્ચા-વિતંડાવાદના પગરણ કેટલાકોએ કર્યા. બંને પક્ષ તરફથી જાતજાતની વાતો વહેતી થઈ, પણ સમજુ વિચારક આત્માઓએ હકીકતને પારખી લઈ અજ્ઞાન-જન્ય વાદવિવાદ-શાસ્ત્રાર્થ આદિની ઘટમાલથી અલિપ્ત રહેવા પ્રયત્ન કર્યો.

આખા ચોમાસામાં સ્થાનકવાસી અને ત્રિસ્તુતિકમતવાળા તરફથી અનેક સમ-વિષમ. કડવા-મીઠાં પ્રસંગો અને ચર્ચા-વાદ વગેરેની ઘટનાઓથી વાતાવરણ ડોળાતું રહ્યું. પૂજ્યશ્રીએ સૈદ્ધાન્તિક બાબતને આગળ કરવા સિવાય જે તે ક્ષુદ્ર બાબતોને બહુ મહત્ત્વ જ ન આપ્યું.

ચોમાસું પુરું થયા પછી **રતલામની** આજુબાજુના ક્ષેત્રોમાં વિચરી જિનશાસનની તાત્ત્વિક ઓળખાણ સંવેગી સાધુઓના વિહારના અભાવે ન મળવાથી મુગ્ધ-જનતામાં શ્રી વીતરાગ-ભક્તિ, પ્રભુ પૂજા, વ્રત-નિયમ, પચ્ચકખાણ આદિ ધાર્મિક-પરંપરાઓ દૈનિક આચરણમાં વિસરાઈ ગયેલી તે બધી તાજી કરી, અનેક જિનમંદિરોના જીર્ણોદ્ધાર કરાવવા સાથે લોકોની ધાર્મિક-ભાવનાનો પણ જીર્ણોદ્ધાર કર્યો.



શ્રી સંઘના આગ્રહથી ફરીથી વિ. સં. ૧૯૩૦નું ચોમાસું પણ **રતલામમાં** કર્યું, લોકોમાં સ્થાનકવાસીઓ અને ત્રિસ્તુતિક મતવાળાઓના ચાલુ ઊહાપોહના કારણે ડગમગતી શ્રદ્ધાને સ્થિર કરવા ભગીરથ પ્રયત્ન કર્યો, ચોમાસા દરમ્યાન ઘણાં ધર્મકાર્યો થયાં, લોકોમાં ધર્મભાવના ખૂબ વધી, અનેક ત્રિપક્ષીઓએ પણ સત્યતત્ત્વની સમજુતી મેળવી આચારશુદ્ધિનું તત્ત્વ વિકસાવ્યું.

ચોમાસા પછી **જાવરા, મહીદપુર, આચરોદ** ત્રિસ્તુતિક મતવાળા તરફથી વાગાડંબર રૂપ ચર્ચાના પગરણ થયા, તેના પરિણામે પૂજ્યશ્રીએ ધીરતાપૂર્વક મંડનાત્મક શૈલિથી ઘણા ભવ્ય જીવોને માર્ગસ્થ બનાવ્યા. **મહીદપુરમાં** ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવની ઉજવણી પણ થઈ, આસપાસના ગામોમાં પૂજ્યશ્રીએ વિહાર કરી અજ્ઞાનદશાથી પોષેલી અને શિથિલાચારી યતિઓના વિચારના નામે આચાર–ઘર કરી ગયેલ સ્થાનકવાસી વગેરેના વિકૃત પ્રચારથી વધવા પામેલી અનેક અજ્ઞાનતાઓ દૂર કરી **ઉજ્જૈન–ઇંદોર** તરફ જવા વિચાર કરેલ, પણ **રતલામમાં** સનાતન **દંડીસ્વામી શ્રી નારાયણ દેવજી** અદ્વૈતવાદના ઝંડાને આગળ કરી શ્રી **શંકરાચાર્ય**ના ગ્રંથોના આધારે "**વૈદિક ધર્મ સિવાય બીજા ધર્મો કે સંપ્રદાયો હલાહલ ખોટા છે**" એવી ઝુંબેશ ઉપાડી, પોતાના પ્રવચનોમાં આવા કટાક્ષવાળા વિવેચનો કરવાની શરૂઆત કરી. **રતલામના** શ્રી સંઘે પૂ **શ્રી ઝવેરસાગરજી** મ. ને શાસનના ગૌરવની રક્ષા અર્થે પુનઃ **રતલામ** પધારવા આગ્રહ ભરી વિનંતી કરી પાછા લાવ્યા, અને પૂજ્યશ્રીએ પૂ. આ શ્રી **હરિભદ્રસૂરિ** મ. ના **ષડ્દર્શન સમુચ્ચય** ગ્રંથના આધારે સર્વ–દર્શનની સમીક્ષા રૂપ **શ્રી જૈનદર્શનની વિશેષતાઓ શી ?** એ વિષય પર છણાવટ સાથે વ્યાખ્યાનો શરૂ કર્યાં.

ધીમે ધીમે પેલા સંન્યાસીના કાને વાત પહોંચી તો પ્રથમ તો "एते तु जैनाः नास्तिकाः वेदबाह्याः । क एतेषामाश्वासः दर्शनप्ररूपणायां" (આ જૈનો તો વેદને નહીં માનનારા અને નાસ્તિક છે તેમની દર્શનિક બાબતોમાં શો વિશ્વાસ ?)

"न हि एतैः सह वार्त्ताकरणं सुष्ठु । एतेषामनीश्वरवादिनां मुखमपि न द्रष्टव्यमिति अस्माकं स्थितिः !" (આ લોકોની સાથે વાત કરવી પણ સારી નથી, ઈશ્વરને નહીં માનનારા આ લોકોનું તો મ્હોં પણ ન દેખાય એવી અમારી મર્યાદા છે)

આવા આવા અહંકારપૂર્ણ ઉપેક્ષા–વચનોની પૂજ્યશ્રીની વાતને ઉડાડી દેવા પ્રયત્ન કર્યો.

પૂજ્યશ્રી જરા પણ આવેશમાં આવ્યા વિના મૂળ વાતને પકડી રાખી **વૈદિક ધર્મની** કયી **ભૂમિકા છે ?** અને **જૈનધર્મની કેવી વિશેષતા છે ?** તે વાત દાખલા–દલીલોથી જોરશોર રજુ કરતા ગયા

પરિણામે સનાતનીઓમાંથી જાણકાર–જિજ્ઞાસુઓ પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ આવકાર પૂર્વક સત્યતત્ત્વની જે જિજ્ઞાસા હોય તે પૂછવા પ્રેરણા કરી.

પૂજ્યશ્રીએ આજ સુધી ખંડનશૈલિ અપનાવી ન હતી, જ્યારે સંન્યાસીએ તો છડે-ચોક શાંકર-વેદાંતની પરંપરાએ અદ્વૈતવાદને આગળ કરી બીજા બધાંને હડહડતા ખોટા કહી તિરસ્કૃત કરેલા. એટલે આવનારા જિજ્ઞાસુઓ પૂજ્યશ્રીની ગંભીરતાને પારખી પૂજ્યશ્રીને વિનંતી કરી કે-

"महाराज। हम इन शास्त्रोमें क्या समझे ? ये सब विद्वानों का काम हैं। किंतु हमारे संन्यासी महाराज जो कहते हैं उसके लिए आपका क्या मंतव्य है ? क्या सचमुच आप जैनधर्मी ईश्वरको नहीं मानते क्या ? और सनातन धर्मकीं बातो में और आपकी बातों में फर्क है ? हमतो इतना हीं जानना चाहते हैं !"

પૂજ્યશ્રીએ કહ્યું કે-" महानुभावो आप लोग भी व्यापारी हैं, हजारों का नफा-नुकशान समजनेकी हैसियत रखते हैं-सीधी-सादी बात होते हुए भी विचारोकी पकड के कारण लोगों के सामने विकृत करके रखने में क्या फायदा ? संन्यासी महाराज जो कहते हैं उसमें रहे हुअे सत्यको स्वीकारने में हमें कोई संकोच नहीं ! किंतु सत्य तो है तो हैं ! उसे अपनी बुद्धि के अनुरुप बनानेका दुष्प्रयत्न तो सत्यको विकृत बना देता है.

हम जैनधर्मी ईश्वरको पूर्ण रुपसे मानते हीं हैं ! देखो ! ये हजारों मंदिर लाखों-क्रोडोंकी लागतके जैनोंने ही बनवाये उनकीं पूजा आदि भी कितनी भाव-भगतिसे की जाती हैं ?

जैनी ईश्वरको नहीं मानते है ! यह कहना सरासर झूंठ हैं ! हां ! ईश्वरको मानते हुऐ भी उसके स्वरुपमें भेद हैं, अनंतगुण संपन्नअनंत-शक्तिशाली परमेश्वर-परमात्माको ईश्वरके रूपमें जैनी मानते हैं ! फिरभी ईश्वर पर जगत्कर्तृत्व जो दलीलोके सहारे रोपा गया है, उस पर जैनोंका विश्वास नही !

આટલું પૂજ્યશ્રીએ કહી જગત્કર્તૃત્વવાદનું ટુંકું નિરૂપણ કરી તેના ખુલાસાઓ રજુ કર્યા, જે સાંભળી આવેલ સનાતનધર્મી ખૂબ પ્રસન્ન થયા.

છેલ્લે જતાં એમ કહ્યું કે-' महाराज ! सनातन-धर्म और जैनधर्ममें खास फर्क क्या ? यह जानना जरुरी हैं-પૂજ્યશ્રીએ કહ્યું કે-महानुभावो ! यह चीज तो काफी लंबी-चौडी है, किंतु फिर भी संक्षेप में जैनधर्म त्याग-प्रधान एवं आचार-शुद्धि पर अधिक जोर देता है, जैनधर्म में कर्मवादका सिद्धान्त एवं स्याद्वाद-अनेकांतवाद और कठिन जीवनचर्या प्रधानरूपसे मुख्य है-

જિજ્ઞાસુભાવથી મુલાકાતે આવેલ સનાતનીઓ પૂજ્યશ્રીની શાંત-ઉદાત્ત પ્રવૃત્તિ નિહાળી ખૂબ જ સંતોષ પામી જૈનધર્મની વિશેષતાઓથી પ્રભાવિત બની સ્વસ્થાને ગયા.

સંન્યાસી મહારાજ પાસે જઈ જિજ્ઞાસુ ભાઈઓએ વાત કરી કે-" महाराज ! हम जैनी-धर्माचार्यके पास गये थे, उनकी बातोंसे उनकी उदात्त-प्रकृतिका परिचय पाया है, वे बडे मधुर-स्वभावके शांत प्रकृतिके महात्मा हैं, उन्होंने हमे जैनधर्मके बारेमें संक्षेपमें बहुत अच्छा समझाया-उनको सनातन धर्मके बारेमें भी काफी जानकारी है, तो हमारी नम्र अरज हैं कि-आप अपने प्रवचनमें अपनीं बात ढंगसे समझाइए, किंतु दूसरो पर कटाक्ष रूप एवं जैनधर्मके बारेमें आक्षेपात्मक बाते न कहें तो अच्छा। नाहक ही भोली-जनता धोखेमें पडतीं हैं और धर्मके नाम पर झमेला-बवंडर शायद उठ जाय, एसा हो तो हमारी शान्ति बिगडे !

સંન્યાસી મ. બોલ્યા કે-" અરે ! તુમ લોગ તો નિરે બોંદૂ હો ! તુમ લોગ ઉધર ગયે હીં ક્યોં ! ઐસે નાસ્તિકોંકા મુંહ દેખના હી પાપ હૈં ! તુમ ઉનકી ચિકની-ચપટી બાતોંકી લપટમેં આ ગયે ! ક્યા ધરા હૈ ઉન જૈનોંમેં ! જો લોગ ઈશ્વરકો નહીં માનતે હૈં ! મનમાની કરકે લોગોકો ધોખા દેતે હૈં, ઉન જૈન-સાધુઓંકી ઢગોંસલેમેં આપ કહાઁ ફસ ગયે આદિ સંન્યાસી મ.ના ખૂબ વદ્વા-તદ્વા પ્રલાપ સાંભળી જિજ્ઞાસુઓ છોભીલા પડયા.

પણ છેવટે સંન્યાસી મ.ને કહ્યું કે-" આપ યદિ ઠીક ઢંગસે બાત કરેં તો અચ્છા ! ઐસે ઉત્તેજક આવેશ-પ્રધાન શબ્દોંસે ક્યા ફાયદા ? આપ કોઈ દલીલેં બતાઓં તો હમ ઉનકો ઔર આપકો જાહિરમેં રુબરુ બિઠાકર સત્યતત્ત્વકા નિર્ણય કરવા દેં !

સંન્યાસી બોલ્યા કે-" તો ક્યા મેં ઘબડાતા થોડે હી હૂં ! બુલા લાઓં ઉનકો ! મૈ જાહિરમેં ઉનકી સારી પોલ ખોલ દૂંગા !

સનાતનીઓ વિચારમાં પડયા કે-આ સંન્યાસીજી ઉગ્રતા ભરી રીતે વાત કરે છે આમાં ચર્ચા-વિતંડાવાદનો કંઈ અર્થ નથી !

છેવટે મધ્યસ્થભાવવાળા તે સનાતનીઓ સંન્યાસી-મહાત્માને ધર્મની વાતો પણ જરા શાંતિ વિવેકથી રજુ કરવાનું કહી સ્વસ્થાને ગયા.

થોડા દિવસ પછી ફરીથી સંન્યાસી મહાત્માએ " જૈની નાસ્તિક હૈં " " જૈનોંકી સ્યાદ્વાદ કુતર્કવાદ હૈં ' જૈનોંકે સિદ્ધાંત વિના ઢંગધડેકે હૈં " એ બકવાદના ઉચ્ચારણો કર્યા, પરિણામે પૂજ્યશ્રીએ જૈન આગેવાન શ્રાવકોને, લેખિત પ્રમાણો વેદ, પુરાણ, અને ઉપનિષદોના આપી સનાતનીઓની માન્યતા કેવી ભ્રામક છે ? તે દર્શાવવા સાથે જૈનધર્મ અને તેના સ્યાદ્વાદમતની ગંભીરતા, માર્મિક દલીલો સાથેનું લખાણ તૈયાર કરી સન્યાસી મહાત્માને મોકલ્યું અને આનો જવાબ માંગ્યો, જરૂર પડે તો જાહેરમાં આ અંગે શાસ્ત્રાર્થની તૈયારી પણ બતાવી.

સંન્યાસી-મહાત્મા તો ઉછાંછલીયા વિદ્વાન અને માત્ર આડંબરી-જ્ઞાનના કારણે સત્ય વાત સાંભળવાની તૈયારી ન હોવાથી સારાસારનો વિચાર કરવાના વિવેકના અભાવે ધમધમાટ સાથે ઉશ્કેરાટમાં આવી ગયા. અને વદ્વા-તદ્વા પ્રલાપ કરવા લાગ્યા.

જૈન આગેવાનોએ ઠંડકથી વાત કરતાં જણાવ્યું કે-" આપ તો જ્ઞાની હૈં ! જ્ઞાનીકી બાતોંમે હમ ક્યા સમજેં ! કિંતુ લોગોંમેં બડી ચર્ચા હો રહી હૈં, હમારે ગુરુજી ઔર આપ બૈઠકર સત્ય બાત તય કર લોગોંકે સામને રખેં તો અચ્છા ! "

જૈન આગેવાનોએ વધારામાં કહ્યું કે-" ન્હાના-ધોના તો ગૃહસ્થીયોંકા કામ હૈ ! આપ લોગ તો શુદ્ધ, બ્રહ્મચારી ! આપકે શરીરમેં ગંદગી કૈસે હો ! ઔર યે સબ બાતેંભી રુબરુ બૈઠકર પરામર્શ કર લેં કિ-નાસ્તિક કિસ કહતેં હૈ ?

देखिये ! हम ये सारे वेद पुराण–उपनिषद आदिके प्रमाण हमारे गुरुजीके दिए हुए लेकर आए हैं ! हम क्या समझें इनमें ! आप और हमारे गुरुजी बैठकर कोई निर्णय करें तो अच्छा ! फालतू अनपढ–ढोरोंके सामने भैंस आगे भागवतकी ज्यों ये शास्त्रकी बातें करने से क्या फायदा !

સંન્યાસી મહાત્મા ચિડાઈ ને ઉઠીને ચાલતા થયા, જૈન આગેવાનોએ પેલા પાઠોના કાગળ સનાતનીઓના આગેવાનોને આપ્યો. અને વધુમાં કહ્યું કે–" इस तरह एक–दूसरोंको उतारने की यह नीति ठीक नहीं ! आप लोग महात्माजीको समझावें ! देखो ! हमारे गुरुजीने वेद, पुराण एवं उपनिषदोंके ढेरों प्रमाण निकाल रक्खे हैं, उसमें के कुछ आपको प्रस्तुत किये हैं, ढंगसे बातचीत हो तो सत्यतत्वका परिचय आम–जनताको भी प्राप्त हो !' કહી જૈન આગેવાનો સ્વસ્થાને આવ્યા.

સનાતની–આગેવાનોએ પેલા શાસ્ત્ર પાઠોનો કાગળ બતાવી સંન્યાસી મહાત્માને પ્રવચન–શૈલિમાં સુધારો કરવાની વિનંતી કરી, પણ ઉત્તર પ્રદેશના અડબંગ–શાસ્ત્રી જેવા સંન્યાસીએ તો વધુ ઉત્તેજિત બની જૈન ધર્મ અને તેની માન્યતા વિષે વધુ આક્ષેપો કર્યા.

પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. શ્રી સંઘના આગેવાનોને બોલાવી **" સીધી આંગલીએ ઘી ન નિકળે "** કહેવતના આધારે **" વાંકે લાકડે વાંકો વહેર "**ની વ્યવહારૂ નીતિ અપનાવી જિનશાસનની થઈ રહેલ લઘુતા અટકાવવા યોગ્ય પ્રયત્ન કરવા પોતાની તૈયારી દર્શાવી.

જૈનસંઘના આગેવાનોએ પણ વસ્તુસ્થિતિનો અભ્યાસ કરી યોગ્ય કરવા વિનંતિ કરી વધુમાં જણાવ્યું કે–" बापजी ! आपकी आज्ञा हमें शिरोधार्य है ! किंतु आप तो चातुर्मास करके पधार जाओ ! हमें तो यहीं रहना है ! रातदिन सनातन लोगोंके साथ व्यवहार करना पडता है, अतः उपाय और है ! उसे हम अजमा लें फिर यदि मामला न बैठा तो जैसा आप कहेंगे वैसा करनेको श्री संघ तैयार है ! "

પૂજ્યશ્રીએ કહ્યું કે– " आखिर आप लोग गृहस्थी हैं। संसारकी मोह–माया छूटी नहीं। अतः हमारे ज्यों आप धर्म और शासनको प्राथमिकता नहीं दे सकते। खैर! जैसी आप लोगों की अनुकूलता। आप भी व्यवहारकुशल हैं ही। साथ ही धर्म–शासनकी निष्ठा–भक्ति आपके दिल में भी है। आप लोग भले ही एक बार क्या। जब तक आपको कोई ऐसा मध्यम मार्ग मिल जाय तो अपनेको नाहक बखेडा थोडे ही करना है।

जाईये ! खुशिसे ! आप जो भी व्यवहारू तरीका अजमाना चाहें उसे शीघ्र–अमलमें लाईए। बिलाबज हो रही अपभ्राजना को रोकने में ढील करना ठीक नहीं। बस।"

શ્રીસંઘના આગેવાનોએ પૂજ્યશ્રી પાસે જ્ઞાનપૂજા કરી, વાસક્ષેપ નંખાવી, શાસન પર આવી રહેલા આક્રમણને ખાળવા સમર્થતા મળે તેવા આશયથી મંગલ–આશીર્વાદ મેળવ્યો.

શ્રીસંઘના આગેવાનોએ સંન્યાસી તો ઉગ્રસ્વભાવના અને પકડવાળા હોઈ તેમને સમજાવવાનો અર્થ નહી એમ ધારી બન્નેમાં એક જણાએ ગામમાં અગ્રગણ્ય શ્રીમંત વ્યવહાર–ચતુર સનાતની

આગેવાનોને તાકીદનું તેડું મોકલી આમંત્ર્યા, યોગ્ય સત્કાર-વિધિ થયા પછી જૈન-આગેવાનોએ અથ થી ઇતિ સુધી બધી વાત કરી, પૂ. સંન્યાસી મહાત્મા અમારે માનનીય છે! તેઓ ધર્મગુરૂ છે, પણ પોતાની મર્યાદામાં રહી યોગ્ય રીતે પ્રવચનો કરે તો સારૂં! એ મતલબની વાત રજુ કરી.

આમંત્રિત સનાતની-આગેવાનો પણ સમજુ, ડાહ્યા અને સમયચતુર હોઈ તેમજ સંન્યાસી મહાત્માની કઠોરભાષા, ખંડનશૈલિ અને ઉગ્રતાભરી પ્રવચન-શૈલિથી પરિચિત હોઇ જૈન-આગેવાનોની વાત પર ગંભીરપણે વિચારણા કરી કહ્યું કે-

"आप लोगों की बात ख्यालमें आई। धर्म और शास्त्रकी जातें तो बडी गहन है। और अपने जैसे संसारी मोहमाया के जीव इन बातों को क्या समज सके? अच्छा तो यह है कि दोनों धर्मगुरू साथ बैठकर अपने विचारोंका आदान-प्रदान कर लें और दोनों की संमति से जो सही बात तय हो, वह जनता को बताई जाय। बाकी आक्षेपात्मक नीति-वाद-विवाद और चर्चा से आम जनता के पल्ले क्या पडे?

हम इसके लिए पूरी कोशिश कर परिस्थितिको सुलझानेका भरचक प्रयत्न करेंगे!

हम कल शामतक आपको समाचार पहुचायेंगे જૈન આગેવાનોએ આ મધ્યમમાર્ગથી શાંતિ થતી હોય તો સારૂં! એમ ધારી પૂજ્યશ્રીને પણ સમાચાર જણાવી થોડી અવસર-પ્રતીક્ષા માટે વિનંતિ કરી.

સનાતની-આગેવાનોએ પણ સંન્યાસી-મહાત્માને ફરીથી શાંતિથી બધી વાત સમજાવી અને હવે જો પ્રવચન-શૈલિ નહીં બદલો તો અહીં ભારે વિસ્ફોટ-અશાંતિ થશે વગેરે મતલબનું કહ્યું, પણ સંન્યાસી તો જડભરતની જેમ પોતાની વાતને વળગી રહ્યા, વધુમાં આગેવાનોની ભર્ત્સના કરી કે 'क्या तुम लोग बनियोंके गुरू की बातों में आकर सनातन-धर्मकी महिमा बढानेवाले हम पर रोफ लगाने आये! चलो! हटो यहाँ से! हम कोई ऐसी बातोंसे दबनेवाले नहीं!" આદિ

સનાતની આગેવાનોએ ઘણા કાલાવાલા કરી ખંડનશૈલિના બદલે સનાતનધર્મના તત્ત્વો અને તેનો મહિમા, મંડનશૈલિથી વર્ણવવા માટે વિનંતિ કરી, પણ પત્થર પર પાણીની જેમ સંન્યાસી-મહાત્મા પર સનાતની આગેવાનોની વાતની કોઈ અસર ન થઈ.

વાત થયા મુજબ સનાતની-આગેવાનોએ જૈનસંઘના આગેવાનોને બીજા દિવસે બપોરે કહેવડાવી દીધું કે— "हमने काफी कोशिश की! किंतु कोई सारांश नहीं निकला! क्या करें? कालकी गति विचित्र है!" આદિ

જૈન શ્રીસંઘના આગેવાનોએ આ સમાચાર પૂજ્યશ્રીને જણાવ્યા એટલે પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાનોને કહ્યું કે-

"अब ढीली नीति कायरता बतायेगी अपने को लडना नहीं. अपनेको तो जनताके सामने सत्य रखना ही

पडेगा । थोडासा उग्र-स्वरूप दिखाये बिना ये शब्दपंडितोंकी अक्ल ठिकाने नही आयगी ? जरा सी चिमकी तो देनी ही पडेगी ।

देखो ! दो-चार दिन एक पत्रिका छपवाकर प्रचार करो कि चांदनीचौक में जैनधर्माचार्यश्रीका जाहिर प्रवचन "सनातन धर्म क्या है ?" इस विषय पर होगा:

बस ! फिर अपने को कोई आक्षेप या कटुभाषा नहीं वापरना है. किंतु शब्दकी आडमे इन शब्दपंकितोंने जो तांडव मचाया है, उसे खोखला करना होगा"-गभराओ मत । जब रोग बहुत बढ जाता है तो इलाज भी जल्लाद करना होता है

શ્રીસંઘના આગેવાનોએ પૂજ્યશ્રીની વાત મંજુર રાખી મોટા અક્ષરે પત્રિકા છપાવી કોક તહેવારના દિવસે બજારો બધા બંધ હતા તેવા દિવસે ચાંદનીચોકમાં જાહેર વ્યાખ્યાન રાખ્યું, ખૂબ પ્રચાર કર્યો, લોકોમાં જિજ્ઞાસા પણ વધી કે જૈનધર્મગુરૂ **સનાતનધર્મકા રહસ્ય** વિષયપર જાહેરમાં બોલશે ? આ શું ?

સંન્યાસી-મહાત્માની કડવી ભાષા, આક્ષેપાત્મક નીતિથી જનતાનો મોટો ભાગ ઉભગી ગયેલ તે બધા સત્ય જિજ્ઞાસા ધરાવી વ્યાખ્યાન માટે નક્કી થયેલ દિવસની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યા.

પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાનોને કહી બધાને એક વાતની જાણ કરાવેલ કે-જાહેરમાં બેસી જૈન ધર્મનું ગૌરવ વધારવા માટે આ વ્યાખ્યાન છે, તેથી કોઈએ પણ પૂરી વાત સમજ્યા વિના મારા આશયને પૂરો સમજ્યા વિના જાહેરમાં કંઈપણ બોલવું નહીં ! જે પૂછવું હોય તે મને મળીને ખુલાસો કરી શકે છે.

બીજી વાત-સનાતનીઓ તરફથી ગમે તે પ્રશ્ન આવે તેઓ ગમે તે રીતે બોલે તો તમારે કોઈએ માઠું લગાડવું નહિ, તે બધાનો ખુલાસો હું કરીશ. તમારે અંદરોઅંદર જીભાજોડીમાં ન ઉતરવું."

આ બે બાબતો પર આખા સંઘમાં બધાનું ધ્યાન ખાસ કેંદ્રિત કરવામાં આવ્યું.

નિયત કરેલા દિવસે નિયત સમયે પૂજ્યશ્રી સેંકડો શ્રીસંઘના ભાઈબહેનો સાથે **ચાંદની-ચોકમાં** પધાર્યા ત્યાં તો જૈનેતર જનતા પ્રથમથી જ જગ્યાની પડાપડી કરતી કીડીયારાની જેમ ઉભરાઈ રહી હતી.

પૂજ્યશ્રીએ મંગલાચરણ કરી બાલબોધ્ય શૈલિથી સનાતન અને ધર્મ આ બે શબ્દનો અર્થ સમજાવી તત્ત્વજ્ઞાન હકીકતમાં ભારતીય દર્શનોમાં એક સરખું છે. માત્ર તેની વિવેચનાની પદ્ધતિ અને નિરૂપણના પ્રકારમાં તફાવત છે એ વાતને ખૂબ સ્પષ્ટ કરી "**સનાતન ધર્મ** શબ્દથી કોઈ એક સંપ્રદાયને સંબોધી ન શકાય." આ વાતનો ઘટસ્ફોટ **અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ,**

માર્કંડેયપુરાણ, યાજ્ઞવલ્કયસ્મૃતિ, છાંદોગ્ય ઉપનિષદ, કઠોપનિષદ, મુંડકોપનિષદ અને વેદોના કેટલાક મંત્રો અને આગમોના પ્રમાણો ટાંકી **સનાતન ધર્મ** એટલે શું ? તે સ્પષ્ટ કર્યું.

પછી તેના રહસ્યમાં આત્મા–પરમાત્મા, સંસાર જન્મ–મરણ આદિ તત્ત્વોની મૌલિક છણાવટ સાથે ખરેખર **આસ્તિક** કોણ ? (એ વ્યાખ્યાની સમજુતિમાં તે દિવસનું પ્રવચન પૂરું થયું.

કર્યાંય ખંડનની વાત નહીં અને સનાતનીઓએ માન્ય રાખેલ પુરાણો, ઉપનિષદો અને વેદોની **ઋચાઓ**નાં આધારે સનાતન ધર્મનું કેવું નિરૂપણ જૈનધર્મગુરૂએ કર્યું ? તે સાંભળી આ–બાલ–ગોપાલ સહુ ખૂબ પ્રસન્ન થયા.

લોકોએ માંગણી મૂકી કે महाराज! यह चीज तो आज हमने नई सुनी। बडा मजा आया। कृपा करो! आपकी वाणी सुनने का फिर मोका दो।

એટલે પૂજ્યશ્રીની સૂચનાથી જૈન આગેવાનોએ ફરીથી આજ વિષય પર પૂજ્યશ્રીનું પ્રવચન અહીં જ થશે" એવી જાહેરાત કરી.

રોજ અમુક વિષયોનું ઉપસ્થાપન પૂજ્યશ્રી એવી અજબ છટાથી કરતા કે સમય પૂરો થઈ જાય અને વિષય અધુરો રહે એટલે લોકો ફરી માંગણી મુકે અને ફરી વ્યાખ્યાન ચાલુ રહે.

આમ કરતાં આઠ દિવસ નિકળી ગયા.

સંન્યાસી મહાત્માના પ્રવચનનો સમય સવારનો એટલે ત્યાં તો સભા વિખેરાઈ ગઈ, બધા પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં પડાપડી કરી જગ્યા ન મળે તો સાંકડમાં પણ મજેથી બેસતા.

એકંદરે લોકોમાં જૈનધર્મના ગુણગાન થવા માંડયા. સંન્યાસી–મહાત્માએ પોતાના પ્રવચનમાં આ અંગે બબાળા ઘણા કાઢયા, પણ ધર્મપ્રેમી જનતા તો તેમને અંધશ્રદ્ધાળુ ગણી ગુણાનુરાગી પૂજ્યશ્રીની ધર્મદેશના ખૂબ ઉત્કંઠાથી સાંભળવા લાગી.

રતલામનો જૈન શ્રીસંઘ પણ પૂજ્યશ્રીની અગાધ વિદ્વત્તા અને વ્યવહાર કુશળતા નિહાળી દંગ બની ગયો.

પૂજ્યશ્રીએ પણ સંન્યાસી–મહાત્માને સીધી રીતે સમજાવવાના કે શાસ્ત્રાર્થ કરવાના પ્રયાસમાં નિષ્ફળતા મળી, તેમા કંઈ ગૂઢ સંકેત ધારી જનતાને સરળ રીતે જૈન–ધર્મની વિશિષ્ટતાઓ જાણવા મળી અને પરિણામે શાસનનો જયજયકાર થયો, તેમાં શાસનદેવની વરદ પ્રેરણા સમજી આત્મ–સંતોષ અનુભવ્યો.

આ રીતે વિ. સં. ૧૯૩૦નું ચોમાસુ બીજા પણ અનેક શાસનપ્રભાવનાનાં કાર્યો સાથે પૂરું થયું.

ચાતુર્માસ-સમાપ્તિના લગભગ ગાળે **ઇંદોર** શ્રીસંઘના આગેવાનો પૂજ્યશ્રીએ ઉગ્રસ્વભાવી સંન્યાસી મહાત્મા સામે સમયસૂચકતા વાપરી અપૂર્વ શાસન-પ્રભાવના કર્યાના સમાચાર જાણી **ઇંદોર** પધારવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી.

પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાના આધારે આવવા વિચારીશું કહી **ઇંદોર** શ્રીસંઘને રાજી કર્યો.

ચાતુર્માસ પુરૂ થયેથી **સેમલીયાજી**તીર્થની યાત્રાએ લઈ જવાનો ભાવ સંઘમાં થવાથી **શ્રી ગણેશમલજી મૂથા** એ ચતુર્વિધ-શ્રીસંઘને યાત્રા કરાવવાનો લાભ પોતાને મળે તેવી **મંગળ** ભાવના શ્રીસંઘ સામે વ્યક્ત કરી આદેશ માંગ્યો પૂજ્યશ્રીની સંમતિથી શ્રીસંઘે તિલક કરી સંઘપતિ તરીકે બહુમાન કર્યું.

કા. વ. ૧૦ ના મંગળ દિવસે સેંકડો ભાઈ-બહેનો સાથે પૂજ્યશ્રીએ **સેમલીયા**-શ્રીસંઘનું મંગલ પ્રસ્થાન કર્યું, ત્રીજા દિવસે સવારે **સેમલીયાજી** પહોંચી ખૂબ ઠાઠથી ભાવોલ્લાસ સાથે દેવદર્શન, પૂજામહોત્સવ, વ્યાખ્યાનશ્રવણ આદિ મંગલ ધર્મક્રિયાઓથી શ્રીસંઘના દરેક ભાઈ-બહેનોએ જીવનની ધન્યતા અનુભવી.

પૂજ્યશ્રી ત્યાંથી **જાવરા, આલોટ** થઈ **મહીદપુર** પધાર્યા. ત્યાં ત્રિસ્તુતિક-મતના શ્રાવકોએ કેટલાક વિકૃત શાસ્ત્રપાઠો મગજમાં રાખી ચાલુ વ્યાખ્યાને પ્રશ્નો કરી પૂજ્યશ્રીની પ્રતિભાને ગૂંચવવા પ્રયત્ન કરેલ, પણ અજબ ધીરતા કુશળતાવાળા પૂજ્યશ્રીએ સ્વસ્થતાથી તર્કબદ્ધ બધાના ખુલાસા આપી વિરોધી-માનસને શાંત કર્યું.

મહીદપુરથી મક્ષીજી તીર્થની યાત્રા શ્રીસંઘ સાથે કરાવવાની ઈચ્છા **શેઠ મંગળચંદજી સોનીના** વિધવા પત્ની **શ્રી જડાવબહેનને** ઘણા વખતથી અપૂર્ણ રહી હતી. તે પૂજ્યશ્રીની નિશ્રાએ માગ. વદ ૩ ના મંગળ દિને ૭૦૦ આરાધક ભાઈ-બહેનો સાથે ભવ્ય સુંદર જિનમંદિરનો રથ અને વિવિધ મંગલ-સામગ્રી સાથે ચાર મુકામ વચ્ચે કરી માગ. વદ ૭ સવારે મંગલવેળાએ **મક્ષીતીર્થે** પ્રવેશ કર્યો.

ખૂબ ઉલ્લાસ સાથે પૂજ્યશ્રીની નિશ્રામાં સકળ-શ્રીસંઘે દર્શન, ચૈત્યવંદન કરી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા, સ્નાત્રપૂજા અને પંચકલ્યાણક પૂજા ભણાવી બહુ ધર્મોલ્લાસ અનુભવ્યો.

વદ ૮ સવારે વ્યાખ્યાનમાં માળારોપણ વિધિ થઈ, તે જ વ્યાખ્યાનમાં પ્રભુ પુરૂષાદાણીય

શ્રી પાર્શ્વનાથ પરમાત્માના જન્મ-દીક્ષા કલ્યાણકની આરાધના નિમિત્તે પૌષદશમીની આરાધના અઠ્ઠમની અગર ત્રણ દિવસના વિધિના એકાસણાંની પ્રેરણા આપી.

જેથી ૩૫૦ની સંખ્યામાં અઠ્ઠમવાળા તપસ્વીઓના સાંજે ઉત્તરપારણાં સંઘવી તરફથી થયાં.

વદ ૯-૧૦-૧૧ ત્રણ દિવસ સામૂહિક-સ્નાત્ર અને શ્રી અરિહંત-પરમાત્માની અપૂર્વ ભક્તિ ઉલ્લાસવાળો સ્નાત્ર મહોત્સવ અને પૌષદશમીની આરાધનાની વિધિ સામૂહિક રૂપે થઈ.

ત્રણે દિવસ પુણ્યવાનોએ કલ્યાણક નિમિત્તે ૨૦ માળાનો જાપ પણ કર્યો.

૫૦ થી ૬૦ પુણ્યાત્માઓએ સાકરનું પાણી, ખીર અને ચાલુ એકાસણું ત્રણે દિવસ હામ ચોવિહાર સાથે કલ્યાણકના જાપ પૂર્વક મંગલ આરાધના કરી.

વદ ૧૦ના દિવસે આસપાસના ગામોમાંથી મેળા તરીકે હજારો માણસ આવેલું, પ્રભુજીની રથયાત્રા ખૂબ ઠાઠથી નિકળેલ, વદ-૧૦ અને ૧૧ બંને દિવસ સાધર્મિક વાત્સલ્ય પણ શ્રીસંઘ તરફથી થયેલ, વદ ૧૨ના દિવસે **જેઠાભાઈ લહેરચંદ ગોખરૂ** તરફથી તપસ્વીઓના પારણાં થયાં. કંકુનું તિલક કરી શ્રીફળ-રૂપિયાથી તપસ્વીઓનું બહુમાન પણ થયું.

તીર્થયાત્રા પ્રસંગે મેળામાં આવેલ **ઇંદોર, ઉજ્જૈન. આગર, વડનગર** આદિ શ્રીસંઘોની વિનંતી પૂજ્યશ્રીને પોતાના ક્ષેત્રને લાભ આપવા થયેલ. પૂજ્યશ્રીએ યોગ્ય લાભની અપેક્ષાએ **ઉજ્જૈન** થઈ **ઇંદોર** તરફ વિચરવા ભાવના દર્શાવી.

પૂજ્યશ્રીએ વદ ૧૩ ઉજ્જૈન તરફ વિહાર કર્યો. વચ્ચે એક ગામે સ્થાનકવાસી સાધુઓ ઉતરેલા મકાનમાં જ ઉતરવું પડ્યું-ત્યાં પેલા સ્થાનકવાસી મુનિઓએ વ્યાખ્યાનમાં સ્થાપનાનિક્ષેપાની અસારતા અને "**હિંસામા ધર્મ નહીં**" વગેરે વાતો મુકેલ પૂજ્યશ્રીએ વ્યાખ્યાન પુરૂ થયું કે તુર્ત પોતે ટૂંકમાં પણ જબ્બાતોડ શાસ્ત્રપાઠો અને દલીલોથી સ્થાનકવાસી-મુનિઓની વાતનો છેદ ઉડાડી દીધો.

ઉપસ્થિત જૈન-જૈનેતર જનતા ખૂબ પ્રભાવિત બની પૂજ્યશ્રીને બીજે દિવસે આગ્રહપૂર્વક રોકી જાહેર વ્યાખ્યાન કરાવ્યું.

ત્યારબાદ પો. સુ. ૩ના મંગળદિને **ઉજ્જૈન** પધાર્યા, ત્યાં સ્થાનકવાસીઓનું ખૂબ જોર-આપણા જિનાલયો સાવ વેરવિખેર અને ખંડેર જેવી સ્થિતિમાં થયેલ, સંવેગી પરંપરાના સાધુઓના સંપર્કના અભાવે અને શિથિલાચારી સાધુઓની વિષમ-પ્રવૃત્તિઓથી મુગ્ધજનતાને ઉભગાવી ઢુંઢકોએ જબ્બર પગપેસારો કરેલ.

પૂજ્યશ્રી જ્યાં ઉતર્યા હતા, ત્યાં પાસેના જિનાલયના બહારના પ્રેક્ષામંડપમાં સ્થાનકવાસી શ્રાવકો રાત્રે સૂઈ જતા, દિવસે અનાજ સૂકવતા. કયારેક તેમના સાધુઓને પણ ત્યાં ઉતારતા. પૂજ્યશ્રીએ આપણા શ્રીસંઘનું ધ્યાન ખેંચ્યું તો જાણવા મળ્યું કે તે મંદિર તેમની જ્ઞાતિનું બંધાવેલ હોઈ તેમના વહીવટ તળે છે એટલે અમે કંઈ ન કરી શકીએ.

એટલે પૂજ્યશ્રીએ તે જ્ઞાતિના આગેવાન ડાહ્યા શ્રાવકોને બોલાવી–'ભલે તમે મંદિરને ન માનો! પણ એ ધર્મસ્થાન છે એ વાત તો માનો છો ને! તમારા જ્ઞાતિભાઈ ઓનું બનાવેલ એ ધર્મ સ્થાનક તમે સાચવો છો તો ધર્મની રીત–મર્યાદાઓને ધ્યાનમાં રાખો, આ કંઈ સંસારી–ગૃહસ્થીનું મકાન તો નથી જ ને! તમે ત્યાં અનાજ કે કપડાં સૂકવો, સૂવા–બેસવામાં વાપરો આ બધું દોષરૂપ નથી શું? એ મતલબનું સમજાવી, યોગ્ય દાખલા–દૃષ્ટાંતોથી આગેવાનોના માનસ–કૂણાં કરી દેરાસરની તે આશાતના દૂર કરાવી.

ઉજ્જૈનમાં છોગમલજી, ઘાંસીલાલજી આદિ સ્થાનકવાસી અગ્રગણ્ય વયોવૃદ્ધ સાધુઓ તે વખતે હતા. જેઓ શાસ્ત્રપાઠો બધા કંઠાગ્ર રાખી વિવિધ દૃષ્ટાંતોના માધ્યમથી મુગ્ધ જનતાને જિનશાસનની ચાલુ પરંપરાથી દૂર ખસેડવાનું કામ કરતા હતા.

પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં આર્દ્રકુમાર, દ્રૌપદી, **શય્યંભવ** ભટ્ટની દીક્ષા આદિ પ્રસંગો ઉપસાવી મૂર્તિપૂજની પ્રામાણિકતા સંબંધી વાતાવરણમાં ઉહાપોહ જગાવ્યો.

જેથી સ્થાનકવાસી સાધુઓ છંછેડાણા, શ્રી જ્ઞાતાસૂત્ર, શ્રી ઉપાશકદશા, શ્રી અંતગ સૂત્રોના પાઠો આગળ ધરી મૂર્તિપૂજા એ તો અવિરતિનું કર્તવ્ય છે. શ્રાવકોનું કર્તવ્ય કયાં છે? એમ કરી મૂર્તિપૂજની પ્રામાણિકતાના અર્ધા સ્વીકારમાં આવી, તે કર્તવ્ય કોનું? એ પ્રશ્ન તરફ પૂજ્યશ્રીને વાતની રજુઆતની સરળતા કરી આપી.

અનેકાનેક શાસ્ત્રપાઠોથી પૂજ્યશ્રીએ "**પ્રભુપૂજા તે શ્રાવકોનું પરમ કર્તવ્ય છે. સર્વવિરતિ મેળવવા માટેનું પ્રધાન સાધન છે.**" તે વાત છડે ચોક જાહેર કરી.

પરિણામે કેટલાય ભાવુક પુણ્યાત્માઓ સંવેગી પરંપરાના અનુયાયી બનવા સૌભાગ્યશાલી થયા.

માસકલ્પની સ્થિરતા કરી **ઈંદોર** ફાગણ ચોમાસી પધાર્યા, ત્યાં સંવેગી પરંપરાના મુનિઓના વિરલ આગમનથી ઝાંખી પડેલ ધર્મ–છાયાને વ્યાખ્યાન વાણીથી પ્રભાવશાલી બનાવી અનેક ધર્મપિપાસુ લોકોને સન્માર્ગાભિમુખ બનાવ્યા.

ત્રિસ્તુતિક–મતવાળા કેટલાક આગ્રહી લોકોએ નાહક ચર્ચાનું નાટક ઉભું કર્યું, પૂજ્યશ્રીએ જાહેરમાં શાસ્ત્રપાઠ સાથે ચર્ચા કરવાનું કબુલ્યું, પણ કોઈ આગળ ન આવ્યું.

ઈંદોર શ્રીસંઘે ચૈત્રી ઓળી માટે સ્થિરતા સાથે ચાતુર્માસની આગ્રહભરી વિનંતી કરી

પૂજ્યશ્રીએ ક્ષેત્ર-સ્પર્શના આધારે ચોક્કસ જવાબ ન આપ્યો, પણ ચૈત્રી ઓળી દરમ્યાન **રતલામ** શ્રીસંઘના અગ્રગણ્ય આઠ-દશ આગેવાનો આવ્યા અને પૂજ્યશ્રીને વાત કરી કે " ઉજ્જૈનમાં જે **છોગમલજી-ધાસીલાલજી** સ્થાનકવાસી સાધુઓ સાથે આપને ચર્ચા થઈ-તેના છાંટા **રતલામમાં** ઉડ્યા છે. **છોગમલજી રતલામ** આવ્યા છે. તેઓએ પોતાના ગુરૂ **ગણેશીલાલજી**ને બધી વાત કરી એટલે **ગણેશીલાલજી**એ સ્થાનકવાસી-સંઘને ભેગો કરી મૂર્તિપૂજનની અશાસ્ત્રીયતા ઉપર જાહેર વ્યાખ્યાન કરી વાતાવરણ ડહોળી નાંખ્યું છે. હવે ગમે તેમ કરી મહેરબાની કરો ! આપ તુર્ત પધારો ! શાસનની વિજયપતાકા ફરકાવો ! " આદિ ભાવાર્થની વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ પરિસ્થિતિનો કયાસ કાઢી **ઈંદોર** શ્રીસંઘના અગ્રગણ્ય શ્રાવકોને બોલાવી બધી વાત કરી ચૈત્રી-પૂનમ પછી તુર્ત વિહારની વાત નક્કી કરી. **રતલામ** શ્રી સંઘને ચૈત્રી-ઓળી પછી તુર્ત રતલામ તરફ વિહારનું આશ્વાસન આપ્યું.

ઈંદોરના શ્રીસંઘે ચોમાસા માટે ખૂબ આગ્રહ કરેલ, પણ પૂજ્યશ્રીએ કહ્યું કે શાસન પર જે આક્રમણો આવે તે સંબંધી વિચારણા પ્રથમ કરવી આવશ્યક છે. એટલે વૈશાખ મહિને તો **રતલામ** પહોંચીશ પછી ચોમાસા માટે શકયતા ઓછી ગણાય, છતાં ધ્યાનમાં છે. પૂજ્યશ્રીએ **ઈંદોરથી** વિહાર વખતે **મક્ષીજી**માં **વડનગર** સંઘને કરેલ વાત પ્રમાણે બે-ચાર દિવસની સ્થિરતાનો કાર્યક્રમ ગોઠવી **વડનગર** તરફ વિહાર કર્યો.

વડનગરમાં **રતલામ** શહેરમાં સનાતની-સંન્યાસી મહાત્મા સાથે પૂજ્યશ્રીના થયેલ પ્રસંગથી પ્રભાવિત થયેલ જૈનેતર લોકોએ જાહેર વ્યાખ્યાનનો ખૂબ લાભ લીધો, તેરાપંથીના શ્રાવકોએ દાન-દયાના પોતાના વિચારો પૂજ્યશ્રીની પ્રતિભાને ઝાંખી પાડવા રૂપાંતરથી જાહેરમાં પૂછવા રૂપે વ્યક્ત કરવાનું દુસ્સાહસ કરેલ, પણ અનુકંપાદાનની માર્મિકતા અને સુપાત્રદાનની વિશિષ્ટતાના વર્ણન સાથે દાન-ધર્મની તાત્ત્વિક વાતોની રજુઆતથી તેરાપંથી શ્રાવકો પણ પૂજ્યશ્રી આગળ હતપ્રભ બની ગયા.

પછી વૈશાખ સુ. ૭ લગભગ પૂજ્યશ્રી **રતલામ** પધાર્યા : સ્થાનકવાસી-શ્રીસંઘને શ્રાવકો મારફત કહેવરાવ્યું કે-" હું આવી ગયો છું. **છોગમલજી** મ. ને મૂર્તિપૂજા સંબંધમાં જે કહેવું હોય તે રજુ કરે હું તેના ખુલાસા રજુ કરવા તૈયાર છું.

ગણેશીલાલજી એ કહેવડાવ્યું કે-" જાહેર સ્થળમાં બેસી આપણે વિચારણા કરીએ ! શાસ્ત્રપાઠોની રજુઆત થાય તો નિવેડો જલ્દી આવશે " એ મુજબની વાતચીતથી સનાતનીઓની જ્ઞાતિની વાડીમાં પૂજ્યશ્રી પોતાના શ્રાવકો સાથે સ્થાનકવાસી સાધુઓ પોતાના શ્રાવકો સાથે જ્યાં આવેલા હતા ત્યાં પધાર્યા.

ત્રણથી ચાર દિવસ બપોરે બેથી ચારના ગાળામાં વિચારણા ચાલી, અનેક તર્ક-વિતર્કો શાસ્ત્રપાઠોની વિચારણા, અર્થઘટનની વિચિત્ર શૈલિ અને સ્થાપિત રૂઢ માન્યતાઓની પકડવાળી વિચારધારા આદિ સંબંધી રજુઆતો થઈ.

જેમાં કેટલાક આગ્રહી-માનસના વિકૃત વલણથી કડવાશ ફેલાતાં વર્ગવિગ્રહનું વાતાવરણ જામવા લાગ્યું.

પરિણામે સમજદાર વર્ગ ધીરે ધીરે બસતો ગયો. પૂજ્યશ્રીએ તાત્ત્વિક-વિચારણાની ભૂમિકા નક્કર ન લાગવાથી પછી વાડીએ જવાનું બંધ કર્યું.

વિતંડાવાદી-સ્વરૂપથી સત્યની શોધ ખોરવાઈ જાય છે એ વાત પ્રત્યક્ષ અનુભવાઈ.

થોડા દિવસો પછી જાહેર વિચારણા પડી ભાંગી પણ અંદર વિચારભેદોની ગ્રંથિઓ કાયમ રહી.

અવારનવાર પોતાની રીતે આક્ષેપાત્મક નીતિના ધોરણે વિકૃત વાતો રજુ થવા લાગી.

પૂજ્યશ્રી આક્ષેપાત્મક-નીતિની પાછળ રહેલ માનસને પારખી મૂળ વાત પકડી રાખી જનતાના માનસ પર સત્યતત્ત્વની ઝાંખી મંડનશૈલિથી કરાવવા લાગ્યા.

રતલામ શ્રીસંઘે ડોળાયેલા આ વાતાવરણમાં ચોમાસાનો લાભ ફરીથી આપવાનો આગ્રહ રાખી પૂજ્યશ્રીને જેઠવદ દશમના મંગળદિને ચાતુર્માસિક પ્રવેશ કરાવ્યો.

સ્થાનકવાસી-શ્રીસંઘમાં શ્રી **હરખચંદજી ચોપડા, કિશનલાલજી માનાવત** અને **સુખમલજી બોથરા** વયોવૃદ્ધ અને ઠરેલ બુદ્ધિના આગમિક-વાતોને સૂઝ પૂર્વક સમજનારા હતા.

તેઓએ પ્રથમથી કહેવડાવી પૂજ્યશ્રી પાસે જિજ્ઞાસાથી મળવા ઇચ્છા પ્રદર્શિત કરી. પૂજ્યશ્રીએ પણ ગમે ત્યારે બપોરે બેથી ચારમાં આવી શકવા સંમતિ દર્શાવી.

ત્રણે જાણકાર-શ્રાવકોએ પૂજ્યશ્રીને સંપર્ક સીધી વિવિધ સ્પષ્ટ ખુલાસા મેળવી ખૂબ જ સંતોષ વ્યક્ત કર્યો અને પૂજ્યશ્રીની પ્રતિભાભરી વિદ્વત્તાથી આકર્ષિત બન્યા.

પરિણામે તેઓએ ઉહાપોહમાં રહેલ કડવાશ અને આક્ષેપાત્મક નીતિ બંધ કરાવી. સરળ-ભદ્રિક જનતાને જિજ્ઞાસુ ભાવે સત્ય સમજવાનાં દ્વાર ખુલ્લા કર્યાં.

જેના પરિણામે બસોથી અઢીસેં ઘરનો સમુદાય પૂજ્યશ્રીના વ્યાખ્યાનાદિનો લાભ લેવા લાગ્યાં. જેથી તેમના હૈયામાં મૂર્તિપૂજાની પ્રમાણિકતા બદલ સચોટ વિશ્વાસ થવાથી તેઓ જિન-શાસનની મર્યાદા પ્રમાણે શ્રાવક તરીકેના આચારમાં દહેરાસર દર્શન-પૂજા આદિમાં પ્રવર્ત્તવા લાગ્યા.



ચાતુર્માસ દરમ્યાન આ રીતના સ્થાનકવાસી સંઘના ઉગ્ર વાતાવરણની શાંતિ અને સેંકડોની મૂર્તિપૂજાની શ્રદ્ધા કેળવાયાના પરિણામે **રતલામ** જૈન શ્રીસંઘે પૂજ્યશ્રીને સાચા શાસનપ્રભાવક સમજી ખૂબ આદર સન્માન કર્યું. પજુસણમાં નવા જોડાયેલા ધાર્મિકોની મોટી સંખ્યાએ તપસ્યા ચઢાવા વગેરેમાં ખૂબ સારો લાભ લીધો.

આ ઉપરથી સ્થાનકવાસી-સંઘમાં રૂઢિચુસ્ત માનસ ધરાવનાર બહોળા વર્ગમાં વજુસણ પછી ઘણો ઉહાપોહ મચ્યો અને ચાતુર્માસ સ્થિત સાધુ-સાધ્વીઓએ કાગારોળ મચાવી ફરીથી "**મૂર્તિપૂજા હંબગ છે અશાસ્ત્રીય છે**"ની ઝુંબેશ ઉપાડી.

જાતજાતના ચિત્ર-વિચિત્ર તર્કો-કુતર્કોની પરંપરા શરૂ થઈ, તેમ છતાં પૂજ્યશ્રીએ પોતાના મીઠા-મધુરા ઉપદેશ દ્વારા શ્રી જૈન સંઘને-શ્રાવકો વગેરેને ખૂબ જ ધીરજ રાખવા જણાવી પોતે વિશિષ્ટ સમતા અને કુનેહબાજી સાથે સ્થાનકવાસીઓ તરફથી આવતા વિવિધ આક્રમણોનો યોગ્ય પ્રતિકાર કરવા લાગ્યા.

આ પ્રસંગે પિસ્તાલીશ આગમોમાંથી સ્પષ્ટ મૂર્તિપૂજાના પાઠવાળા તેર આગમોને અમાન્ય કરી બત્રીસ જ આગમો ને પણ મૂળ માત્ર માનવાની પકડવાળા સ્થાનકવાસીઓએ અર્થઘટનની વિષમ વિકૃતિઓનો આસરો લીધો, એટલે પૂજ્યશ્રીએ સ્થાનકવાસીઓને માન્ય બત્રીશ આગમોમાંથી જ મૂર્તિપૂજાની વાસ્તવિકતા સમજાવનારા પાઠોની ટૂંકી વિવેચનાવાળી નાની પુસ્તિકા "**ભક્તિપ્રકાશ**" નામથી તૈયાર કરી છપાવી જાહેર જનતાના વિચાર માટે રજુ કરી.

જે વાંચી થોડું ભણેલા પણ આરાધક આત્માઓ સ્પષ્ટપણે બત્રીશ આગમોમાં પણ મૂર્તિપૂજાની યથાર્થતાને જાણી સમજી નાહકના વાણી-તાંડવને અયોગ્ય માની સત્યના આગ્રહી બન્યા.

પૂજ્યશ્રીએ ચોમાસાના છેલ્લા બે મહિના વિપક્ષીઓએ ઉઠાવેલ તાંડવના શમન માટે ખૂબ જહેમત ઉઠાવી, એકંદરે સ્થાનકવાસીઓ દલીલો, શાસ્ત્રપાઠો અને વિષયની રજુઆતના આધારે પૂજ્યશ્રીની પ્રતિભાને ખંડિત કરવાની મુરાદમાં નિષ્ફળ નિવડયા.

ચાતુર્માસ પૂર્ણ થયા દરમ્યાન **બદનાવરના શેઠ જડાવચંદજી**એ ઘરમાંથી શ્રાવિકાને જ્ઞાનપંચમી તપની પૂર્ણતાએ ઉજમણું કરવાનો ભાવ થવાથી પૂજ્યશ્રીને માગ. સુ. ૩થી શરૂ થતા મહોત્સવમાં પધારવા આગ્રહભરી વિનંતી કરી, પૂજ્યશ્રીએ કા. વ, ૧૦ના મંગલદિને **રતલામ** શ્રીસંઘની ભાવભરી વિદાય લઈને **કરમદીતીર્થે** પધારી શ્રીસંઘ તરફથી પૂજા-સ્વામિ-વાત્સલ્ય વગેરે થયા પછી કા. વ. ૧૧ **બદનાવર** તરફ વિહાર કર્યો.

કા. વ. ૧૩ના મંગલ-પ્રભાતે બદનાવર શહેરમાં ભવ્ય સ્વાગતપૂર્વક પ્રવેશ કર્યો.



વ્યાખ્યાનમાં શ્રાવક-જીવનની મહત્તા અને તપધર્મની અનુમોદના પર ખૂબ છણાવટ સાથે તાત્ત્વિક-પદાર્થોની રજૂઆત થવા લાગી. સ્થાનકવાસી અને વૈષ્ણવો વગેરે અન્ય દર્શનીઓ પણ પૂજ્યશ્રીની તાત્ત્વિક-દેશનાથી ખૂબ પ્રભાવિત બન્યા.

આ મહોત્સવ પ્રસંગે **વખતગઢ, બિડવાલ, ઉણેલ, વડનગર** આદિ આસપાસના આવેલ પુણ્યવંતા શ્રાવકોએ પોતાને ત્યાં પધારવા ખૂબ આગ્રહ કર્યો. એટલે તે બધા ક્ષેત્રોમાં ફરી માહ સુ. ૫ લગભગ **વડનગર** પધાર્યા. ત્યાં તેરાપંથી શ્રાવકોએ દાન-દયાની વિકૃત-વ્યાખ્યાઓ રજુ કરી વાતાવરણ ડોળવા પ્રયત્ન કર્યો, પણ પૂજ્યશ્રીએ ધીરતાપૂર્વક શાસ્ત્રીયપાઠો અને બુદ્ધિગમ્ય તર્કોના આધારે **"દ્રવ્ય દયા અનુકંપાદાન પણ શાસ્ત્રીય અને ગૃહસ્થોનું ઉત્તમકર્તવ્ય છે"** એમ સાબિત કર્યું.

ત્યાંથી **ગોતમપુરા, દેપાલપુર, હાટોદ,** વગેરે ગામોમાં શાસન પ્રભાવનાપૂર્વક વિચરી રહ્યા, તે અરસામાં **ઇંદોર**માં ત્રિસ્તુતિક આચાર્ય **શ્રી વિજયરાજેન્દ્રસૂરિ મ.** વ્યાખ્યાનમા પ્રસંગે અવિરતિ-દેવોને વંદના વિરતિ સાધુ કે શ્રાવક કેમ કરી શકે ? એ વાત જરા વિસ્તારથી છણાવટ-પૂર્વક ચર્ચી, **ઇંદોર**ના શ્રીસંઘે વગર-પ્રસંગે આવી વિવાદાસ્પદ-વાતોને છેડી વાતાવરણ કલુષિત શા માટે થવા દેવું ? એમ કરી શ્રાવકો મારફત પૂ. આચાર્યદેવને, ખામોશી રાખવા કહ્યું, પણ ભાવીયોગે **રતલામ**માં પૂરી ફાવટ નહીં આવેલ અને અહીં જવાબ દેનાર કોણ છે ! એમ કરી જરા વધુ વિવેચન સાથે તેમણે તે પ્રશ્ન છેડવા માંડયો.

તેથી **ઇંદોર**ના સમજુ-વિવેકી આગેવાનોએ **પૂ. શ્રી ઝવેરસાગરજી** મ. ને આગ્રહભરી વિનંતિ કરી ઝડપથી તેડી લાવ્યા. ચૈત્ર સુ. ૫ મંગલદિને તેમનો પ્રવેશ થયો.

ભાવીયોગે ત્રિસ્તુતિક આચાર્ય-મહારાજના મુકામની પાસે જ ઉપાશ્રયમાં પૂજ્યશ્રી ઉતરેલા એટલે વ્યાખ્યાનમાં ચર્ચાતા-વિષયની માહિતી ચોકસાઈથી મેળવી.

પૂજ્યશ્રીએ પણ વ્યાખ્યાનમાં શ્રી વીતરાગ-પરમાત્માની ભક્તિના સ્વરૂપના વર્ણન પ્રસંગે **"સમ્યગ્ દૃષ્ટિ દેવો એ જિનશાસનના ભક્ત દેવો છે." "આરાધક પુણ્યાત્માઓની ભાવસ્થિરતારૂપ વૈયાવચ્ચનું કામ તેઓ કરે છે." "તેમનું સ્મરણ માત્ર કરવામાં પાંચમા-છઠ્ઠા ગુણવાળાને દૂષણ નથી લાગતું" "તેમના નિર્બળ સમ્યકત્વ અને સંઘ વૈયાવચ્ચ કરવાની બાબત ગુણાનુરાગ-દૃષ્ટિથી સ્વીકારવાના બદલે અપલાપ કરવામાં ઉલટું સમ્યકત્વ જોખમાઈ જાય."** આદિ શાસ્ત્રીય વાતોની રજુઆત અનેક શાસ્ત્ર પ્રમાણોથી કરવા માંડી.

જિજ્ઞાસુઓ અહીંથી સાંભળીને ત્યાં જાય અને પૂ. આચાર્યશ્રીને પ્રશ્નો પૂછે, ત્યાંથી સાંભળીને પૂજ્યશ્રી પાસે આવે અને શંકાઓના ખુલાસાવાર સમાધાન મેળવવા લાગ્યા.

થોડા દિવસ પછી ચર્ચાનું સ્વરૂપ ઉભું થયું પણ પૂજ્યશ્રીએ કહ્યું કે– "हमें तो कोई हर्ज नहीं आचार्यश्रीसे पूछो ! वाद-प्रतिवाद का तो कोई अंत ही नहीं आयगा ! और हमारी, दोनोंकी बातें समझकर सत्य निर्णय कर सके ऐसे मध्यस्थ-व्यक्ति के अभावमें फालू दिखावा करने से क्या फायदा ! આદિ કહી વિતંડાવાદી વાતાવરણને કાબૂમાં રાખ્યું.

એક વખતે શ્રાવકોના આગ્રહથી પૂ આચાર્યશ્રી અને પૂજ્યશ્રી બંને ભેગા પણ થયા, શાસ્ત્ર-પાઠોની સમીક્ષા પણ થઈ, ઘણી લાંબી ચર્ચાના અંતે "सत्यस्य तत्त्वं निहितं गुहायां" "तत्त्वं तु केवलिनो विदन्ति" "आगमवादे हो ! गुरुगम को नहीं ! अतिदुर्गम नयमवाद" આદિ સૂક્તિઓની પરિભાવનામાં શાંતિથી બંને સ્વસ્થાને ગયા. *

---

*અહીં સાંભળેલ કિંવદન્તીના આધારે એમ પણ જાણવા મળ્યું છે કે પૂ. આચાર્યશ્રી **વિજય રાજેન્દ્ર સૂરિ મ.** જે ઉદયપુરમાં હતા અને વ્યાખ્યાનમાં દેવોને વંદન ન કરાય તે બાબત વિચારણા કરતા હતા ત્યારે પૂજ્યશ્રી પાસેની ઓરડીમાં બેસી તેમના મુદ્દાઓ ટાંકી લેતા હતા, થોડા સમય પછી પૂ આચાર્ય શ્રી વિહાર કરી ગયા. એટલે **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** વ્યાખ્યાનમાં ત્રિસ્તુતિક-આચાર્ય-ભગવંતની દલીલોના જોરદાર રદીયા આપવા માંડ્યા. શાસ્ત્રીય પ્રમાણો ઢગલાબંધ રજુ કરી ત્રિસ્તુતિકમતની છણાવટ કરવા લાગ્યા. જેથી ત્રિસ્તુતિક શ્રાવકો ખળભળી ઉઠ્યા. તેઓ પૂ. **આ. શ્રી વિજય રાજેંદ્ર સૂરિ મ.** પાસે ગયા.

આ વાત વિ. સં. ૧૯૪૨માં છાપેલ એક હિંદી પુસ્તિકા (ભાષા ગુજરાતી ટાઈપ હિંદી ડેમી ૧૬ પેજી સાઈઝની પીળા રંગની કે જે ઉદયપુર શ્રીસંઘે પ્રકાશિત કરી છે)માં નજરે મુજબ નોંધાયેલ છે.

"પૂ. આ. **શ્રી રાજેન્દ્રસૂરિની** પાસે જઈ તેઓએ જણાવ્યું કે "ગુજરાતથી આવેલા **શ્રી ઝવેરસાગરજી** એ આપના વચનોનું શાસ્ત્ર પ્રમાણ સાથે ખંડન કરવા માંડયું છે, અને તેઓ શાસ્ત્રાર્થ માટે પણ તૈયાર છે જો આપ નહીં પધારો તો સંઘમાં ભેદ પડશે.'

આ વાત સાંભળી તેઓ ઇંદોર પાછા આવ્યા અને શાસ્ત્રાર્થની વ્યવસ્થા થઈ, મધ્યસ્થની નિમણુંક કરી શાસ્ત્રાર્થ શરૂ થયો, થોડીવારમાં જ પૂ. આ રાજેન્દ્રસૂરિ મ. અને પૂ ઝવેરસાગરજી મહારાજે દર્શાવેલા આગમના પ્રમાણો સામે તેમણે મૌન ધારણ કર્યું."

આ વાતનું ગર્ભિત સમર્થન ચરિત્રનાયક શ્રી. પૂ. **આગમોદ્ધારક આચાર્યદેવ** શ્રીએ રચિત **વિંશતિવિંશિકા**ની સ્વોપજ્ઞ ટીકાના પ્રસંગે પ્રથમ **અધિકાર વિંશિકા**ની ૩૦૦૦ શ્લોક પ્રમાણ ટીકાની સમાપ્તિએ પોતાના સંક્ષિપ્ત જીવન વૃત્તને દર્શાવનારી પ્રશસ્તિમાં કર્યું છે, તે શ્લોક આ પ્રમાણે છે.

વિ. સં. ૧૯૪૨ નું ચોમાસું શ્રી સંઘના આગ્રહથી ઈંદોરમાં થયું. પૂજ્યશ્રીની તાત્ત્વિક આગમ-પ્રધાન દેશનાથી રંજિત થયેલ વિવેકી-શ્રાવકોએ **શ્રી પન્નવણા** અને **શ્રી જીવાભિગમ સૂત્રની** વાચના ચોમાસા દરમ્યાન સવારે અને બપોરે થઈ, પાંચ કલાક આગમ-વાચના રૂપે ઉમંગભેર સાંભળી. +

ચોમાસા દરમ્યાન અનેક તપસ્યા સાથે વિવિધ ધર્મકાર્યો પણ થયાં.

ચોમાસા દરમ્યાન **મહીદપુરના** સંઘના અગ્રગણ્ય **શ્રાવક શ્રીવરદીચંદજી, અંબાલાલજી, રતનચંદજી** આદિ શ્રાવકો **આગમ-વાચનાના** આકર્ષણથી અવારનવાર આઠ-દશ દિવસ રહી ચોમાસા દરમ્યાન દોઢ મહિનો પૂજ્યશ્રીની આગમિક-વ્યાખ્યાઓ સાંભળી ચોમાસું પૂરું થતાં જ તુર્ત મહીદપુર પધારવા આગ્રહભરી વિનંતી કરી અને આગમવાચના રૂપે પરમાત્મા વીતરાગ શ્રી તીર્થંકર પરમાત્માની અમૃતવાણી સંભળાવવા આજીજી કરી.

પૂજ્યશ્રીએ પણ વિષમકાળમાં કાળ બળે સંવેગી પરંપરાના સાધુઓના સહવાશની ઓછા-શથી બીજા સંપ્રદાયવાળા શાસ્ત્રના નામે મનઘડંત આગમોને બહુ મહત્વ આપી રહ્યા છે, તે પ્રસંગે આગમિક જ્ઞાન શ્રી સંઘમાં વધે તે હેતુથી કા.વ. ૩ **ઈંદોરથી** વિહાર કરી કા.વ. ૧૦ સવારે **મહીદપુર** પધારી ગયા.

" तत्राभवन् मुनिवरा जयवीरसिन्धु-
संज्ञाः सुवादकुशलाः गणिनः प्रसिद्धाः ।
वादे महेन्द्रपुरि त्रिस्तुतिका दयान-
नन्दारकाश्च वैरुद्रपूर्नगरे निरस्ता ! ! "

આમાં **મહેન્દ્રપુર** શબ્દ છે તે આમ **મહીદપુર** (માલવા) નો ભ્રમ કરાવે છે. પણ ઉપરની હિંદી ચોપડીની વાતના આધારે મહા ને વિશેષણ ગણી " ઈંદ્રપુરે-ઈંદોર નગરમાં " એવો અર્થ ગણી શકાય

મહીદપુરમાં ત્રણ થુઈવાળા સાથે ચર્ચા થયાની વાતનો ઉલ્લેખ મળ્યો નથી.

+ એક વૃદ્ધ મુનિ પાસેની જુની નોંધમાં એવી પણ નોંધ છે કે " मुनि झवेरसागरजीने ईदोरमें स्थिरता करी और ४५ आगम की वाचना कीनी "

આ નોંધ જરા વિચારણીય લાગે છે-૪૫ આગમોને વાંચવા માટે ઓછામાં ઓછા ૨૫-૩ વર્ષ જોઈએ. છતાં જેમ **આ શ્રી વિજય રાજેન્દ્રસૂરિજીએ** કુક્ષીના ચોમાસામાં નવ મહિના સળંગ રહી ૪૫ આગમ વાંચ્યાની નોંધ જાણવા મળે છે, તેમ કોઈ વિશિષ્ટ વાંચવાની પદ્ધતિ અપનાવી પૂજ્યશ્રીએ ૪૫ આગમ **ઈન્દોરમાં** વાંચ્યા પણ હોય એ સંભવિત લાગે છે.

જેમકે **શ્રી ભગવતી સૂત્ર** ૧૫ વર્ષે પૂરું થાય તેમ છતાં આજે માત્ર ૪ મહિનામાં આખું **શ્રી ભગવતી સૂત્ર** વાંચનારા ગીતાર્થ આચાર્ય ભગવંતો મોજુદ છે, તે રીતે કદાચ ૪૫ આગમો વાંચવાની વાત સંભવિત ગણાય.



માગ. સુ. ૨ના મંગળદિને ભવ્ય રથયાત્રા કાઢી આગમોનું બહુમાન કરવાપૂર્વક **શ્રી આવશ્યક સૂત્ર શ્રી દશવૈકાલિક, શ્રી ઉત્તરાધ્યયન, શ્રી નંદી સૂત્ર શ્રી અનુયોગદ્વાર સૂત્ર** આ પાંચ આગમોની વાચના મંગલાચરણ રૂપે શરૂ કરાવી. રોજ સવારે ૯ થી ૧૧ અને બપોરે ૨ થી ૪ વાચના વખતે ઘીનો દીવો, ગહુંલી, જ્ઞાનપૂજા વગેરે વિધિનું પાલન બહુમાન સાથે થતું.

માહ સુ. ૫ **શ્રી આચારાંગસૂત્રથી** અગ્યાર અંગની વાંચના શરૂ થઈ, ચૈ.સુ.૫થી સાઢાબાર દિવસની અસજ્ઝાયના કારણે વાંચના બંધ રહી તે અરસામાં આગમિક-ભક્તિ નિમિત્તે ભવ્ય અષ્ટાહ્નિકા-મહોત્વ થયો.

ચૈ.વ. ૨ થી શ્રી **ભગવતી સૂત્રની** શરૂઆત થઈ, અસાડ સુ. ૧૩ સુધીમાં **શ્રી ભગવતી સૂત્ર** પૂરું થયું.

ચોમાસા દરમ્યાન પજુસણ પૂર્વે **શ્રીજ્ઞાતાસૂત્ર, શ્રી ઉપાસકદશા, શ્રી અનુત્તરૌપપાતિક દશા, શ્રી પ્રશ્નવ્યાકરણ** સૂત્રની વાચના પૂરી થઈ.

ભા. સુ. ૧૦ થી આસો સુ.૫ સુધીમાં **શ્રી ઉવવાઈ, શ્રી રાયપસેણી, શ્રી જીવાભિગમ-સૂત્રની** વાચના થઈ, આસો વદ-૨થી જ્ઞાનપાંચમ સુધીમાં **શ્રી પન્નવણા સૂત્રનું** વાંચન થયું.

કા. વ. ૧૦ સુધીમાં બાકીના ઉપાંગોની વાચના પુરી થઈ. પછી પૂજ્યશ્રી પર **ઉદયપુરમાં** સ્થાનકવાસીઓ તથા આર્યસમાજીઓ તરફથી મહાતાંડવ ઉપસ્થિત થયાના સમાચાર અવારનવાર ચોમાસા દરમ્યાન પૂ. **શ્રીમૂલચંદજી** મ. દ્વારા મળવાથી ચોમાસું ઉતર્યે તુર્ત **ઉદયપુર** જવાની આજ્ઞા આવેલ.

તેથી છ છેદસૂત્રો તો જાહેરમાં વંચાય નહીં માત્ર દશ પયન્ના આગમ વાંચનામાં બાકી રહ્યા. તે આગળ પર કયારેક વાત એમ કરી, કા. વ. ૧૩ પૂજ્યશ્રીએ અડપી વિહાર **ઉદયપુર** તરફ લંબાવ્યો.

માગસર વદ ૫ લગભગ **ઉદયપુર** પધાર્યા, **ઉદયપુરમાં** સંવેગી-સાધુઓના વિહારનો સર્વથા અભાવ અને શ્રી પૂજ્યો-યતિયોની બોલબાલામાં શ્રી વીતરાગ પ્રભુજીના ૩૬ જિનાલયો છતાં ધર્મપ્રેમી જનતામાં ધર્મભાવનાની ખૂબ જ ઓછાશ અને સ્થાનકવાસીઓની આપાત-રમ્ય સુંદર લાગતી દલીલોના ચક્રાવે ચઢી જવાથી શ્રાવકજીવનને અનુરૂપ પ્રભુદર્શન કે શ્રી વીતરાગ પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા આદિની પદ્ધતિમાં ખૂબ જ ગાબડું પડેલ.

પૂજ્યશ્રીએ **ઉદયપુર** શ્રીસંઘને **શ્રાવક-કુળની મહત્તા, જિનશાસનનો મહિમા** અને **" અનંત કર્મોના ભારથી છૂટવા માટે શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ સિવાય**

કોઈ આધાર નથી" –એ વિષયો પર જોરદાર વ્યાખ્યાનો આપી ધાર્મિક–જનતામાં અનેરી જાગૃતિ લાવવા લાગ્યા.

પૂજ્યશ્રીએ જાતે દરેક દેરાસરોમાં વિવેકી શ્રાવકોને લઈ જઈ આશાતનાઓ દૂર કરવા પ્રયત્ન કર્યો, સામાયિક, પ્રતિક્રમણ, નવકારશી, રાત્રિભોજન ત્યાગ આદિ શ્રાવકોના આચારની સમજુતી સાથે પ્રભુ દર્શન, દેવપૂજામાં પુણ્યવાનોને ખૂબ પ્રયત્નશીલ બનાવ્યા.

વધુમાં પૂજ્યશ્રીએ સ્થાનકવાસીઓ, આર્યસમાજીઓ વગેરેના બુદ્ધિભેદ કરનારા મંતવ્યોનો વ્યવસ્થિત ઘટસ્ફોટ કર્યો. શ્રીસંઘે પૂજ્યશ્રીની વિદ્વત્તા–શાસ્ત્રીય પ્રતિભા અને અપૂર્વ શક્તિ નિહાળી શ્રીસંઘના લાભાર્થે વિ. સં. ૨૦૩૩ના ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ કરી. પૂજ્યશ્રીએ લાભાલાભ દેખી વર્તમાન જોગ એમ કહીને લગભગ સ્વીકૃતિ આપી.

ચોમાસા પૂર્વે ઉદયપુરની આસપાસના ગામડાઓમાં વિચરી ત્યાંના જૈનોની ધર્મવાસના જૈ યતિઓના શિથિલાચારથી અને સ્થાનકવાસીઓના બાહ્યચરિત્રના દેખાવ અને એકતરફી સ્થાપના નિપેક્ષાને અમાન્ય કરવાની વાતોથી ડોળાઈ ગયેલ. તે શાસ્ત્રીય સદુપદેશ અને વિશિષ્ટ શુદ્ધ ચારિત્રના પાલનથી વ્યવસ્થિત કરી અનેક જિન મંદિરોની આશાતનાઓ દૂર કરી.

શ્રી સંઘના આગ્રહથી શ્રીસંઘની ધર્મ ભાવનાને વધુ પરિપુષ્ટ કરવાના શુભ આશયથી વિ. સં. ૧૯૩૩નું ચાતુર્માસ ઉદયપુરમાં થયું.

ચાતુર્માસ દરમ્યાન પંચરંગીતપ, અક્ષયનિધિતપ, શ્રીનવપદજીની સામૂહિક ઓળી વગેરે આરાધનાથી આરાધનાનું વાતાવરણ સારૂં જામ્યું. ચાતુર્માસ પુરૂં થયેથી વિ. સં. ૧૯૩૪ના માગ. સુ. ૧૩ પૂજ્યશ્રી વિહાર કરી. આસપાસ વિચરી ફાગણ ચોમાસી માટે ઉદયપુર પધાર્યા ત્યારે શેઠ શ્રી કિશનાજીને પૂજ્યશ્રીના ઉપદેશથી પ્રભાવિત બની શ્રી કેશરીયાજી તીર્થનો છરી પાળતો સંઘ કાઢવા ભાવના થઈ.

પૂજ્યશ્રીને વાત કરી. પૂજ્યશ્રીએ ધર્મકાર્યના મનોરથો શીઘ્ર પૂર્ણ થાય તો સારૂં, એમ સમજી ફા. વ. ૩નું શ્રેષ્ઠ મુહૂર્ત કાઢી આપ્યું. પત્રિકા છપાવી આસપાસના ગામોમાં મોકલી.

આ પ્રસંગે પૂજ્યશ્રીને એક મંગલ મનોરથ ઉપજ્યો કે યુગાદિ ઋષભદેવ ભગવંતનો જન્મ અને દીક્ષા દિવસ ચૈ. વ. ૮ (ગુ. જ. ફા. વ. ૮) આવે છે કેશરીયાજીમાં આ પવિત્ર દિવસે મેળાનું આયોજન કરાય તો આ બહાને લોકોમાં જાગૃતિ સારી આવે, તેમ ધારી મોટું હેંડબિલ કાઢી કેશરીયાજી તીર્થનું મહત્ત્વ અને વર્તમાન અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર કળિકાળની જાગતી જ્યોત શ્રી કેશરીયાજી તીર્થે જેમની પ્રાચીન પ્રતિમાજી છે તેમની યાત્રા

નિમિત્તે વાર્ષિક દિવસ તરીકે પ્રભુના જન્મ અને દીક્ષા કલ્યાણકથી પવિત્ર વૈ. વ. ૮ ના દિવસને મહત્વ પૂર્ણ ગણવા પર ભાર મુકી દેશ-દેશાવરમાં હજારો પત્રિકાઓ મોકલાવી પ્રચાર ખૂબ કરાવ્યો.

ફા.વ.૩ના મંગલ મુહૂર્તે શ્રી સંઘે **ઉદયપુરથી** પ્રયાણ કર્યું. પુરૂષાદાણી પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુથી અધિષ્ઠિત **શ્રી સવિનાખેડા** તીર્થે પ્રથમ મુકામ થયો.

ફા.વ.૭ના મંગળ દિને **કેશરીયાજી** તીર્થે મંગળ પ્રવેશ થયો. જાહેરાત થયા પ્રમાણે રાજસ્થાન, માલવા, મેવાડ, ગુજરાત, કાઠિયાવાડ આદિ પ્રદેશોમાંથી પણ હજારોની સંખ્યામાં યાત્રિકો આવેલ તે બધાના હર્ષોલ્લાસ વચ્ચે વદ આઠમ સવારે તીર્થપતિના સમૂહ-ચૈત્યવંદન સાથે દર્શન કરી દેરાસરના આગળના ચોકમાં તીર્થમાળની વિધિ થઈ. વ્યાખ્યાન પણ થયું, સંઘપતિ તરફથી પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા ઠાઠથી થઈ. બપોરે મોટી પૂજા ભણાવી, સાંજે ચાર વાગે ભવ્ય રથયાત્રા નિકળી. પૂજ્યશ્રીએ આવેલ યાત્રાળુઓને દર વર્ષે આ દિવસને મેળા-વાર્ષિકયાત્રાના પ્રતીકરૂપે ચાલુ રાખી પ્રભુ ભક્તિ-પૂજા-રથયાત્રા આદિ કરી આ દિવસની ઉજવણી માટે પ્રેરણા કરી,

વિ.સં. ૧૯૩૪ના ફા.વ.૮થી શરૂ થયેલ તે મેળો આજ દિન સુધી ખૂબ ઠાઠથી ભવ્ય દબદબા પૂર્વક ઉજવાય છે, હવે તો આ મેળામાં ભીલ લોકો પણ કાળીયાબાબાની અટૂટ-ભક્તિથી હજારોની સંખ્યામાં જોડાયા છે.

પૂજ્યશ્રી **કેશરીયાજી** થી **સલુંબર** આદિ ગામોની સ્પર્શના કરી ઉદયપુરમાં વૈશાખ મહિને પધાર્યા, શ્રી સંઘનાં અનેક ધર્મકાર્યો કરવાનાં હોઈ વિ.સં. ૧૯૩૪નું ચોમાસું પણ ઉદયપુરમાં કર્યું.

ચોમાસામાં શરૂઆતમાં જ શ્રી વર્ધમાનતપની ઓળીની આરાધના કરાવી, પર્વાધિરાજની આરાધના પ્રસંગે ચૌસઠ-પ્રહરી પૌષધની પ્રેરણા કરી અનેક પુણ્યવાનોને પૌષધ સાથે પર્વાધિરાજની આરાધના કરાવી.

પજુસણ પછી શહેર યાત્રાનું આયોજન કરી બધા જિનાલયોમાં શ્રાવકોએ જાતે પોતાના હાથે કચરો વાળવાથી માંડી પ્રભુજીની અષ્ટપ્રકારી-પૂજનો સામુદાયિક કાર્યક્રમ ગોઠવી પૂજ્યશ્રીએ શ્રી સંઘમાં અપૂર્વ ધર્મોત્સાહ પ્રગટાવ્યો.

ચાતુર્માસ પુરૂં થયેથી ભીલવાડા બાજુ વિહાર કરી અનેક ગામોમાં ધર્મની આરાધનાનું વિશિષ્ટ વાતાવરણ તૈયાર કરી ફાગણ ચોમાસી લગભગ પાછા ઉદયપુર પધાર્યા.

કાનોડના શ્રી સંઘમાં ભીંડરવાળા યતિજીની રૂઆબભરી સત્તાના કારણે સ્થાનકવાસી અને તેરાપંથીઓએ દેરાસરના લાગા વગેરે આપવાનું બંધ કરવાથી ઉપજેલા વિક્ષેપને દૂર કરવા પૂજ્યશ્રી ઉદયપુર શ્રી સંઘના અગ્રગણ્ય ચાર-પાંચ વ્યક્તિઓને લઈ **ભીંડરના** યતિજીનો સંપર્ક

સાધી કાનોડમાં જાહેર વ્યાખ્યાનોથી સંવેગી સાધુઓની વિદ્વત્તા અને ચારિત્ર શુદ્ધિનું વાતાવરણ ઉભું કરી વિપક્ષીઓ–સ્થાનકવાસી—તેરાપંથીઓને આકર્ષ્યા.

વ્યાખ્યાનમાં તાત્ત્વિક–ગ્રાહ્યતોની ઝીણવટભરી વિચારણાથી સ્થાનકવાસી–તેરાપંથીઓ પણ હિંસાના પ્રશ્ન પર તાત્ત્વિક રીતે ચર્ચા–વિચારણા કરી સત્ય પ્રકાશને મેળવી શકયા.

પરિણામે પૂજ્યશ્રીની **આદેય**–વાકયતા **નિવડવા પામી,** જેથી દેરાસર અંગેના સામાજિક –પ્રસંગોના લાગા વગેરે આપવાની ચાલી આવતી પ્રથાને ચાલુ રાખવાનું ડહાપણ વિપક્ષીઓને પણ સ્વતઃ ઉપજ્યું

આ રીતે પૂજ્યશ્રીએ પોતાની પ્રૌઢ પુણ્યપ્રતિભા અને તાત્ત્વિક–દેશના બળે મેવાડ જેવા સંવેગી–સાધુઓના સંપર્ક–વિહોણા ક્ષેત્રમાં પણ આડકતરી રીતે તત્ત્વભૂમિકાના સંપાદન–બળે જિન-શાસનનો વિજયડંકો વગાડયો, **કાનોડ** શ્રીસંઘના આગ્રહથી ચૈત્રી–ઓળીનું આરાધન ઠાઠથી કરાવ્યું

પછી આજુબાજુ વિચરી ચોમાસા અર્થે વધુ લાભની સંભાવનાથી **ઉદયપુરમાં વિ.સં. ૧૯૩૫નું ચોમાસું કર્યું.**

ચાતુર્માસમાં શ્રી **ધર્મરત્નપ્રકરણ** અને **પાંડવ ચરિત્રનું** વાંચન થયું, તેમાં પર્વાધિરાજના માસધરના દિવસે પર્વાધિરાજની સફળ આરાધના માટે પાંચ કર્તવ્યો પૈકી **અમારિ પ્રવર્તન** નામે પ્રથમ કર્તવ્યનું મહત્ત્વ સમજાવતાં જગદ્‌ગુરૂ પૂ. આ. શ્રી **હીરસૂરીશ્વરજી** મ.ના દૃષ્ટાંતથી અને શ્રી **શાંતિચંદ્રવાચકના** પ્રસંગોથી આ મંગલ–દિવસોમાં સંસારી–હિંસાની પ્રવૃત્તિઓ બંધ કરવા–કરાવવા પર ભાર મુકયો. તર્કબદ્ધ રીતે જીવોને ધર્મકાર્યના પ્રસંગે અભયદાન આપવાની વાતને મહત્ત્વપૂર્ણ સમજાવી.

પરિણામે "**સાપ ગયા લીસોટા રહ ગયા**" ની જેમ પજુસણ–પર્વના પ્રારંભના બે ચાર દિ' અગાઉ જુની પરિપાટિ મુજબ રાજય તરફથી ઘોષણા–ઢંઢીપીટાવના રૂપે થતી–"**બે દિવસ પછી શ્રાવકોના આઠ દિવસના પજુસણ શરૂ થાય છે, તેથી ઘાંચીઓએ ઘાણી બંધ રાખવી. મચ્છીમારોએ જાળ ન નાંખવી. જીવોની કતલ કોઈએ ન કરવી.** વગેરે. પણ કાળચક્રના પરિવર્તનથી લોકોની ભાવનામાં ઘસારો થવાથી ઘાંચી–માછીમારો વગેરે આ બાબત પુરતું પાલન કરતા ન હતા.

એટલે પૂજ્યશ્રીએ એક સામુદાયિક મોટી ટીપ જીવ છોડામણની કરાવી– જેમાંથી જે તે ઘાંચી–માછીમાર કસાઈ વગેરેને પૈસા આપીને પણ પજુસણના પવિત્ર દિવસોમાં હિંસા ન થાય તે રીતનો વ્યવહારૂ ઉપાય કાઢયો.

જે હજુ સુધી (મહારાણાનું રાજ્ય હતું ત્યાં સુધી) બરાબર દર પન્નુસણે સૈંકડો હજારો જીવો આ ટિપથી છુટતા.

આવું મહત્વનું કામ આ ચોમાસામાં થયું.

આ ઉપરાંત બીજું પણ મહત્ત્વનું કામ એ થયું કે આસો મહિનાની શાશ્વતી–ઓળીજીની આરાધના **શાહ મનરૂપજી ચૌહાણ** તરફથી અષ્ટાન્હિકા મહોત્સવ સાથે ધામધૂમથી થઈ. જેમા **શાહ કેશરીચંદજી મહેતા** તરફથી ઓળીવાળાનાં પારણાં થયાં.

તે ઓળીજી દરમ્યાન કુદરતી ભાવિસંકેતાનુસાર અનિચ્છનીય ઘટના એ બની કે– સંવેગી શાખામાં વર્તમાન સમસ્ત–સાધુઓના સર્વોપરિ **પૂ. પં. શ્રી મણિવિજયજી મ. "દાદા"**નો સ્વર્ગવાસ **અમદાવાદ**માં આસો સુદ ૮ સવારે થયાના સમાચાર પૂજ્યશ્રીને **ઉદયપુર**માં સુ. ૧૦ સવારે વ્યાખ્યાન સમયે મળ્યા.

ચાલુ–વ્યાખ્યાને પૂજ્યશ્રી ખૂબ જ ગંભીર ગમગીન બની ગયા. " વર્તમાનકાળે શ્રમણ–સંસ્થાની સંવેગી–પરંપરા હજી જુજવા પ્રમાણમાં છે. ત્યાં આવા ઉત્કૃષ્ટ–સંયમી ગીતાર્થ–વિદ્વાન મહાપુરૂષનો સ્વર્ગવાસ થાય એ ખરેખર આપણા કમભાગ્યની નિશાની છે, છતાં ભાવીના ચક્રને કોણ થંભાવી શકયું છે!" એમ વિચારી સકળ શ્રીસંઘ સાથે દેવવંદન કરી પૂજ્યશ્રીનો પરિચય ટુંકાણમાં જણાવી પોતાના પણ પરમોપકારી મહાત્મા પુરૂષ હતા. વગેરે પૂજ્યશ્રીના સંબોધનથી ઉત્સાહિત બનેલ સંઘ તરફથી આસો વદમાં તપાગચ્છના મહાપ્રભાવક શ્રી **મણિવિજયદાદા**ના સ્વર્ગવાસ નિમિત્તો અષ્ટાન્હિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સાથે નક્કી થયો.

પૂજ્યશ્રીએ પણ ઓળીજીની આરાધનામાં જોડાયેલ પુણ્યવાનોને વિવિધ પ્રેરણા આપી પ્રભુ-ભક્તિ સ્વયં સ્વહસ્તે કરવાથી અનંત લાભ સમજાવી શહેરના અન્ય દેરાસરોમાં પૂજારીના ભરોસે ભગવાન્ હોઈ થતી ઘણી આશાતના ટાળવા માટે ધ્યાન ખેચ્યું.

ઘણા પુણ્યાત્માઓએ દેરાસરનો કાબો કાઢવાથી માંડી પ્રભુભક્તિનાં બધાં કાર્યો સ્વહસ્તે કરવાની પ્રેરણા મેળવી.

શ્રીસંઘ તરફથી **પૂ. શ્રી મણિવિજયજી મ. "દાદા"** ના સ્વર્ગવાસ નિમિત્તે થનારા અઠ્ઠાઈ મહોચ્છવમાં પણ પ્રભુભક્તિના મહત્વ સાથે શ્રાવકના કર્તવ્ય તરીકે શ્રી વીતરાગ–પ્રભુની અષ્ટપ્રકારી પૂજા વગેરે સ્વ–હસ્તે સ્વ–દ્રવ્યથી કરવાની વાત પર ખૂબ છણાવટપૂર્વક પ્રકાશ પાથરી મહોત્સવ દરમ્યાન અનેક ભાવિક પુણ્યાત્માઓ દ્વારા શહેરના ખૂણે–ખાંચરે કે દૂર રહેલા જિનાલયોમાં શ્રાવક–શ્રાવિકાઓને સ્વ–હસ્તે પૂજા કરવા–કરાવવાની પ્રેરણા આપી. અનુપયોગથી થતી ઘણી આશા-તનાઓ દૂર કરાવી.

ચોમાસા પછી **અદબદજી-દેલવાડાની** સ્પર્શના કરી **રાજનગર-દયાલશાહનો કિલ્લો, કરેડા તીર્થ** આદિની સ્પર્શના કરવાની ભાવના હતી, પણ **શેઠ મંગળચંદજી સિંઘીને** પોતાના માત-પિતાના શ્રેયાર્થે જિનેન્દ્ર-ભક્તિ-મહોત્સવ કરવા ભાવના થવાથી **દેલવાડા** જઈ વિનંતી કરી પો. સુ. ૫ ના મંગલ પ્રભાતે પૂજ્યશ્રીને **ઉદયપુર** પાછા તેડી લાવ્યા.

પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ-પ્રભુના દહેરાસરમાં આઠ દિવસનો શ્રી **જિનેન્દ્ર-ભક્તિ-મહોત્સવ** થયો. ધર્મપ્રેમી જનતાએ ઓચ્છવ દરમ્યાન વ્યાખ્યાન અને પૂજા વિગેરેમાં સારો લાભ લીધો.

આ વખતે પૂજ્યશ્રીની પ્રેરણાથી અહીં શ્રીસંઘમાં એ મંગલ કાર્ય થયું- કે **સાગર** શાખાના અનેક મુનિ-ભગવંતોના સહકાર-ઉપદેશ-પ્રેરણાથી **ઉદયપુરમાં** અનેક ધાર્મિકસ્થાનો બનેલા છે એ વાત **સાગર-શાખાના** તે મુનિઓના જીવન પ્રસંગોથી સ્પષ્ટ સમજાય છે.[1]

તેમાં એક વાતનો ઉલ્લેખ આવી ગયો છે કે **વિ. સં. ૧૮૧૫** લગભગ શ્રી **સાગર-શાખાના** આઠમા પટ્ટધર પૂ. **મુનિશ્રી સુજ્ઞાન સાગરજી** મ. શ્રી એ પ્રાચીન આગમો પુસ્તકો વિગેરેનો સંગ્રહ કરી શ્રુતજ્ઞાનની ભક્તિના પ્રતીકરૂપે જ્ઞાનભંડારની સ્થાપના કરેલ.

ઉદયપુરના શ્રી સંઘ હસ્તે તે જ્ઞાન ભંડારને રાખી **સાગર-શાખાના** વિશિષ્ટ પ્રભાવક. **પૂ. મુનિશ્રી ભાવસાગરજી મ., પૂ. મુનિશ્રી નાણસાગરજી** મ, **પૂ. મુનિશ્રી નિધાન સાગરજી મ.શ્રીએ** તે જ્ઞાનભંડારમાં વિવિધ પ્રાચીન હસ્તલિખિત આગમ ગ્રંથો વગેરે શ્રુત-જ્ઞાનના અણમોલ વારસાને અનેક સ્થાનેથી મેળવી સુસમૃદ્ધ અને સુવ્યવસ્થિતપણે મહત્વનો બનાવેલ.

છેલ્લે છેલ્લે **વિ. સં. ૧૯૧૪**ના ચોમાસામાં **પૂ. મુનિ શ્રી નિધાન સાગરજી** મ. શ્રી એ **ઉદયપુર** શ્રી સંઘના ધર્મનિષ્ઠ આગેવાન શ્રાવક **શાહ કિશનચંદજી** ચપડોદ આદિને બોલાવી ભલામણ કરેલ કે-

" हमारे साधु-लोग गुजरात तर्फ हैं। वे इधर पधारें ऐसा अभी नही लगता। मेरा शरीर अब थका है, अतः आप लोग हमारी सागरपरंपराके साधु-भगवंतोंने ये जिनमंदिर, उपाश्रय एवं ज्ञानभंडार आदि जो धर्मस्थान बनवायें हैं, इन सबकी देखभाल धार्मिक-दृष्टिको एवं आत्म-कल्याण-बुद्धिसे करते रहें। हमारी सागर परंपराके योग्य अधिकारी साधु भविष्यमें इधर पधारें तो उनकी देखरेखमें, नहीं तो जो भी सुविहित-गीतार्थ साधु भगवंत पधारें उनकी देखरेखमें किसी तरह इन धर्मस्थानोंकी आशातना न हो इस तरह देखभाल करते रहना। इसमें प्रमादशील न बनना " આદિ

આ જ્ઞાનભંડારની દેખરેખ **શ્રી કિશનજી ચપડોદ** વગેરે શ્રીસંઘના આગેવાન શ્રાવકો

---

૧. પ્રસ્તુત પુસ્તકના પ્રથમ ભાગ (પ્રક. ૨૧ પા. ૩૪૦ થી ૩૫૪)માં સાગર શાખાના અનેક મહાપુરુષો છે કે જેમના પુણ્ય પ્રભાવે ઉદયપુર શ્રી સંઘના અનેક ધર્મકાર્યો થયાની નોંધ છે.

રાખતા હતા, **સાગર**–શાખાના કે બીજી શાખાના કોઈ પ્રભાવશાલી કે સામાન્ય સંવેગી–સાધુઓનો વિહાર–સંપર્ક સદંતર ન રહેવાના પરિણામે શ્રાવકો પોતાની સૂઝ પ્રમાણે જ્ઞાનભંડારની સાચવણી કરતા હતા.

તેમાં **પૂ. શ્રી ઝવેરસાગરજી** મ. નો પ્રૌઢ પુણ્ય–પ્રભાવ, આગમાનુસારી શુદ્ધ–દેશના, નિર્મળ ચારિત્ર અને બે ચોમાસાથી શ્રી સંઘમાં આવેલ અનેરી ધર્મ–જાગૃતિ આદિથી શ્રીસંઘના આગેવાનોને લાગ્યું કે–" સં. ૧૯૧૪માં **પૂ. શ્રી નિધાનસાગરજી** મ. ના કહેવા પ્રમાણે ગુજરાત તરફથી **સાગર**શાખાના વિશિષ્ટ પ્રભાવક આ મુનિપુંગવનો લાભ આપણને મળ્યો છે, તો આ પૂજ્યશ્રીને આપણો જ્ઞાનભંડાર બતાવી તેની સુરક્ષા–વૃદ્ધિ માટે જરૂરી માર્ગદર્શન મેળવીએ."

આવું વિચારી શ્રી સંઘના આગેવાન શ્રી **કિશનજી ચપડોદ** વગેરે શ્રાવકોએ પૂજ્યશ્રીને જ્ઞાનભંડાર નિહાળવા માહ સુ. ૮ ના વ્યાખ્યાનમાં **વિનંતિ** કરી બપોરના સમયે પૂજ્યશ્રીએ પોતાના પૂર્વ–ગુરુઓએ શ્રુતજ્ઞાનની સુરક્ષાના શુભ ઉદ્દેશ્યથી સ્થાપેલ જ્ઞાનભંડારનું ભાવપૂર્વક નિરીક્ષણ કરી શ્રાવકોની પોતાની સીમિત મર્યાદાઓના કારણે જ્ઞાનની સાચવણીમાં ખૂબ જ ત્રુટિ જણાઈ, તે પૂજ્યશ્રીએ અઢી મહિનાનો સમય આપી અધિકારી–શ્રાવકોની સહાયથી આખો જ્ઞાનભંડાર અથ થી ઇતિ સુધી બંધનો, વીંટણા, ડાબડા, કબાટ વગેરેની સ્વચ્છતા–પડિલેહણા પ્રમાર્જના કરી જુના અને સડી ગયેલ ને કાઢી નવેસરથી બંધનો, વીંટણા, ડબ્બા, કબાટ વગેરે બનાવડાવી આખો જ્ઞાનભંડાર સુંદર વિગતવાર નોંધ બનાવવા સાથે વ્યવસ્થિત કર્યો.

અનેક નવી ઉપયોગી પ્રતો લહીયાઓ પાસે લખાવી ઉમેરવા અને અનેક પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ કરી જ્ઞાનભંડારને વધુ સમૃદ્ધ બનાવવા પૂજ્યશ્રીએ શ્રીસંઘનું ધ્યાન દોર્યું.

ચૈત્ર માસની શાશ્વતી ઓળીજીના દિવસોમાં સામુદાયિક શ્રી નવપદજીની આરાધના માટે પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં ખૂબ પ્રેરણા કરવાથી અનેક આરાધકોને વિધિ સાથે **શ્રી નવપદજી**ની આરાધના માટે વિચાર થયો.

આ પ્રસંગે **શા. ટેકચંદજી નલવાયા** તરફથી **શ્રી ગોડીજી** મહારાજના દહેરે અષ્ટાન્હિકા મહોત્સવ પણ ખૂબ ઠાઠથી શાસન પ્રભાવના સાથે થયો, જેથી શ્રી નવપદજીના આરાધકોનો ખૂબ ભાવોલ્લાસ વધ્યો.

ત્યાર પછી વૈશાખ–જેઠ બે મહિના આસપાસના પ્રદેશોમાં વિહરવા ભાવના હતી, પણ નાગોર, પોકરણ, જોધપુરથી લહીયાઓ બોલાવેલ તેમની પાસે હાથના બનાવેલ કાશ્મીરી કાગળ પર જુના અપ્રાપ્ય પ્રાચીન આગમો, પ્રકરણગ્રંથો, ચરિત્રો વગેરે લખાવવાની પ્રવૃત્તિ સારી જોરદાર ચાલી, આવી આવી અનેકવિધ પ્રવૃત્તિઓના કારણે પૂજ્યશ્રીએ ઉદયપુરમાં સ્થિરતા કરી. છેવટે

ચાતુર્માસ નજીક આવવાથી લાભાલાભ વિચારી સં. ૧૯૩૬નું ચોમાસું શ્રીસંઘના બીજા અનેક ધર્મ-કાર્યોની સુવ્યવસ્થા અંગે શ્રીસંઘના આગ્રહથી કર્યું.

ચોમાસામાં શરૂઆતમાં જ આર્યસમાજી લોકોએ **સત્યાર્થપ્રકાશના** આધારે જૈનોનો ધર્મ નાસ્તિક વેદબાહ્ય અને હુંબગ-વાતોથી ભરેલ છે, એમ કરી જાહેરમાં જૈનધર્મ, તેનાં શાસ્ત્રો, સાધુઓ અને તેમની માન્યતાઓનો ઉપહાસ ભર્યો પ્રચાર કરવા લાગ્યા.

પૂજ્યશ્રીએ વેદ-સ્મૃતિ-ગીતા-મહાભારતના દાખલા ટાંકી જૈનોના તીર્થંકરો તો વેદની ઋચા-મંત્રોમાં ગુંથાયેલ છે અને ઈશ્વરની માન્યતા અંગે ચાલી આવતી ધારણાઓ કેટલી ભ્રામક અને પોકળ છે ? તે જાહેરમાં ચર્ચવી શરૂ કરી.

શ્રી દયાનંદજીને મૂર્તિપૂજા પરના બસો ગયેલા વિશ્વાસના આધારે કેવા અપ્રામાણિક તર્કોનો સહારો લઈ અને વેદોની ઋચાઓના અર્થો મરડીને પોતાની વાત એકતરફી રજુ કરી છે ? તેની પણ ખૂબ છણાવટ કરી.

સનાતનીઓ પૂજ્યશ્રીના આ વિવેચનથી આકર્ષાઈ આર્યસમાજે તો વૈદિક-પરંપરાનો જબ્બર દ્રોહ કર્યો છે, અનાદિકાળની ચાલી આવતી મૂર્તિપૂજા પર મોટા કુઠારાઘાત કર્યા છે, એ પોતાની માન્યતાને જબરો ટેકો જૈન-સાધુ દ્વારા મળી રહ્યાનું જાણી સનાતની આગેવાન વિદ્વાનો, ગૃહસ્થોએ પૂજ્યશ્રીને ખૂબ પ્રેમ-આદરથી સાંભળ્યા અને "**દુશ્મનનો દુશ્મન તે આપણો મિત્ર**" એ સૂક્તિના આધારે આખા **ઉદયપુર** શહેરમાં સનાતનીઓના પ્રબળ સહકારથી પૂજ્યશ્રીએ **આર્ય-સમાજની** માન્યતાઓનું સચોટ દલીલોથી **નિરસન** કરવા માંડયું, તેની ખૂબ પ્રભાવશાળી છાયા આખા **ઉદયપુર**-શહેરમાં ખૂબ વ્યાપક-પ્રમાણમાં ફેલાઈ.

આર્યસમાજીઓએ ગંગેશ્વરાનંદજી નામના પોતાના વિદ્વાન-સંન્યાસીને બહારથી તેડાવી શાસ્ત્રાર્થનો ડોળ કર્યો. પૂજ્યશ્રીએ સનાતનીઓના વેદ-વેદાંગપારગામી અનેક ધુરંધર પંડિતોનો સહકાર મેળવી વેદ, ઉપનિષદ્, આદિના આધારે **આર્યસમાજની** માન્યતાઓની અસારતા જાહેર કરી.

આમાં પ્રસંગે-પ્રસંગે જૈન ધર્મના સિદ્ધાંતો, તત્ત્વો, અને માન્યતાઓની અણસમજથી વિકૃત રૂપે **શ્રી દયાનંદસ્વામીએ** કેવી ભળતી રજુઆત કરી ? તે **સત્યાર્થપ્રકાશના** ફકરા અને શાસ્ત્ર-પ્રમાણોથી સમાંતર-શૈલિએ જણાવી જાહેર જનતાને આર્યસમાજીઓની પોકલ-પ્રચારનીતિના કૂટ-પાશમાંથી બચાવી જૈનધર્મનો જયજયકાર વર્તાવ્યો.

પર્વાધિરાજની સુંદર ઉલ્લાસભરી આરાધના થઈ, મહાસૂત્ર શ્રી કલ્પસૂત્રજીના વાંચન અર્થે ઉમંગપૂર્વક ભવ્ય ગજરાજ પર શ્રી કલ્પસૂત્રને પધરાવી રથયાત્રા, રાત્રિજાગરણ વગેરે કાર્યક્રમ સાથે અપૂર્વ ધર્મોલ્લાસ જૈન શ્રીસંઘમાં પ્રવર્તાપ્યો.



ભા. સુ. ૧ જન્મ-વાંચનના અધિકાર પ્રસંગે પૂજ્યશ્રીની પ્રેરણાથી સુંદર ચાંદી-જડિત કલાત્મક ચૌદ સ્વપ્નો ઉતારવાની પુરાતન-પદ્ધતિને ધર્મપ્રેમી જનતાએ અત્યંત ઉલ્લાસથી અપનાવી હજારોના ચઢાવા બોલી હાર્દિક ભક્તિ અનુરાગ દર્શાવ્યો.

તે પર્વાધિરાજના દિવસોમાં જ યથોત્તર ચઢતી કલાએ ધર્મધ્યાનની પ્રવૃત્તિના પરિણામે **શેઠશ્રી ઇંદ્રચંદજી** તાંતેડના વિધવા પત્ની **શ્રી છોગાબાઈએ શ્રી** નવપદજીઓળીની વિધિપૂર્વક કરેલ આરાધના-ઉજમણા અંગે અષ્ટાન્હિકા-મહોત્સવની રજા શ્રીસંઘ પાસે માંગી.

શ્રી સંઘે પણ ધર્મકાર્યોની ચઢતી ભાવનાને અનુરૂપ બહુમાન કરી તે અંગે રજા આપી.

સુશ્રાવિકા **છોગાબાઈએ** પૂજ્યશ્રીની પ્રેરણા મેળવી પાંચ ભારે અને ચાર સાદા એમ નવ છોડનું ઉજમણું તે અંગેની જ્ઞાન-દર્શન-ચારિત્રના વિવિધ ઉપકરણો યથાયોગ્ય રીતે નવ-નવની સંખ્યામાં લાવી **શ્રી ગોડીજી મહારાજ**ના દેરાસર પાસેના ઉપાશ્રયમાં ઉજમણું ભવ્ય રચનાત્મક ગોઠવી શ્રી નવપદજીની ઓળીની આરાધના કરનારા દરેકને ઉત્તરપારણું કરાવી પોતાના ખર્ચે આંબેલની ઓળી કરાવી. તે દરમ્યાન શ્રીવીતરાગ પ્રભુના ગુણગાન સાથે **શ્રી જિનેન્દ્રભક્તિ-મહોત્સવ** ખૂબ ઠાઠથી કરાવ્યો.

આ પ્રસંગે પત્રિકા દ્વારા આસપાસનાં શ્રી સંઘોને પણ શ્રીનવપદારાધના માટે અને મહોત્સવમાં પધારવા માટે આમંત્રણ આપેલ.

પાછલા દિવસોમાં આજુબાજુના સેંકડો ધર્મપ્રેમી ભાવુકો આવી પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળી ઉજમણાનાં દર્શન કરી પ્રભુભક્તિ મહોત્સવનો લાભ લીધો.

પૂજ્યશ્રીની દેખરેખમાં જોધપુર, નાગોર, પોકરણ વગેરેના લહીયાઓ કામ કરતા હતા. તેમની પાસે લખાવીને તૈયાર કરેલ અનેક પ્રતો આ ઉજમણા દરમ્યાન **શેઠાણી છોગાબાઈએ** પધરાવવાનો લાભ લીધો.

આ ઉપરાંત આગમો લખાવવા અંગે પોતાની ભાવના વ્યક્ત કરી.

ઓળીજી પછી પૂજ્યશ્રીએ ગૃહસ્થોનું ધ્યાન ખેંચી. સોનું-ચાંદી અને ઝવેરાત કરતાં પણ વધુ કિંમતી શ્રુત-જ્ઞાનના ધનની જાળવણી માટે ઉધઈ-જીવાત ન લાગે તેવા સુંદર ઓક, સાગ વગેરેના પાટીયાના ડબ્બા બનાવડાવી લાલ રંગથી રંગાવી સુંદર બંધનો-પાકા વીંટકણોમાં વીંટાળી જ્ઞાનભંડારને વધુ સુરક્ષિત બનાવવા ખૂબ જહેમત ઉઠાવી.

આ પ્રમાણે અનેકાનેક ધર્મકાર્યોથી ચાતુર્માસ સંપૂર્ણ થયા પછી તુર્ત વિહારની ભાવના છતાં શ્રી **ગોડીજી દેરાસરના** વિ.સં. ૧૯૩૬ના વૈશાખથી શરૂ થયેલ જીર્ણોદ્ધારના કામની

શિથિલતા દૂર કરવા તેમજ જ્ઞાનભંડારને સુ-સમૃદ્ધ બનાવવા, અનેક લહીયાઓ રોકી પ્રાચીન શ્રુતગ્રંથોની પ્રતિઓને સુરક્ષિત પણે નવેસરથી લખાવવાની પ્રવૃત્તિ દેખરેખ વિના મંદ થવાનો સંભવ જાણી પૂજ્યશ્રીએ સ્થિરતા કરી.

પરિણામે શરૂ થયેલ શ્રી ગોડીજી મહારાજના દેરાસરનું જીર્ણોદ્ધારનું કામ પૂરૂં કરાવી **ઉદયપુરની** પ્રખ્યાત કાચ-જડતરની કળા અને સુંદર પાકારંગની ચિત્રકળાથી ગોડીજીનું દેરાસર સુંદર દર્શનીય બનાવડાવ્યું, અને **સાગર-શાખાના** મુનિરાજોના ઉપદેશથી સ્થપાયેલ પ્રાચીન જ્ઞાન-ભંડારના મકાનને પણ જરૂરી સમારકામ કરાવી, જ્ઞાનના બહોળા સંગ્રહને સુરક્ષિત કરાવ્યો, અનેક લહીયાઓ મેસાડી જુની પ્રતોને નવેસરથી લખાવી જ્ઞાનભંડારની સમૃદ્ધિમાં વધારો કરાવ્યો.

આ ઉપરાંત માહ સુ. ૧૦ ના દિવસે **સહસ્રફણા શ્રીપાર્શ્વનાથ-પ્રભુના** જિનાલયના રંગમંડપમાં બન્ને બાજુ ત્રણ-ત્રણ પ્રતિમાજીની પ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક કરાવી.

આ પ્રસંગે પુણ્યવાન શ્રાવકોએ ભાવોલ્લાસથી **શ્રી ગોડીજી** અને **સહસ્રફણા શ્રીપાર્શ્વ-નાથ** પ્રભુના મુકુટ-કુંડલ વગેરે સ્વર્ણાભૂષણો બનાવી પ્રભુજીને ચઢાવ્યા.

ફાગણ-ચોમાસી પ્રસંગે હોળી-ધૂળેટીના નામે મિથ્યત્વીઓએ આચરેલ પ્રગાઢ પાપનો બંધ કરાવનાર રીત-રિવાજોને છોડવા જોરદાર ઉપદેશ આપી. અનેક ભાઈ-બહેનોને લૌકિક-મિથ્યાત્વના ફંદામાંથી બચાવ્યા.

વળી શાશ્વત નવપદ-આરાધનાની ચૈત્રી ઓળી પ્રસંગે વિશિષ્ટ પ્રેરણા કરી શ્રી નવપદજીની આરાધના કરનારાને વ્યવસ્થિત સગવડ મળી રહે તે શુભ આશયથી કાયમી ચૈત્રી-આસો મહિનાની ઓળી કરાવવાનું શ્રી સંઘ તરફથી ઠરાવવામાં આવ્યું. *

ચૈત્રી ઓળી પૂરી થયા પછી પૂજ્ય શ્રી ભીલવાડા તરફ વિહારની ભાવનાથી ચૈત્ર વદમાં તૈયારી કરવા લાગ્યા, ત્યારે **ઉદયપુર** શ્રીસંઘના આગેવાનોએ આવીને વિનતિ કરી કે-

" साहेब ! गत चोमासेमें आर्यसमाजीयोंने जो खलभली मचाइ थी, उनके पं-गंगेश्वरानंदजी, आपकी विद्वत्ताके सामने चूप बन गये थे।

तर्कोकी बौछार वे बरदास्त नही कर सके थे !

પરંતુ " हारा जुआरी दूना खेले ' कहावतके अनुसार उनलोगोंने बडी भारी तैयारी करली है ! देहलीसे धुरंधर विद्वान शास्त्रार्थमहारथी ' स्वामी सत्यानंदजीको आग्रहपूर्वक बुलवानेका तय किया है

* આજે પણ ઓળીની આરાધના સામૂહિકરૂપે સારી રીતે ચાલુ છે જ, ઉપરાંત હવે તો કાયમી-**વર્ધમાનતપ આયંબિલ ખાતું** સ્થપાઇ ગયું છે, જેમાં બારે મહિના આંબિલતપની સુંદર વ્યવસ્થા શ્રી સંઘ તરફથી થાય છે.

ऐसी स्थितिमें आप वहाँ से पधार जायें तो 'धणी बिनाका खेत सूना' कहेवतकी ज्यों यहां तो मिथ्यात्वका घोर अंधेरा छा जाय ! अतः कृपा करो महाराज। आपको यह आगामी चौमासा यहां ही करना पडेगा।

अभी चौमासेमें भले ही देर हो ! किन्तु न जाने यह बवंडर कब उठे ? और बखेडा फेलादे !

आप अभी विहारका नाम ही न लो ! ! ! "

પૂજ્યશ્રી એ કહ્યું કે " महानुभाव ! बात आप लोगोंकी ठीकहै ! किन्तु एक ही गाँवमें बारबार चातुर्मास करना उचित नही, आप लोग यह तो समाचार लावें कि देहलीवाले पंडितजी अभी आ रहे हैं या चौमासेमें ? अभी आते हों तो वैशाख-जेठमें आठ-दश दिनमें फैसला हो जायं और मैं भी भीलवाडा तर्फ जा सकूं !

શ્રાવકોએ કહ્યું કે-बापजी सा. ! ये पक्के समाचार तो नही मिले हैं, ये समाचार भी खानगी रुपमें हमको मिल गये तो हम आपके पास आये है

अचानक हुमला करने की फिराकमें हैं, तो क्या ठिकाना कि कब ये लोग अपने शासन पर आक्रमण कर बैठे!

आप तो शास्त्रोंके मर्मज्ञ हैं ! दुश्मन सिरपर झूम रहा है ! न जाने कब आक्रमण कर दे ? अतः कृपया आप शासनके लाभार्थ विहारका विचार छोड दें" आदि.

પૂજ્યશ્રીએ કહ્યું કે-" जैसी क्षेत्र—स्पर्शना " **એમ કહી વિહાર સ્થગિત રાખ્યો.**

જેઠ વદ લગભગમાં ખૂબ જ ધામધૂમ સાથે આર્યસમાજીઓએ દિલ્હીના પંડિતજીનો નગર-પ્રવેશ કરાવી રાજમહેલના ચોકમાં ભવ્યમંડપ બાંધી પંડિતજીનાં પ્રવચનો શરૂ કરાવ્યાં.

પંડિતજીએ પણ જાત-જાતના ચિત્ર-વિચિત્ર તર્કોથી મૂર્તિપૂજાની અસારતા તથા સનાતન ધર્મીઓની કેટલીક માન્યતાઓની પોકળતા પ્રતિપાદિત કરી **ઉદયપુરની** ધાર્મિક-પ્રજામાં જબરો ખળભળાટ મચાવી દીધો.

જૈન શ્રી સંઘના આગેવાનોનો સંપર્ક સાધી સનાતનીઓએ પૂ. શ્રી અવેરસાગરજી મ. ને વિનવ્યા કે " केवल बुद्धि के बलंगडरुप अनेक कुतर्कों से भरपूर शब्दाडंबरवाले इन व्याख्यानोंसे मुग्ध जनता भ्रमित सी हो उठी है ! आप तो वादकला के अठंग निष्णात हैं, रतलाममें आपने अपनी जो प्रतिभा दिखाई थी, उसके भरोसे हम आपके पास आये हैं" आदि,

પૂજ્યશ્રીએ કહ્યું કે " महानुभाव ! आप लोगोंका कथन यथार्थ है ! यह कलियुगकी महिमा है कि वादविवादके जंजालमें सत्यको छिपाया जाता है ! भैया ! इस तरह कुतर्कोंके सहारे कभी असलीयत को छीपाई नहीं जा सकती ! फिर भी आप लोगोंका हार्दिक-प्रेमका महत्व समझकर मैं अपनी पूरी शक्तियोंको इस बवंडर को हटाने हेतु लगानेको तैयार हूं ! "

એમ કહી જાહેર વ્યાખ્યાનો-પ્રશ્નોત્તરી-ચર્ચા સભા વગેરેથી આર્યસમાજી-સાહિત્યની પોકળતા તેમના કૂટ તર્કોના દેખાવતા ઘટાટોપ પાછળ રહેલી નિર્બળતા આદિ જાહેર જનતા સમક્ષ મુકવા માટેની ક્રમબદ્ધ-યોજના બનાવી.

જે સાંભળી સનાતની–આગેવાનો ખૂબ પ્રસન્ન થયા. પછી જૈનશ્રીસંઘના આગેવાનો સાથે મસલત કરી **ઉદયપુર**–શહેરની સમસ્ત ધાર્મિક–પ્રજાના નામે છટાદાર શૈલિમાં મોટી પત્રિકાઓ કાઢી **સ્વામી દયાનંદજી**ના ક્રાંતિના નામે સ્વચ્છંદવાદને ઉત્તેજક તથા એકાંગી શાસ્ત્રીય–પરંપરા સાથે મેળવગરના વિચારો સામે જબ્બર ઉહાપોહ મચાવ્યો, અને પૂ. શ્રી **ઝવેરસાગરજી મ.** ને જાહેરમાં બેસાડી તેમની પ્રૌઢ–વિદ્વત્તાભરી–શૈલિ અને અકાટ્ય ક્રમબદ્ધ દલીલોની પરંપરાના બળે ટૂંક દિવસમાં **આર્યસમાજી**ઓને પોતાની વાત રજુ કરવી ભારે કરી દીધી.

પરિણામે છંછેડાયેલા કેટલાક **આર્યસમાજી**ઓએ ચેલેંજના ઓઠાતળે **શાસ્ત્રાર્થ**નું આહ્વાન જાહેર–સભામાં કર્યું, જેને પૂજ્યશ્રીએ શહેરની ધાર્મિક પ્રજાના સમૂહવતી જાહેરમાં સ્વીકારી લવાદ અને સ્થળના નિર્ણય માટે શહેરના અગ્રગણ્ય–નાગરિકોને પ્રેરણા કરી.

રાજમહેલ આગળના જાહેરચોકમાં સનાતનીઓએ વ્યવસ્થિત ગોઠવણી કરી તે મુજબ શ્રાવણ વદ. ૩ ના મંગલ પ્રભાતે **સ્વામીજી દયાનંદ**નો ઝંડો લઈ ફરનારા પંડિતોથી પરિવરેલા **સ્વામી સત્યાનંદજી** અને સારા ધુરંધર કર્મકાંડી વેદપાઠી બ્રાહ્મણો આદિથી પરિવરેલ **પૂ. શ્રી ઝવેરસાગજી મ.** ની વિચાર–સભા શરૂ થઈ.

વચ્ચે જૈનશ્રી સંઘના બે, સનાતનીઓના સાત, અને આર્યસમાજીઓના છ પંડિતો મળી પંદર પંડિતો મધ્યસ્થરૂપે બેઠા, જેઓ બંને તરફની વાતોની નોંધ કરે, તર્કોના ખુલાસા બરાબર છે કે ? તે ટાંકવા સાથે વાદમાંથી વિતંડાવાદ ન થવા પામે તેની તકેદારી દાખવતા.

શરૂઆત પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. શ્રીએ સંસારમાં **ધર્મ–દર્શન અને તેની ભેદરેખા** જણાવવા સાથે **બધા ભારતીય દર્શનો તત્ત્વ–દર્શનની ભૂમિકાએ એક છે.** એ વાત સચોટ રીતે દર્શાવી **"સનાતનીઓની માન્યતાના આધારભૂત વેદો–ઉપનિષદોના આધારે મૂર્તિપૂજા યથાર્થ છે"** એ વાદનું પ્રતિપાદન કર્યું.

પછી **આર્યસમાજી**–સ્વામીજીએ તેના ખુલાસામાં ભારતીય દર્શનો જુદી જુદી મતિકલ્પના રૂપ છે," "સનાતનીઓમાં પણ વેદની માન્યતા છતાં તેના પર પૂર્ણ શ્રદ્ધા સાથે વૈદિક–વિદ્વાનો ટકી શકયા નથી" વગેરે જણાવી મૂર્તિપૂજાની અસારતા અંગે કેટલાક તર્કો રજુ કર્યા.

પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. શ્રીએ દરેક મુદ્દાના વેદ–ઉપનિષદ્–શ્રુતિ–સ્મૃતિ અને વ્યવહારૂ તર્કોના આધારે સચોટ ખુલાસા કર્યા.

આ પ્રમાણે પ્રથમ દિવસે બે કલાક ચર્ચા ચાલી, આ રીતે ત્રણ દિવસ ચાલ્યા પછી **આર્યસમાજી સ્વામીજી**એ એ ચર્ચા–વિચારણાની તટસ્થ નીતિને છોડી પોતાના મૂળગ્રંથ **સત્યાર્થ પ્રકાશના** આધારે વૈદિક ધર્મ અને જૈનધર્મ પર ખુલ્લા આક્ષેપો ઉગ્ર ભાષામાં કર્યા.

એટલે પૂજ્યશ્રીએ પણ વધી ગયેલ રોગનો પ્રતિકાર માટે વપરાતા ઉગ્ર-ઔષધની જેમ કઠોર ભાષામાં **સ્વામી દયાનંદજી**ની મૌલિક વિચાર-સરણિમાં રહેલ અપૂર્ણતા છડે ચોક વર્ણવી.

સત્યાર્થપ્રકાશના ફકરાઓ પરસ્પર વિરોધી કેવા છે ? તથા-વેદ-ઉપનિષદ્ આદિથી કેવા વિરૂદ્ધ છે ? તે શાસ્ત્રના પ્રમાણો ટાંકી જાહેર કર્યું, સાથે સાથે જૈન-તત્ત્વજ્ઞાનની પરિભાષાનો પ્રાથમિક અભ્યાસ પણ **સ્વામી દયાનંદજી**ને ન હતો તેની સાબિતી જૈનધર્મના ખંડનમાં જણાવેલ વિગતો જૈન ગ્રંથોથી કેટલી વિપરીત છે ? તે જણાવી ભારોભાર જૈનધર્મનું અજ્ઞાન **સ્વામી દયાનંદજી**ને હતું, એ વાત પણ સચોટપણે જાહેર કરી.

જેના જવાબો આવતી કાલે આપવાનું કહી **સંન્યાસીજી** સ્વ-સ્થાને ગયા અને બીજે દિવસે **સંન્યાસીજી**ની તબિયત નરમની જાહેરાત **આર્યસમાજીઓએ** કરી અને થોડા દિવસો બાદ **સ્વામીજી સત્યાનંદજી** હવા-ફેર માટે બહારગામ ગયાની જાહેરાત કરી, જેથી વાદવિવાદ અધૂરો રહેવા પામ્યો.

પણ સમજુ વિવેકી-જનતાએ સત્ય પારખી લીધું કે " પૂજ્યશ્રીએ આપેલ ખુલાસાઓના જવાબ **આર્યસમાજી** સ્વામીજી આપી ન શકયા. " અને તબિયતનું બહાનું કાઢી **ઉદયપુર** છોડી ગયા,

" આ વાત જણાવી આપે છે કે હકીકતમાં સત્ય તત્ત્વ ને સ્વીકારવાની નૈતિક હિંમત તેઓમાં નથી. માત્ર પોતાની વાત મુગ્ધ-જનતા આગે અમકચરી દલીલોથી રજુ કરવાની વાક્પટુતા શબ્દ-પંડિતાઈ જ માત્ર છે."

આ રીતે પૂજ્યશ્રીનું વિ. સં. ૧૯૩૬ નું **ઉદયપુર**નું ચોમાસું હજી પણ **ઉદયપુર**ના વયોવૃદ્ધ બુઝર્ગ પુરૂષો યાદગાર તરીકે સંભારે છે, વધુમાં એમ પણ કહે છે કે-" यदि आर्यसमाजीओं को जडबातोड जवाब देने वाले पूज्यश्री ज्ञवेरसागरजी म. उस समय यहाँ नहीं होते तो आधा उदयपुर आर्यसमाज की चंगुलमें फंस जाता "

આ રીતે ચોમાસાના પ્રારંભે જ શાસનનો જયજયકાર વર્તાવનાર આ ઘટના થવાથી પૂજ્યશ્રીની અગાધ વિદ્વત્તા અને અનેક શાસ્ત્રોનુ જાણપણું **ઉદયપુર**ની જાહેર જનતાને થવાથી ચોમાસા દરમ્યાન જૈનેતર પ્રજાએ પૂજ્યશ્રીના સંપર્કનો સારો લાભ ઉઠાવ્યો.

પૂ.મ.શ્રીની મંગળપ્રેરણાથી વિવિધ-તપસ્યાઓની આરાધના સાથે પ્રભુશાસનની મહત્ત્વપૂર્ણ સમજુતી અનેક ભાવિક પુણ્યાત્માઓએ મેળવી. આ રીતે આ ચાતુર્માસ પૂજ્યશ્રીનું શ્રીસંઘને ખૂબ ભાવોલ્લાસ વધારનાર નીવડ્યું.

પૂજ્યશ્રીએ ચોમાસું પૂર્ણ થતાં જ **ઉદયપુર** શ્રીસંઘનો ઘણો આગ્રહ છતાં કા.વ.૧૦ વિહાર

કરી [૧]આહડ (શ્રી ઉદયપુરના મહારાણાની પ્રાચીન રાજધાની) શ્રી અદબદજી, [૩]દેલવાડા, [૪]દયાલશાહનો કિલ્લો–રાજનગર, [૫]શ્રી કરેડાતીર્થ અને [૬]ચિત્તોડ ગઢ આદિ પ્રાચીન તીર્થોની સ્પર્શના કરી, વિહાર ક્રમે આવતા ગામોમાં સંવેગી–સાધુઓનો પરિચય ઘટી જવાથી અને સ્થાનક–

---

૧ આ ગામ વર્તમાન ઉદયપુરથી પૂર્વ દિશાએ ૩માં. પર છે જે મેવાડના મહારાણાઓની પ્રાચીન રાજધાનીરૂપ હતું, જ્યાં વિ.સં. ૧૨૮૫માં મેવાડના મહારાણાએ જે પવિત્રભૂમિ પર પ્રભુ મહાવીર પરમાત્માની ૪૪મી પાટે બિરાજમાન પૂ. આ. શ્રી જગતચંદ્રસૂરીશ્વરજી મ.ને વર્ષોની આંબેલ આદિની ઉગ્ર તપસ્યાના કારણે તપા એવું બિરૂદ આપેલ અને દિગંબરો સાથે વાદમાં હીરાની જેમ અભેદ્ય નિવડયા તેથી પણ સુપ્રસન્ન થયેલ મહારાણાએ તપસ્વી–હીરલા એવું બિરૂદ ભેટ કરેલ.

જ્યાં આજે પણ શ્રી સંપ્રતિમ.ના કાળના દેરાસરો–જિનબિંબો આ ભૂમિના અતિપ્રાચીનતાની સાક્ષી પૂરી રહ્યાં છે.

૨ મેવાડની રાજગાદીના પરમારાધ્ય શ્રી એકલિંગજી મહાદેવના રાજ્ય–માન્ય સ્થાન પાસે જ ઉત્તરમાં ૧। માઈલ પર આ તીર્થ છે, જ્યાં શ્રી શાંતિનાથપ્રભુની ૧૦ થી ૧૨ ફૂટની બેઠી શ્યામ અત્યંત સુંદર પ્રતિમાજી છે, આ મંદિરની આસપાસ અનેક જૈનમંદિરોના ભગ્નાવશેષો છે.

૩ મેવાડની રાજ્યસત્તાના પરમારાધ્ય શ્રી એકલિંગજી મહાદેવના તીર્થ પાસે ત્રણથી ચાર માઈલ આ ગામ છે, લોક પ્રખ્યાતિમાં આબૂ ગિરિરાજ પરનું દેલવાડા પ્રખ્યાત છે, પણ વિક્રમની આઠમી સદીથી સોળમી સદીના મધ્યભાગ સુધી અપૂર્વ ઝાહોજલાલી અને ધર્મપ્રકાશથી ઝળહળતા આ પ્રદેશમાં તે વખતે શ્રી અદબદજીના દહેરાસરથી માંડી પૂર્વ દિશા તરફ એકલા દહેરાસરો જ દહેરાસરો, વૃદ્ધ પુરૂષોની કહેતી પ્રમાણે ત્રણસો આઠ ઝાલરો આરતી–ટાણે વાગતી.

આ રીતના ૩૬૦ દેરાસરોના જૂથવાળો આ દેવકુલપાટક તરીકે કહેવાતો, જે આજે ક્રમે કરી–દેઉલવાડા= દેલવાડા થયેલ છે.


આજે પણ આ સ્થળે અતિભવ્ય ભાવના જિનાલયવાળા ચાર વિશાળ જિનમંદિરો ભોંયરા અને વિશાળ જિનબિંબો સાથે શોભી રહ્યા છે.

વળી આ પુણ્યભૂમિ પર સહસ્રાવધાની સૂરિપુરંદર પૂ. આ. શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મ. શ્રીએ સંતિકરં જેવા મહાપ્રભાવિક સ્તોત્રની ૧૩ ગાથાની રચના શ્રી સંઘના હિતાર્થે કરેલ.

તેમજ આ ગામની બહાર પૂર્વ અને ઉત્તર ભાગે બે નાનકડા પર્વત છે, જે હાલ તો વેરાન હાલતમાં છે, જુના પગથીયાં કયાંક દેખાય છે તે પર્વત ઉપર પ્રાચીન જિનમંદિરોના અવશેષ ગર્ભગૃહ વગેરેના ખંડેર કેટલીક ખંડિત જિનમૂર્તિઓ વગેરે હાલ પણ છે.

આ બંને પર્વતને વૃદ્ધ પુરુષો શત્રુંજય–ગિરનારની સ્થાપનારૂપ જણાવે છે.

૪ મેવાડની રાજ્યગાદી ઉદયપુરમાં આવ્યા પછી પ્રતાપી અને ન્યાયી તરીકે પ્રખ્યાત મહારાણા [illegible]



માર્ગીઓના બાહ્ય-આચાર અને એકતરફી દલીલોથી ભરપૂર મૂર્તિપૂજાની અસારતાના જોરદાર પ્રચારથી મોટામોટા દેરાસર ગામમાં છતાં કોઈ દર્શન કરનાર નહીં, તેવી સ્થિતિ નિહાળી થોડી સ્થિરતા કરી ગ્રામીણ-જનતાની ધર્મભાવના સતેજ બને તેવી બાલબોધ્ય-શૈલિથી જિનપ્રતિમાની તારકતા, શ્રાવક-જીવનનું કર્તવ્ય અને પ્રભુભક્તિ આદિ વિષયોની સુંદર છણાવટ કરી જનતામાં વિશિષ્ટ ધર્મપ્રેમ જગાવ્યો.

પૂજ્યશ્રી **કરેડાતીર્થે** પોષદશમીની આરાધના કરી **ચિત્તોડમાં** ઉપરગઢના દહેરાસરોની યાત્રા કરી પો. સુ. ૨ ના મંગલ દિવસે **નીચે** શહેરમાં પધાર્યા, બજારમાં પૂજ્યશ્રીનું વૈરાગ્યભર્યું જાહેર વ્યાખ્યાન થયું, જૈન-જૈનતર પ્રજા પૂજ્યશ્રીની વાણીથી આકર્ષાઈ વધુ સ્થિરતા માટે વિનંતિ કરી રહેલ, તે વખતે રતલામના જૈન શ્રીસંઘના આગેવાન શ્રાવકો આઠથી દશ આવ્યા અને વિનંતિ કરી કે-

" आपने रतलाम शहरमें जो बीज बोया था, उसके मीठे फल विशिष्ट धर्माराधनाके रूपमें कई लोग मजे से चख रहे थे, किंतु गत चातुर्मासमें त्रिस्तुतिक-संप्रदाय के मुनि **सौभाग्यविजयजीने** वातावरण बिगाड दिया, उन्होंने पूरे चोमासेमें जब भी मौका लगा तब तपा गच्छ चारथुईवाले कोई साधुही क्रियापात्र अभी नहीं। किसीको शास्त्रज्ञान नहीं। शिथिलाचारीयों के नाम पर पूरी संवेगी परंपराको दूषित करनेका अनुचित प्रचार किया यह सब तो ठीक ! किंतु जाते-जाते किताब छापकर अपने भक्तोंको दे गये हैं, जिस किताबमें तीन थुई ही शास्त्रीय है। देव-देवीयोंकी मान्यता शास्त्रविहित नहीं ! यतियों के शिथिलाचारको आगे कर पूरी-संवेगी परंपरा के अस्तित्वको ही उठाने का बालिश प्रयत्न किया है, कृपाकर आप रतलाम पधारो ! आप तो बहुत दूर पधार गये ! हमारे को तो आपका ही सहारा है-" आदि.

પૂજ્યશ્રીએ પરિસ્થિતિની ગંભીરતા સમજી **તુર્ત** તાબડતોબ વિહાર કરી પૌષ વદ આઠમ લગભગ **રતલામ** પધારી ગયા.

વગેરેવાળું માઈલોના-વિસ્તારનું **રાજસમુદ્ર** નામે મોટું તલાવ બાંધ્યું જેનો ખર્ચ તે વખતે એક ક્રોડ રૂપિયા થયેલ.

તે મહારાણાના મંત્રી **શ્રી દયાલ શાહે** વીતરાગ પરમાત્માને ભક્તિને જીવનનું શ્રેય કરનારી માની મહારાણા કરતાં કંઈક ઓછાશ બતાવવા, એક પાઈ ઓછી એક ક્રોડ **રૂપિયાની સંપત્તિ** ખર્ચી ભવ્ય ચૌમુખ જિનાલય ૧૦ થી ૧૧ માળનું અતિ ઉત્કૃષ્ટ કળાકારીગરીવાળું બાંધેલ.

બાદશાહો કાબ્મા આ મંદિર થવા પામ્યું, છતાં આજે દયાલશાહના કિલ્લાના નામે તે અદ્‌ભુત ચૌમુખ જિનાલય **રાજસમુદ્ર** જળાશયના કિનારે ભવ્ય રીતે અલૌકિક આધ્યાત્મિક પ્રેરણા આપી રહેલ છે.

૫ માંડવગઢના મહામંત્રી પેથડશાહે જેનો જીર્ણોદ્ધાર કરાવેલ તેવું અતિપ્રાચીન **શ્રી પાર્શ્વનાથ પરમાત્માનું** આ તીર્થ ધર્મપ્રેમી જનતાની ભાવવૃદ્ધિ કરે તેવું માવલી જંકશનથી **ચિત્તોડ** તરફ જતી રેલ્વે લાઈનમાં ભૂપાળસાગર રૂડે પાસે આવ્યું છે.



વ્યાખ્યાનમાં ત્રિસ્તુતિક-સંપ્રદાયની માન્યતાઓને શાસ્ત્રપાઠોથી અ-પ્રમાણિત સાબિત કરી. તાજેતરમાં છપાયેલ મુનિ સૌભાગ્યવિજયજી મ.ની ચોપડીની અપૂર્ણ ભ્રામક-વિકૃત બાબતોને ઉઘાડી પાડી અને "અમે આવવાના ધારીને જ તુર્ત અહીંથી વિહાર કરી ગયા લાગે છે, જો સત્ય સમજવું હોય તો હું તૈયાર છું ?" જાહેરમાં આ બાબતમાં શાસ્ત્રપાઠોના મન-ઘડંત અર્થો કેવા કર્યા ? તે વિગતવાર સમજાવી આખી ચોપડી ખોટી સાબિત કરી શકાય તેમ છે." વગેરે

આ બધાથી ખળભળી ઉઠેલા દૃષ્ટિરાગી ત્રિસ્તુતિક-શ્રાવકોએ પૂજ્યશ્રી સામે અધકચરી ગોખેલી દલીલોથી સામનો ઘણો કર્યો, બખાળા પણ કાઢયા છતાં સત્ય-વસ્તુના પ્રતિવાદનને દૃઢપણે વળગી રહેલ પૂજ્યશ્રીની પ્રતિભાને આંખી ન કરી શકયા.

એટલે છંછેડાયેલા ત્રિસ્તુતિક-શ્રાવકોએ મુનિશ્રી સૌભાગ્યવિજયજી મ. ને પત્ર લખી બધી વિગત જણાવી. જેના જવાબમાં નીચે મુજબ પત્ર પૂજ્યશ્રી પર આવેલ.

"रतलाम नगरे सवेगी झवेरसागरजी जोग ली. सरवाडाथी मुनी सौभाग्यविजे की वंदणा वंचजो.

परंच रतलामका सरावरकारो कागद आयो थो, जीणी मधे श्रावकांय लीख्यो थो की आप छपाईथी सेवां पोथी झवेरसागरजी कहवे हे के "पोथी खोटी छपाई हे ओर हमोने आया सुण्या सों-आधी राते भागीने चला गया ! हमारा डरका मार्या ऐसी बात झवेरसागरजी लोकोने ऐणी मुजब कहे है ऐसा समाचार रतलामथी सरावकाय हमोने लीख्यो छे, सों या वात कीणी करे हे ?

और तुम हमारी छपाई पुस्तक खोटी कीणीतरे से बनाई है ! जीसका निर्णय उतारके हमारे कु. जल्दी से सिद्धांत के परमाण से लिखो और कदाचित कागल में तुमारे से नही लीखा जावे तो पीछा कागळ जल्दी से हमारा उपर लिखो सो हम वांचते कागळ जल्दी से रतलामकुं आवते हे.

सो पीछे हमारे से पेस्तर चर्चा करके पीछे पुस्तक खी तथा खोटी हमारे सामने पंडिता की सभा में आप करणा और हनारे से चर्चा किया विगर पुस्तक खोंटी छपाई ऐसा पेस्तर तुजारा मुख से कहेना नहि और ईस कागदका जवाब पीछा तुरत लिख दीजो भुलसो नहि.

संवत १९३८ का. महा सुद-६"

આ પત્ર પરથી સ્પષ્ટ થાય છે કે "મુનિ સૌભાગ્યવિજયજીએ પોતાની ચોપડીમાં કયાં કયાં ભૂલ છે ? તે શાસ્ત્રીયપાઠ સાથે માંગ્યું છે, અગર તો તમારો પત્ર આવ્યેથી હું જાતે રૂબરૂ આવી ચર્ચા કરીશ પંડિતોની રૂબરૂ વિચારણા થયા પછી ચોપડી સાચી કે ખોટી ! તે જાહેર થશે" વગેરે.

પણ ઈતિહાસમાં પાનાં ખંખોળતાં એમ જડે છે કે પૂજ્યશ્રીએ આ પત્ર મળતાં જ તુર્ત તે ચોપડીના એકેક શાસ્ત્રપાઠના અર્થઘટનની ત્રુટિ તથા તેની સામેનો શાસ્ત્રપાઠ ટાંકી લગભગ આંખી ચોપડીની અપ્રમાણિકતા સાબિત થાય તેવો વિગતવાર મોટો પત્ર લખી મોકલેલ.

માહ સુ. દશમના લગભગ અહીંથી લખાયેલ પત્રના જવાબની રાહ ૧૦/૧૫ દિવસ જોઈ, પણ પત્રનો જવાબ ન મળ્યો કે મુનિ **સૌભાગ્યવિજયજી મ.** ના રૂબરૂ આવવાના પણ કોઈ ભણકારા ન મળ્યા.

આપણા શ્રીસંઘના આગેવાનોને પૂજ્યશ્રીએ આ વાતની સ્પષ્ટ જાણકારી આપી, પંદર દિવસ રાહ જોવા છતાં પત્રનો જવાબ–પહોંચ સુદ્ધાં નહીં અને તેઓના રૂબરૂ આવવાની વાત ના પણ કોઈ ભણકારા નથી, એટલે વ્યાખ્યાનમાં **'તે પુસ્તિકા સદંતર ખોટી છે'** એવી જાહેરાત કરી પૂજ્યશ્રીએ **વડનગર, ઉજ્જૈન, મક્ષીજી, મહીદપુર** થઈ **આગર** મુકામે ચૈત્રીઓળીની આરાધના કાઠથી કરાવી.

તે ચૈત્રી–ઓલી દરમ્યાન **ઉદયપુર** શ્રીસંઘના આગેવાનો આવ્યા વિનંતિ કરી કે– "बापजी सा ! आप झट उदयपुर पधारो ! ढुंढिया और आर्यसमाजीयोंकी पोल आपने खोल दी ! कई लोगों कों धर्माभिमुख भी बनाया ! किंतु अब ये तेरापंथी लोग दान–दयाका विरोध का झंडा उठाया है, अभी उदयपुर में सुगनचंदजीं, चंपालालजी आदि छ–सात तेरापंथी संत और दश–पद्रह सतीयां पंचायती–न्होरेमें प्रवचन देकर उदयपुर में बतंगड मचा रहे हैं ।

आप महेरबानी करके जल्दी पधारो ! आदि

પૂજ્યશ્રીએ સમય પારખી ચૈત્રી ઓળી પૂરી થતાં જ તુર્ત **ઉદયપુર** આવવા ભાવના દર્શાવી **ઉદયપુર** શ્રીસંઘના આગેવાનો રાજી થઈને ગયા.

પૂજ્યશ્રી પણ ચૈ. વ. બીજ વિહાર કરી વૈશાખ સુ. બીજના મંગલપ્રભાતે **ઉદયપુર** શહેરમાં પધાર્યા, શ્રી સંઘે ભવ્ય સ્વાગત કરેલ, **"દુશ્મનનો દુશ્મન મિત્રની ગરજ સારે"** કહેવત મુજબ ઢુંઢિયાઓ પૂજ્યશ્રીની શાસ્ત્રીય–દેશના અને તાત્ત્વિક–બાબતોથી પોતાના મતને ઝાંખો પડયાની દહેશત છતાં તેરાપંથીઓ ઢુંઢિયાના કટ્ટર વિરોધી એટલે પોતાના પ્રતિસ્પર્ધીને હંફાવવા તેઓ વાણીયાશાહી–નીતિ પ્રમાણે પૂજ્યશ્રી પાસે બપોરના સમયે આવી દાન–દયાના વિરોધી વંટોળને શમાવવા પ્રાર્થના કરી.

પૂજ્યશ્રીએ બીજે દિવસે અક્ષય–તૃતીયાના પ્રાસંગિક વ્યાખ્યાનમાં અવસર્પિણી–કાળના વર્તમાન–યુગમાં **શ્રેયાંસકુમારે** જે દાનધર્મની પ્રવૃત્તિ કરી તે પ્રસંગને ઉપસાવી દાન–ધર્મની વિશદ પ્રરૂપણા કરી દાન–દયાના વિરોધીઓએ ઉપજાવેલ બધા કૂટ–તર્કોના રદીયા આપી આગમોના પાઠો દ્વારા દાનધર્મની સ્થાપના કરી અને દ્રવ્યદયા–ભાવદયાનું સ્વરૂપ તેના અધિકારી કોણ ! વગેરે વિગતવાર સમજાવ્યું.

બપોરે તેરાપંથી શ્રાવકો પૂજ્યશ્રી પાસે આવ્યા, શાસ્ત્રપાઠોની રજુઆત કરવા લાગ્યા, એટલે પૂજ્યશ્રીએ રજુ થયેલ શાસ્ત્રપાઠોના અર્થની વિકૃતિ દર્શાવી તેની સાથેના પાઠો દર્શાવ્યા.

તેથી પ્રભાવિત થયેલ તે શ્રાવકોએ "हमारे संतों के साथ वार्तालाप आप करेंगे क्या ?" એમ પૂછયું.

પૂજ્યશ્રીએ કહ્યું કે– "जिज्ञासुभाव से बात कोइ भी हमसे कर सकता हैं, बतंडगबाजी और फिजूलकी चर्चासे हम दूर रहते हैं।" આદિ.

તેરાપંથી શ્રાવકો પોતાના સંતોને લઈને આવવાનું કહી ગયા.

બે–ત્રણ દિવસ થયા પણ કોઈ આવ્યું નહીં, છતાં વ્યાખ્યાનમાં પોતાની દાન–દયાના વિરોધની વાત છોડી નહીં, અલબત્ત પ્રથમ જેટલા જુસ્સાથી તેની રજૂઆત ન હતી.

પૂજ્યશ્રી પણ અવસરે–અવસરે શાસ્ત્રપાઠો ટાંકી તેરાપંથી–માન્યતાને ચિમકી આપતા.

પૂજ્યશ્રીને આ પ્રસંગને લઈને બીજે ચાતુર્માસ માટે જવાનું ઠીક ન લાગ્યું.

બીજું કારણ એ પણ હતું કે પૂજ્યશ્રીની સાથેના **મુનિશ્રી રત્નસાગરજી મ. ની** તબીયત સં. ૧૯૩૨ના **ઈંદોર** ચોમાસાથી નરમ થયેલી અને વિ. સં. ૧૯૩૪ના **ઉદયપુરના** પ્રથમ ચાતુર્માસમાં જ આસો વદ સાતમે સમાધિપૂર્વક કાળ કરી ગયેલ.

બીજા શિષ્ય **શ્રી કેશરસાગરજી** મ. ને માલવા–મેવાડ પ્રદેશની આહાર–ચર્યા માફક ન આવવાથી સંગ્રહણીનો રોગ સં. ૧૯૩૫ ના ચોમાસાથી લાગુ પડેલ એટલે પૂજ્યશ્રીએ [1]**પૂ. શ્રી મૂળચંદજી** મ.ને પરિસ્થિતિ જણાવેલ, એટલે પૂ. ગચ્છાધિપતિશ્રીએ **મુનિશ્રી જયવિજયજી** મ. અને **મુનિશ્રી દેવવિજયજી** મ. ને સં. ૧૯૩૮ના ફાગણ મહિને **અમદાવાદથી** વિહાર કરાવેલ. તેઓ **કપડવંજ** ચૈત્રી–ઓળી માટે રોકાયેલ, તેઓ પૂજ્યશ્રી પાસે

---

૧ પૂજ્યશ્રી દૂર સુધી માળવા–મેવાડમાં વિચરવા છતાં પૂ. ગચ્છાધિપતિ **શ્રી મૂળચંદજી** મ. ની નિશ્રાને આદરપૂર્વક ટકાવી શકયા હતા, તેના નમૂના રૂપ આ પ્રસંગ છે, જે જે અગવડો આવે કે કર્તવ્યમાર્ગે ચૂંચ આવે ત્યારે ત્યારે તેઓની પોતાના નિશ્રાદાતા **પૂ. ગચ્છાધિપતિના** સંપર્કમાં રહેતા હતા.

આ વાતની પ્રતીતિ જુના સંગ્રહમાંથી મળી આવેલ **પૂ. ગચ્છાધિપતિશ્રીનો** પોતાનો એક પ્રાચીન પત્ર ખૂબ સ્પષ્ટ પ્રકાશ પાડે છે, તે પત્ર જુની ભાષામાં છે તેવો જ અક્ષરક્ષઃ રજુ કરાય છે.

પૂ. મૂળચંદજી મ.નો પૂ. શ્રી ઝવેરસાગરજી મ. પરનો પત્ર

અમદાવાદ

લખનાર–મુનિશ્રી મૂલચંદજી મહારાજ

શ્રી **અમદાવાદ** લી. મુની **મુલચંદજી**–સુખશાતી વરતે છે.

શ્રી **ઉદેપુર** મુની **ઝવેરસાગરજી** તમારો કા. વદ–૬નો પત્ર મલ્યો છે, વળી રા. ૨૦ ની ચીઠ્ઠીથી પાંચ પરત મે ખીડી છે તે રૂપે આપ્યા, રા ૨૦૦, ડાકવાલા મરફત મગનલાલ પુજાવત–ગોકલની ઉપર મોકલી તે રૂપે



માલવામાં આવતા હતા. પણ પછી **ઉદયપુર** જવાનું નક્કી થતાં તે બંને ઠાણાં **કપડવંજથી મોડાસા, શામળાજી, ડુંગરપુર** થઈ **કેશરીયાજી**ની યાત્રા કરી જેઠ સુદમાં **ઉદયપુર** પૂજ્યશ્રી પાસે આવવાના હોઈ બીજે ચાતુર્માસ કરવાનું માંડી વાળ્યું. વધુમાં પૂજ્યશ્રીને ત્યાં સમાચાર મળ્યા કે શ્રી વીતરાગ–પરમાત્માની ભક્તિ અંગેના પૂજ્યશ્રીના સચોટ પ્રતિપાદનોથી જિન–પૂજાની પ્રામાણિકતા ધ્વનિત બની હોવાથી તેમજ ગયા ચોમાસાસાં અને તેની પહેલાના બીજા ચોમાસામાં

(૫૬ મા પાનાનું ટિપ્પણ ચાલુ)

અને ગોકળભાઈએ ડાકમાંથી મંગાવી છે, તેનો તમારા ઉપર કાગળ તેઓએ લખી બીડી છે સાધુ કોણ કોણ છે। તે પુછું તેની વિગત નીચે મુજબ

અમદાવાદ
૧ મૂળચંદજી મહારાજ
૨ જીત વિજેજી
૩ ભગતીવીજેજી
૪ ગંભીરવીજેજી
૫ ખાંતીવીજેજી
૬ કમળવીજેજી
૭ ઉત્તમવીજેજી
૮ સોભાગ્યવીજેજી
૯ ચારિત્રવીજેજી
૧૦ રૂપવીજેજી
૧૧ સુમતિવીજેજી
૧૨ —

કાસિંદરા
લબ્ધીવીજેજી
ભાવવીજેજી

કોઠ
કેસરવીજેજી

મેસાણા
દેવવીજેજી
માણેકવીજેજી

ડીસા
દયાવીજેજી

ભાવનગર
વરધિવીજેજી
કલાણવીજેજી
રાજવીજેજી

વળા
કેવલવીજેજી
કલાણવીજેજી

લીંબડી
જ્ઞાનવીજેજી
વીનયવીજેજી
શોભણવીજેજી

લુણાવાડા
ગુલાબવીજેજી
હરખવીજેજી

ધ્રાંગધરા
સુંદરવીજેજી
નથવીજેજી

પાદરા
ભીખવીજેજી

ઓગણેજ
ઉમેદવીજેજી

ખંભાત
ગુણવીજેજી

પાલિતાણા
પ્રીતીવીજેજી
પરતાપવીજેજી

સીઓર
...

ગોલેરા
ઉમેદવીજેજી
ચતુરવીજેજી

પાલણપુર
તિલકવીજેજી
હીરવીજેજી

વઢવાણ
રાજવીજેજી

ખેડા
આણંદવીજેજી
વીનયવીજેજી

આર્યસમાજીઓની મૂર્તિપૂજા અંગેની વિરુદ્ધ દલીલોનો જે જોરદાર સામનો તર્કબદ્ધ રીતે **પૂજ્યશ્રીએ** કર્યો, તેથી **ઉદયપુરના** સ્થાનકમાર્ગી-જૈનો ઘણભાગી ઉઠયા છે અને તેમના મોટા વિદ્વાન સંતને ચોમાસા માટે લાવી મૂર્તિપૂજાના ખંડનની વાતોની ઝુંબેશ ઉપાડવાના છે"-આદિ.

આ સમાચારથી **ઉદયપુરના** જૈન શ્રીસંઘે પૂજ્યશ્રીને આગ્રહભરી રીતે વિનવ્યા કે- "बापजी सा ! अब तो किसी प्रकार आपको विहार करने नहीं देंगे, आपने यहाँ आर्यसमाजीयोंका मुंहतोड जवाब देकर जो शासनकी अपूर्व प्रभावना की है, यह तो वास्तवमें हमारे सद्भाग्य की बात है। अब यह आनेवाला झमेला तो घरमें से ही उठ रहा है ! बाहरी आक्रमण जितना नुकशान न करे उससे ज्यादा घरका जानभेदु धक्का पहुंचा सकता है। अभी इधर और कोई शास्त्रीय-बातों से मुठभेड कर सके ऐसे कोई साधु महाराज है नहीं ! आपको ही यहां बिराजना पडेगा" આદિ.

પૂજ્યશ્રીએ સ્થાનકમાર્ગીઓ તરફથી થનારી શાસનની અપભ્રાજના નિવારવાની પવિત્ર ફરજ સમજી **પૂ. શ્રી મૂળચંદજી મ. ની** શાસન-રક્ષા માટેની આજ્ઞાને ધ્યાનમાં રાખી. વિ. સં. ૧૯૩૮નું ચાતુર્માસ **ઉદયપુરમાં** કરવા ક્ષેત્રસ્પર્શના-આધારે **વર્તમાનયોગના** શાસ્ત્રીય-શબ્દોથી વીતાવવા ફરમાવ્યું.

જેઠ મહિનામાં મારવાડ અને કચ્છમાંથી મોટા વિદ્વાન ધુરંધર ૬૦ થી ૭૦ વર્ષના અને દીક્ષાપર્યાયે પણ ૪૦ થી ૫૦ વર્ષના બે વયોવૃદ્ધ સંતોને **સ્થાનકવાસીઓ** આગ્રહ ભરી વિનંતિ કરી **ઉદયપુર** ચોમાસા માટે તેડી લાવ્યા

(૫૭ મા પાનાનું ટિપ્પણ ચાલુ)

આ દેશમાં આ રીતે છે, **મુની આતમરામજી** ઠા. ૭ શ્રી **અંબાલે** ચોમાસુ છે ને **વસનથંડજી લુધીઆણે** છે. તેમજી સાધુ છે, વળી સાધુ-૪ હુસીઆર છે. ત્રણ ઉદેપુરમાં છે, તે બીજુ તમો ઈ રાઅપસેણી **સૂત્ર** વંચાવ જાણુ ઘણું સારૂ જેમ **શાસનની શોભા** વધે તેમ વરતવુ ૧૨ વરત ને કોઈ બારની પરપણા કરે છે તે બાબત તિર્યંચના તેજ વરત ૧૨ ની સંભવે છે, તે બાબત પરથમે બીડી છે હજુ સુધી જોવામાં આવુ નથી.

ગોકળભાઈને વાત કરી, છે એઓએ તમારા ઉતરનો કાગળ લખ્યા બીડો છે, તે આવે ચાકેફ થજો તેના લખવા ઉપર ધ્યાન રાખજો પાછા કાગળ લખજો ગીતી. **સં. ૧૯૩૮ ના** અસાડ વદ-**૧૨ મુની વીરવીજેજી** એ તમોને જે પુસ્તકની યાદ લખાવી છે તે પુસ્તક વરસાદ..."

આ પત્ર ઉપરથી પૂ. ગચ્છાધિપતિશ્રી પૂજ્યશ્રી પર કેટલો મમત્વ ભર્યો ભાવ રાખતા હતા ? તે સમજાય છે, પોતાના આજ્ઞાવર્તી સાધુઓ કોણ કયાં કયાં છે ? વગેરે વિગતો પણ પ્રાણપ્રિય શિષ્ય તરીકે પૂજ્યશ્રીને જણાવી છે, બીજી પણ કેટલીક મહત્વની બાબતો પૂ. ગચ્છાધિપતિશ્રીએ જણાવીને પૂજ્યશ્રી પર પોતાનું અંતર કેટલું પ્રેમાળ છે ! તે સૂચવ્યું છે.



તેઓએ આવતાં જ પોતાના વ્યાખ્યાનમાં **"મૂર્તિપૂજા ચૈત્યવાસીઓના મગજની ઉપજ છે" "હિંસામાં પ્રભુ-મહાવીરે કદી પણ ધર્મ કહ્યો નથી" "દ્રવ્યપૂજામાં કાચું પાણી, અગ્નિ, ફુલ, આદિની કેટલી બધી હિંસા છે!" "ધર્મ તો દયા, રૂપ-અહિંસા રૂપ હોય!"** આદિ ભાવાર્થના અવળા-તર્કોથી જોરશોરે પ્રચારવા માંડયું.

"પ્રતિપક્ષીની જેટલી તાકાત હોય તે બધી અજમાવી દેવાની તક આપવી સામેથી જ્યારે બખાળા કાઢતા હોય ત્યારે અવસરની રાહ જોવા રૂપે મૌન પણ વાદકળાનો અજબ નમૂનો છે." એ રીતને પૂજ્યશ્રીએ અપનાવી શરૂઆતમાં વિરોધીઓને જે કહેવું હોય તે બધું કહી દે! એટલે પછી ક્રમસર પદ્ધતિ પ્રમાણે જવાબ દેતાં ફાવટ રહે એવું ધારી સામેથી કહેવાતી વાતોનો ઝડપી-પ્રતિકાર ન કર્યો.

લોકોમાં સ્થાનકવાસીઓના મોટા મહારાજના તર્કોનો ઉહાપોહ શરૂ થયો, પૂજ્યશ્રી પાસે કેટલાક જિજ્ઞાસુઓ પૂછવા આવે એટલે પૂજ્યશ્રી એવા સજ્જડ તર્કબદ્ધ પુરાવા અને શાસ્ત્રના પાઠો સામે મુકી સચોટ **રદીયા** આપે એટલે તે જિજ્ઞાસુઓ ફરી સ્થાનકવાસી મહારાજ પાસે જાય, ત્યાં નવી દલીલો સાંભળી વળી પાછા પૂજ્યશ્રીની પાસે આવે આમ અસાડ સુ. ૧૫ સુધી વાત ડોળાવા દીધી.

આની પાછળ પૂજ્યશ્રીની ગંભીર દીર્ઘદૃષ્ટિ એ હતી કે જો પ્રથમથી ભડમડાટ શાસ્ત્રપાઠોની રજૂઆત સાથે તેમની વાતો ખંડન કરવામાં આવે તો કદાચ સામેવાળા અહીં આપણી દાળ નહીં ગળે એમ ધારી "અમારે ઝંઝટમાં નથી પડવું" "અમે ચર્ચામાં નથી માનતા!" "જેને સાચું સમજવું હોય તે અમારી વાતોને વિચારે" આદિ શબ્દછળની પાછળ પોતાની ભ્રામક માન્યતાઓનો ઢાંક-પિછોડો કરી વિહાર કરી જાય તો વાતનું યોગ્ય નિરાકરણ ન આવે એટલે પૂજ્યશ્રીએ ચૌમાસી ચૌદશ સુધી વાતને જાણીને ડોળાવા દીધી. વાતને બહુ ચગવી નહીં, તેથી સામાવાળા જરા જોરમાં રહે અને અહીંથી ખસે નહીં.

અસાડ વદ ૫ લગભગથી પૂજ્યશ્રીએ પદ્ધતિસર સ્થાનક-માર્ગીઓના એકેક મુદ્દાનું ક્રમસર દલીલો—શાસ્ત્રપાઠોની રજુઆત સાથે નિરસન કરવા માંડયું.

સ્થાનકમાર્ગીઓને માન્ય બત્રીશ આગમ પૈકી શાસ્ત્રપાઠો એક પછી એક રજુ કરવા માંડયા.

સંઘમાં ચર્ચા ખૂબ જ રસપ્રદ નિવડી અભિનિવેશવાળા ગણત્રીના માણસો સિવાયની મોટાભાગની ભોળી જનતા સત્ય-તત્ત્વના નિર્ણયની દિશા તરફ પૂજ્યશ્રીના સચોટ તર્કો અને શાસ્ત્રપાઠોથી વળવા માંડી.

પરિણામે પર્વાધિરાજ પર્યુષણા-મહાપર્વના ત્રણ અઠવાડિયા અગાઉ સેંકડોની સંખ્યામાં સ્થાનક-માર્ગીઓ પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં આવતા થઈ ગયા.



પછી મુહપત્તી બાંધવાની બાબત, ધોવણના પાણીની વાત, વાસી-વિદળની અભક્ષ્યતા, '**પાત્રે પડયું તે સાધુને અપે**'ની વાતનો થતો દુરૂપયોગ આદિ બાબતો પર જોરદાર સચોટ દલીલો દ્વારા પ્રકાશ પાથર્યો અને ઘણા સ્થાનક માર્ગીઓ પૂજ્યશ્રીની સમજાવટ-શૈલિથી મિથ્યાત્વનો ત્યાગ કરી પ્રભુશાસનની મર્યાદામાં આવવા ઉજમાળ બન્યા.

પર્વાધિરાજ શ્રી પજુસણ-પર્વની આરાધના ટાણે **ઉદયપુર** શ્રીસંઘમાં અનેરી જાગૃતિ આવી, કેમકે નવા જોડાયેલ સ્થાનકમાર્ગી-કુટુંબોના ચઢતા ભાવોલ્લાસથી શ્રીસંઘમાં આરાધનાનો ઉલ્લાસ પ્રબલ રહ્યો.

ચૌસઠ-પ્રહરી પૌષધ, અઠ્ઠાઈની તપસ્યા **શ્રી કલ્પસૂત્રના** રાત્રિ-જાગરણ અને વહોરાવવાના ચડાવા તેમજ સ્વપ્ન ઉતારવા આદિની ઉછામણીઓ અભૂતપૂર્વ થવા પામી.

સંવત્સરી મહાપર્વની આરાધના પ્રસંગે **કષાયોનું વિસર્જન અંતરથી કરી સર્વ જીવો સાથે મૈત્રી-ભાવના આદર્શ નમૂના રૂપે પ્રભુશાસનના સર્વવિરતિ-ધર્મનું પાલન એજ યથાર્થ આરાધનાનો સાર છે**" એ જણાવી પ્રભુશાસનની માર્મિકતા સમજાવી.

પરિણામે આરાધક-પુણ્યાત્માઓને અપૂર્વ ભાવોલ્લાસ જાગૃત થયો. આ ચોમાસામાં અનેકાનેક ધર્મકાર્યો પૈકી કેટલાક વિશિષ્ટ ધર્મકાર્યોની નોંધ **ઉદયપુરના** પ્રાચીન ઈતિહાસની લઘુ પુસ્તિકામાં આ પ્રમાણે મળે છે.

૦ " સાગરશાખાના પ્રભાવક-મુનિપુંગવો દ્વારા સ્થપાયેલ ચૌગાનના વિશાળ-જિનાલયોમાં પ્રભુભક્તિ અંગે ભાવોલ્લાસની વૃદ્ધિ થાય તેવા સુંદર ચાંદીના કળશ--હાંડા વગેરે સુંદર ઉપકરણોની ગોઠવણ શ્રાવકોને ઉપદેશ આપીને પૂજ્યશ્રીએ કરાવી.

૦ જ્ઞાનપંચમીએ જ્ઞાન ગોઠવવા માટે દર વર્ષે ખપ લાગે તેવા ચંદરવા, પુંઠીયાં, લાકડાનું ચઢ-ઉતરવાળું સ્ટેન્ડ વિવિધરંગી સુંદર રૂમાલો વગેરે સામગ્રી શ્રીસંઘ દ્વારા તૈયાર કરાવી.

૦ શ્રી ગોડીજી-મહારાજનું તિલક જીર્ણ થયેલ હોઈ રત્નજડિત સુંદર કારીગરીવાળું નવું તિલક બનાવડાવ્યું.

૦ રત્નના પ્રતિમાજીને પધરાવવા માટે સુંદર મકરાણાનું શિલ્પકલાવાળું ભવ્ય સિંહાસન તૈયાર કરાવીને **ગોડીજી મ.**ના દહેરાસરે પધરાવ્યું, જેમાં રત્નના પ્રતિમાજી વ્યવસ્થિતપણે પધરાવ્યા.

૦ નાની-મોટી પંચતીર્થી-ચોવિશી ધાતુમૂર્તિઓના અભિષેક વખતે આશાતના ટાળવા માટે સુંદર પિત્તળનું સિંહાસન (નાળચાવાળું) **ગોડીજી મ.**ના દહેરાસરમાં પધરાવ્યું.

૦ ચૌગાનના દહેરે બિરાજમાન આવતી ચોવિશીના પ્રથમ તીર્થંકર **શ્રી પદ્મનાભ પ્રભુ** ભગવાનના કુંડલ વ્યવસ્થિત ન હોઈ શ્રાવકોને ઉપદેશ આપી રત્નજડિત સોનાના સુંદર કુંડળ તૈયાર કરાવ્યા.

આવા બીજા અનેક ધર્મકાર્યોથી ચાતુર્માસ ધર્મોલ્લાસભર્યા–વાતાવરણમાં પૂરૂં થવા આવ્યું.

પણ આસો વદ દશમ લગભગથી પૂજ્યશ્રીને તાવ આવવા લાગ્યો, યોગ્ય ઉપચાર કર્યા છતાં તાવે ઉગ્ર સ્વરૂપ લીધું, કારતક સુદ આઠમે ડાબા પગમાં પીંડી બાજુ કંઈક ગાંઠ જેવું થયું— જેની વેદનાથી પણ તાવ વધી ગયો.

દેશી નિર્દોષ વનસ્પતિ લેપ આદિના ઉપચાર શરૂ કર્યા, પણ શાતા ન થઈ. ચાતુર્માસ–પરાવર્તનનું કાર્ય જેમ તેમ પતાવ્યા પછી કા. વ. ત્રીજ લગભગથી વેદના વધી ગઈ.

આ અંગે પૂજ્યશ્રીને વિહાર કરવાની ભાવના છતાં વિહાર ન થઈ શકયો અને એક જ ક્ષેત્રમાં કારણસર ચાતુર્માસ ઉપરાઉપરી કરવાં પડયાં, પણ શેષ–કાળમાં ગ્રામાનુગ્રામ વિચરાય તો ઠીક! એ ભાવના પૂજ્યશ્રી પૂ. ગચ્છાધિપતિશ્રીને **અમદાવાદ** પત્રદ્વારા જણાવેલ.

આ બધી વિગતની ઝલક **પૂ. મૂલચંદજી** મ.ના સં. ૧૯૩૯ના કા. વ. ૨ના લખાયેલ પત્રમાં પણ જાણવા મળે છે, જે પત્ર અક્ષરશઃ નીચે મુજબ છે.

"શ્રી **અમદાવાદથી મુનિ મૂલચંદજીની** સુખશાતા વાંચજો. શ્રી **ઉદયપુર મુનિ ઝવેરસાગરજી** તમારો પત્ર સુ. ૧૨નો પોંતો છે.

સમાચાર જાણ્યા છે હમારી ચિઠ્ઠી મોડી તમારા હાથમાં આવી તેના કારણ વિષે તથા ચિઠ્ઠી લખાઈ નહીં તેના કારણ લખ્યાં તે જાણ્યાં.

આપના શરીરમાં તાપ ને પગમાં ગાંઠના દરદની હકીકત જાણી દિલગીરી છે, પણ **પૂરવ સંચિત ઉદે આવે છે, વાસ્તે શુભના ઉદય થાએ શાતા થશે,** પણ ઓસડ ઉપચાર સારી રીતે કરવો, કાંઈ જોઈએ તો સુખેથી મંગાવજો.

જે એક–દો કામ કે વાસ્તે તુમને લીખ્યો છે, તે સારૂ તમારી ધ્યાનમાં ખટક છે, પણ શરીરની કુરતી બિગડયાથી વિહાર થઈ શકતો નથી તે વિષે લખ્યું તે જાણ્યું, ખરી વાત છે. સમજુને ચીવટ હોય જ!

હવે તમારા શરીરની પ્રકૃતિના દર એકાંતરે અથવા ચોથે દહાડે ખબર જાસુ છે? તમારી પ્રકૃતિ સુધરે ત્યાં સુધી લખ્યા કરવી.

અમને તમારો કાગલ નહીં આવવાથી વધારે ફીકર ઉત્પન્ન થાય છે, માટે કાગળ લખ્યા કરવાનો છે, ઓસડ બરાબર કરવું.

જે એ કામ છે તેનો હાલ અવસર નહીં, તેમ્લામાં જાણજો

દયાનંદ સરસ્વતી કયાં છે ! તે લખજો !!"

આ પત્રમાં તે વખતના સંવેગી સાધુઓમાં સહુના નાયક શિરમોર અનેક સાધુઓના ઉપરી પૂ. **શ્રી મૂલચંદજી મહારાજ** પોતે ગચ્છાધિપતિ છતાં–પૂ. **ઝવેરસાગરજી** મ. પ્રતિ કેટલો વાત્સલ્યભાવ દર્શાવે છે ! કેટલી ચીવટ ધરાવે છે ? વગેરે વિગતો સ્પષ્ટ જાણવા મળે છે.

આવો જ એક બીજો પત્ર પૂ. **શ્રી મૂળચંદજી** મ.નો ઉપરના પત્રના અઠવાડિયા પછી જ લખાયેલ પ્રાચીન સંગ્રહમાંથી જડી આવ્યો છે.

" **શ્રી અમદાવાદથી** લી. મુનિ **મૂળચંદજી**ની સુખશાતા વાંચજો. **શ્રી ઉદયપુર મુનિ ઝવેરસાગરજી** તમારો પત્ર વદ ૮નો પોતો. વાંચી સમાચાર જાણ્યા, વળી લખવો

તમો બહુ જ દવાઈ કરૂ છે, થોડી કસર છે, મટેથી માગશર સુદ–૨ ઉપર વિહાર કરવાનો વિચાર છે

તમો જ્યારે વિહાર કરો તે દહાડે ખબર આપજો અને અમારે પછી કાગળ કયાં લખવો ? તે ખબર આપજો, કોના સરનામે, કોના ઠેકાણે ? તે લખજો + + + તમારો વિચાર સિદ્ધાચલજી આવવા બાબત કેવો છે ? તે જણાવશો ?

દયાનંદ સરસ્વતિજી હજી તમારી બાજુ છે, તે જાણ્યું દરેક ઠેકાણે તોફાન કરે છે, માટે તે જેતની નિંદા ન કરે, તેવો વખત તમારે તૈયાર રાખવો.

ચોપડીઓ પહોંચી નથી તે લખ્યું તે જાણ્યું, પેષ્ટ ઓફિસમાં તજવીજ કરવા તમાકુવાળાને કહ્યું છે, તે ખબર આવ્યે જણાવીશું, પણ રજિષ્ટર કરાવી છે. ઠેકાણું ગોડીજીના બદલામાં આદેસરજીનું કર્યું છે, તે ભૂલ છે

ઈહાં મુનિ ભગતિવિજેજી આદિ સરવે ઠાણા–૧૨ છે, તે નીતિવિજેજી તથા કમલવિજેજી તથા ખાંતિવિજેજીએ વિહાર કર્યો છે, નીતિવિજેજી, કમલવિજયજી કપડવંજ તરફ ગયા છે તે જાણજો.

કાગળ પોચ્યે પાછો કાગલ લખજો

સં ૧૯૩૯ના કારતક વદી ૧૦ વાર ભોમે

તમારા સેવક **ગોકલની** વંદણા વાંચજો " (આ પછી આ કાગળ લખનાર ગોકળભાઈ એ પોતાની અંગત કેટલીક વાતો લખી છે)

આ પત્રથી પૂજ્યશ્રીએ વિશિષ્ટ યોગ્ય-ઉપચાર કરી તુર્તમાં માગ. સુ. ૨ વિહાર કરવાની તૈયારી કરી હોય તેમ લાગે છે.

પણ પગે ગાંઠ પૂરેપુરી શમી ન હતી અને શ્રી સંઘે પણ મૌન એકાદશી જેવા મહાપર્વની આરાધના કરાવવા ખૂબ આગ્રહ કર્યો તેથી માગ. સુ. ૧૫ સુધી સ્થિરતા કરી.

માગ. વદ બીજે પૂજ્યશ્રી ગોગુંદા-સાયરા થઈ **ભાણુપુરાની** નાળે થઈ **રાણકપુર** તીર્થની યાત્રાએ પધાર્યા, ત્યાંથી **ઘાણેરાવ, મૂંછાલા મહાવીર**જીની યાત્રા કરી **દેસૂરી** તરફ વિચરી મહા વદમાં **શાહપુરા** પધાર્યા. ત્યાં **દયાનંદ-સરસ્વતીના** જોરદાર પ્રવચનોથી ભ્રમિત થયેલ જનતાને સત્ય-માર્ગ દર્શાવવા પૂજ્યશ્રીએ થોડી સ્થિરતા કરી, ફાગણ સુદ દશમ લગભગ * **અજમેર** પધાર્યા.

અજમેરમાં પૂજ્યશ્રીએ ફાગણ ચોમાસી કરી, એમ પૂજ્યશ્રી પરના **પૂ.** ગચ્છાધિપતિ મૂળચંદજી મ.ના નીચેના પત્રથી જણાય છે.

"શ્રી **અમદાવાદથી** લિ. **મુનિ મૂળચંદજી**ની સુખશાતા વાંચજો **શ્રી અજમેર** મુનિ **ઝવેરસાગરજી** તમારી ચિઠ્ઠી સુ. ૧૧ ની પોચી + + + + બીજું તુમને વાતચીત કરી હોસે સો જવાબ આવે સે માલુમ હોગી

મિતી **સં. ૧૯૩૯ના ફાગણ સુ. ૧૩ બુધવાર**"

---

* આ વાત પ્રાચીન સંગ્રહમાંથી જડી આવેલ નીચેના પત્રથી વ્યક્ત થાય છે.

શ્રી **ઉદયપુર** પૂજારી **ચમનાજી** ગુજરગોડ શ્રી બાંદાવાડાસું લિ. મુનિ **ઝવેરસાગરકી** સુખશાતા...મૈં આજ દિને યહાં આયા હૂં પરસું સુ. ૧૦ શ્રી **અજમેર** પહુંચુંગા।

વહાં સર્વ હાલ ક્યા હૈ, સો લિખજો ઔર મંદિરોં કી પૂજા-સેવા ઠીક રીતિસે કરજો × × × × × × × × × × ઔર મેરે નામ કી ચિઠ્ઠીયાં આઇ હો વહ સબ સા. કલ્યાણજી કોટારીને દેઇને કહેજો કે **અજમેર** પહોંચાડના।

મને રસ્તામાં દિન લાગા તેનું કારણ કે **સાયપુરે** હોકર મૈ યહાં આયા હું, **દયાનંદ સરસ્વતી** પણ **સાયપુરે** થા, તેથી દિન-૨ તિહાં રહેણો કોયો × × × × × × ×

મેરી તરફ સે સુખશાતા પૂછના સમાચાર પૂછે સુખશાતા કહે દેજો પત્રકો ઉત્તર જલ્દી અજમેર મેજજો।

સરનામે કી રીતિ

કોટડીમેં શેઠ ગુલાબચંદજી ભગવાનકી દુકાન પુગે

શ્રી અજમેર

સં. ૧૯૩૯ ફાગુણ સુદ ૮ વાર શુકર દ. પોતે

આ પત્રમાં કેટલીક અંગત ગુપ્ત રહસ્યભૂત વાતો પૂ. ગચ્છાધિપતિશ્રીએ પૂજ્યશ્રીને ગંભીર સમજી જણાવી છે

આ ઉપરથી પૂજ્યશ્રીનું કેવું ઉદાત્ત વ્યક્તિત્વ હશે? તે પૂ. ગચ્છાધિપતિશ્રીના આ પત્રથી સમજાય છે.

વળી પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. એ અજમેર ફાગણ-ચોમાસીની આરાધના કર્યા પછી આસપાસના ક્ષેત્રોમાં વિચરવાની ભાવનાથી પૂ. ગચ્છાધિપતિશ્રીની રજા મંગાવી હશે. તેમ નીચેના પત્રથી સમજાય છે. આજ્ઞાની રાહ જોવામાં તેઓએ ચોમાસી પછી પાંચ દિવસ વીતાવ્યા હોય તેમ લાગે છે.

"શ્રી અમદાવાદથી લિ. મુનિ મૂલચંદજીની સુખશાતા વાંચજો. શ્રી અજમેર મુનિ ઝવેરસાગરજી-જત તમારી ચિઠ્ઠી + + + પહોંચી હકીકત જાણી + + + વિહાર કરકે દેવલી કી છાવણી તરફ જાઉંગા લિખા સો ઠીક + + + આગે વિહાર + + હોગા સો લિખશો.

આત્મારામજી ઠા.-૧૩ શેમરેત હોકર બીકાનેર તરફ વદ-૭ કું વિહાર કરેંગે × × × ઔર આત્મારામજીને વડોદરા વાળા હંસવિજે આદિ ઠા.-૩ કું માસ × × × ઈસ તરફ ભેજા હૈ + + + + + + +

મિતી ૧૯૩૬ ના ફા. વ. ૫ ગુરુ ચિઠ્ઠી કા જવાબ વિસ્તારસે દેણા વીરવિજેની વંદના + + + કાગળ પહોંચે તુરત જવાબ લખશો."

આ પત્રમાં પૂ. **શ્રી ઝવેર સાગર મ.** પ્રતિ પૂ. ગચ્છાધિપતિશ્રીનો હૈયાનો ભાવ બહુ સ્પષ્ટ રીતે હેતાળ વલણવાળો દેખાય છે. બીજી પણ ઘણી બાબતો આ પત્રમાં ચર્ચી છે. પણ અહીં અપ્રસ્તુત હોઈ તેનો ઉલ્લેખ કર્યો નથી.

આ રીતે પૂ. ગચ્છાધિપતિશ્રીના હાર્દિક મમતાભર્યા વ્યવહારથી માનવતા-પનોતા પૂ. **શ્રી ઝવેર સાગરજી** મ.શ્રીએ **અજમેરમાં** લગભગ બે અઠવાડીયાની સ્થિરતા કરી હોય તેમ લાગે છે.

ત્યાર બાદ પૂજ્યશ્રી **અજમેરથી કેકડી** વગેરે થઈ **કોટા** શહેરમા ચૈત્રી ઓળી ધામધૂમથી કરાવી. બુંદી થઈ **રામપુરામાં** અખાત્રીજ પર ત્યાંના શ્રીસંઘના આગ્રહથી પધાર્યા.

ત્યાં જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઠાઠથી થયો, તે કારણે ત્યાં સ્થિરતા થઈ ત્યાંથી વૈશાખ વદ પાંચમ લગભગ પૂજ્યશ્રી **ઝાલાવાડ-પાટણ** તરફ વિહાર કર્યો.

આ નોંધ નીચેના પત્રમાં પણ મળે છે.

" **શ્રી ઉદેપુર પુનરી ચમનાજી શ્રી કોટા-રામપુરા** સે લી. **મુનિ ઝવેરસાગરકી** સુખશાતા વાંચના ઈહાંશ્રી દેવ-ગુરુ કૃપાસે આનંદ હૈ ઔર મેં ચિઠ્ઠી એક શ્રી **કેકડી** સું તુમને ભેજી, થી તેનો ઉત્તર આવ્યો નહિં, ફેર બુંદી સે પણ લિખી થી + + +

જો તુમારે ચિઠ્ઠી લિખને કી ઈચ્છા હોવે તો **શ્રી ઝાલરા પાટણ** લિખનો મેં યહાં સે દિન× × × સેમેં વિહાર કરકે **ઝાલરા પાટણ** પહુંચુંગા ઠેકાણા શેઠજી ગણેશદાસજી દોલતરામજી કી દુકાનકા કરોગા તો મુઝે પહોંચેગી + + + દેવ પૂજન વગેરે કામ કાજમેં હુંશીયારી રાખનો + + + + + ઔર જો કોઇ શ્રાવક-શ્રાવિકા વગેરે મેરી તરફ સમાચાર પૂછે તેનો સુખશાતા કહેનો

સંવત ૧૯૩૯ વૈશાખ વદ ૩ બુધવાર લિ. ઝવેરસાગર મુ. કોટા-રામપુરાસે "

ત્યાં વૈશાખ વદ ચૌદશના વ્યાખ્યાનમાં **ઉદયપુર** શ્રીસંઘના આગેવાન-શ્રાવકોએ ભાવભરી આગ્રહ-પૂર્ણ વિનતિ કરી કે બાપજી સા! આપ તો માને છોડ કર ચલ્યા આવો! પર! મીં કહીંજાવાં?। જહીયારી ઓલમે મંદિર કે શિખર પર ધ્વજાદંડ પુરાના હો ગયા થા સો નયા કરાયા હૈ! પ્રતિષ્ઠા વાસ્તે આપકો પધારના પડેગા.

પૂજ્યશ્રીએ ઘણી આનાકાની કરવા છતાં છેવટે **ઉદયપુરના** શ્રીસંઘે જય બોલાવી.

પૂજ્યશ્રી જે. સુ. ૩ વિહાર કરી જે. વ. ૫ લગભગ **ઉદયપુર** પહોંચી ગયા.

તુર્ત જે.વ. ૭ થી ઓચ્છવ ચાલુ કરી શ્રીસંઘે ઠાઠથી જે. વ. ૧૩ના મંગલ-મુહૂર્તે પૂજ્યશ્રીના વાસક્ષેપ સાથે નૂતન-ધ્વજ-દંડારોપણ કરાવ્યું.

પૂજ્યશ્રીએ પણ અવસરોચિત સમજી વિ. સં. ૧૯૩૯નું ચાતુર્માસ **ઉદયપુરમાં** કર્યું.

પૂજ્યશ્રીને ઉદયપુરના ચાતુર્માસો કારણવશ ઉપરાઉપરી કરવા પડયાં, પણ પૂજ્યશ્રીએ સંયમ-ચર્યાની સાવચેતી, દોષ-રહિત આહારની ગવેષણા તથા ગૃહસ્થોના વધુ પડતા પરિચયના અભાવ આદિ શાસ્ત્રીય-જયણાથી પોતાનું અને સાથેના સાધુના સંયમી-જીવનને નિર્મળ રાખવા ચોકસાઈ-ભર્યો પ્રયત્ન કર્યો હતો.

ભાવીયોગે અષાડ વદ ચૌદની રાત્રે **મુનિ કેશવસાગરજી** મ. ને પેટનું દર્દ અસહ્ય ઉપડ્યું, જેથી તાત્કાલિક બાહ્ય-ઉપચારો કર્યા.

બીજે દિવસે દેશી-વૈદ્યની દેખરેખ તળે ઉપચારો શરૂ કર્યા, પણ કોઇક તેવા વિશિષ્ટ ભાવી સંકેતના કારણે **કેશવસાગરજી** મ. ની તબિયત દિન-પ્રતિદિન ક્ષીણ થવા લાગી, ખોરાકની રૂચિ ઘટી ગઈ, દાહજ્વર જેવું થવાથી ખૂબ જ અસાતાનો ઉદય થયો.

આ વખતે પૂજ્યશ્રીએ **આરાધના પયન્નો, સંથારા પયન્નો, ચઉસરણ પયન્નો, આઉર-પચ્ચક્ખાણ પયન્નો** તથા **પંચસૂત્ર** (પ્રથમ અર્થ સાથે) વ્યવસ્થિતપણે સમજાવી આરાધનાનું બળ આપવા સતત પ્રયત્ન કર્યો.

અષાડ વદ ૧૧ ની રાત્રે પ્રતિક્રમણ પછી સંથારા-પોરસી ભણાવી એકદમ છાતીમાં મુંઝવણ થવા લાગી. પૂજ્યશ્રીએ નાડી અને આંખોની સ્થિતિ જોઈ શ્રાવકોને સાવચેત કરી દીધા.

બધાએ સામુદાયિક શ્રી નવકારમહામંત્રનો ઘોષ શરૂ કર્યો, છેવટે સવા દશ વાગે લગભગ **કેશવસાગરજી મ.** સ્થૂળ-દેહ છોડી પૂજ્યશ્રીના છેલ્લી ઘડીના કાનમાં કહેવાતા શ્રીનવકાર મહામંત્રને સાંભળતાં બન્ને હાથ જોડી સહુને ખમાવતા કાળધર્મ પામ્યા.

સકળ સંઘમાં શોકની લાગણી ફેલાઈ, પૂજ્યશ્રીએ પણ પુખ્ત વયે દીક્ષા લઈને અગિયાર વર્ષથી પોતાની તબિયત ઢીલી છતાં દરેક રીતે સેવાભક્તિ કરનાર એક પુણ્યાત્માના સ્વર્ગવાસથી જરા હૈયે કંપ અનુભવ્યો, પણ સંસારની ઘટમાળ અને જન્મ-મરણની અવિરત પરંપરાનો વિચાર કરી પૂજ્યશ્રી સ્વસ્થ બન્યા, અને **સ્વર્ગસ્થ મુનિની** સંયમારાધના, તપસ્યા, સેવા ભક્તિ આદિ ગુણોની અનુમોદનાના ભાવથી માનસિક-ધીરતા કેળવી.

મહા-પારિષ્ઠાપનિકાનો કાયોત્સર્ગ કરી પૂજ્યશ્રીએ શ્રાવકોને ભળાવ્યા, પછી શ્રાવકોએ **સ્વોચિત કર્તવ્ય** કરી ઉપાશ્રયમાં નીચે બધા દર્શન કરી શકે તેવી જગ્યાએ દર્શનાર્થે બિરાજમાન કર્યા.

રાતોરાત સુંદર જરીયાન પાલખી બનાવી સવારે ૭ વાગે ભવ્ય સ્મશાન યાત્રા "**જય જય નંદા જય જય ભદ્રદા**"ના બુલંદ ઘોષ સાથે સંઘે કાઢી અને યોગ્ય પવિત્ર ભૂમિએ ૧૦॥ વાગે ચંદનના સુગંધી કાષ્ઠની ચિતા બનાવી હજારોના ચઢાવા દ્વારા અગ્નિ-સંસ્કાર કરી શુદ્ધ થઈ પૂજ્યશ્રી પાસે મોટી શાંતિ સાંભળવવા આવ્યા.

પૂજ્યશ્રીએ પણ મૃતક શરીરને લઈ ગયા પછી સાધુને ઉચિત અવળા દેવવંદન આદિ ક્રિયા કરી સકળ સંઘ સાથે દેવવંદન ચૌમુખ પ્રભુજી પધરાવી કર્યા, તે દેવવંદનાની સમાપ્તિ વખતે સ્મશાનયાત્રાએ ગયેલા પુણ્યવાનો પણ આવી ગયેલ, તેઓએ મોટી શાંતિ અને આ પ્રસંગે પૂજ્યશ્રીની માર્મિક વૈરાગ્યભરી દેશના સાંભળી ધર્મકાર્યોની આચરણા માટે ગંભીર પ્રેરણાઓ મેળવી.

પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી સંઘે ગોડીજી મહારાજના દહેરે અષાડ વદ ૧૩ થી અષ્ટાહ્નિકા મહોત્સવ કરવા વિચારેલ, પણ સંયોગો એવા ઉપસ્થિત થયા કે મહોત્સવમાં ઢીલ કરવી પડી.

ચૌગાનના દહેરાસરોની સ્થાપના **સાગર-શાખીય** મુનિ ભગવંતોની પ્રેરણાથી થયેલ હોઈ ત્યાંની વ્યવસ્થામાં પૂજ્યશ્રી દેખરેખ વધુ રાખતા હતા. તેથી વિ. સં. ૧૮૬૨માં શ્રી મુનિશ્રી **ભાવસાગરજી** મ.ના ઉપદેશથી શાસન-નાયક તીર્થંકર પ્રભુ **મહાવીર-પરમાત્માની** દેરીની **હવાડામાં** તે વખતના સંજોગોને અનુસરીને સ્થાપના કરેલ, પણ પાછળથી તે જગ્યા દર્શનાર્થીઓને અનુકૂળ ન રહી, એટલે આશાતના વિગેરેના ભયથી સં. **૧૯૩૭ માં ચૌગાનના** દહેરાસરોના વિશાલ ક્ષેત્રમાં શ્રી **શાંતિનાથજી પ્રભુના** દહેરાસરની પાસેની જમીન નક્કી કરાવી પૂજ્યશ્રીએ કામ શરૂ કરાવેલ, પણ સંજોગવશ તે કામ ઢીલમાં પડેલ, છેવટે સં. ૧૯૩૮ માં



ચોમાસામાં વિશિષ્ટ-પ્રેરણા આપી આરસ પાષાણ જોધપુરી પાષાણ, વગેરેની તજવીજ ગોઠવી સારા સોમપુરા મિસ્ત્રીને ચિત્તોડથી બોલાવી સં. **૧૯૩૯ના** માગશર મહિનેથી ધમધોકાર કામ શરૂ કરાવેલ, તે જિનાલયમાં પ્રતિમાનું કાર્ય **ગમસ્ય શીઘ્રં** ન્યાયે પૂજ્યશ્રીએ શ્રા. સુ. ૧૩ નું વિશિષ્ટ મુહૂર્ત કાઢી શ્રી સંઘને તે પ્રતિષ્ઠા કરાવવા પ્રેરણા આપી, તેથી તે પ્રતિષ્ઠા-મહોત્સવ ભેગો પૂ. મહારાજશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે ઓચ્છવ પણ કરાવવા પૂજ્યશ્રીએ સૂચવ્યું.

શ્રીસંઘે પૂજ્યશ્રીની આજ્ઞા વધાવી લીધી, ધામધૂમથી શ્રા. સુ. પથી પ્રતિષ્ઠા મહોત્સવની શુભ શરૂઆત થઈ.

આ મહોત્સવમાં પૂજ્યશ્રીએ સંઘના આગેવાનોને પ્રભુ-ભક્તિના આદર્શ મહિમા અને યથોચિત કર્તવ્યની મર્યાદાના વિશિષ્ટ-ઉપદેશથી પ્રેરણા આપી **ઉદયપુર**ના સ્થાનિક-જિનાલયોમાં શ્રાવકો સ્વયં જાતે પ્રભુ ભક્તિ કરે અને મેવાડના ગામોમાં જિનાલયોમાં થતી આશાતનાના નિવારણ માટે આઠ દશ શ્રદ્ધાળુ ભક્તિવંત ભાઈઓને નીમી દર મહિને ૮ દિવસ આસપાસના ગામોમાં જઈ આશાતના નિવારણની પ્રેરણા આપી

એકંદરે શ્રીસંઘમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી અપૂર્વ ભાવોલ્લાસ સાથે વિવિધ તપસ્યાઓ અને ધર્મકાર્યો સારા પ્રમાણમાં થયેલ.

વિ. સં. ૧૯૩૯ના આ ચાતુર્માસ અંગે ઉદયપુર શ્રીસંઘ તરફથી પ્રકાશિત **પ્રાચીન ઐતિહાસિક પુસ્તક** (પા. ૨૯)માં નીચે મુજબના ધાર્મિક કાર્યોની નોંધ મળે છે

"ચૌગાનના દહેરાસરજી પાસેની ધર્મશાળા જીર્ણ થઈ રહી હતી તેનો તથા કંપાઉન્ડનો ફરતો કોટ પણ વેરવિખેર થવા પામેલ, આ બંનેનો જીર્ણોદ્ધાર પૂજ્યશ્રીની પ્રેરણાથી થયો.

વળી આસો મહિનામાં ચૌગાનના દહેરાસરે પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી નવપદજી મહારાજની ઓળીની આરાધના સામૂહિક રીતે ધામધૂમથી થઈ.

આરાધકોનો ભાવોલ્લાસ પૂજ્યશ્રીની તાત્વિક દેશનાથી વધવાના પરિણામે શ્રી નવપદજીની ઓળીજીના પાછલા ચાર દિવસોમાં નવ છોડનું ભવ્ય ઉજમણું ચૌગાનના દહેરાસરના બહારના ચોકમાં બંધાયેલ ભવ્ય મંડપમાં ગોઠવાયું.

ધર્મપ્રેમી-જનતાએ હજારોની સંખ્યામાં જ્ઞાન-દર્શન ચારિત્રના વિવિધ ઉપકરણો-સામગ્રીને નિહાળી તપ ધર્મની ખૂબ અનુમોદના કરેલ.

શ્રી **ગોડીજી** મહારાજના મૂળનાયક પ્રભુજીને રોજ ધારણ કરાવી આરાધકોનો ભાવોલ્લાસ વધે તે હેતુથી સુંદર મુકુટ-કુંડલ પૂજ્યશ્રીની પ્રેરણાથી તૈયાર થઈને પૂજા ભણાવી અભિષેકની વિધિપૂર્વક ચડાવરાવ્યા.

આ ઉપરાંત **સાગરશાખીય** મુનિ-ભગવંતોની પ્રેરણા અને ઉપદેશથી સ્થપાયેલ જ્ઞાન ભંડારમાં તેમજ **ગોડીજી**-મહારાજના દહેરાસરના ભંડારમાં અણવપરાયેલ તથા જૂના થઈ ગયેલ ચંદરવા-રૂમાલ વગેરેનો નિકાલ કરાવી તેના જરી વગેરે માલને વ્યવસ્થિત કારીગર પાસે કઢાવી તેના સદુપયોગ રૂપે શ્રાવકોને પ્રેરણા આપી જ્ઞાનભક્તિ અને પ્રભુભક્તિ માટે નવા રૂમાલો ચંદરવા વિગેરે પૂજ્યશ્રીએ બનાવડાવ્યા.

સં. ૧૯૩૮ના ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રીને કફનો વ્યાધિ અને શીતજ્વર અવારનવાર આસો મહિનાથી ખૂબ હેરાન કરવા લાગ્યો, કાર્તિક પૂર્ણિમાએ ચાતુર્માસ પરિવર્તન કરી કા. વ. ૭ પૂજ્યશ્રીએ **ભીલવાડા** તરફ વિહારની તૈયારી કરેલ, ત્યાં **સુગનબાઈ સંચેતી**ની દીક્ષાગ્રહણ કરવાની ભાવનાથવાથી સાધ્વીજી **પ્રશમશ્રીજી** મ.ના સમુદાયના **રત્નપ્રભાશ્રીજી** મ.ને સાથે લઈ કારતક વદ પાંચમે પૂજ્યશ્રી પાસે વ્યાખ્યાન પછી મળ્યા. અને પોતાની ભાવના વ્યક્ત કરી અને સારા મુહૂર્તે આપશ્રીના શુભ હસ્તે મારે સંયમ સ્વીકારવું છે તેની વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ સંઘના **આગેવાનોને** બોલાવી દીક્ષાર્થી-બહેનના કુંટુબ વગેરેની તપાસ કરી ધર્મ-શાસનની શોભા વધે તે રીતે શ્રીસંઘને દીક્ષા મહોત્સવ કરવા પ્રેરણા કરી.

કા.વ. ૧૦ ના રોજ ફરીથી દીક્ષાના મુહૂર્ત માટે આવેલ સુગનબાઈને પૂજ્યશ્રીએ જણાવ્યું કે

"जीवन को प्रभुशासन की मर्यादा में स्थिर करना जरुरी है, विना उसके संयम कभी सफल नहीं होता! वैराग्यवृत्ति को समजदारी के साथ पहचानने की चेष्टा करो। अनित्यभावना-अशरणभावना का निश्चित चिंतन संयम-धर्मकी परिपुष्टि के लिए आवश्यक है, ऊर्मिओं के तूफान में संक्षुब्ध न हो। साध्वीश्री म. का परिचय ठीक ढंगसे करके जीवन को उनके चरणो में न्यौछावर करना जरुरी है, ठीक तैयारी की है न!"—આદિ

સુગનબાઈએ પોતાની ભાવનાને વ્યક્ત કરવાના પ્રસંગે છેલ્લા ૧૧-૨ વર્ષથી જીવનને પ્રભુશાસનની મર્યાદાને અનુરુપ બનાવવા શક્ય પ્રયત્ન કર્યો છે, કુંટુબીઓ તરફથી કરાયેલી કડક કસોટીમાંથી પસાર થઈને વૈરાગ્યની ભૂમિકા દૃઢપણે મેળવી છે. પૂ. સાધ્વીજી મ. નો પરિચય પણ વ્યવસ્થિત રીતે કર્યો છે વગેરે ખુલાસા જણાવી પૂજ્યશ્રીના મનને સંતુષ્ટ કર્યું.

પૂજ્યશ્રીએ માગશર સુદ બીજનું આંબિલ કરી શ્રી **મહાવીર પ્રભુ** સમક્ષ સાથીયા બાંધી માળા શ્રી નવકારની ત્રિકાળ ગણવાનું કહી વાસક્ષેપની પડીકી આપી સાંજે પૌષધ લઈ સંથારા-પોરસી ભણાવ્યા પછી સૂતી વખતે પડીકી સામે શ્રી નવકાર મહામંત્રની એક બાંધી માળા ગણી "णमो सिद्धाणं सव्वपावप्पणासणो" ની ૧૧ માળા તથા णमो बंभचेरस्स ની ત્રણ માળા णमो संजमस्स-ની ત્રણ માળા ગણી તે પડીકી ઓશીકે રાખી ડાબા પડખે સૂઈ ઉંઘ પૂરી થાય કે તુર્ત બેઠા થઈ

સાત નવકાર ગણી નાસિકાના કયા નસકોરામાંથી શ્વાસ ચાલે છે! તે જાણી સવારે પૂજા કરી ૯-૩૭ થી ૯-૨૩ માં દીક્ષાના મુહૂર્ત માટે આવવા જણાવ્યું.

સુગનબાઈએ પણ પોતાની ૪૨ વર્ષની વય, છેલ્લા દશ વર્ષનું વૈધવ્ય જીવન, ભર-યુવાનીમાં ગૃહભંગ થયાનો યોગ વગેરે નજર સામે રાખી **જાણે પૂજ્યશ્રીએ પાણી પહેલાં પાળની** જેમ વિકારી-વાસનાઓ સંયમના માર્ગે ડખો ઉભો ન કરે, તેની અગમચેતી રૂપે બતાવેલ આ વિધિ ખૂબ ઉમંગથી ઉત્સાહથી આચરી.

પૂજ્યશ્રીના સૂચન પ્રમાણે માગ. સુ. ૨ આંબિલ કરી ચૌગાનના દેરાસરે બિરાજમાન **પ્રભુ મહાવીર પરમાત્માના** ભવ્ય-બિંબ આગળ જાપ વગેરે કરી સાંજે પૌષધ લઈ રાત્રે સંથારા પોરસી પછી પૂજ્યશ્રીએ બતાવેલ જાપ બરાબર કરી સંથારો કર્યો.

બરાબર અઢી વાગ્યાના સુમારે જાગૃત થયેલ **સુગનબાઈએ** સાત નવકાર ગણી કયા નસકોરામાંથી શ્વાસ જાય છે? તે તપાસ્યું તો જમણા નસકોરામાંથી નાસિકાથી નિકળી ઉપરના ભાગે જતો શ્વાસ અનુભવ્યો, બાકીની રાત શ્રી નવકારનો જાપ, નવસ્મરણ—ગૌતમ સ્વામીનો રાસ, સોળ સતીનો છંદ આદિના સ્મરણ સાથે વીતાવી રાઈપ્રતિક્રમણ કરી પૌષધ પારી શ્રી વીતરાગ પ્રભુની અષ્ટ પ્રકારી પૂજન સ્નાત્રપૂજા પૂર્વક કરી બરાબર નિર્ધારિત સમયે સાડા આઠ વાગે પૂ. સાધ્વીજી મ. તથા પોતાના કુટુંબીઓને લઈ પૂજ્યશ્રી પાસે દીક્ષાભિલાષી **સુગનબાઈ** આવ્યાં.

પૂજ્યશ્રી તે વખતે **શ્રીચિંતામણી પાર્શ્વનાથયંત્ર**નું માંત્રિક-વિધિએ પૂજન કરી તેના જાપમાંથી નિવૃત્ત થયા જ હતા, અને દીક્ષાના મુહૂર્ત માટે બધાને આવેલ જોઈ ઈશારાથી એક બાજુ બેસાડી જાપની મુદ્રાને બાજુએ રાખી અંગરક્ષા-માર્જના આદિ સંક્ષિપ્ત વિધિએ કરી થોડીવાર ધ્યાનસ્થ થયા.

થોડીવારે પૂજ્યશ્રી સ્વસ્થ થઈ પંચાગ લઈ પંચાંગશુદ્ધિ રવિયોગાદિ વિશિષ્ટ યોગબળ, ચંદ્રબળ, કુયોગ-પરિહાર આદિ જોઈ મહા સુ. ૩નું શ્રેષ્ઠ મુહૂર્ત ૧૦-૨૪-થી-૨૯ મિનિટનું શ્રેષ્ઠ નક્કી કરી પૂજ્યશ્રીએ કાગળમાં લખીને આપ્યું.

પૂજ્યશ્રીએ **ભીલવાડા** બાજુના વિહારની વાત કરી, પણ દીક્ષાર્થી બહેનના કુટુંબીઓએ કહ્યું કે- बापजी सा। उस रोज पोते को पानी मिलना जरूरी है! हमारे घरसे यह बाई पुण्यशालिनी हो कर प्रभुशासन में अपना जीवन समर्पित करना चाहती है, तो इसकी विवेक वैराग्य-भावना को परिपुष्ट करने के लिए आपके मांगलिक-श्रवण की खास जरुरत है, अतः कृपा करके आप विहारका विचार न करें! हमारे कुलको तारने वाली दीक्षाके पवित्र प्रसंग पर हमें क्या करना चाहिए। इसका मार्गदर्शन आपके बिना हमें कौन दे!" આદિ દીક્ષાર્થીના કુટુંબીઓની વિનંતિથી પૂજ્યશ્રીએ વર્તમાનજોગ તથા જૈસી ક્ષેત્ર-સ્પર્શના કહી સંતુષ્ટ કર્યા.

દીક્ષાર્થીના કુટુંબીઓ શ્રીસંઘના આગેવાનોને સાંજે મળ્યા અને પોતાના ઘરે આવો અવસર છે તો પૂજ્યશ્રીને જરૂર વિનંતિ કરી રોકવા પ્રેરણા કરી સંઘના આગેવાનોએ કહ્યું કે "सुद पाँचम के व्याख्यानमें आप विनंति करें हममी पूज्यश्री को आग्रह करेंगे ही।"

માગશર સુ. પાંચમના વ્યાખ્યાનમાં દીક્ષાર્થીના કુટુંબીઓ અને શ્રીસંઘે ખૂબ આગ્રહ કર્યો અને સ્થિરતા માટેની જય બોલાવી દીધી.

માગશર સુદ સાતમના બપોરે ૨-૨૪ મિનિટે **ધનારક**-કમુરતાં બેસતાં હોઈ પ્રભુશાસનની ગરિમા અને મોહના સંસ્કારોને શિથિલ બનાવવા માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી દીક્ષાર્થી બહેને પોતાના આઠ-દશ સખીમંડળ સાથે **ઉદયપુર** શહેરના બધાં દેરાસરોમાં જાત-મહેનતથી કાજો કાઢવાથી માંડી પૂજાના તમામ કાર્યો કરવા રૂપનો જિન-ભક્તિમહોત્સવ માગશર સુદ સાતમે વ્યાખ્યાનમાં જ્ઞાન-પૂજા કરી વાસક્ષેપ નંખાવી **સહસ્રફણા પાર્શ્વનાથના** દહેરાસરથી શરૂઆત કરી.

પૂજ્યશ્રીએ-" પ્રભુ-ભક્તિમાં સ્વદ્રવ્ય અને જાત-**પ્રવૃત્તિ** થી પ્રવર્તનાના બળે અપૂર્વ રીતે મોહના સંસ્કારોનો હ્રાસ થાય છે-" એ વાત યોગ્ય રીતે સમજાવી સંઘમાંથી પણ બીજા શ્રાવક-શ્રાવિકાઓને આ પ્રભુ ભક્તિના વિશિષ્ટ કાર્યમાં તન-મન-ધનથી કરણ-કરાવણ રૂપે લાભ લેવા પ્રેરણા કરી.

દીક્ષાર્થી-બહેનની આ પ્રવૃત્તિથી સંઘમાં અનેરી ધર્મભાવના ખીલી ઉઠી, જે મહોલ્લામાં દીક્ષાર્થી બહેન પ્રભુ ભક્તિ માટે જાય, ત્યાંના શ્રાવકો દીક્ષાર્થીનું બહુમાન કરે, પૂજામાં જોડાનારાઓની ભક્તિ કરે, પોતે પણ તે પૂજાના કામમાં સક્રિયપણે જોડાય.

પરિણામે શ્રી વીતરાગ-પ્રભુની પૂજા એ શ્રાવકોનું કેવું આદર્શ ઉચ્ચ કર્તવ્ય છે? તેની અનુભૂતિ અનેકોના હૈયામાં થવા લાગી.

મૌન એકાદશીના પ્રસંગે પૂજ્યશ્રીએ દીક્ષાર્થીના પરિણામની ધારાને વધુ નિર્મળ બનાવવાના શુભ લક્ષ્યથી ન બોલવા રૂપના દ્રવ્યમૌન કરતાં પ્રભુ-શાસનની મર્યાદા પ્રમાણે સંયમી-જીવન જીવવા રૂપના ભાવ-મૌનની મહત્તા જણાવી બારમાસી પર્વ તરીકે **મૌન એકાદશીનું** મહત્ત્વ સર્વ વિરતિ-ચારિત્રની લગભગ પ્રાપ્તિ અને નિર્મળ-આરાધનાના દૃષ્ટિકોણથી સમજાવી.

સુવ્રતશેઠ અને **શ્રીકૃષ્ણ**—વાસુદેવના દૃષ્ટાંતથી દ્રવ્ય-ભાવ બંને રીતે મૌન એકાદશીનું આરાધન પુણ્યશાળીઓએ કેવી રીતે કરવું? તે અધિકાર પણ વિગતથી સમજાવ્યો.

દીક્ષાર્થી બહેને મોહના સંસ્કારો ઘટાડવા અને જીવન-શુદ્ધિના પરમાર્થને પિછાણવા પ્રભુ-ભક્તિનો જે કાર્યક્રમ દરેક દહેરાસરોમાં શરૂ કર્યો, તેને પૂજ્યશ્રીએ વારંવાર પ્રોત્સાહન આપી શ્રીસંઘમાં પ્રભુ-ભક્તિમાં કાળબળે આવેલ ઉપેક્ષા-શિથિલતાની વૃત્તિને હઠાવવા વાતાવરણ સર્જ્યું.

વચ્ચે પ્રાસંગિક પૌષદશમીના દિવસે **સમીનાખેડા** તીર્થે સકળ-સંઘ સાથે જઈ શ્રી વીતરાગ-પરમાત્માનો જન્મ જગતને હિતકારી શા માટે? અને કેવી રીતે? તે વ્યાખ્યાનમાં સમજાવી "**મોહના સંસ્કારો પર વિજય મેળવવાના ભગીરથ પુરૂષાર્થ સિવાય જીવનમાં કંઈ મેળવવા જેવું નથી**" એ વાત પર ભાર દઈ પ્રભુશ્રી પાર્શ્વનાથના જન્મની સાચી ઉજવણી પ્રભુએ ચીંધેલ સર્વવિરતિ માર્ગે જવા રૂપે કરવાનું જણાવ્યું.

પરિણામે દીક્ષાર્થી-બહેનના સર્વ-વિરતિના પરિણામ ઉચ્ચ-કોટિના થયા.

દીક્ષાર્થીના આગ્રહથી પૂજ્યશ્રીએ દીક્ષાર્થીના ભાવોની વૃદ્ધિ માટે વ્યાખ્યાનમાં "**સર્વ વિરતિધર્મની મહત્તા અને વાસનાવિજય**" પર શાસ્ત્રીય વ્યાખ્યાનો શરૂ કર્યા, પરિણામે બે કુમારિકા અને એક વિધવા બહેનને સંસારની અસારતાનું ભાન થઈ જોરદાર-વૈરાગ્યની સ્પર્શના થઈ,

રોજ પૂજ્યશ્રીના વ્યાખ્યાનો સાંભળવાથી દૃઢ બનતી જતી વૈરાગ્યભાવનાના બળે બંને કુમારિકા બહેનોએ માતા-પિતાદિના મોહમય ધમાલભર્યા વાતાવરણ પર વિજય મેળવી કુટુંબીઓને સમજાવી પોષ સુ. ૧૦ના રોજ દીક્ષાનું મંગળ મુહૂર્ત જોવડાવ્યું.

વિધવા બહેને પણ પોતાના કુટુંબીઓને સાથે લઈ મુહૂર્ત્ત જોવાનો આ અવસર સાચવી લીધો.

ભાવીયોગે માહ સુ. ૩ નો **સુગનબાઈની** દીક્ષા માટે નિયત થયેલ દિવસ **શાંતિકુમારી** અને **ભાગવંતીબહેન** (કુમારિકા) માટે તેમજ **ઝબકબહેન** (વિધવા) માટે પણ યથોચિત સંગત થયો.

એટલે શ્રીસંઘમાં અપૂર્વ હર્ષોલ્લાસનું વાતાવરણ થયું, કેમકે મેવાડ જેવા પ્રદેશમાં એક નહીં, બે નહીં ચાર ચાર શ્રાવિકાઓ-જેમાં બે તો કુમારિકા જુવાનીના ઉંબરે પગ મુકતી સત્તરથી બાવીશ વર્ષની અંદરની બાલિકાઓ પ્રભુ શાસનના શરણે જીવન સમર્પિત કરવા તૈયાર થયાની વાતથી શ્રીસંઘના આ-બાળ-વૃદ્ધ સહુમાં અનુમોદનાનો ભાવ અને સંયમ ધર્મનો રાગ ઝળહળી ઉઠયો.

શ્રીસંઘ તરફથી પોષ સુ. ૧૩ના મંગળ દિવસથી ચારે દીક્ષાર્થી બહેનોના દીક્ષા પ્રસંગને વધાવવા માટે ઘર આંગણે બોલાવી ભક્તિપૂર્વક જમાડી બહુમાન કરવાની શરૂઆત થઈ.

જાત-જાતના વાજિંત્રોના સરોદા વચ્ચે પાલખી વગેરેમાં બેસાડી શાસન-શોભા વધે તે રીતે દીક્ષાર્થીઓનાં "**વાયણા**" શરૂ થયાં.

રોજ સવારે **વાયણાની** શરૂઆત થાય ત્યારે દીક્ષાર્થી બહેનો પોતપોતાના સંબંધી અને શ્રીસંઘના ભાઈ-બહેનો સાથે પૂજ્યશ્રી પાસે વાસક્ષેપ નંખાવી માંગલિક સાંભળવા આવે, ત્યારે

ઉત્તમ શ્રીફળ દ્વારા ગહુંલી કરી દીક્ષાર્થી બહેનો વાસક્ષેપથી જ્ઞાનપૂજા કરે અને વંદના કરી "ઇચ્છકારિ ભગવન્ પસાય કરી હિતશિક્ષા પસાય કરશોજી" કહી થોડોક સમય આત્મ-હિતકર બાબતો સમજાવવા પ્રાર્થના કરતી.

કેમકે શાસન-પ્રભાવનાના ઉદ્દેશ્યથી ઘરેઘરે સંયમી-આત્માઓના બહુમાનની દૃષ્ટિએ પગલાં કરાવવાનો કાર્યક્રમ સવારના નવથી સાંજ સુધી ચાલે. તેથી વ્યાખ્યાનનો લાભ ન મળે તેથી દીક્ષાર્થી બહેનો સવારે પૂજ્યશ્રી પાસે માંગલિક સાંભળી વાસક્ષેપ વખતે હિતશિક્ષાની માંગણી કરતી.

પૂજ્યશ્રી પણ દીક્ષાર્થીઓને ઉદ્બોધન કરતાં મહત્ત્વની વિચાર-જાગૃતિ તરફ આંગળી ચીંધતાં કહેતા કે—

"**આ વાયણા એ શું છે?** વાચના શબ્દનો અપભ્રંશ **વાયણા** દેખાય છે (પણ અહીં વાચના લેવા દેવાની વાત તો કંઈ નથી) તો **વાયણા** શબ્દનો અર્થ જ ખૂબ ગંભીર રહસ્યને સૂચવે છે, તે એ કે-સમજણ પૂર્વકના ત્યાગ—વૈરાગ્યના ચઢતા પરિણામોના બળે સંસારના મોહક-વાતાવરણ અને ઉત્તમ-પદાર્થોનો સ્વેચ્છાએ ત્યાગ કરવા તૈયાર થયેલ દીક્ષાર્થીઓના બહુમાનાર્થે ભક્તિ કરનારા વિવેકી પુણ્યાત્માઓ વિશિષ્ટ સુંદર વર્ણ ગંધ-રસ-સ્પર્શવાળા ઉત્તમ ખાનપાન, પહેરવા-ઓઢવા અને ધરેણા-દાગીના આદિ સંસારી-પદાર્થોથી ભક્તિ-બહુમાન કરવા તૈયાર થાય ત્યારે દીક્ષાર્થી સમજણપૂર્વકના ચઢતા વૈરાગ્યના બળે મનગમતા સુંદર સંસારી-પદાર્થોને હલાહલ ઝેર કરતાં વધુ અનિષ્ટ સમજી તે તે સુંદર-ઉત્તમ પદાર્થોને પણ "ના-ના" કહી વારણ કરે-નિષેધ કરે!

ભક્તિ કરનારો જે ચીજની રજુઆત કરે તો "**આ ત્યાગ છે**" "**આ ખપે નહીં**" "**આ ઉચિત નથી**" વગેરે શબ્દોથી અંતરના ત્યાગ-વૈરાગ્યના ભાવને ઝળકાવી સામાને ત્યાગનું બહુમાન સંયમ-ધર્મની અનુમોદનાનો ભાવ જેમાંથી જગાવે તે દીક્ષાર્થીની **વારણા**=નિષેધ કરવાની પ્રવૃત્તિ તેનું અપભ્રંશ **વાયણા** થયું છે, તે માત્ર જમવા અને બાહ્ય બહુમાનના વ્યવહારમાં રૂઢ થવા પામ્યું છે" વગેરે.

દીક્ષાર્થી બહેનો આ સાંભળી પોતાની ભૂમિકા પ્રમાણે અવનવા નિયમ-પચ્ચક્ખાણ અભિગ્રહ વગેરે પૂજ્યશ્રી પાસે રોજ સવારે વાસક્ષેપ નંખાવવા આવે ત્યારે સ્વીકારી દીક્ષાર્થી તરીકે સંયમી-વૈરાગ્યવંતા જીવનનો પૂર્વાભ્યાસ કરવા લાગ્યા.

લોકો પણ દીક્ષાર્થીની આવી ચઢતી ભાવના અને છુટથી મનગમતા પદાર્થો મળતા હોય છતાં ત્યાગ, વ્રત, નિયમ, પચ્ચક્ખાણ અભિગ્રહાદિ ધારી પોતાની જાતને કાબૂમાં રાખવા મથતા દીક્ષાર્થીઓની ઉદાત્ત-ભાવનાની પેટ છૂટ અનર્ગલ અનુમોદના કરવા લાગ્યા.

આ અરસામાં પૂજ્યશ્રીને સમાચાર મળેલ કે પૂ. ગચ્છાધિપતિશ્રી **મૂલચંદજી મ.** ના ખાસ પ્રીતિપાત્ર **પંજાબ** દેશમાં જિનધર્મની પ્રબલ પ્રભાવના કરનાર પૂ. શ્રી **આત્મારામજી મ.** દિલ્હી બાજુ પધાર્યા છે. અને ગુજરાત ભણી પધારવાના છે, તો દિલ્હીથી **ઉદયપુર** થઈને

પધારે તો કેશરીયાજીની યાત્રા થઈ જાય, સાથે ઉદયપુરમાં જિનશાસનની જબ્બર પ્રભાવના થાય, કેમકે સ્થાનકવાસી–સાધુપણામાં બાવીશ વર્ષ રહી પ્રખર વિદ્વાન અને પ્રતિષ્ઠાપાત્ર બનેલા છતાં સત્ય–તત્ત્વની સમજુતી થવાથી તેઓએ અઢાર સાધુ સાથે સંવેગી–દીક્ષા સ્વીકારી પ્રભુ–શાસનની વફાદારી વ્યક્ત કરેલ.

આવા મહાપુરૂષ ઉદયપુરમાં પધારે તો અહીંની જનતાને પરમાત્માના શાસનની દૃઢ પ્રતીતિ થાય, તેથી ઉદયપુર શ્રીસંઘને વાત કરી આગેવાનો પાસે આગ્રહભરી વિનંતીનો પત્ર લખાવેલ જેના ગર્ભિત–જવાબ રૂપે પૂજ્યશ્રી પર નીચે મુજબ જવાબ આવેલ.

"स्वस्ति श्री शेवा-देवदेव-पदपयोजनि-युगलंग्र णिपत्य मनसा संचिरतरार्थं साधुजातिरम्यमुदयपत्तननामकमिन्दिरा-निलयं निगमवरमविछिन्नेभ्यः सत्प्रतिष्ठितेभ्यः प्रख्यातचिद्विलासेभ्यो विद्वज्जनप्रधानेभ्यो मुनिभ्यः श्रीमद् झवेराणांपतिभ्य इन्द्रप्रस्थात् मुनिश्रीमदानंदांचजयादीनां वन्दनानि च भवंतुतराम्।

शमत्र, तत्राप्यस्तु

अपरं च समाचार वंचना–पत्र आप को आयो, पढ के चित्तको आनंद हुआ

आपने जो दयानंदकी बाबत में लिखा ओ ठीक है, अब दयानंदका क्या हाल है? सो लिखनाजी।

आगे आपके श्रावकोंकी विनति पोंची सो हमारी तर्फ से धर्मलाभ कहनाजी'.

चिट्ठी जो देर से लिखी गई है सो विहार होणे के सबब से, आगे यहां दील्हीमें ठाणे २० है सो दो तथा तीन रोजमें जयपुर तर्फ विहार करणेका है, सो आपको मालूम हो।

सुखशाताका पत्र जैपुर कृपा करी देणाजी। चिट्ठी लिखी मीति माह वद ८

मंडारी हीराचंदकी वंदणा १०८ वार मालूम होवे। गुरुदया किरपा करके लिखसो

ઉદયપુર ગોડીજી મ. ના ઉપાશ્રયમાંથી મળેલ જુના પત્રોમાંથી મળેલ એક પત્ર

પૂ. શ્રી આત્મારામજી મ. ના આ પત્રમાં પૂજ્યશ્રી પર ભારોભાર હાર્દિક બહુમાન ઝળકે છે, પૂજ્યશ્રીએ ઉદયપુર શ્રીસંઘની મોકલાવેલ વિનતિની પહોંચ આમાં છે, પણ ગુજરાત બાજુ જવાની ઉતાવળ કે બીજા કોઈ મહત્ત્વના કારણે ઉદયપુર તરફ આવવા માટેનો નિર્દેશ આ પત્રમાં નથી.

આવા મહામહિમશાલી પ્રૌઢ–પ્રતાપી પૂજ્યશ્રી દીક્ષાર્થી બહેનોના ભાવોલ્લાસને વૃદ્ધિંગત કરવા વિશિષ્ટ પર્વોના રહસ્યને વ્યાખ્યાનમાં છણાવટપૂર્વક રજુ કરી રહ્યા.

દીક્ષાર્થીઓ પૂજ્યશ્રીની પ્રેરણા–ઉપદેશને બરાબર ઝીલી ભક્તિ કરનારાઓના ગમે તેટલા આગ્રહને પણ વશ ન થતાં–સંયમની પૂર્વ–ભૂમિકાને મજબૂત કરવાની જેમ વાસના–નિગ્રહમાં સફળ રીતે યશસ્વી નિવડી શકયા.

આમ કરતાં પોષ વદ ૧૩–જે શાસ્ત્રીય માહ વદ ૧૩ કહેવાય–જેને **મેરૂત્રયોદશી** તરીકે યુગાદિપ્રભુ **શ્રી ઋષભદેવ**–ભગવંતના નિર્વાણ–કલ્યાણક સાથે સંકળાયેલ મહાપર્વ તરીકે કહેવાય—તે દિવસ આવ્યો.

પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં ખૂબ જ ભારપૂર્વક– "પ્રભુ **ઋષભદેવની** નિર્વાણ–ભૂમિ તો **અષ્ટાપદજી છે, મેરૂપર્વત** પર કોઈ કલ્યાણક થયું નથી, તો આજનો દિવસ **મેરૂતેરશ** કેમ ?"

એ પ્રશ્નની રજુઆત કરી .જેના ખુલાસામાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે–

જેમ **મેરૂપર્વત** અખિલ વિશ્વના મધ્ય કેંદ્રમાં છે, તેમજ **મેરૂપર્વતની** સમભૂતલાથી દિશા–વિદિશાઓમાં દરેક ચીજનું અંતર મપાય છે, તેમ આ અવસર્પિણીકાળમાં અઢાર કોડાકોડી સાગરોપમના ગહન–મિથ્યાત્વના અંધકારને ઉલેચી પ્રભુશાસનની સર્વપ્રથમ સ્થાપના કરી જગતમાં આત્માનું હિત શેમાં ? આપણું કર્તવ્ય શું ? એ વાતની પ્રતીતિ આપી, એટલે **મેરુપર્વતની** જેમ પ્રભુ શ્રી **ઋષભદેવ** આપણા આધ્યાત્મિક ક્ષેત્રના માનદંડ રૂપ બન્યા . તેવા પ્રભુના નિર્વાણ કલ્યાણકની આરાધના આજના મંગળ–દિવસે ચઢતા ભાવે વિવેકપૂર્વક કરી જીવનમાં આજ્ઞા રૂપ **મેરૂના** માનદંડથી આપણી આરાધનાઓ કેટલી કાર્યક્ષમ નિવડે છે ? તેનું સમજણપૂર્વક ભાન કેળવવું જરૂરી છે–" આદિ સમજાવી સહુને આજ્ઞાનુસારી–જીવન બનાવવા પ્રેરણા કરી.

ભાવી–ચોગે દીક્ષાર્થીઓમાં સૌથી વધુ કોણ લાભ લે ! એવી સ્પર્ધામાં નાહક વાતાવરણ કલુષિત ન થાય તેમજ કોઈની ભાવનાને ધક્કો ન લાગે તેથી પૂજ્યશ્રીની સૂચનાથી શ્રીસંઘે ચારે દીક્ષાર્થીઓને સ્વેચ્છાએ જે આપવું હોય તે લઈ દીક્ષા મહોત્સવ શ્રીસંઘ તરફથી કરવાનું ઠરાવેલ.

તે જિનેંદ્ર–ભક્તિ–મહોત્સવ વદ ૧૧ થી શરૂ થયેલ, તેમાં વિવિધ પૂજાઓ શ્રાવકો અંતરંગ–ભક્તિથી બપોરના સમયે ભણાવતા.

દીક્ષાર્થી બહેનો પણ સ્નાત્રીયા તરીકે ઉભા રહી ભવસમુદ્રથી તારનાર પ્રભુશાસનની આરાધનાને સંપૂર્ણ સક્રિય રીતે પાળવા માટે સર્વવિરતિ–જીવનની સફળ આરાધના માટે અષ્ટપ્રકારી પૂજા રૂપ દ્રવ્યસ્તવની આસેવના ભાવસ્તવ–પ્રાપ્તિના સફળ ઉદ્દેશ્યથી કરવા પ્રયત્ન કરવા લાગ્યાં.

માહ સુ. ૧ના રોજ પૂજ્યશ્રીએ ચારે દીક્ષાર્થી બહેનોને સાધ્વીજી મ. સાથે બોલાવી ચારિત્ર–ધર્મની સફળ આરાધના માટે પાંચમા આરામાં જરૂરી પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું જયણામય પાલન, ગોચરીના બેંતાલીસ દોષોની તથા માંડલીના પાંચ દોષોની સમજુતી, ચરણસિત્તરી–કરણ–સિત્તરીની માહિતી આદિ પ્રાથમિક બાબતોની જાણકારી આપી સંયમી–જીવનમાં સાવ અઘટિત અકર્તવ્ય રૂપ કેટલીક બાબતોના નિયમ–પચ્ચકૂખાણ કરાવ્યાં.

માહ સુ. ૨ બપોરે શ્રીસંઘ તરફથી જળયાત્રાની ભવ્ય રથયાત્રા હતી, તેમાં દીક્ષાર્થી



ચારે બહેનોએ મોરચા પર લડવા જતા ફૌજી–તાલીમવાળા મિલેટ્રીમેનની જેમ સંસારના ભીષણ વાતાવરણમાંથી બહાર નીકળી સ્વેચ્છાએ સંયમધર્મની પાલના દ્વારા ઉદીરણાદિપૂર્વક કર્મસત્તા સામે ઝઝુમવા માટેની ભાવના સાથે પૂજ્યશ્રી પાસે ઉમંગપૂર્વક વાસક્ષેપ નંખાવી જગતના સર્વોત્તમ પદાર્થોને પણ મુક્ત–મનથી ત્યાગ કરી દેવાના પ્રતીક રૂપે વર્ષીદાનની પ્રક્રિયા ખૂબ ઉમંગથી કરી.

રથયાત્રા પત્યા પછી સીધા સાધ્વીજી મ. ના ઉપાશ્રયે દીક્ષાર્થી બહેનો ગયાં, ત્યાં પ્રતિક્રમણ કરી સંથારા–પોરસી ભણાવી સૂઈ જઈ સવારે વહેલા ઉઠી શ્રી નમસ્કાર–મહામંત્રનો વિશિષ્ટ–જાપ સંયમ માર્ગે સરળતાપૂર્વક પ્રયાણ થાય તે હેતુથી કર્યો, યોગ્ય સમયે રાઈ–પ્રતિક્રમણ કર્યું, ધર્મોપકરણોનું પડિલેહણ કર્યું. નજીકના ઘરે પરિમિત–જળથી અંગ–શુદ્ધિ કરી **શ્રી સહસ્સફણા પાર્શ્વનાથ પ્રભુના** દહેરે તથા **ગોડીજી**ના દહેરે ભાવપૂર્વક અષ્ટપ્રકારી પૂજા સ્નાત્રપૂજા સાથે કરી પૂ. ગુરૂદેવનો વાસક્ષેપ લઈ દીક્ષા માટે શ્રી સંઘે નક્કી કરેલ સ્થળે શાસનપ્રભાવના પૂર્વક સમયસર ઉપસ્થિત થયાં.

પૂજ્યશ્રી પણ દીક્ષા માટે ક્રિયા–મંડપમાં સમયસર હાજર થઈ ગયાં.

ખૂબ જ ભાવોલ્લાસ ભર્યા ગગનભેદી જયનાદોના ઘોષ સાથે દીક્ષાની વિધિ શરૂ થઈ.

યોગ્ય સમયે રજોહરણ–પ્રદાન થયું. પછી સંસારનો ભાર ઉતારવાના પ્રતીક રૂપે કાચા પાણીથી સ્નાન કરી વેષપરાવર્તન ક્રિયા થઈ. પછી પૂજ્યશ્રી પાસે આવી બાકીની વિધિ કરી કરેમિ મન્તે. સૂત્ર દ્વારા આખા સંસારનો ત્યાગ કરવા રૂપ સર્વ–વિરતિનું પચ્ચક્ખાણ સ્વીકારી છેલ્લે ત્રિગબંધ દ્વારા ચારે દીક્ષાર્થીઓને સંસાર બિલકુલ યાદ જ ન આવે તે હેતુથી નામ પણ નવા સ્થાપ્યાં.

બાદ સકળ શ્રીસંઘ સાથે **ચૌગાનના શ્રી પદ્મનાભ–પ્રભુનાં** દર્શન કરી ચૈત્યવંદન કરી પૂજ્યશ્રી ઉપાશ્રયે પધાર્યા.

આખા **ઉદયપુર** શહેરમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ દીક્ષાનો આ પ્રસંગ જૈન–જૈનેતર સહુને ખૂબ જ પ્રેરણાદાયી નિવડેલ.

પૂજ્યશ્રીએ માહ સુ. ૫ ના વિહારની તૈયારી કરી, નૂતન–દીક્ષિતોના સંબંધીઓએ યોગવહન કરાવી વડી દીક્ષા માટે વિજ્ઞપ્તિ કરી તે અંગે સ્થિરતા કરવા આગ્રહ કર્યો.

પૂજ્યશ્રીએ કહ્યું કે—મહાનુભાવો ! આપ કહતે હૈં સો ઠીક હૈ ! કિંતુ અભી પ્રાથમિક શાલામેં યે લોગ ભરતી હુએ હૈં ! અભી કુછ દિન ઇન્હેં પૂરી તરહ સે અભ્યાસ કરને દો, યહી દીક્ષા કોઈ મામૂલી ચીજ નહીં ! આપ લોગોં કી નિગાહમેં યહ છોટી દીક્ષા બડે મહત્વકી હૈ ! ક્યોં કિ આપ લોગોંકા મોહમાયાના બંધન છૂટના આસાન નહીં !

किंतु हमारे लिए तो शास्त्रकारोंका निर्देश है कि—

छोटी दीक्षा के बाद छ-काय की जयणा, पांच समिति,तीन गुप्तिका पालन.-जयणा का पूरा ख्याल, आहार —विहारादि में साधुता का अभ्यास, और साधु-चर्या पूरी तरहसे नव-दीक्षित आत्मसात् कर ले फिर योग्यता की जाँच के बाद पंच-महाव्रतरूप वडी दीक्षा योग्य, क्षेत्र-शुद्धि एवं पंचांगशुद्धि तथा ग्रहोंका विशिष्ट बल आदि देखकर दी जाती है इस में उतावल ठीक नहीं !!!

अभी वडी दीक्षा का मुहूर्त है भी नहीं ! वैशाख में अच्छा दिन आता है, तब तक नूतन-दीक्षितोंको साधु-चर्याका ठीक ढंगसे आसेवन करने दो आदि.

દીક્ષાર્થીઓના સંબંધીઓ આ વાત સાંભળી વિનીત-ભાવે બોલ્યા કે—

" बापजी सा. ! इनसब वातो थीं ताके मीं कांई जाणां ? परंतु बापजी ! वैशाख में पधारनों पडेला, मीं फिर से आपके पास आवांगा ही ! पर ! आप मां की बात जरूर ध्यान में रखनेा "

પૂજ્યશ્રીએ " वर्तमान जोग " " जैसी क्षेत्र-स्पर्शना " નો જવાબ આપી સાધુ સામાચારીનું ભાન કરાવ્યું.

પૂજ્યશ્રીએ સંઘનેા ઘણેા આગ્રહ ફાગણ-ચેામાસી માટે છતાં માહ સુ. પાંચમ સવારે કરેડાજી **તીર્થ** તરફ જવા માટે વિહાર કર્યો. ત્યાંથી પૂજ્યશ્રી રેલમગરા, કપાસણ, આદિ ગામેામાં સ્થિરતાપૂર્વક વિચરી આમેટ-ચારભુજા રેાડ સુધી વિચરી સંવેગી-સાધુઓના વિચરણના અભાવે માર્ગથી વિમુખ બનેલા અનેક જૈનાને પ્રભુશાસન તરફ વાળ્યા. **ચિત્તોડ-તીર્થે** ચૈત્રી ઓળીની ભાવનાથી ચૈત્ર સુદ ત્રીજ લગભગ **ચિત્તોડ** શહેરમાં પધાર્યા.

પૂજ્યશ્રીના વ્યાખ્યાનેાથી ત્યાંની જનતા લગભગ બાર વર્ષ પૂર્વે પરિચિત થયેલ, પણ તે વખતે **રતલામ** અચાનક જવાનું થવાથી અનેક જિજ્ઞાસુઓની ધર્મકાંક્ષા અધૂરી રહેલ.

પણ ભાવીયેાગે પૂજ્યશ્રીના પુનઃઆગમનથી અનેક ભાવિક લેાકેાએ પૂજ્યશ્રીનેા લાભ લેવા માંડયેા. સવારના વ્યાખ્યાન-બપેારે રાત્રે પ્રશ્નોત્તરી આદિથી જૈન-જૈનેતર જનતા પૂજ્યશ્રીના અગાધ શાસ્ત્રજ્ઞાનથી પ્રભાવિત બની.

ધર્મપ્રેમી જનતાએ પૂજ્યશ્રીને સ્થિરતા માટે આગ્રહ કર્યો. શાશ્વત ચૈત્રી-ઓળીની આરાધનાનું મહત્ત્વ જણાવવા સાથે સકળ જિનશાસનના સારરૂપ શ્રી નવપદજીની આરાધનાનું મહત્ત્વ ઓજસ્વિની-શૈલિમાં સમજાવી અનેક પુણ્યાત્માઓને શ્રી નવપદજીની શાશ્વત આરાધનાના પ્રતીકરૂપ ચૈત્રી ઓળી કરવા માટે પ્રેરણા આપી.

અનેક પુણ્યવાનેાએ તૈયારી કરી પૂજ્યશ્રીએ પણ લાભાલાભ સમજી સ્થિરતા કરી, પૂજ્યશ્રીના

વ્યાખ્યાન શ્રવણથી–વિશિષ્ટ પ્રેરણા મેળવી પૂજ્ય ઉમંગથી નવપદજી–ઓળીની વિધિપૂર્વક આરાધના પૂજ્ય ઠાઠપૂર્વક થઈ.

તેમાં ચૈત્ર સુ. ૧૪ના વ્યાખ્યાન–પ્રસંગે **ઉદયપુર** શ્રીસંઘના આગેવાન સાત આઠ શ્રાવકો તથા દીક્ષાર્થીઓનાં કુટુંબીજનોએ ઉપસ્થિત થઈ "વૈશાખમાં વડી દીક્ષા કરાવવા આપશ્રી **ઉદયપુર** પધારો" એવી જોરદાર વિનંતી કરી.

પૂજ્યશ્રીએ ચૈત્ર વદ ૨ **ચિત્તોડથી** વિહાર કરી ચૈત્ર વદ ૧૦ લગભગ **ઉદયપુર** પધારી ગયા. પૂજ્યશ્રી પાસે ચૈત્ર વદ ૧૦ બપોરે શ્રીસંઘના આગેવાનો અને દીક્ષાર્થીઓના કુટુંબીજનોએ ભેગા મળી વડીદીક્ષાના મુહૂર્તની માંગણી કરી.

પૂજ્યશ્રીએ સાધ્વીજી મ.ને મળી નૂતન–દીક્ષિતોની ચર્યાની વાત સાંભળી વદ ૧૩ના દિવસે મુહૂર્ત્ત જોવાની વાત કરી.

વદ ૧૩ ના બપોરે ફરીથી સંઘના આગેવાનો અને દીક્ષાર્થીના કુટુંબીજનો વડીદીક્ષાના મુહૂર્ત્ત અંગે મળ્યા. એટલે નૂતન–દીક્ષિતોને યોગવહન કરાવવાના બાકી હોઈ પંદર દિવસ પછીનાં બે મુહૂર્ત્ત આપ્યા. "વૈશાખવદ ૭ અને જેઠ સુદ ૩"

સાથે એમ કહ્યું કે **શ્રી મહાનિશીથના** યોગ કરેલા હોઈ યોગ હુંકરાવી દઈશ! પણ વડી દીક્ષા મારાથી ન આપી શકાય, માટે **ઘાણેરાવમાં** બિરાજતા **પૂ. પં. શ્રી સૌભાગ્ય-વિજયજી** મ. ને વિનંતી કરી તેડી લાવો."

સંઘના આગેવાનો અને દીક્ષાર્થીના કુટુંબીજનોએ તુર્ત **ઘાણેરાવ** જઈ **પૂ. ગુરુદેવ સા.** મ.નો પત્ર બતાવી વડી દીક્ષા માટે **ઉદયપુર** પધારવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી, વૈ. સુ. ૭ નો વિહાર અને સંઘના બે ભાઈ ઓ વિહારમાં સાથે રહેશે એમ નક્કી કરી સંઘના આગેવાનોએ પૂજ્યશ્રીને સમાચાર આપ્યા. વ. ૧૪ થી નૂતન–દીક્ષિતોને માંડલીયા–યોગમાં પૂજ્યશ્રીએ પ્રવેશ કરાવ્યો.

વૈ. સુ. ૧૪ લગભગ **પૂ. પં. શ્રી સૌભાગ્ય વિજયજી મ. ઉદયપુર** પધાર્યા, ભવ્ય પ્રવેશ મહોત્સવ થયો.

તે જ દિવસથી વડીદીક્ષા નિમિત્તે શ્રીસંઘ તરફથી **શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ** પ્રભુના જિનાલયે ભવ્યજિનેંદ્ર ભક્તિ મહોત્સવ શરૂ થયો.

પૂજ્યશ્રીના તપોબળ અને વાસક્ષેપના પ્રતાપે ચારે નૂતન–દીક્ષિતોની વડી દીક્ષા વૈ. વ. ૭ના મંગળ દિને ચઢતે પહોરે ૯–૩૭ મિનિટે નિર્વિઘ્ને થવા પામી.

તે વખતે સંઘના આગેવાનોએ પૂજ્યશ્રીને ચાતુર્માસની વિનંતી કરી, **ઉદયપુર**ના કેટલાક જીર્ણ થયેલ દહેરાસરોના જીર્ણોદ્ધાર અંગે મંગળ પ્રેરણા તેમજ પુનિત-માર્ગદર્શનની ખાસ જરૂર પર ભાર દઈ શ્રીસંઘે પૂજ્યશ્રીના ચાતુર્માસની જય બોલાવી દીધી.

પૂજ્યશ્રીએ પણ નૂતન દીક્ષિતોના બાકીના યોગ તથા સાત આંબેલ વગેરે કરાવવામાં જેઠ સુદ પૂરી થઈ જાય, પછી **આર્દ્રાનક્ષત્ર** નજીક હોઈ વરસાદના કારણે વિહારમાં વિરાધના વધુ થાય, તેમ સમજી સંઘની વાતને વધાવી લીધી.

પૂ. પં. **સૌભાગ્ય વિજયજી** મ. ને પણ શ્રીસંઘે સ્થિરતા-ચોમાસા માટે ઘણો આગ્રહ કર્યો, છતાં **ઘાણેરાવ** શ્રીસંઘના મહત્ત્વના કાર્યો અંગે ચોમાસું લગભગ નક્કી થયેલ હોઈ વૈ. વ. ૧૦ વિહાર કરી પાછા **ઘાણેરાવ** તરફ પધાર્યા.

આ રીતે પૂજ્યશ્રીનું વિ. સં. ૧૯૪૦નું છઠું ચોમાસું સંજોગવશ **ઉદયપુર** થયું.

ચોમાસા દરમ્યાન **શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** અને **શ્રી પરિશિષ્ટપર્વનું** વ્યાખ્યાનમાં વાંચન થયું. પ્રસંગે-પ્રસંગે શ્રાવક-જીવનમાં વિરતિધર્મની મહત્તા સમજાવવાના આશયથી દ્રવ્ય-સ્તવની વિધિપૂર્વક કરણીયતા અંગે ખૂબ પ્રકાશ પાથરવામાં આવ્યો.

ચોમાસા દરમ્યાન **ચૌગાનના** દહેરાસરોમાં અ-વ્યવસ્થા આદિથી થઈ રહેલ આશાતનાઓ ટાળી બંધારણીય-વ્યવસ્થામાં રહેલ ઢીલાશ દૂર કરી પ્રભુજીના ચક્ષુ-ટીકા-આભૂષણો અને પૂજા-સામગ્રીમાં ઘટિત યોગ્ય ફેરફાર કરાવી શ્રાવકોને પોતાના કર્ત્તવ્યમાં દૃઢ કર્યા.

ચોમાસામાં **કપડવંજથી** પૂ. ચરિત્રનાયકશ્રીના પિતા શ્રી **મગનભાઈ**ના પત્રો અવારનવાર આવતા, તેમાં તેઓએ દીક્ષા માટેની તમન્ના વધુ પ્રબળ વ્યક્ત કરેલ, સાથે સાથે સંસારી-અવરોધોની ભયાનકતાની ગૂંચમાંથી છૂટવાની દોરવણી તેઓએ વારંવાર માંગેલ.

આસો મહિને પત્ર દ્વારા પૂજ્યશ્રીને પોતાને સંસારથી બહાર કાઢવા કેટલીક વ્યવહારૂ-બાબતોનો ગૂંચ ઉકેલવા **કપડવંજ** પધારવા આગ્રહભરી વિનંતિ કરેલ.

આ અરસામાં કપડવંજના ભાઈશ્રી **ચીમનલાલને** વીશ-સ્થાનક તપ-નવપદ-તપ અને જ્ઞાનપંચમી તપની સમાપ્તિ પ્રસંગે ઉજમણું કરવાના મનોરથ જાગ્યા.

ચીમનભાઈએ ધર્મક્રિયામાં સતત સાથે રહેનારા **મગનભાઈ** (પૂ. ચરિત્રનાયકના પિતાજી) ને પ્રાસંગિક વાત કરી કે—

"મારે આવી ભાવના છે ! શું કરવું ? કયા મહારાજને બોલાવવા ? તમે વધુ જાણકાર છો ! સાધુઓના પરિચિત પણ વધુ છો માટે કંઈક યોગ્ય માર્ગદર્શન આપો."

મગનભાઈને "ભાવતું"તું ને વૈદ્યે કીધું "यदिष्टं वैद्योपदिष्टं" ન્યાય મુજબ કપડવંજ શ્રીસંઘની તાત્ત્વિક રીતે નાડ પારખી ધર્મભાવનામાં સાનુબંધ-વૃદ્ધિ-કરવા માટે **પૂ. ઝવેરસાગરજી** મ. સર્વ રીતે સાનુકૂળ થઈ પડે તેમ વિચારી **ચીમનભાઈને** કહ્યું કે—

"**મહાનુભાવ**! તમારી ભાવના ઉદાત્ત, અનુમોદનીય છે! આવા પ્રસંગે સારા ચારિત્રસંપન્ન અને તત્ત્વના જાણકાર મુનિભગવંતને લાવવાથી આપણા કાર્યની સાચી સફળતા સાથે અનેક બાળજીવો શાસનને અનુરૂપ બને, તેથી મને એમ લાગે છે કે પૂ. શ્રી **ઝવેરસાગરજી** મ. હાલના કાળે આગમના સારા જાણકાર પ્રૌઢ-વ્યાખ્યાતા અને શાસન-પ્રભાવક છે, આપણા શ્રીસંઘમાં ધર્મભાવનાને વધુ જાજ્વલ્યમાન કરવા માટે પણ તેઓશ્રીની ખાસ જરૂર છે.

તેઓ આપણે ત્યાં લગભગ પંદર વર્ષ પૂર્વે પધારેલ તેની ઝણઝણાટી હજી ધાર્મિકોના હૈયામાંથી ખસી નથી!

તેથી તમોને ઠીક લાગે તો આપણે શ્રીસંઘને વાત કરી પૂજ્યશ્રીને અહીં પધારવા વિનંતિ કરવાનું ગોઠવીએ"

ચીમનભાઈ એ કહ્યું કે "ભગત! તમે કહો તે સત્તર આની! તમારી વાતમાં વિચારવાનું શું હોય? આપણે શ્રીસંઘના આગેવાનોને આજે સાંજે મળીએ, તમે સાથે આવો તો સારું!"

મગનભાઈને મનમાં ગલગલીયાં થયાં કે— "વાહ વાહ! મારું પુણ્ય સારું તપતું લાગે છે! દેવ-ગુરુકૃપાએ મારા સંયમ-માર્ગે આવતા અવરોધોને હઠાવવા પૂજ્યશ્રીની અહીં ખાસ જરૂર છે, તો તેવા સંયોગો કુદરતી ઊભા થઈ ગયા છે!"

આદિ વિચારતા **મગનભાઈએ** સાંજે પ્રતિક્રમણ પછી શ્રી સંઘના આગેવાનોને મળવા જવાનું **ચીમનભાઈ** સાથે નક્કી કર્યું.

તે દિ' આસો શુદ્ધ ૧૩ નો દિવસ હતો, શ્રીસંઘના મહત્ત્વના કો'ક કામ અંગે મોટા દેરાસરજી આગળ શ્રીસંઘના આગેવાનો ભેગા થવાના હતા.

અવસર જોઈ **મગનભાઈ ભગત** અને **ચીમનભાઈ** પ્રતિક્રમણ કરી પહેલા સામાયિક પારી આગેવાનો ભેગા થતા હતા ત્યાં જઈ પહોંચ્યા, થોડીવારે બધા આગેવાનો આવી ગયા અને "ભગત **મગનભાઈ** આજે અહીં કયાંથી? ઘણીવાર શ્રીસંઘના કામમાં બોલાવીએ તો પણ તેઓ તેમના ક્રિયાકાંડ અને સ્વાધ્યાયથી નવરા જ ન પડે અને આજે અહીં કેમ!" બધાએ કુતૂહલ અને ભક્તિભાવથી પૂછ્યું કે—

"**કાં ભગતજી! અમારા લાયક કંઈ કામકાજ?**" એટલે **મગનભાઈએ** બધી

વાત કરી અને કહ્યું કે— પૂજ્યશ્રીને **ઉદયપુર** વિનંતિ કરવા જવા ભાવના છે. શ્રીસંઘ આ વાતનો વિચાર કરે.

અહોહો ! આ તો **મોસાળમાં માનું પીરસણું થયું** ! અમે તો કયરના આવા પ્રસંગની રાહ જોઇએ છીએ–જરૂર શ્રીસંઘ તરફથી ત્રણ જણા અને બે તમે એમ પાંચ જણા "**शुभस्य शीघ्रं**" **સારા કામમાં ઢીલ નહીં**" આસો સુ. ૧૫ જઈ આવો!!!"

મગનભાઈ અંતરથી ખૂબ રાજી થયા, દેવ–ગુરૂની અ–ચિંત્ય કૃપા–બદલ મનોમન ગદ્‌ગદ થઈ રહ્યા.

આસો સુદ ૧૫ ની શુભ–વેળાએ પાંચે જણા **ઉદયપુર** ભણી રવાના થયા.

આસો વદ બીજ સવારે પૂજ્યશ્રી પાસે પહોંચી ગયા, વ્યાખ્યાન ચાલુ હતું.

વ્યાખ્યાનમાં–" શાશ્વતા ચૈત્યો અને તેની યાત્રા કરી દેવો વિરતિ–ધર્મની પ્રાપ્તિ માટે કેવી તમન્ના કેળવે છે ? એ અધિકાર **મગનભાઈ**ને હાડોહાડ સ્પર્શી ગયો, આંખોમાં ઝળઝળીયાં થઈ ગયાં, "**વિરતિધર્મની ભૂમિકાએ જાતને કયારે સફળતા પૂર્વક આવા ગુરૂદેવના માર્ગદર્શનથી ચઢાવીશ**" એ મંગળ–ભાવનામાં તરબોળ થયા.

વ્યાખ્યાન પછી પૂજ્યશ્રીને મળ્યા. બધી વાત થઈ પૂજ્યશ્રી કહે કે—

" ભાઈ ! કાર્તિક પૂનમ પૂર્વે શી રીતે વિહારનું કહી શકાય ! કા. ૧૫ પછીની યોજના અત્યારથી કરવી ઠીક નથી. "**આડી રાત તેની શી વાત ?**" કહેવત પ્રમાણે સાધુઓ મોટે ભાગે ભવિષ્યની કોઈ યોજના ઘડવાના આર્ત્તધ્યાનમાં પડતા નથી" વગેરે.

" સાહેબ ! વાત સાચી ? આપનો આચાર અમે તોડવા નથી માંગતા. અમે તો કા. પૂનમ પછી આપને બીજા ક્ષેત્રની વિનંતિ કે કોઈ બીજું કારણ આવે તો અમારી વાતને પ્રાથમિકતા મળે તેટલી નોંધ કરાવવા આવ્યા છીએ. "

વધુમાં કપડવંજ શ્રીસંઘના આગેવાનોએ કહ્યું કે—

" સાહેબ ! કપડવંજ–ક્ષેત્રમાં આપે ધર્મનાં બીજ વાવ્યાં છે, તે હવે સિંચનના અભાવે કરમાવા માંડયાં છે, માટે કૃપા કરી તે બાજુ કા.પૂનમ પછી પધારવા વિચારશો."

" અનુકૂળતાએ કા. પૂનમ લગભગ ફરીથી વિનંતિ માટે આવીશું, પણ આપનું ધ્યાન અમારા શ્રીસંઘ તરફ વાળવા આજે આવ્યા છીએ."

મગનભાઈ ભગતે પણ વિનંતિ કરી કે—

"મારા જેવાને સંસારના કીચડમાંથી આપ સિવાય કોણ કાઢશે ! મારા આત્મ-કલ્યાણ માટે તેમજ આ **ચીમનભાઈ**ની તત્ત્વધર્મની ઉજવણી કરવાના શુભ ભાવ જાગ્યા છે. તેની સફળતા માટે આપ જેવા શાસ્ત્રજ્ઞ-ગીતાર્થ મુનિ ભગવંતો ત્યાં પધારે તો શાસનની સાનુબંધ-પ્રભાવના થાય આદિ"

પૂજ્યશ્રીએ **ક્ષેત્રસ્પર્શના** "**વર્તમાન જોગ**" કહેવાની સાથે **અમદાવાદ** બિરાજમાન "પૂ. ગચ્છાધિપતિ **શ્રી મૂલચંદજી** મ. ની જેવી આજ્ઞા" કહી ટૂંકમાં સાધુ અને શ્રાવકના કર્તવ્યની ભૂમિકા સમજાવી.

મગનભાઈ સમજી ગયા કે—" **અમદાવાદથી** આજ્ઞા લાવશે તો વાત પતી જશે" એટલે **મગનભાઇએ** શ્રી સંઘના આગેવાનોને કાનમાં કહ્યું કે—

"હવે અહીં બહુ કહેવા જેવું **નથી.** અહીં લગભગ સંમતિ છે આપણે **અમદાવાદ** જઈ પૂ. ગચ્છાધિપતિ પાસેથી પત્ર લખાવવાની જરૂર છે." કપડવંજના શ્રીસંઘે જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ નંખાવી મંગલિક સાંભળ્યું.

આ રીતે સં. ૧૯૪૦ ના ચોમાસામાં આસો વદ બીજ લગભગ પૂજ્યશ્રીને **કપડવંજ** બાજુ જવાના સંયોગ ઉભા થયા.

કપડવંજના શ્રીસંઘના આગેવાનો દીવાળી પૂર્વે પૂજ્યશ્રી **ગચ્છાધિપતિ મૂળચંદજી** મ. પાસે જઈ પોતાની બધી વાત કરી **પૂ. ઝવેર સા. મ.** ને **ઉદયપુરથી કપડવંજ** પધારવાની આજ્ઞા ફરમાવવા વિનંતિ કરી.

પૂ **ગચ્છાધિપતિ**એ પત્ર-વ્યવહાર કરી તમોને યોગ્ય જણાવીશ કહી આશ્વાસન આપી વિદાય કર્યા.

ત્યાર બાદ પૂ. ગચ્છાધિપતિએ પૂ. **ઝવેરસાગરજી** મ. ને પત્રથી પૂછાવ્યું, એટલે પૂજ્યશ્રીએ લખ્યું કે—" લાડેમ ! એક પછી એક ધર્મકાર્યના કારણે મારે આજે સાત ચોમાસા ઉપરાઉપરી અહીં થઈ ગયા. **સામાચારી મુજબ આ પડતા કાળમાં વર્તવામાં ન આવે તો પ્રભુ-શાસનની મર્યાદાઓ અસ્ત-વ્યસ્ત થઈ જાય,** મેં તો અહીં ઘણા ફાફાં માર્યા બીજે વિહરવા માટે ગયો, પણ તેવા-તેવા કારણોથી ફરી અહીં આવવું પડ્યું અને સાત ચોમાસા ઉપરાઉપરી થયાં– માટે આપશ્રી હવે મને આ ક્ષેત્રથી બીજે વિચરવાની રજા આપો તો સારું."

એ મતલબનો પત્રવ્યવહાર થયો,

એકંદરે પૂજ્યશ્રીના પત્રોથી પૂ. ગચ્છાધિપતિશ્રી પૂજ્યશ્રીના હૈયાની વાત સમજીને **શાસનના કામે સામાચારીના પાલનમાં અપવાદ સેવવો પડે તેનો બહુ દોષ ના લાગે** આદિ જણાવી પૂ. ગચ્છાધિપતિશ્રીએ કા. સુ. ૧૨ ના છેલ્લા પત્રમાં જણાવ્યું કે—

કપડવંજ વાળાની ભાવના તમારા પર વધુ છે, પ્રથમ પણ તમે ગયેલ ત્યારે ધર્મપ્રભાવના વધુ થયેલ. તો તે શ્રીસંઘના લાભાર્થે હવે કા. વ. ૩ના મંગળ દિવસે કપડવંજ બાજુ વિહાર કરો તે ઇષ્ટ છે!"

તેઓ મારી પાસે મુહૂર્ત્ત જોવડાઈ ગયા છે. પ્રથમ મુહૂર્ત્ત માગ. સુ. સાતમનું આવે છે. બીજું મુહૂર્ત્ત માહ સુ. ત્રીજ કે દશમનું આવે છે. તમારા પગે તકલીફ છે સાથેના સાધુની અનુકૂળતા બરાબર નથી. લાંબો વિહાર શકય નથી. માટે માહ મહિનાનું મુહૂર્ત્ત સાચવશો, રત્નત્રયીની આરાધનામાં ઉદ્યત રહેજો. શરીર સંભાળજો. જોઇતું કરતું મંગાવજો.

લી. સેવક ગોકળની વંદના

સં ૧૯૪૧ કા. સુ. ૧૨

પૂજ્યશ્રીએ એક જ ક્ષેત્રમાં વધુ રહેવામાં શાસ્ત્રદૃષ્ટિએ ઔચિત્ય ન લાગતું હોઈ પૂ. ગચ્છાધિપતિની આજ્ઞા આવી ગઈ, એટલે કા. સુ. ૧૪ના વ્યાખ્યાનમાં ચોમાસું બદલવાની આગ્રહભરી વિનંતિ થઈ, એટલે પૂ. ગચ્છાધિપતિશ્રીનો પત્ર–કપડવંજવાળાની વાત વગેરે જાહેર કરી કા.વ. ૩ વિહાર જાહેર કરી દીધો.

આખો શ્રીસંઘ ખળભળી ઉઠયો. પૂજ્યશ્રીના રહેવાથી ઉદયપુર શ્રીસંઘમાં અનેરી ધર્મ જાગૃતિ આવી છે. ધર્મ–શાસન પરના અનેક આક્રમણો હઠયા છે, તો પૂજ્યશ્રી અહીં હજી વધુ સ્થિરતા કરે તેવો આગ્રહ કરવા લાગ્યા.

પણ પૂજ્યશ્રીએ બહુ જવાબ ન દેતાં મૌન ધારણ કરી પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાને આગળ કરી વાતને શમાવવા પ્રયત્ન કર્યો.

પૂનમે ચાતુર્માસ–પરિવર્તન પ્રસંગે શ્રીસંઘે ખૂબ આગ્રહભરી વિનંતિ કરી. મૌન–એકાદશી સુધીનો દૃઢ આગ્રહ રાખ્યો.

પણ પૂજ્યશ્રીએ કહ્યું કે–"પૂ. ગચ્છાધિપતિએ કા. વ. ૩નો વિહાર લખ્યો છે, હવે મારાથી ન રહેવાય" આદિ.

છેવટે શ્રીસંઘના આગેવાનોએ એક અરજ કરી કે—

"સાહેબ! અમારા શ્રીસંઘ પર કે શાસન પર કોઈ એવી આફત આવે અને અમે આપની પાસે દોડતા આવીએ તો જરૂર આપે અહીં પધારવાનું!!! આટલું વચન આપો!" હા–ના માં ઘણોક સમય ગયો. "છેવટે શાસનના કામે શ્રીસંઘ જ્યારે પણ યાદ કરશે ત્યારે હું અનુકૂળતા મુજબ પ્રભુ શાસનના સેવક તરીકે હાજર થવા વચન તો ન આપું પણ પૂર્ણરીતે પ્રયત્ન કરી આપવા તજવીજ કરીશ!!!"

શ્રીસંઘે મેરદાર શાસનદેવની જય બોલાવી પૂજ્યશ્રીની વાતને વધાવી લીધી.

કા. વ. ૩ના રોજ પૂજ્યશ્રીએ ચવારે વિહાર કરી કેશરીયા બાજુ પ્રયાણ આરંભ્યું.

શ્રીસંઘના ઘણા ભાવિકો ઠેઠ કેશરીયાજી સુધી પગે ચાલતા પૂજ્યશ્રી સાથે ગયા.

પૂજ્યશ્રી કેશરીયાજીથી ડુંગરપુર થઈ ટીંટોઈના શ્રી મુહરી પાર્શ્વનાથની નિશ્રામાં અઠવાડીયું રહી મોડાસાથી દહેગામ થઈ પૂજ્યશ્રીના દર્શન-વંદન બાર વર્ષે થતા હોઈ ખૂબ ઉમંગથી અમદાવાદ વંદન કરવા આવવા ભાવના દર્શાવી, પણ પૂ. ગચ્છાધિપતિશ્રીએ લાભાલાભનો વિચાર કરી મોડાસાથી લુણાવાડા થઈ સીધા કપડવંજ જવાની આજ્ઞા ફરમાવી.

કપડવંજવાળા પણ ઠેઠ કેશરીયાજીથી સાથે હતા. તેઓનો પણ આગ્રહ કપડવંજ પધારવાનો વધુ હતો, છેવટે પો. સુ. પાંચમ લગભગ લુણાવાડા પધાર્યા અને પોષ વદ બીજે પૂજ્યશ્રી ધામધૂમથી મહા-મહોત્સવપૂર્વક કપડવંજમાં શ્રી સંઘના ભવ્ય સ્વાગતપૂર્વક પધાર્યા.

વ્યાખ્યાનમાં શ્રી પંચાશક-ગ્રંથના આધારે તપધર્મ અને તેના ઉદ્યાપનની મહત્તા— શાસ્ત્રીય-વિધિ પર વિવેચન શરૂ કર્યું.

શ્રીસંઘમાં અનેરો ધર્મોલ્લાસ જાગ્યો, બીજા પણ પુણ્યાત્માઓને તપધર્મની મહત્તા સમજાઈ તેના ઉજમણા માટે ભાવ થયો, પરિણામે અગ્યાર-છોડનું ઉજમણું શ્રીસંઘ તરફથી નક્કી થયું, અને ધામધૂમથી ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ મહા સુદ ત્રીજથી શરૂ થયો.

પ્રભુ-ભક્તિમાં રાખવી જોઈતી જયણા અને વિધિના ખ્યાલ પર ભાર મુકી પૂજ્યશ્રીએ શ્રીસંઘના ભાવિકોને કપડવંજના સઘળા જિનમંદિરોમાં સ્વ-હસ્તે સ્વ-દ્રવ્યથી એકેએક પ્રભુજીની સેવા, પૂજા, ભક્તિ, આશાતના-નિવારણ આદિના મહત્ત્વના કાર્યક્રમને મુખ્ય બનાવી સહુને પ્રભુ-ભક્તિની યથાર્થ ભૂમિકાનો પરિચય કરાવ્યો.

આનંદપૂર્વક શાંતિસ્નાત્ર સાથે મહોત્સવ પત્યા પછી પૂજ્યશ્રી વિહારનો વિચાર કરતા હતા, પણ **મગનભાઈ-ભગત**ે પોતાની અંતર્વ્યથા માહ સુ. ૧૪ના પૌષધમાં રાત્રે પૂજ્યશ્રી આગળ વ્યક્ત કરી અશ્રુપાત દ્વારા હાર્દિક વેદના ઠાલવી, ભીષણ સંસાર-દાવાનલથી બચાવવા આજીજી કરી.

એટલે પૂજ્યશ્રી મગનભાઈના સંયમ-ગ્રહણમાં આવી રહેલા અવરોધોની ગૂંચ ઉકેલવા યોગ્ય માર્ગદર્શન જરૂરી હોઈ શ્રી પંચાશકગ્રંથની વિવેચના વ્યાખ્યાનમાં શરૂ કરી માસ-

કલ્પ કરવાની ભાવના રાખી સ્થિરતા કરી, વધુમાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ પણ કપડવંજ શ્રીસંઘના મહત્ત્વના કામની સૂચના પત્ર દ્વારા આપી જણાય છે–તે કામના ઉકેલ માટે પણ સ્થિરતા કરવી ઠીક લાગી.

તે પત્ર નીચે મુજબ છે.

'શ્રી અમદાવાદથી લિ. મુનિ મુળચંદજીની સુખશાતા વાંચજો, શ્રી કપડવંજ મુનિ ઝવેરસાગર

જત તમારો કાગળ ૧ મહા વદ ૧૨નો લખ્યો આવ્યો તે વાંચ્યો છે, સમાચાર જાણ્યા × × × રૂા. ૫૦૦) × × × જ્ઞાનમાં × × વાપરવામાં કોઈ હરકત દીસતી નથી.

દેવવિજયજી સારૂં પ્રત ભણવાને જોઈએ તો મંગાવશો. ગુણવિજયની વંદના વાંચજો તથા ચરિત્રવિજયની વંદના વાંચજો,

ભાવનગરનો આવેલો કાગળ બીડો છે તેને ઉત્તર ભાવનગર × × × લખજો.

શેઠજીએ ધર્મલાભ કહ્યો છે, તેણે વંદના લખાવી છે.

સં. ૧૯૪૧ ના માહ વદ ૧૩ વાર રવિ, કહેલું કામ સરળતાથી કેમ બને? તેમ રીતે સિદ્ધ કરવામાં ધ્યાન રાખજો++++પણ ધીમા રસ્તે પાડશો. એટલામાં જાણજો."

આ પત્રના પાછલા ભાગે તા.ક. રૂપે જે લખાણ છે તેમાં જે કામનો નિર્દેશ છે, તે કોઈ મહત્ત્વનું જણાય છે, જે માટે પૂ. ગચ્છાધિપતિશ્રીએ વ્યવસ્થિત ભલામણ કરી છે, આ અંગે પણ પૂજ્યશ્રીએ કપડવંજ વધુ સ્થિરતા કરી હોય એમ લાગે છે.

માહ વદ ચૌદશના વ્યાખ્યાનમાં બાલાસીનોરવાળા શેઠ ઉત્તમચંદ જગજીવન આદિ આગેવાનોએ ક્ષેત્ર–સ્પર્શના કરવા વિનંતિ કરી, એટલે પૂજ્યશ્રીએ કપડવંજમાં સ્થિરતા માસ–કલ્પની થઈ ગઈ. એટલે ક્ષેત્રાંતર કરવા જવા ભાવના દર્શાવી, પણ કપડવંજ શ્રીસંઘે ફાગણ–ચોમાસી નજીક હોઈ તેની આરાધના કરાવવા ખૂબ વિનંતી કરી, મગનભાઈ–ભગતની ગૂંચ પણ પણ હજી પૂરી ઉકેલાઈ ન હતી, એટલે બાલાસિનોરવાળાને ફાગણ–ચૌદશ પછી આવવાની ભાવના દર્શાવી કપડવંજમાં ફાગણ–ચોમાસી અંગે સ્થિરતા કરી.

આ દરમ્યાન શ્રીસંઘની મહત્વના વહીવટી–તંત્ર અંગેની ગૂંચો ઉકેલાઈ મગનભાઇ ભગતને પણ સંયમ અંગેની ભાવનાના પંથે વધુ પ્રકાશ સાંપડ્યો.



એકંદરે પૂજ્યશ્રી કપડવંજ શ્રીસંઘને પ્રભુશાસનની સફળ આરાધનાના પંથે પ્રોત્સાહિત કરી પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાશ્રીના મનઃ સ્વાસ્થ્યને વ્યવસ્થિત કરી નાની બાળ-વયના પૂ. ચરિત્રનાયકશ્રી કે જે તે વખતે **નવ** વર્ષની વયના હતા, તેમના હૈયામાં પ્રભુ-શાસન-સંયમ અને ધર્મક્રિયાઓનાં અ-વિસ્મરણીય છાપ ઉપસાવી.

ફાગણ વદ બીજના રોજ પૂજ્યશ્રીએ **બાલાસિનોર** તરફ વિહાર કરી **લસુંદ્રા**માં બે દિવસ સ્થિરતા કરી ફા.વ. પાંચમ સવારે **બાલાસિનોર** પધાર્યા.

તે વખતે સંવેગી-સાધુઓની ખૂબ જ જૂજ સંખ્યા હોઈ **બાલાસિનોર** ક્ષેત્રમાં ધાર્મિક-વાતાવરણ સાવ ઓછું થઈ ગયેલ. અઠવાડીયું સ્થિરતા કરી વ્યાખ્યાન દ્વારા લોકોને ધર્મ-શાસનની ભૂમિકાની ઓળખાણ કરાવી આરાધના માટે પ્રોત્સાહિત કર્યા.

પરિણામે **કેશવલાલ દલછારામભાઈને** ચૈત્રી ઓળી કરાવવાની ભાવના જાગી. પૂજ્યશ્રીને આગ્રહપૂર્વક રોકી સામુદાયિક ચૈત્રી ઓળી વિધિપૂર્વક કરાવવાનું નક્કી કર્યું. પૂજ્યશ્રીએ પણ વિશિષ્ટ લાભ જોઈ સ્થિરતા કરી ચૈત્ર સુદ પાંચમથી **શ્રીપાલચરિત્રની** માર્મિક વિવેચના શરૂ કરી આરાધકોને પ્રોત્સાહિત કર્યા. વિધિ સહિત નવપદજીની ઓળીમાં ૭૦ થી ૮૦ ભાવિકો જોડાયા. આંબેલ તો રોજ ૧૨૫ લગભગ થવા લાગ્યાં

બપોરે ચોસઠ-પ્રકારી પૂજા ઠાઠથી ભણાવાતી નવ દિવસ ભવ્ય ધર્મોત્સવના દિવસ તરીકે આબાલ-ગોપાલ સહુને આનંદોર્મી રીતે પમાર થયા.

ચૈત્ર વદ એકમે પારણા કરાવી **કેશુભાઈએ** દરેકનું કંકુથી તિલક કરી શ્રી ફળ-રૂપિયો આપી બહુમાન કરી પોતાનો જન્મ પાવન-ધન્ય બનાવ્યો.

ચૈત્ર વદ બીજના રોજ કપડવંજના આગેવાનો આવ્યા, **નમ્રભાવે વિનંતિ કરી કે—**

"ગામમાં નગરશેઠને ત્યાં વર્ષીતપ છે તેનું પારણું અખાત્રીજે આવે છે. કારણવશ શ્રી સિદ્ધગિરિ જવાય તેમ નથી, તેથી ઘર-આંગણે આપશ્રીની નિશ્રામાં મહોત્સવ કરી વર્ષીતપની ઉજવણી કરવી છે, તો જરૂર પધારો.

પૂજ્યશ્રીના મનમાં એકવાત હતી કે-" ચરિત્રનાયકશ્રીના માનસમાં જે સંસ્કારો સીંચ્યા છે, તેનો વધુ વિકાસ થાય તો શાસનને અત્યારે જરૂર છે-સમર્થ-ધુરંધર આગમાભ્યાસી પ્રૌઢ પ્રાવચનિકની-તેનું ઘડતર નાની બાળ-વયે યોગ્ય સંસ્કારો સાથે સંયમ-ગ્રહણ દ્વારા થઈ શકે."



આવી કંઈક શાસન-સાપેક્ષ પ્રશસ્ત-ભાવનાથી શ્રીસંઘની વિનંતિને માન આપી "क्षेत्रस्पर्शना बलीयसी" સમજી પુનઃ કપડવંજ ચૈ. વ. ૭ના રોજ પધાર્યા, નગરશેઠ તરફથી ભવ્ય સામૈયું થયેલ.

તે વખતે સંવેગી-સાધુઓની ખૂબ જ ઓછી સંખ્યા હોઈ યથાશકય રીતે દીક્ષા આપી તારવાની સાથે સાથે સમુદાય-બળ વધારવા તરફ પણ પૂજ્યશ્રી લક્ષ્યવાળા હતા.

જો કે તેમાં છદ્મસ્થતાને કારણે કયાંક ચૂંચો પણ જબરી ઊભી થતી, કે જેનો નિર્દેશ નીચેના પત્રોમાંથી મળે છે

"તમારી ચિઠ્ઠી વદ ૧૩ ની ગઈ કાલે વાંચીને વદ ૧૪ ની ચીઠ્ઠી આજે પહોંચી છે, સમાચાર જાણ્યા છે.

બીજું કાળલોક...જંબૂદ્વીપનો પટ પોંચ્યો લખ્યો ને વદ ૧૫ની ચિઠ્ઠી લખી હતી, પણ તે ચિઠ્ઠી અમોને મળી નથી.

બીજું વદ ૧૪ ચિઠ્ઠી તમે...સાધ્વી ઉપર પ્રથમ લખી...તુમે આપી છે, તે પાછી મંગાવી...નહીં તો તે...કાયે અપાસરે છે, તો તે અમારે તેની જોડે પરિચય નથી, અને તે ડહેલાના રાગી છે એટલે અમારાથી શી રીતે પાછી મંગાવાય ?

તે ડોશીવાડાની પોળમાં સીમંધર સ્વામીજીના દેરા પાસે સુરજબાઈ સામણના અપાસરામાં રહે છે, તે જાણજો.

તમો પુખ્ત વિચાર કરીને વાત કરજો કેમકે.....છે, તેની બેરી જીવતી છે, માટે પછાડીથી બોપાળું કાઢે ××××××વારતે આપણે વિચાર કરીને માણસ જોઈને વાત કરવી.

×××× સાબૂ મણ-૧ મોકલવા×××××ક્ષેત્રલોક પૂરણ થવાને વાર છે તે જાણ્યું

બીજું તમને ××× લાભનું કારણ ના દેખાય તો તમે અતરે આવજો તમો આવાય છે વિચાર કરીશું ××તાપ બહુ પડે છે ××× અમારે વડોદરા ××કામ છે, માટે તમે વહેલા વહેલા વિહાર કરશોજી

તમો આવો એટલીવાર છે તે જાણજો

મિતિ ૧૯૪૧ના ચૈતર વદ ૦)) વાર બુધ

લી. તમારો સેવક હીરજી

સર્વ સાહેબો ૧૦૦૮ વાર વંદના વાંચજો

પદમસાગર પાસેથી ××× લોક પ્રકાશનના પાના આવ્યા છે.

ઉપર લખ્યું છે કે—અમદાવાદ આવજો તે પછી વિચારીશું ×× પણ ×××× માટે તમો જ્યારે વિહાર કરવાનું ×× તે અમને લખજો ×× તમારે જાણી જવું છે અમો પણ તમારા વિહાર પછી નિકળવાનું કરીએ તે જાણજો પછી સાથે વડોદરા જઈશું"

ઉપરના પત્રમાં ખૂબ જ મહત્વની વાતો જણાય છે, કાગળના મથાળે બધા પત્રોની જેમ પૂ. ગચ્છાધિપતિ મૂળચંદજી મ.નું નામ નથી, પણ પત્રની વિગતો પરથી પૂ. ગચ્છાધિપતિશ્રીનો પત્ર હોય તેમ લાગે છે.

આ પત્રનું તારણ આ પ્રમાણે સમજાય છે.

૦ પત્રમાં પ્રથમ તો જે કોઈ દીક્ષાર્થી–ભાઈ માટે પૂજ્યશ્રી પ્રયત્ન કરી રહ્યા છે તે અંગે, સાવચેતીપૂર્વક કામ કરવા ભલામણ છે.

સમુદાય વધારવાની જિજ્ઞાસા સારી, પણ શાસન–ધર્મને નુકશાન પહોંચે તે તરફ પૂ. ગચ્છાધિપતિશ્રીનો અંગુલિ–નિર્દેશ છે.

૦ તે વખતે કપડવંજનો દેશી સાબુ–ઉદ્યોગ આખા ભારતમાં પ્રખ્યાત હોવો જોઈએ જેથી વિશાળ સમુદાય અપેક્ષાએ તેમજ અભક્ષ્ય–પદાર્થરહિત ગૃહોદ્યોગ તરીકે હાથે બનાવેલ નિર્દોષ રીતે ગૃહસ્થોના ઘરથી જોઈએ તેટલો મળી રહે–તે અપેક્ષાથી એક મણ જેટલો મોકલવાની તજવીજ માટેનું સૂચન છે.

૦ પૂ. ગચ્છાધિપતિશ્રીને વિશિષ્ટ–હેતુથી વડોદરા જવું જરૂરી લાગે છે, પણ પૂજ્યશ્રીની રાહ ખાસ જોવાય છે, તે બતાવી આપે છે કે પૂજ્યશ્રીનું સ્થાન પૂ. ગચ્છાધિપતિના હૈયામાં કેવું છે!

પત્રના પાછલા ભાગે વળી મહત્વની વાત જણાવી છે કે—" તાપ વધુ છે કરી કદાચ તમે ન આવી શકો તો જણાવશો, પણ તમારે છાણી જવું છે તો તમે અહીં આવો! પછી સાથે જઈશું."

એટલે પૂ. ગચ્છાધિપતિ પૂજ્યશ્રીને પોતાની પાસે બોલાવી યોગ્ય વિચારણા કરી વડોદરા તરફ વિહરવા ઇચ્છે છે.

પૂજ્યશ્રીના વ્યક્તિત્વની પૂ. ગચ્છાધિપતિના હૈયામાં કેવી અદ્‌ભૂત છાપ હશે? કે પૂજ્યશ્રીની સલાહની અપેક્ષા ગચ્છાધિપતિ પણ રાખતા.

૦ વળી છાણી દીક્ષાની ખાણ તરીકે તે વખતના કાળે પણ તે ભૂમિ એવી સામર્થ્યવાળી હશે કે જેથી પૂજ્યશ્રી છાણી જવા ઇચ્છે છે.

છાણી જવા કોઈક મુમુક્ષુની તૈયારી હોય કે કાચી તૈયારીને પાકી કરવાની હોય.

આ રીતે તે કાળમાં છાણીની મહત્તા કેટલી પૂજ્યશ્રીના હૈયામાં હશે? તે પણ આ પત્રથી સમજાય છે"

આ રીતે પૂજ્યશ્રી કપડવંજ રહ્યા રહ્યા પણ છાણી-અમદાવાદ આદિ સ્થળોએ મુમુક્ષુઓની તપાસ રાખી પ્રભુ-શાસનના પંથે તેઓને સફળ આરાધક બનાવવા મથામણ કરી રહ્યા.

વધુમાં પૂ. ચરિત્રનાયકશ્રી પૂજ્યશ્રીની પાસે અવારનવાર આવે, સામાયિક કરે, પૂજ્યશ્રીના સંપર્કમાં આવી પૂ ચરિત્રનાયકશ્રી ખૂબ જ વિશિષ્ટ કોટિની પૂર્વ-જન્મની આરાધનાના બળે ઉદાત્ત તાત્વિક-વિવેક-દૃષ્ટિનો વધારો કરી પ્રભુશાસનના ચારિત્રધર્મ પ્રતિ અજ્ઞાન ભાવે પણ આકર્ષાઈ રહ્યા હતા.

પૂજ્યશ્રીને પણ ચરિત્રનાયકના ઉદ્યમી વલણને જોઈ **મગનભાઈ**-ભગતની ચારિત્ર ગ્રહણ કરવાની તીવ્ર મનોકામના પૂ. ચરિત્રનાયકશ્રીના સંયમ ગ્રહણ કરવાના આદર્શને બળ પૂરનાર બનશે-એમ ધારી ખૂબ પ્રમોદભાવ થયેલ.

નગરશેઠની પુત્રવધૂને વર્ષીતપના પારણા નિમિત્તે **શ્રી અષ્ટાપદજીના** દહેરે ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ થયેલ, શાંતિસ્નાત્ર પણ ઠાઠથી થયેલ.

વૈ. સુ. ૩ ના મંગળ દિને ચતુર્વિધ શ્રીસંઘને વાજતે-ગાજતે ઘર આંગણે બાંધેલ ભવ્ય મંડપમાં પધરાવી પૂજ્યશ્રી પાસે જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ લઈ માંગલિક અને **તપધર્મનું પારણું** એટલે

" કર્મનિર્જરાના વિશિષ્ટ-અધ્યવસાયોના બળવાળી શ્રેણીગત નિર્જરા કરી શકાય, તેવી ભૂમિકા મેળવવાના લાભ સાથે તપધર્મમાં આગળ વધાય-"-આદિ ઉપદેશને સાંભળી ગુરુ મહારાજને ઈક્ષુ-રસ વહોરાવી સકળ શ્રીસંઘનું બહુમાન કરી યોગ્ય-સમયે પારણું કરી વર્ષીતપની મંગલ સમાપ્તિ પૂજ્યશ્રીની નિશ્રામાં કરી.

પૂજ્યશ્રીએ વૈશાખ સુદ છઠના દિવસે **અમદાવાદ** તરફ વિહારની તૈયારી કરી, કેમકે પૂજ્યશ્રીનો ખાસ વિશ્વાસુ અને પૂ. ગચ્છાધિપતિશ્રીના પણ અંગત ભક્ત શ્રાવક શ્રી ગોકળભાઈનો પત્ર નીચે મુજબ આવેલો—

" ગઈ કાલે ચીઠી ૧ લખી છે તે પોંચી હશે જ!

વિશેષ શ્રી રતલામવાળા શેઠ દીપચંદજી જોરાવરમલજીવાળા ભૂપતસંગજી ના દીકરા શ્રી સિદ્ધાચલજી છે, તે વૈશાખ સુ. ૮/૯ અમદાવાદ આવવાના ઉચિત સાંભળ્યા છે,

માટે તમો તે ઉપર તરત અતરે આવજો

બીજું એઓને આવવાને ઢીલ હોય તો તે પછીથી આવે પણ તમારે તો પરયમ આવવું.

કેમકે તમો તેઓને મળો તે ઠીક છે, માટે વખત ગુમાવવો નહીં, એમ અમારી ધ્યાનમાં આવે છે, તો તમે તેમને **પાલીતાણા** કાગળ લખજો કે હું કપડવણજથી **અમદાવાદ** આવવાનો. છું ને ફલાણી તારીખે આવીશ.

તમો **અમદાવાદ** કયારે પધારવાના છો ? મને **અમદાવાદ** કાગળ લખશો ને **અમદાવાદમાં** મારા કાગળનું કેકાણું

બાઈ **ઉજમબાઈની ધર્મશાળામાં** મુનિ **મૂળચંદજી** મહારાજ કે પાસ—એમ કરજો એટલે મને પોંચી જશે

એ રીતે નજરમાં આવે તો લખશો, હવે વિશેષ વાત લખવાની નથી. થોથી કે ફરમાં વિચાર થશે તે જણજો.

મિતિ સં. ૧૯૪૧ના વૈશાખ સુદ ૧ ગુરૂ

લી. આપનો સેવક ગોકળજીની વંદના

આમાં **રતલામના** શેઠીયા **પાલીતાણાથી અમદાવાદ** આવવાના છે, તો તે પ્રસંગે પૂજ્યશ્રીની જરૂરી હોઈ પૂ. ગચ્છાધિપતિના અંગત શ્રાવકે પૂજ્યશ્રીને કપડવંજથી પધારવા આ પત્રમાં જણાવ્યું છે.

પણ— "**સાધુ જીવનમાં ક્ષેત્ર-સ્પર્શના પ્રબળ હોય છે, તેથી પૂજ્યશ્રીએ આ** પત્રના આધારે અને **પોતાને પણ** પૂજ્ય શ્રીગચ્છાધિપતિને વાંદવાની-મળવાની ઘણી ઉત્કંઠા હતી હતી જ, બાર વર્ષના વહાણાં વીતી ગયેલ, તેથી પૂ. ગચ્છાધિપતિ પાસે આવવાના શુભ સંકલ્પથી વૈ. સુ. છઠના રોજ કપડવંજથી અમદાવાદ તરફ વિહારનું વિચારી જાહેરાત પણ કરેલ.

પણ ભાવીયોગે દીપ વિજયજી મ. ની તબિયત બગડવાથી સુ. છઠ નો વિહાર બંધ રહ્યો. ગમીનો ઉપદ્રવ જરા વધુ હોઈ વધુ ચાંપતા ઉપચારો લેવામાં વિહારની વાત બોરંબે પડી ગઈ.

આ દરમ્યાન વૈ. સુ. દશમના રોજ ઉદયપુરથી આઠ દશ આગેવાન શ્રાવકો આવ્યા !

પૂજ્યશ્રીને વિનંતી કરી કે—"बापजी सा. ! मां ने आप सूना मुकीने पधार गया, बठे तो धणी विना खेत सूना सी दशा होइ रही है। बापजी ! मां पर दया लावो। खेतर तो परो। बिगडो ! कांइ करा आप अठने पधार गया और ई मिथ्यात्वी लोग खेतरने भेली रह्या। बापजी दया करो। पधारो बठने। आदि खूब आग्रहभरी विनंती करी.

પૂજ્યશ્રીએ કહ્યું કે—"आपकी बात सची ! परंतु क्या हम हंमेशा वहां बैठे रहें। यह तो संभव नहीं विना इच्छा के भी आग्रहवश कारणसर सात चौमासे तो किये ! साधुपनेकी मर्यादाका तो ख्याल रखना चाहिए हमको आदि.

શ્રી સંઘના આગેવાનોએ કહ્યું કે—"આપકી बात सच्ची! मां लोगांका स्वार्थ वास्ते तो आपने इं केवां नी', फायदो तो शासनरे ज हूवो और बीच-बीचमे आप पधार गया बहारला गावांने विचरवाने मी थोडा ही रोक्या? बापजी सा! दया करां अब! मांकी तो शान बिगड जावेला! शासन की जो शोभा आपने बढाई है, उसमें भी काफी फरक पडेला! આદિ

પૂજ્યશ્રીએ પૂછ્યું કે—क्या बात है? यह तो कहें! શ્રીસંઘના આગેવાનોએ કહ્યું કે—"बापजी! डुंढीयारा बडा पूज्यश्री अब के चोमासा वास्ते आई रहा है! बणां लोगाँ इसी बात फैलाई है कि—

संवेगी साधुओंने उदयपुरमें उल्टा-सुल्टा प्रचार करके लोगों को मूर्तिपूजाके अधर्म में फंसाना चालु किया है, वणरा प्रतिकार वास्ते मी' आवां हां"

और "दुकालमें अधिक मास"की ज्युं आर्यसमाजी लोग भी विदेशानंदजी नाम के धुरंधर महात्माने पंडितों के परिवार के साथ श्रावण-भादो दो महिने के लिए बुला रहे है!"

बापजी! डुंढीया और समाजी दो ही एक वईने मांकी तो इज्जत-शान धूल में मिला देई! मी' कंइ वणारा चतैगडने झेल सकां!

बापजी! किरपा करां! आपमें गजबकी तर्कशक्ति है, आपने ही तो हमारे श्रीसंघकी लाज पहले भी इन डुंढियों और समाजीयों के तूफान के समय रक्खी हैं, मी' कठे जावां? और तो मी' लोगों की बात सुणे ही कूण?"

आप तो मारा मां-बाप सा हो! बच्चो भूको वे कि दुःखी वे तो मां-बापरे आगे नी रोवे तो कठे जाय?" આદિ

પૂજ્યશ્રી ભારે ગૂંચમાં પડયા, એક બાજુ પૂ० ગચ્છાધિપતિશ્રી પોતાને વડોદરા બાજુ જલ્દી માટે આગ્રહ-પરામર્શ માટે **અમદાવાદ** બોલાવે છે! પોતાને પણ બાર-બાર વર્ષે પૂ. ગચ્છાધિપતિશ્રીની શીળી છાયા મળે તેવા સંયોગો કુદરતી રીતે ઉભા થયા છે-ને આ **ઉદયપુરવાળાની** વાત પણ વિચારવા જેવી! **શાસન પર આક્રમણ આવે ત્યારે શક્તિ-શાળીએ પૂરા સામર્થ્યથી રક્ષા માટે તૈયાર થવું જોઈએ.** આદિ

છેવટે **ઉદયપુરના** શ્રીસંઘને અમદાવાદ પૂ ગચ્છાધિપતિ પાસે જવા સૂચવ્યું કે—

"मेरी तो अक्कल काम नहीं करती हैं। दोनों ही बातें मेरे लिए महत्वकी हैं। अतः मैं तो अब पू० गच्छाधिपतिश्री की जो आज्ञा होंगी वह शिरोधार्य करने को तैयार हूं, आप अमदाबाद पधारें तो अच्छा?

ઉદયપુરનો શ્રીસંઘ કાર્યસિદ્ધિના ઉદ્દેશ્યથી પૂજ્યશ્રીને—हम जबाब लेकर न आवें तब तक आप यहीं बिराजना એમ વિનંતિ કરી **અમદાવાદ** તરફ રવાના થયો.

અમદાવાદ જઈ પૂ. ગચ્છાધિપતિશ્રીને બધી વાત કરી, સાત ચોમાસામાં કેટલી ધર્મની જાહોજલાલી અને શાસનની પ્રભાવના થઈ તે વિગતવાર શ્રીસંઘના આગેવાનોએ

જણાવી આ વર્ષે સ્થાનકવાસીઓ અને આર્યસમાજીઓના ટક્કર સામે ટકી રહેવા માટે પૂજ્યશ્રીને ચાતુર્માસાર્થે મોકલવા ખૂબ આગ્રહ કર્યો, તેઓ આપની આજ્ઞાને શિરોધાર્ય કરશે તે મતલબના લખાણનો પત્ર પણ રજુ કર્યો.

પૂ. ગચ્છાધિપતિશ્રીને પૂજ્યશ્રી સાથે ગંભીર વિચારણા માટે રૂબરૂ તેમની જરૂર હતી, પણ ગર્મીના દિવસ, ટાઈમ ટૂંકો એટલે **અમદાવાદ** રૂબરૂ બોલાવવાની વાતને ગૌણ કરી તે વાત પત્રથી કે માણસ-દ્વારા પતાવી દેવાનું વિચારી શાસનની-રક્ષાની વાતને વધુ મહત્વભરી માની પૂ. ગચ્છાધિપતિશ્રીએ **ઉદયપુરવાળાની** વિનંતિ માન્ય રાખી ક્ષેત્રસ્પર્શના વલીયસી ન્યાયને આગળ કરી પૂજ્યશ્રીને **ઉદયપુર** બાજુ વિહાર કરવા સૂચવ્યું.

ઉદયપુરનો શ્રીસંઘ આજ્ઞા-પત્ર લઈ પાછો **કપડવંજ** આવ્યો, પૂજ્યશ્રીને પત્ર આપ્યો, પત્ર વાંચીને પૂજ્યશ્રીએ પણ સાગણી માનસિક-ભાવનાઓને ગૌણ કરી પૂજ્યશ્રીની આજ્ઞાને શિરોધાર્ય કરી વૈ.સુ. દશમના પ્રભુ **મહાવીર-સ્વામીના** કેવળજ્ઞાન—કલ્યાણકના દિવસે **ઉદયપુર**વાળાને પ્રસ્થાન રૂપે પોથી આપી વૈ. સુ. ૧૧ સાંજે વિહાર કરવાનો વિચાર જણાવ્યો.

પૂજ્યશ્રીએ **કપડવંજથી** વૈ. સુ. ૧૧ સાંજે **ઉદયપુર** બાજુ વિહાર કર્યો, વૈ. વ. ૩ ના રોજ **લુણાવાડા** પધાર્યા. ત્યાંના શ્રીસંઘમાં દેવદ્રવ્ય અંગેના હિસાબી ચોપડા સરખા કરાવ્યા. થોડું કામ બાકી રહ્યું, પણ ઉદયપુર પહોંચવાની ઉતાવળમાં ચાર-પાંચ શ્રાવકોને તે કામ ભળાવ્યું.

વળી ત્યાં દહેરાસરનું કામ અટકેલ તે પણ સમજણ પાડી ચાલુ કરાવવાનું શ્રાવકોને સમજાવી **ઉદયપુર** તરફ વિહાર કર્યો.

જેઠ સુ. ૧૦ **ડુંગરપુર** પહોંચ્યા, ત્યાં **ઉદયપુર**નો શ્રીસંઘ વંદનાર્થે આવેલ, જેઠ સુ. ૧૩ **કેશરીયાજી** પધાર્યા, ત્યાં ચૌદશની પક્ષી આરાધના **ઉદયપુરના** અનેક શ્રાવકો સાથે કરી વદ ૧ સવારે **ઉદયપુર** તરફ વિહાર કર્યો.

જેઠ વદ-૫ સવારે ધામધૂમથી **ઉદયપુરના** શ્રીસંઘે પૂજ્યશ્રીનો નગર-પ્રવેશ કરાવ્યો.

પૂજ્યશ્રીને **ઉદયપુર**ની જનતાના ધાર્મિક-મિજાજ અને વાતાવરણનો ચિર-પરિચય હોઈ છેડતી કરવાનો પ્રયત્ન અપનાવવાને બદલે **પ્રશ્ન સામે આવે એટલે જોરદાર પડકાર કરવાની નીતિ** રાખી જોરદાર ઉપદેશ શરૂ કર્યો,

થોડા જ દિવસોમાં સ્થાનકવાસીના મોટા ધુરંધર ગણાતા વિદ્વાન મ. **શ્રીકિશનચંદજી** અને **ચંપાલાલજી** આદિ સાધુઓ અસાડ સુદમાં **ઉદયપુર** પધાર્યા.

આવતાં જ "एकेंद्री आगे पैचेंद्री नाचे—" આદિ, ક્ષુદ્ર ઢાળો અને "अहिंसा परमो धर्मः" એ વૈદિક ધર્મસૂત્રને આગળ કરી "जहाँ हिंसा वहाँ धर्म नहीं" ના ઘોષ સાથે પોતાના ભક્ત શ્રાવકોને મત-સંપ્રદાયની ચાર દીવાલ વચ્ચે રોકી રાખવા મૂર્તિપૂજા અંગે શાસ્ત્રના પાઠોના નામે જેમ તેમ વાતો જાહેરમાં રજુ કરવા માંડી.

એટલે પૂજ્યશ્રીએ એક પછી એક મુદ્દાને વ્યવસ્થિત રીતે છણાવટ સાથે શાસ્ત્ર, સિદ્ધાન્ત તર્ક અને વ્યવહાર ચારે પરીક્ષામાંથી પસાર કરવા સાથે શ્રોતાઓને સચોટ ઠસાવી દીધું કે—
"પ્રભુ-પૂજા એ ગૃહસ્થનું કર્ત્તવ્ય છે જ!"

વધુમાં અહિંસા પરમો ધર્મ સૂત્ર વૈદિકોનું મિથ્યાત્વના કારણમાં ઉદયનું પ્રતીક છે, એ વાત સ્પષ્ટ રીતે સમજાવી જિનશાસનમાં તો "आणाए धम्मो" "केवलिपण्णत्तो धम्मो" આદિ સનાતન સૂત્રો દ્વારા 'जिनाज्ञा परमो धर्मः"ની મહત્તા જણાવી.

તેમજ "जहाँ हिंसा वहाँ धर्म नहीं" સૂત્રની પોકળતા હિંસાના સ્વરૂપ-હેતુ-અનુબંધ ત્રણ ભેદો દર્શાવી પૂજા સિવાય પણ સામાયિક-પ્રતિક્રમણ-દાન-દયા આદિ દરેક પ્રવૃત્તિમાં હિંસા તો છે જ! તો પછી ધર્મ કયાં? આદિ તર્કોથી "जहाँ आज्ञा वहाँ धर्म" એ સનાતન સૂત્ર પૂજ્યશ્રીએ રજુ કર્યું.

સ્થાનકવાસીઓના પૂજ્યજી અને આગેવાન શ્રાવકોના કાને આ બધી વાત પહોંચી એટલે જીભની ખણજથી પ્રેરાયેલા વિતંડાવાદમાં પ્રવીણ એવા તે સાધુઓએ જાહેરમાં ચેલેંજ રૂપે જાહેરાત કરી કે—संवेगी साधु हिंसामें धर्म और मूर्तिपूजा शास्त्रसे प्रमाणित करने की हिंमत रखता हों तो हम शास्त्रार्थ करने को तैयार हैं"

પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાન શ્રાવકોને બોલાવી અગ્રગણ્ય-શ્રાવકોને સ્થળ અને લવાદી નક્કી કરવા સ્થાનકવાસી સંઘના આગેવાનો પાસે મોકલ્યા.

સ્થાનકવાસી શ્રીસંઘના આગેવાન શ્રાવકોએ કહ્યું કે—"ये महाराज तो दिग्गज विद्वान हैं', इनकी सर्वतोमुखी विद्वत्ताका परिचय हमें पहले क्या नहीं! पहले भी तो चर्चा हुई थी। सार क्या निकला? फालतूकी इस झंझटसे दूर रहा जाय तो ठीक!

આપણા શ્રીસંઘના આગેવાનોએ કહ્યું કે—"बात तो आपकी ठीक है। किंतु संतोने जाहिरमें चेलेंज दी हो तो एक बार हमारे महाराजका संदेश उन संतों तक पहुंचाना तो चाहिए!"

છેવટે સ્થાનકવાસી આગેવાન શ્રાવકોને લઈ આપણા શ્રીસંઘના આગેવાન ભાઈઓ સ્થાનકવાસી સંતોને મળ્યા. બધી વાત કરી કે—



"हमारे संवेगी महाराज शास्त्रार्थ द्वारा प्रमाणित करने को तैयार हैं कि हिंसामें भी धर्म हैं, और मूर्त्तिपूजा शास्त्रसिद्ध है, आप जगह और मध्यस्थका निर्णय करके हमें सूचित करें, आदि.

स्थानकवासी संतोना आगेवान **श्री किशनचंदजीએ** धार्युं हतुं के—

"संवेगी साधुमां कयां એटली ताकात हशे के अमारी सामे शास्त्रार्थ करे" એम धारी मात्र फूंफाडो બતાવવા જાહેરમાં चेलेंज करेल, પણ આ તો ખરાખરીનો ખેલ આવ્યો એટલે જરા વાતને બીજી રીતે ઢાળી બોલ્યા કે—

"भैया! शास्त्रार्थ करना हो तो हमारी ना नहीं! किंतु क्या कभी इन बातों का निर्णय आज तक हुआ है क्या? वाद-विवादमें समय खराब करना ठीक नहीं, फिर भी यदि उनकी इच्छा हो तो हम तैयार है, किंतु मध्यस्थकी क्या जरुरत है। हम ही आपस में एक दुसरे की बात समझ लेंगे **કહી શાસ્ત્રાર્થની વાત ઢીલી મુકી.**

स्थानकवासी श्रावકોએ પણ કહ્યું કે "महाराज! इन बतंगडबाजी में क्या कल्याण हैं। आप अपनी बात सुनाओगे। वे अपनी बात सुनायेंगे! किंतु असलीयतमें क्या है? यह तो ज्ञानी जाने!

पहले भी तो यहाँ इन संवेगी महाराजसे वाद-विवाद हुआ था એમ કરી શાસ્ત્રાર્થની વાત પર ઠંડું પાણી રેડાયું.

છેવટે આપણા શ્રીસંઘના આગેવાનો "जैसी आपकी इच्छा" कहीं उभा થઈ ગયા, પૂજ્યશ્રી પાસે આવી બધી વાત કરી.

પૂજ્યશ્રીએ કહ્યું કે— "अपने को अब कोई बात चला करके नहीं कहनी है, अब शायद वे मूर्त्तिपूजाकी बात जोरदार नहीं छेडेंगे, और यदि छेडेंगे तो अपने लिए जाहिरमें बैठकर उनकी बातोंका जवाब देनेका क्षेत्र खुल्ला ही है! कौन रोकेगा! કહી વાતને ઢીલી મુકી દીધી.

સ્થાનકવાસી સંતોએ પણ "બહુ ટક્કર લેવા જેવી નથી, નહીં તો શાસ્ત્રાર્થના જાહેર પગલાથી ઉલટામાં આપણા સ્થાનકવાસી-વર્ગમાંથી કેટલાય કુટુંબો પ્રથમની જેમ છૂટા થઇ જશે." એમ ધારી કંઈ વધુ જાહેરમાં બોલવાનું જ બંધ કરી દીધું.

પ્રથમથી જ પૂજ્યશ્રીની વિદ્વત્તા, સચોટ તર્ક-શક્તિ આદિનો અજબ પ્રભાવ પડી ગયો અને શ્રીસંઘમાં શાંતિ આખા ચોમાસા દરમ્યાન રહી.

આ બાજુ આર્યસમાજીઓએ **હરદ્વારથી વિદેહાનંદજી** નામના ધુરંધર સંન્યાસી વિદ્વાનને શ્રાવણ-ભાદરવો બે મહિના માટે તેડી લાવ્યા.

તેમણે પણ શ્રાવણ વદમાં પોતાના પ્રવચનમાં મૂર્ત્તિપૂજા અંગે અને જૈન ધર્મ અંગે આક્ષેપાત્મક રજુઆત કરી.



પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાનો મારફત સનાતનીઓના આગેવાનોનો સંપર્ક સાધી આખા **ઉદયપુરની** સમસ્ત હિંદુ-પ્રજાનું બળ કેળવી બધાના મુખ્ય આગેવાનોને તે સચોટ તર્કો અને વેદ-સ્મૃતિના પુરાવા ટાંકી **આર્યસમાજી-સ્વામીજી** પાસે મોકલ્યા.

શરૂમાં તો સ્વામીજીએ અસત્-પ્રલાપોથી જૈન ધર્મ અને સનાતન-વૈદિક ધર્મને ઉતારી પાડવા ચેષ્ટા કરી, એટલે પૂજ્યશ્રીએ સમજાવેલ અને નોંધાવેલ મુદ્દાઓની ક્રમસર રજુઆત થતાં **સ્વામીજી** ઢીલા પડયા અને વેદ-સ્મૃતિના પ્રમાણો એક પછી એક જ્યાં રજુ થવા માંડયાં કે સ્વામીજી ઝભરાઈ ગયા અને બોલી ઉઠયા કે—

भाइ! मानना हो तो मानो। ये सब झंझट में हम पडना नहीं चाहते। वेद-स्मृतिके पाठ आप ले आये, किंतु इनका अर्थ ऐसा नहीं होता है—आदि, थोडी वारे फरीथी संन्यासी बोल्या छाडोजी इस झंझट बाजी को! हम तो हमारे स्वामीजी दयानंद-महर्षिने जो समजाया है वह आपको कह रहे हैं सुनना हो तो सुनो!-मानना हो तो मानो! बाकी ये सब बतंगडबाजी हमें पसंद नहीं"

ઉદયપુરના આર્યસમાજીઓએ સ્વામીજીને એ વાત નહીં કહેલ કે—જૈન વિદ્વાન સાધુ અમારે ત્યાં પ્રથમ આવી ગયેલ. આર્યસમાજના અભિમતનું પ્રામાણિક ખંડન કરેલ અને કદાચ તમારે તે જૈન-સાધુ સાથે વાદવિવાદ કરવો પડશે. આ વાત પ્રથમથી કહેલ નહીં.

તેથી સ્વામીજી ચીડાઈ ગયા કે यह सब क्या बतंगड है! हमारी बात सुनकर ठीक लगे जचे तो स्वीकार करो! बाकी जबरदस्ती हम किसी के गलेमें बोल कर उतारने तो नहीं आये हैं આદિ કહી સ્વામીજીએ તો વાતને જ મૂળથી કાપી નાખી, હવે શાસ્ત્રાર્થ માટે પૂજ્યશ્રીએ કહેવડાવેલ વાત કરવાની રહી જ નહીં.

એટલે જૈન શ્રીસંઘના આગેવાનો સમજી વાતને ઠંડી પાડી ઉભા થઈ ગયા.

આ રીતે જૈન શ્રીસંઘ પર આવેલ બંને આક્રમણને પૂજ્યશ્રીએ કુનેહ-વિદ્વત્તાના સુમેળથી બેસતા-ચોમાસે ખાળી દીધાં; બંને વિપક્ષીઓ હતપ્રભ થઈ જિનશાસન સામે આંગળી ચીંધવાથી પણ દૂર રહ્યા. આ ચોમાસામાં સકળ શ્રીસંઘમાં પૂર્ણ શાંતિ રહી.

વિવિધ ધર્મક્રિયાઓ દ્વારા ચાતુર્માસ ખૂબ જ ઉમંગ-ધર્મોલ્લાસના વાતાવરણમાં પસાર થયું.

આ ચાતુર્માસના ઉત્તરાર્ધમાં ચાલુ પજુસણે પૂજ્યશ્રી પાસે અમદાવાદથી ગચ્છાધિપતિ દ્વારા અને **ભાવનગરથી પૂ. શ્રી વૃદ્ધિચંદજી મ.** દ્વારા તેમજ **પાલીતાણાથી** મળેલ સમાચાર પ્રમાણે **પાલીતાણા** સ્ટેટની કનડગત-મુંડકાવેરાની વાત વગેરે સમાચાર મળ્યાથી આસો મહિનાની ઓળીના છેલ્લા દિવસે પાંચ-**પાંડવોના** મુક્તિગમનના પ્રસંગને વિકસાવી સકળ શ્રીસંઘને કમર કસી રાજ્યના ઉપદ્રવને હઠાવવા જેહાદ ઉઠાવવા ગંભીર પ્રેરણા કરી.

વધુમાં શ્રીસંઘને આખી વિગત સમજાવી કે સૌરાષ્ટ્રના તિલકસમો તરણ–તારણહાર શ્રી **શત્રુંજય ગિરિરાજ** આપણા જૈન શ્રીસંઘની માલિકીનો છે, જેના કાંકરે કાંકરે અનંત આત્માઓ **મોક્ષે ગયા** માટે તે દહેરાસર કરતાં પણ વધુ પવિત્ર ભૂમિ જૈન શ્રીસંઘના કબજાની કે માલિકીની હોય તેમાં શંકા શી ?

પરંતુ આપણા શ્રીસંઘના અગ્રગણ્ય **શેઠ શાંતિદાસ ઝવેરીએ** મોગલ સમ્રાટ્ **જહાંગીર** પાસેથી **પાલીતાણાનો** પરવાનો મેળવ્યા પછી વ્યવસ્થિત રીતે યાત્રાળુઓ યાત્રા કરી શકે તે આશયથી કાળચક્રના વિષમ પરિવર્તનથી "**વાડ ચીભડું ગળે**" તેમ આપણા યાત્રાળુઓની સુરક્ષાર્થે **ગારીયાધરથી ગોહેલવંશના** કાઠીઓને ચોકીદાર રૂપે લાવેલા, જેઓ કે કાલાંતરે આજે માલિક થવા બેઠા છે.

ઈ. સ. ૧૬૫૦ વિ. સં. ૧૭૦૬માં ગોહેલ કાઠીઓને ચોકીદાર તરીકે લાવ્યા અને તેમની સાથે નીચે મુજબનો કરાર સર્વપ્રથમ થયો કે

"ગિરિરાજનું જતન કરવું, યાત્રાળુઓના જાનમાલની રક્ષા કરવી, બદલામાં જૈન શ્રીસંઘ તરફથી તમને વાર્ષિક કંઈ રોકડ નાણું નહીં, પણ જે તે મહત્ત્વના મહોત્સવ પ્રસંગે કે તેવા વ્યાવહારિક પ્રસંગે ગુંદી, કપડાં અને અમુક રોકડ નાણું (જામી) આપવા."

આ કરાર મુજબ **ગોહેલવંશના** તે કાઠીઓ વ્યવસ્થિત રીતે ચોકીનું કામ કરતા હતા પણ આખા ભારતવર્ષના સમસ્ત જૈન શ્રીસંઘનું માનીતું સર્વોત્તમ તીર્થાધિરાજ રૂપ **શ્રીસિદ્ધગિરિ મહાતીર્થ** હોઈ પ્રતિવર્ષ સેંકડો છ'રી પાળતા શ્રીસંઘો અને લાખેરો–લાખ્ખો યાત્રાળુઓના મોટા મોટા કારતકી–ચૈત્રી પૂનમ તથા અખાત્રીજના મેળા વગેરેથી ચોરી કરનારા કાઠી–દરબારોનો લોભનો કીડો સળવળ્યો, જૈન શ્રીસંઘ સાથે માથકૂટમાં કાળબળે ઉતર્યા, પૈસાનો હપ્તો બાંધી આપવા રકઝક થઈ.

છેવટે શ્રીસંઘના તે વખતના આગેવાનોએ સમયોચિત વિચાર કરી **ઈ. સ. ૧૮૬૦ વિ. સં. ૧૯૧૬ માં** કરાર–નામું કરી **વાર્ષિક ૪૫૦૦ રૂપિયા રોકડા આપવાનું** નક્કી કરી અવસરે અવસરે અપાતો બીજો બધો કપડું સુખડી વગેરેનો લાગો બંધ કર્યો.

આ વખતે **ગોહીલવંશના** આ કાઠી–દરબારોએ ક્ષત્રિય ઢબથી રહેવાની શરૂઆત **પાલીતાણામાં** કરી દીધેલ.

વ્યવસ્થાના નામે રાજ્યતંત્ર ગોઠવી કારભારી નીમી પોતે તેના ઉપરી દરબાર–રાજા તરીકે રહી ધીમે ધીમે **પાલીતાણા** સ્ટેટનું રૂપ **વિ. સં. ૧૮૭૫** લગભગ અપાઈ ગયેલ.

આથી પણ **બીજા કરારનામા** વખતે સત્તાતંત્ર કાઠીઓ પાસે હોવાથી રોકડ પૈસાથી પતાવટ કરી.

આમ છતાં વિષમ કાળચક્રના પરિવર્તનના પ્રતાપે અંદરોઅંદર ચણાભણાટ સાથે **પાલીતાણા** દરબાર અને જૈન શ્રીસંઘ વચ્ચે ગિરિરાજના રખોપા અંગે ઈ. સ. ૧૮૬૦ વિ. સં. ૧૯૧૬ સુધી સરખું ચાલ્યું.

પછી વિષમ-કાળના પ્રભાવથી દરબારે યાત્રાળુઓની વ્યવસ્થા જનમાલની સલામતી અંગે ખર્ચ વધુ થવાની બૂમ ઉઠાવી રખોપાની રકમ વધારવા ઝુંબેશ ઉપાડી.

પરિણામે જૈન શ્રીસંઘે વાતાવરણ વધુ ન ડોળાય તેથી **ઈ.સ. ૧૮૬૩ વિ.સં. ૧૯૧૯માં વાર્ષિક હપ્તાની ૪૫૦૦ની રકમમાં** વધારો કરી વાર્ષિક દશ હજારની રકમ રખોપા અંગે આપવાનો **પાલીતાણા-દરબારશ્રી** સાથે **ત્રીજો કરાર** કર્યો.

ત્રીજા કરાર મુજબ જૈન શ્રીસંઘ સાથે **પાલીતાણા** સ્ટેટે વ્યવસ્થિત વર્ત્તન ઠેઠ ઇ.સ. ૧૮૮૦ વિ.સં. ૧૯૩૬ સુધી રાખ્યું

પણ "जहा लाहो तहा लोहो" તથા **પડતા કાળના વિષમ પ્રભાવથી પાલીતાણા** સ્ટેટના રાજ્યકર્ત્તાઓને તથા કારભારી વગેરેને એમ લાગ્યું કે—

"આટલા બધા યાત્રાળુઓ આવે અને માત્ર વાર્ષિક દશ હજાર રૂપિયાની બાંધી આવક ? આમ કેમ !"

ઈ.સ. ૧૮૬૩ વિ.સં. ૧૯૧૯માં થયેલ ત્રીજા કરાર-પત્રને ઘણો સમય થઇ ગયો. દેશ કાળ હવે ફરી ગયો, માટે આ બાંધી રકમના કરારને વળગી રહેવાથી સ્ટેટને નુકશાન થાય છે, માટે **પાલીતાણા શહેરના યાત્રી દીઠ પાંચ રૂપિયા અને બહાર-ગામના યાત્રી દીઠ બે રૂપિયાનો યાત્રાળુવેરો** નાંખવાની વિચારણા બહાર આવી.

થોડા સમયમાં જૈન શ્રીસંઘનો ઘણો વિરોધ-વંટોળ છતાં રાજ્યકર્ત્તાઓએ લોકલાગણીને અવગણી યાત્રાળુવેરો ચાલુ કરી દીધેલ.

પરિણામે ધર્મશ્રદ્ધાળુ યાત્રાળુઓ અને જૈન શ્રીસંઘો સાથે **પાલીતાણા રાજ્યને** ખૂબ સંઘર્ષમાં ઉતરવું પડ્યું, ઘણી ધમાલ થવા લાગી, વાતાવરણ ખૂબ કલુષિત થવા લાગ્યું, છેવટે **આ. કે.ની પેઢી નગરશેઠ પ્રેમાભાઈ** વગેરે સંભાવિત અગ્રગણ્ય શેઠીયાઓની સહીથી **વિ.સં. ૧૯૪૦ ઈ. સ. ૧૮૮૪ ના સપ્ટેમ્બરની પાંચમી તારીખે** (૫-૯-૧૮૮૫) **મુંબઈ ગવર્નરને** અપીલ કરી. રખોપાની રકમ વધારીને પણ યાત્રાળુવેરો રદ્દ કરવા જૈન શ્રીસંઘનું મન દુભાતું અટકાવવા વિનંતિ કરી.

આ રીતે પાલીતાણા સ્ટેટ સાથે ઈ. સ. ૧૮૬૩ વિ.સં. ૧૯૧૯માં થયેલ ત્રીજા કરાર પ્રમાણે શાંતિથી કામ ચાલ્યે જતું હતું, તેમાં કાળના વિષમ-પ્રભાવથી પાલીતાણા સ્ટેટે માથું ઊંચકયું છે અને યાત્રાળુવેરો નાંખવાનો કાળો કેર વર્ત્તાવી રહેલ છે.

આ પ્રસંગે શ્રીસંઘે ખૂબ જ જાગૃત થઈ રાજ્યકર્ત્તાઓને ઉપજેલી કુમતિ દૂર થાય અને ગિરિરાજની યાત્રા કરનારાઓના અવરોધ દૂર થાય તે અંગે સિદ્ધગિરિના અઠ્ઠમની આરાધના ભાદરવા સુદ ૧૩-૧૪-૧૫ની નક્કી કરી.

ખૂબ જ જોશીલા પ્રવચનોથી ભાવુક-જનતા શ્રીસિદ્ધગિરિના અઠ્ઠમની આરાધનામાં ખૂબ ઉમંગથી જોડાઈ.

શ્રીસંઘે તાર-ટપાલ આદિથી પેઢીને તથા પાલીતાણા-સ્ટેટને પોતાના જુસ્સાદાર વિચારો જણાવ્યા તીર્થરક્ષા માટે મરી ફીટવાની તૈયારી બતાવી.

આ અરસામાં અમદાવાદથી આ૦ક૦ ની પેઢી તરફથી તેમજ પાલીતાણાથી પણ સમાચાર મળ્યા કે-

"શેઠ-આ૦ ક૦-ની પેઢીએ નગરશેઠ હેમાભાઈ વગેરે અગ્રગણ્ય શેઠીયાઓની સહીથી પાલીતાણા સ્ટેટ સાથે ઘણી વાતો કરવા છતાં કંઈ સફળતા ન મળવાથી તે વખતના ઉપરી સત્તાધીશ તરીકે કાઠીયાવાડના પોલિટિકલ એજંટ હોવા છતાં તે કદાચ ઉપરીની દોરવણીના અભાવે પુરતો સહયોગ ન આપે તેથી સીધા મુંબઈ ગવર્નર પાસે અપીલ કરી છે, તેનો યોગ્ય નિર્ણય જરૂર ટૂંક સમયમાં આવશે.

હાલ તુર્ત પાલીતાણા સ્ટેટે યાત્રાળુવેરો બંધ રાખેલ છે."

આ સમાચાર મળવાથી શ્રીસંઘમાં જરા શાંતિ થઈ, પણ શ્રીસંઘે જાગૃત રહેવાની જરૂરિયાત પર પૂજ્યશ્રીએ ખૂબ ભાર મુકયો, પૂજ્યશ્રીએ શેઠ. આ૦ ક૦ ની પેઢી સાથે પત્ર-વ્યવહારથી સંપર્ક બરાબર જાળવી રાખી પાલીતાણા-સ્ટેટ સામે પડેલ વાંધા અંગે મુંબઈ ગવર્નર પાસે કરેલ અપીલની કાર્યવાહીથી પૂરા માહીતગાર બની રહ્યા.

એટલામાં કા૦ સુ૦ ૭ લગભગ ભીલવાડાના શેઠ કિસનજી મુણોત ભીલવાડા જૈન-શ્રીસંઘના આગેવાનો સાથે પૂજ્યશ્રી પાસે આવ્યા.

પૂજ્યશ્રી.ને વંદના કરી નમ્રભાવે કિસનજી શેઠે ભીલવાડાથી કેશરીયાજી તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢવાની ભાવનાને પૂર્ણ કરવા પૂજ્યશ્રીને ભીલવાડા પધારવાની વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ જણાવ્યું કે—કાર્તિક પૂર્ણિમા પછી શ્રીસંઘ તરફથી ઉદયપુરના છત્રીશ અને આસપાસના નજીકના દશ જિન-ચૈત્યોની ચૈત્ય-પરિપાટીનો કાર્યક્રમ છે, તેથી ચોમાસા પછી પ્રાયઃ દોઢ મહિનો સ્થિરતા થાય માટે તે વખતે યોગ્ય વિચારશું, તમો ફરી માગ. સુ. ૧૫ લગભગ મળશો તો ઠીક રહેશે!" એવું આશ્વાસન આપ્યું.

ભીલવાડા સંઘ પણ પૂજ્યશ્રીને **ભીલવાડા** પગલાં કરી ધર્મ-પ્રભાવના શાસનોદ્યોત કરવા આગ્રહભરી વિનંતિ કરી પૂજ્યશ્રીએ "**ક્ષેત્રસ્પર્શના**" અને "**વર્તમાનયોગ**" કહી સાધુમર્યાદાનું દર્શન કરાવ્યું.

"**ઉદયપુરના** શ્રીસંઘે પર્વાધિરાજ પર્યુષણા-પર્વના કર્તવ્ય રૂપ ચૈત્યપરિપાટીને વ્યવસ્થિત રીતે અમલમાં મુકવા માટે વિચાર્યું કે—

તે દહેરાસરોની આશાતનાનું નિવારણ થાય, સહુ સ્વ-દ્રવ્યથી જાતે દહેરાસરના સમગ્ર જિનબિંબોની પૂજા ભક્તિનો લાભ લે! સ્નાત્રપૂજા ઠાઠથી ભણાવે! બપોરે "જિનભક્તિનો અપૂર્વ મહિમા" વિષય પર પૂજ્યશ્રીનું શાસ્ત્રીય શૈલીનું વ્યાખ્યાન પ્રભાવના આદિથી શાસન-પ્રભાવના સારી થાય."

આ બધું નક્કી કરી પૂજ્યશ્રી પાસે મુહૂર્ત્ત જોવડાવ્યું

કા. વ. ૫ નું શ્રેષ્ઠ મુહૂર્ત્ત આવ્યું, તે દિવસથી **ચોગાનના** દહેરાસરથી ચૈત્ય-પરિપાટીનો મંગલ પ્રારંભ થયો.

જુદા જુદા મહોલ્લાઓના શ્રાવકોના આગ્રહથી વ્યાખ્યાનમંડપ, સાધર્મિક ભક્તિ, પ્રભાવના આદિની ગોઠવણી થવા માંડી. આખા **ઉદયપુરમાં** જૈન શાસનનો ભવ્ય જયજયકાર વર્ત્તવા લાગ્યો.

આ ચૈત્ય-પરિપાટી મહિના લગભગમાં પતી જાય પછી અઠવાડીયું આસપાસના પ્રાચીન જિનાલયોની ચૈત્ય-પરિપાટી કરવા પૂજ્યશ્રીનો વિચાર હતો, પણ શ્રીસંઘનો ઉત્સાહ ઘણો તેથી મહોલ્લાવાર દરેક શ્રાવકો ખૂબ આગ્રહ કરી એક દિ' વ્યાખ્યાનના બદલે જોડેના બીજા દહેરાસરોની યાત્રાના હિસાબે ફરી વ્યાખ્યાન ગોઠવી પૂજ્યશ્રીની વાણીનો વધુ લાભ મેળવવા પડાપડી કરવાથી માગ. વદ ૧૦ સુધી પણ **ઉદયપુરના** સ્થાનિક જિનાલયોની ચૈત્યપરિપાટી પતી નહીં.



આ દરમ્યાન **ભીલવાડાના કિશનજી શેઠના** અવારનવાર વિનંતિ–પત્રો આવતા પૂજ્યશ્રી ચૈત્યપરિપાટીનું કામ પત્યેથી આવવાનું વિચારાય એવો મોઘમ જવાબ લખતા, છેવટે માગ. વદ ૧૦ ના રોજ **સમીનાખેડા** તીર્થે સકળ શ્રીસંઘ સાથે પૂજ્યશ્રી પોષ–દશમી પર્વની આરાધના નિમિત્તે પધારેલા, ત્યારે ત્યાં **ભીલવાડાનો** શ્રીસંઘ આવ્યો.

પૂજ્યશ્રીએ પોસ વદ આઠમ પૂર્વે ચૈત્યપરિપાટી પતે નહીં તેમ જણાવી પોષ વદ ૧૦ ભીલવાડા તરફ વિહારનો વિચાર દર્શાવ્યો.

ત્યારબાદ પો. સુ. –૩ લગભગ **ઉદયપુરની** સ્થાનિક ચૈત્યપરિપાટી પત્યેથી **સિસારવા, નાઈ, લક્કવાસ, આયડ** વગેરેના આસપાસના પ્રાચીન–જિનાલયોની ચૈત્ય–પરિપાટી ગોઠવી.

તે કાર્યક્રમ પોષ વદ આઠમે પૂરો થયો. તે દિવસના વ્યાખ્યાનમાં વદ દશમ **ભીલવાડા** તરફ વિહારની જાહેરાત કરી.

ભીલવાડાના શ્રાવકો પણ તે દિવસે વિનંતિ માટે તથા વિહારમાં ભક્તિનો લાભ લેવા આવી ગયેલ.

ઉદયપુર શ્રીસંઘનો આગ્રહ **ચોગાનના** દહેરાસરની વ્યવસ્થામાં કાળબળે આવેલ ક્ષતિ-ઓને હટાવી વહીવટીતંત્ર સરળ કરવા માટે ચોમાસા માટેનો હતો.

પૂજ્યશ્રીએ "**વર્તમાનયોગ**" થી પતાવી હાલ તુર્ત તે અંગે કંઈ સ્પષ્ટ જવાબ ન આપી શકવાની મર્યાદા દર્શાવી.

પૂજ્યશ્રીનો વદ દશમ સવારે **ઉદયપુર** શ્રીસંઘના દબદબાભર્યા વિદાય–માન સાથે વિહાર થયો.

માહ સુ. સાતમે **ભીલવાડામાં** મહોત્સવ સાથે પ્રવેશ થયો.

ભીલવાડામાં તીર્થયાત્રાને લગતા ત્રણ વ્યાખ્યાનો થયાં, છ'રી પાળતા શ્રીસંઘના થનારા લાભ છણવટપૂર્વક જણાવી યાત્રાળુ તરીકેની છ'રી પાળવાની જવાબદારી વિગતથી સમજાવી સહુને પ્રોત્સાહિત કર્યા.

શ્રીસંઘમાં પૂજ્યશ્રીના મંગળ–પ્રવચનોથી ધર્મોલ્લાસમાં અપૂર્વ ભરતી આવી.

અઠવાડીયા સુધી તીર્થયાત્રા અંગેના વ્યાખ્યાનોથી સંઘમાં સારી જાગૃતિ આવી.

સંઘવી થવા ઇચ્છતા **કિશનજી શેઠ**ને પૈસા ખર્ચવાનો ઉમંગ છતાં **મેવાડ** જેવા પ્રદેશમાં આવો છ'રી પાળતો સંઘ કઢી નિકળ્યો ન હોઈ લોકો આવવા તૈયાર ન હતા.

આ વાત પૂજ્યશ્રીને **કિશનશેઠે** આનગીમાં જણાવેલ, તેથી એકધારા તીર્થયાત્રા અંગેનાં વ્યાખ્યાનો પૂજ્યશ્રીએ ફરમાવ્યાં.

માહ સુ. ૧૪ ના વ્યાખ્યાનમાં **કિશનજી શેઠે** શ્રીસંઘ પાસે **કેશરીયાજી**નો છ'રી પાળતો સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં કાઢવાની રજા માંગી, પૂજ્યશ્રીએ શ્રીસંઘને ધર્મોલ્લાસ વધારવાના શુભ આશયથી સંમતિ આપવા જણાવ્યું.

શ્રીસંઘે હર્ષોલ્લાસથી ચતુર્વિધ-શ્રીસંઘની મંગળ-કામનાઓ સાથે સંઘપતિ નગરશેઠ તરફથી સંઘવી થનારા **કિશનજી શેઠને** કુંકુમનું મંગળતિલક કરી શ્રીફળ આપી ચોખાથી વધાવી તેમની ધર્મભાવનાનું બહુમાન કર્યું.

પૂજ્યશ્રી પાસે **કિશનજી શેઠે** શ્રીસંઘ-પ્રસ્થાનના મુહૂર્તની માંગણી કરી, પૂજ્યશ્રીએ માહ વદ ૧૦ નું મુહૂર્ત સારૂં રેવતીના ચંદ્રના દોષના કારણે છતાં લેવું ઉચિત ન ધાર્યું ચંદ્રબળ અને વિષ્ટિદોષના નિવારણ સાથે રવિયોગ-રાજયોગવાળો ફા. સુ. ૧૦ નો દિવસ સર્વશ્રેષ્ઠ નિર્ધાર્યો.

પછી **કિશનજી શેઠે** પૂજ્યશ્રીની સંમતિ લઈ પત્રિકા લખી પોતાના સ્વજન-સંબંધીઓ-સગા-વહાલાં ઉપરાંત ધર્મપ્રેમી ભાવુક જૈન શ્રીસંઘોને જાણ કરી પધારવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી.

કિશનજી શેઠે પણ ખૂબ ઉમંગથી રસ્તાના ગામોની તપાસ કરી દરેક સ્થળે શ્રીસંઘના યાત્રિકોને કોઈ તકલીફ ન પડે તે રીતની પૂર્વ તૈયારી કરી અને ફા. સુ. ૧૦ ના મંગળ દિવસે જિનમંદિર-ઇંદ્રધ્વજ-નગારા-નિશાન-ગજરાજ-કોંતલ-મંગળ વાજિંત્રો આદિની અપૂર્વ-શોભા સાથે ભવ્ય-આડંબરપૂર્વક શ્રીસંઘ સાથે પૂજ્યશ્રીએ પ્રયાણ કર્યું.

ક્રમે કરી ફા. વ. ૨ ના મંગળ દિવસે **ઉદયપુર** પહોંચ્યા ત્યારે **ઉદયપુર**ના શ્રીસંઘે ભવ્ય ગજરાજ-કોંતલ ડંકા-નિશાન અને સરકારી પોલીસ બેંડ આદિ સામગ્રીથી શ્રીસંઘનું ભવ્ય સ્વાગત કર્યું અને ચોગાનના દહેરાસરના વિશાલ ચોકમાં શ્રીસંઘને ઉતારો આપ્યો. **ઉદયપુર**ના શ્રીસંઘે સાધર્મિક ભક્તિનો લાભ લીધો, પૂજ્યશ્રીની પ્રેરણાથી **ઉદયપુર** શ્રીસંઘમાંથી અનેક યાત્રિકો છ'રી પાળતા સંઘમાં જોડાયા.

ફા. વ. ૭ ના મંગળ પ્રભાતે **કેશરીયાજી** તીર્થે શ્રીસંઘ ધામધૂમથી પહોંચ્યો, **તીર્થ-વ્યવસ્થાપક પેઢી** તરફથી શ્રીસંઘનું સન્માન પ્રવેશ મહોત્સવ વગેરે ઠાઠથી થયું.

બીજે દિવસે તીર્થાધિપતિ **શ્રી ઋષભદેવ પ્રભુ**ના જન્મ અને દીક્ષા કલ્યાણકના સંયુક્ત પર્વ તરીકે ફા. વ. ૮ (શાસ્ત્રીય ચૈત્ર વદ–૮)નો ભવ્ય મેળો થતો હોઈ શ્રીસંઘે પૂજ્યશ્રીની નિશ્રામાં આંબિલની તપસ્યા, ભવ્ય સ્નાત્ર–મહોત્સવ તથા વિશાળ રથયાત્રા, સાંજે સાધર્મિક વાત્સલ્ય આદિ કરી જીવન ધન્ય બનાવ્યું.

આ પ્રસંગે બહારના હજારો જૈનો તથા જૈનેતરો એકત્રિત થયેલા.

વધુમાં વદ ૯ના દિવસે **ભીલવાડા**ના છ'રી પાળતા સંઘના સંઘવી **શ્રી કિશનજી શેઠ** તરફથી આખા દહેરાસરની તમામ જિનપ્રતિમાઓની સ્વદ્રવ્યથી પૂજા–ભક્તિનો લાભ યાત્રિકો મારફત લીધો. બપોરે પંચકલ્યાણક પૂજા ભવ્ય મંડલાલેખન સાથે ભણાવી.

વદ ૧૦ સવારે દાદાના રંગમંડપમાં નાણ ગોઠવી ચતુર્મુખ પ્રભુજી પધરાવી પૂજ્યશ્રીએ **કિશનજી શેઠ** અને તેમના સુપત્ની શ્રાવિકા **જડાવબહેનને** તીર્થમાળ પહેરાવવાની વિધિ કરાવી તેમના કુટુંબીજનોએ મળી દેવદ્રવ્યનો ચઢાવો બોલી ચઢતે રંગે તીર્થમાળ બંનેને પહેરાવી, **કિશનજી શેઠે** આ પ્રસંગે છૂટે હાથે પૂજારી–ગોઠી–પંડયા–પેઢીના કર્મચારીગણ, યાચક–ભોજક વગેરેને છૂટે હાથે દાન આપી શાસનની ભવ્ય પ્રભાવના કરી.

પૂજ્યશ્રી વદ ૧૧ના રોજ **ડુંગરપુર** તરફ વિહારની ભાવના રાખતા હતા. પણ વદ ૧૦ બપોરે સંઘવી તરફથી નવ્વાણું પ્રકારી પૂજામાં સ્પેશ્યલ આમંત્રણ હોઈ **ઉદયપુરથી** શ્રીસંઘના આગેવાનો ૧૦૦/૧૫૦ ભાવિકો આવેલા–તે બધાએ પૂજા પછી પૂજ્યશ્રી પાસે આવી ચૈત્રી ઓળી માટે **ઉદયપુર** પધારવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી–પૂજ્યશ્રીએ કહ્યું કે–

महानुभावो ! हमारे साधु–आचार के अनुसार अब उदयपुर शहरमें अधिक आना या ठहरना उचित नहीं ! आप लोगों का धर्मप्रेम हमें जरुर खींचता है, किंतु आचारनिष्ठा साधुओंके लिए महत्त्वकी चीज है "–आदि.

श्रीसंघना **आगेवानोએ** કહ્યું કે– "महाराज ! आप तो आचारनिष्ठ हैं ही ! आप तो सलंग सात चौमासा कारणवश हमारे श्रीसंघके सौभाग्य से उदयपुर में किये, किंतु आप तो जलकमलवत् निर्लेप रहे हैं, आप किसीसे नाता जोडते ही नहीं ! शासन के लाभार्थे विचरनेवाले आप लोगों का पदार्पण हमारे श्रीसंघके तो लाभ में ही रहा है !

अभी चौगानके मंदिरजी की व्यवस्था डामाडोल है ! जिनमंदिरों की अव्यवस्था न हो इसका ख्याल तो आपको भी करना जरुरी है ! इसके लिए अभी एक चौमासेकी और जरुरत है ! किंतु अभी तो हम आपश्री की निश्रामें चैत्री–ओलीजी की सामूहिक आराधना हो ! यह चाहते हैं। आपको जरुर पधारना ही पडेगा "—आदि.

પૂજ્યશ્રીએ ઘણી રીતે શ્રીસંઘના આગેવાનોને સમજાવ્યા, પણ છેવટે ચૈત્રી–ઓળી માટે હા પાડવી જ પડી અને વદ ૧૧ **ઉદયપુર** તરફ શ્રાવકોએ વિહાર કરાવ્યો. વિહારમાં પગે ચાલતાં અનેક શ્રાવકો ગુરૂભક્તિમાં રહ્યા.

ફા. વ. ૧૪ સવારે **ઉદયપુરમાં** પુનિત પ્રવેશ થયો. વ્યાખ્યાનમાં શાશ્વત **નવપદજીની** ઓળીની આરાધનાના મહત્ત્વને પૂજ્યશ્રીએ ખૂબ સરસ રીતે સમજાવવા **માંડ્યું**.

પૂજ્યશ્રીની નિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધના પ્રાયઃ થઈ નથી, તેથી ખૂબ જ ઉમંગ-ઉલ્લાસથી **ઉદયપુરના શ્રીસંઘે** પૂજ્યશ્રીની વાતને ઝીલી લઈ વિશાળ-સંખ્યામાં આરાધકોએ તૈયારી કરી.

શા. દીપચંદજી કોઠારીએ **નવે** દિવસના આંબિલનો લાભ લેવાની વાત પૂજ્યશ્રી પાસે મૂકી, પૂજ્યશ્રીએ શ્રીસંઘ દ્વારા તે વાત **મંજુર** કરાવી.

ખૂબ ઠાઠથી સામુદાયિક વિધિ સાથે સેંકડો આરાધકોએ **શ્રી નવપદની** ઓળીજીની આરાધના પૂજ્યશ્રીના માર્મિક-પ્રવચનોથી ઉપજેલ અપૂર્વ ભાવોલ્લાસથી કરી.

તે ઓળી દરમ્યાન શ્રીસંઘે પૂજ્યશ્રીને **ઉદયપુર** શ્રીસંઘના લાભાર્થે દહેરાસરોના વહીવટની અવ્યવસ્થા ટાળવાના શુભ આશયને બર લાવવા ચાતુર્માસની આગ્રહભરી **વિજ્ઞપ્તિ** કરી.

પૂજ્યશ્રીએ **સાધુજીવનની મર્યાદાઓને** ધ્યાનમાં રાખી તેમજ " अतिपरिचयादवज्ञा " જેવું થવા ન પામે તેથી ચાતુર્માસની અનિચ્છા દર્શાવી.

તેથી શ્રીસંઘના આગેવાનોએ એક પછી એક દહેરાસરના વહીવટીતંત્રની ગ્રંથો પૂજ્યશ્રી પાસે રજુ કરવા માંડી, તેમાં મુખ્યત્વે **ચૌગાનના** દહેરાસરો-જે કે **સાગર-શાખીય** મુનિવરોના ઉપદેશથી બંધાયા-સ્થપાયા-ની વ્યવસ્થા માટે પૂજ્યશ્રી પાસે ધા નાંખી.

એટલે પૂજ્યશ્રીને સંજોગવશ ચૈત્રી ઓળી પછી પણ સ્થિરતા કરવી પડી.

આ દરમ્યાન ચૈત્ર વદ ત્રીજ લગભગ **પાલીતાણા** અને **ભાવનગરથી** તેમજ **આ ક. પેઢી અમદાવાદથી** શ્રી **સિદ્ધિગિરિના** પ્રશ્ન પરત્વે સમાચાર મલ્યા કે-

" **પાલીતાણા** સ્ટેટ સાથે થયેલ વિખવાદના ઉકેલ તરીકે **મુંબઈ** ગવર્નર પાસે જૈન શ્રીસંઘે કરેલ અપીલનો **કાઠીયાવાડના પોલિટિકલ એજંટ જે. ડબલ્યુ વોટસન** (J. W. WOTSON) ની દરમ્યાનગીરીથી તા. ૮-૩-૧૮૮૬ ના રોજ ઉકેલરૂપે ચોથો કરાર થયો.

તે કરારમાં એમ ઠરાવેલ કે-

" જૈન શ્રીસંઘે પાલીતાણા દરબારને ૧૫૦૦૯ રૂપિયા ઉચ્ચક આપી દેવા, પાલીતાણા સ્ટેટે યાત્રાળુઓને ન નાંખવો, બીજી કોઈ અયોગ્ય દરમ્યાનગીરી સ્ટેટ તરફથી ન થવી જોઈએ. "

આ કરારનો અમલ તા. ૧-૪-૧૮૮૬ સં. ૧૯૪૨ ના ચૈત્ર વદ ૫ થી શરૂ કરવાનું ઠરાવેલ.

આના અનુસંધાનમાં ચૈ. વ. ૧૦ લગભગ અમદાવાદથી નીચે મુજબનો પત્ર પણ આવ્યો–

"શ્રી ઉદેપુર મધ્યે મુનિરાજ શ્રી ઝવેરસાગરજી અમદાવાદથી લી. દલપતભાઈ ભગુભાઈની વંદના ૧૦૦૮ વાર વાંચજો.

બીજું શ્રી વરધીચંદજીએ ભાવનગર મધ્યે ટીપ સિદ્ધાચળજીની શરૂ કરી, રૂા. ૨૦ હજાર થશે. ગ,ભીરવિજેજીએ ઘોઘા બંદરમાં કરી, તમે ઉદેપુરમાં છો માટે કરી સારી ટીપ થાય ઉદ્યમ કરાવશો.

એજ લી. દ: પોતે ચૈત્ર (વદ) ૮ તા. ૪–૪–૮૬

આવો જ એક બીજો પત્ર જુના સંગ્રહમાંથી મળી આવ્યો છે જે નીચે મુજબ છે.

"શ્રી ઉદેપુર મધ્યે મહારાજ સાહેબ શ્રી ઝવેરસાગરજી શ્રી અમદાવાદથી લી. દલપતભાઈ ભગુભાઈની વંદના ૧૦૦૦ વાર વાંચજો.

બીજું સિદ્ધાચળજીની ટીપ સારૂ આપણી તરફ શ્રાવક ભાઈઓ ઉપર કાગળ બીડયો છે, તો આપ સારી રીતે ઉપદેશ કરી ટીપ સારી થાય તેમ કરાવશો, એવો આપનો ભરૂંસો છે.

આ કામમાં નાણું સારે ઠેકાણે જશે, એવું આપ સમજાવી કહેશો તો તીરથનું કામ થાશે.

આપને વધારે લખવું પડે તેમ નથી.

× તા. ૧૩ મી ઓકટોબર ૧૮૮૬ લી. દ: પોતે.

× ઉપરના બંને પત્રો અમદાવાદના અગ્રગણ્ય પ્રતિષ્ઠિત ધર્મધુરંધર શાસનાનુરાગી અને શ્રીસંઘના આગેવાન શેઠીયાઓ સ્વહસ્તે લખેલા છે.

તેમાંની વિગત પણ અદ્‌ભુત છે.

આ બંને વાત પરથી **પૂજ્યશ્રી ઝવેરસાગરજી મ.** ના અપ્રતિમ ગૌરવવંતા વ્યક્તિત્વની છાયા કેટલી વ્યાપક હશે! તે સુજ્ઞ પુરૂષોને સહેજે સમજાય તેમ છે.

ગુજરાતમાં કોઈ વિકટ પ્રશ્ન પરિસ્થિતિ આવે તો અમદાવાદના ધુરંધર શેઠીયાઓ ઠેઠ મેવાડમાં બિરાજતા પૂજ્યશ્રીને ઉપરા ઉપરી બે પત્રો દ્વારા આદરપૂર્વક યાદ કરે છે.

આ વસ્તુ પૂજ્યશ્રીના અપૂર્વ વ્યક્તિત્વની વાચકોના મન પર છાપ પાડે છે.

આ બંને પત્ર ઉપરથી પૂજ્યશ્રીને એમ લાગ્યું કે તરણતારણહાર **શ્રી સિદ્ધાચલ–મહાતીર્થ**ની રક્ષા અંગે જૈન શ્રીસંઘે ઉપાડેલ ભગીરથ–કાર્યમાં **ઉદયપુર** શ્રીસંઘનો સહકાર અપાવવાની મારી ફરજ છે, એટલે શાસનના કામ અંગે ભાવે કે કલાવે મને કે કમને પૂજ્યશ્રીને ઉદયપુરના ચાતુર્માસની ઈચ્છા કરવી પડી અને વૈ. સુ. ૩ ના વ્યાખ્યાનમાં શ્રીસંઘે કરેલ આગ્રહભરી વિજ્ઞપ્તિને સ્વીકારી ચોમાસાની જય બોલાવી દીધી.

પૂજ્યશ્રીએ વિ. સ. ૧૯૪૨નું ચોમાસું શાસનના તથા ઉદયપુર શ્રીસંઘના લાભાર્થે નક્કી રાખ્યું.

અને પૂજ્યશ્રીની દેખરેખ તળે દેવદ્રવ્યના હિસાબોમાં રહેલ ઉપેક્ષાવૃત્તિને હઠાવવા વહીવટદારોને અપૂર્વ પ્રેરણા મળી.

ચૌગાનના દહેરાસરોના વ્યવસ્થાતંત્રમાં કાર્યવાહકોની શિથિલતાથી આવેલી અવ્યવસ્થાને નિવારવા પૂજ્યશ્રીએ ભારે જહેમત ઉઠાવી જૂના હિસાબો વ્યવસ્થિત કર્યા.

આ બધા કામના ઉકેલમાં ચોમાસું શરૂ થઈ ગયું. પૂજ્યશ્રીએ બેસતા ચોમાસે જ **અમદાવાદથી** આવેલ બંને પત્રો શ્રીસંઘને વંચાવ્યા અને **શ્રી સિદ્ધાચલ–મહાતીર્થ** રખોપા ફંડમાં તન–મન–ધનની શક્તિ ગોપવ્યા વગર સહુને લાભ લેવા પૂજ્યશ્રીએ ભારપૂર્વક ફરમાવ્યું.

પરિણામે ત્રીશ હજાર જેવી રકમ ટૂંક સમયમાં થવા પામી, **ઉદયપુરના** શ્રીસંઘે આ રીતે પૂજ્યશ્રીના ધર્મઋણને અદા કરવા સાથે શાસન પ્રત્યેનો દૃઢ અનુરાગ પ્રદર્શિત કર્યો.

પૂજ્યશ્રીએ આ કામ અંગે વધુ તમન્ના દર્શાવવા સાથે **ભાવનગર પૂ. શ્રી વૃદ્ધિચંદજી** મ. ને પત્ર દ્વારા માર્ગદર્શન મંગાવ્યું લાગે છે.

કેમકે–સં. ૧૯૪૨ ના શ્રા. સુ. ૫ ના નીચેના પત્રમાં આ વિગત આવે છે.

"**મુનિશ્રી ઝવેરસાગરજી** ને પોંચે."

ઠેકાણું– મેતા પન્નાલાલ હુકમીચંદની દુકાન **મુ. શ્રી વડા ઉદેપુર** જિ. મેવાડ

મુ. શ્રી ભાવનગરથી લી. મુનિ વૃદ્ધિચંદજી જોગ્ય શ્રી ઉદયપુર–મધ્યે મુનિ ઝવેરસાગરજી સુખશાતા વાંચજો. અત્રે દેવગુરૂ પસાયે શાતા છે, તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો છે, સમાચાર જાણ્યા છે. તમે ચોપાનીયો મોકલવાના ઠેકાણા બે ની વિગત લખી, તે પ્રમાણે બંને ઠેકાણે ચોપાનીયા મોકલાવ્યા છે.



જે દિવસે અષાડ માસનું ચોપાનીયું તમોને પહોંચ્યું હશે, તે જ દિવસે તેઓને પણ પહોંચ્યા હશે જ! તમોને પત્ર ૧ પ્રથમ અમે લખ્યો છે, તેની પોંચ આવી નથી, માટે લખ્યો હશે તે આવેથી જાણીશું. મોટા કામો કરવા વિષે મુંબઈમાં શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા સભા છે, તેની ઉપર પણ લખવું. તમોએ સાધુ વિષે હકીકત મંગાવી, તે આ દેશમાં છે, તેની વિગત

મુનિ નીતિવિજયજી વગેરે ઠાણા–૩	–	ખંભાત
મુનિ વિનયવિજયજી „ „ –૩	–	લીંબડી
મુનિ શોભાગવિજયજી	–	શીહોર
મુનિ ગંભીર વિજયજી „ „ –૨	–	ગોધાબંદર
મુનિ દેવવિજયજી	–	મહેસાણા
મુનિ ઇ...વિજયજી	–	વડોદરા
મુનિ કમલ વિજયજી		

ગુજરાતી તથા પંજાબી ભેઉ_____

બેડા મુનિ રાજવિજે તથા ચતુર વિજે_____મારવાડ સાદરીમાં મુનિ મોતી.વિજયજી, મુનિ પ્રતાપવિજયજી મુનિ નયવિજયજી ૬૨૭–મુંદરા

મુનિ લબ્ધિવિજય મુનિ ભાગ્યવિજય મુનિ હીરવિજયજી_____રાજકોટ

મુનિ કેવળવિજય મુનિ ઉત્તમવિજય મુનિ કલ્યાણવિજય મુનિ ચરિત્રવિજય મુનિ માણેકવિજય મુનિ હેમવિજય ઠા. ૬ અત્રે છે.

અમદાવાદ ગણીશ્રી આદિ ઠાણા–અત્રે છે. તે તો તમે જાણતા જ હશો.

મુનિ આત્મારામજી મહારાજ ઠાણા–૨૬ પાલીતાણા નરશીકેશવજીની ધરમશાળે,

તુમારી સુખશાતાના સમાચાર લખજો.

સં. ૧૯૪૨ ના શ્રાવણ સુ. ૫ ને બુધવાર ૬. સેવક અમરની વંદના"

ઉપરના પત્રમાં ચોપાનીયાની વાત છે, તે પ્રાયઃ **ભાવનગરથી** પ્રકટ થતા **" શ્રી જૈન ધર્મ પ્રકાશ "** સંબંધી લાગે છે.

વળી આ પત્રમાં **" મોટા કામો કરવા "** અંગે **મુંબઇની જૈન એસોસીએશન** સાથે સંપર્ક સાધવા સૂચન છે, તે પ્રાયઃ **પૂજ્યશ્રીએ પાલીતાણા** સ્ટેટ સાથે રખોપા અંગે **થયેલ** કરાર અંગે ટીપ માટે પૂછાવ્યું હશે, તેના જવાબરૂપે લાગે છે.

બાકી સાધુઓના ચોમાસાની વિગત પૂજ્યશ્રીની પ્રાભાવિકતાની છાપ પૂરી પાડનારી જણાય છે.

પૂજ્યશ્રી ચાતુર્માસ દરમ્યાન બીજા પણ અનેક શાસનાનુસારી કાર્યોમાં લક્ષ્ય રાખતા હતા, તેના પુરાવારૂપે પ્રાચીન પત્રોમાંથી **લુણાવાડાના** સુશ્રાવક શ્રી વખતચંદભાઈ નો પત્ર મળ્યો છે, જે નીચે મુજબ છે.

" સ્વસ્તિ શ્રી પાર્શ્વજિનં પ્રણમ્ય તત્ર સર્વ____બિરાજમાન નવતત્વના જાણુ, પંચમહાવ્રતધારક અઢારે, પાપરહિત બેંતાલીસ દોષના ટાળણહાર, અનેક ગુણે કરી બિરાજમાન, મુજ ગુરૂ મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી જવાહિરસાગરજી જોગશ્રી ઉદેપુર.

લુણાવાડેથી લી. સા. શ્રી. વ. સ. વખતચંદના ધર્મલાભ દેનારસુ મારી વંદના અનેકવાર અવધારશોજી.

(૧) આપના કાગળો પ્રથમ આવેલા તે પેાંતા, આપને મેં પરથમ લખ્યા છે, તેના ઉત્તર મુજે મળ્યા નહીં, સેા બહેાત દિલગીર હુઆ, જિસે કિરપાકર પત્ર લખાવશોજી.

(૨) ઔર આપે ચેાપડી બદલ લિખીથી સેા મેં તમારા સમાચાર શા...કુમેર...દાસ...પીતાંબર વગેરે મુખીયાઓને રૂબરૂ વંચાય દીયા હૈ. પરંતુ પેલી તરફ વાલેાંકા ઐસા..... ...અભિપ્રાય.....પેલાકુ કામ..... હેાત તરેહનું..... કઈ વિચારમેં મંદિર બનાના બતાતે હૈં, કેાઈ બજારમેં બાગ-બગીચા કરને કેાશિશ કરતાતે હૈ, ઐસા પરસ્પર પેલી તરફવાળેાં કા વિચાર હેાતા હૈ, ફેર મંદિરવાળેાંકા એહી મત હૈ કિ મહારાજ, જવાહિરસાગરજીને કીયા હૈ સેાઈ સત્ છે.

અપને તેા એ જગેા ઉપર.....બાના નહીં..... ઉને બીજે મુહર્ત્ત પૂછા જોવે.....મુહૂર્ત્ત આતા નહીં.....કરના.....હૈ ઉસમેં બાત મુહર્ત્ત.....તરહ સે હેાવેગા ?

ફેર.....કાતી સુદ ૧ કે રેાજ.....અસ્ત હેાતા હૈ, તેા આપકું માલુમ હેાવે કે નીચેની હકીકતનેા જવાબ આપશોજી.

આસેા.....સારા મુહર્ત્ત આતા હૈ ઉસકી વિગત બારણું ઉત્તરાદિ તથા આથમણી તરફનું સંધના નામથી જોવું.

આથમણી દિશા કા બારણું બેસાડવાનું છે, માટે તે બારણાના____દિવસ નક્કી કરવાનેા છે, તે મુહૂર્ત્ત જોવાની પરત આપની પાસે છે, તેમાં તપાસ કરી જવાબ ખુલાસેા સાથે લખજો. મકાન બાંધવાની ખરેખરી .....માટે જવાબ લખતાં ડરના નહિંજી.....જુવાબ આપકા આવ્યા બાદ સમજણ પડેગા ઔર જગ્યા બાંધણે કી તૈયારી હેાયેગી ખરેખર.....તપાસ કર જવાબ લખજોજી, ડરના નહીંજ.

આપનેા પત્ર ૧-૨ આવ્યા.....કંઈ કારણ સમજતા નહીં.....આપના પ્રથમ કાગળમાં ખુલાસેા હતેા નહીં કે આપ કંઈ જુજ દિનમાં ખુશેવ પધારશેા કે આપ થેાડા દિના મે ઉદેપુર પધારશેા, માટે અમારા કાગળ બરેાબર પહેાંચ્યા કે નહીં પહેાંચ્યા તેની કંઈ ખાતરી કરાં શકાતી નથી માટે હવે આપ મુકામસર પધાર્યા છેા તેા મુજ ઉપર પત્ર લખશેા એવી આશા રાખું છું.,"

આ પત્રનેા પૂર્વાર્ધ થયેા.

આમાં પૂજ્યશ્રીએ કપડવંજથી ઉદયપુર પધારતાં લુણાવાડા પધારેલ ત્યાં દહેરાસરના વહીવટી તંત્રની ગરબડને સાફ કરી નવા દહેરાસર બનાવવા અંગે પ્રેરણા કરી લાગે છે.

જેનેા ઉલ્લેખ આગળ આવી ગયેા છે.



તે અંગે આ પત્રમાં લુણાવાડાના ધર્મિષ્ઠ આગેવાન શ્રાવકે તે વાત અંગે આ પત્રના પૂર્વાર્ધમાં જણાવ્યું છે કે– **"ચોપડા માટે આગેવાનોને વાત કરી છે અને નવા દહેરાસર અંગે ખેંચતાણ ચાલે છે"** વગેરે.

આ રીતે પૂજ્યશ્રી **ઉદયપુર** રહ્યા થકા પણ શાસનના કામો અંગે ચીવટભરી ચકોર દૃષ્ટિ પોતે રાખતા હતા તે આ પત્રના પૂર્વાર્ધથી સમજાય છે.

વળી આ પત્રનો ઉત્તરાર્ધ પણ ખૂબ જ મહત્ત્વનો અને પૂજ્યશ્રીની અપૂર્વ તાત્ત્વિક દૃષ્ટિ અને શાસન પારગામિતાનો પરિચય આપે છે.

ઉપરના પત્રનોઉ ત્તરાર્ધ–

"વળી ધરમ સંબંધી પ્રશ્ન લખ્યો છે, તો તે અંગેનો ઉત્તર લખી જણાવશો.

...અતરે...વિજેજી આવેલા છે, પજુસણ...પરવે આવ્યેથી ધર્મસંબંધી ઘણી અડચણ પડવાની...થયું છે...હવે મુલાખ વિજેજી મકાન પકડી બેઠા છે ને ધર્મનુ અપમાન થાય છે, અને દિલથી ઊતરી ગયા છે, જેનું વખાણ સાંભળવું મને ગમતું નથી, કેમ કે...પોતાની ચાલચલગત છે, તેથી વળી ખેડાવાળા શ્રી પુજજી ચંદ્રોદયસૂરિજી હતા, પણ તે લાભાર્થી ઘણાં હતા, પણ બીજો કોઈ અવગુણ કે સૂત્રથી ઉલ્ટું ચાલવું ન હતું તેથી તે...વખાણે વાંચતા તો તેના મુખથી વ્યાખ્યાણુ...પચ્ચકખાણ અગર કરેમિ ભંતે ઓચરતા, ઔર ખમાસમણ પણું દેતા, તે વૃદ્ધ અવસ્થાવાળા પુરૂષ...પણ હવે દેવરતન અત્રે ચોમાસું કરે છે તે જાણજો.

તેમના મુખનું વખાણ સાંભળવું કે નહીં?.....કાંઈ જગાએ બને નહીં તો સાંભળવામાં કાંઈ દોષ લાગે કે નહીં? તેનો ખુલાસો લખવો.

વળી કરેમિ ભંતે...પચ્ચકખાણ કહ્યે કે નહીં?...જનનું પધારવું કોઈ થાય...મને સંભવતું નથી, કેમ કે પરિણામ આપના બરોબર લુણાવાડા તરફ પધારવાના જણાતા નથી, તેથી ખુલાસો મંગાવ્યો છે, તો કુરસદ મળેથી આપ લખશો.

બીજું પોસા કરીને પૈસા ઉપજાવે છે, તે પૈસા ઘીયા કાપડવાળાને આપી દેવે છે, તે અતરે મૂળથી રીવાજ આપવાનો છે, પરંતુ આપવામાં કઈ બાધ લાગે ખરો! તે લખવું.

અતરે મતમતા ઘણો થયો છે તે ધરમધ્યાન.....મુંજમા મુમત કરે છે, પણ કંઈ ઉપયોગ લાયક થતું નથી કેમ કે જે કરમધરમનું...મન...પુરૂષ પધારા હો– પણ અતરે રહેવું પસંદ પડતું નથી, તેથી માળવા ...ચોપડાનું કામ શરૂ થયાથી...લખાશે પણ મુહત નિશ્ચે કરી લખજો.

બીજું મારા કામ બાબત પાના ઉતરાવી મને મોજવો નહીં। પરંતુ પજુસણ પરવ વીત્યા બાદ કુરસદ મળ્યેથી મોકલાવજો.

હું આપ ગુરૂ સિવાય બીજા કોઈને પરમાણિક કરતો નથી, મહારી...પુરૂષને બલિહારી જાઉં ને સવારમાં સાધુ પટ...આપના...ધરમધ્યાન રૂડી રીતે બને છે.

ઇન્હેન કાર...માસ ચારના એકાંતરા કરે છે, જમનાએ માસ ૧૧ા એકાંતર કરવા માંડયા હતા, તે શ્રા. વ. ૫. પૂરા થયા છે.

અમારા ઘરમાં અવકાશે છે, તેથી કાગળ કુરસદ મળતી નથી, તેથી માફ કરશો. હજુ કંઈ છુટકારો થયો નથી.

ગુરૂ પાસે એ ખુલાસો થયાથી...મન કરીશું એજ...કાગજ લખજો.

સં. ૧૯૪૨ ના શ્રાવક વદ-૧૦."

આ રીતે આ પત્રના ઉત્તરાર્ધના લખાણથી સમજાય છે કે– પૂજ્યશ્રીની આગમિક ધુરંધરતા સુવિહિત–સાધુ તરીકેની પ્રતિષ્ઠાથી આકર્ષાઇ ધુરંધર શ્રાવકો પોતાની ધાર્મિક ગૂંચ ઉકેલવા અને મન હળવું કરવા નિર્બાલસ દિલે પ્રયત્નો કરતા.

વળી પત્રના પાછળા ભાગે શ્રાવકોચિત ધર્મકરણીના પરિચય સાથે વ્યાવહારિક આફતથી થતા માનસિક, આર્તધ્યાનને ટાળવા પૂ. ગુરૂદેવશ્રી પાસે 'ધા' નાંખતા હોવાનું જણાય છે.

આ પત્રનો પૂજ્યશ્રીએ યથાયોગ્ય ઉત્તર પાઠવી ધર્મધ્યાનનું બળ વધારવા પ્રેરણા કરી હશે.

ઉદયપુર શ્રીસંઘમાં પણ પૂજ્યશ્રીની અપૂર્વ દેશના શક્તિથી ધર્મોત્સાહ સારો પ્રગટેલ માસખમણ, એકવીશ, સોળ અને પંદર ઉપવાસની તપસ્યા સારા પ્રમાણમાં થઈ, અઠ્ઠાઈની સંખ્યા તો ૧૫૦ થી ૨૦૦ ઉપર હોવાનું જાણવા મળેલ છે.

સકળ શ્રીસંઘે ખૂબ જ ઉમંગભેર પર્વાધિરાજની આરાધના પૂજ્યશ્રીની નિશ્રામાં કરી.

આત્મશુદ્ધિકર મહાપવિત્ર **શ્રી કલ્પસૂત્રને** રાત્રિ–જાગરણપૂર્વક હાથીના હોદ્દે પધરાવી પૂ. ગુરૂદેવને વાંચન માટે વહોરાવવાની મંગળક્રિયા તથા સુપના ઉતારવા ચાદિના ચઢાવા આદિથી દેવદ્રવ્ય–જ્ઞાનદ્રવ્યમાં ખૂબ જ વૃદ્ધિ થઈ.

પર્વાધિરાજની આરાધના ઉમંગભેર થયા પછી પૂજ્યશ્રીએ ભા. સુ. ૮ ના વ્યાખ્યાનમાં ચૈત્ય–પરિપાટીના રહસ્યને સમજાવવાપૂર્વક ભા. સુ. ૧૧ થી **ઉદયપુરના** સમસ્ત જિનાલયોની સવારે ૭ થી ૯ દર્શનયાત્રા શરૂ કરાવી.

આસો સુ. ૩ ના છેલ્લા દિવસે **આહડના** મહારાજા **સંપ્રતિકાલીન** પ્રાચીન પાંચ જિનાલયોની યાત્રા પ્રસંગે પૂજ્યશ્રીએ સકળ શ્રીસંઘ સમક્ષ શ્રુતજ્ઞાનની આરાધના માટે જ્ઞાનાચારના આઠ ભેદ પૈકી **ઉપધાનતપ** નામે આચારના પાલન માટે ખૂબ જ અગત્યતા દર્શાવી.

શ્રાવક–જીવનનો પાયો ઉપધાનતપ છે, અને વર્તમાનકાળની અપેક્ષાએ ઉપધાનતપ શ્રાવક જીવનનું મહાન ઉચ્ચકોટિનું તપ છે.



"ઉપધાન વિના મહામંત્ર ગણુવો પણ ન સૂઝે" ની શાસ્ત્રીય વાત અનેક દાખલા દૃષ્ટાંતોથી સમજાવી સકળ શ્રીસંઘને પ્રોત્સાહિત કરી ઉપધાનતપ કરાવવાનો મંગળ નિર્ણય કરાવ્યો.

ઉદયપુરના વૃદ્ધજનોના કહેવા પ્રમાણે તેમની સાંભરમાં ઉપધાનતપ થયેલ ન હોઈ ધર્મપ્રેમી-જનતામાં ખૂબ જ જાગૃતિ આવી.

પરિણામે **શેઠ ગિરધરજી કાનજી ચપડોદે** ઉપધાનતપ કરાવવાનો લાભ લેવા શ્રીસંઘ પાસે વાત રજુ કરી.

ઉપધાન કરાવનાર **ગિરધર શેઠને** એટલો બધો ઉત્સાહ હતો કે બધો જ ખર્ચ હું જ કરૂં! ભક્તિનો બધો લાભ મળે! એવી રજુઆત શ્રીસંઘ સામે કરી, પણ શ્રીસંઘે કહ્યું કે અમારે ત્યાં આવા પરમ-વંદનીય મહાપુરુષ પધાર્યા છે, અમારી સાંભરમાં સૌ પ્રથમવાર ઉપધાન થાય છે, તો અમને બધાને લાભ મળે, તે ઇચ્છનીય છે.

એમ થોડીવાર ખૂબ ધર્મપ્રેમભરી રસાકસી જામી. આ પ્રસંગે પૂજ્યશ્રીએ સમજાવટથી કહ્યું કે- "મહાનુભાવો! **તપસ્યા કરનારાની ભક્તિનો લહાવો અરેઅર દુર્લભ છે? ગિરધર શેઠને** ઉમંગ થયો છે, તો લાભ લેવા દો! તમે શ્રીસંઘના ભાઈઓ વૈયાવચ્ચ-વ્યવસ્થા-ભક્તિ આદિથી લાભ લેજો!"

શ્રીસંઘના ભાઈઓએ કહ્યું કે- "બાપજી! શ્રાવક-જીવનમાં દુર્લભ એવા ઉપધાનતપની આરાધનાનો આપ જેવા આગમ-પ્રજ્ઞ મહાપુરૂષની નિશ્રામાં ફરી કોણ જાણે કયારેય અવસર આવે? માટે **ગિરધર શેઠને** ઉપધાન કરાવવાની રજા આપવા કરતાં તે લાભ અમને શ્રીસંઘને જ મળે તો સારૂં!"

થોડીવાર વાત ખૂબ ચર્ચાણી-છેવટે પૂજ્યશ્રીએ ઉકેલ કર્યો કે- "એમ કરો! **ગિરધર શેઠ** ભલે ઉપધાન કરાવે! ઉપધાન અંગે પ્રાથમિક અને પરચુરણ ખર્ચ ઘણો થાય છે, તે બધો લાભ એમને આપો અને શ્રીસંઘ તરફથી એકાસણાં-આંબિલની **ટોળીઓ** નોંધાવાય, આ રીતે બંનેને લાભ મળે!

ગિરધર શેઠે આજીજીપૂર્વક કહ્યું કે- "બાપજી! ટોળીઓ સંઘની લઉં તો બધી લખાઈ જાય પછી મને શો લાભ!"

છેવટે હા-ના કરતાં **ગિરધર શેઠના** ઉત્તરપારણા અને પહેલી-છેલ્લી ટોળી, બાકીની ટોળીઓ સંઘ લખાવે તો લેવી, બાકી બધો લાભ **ગિરધર શેઠને**-

આવો ઉકેલ સાંભળી સહુએ હરખભેર ગગનભેદી શાસનદેવની જયના નાદોથી વાતાવરણ ગજવી દીધું–

પછી શ્રીસંઘે પૂજ્યશ્રીને ઉપધાનતપ માટેના મુહૂર્ત્તની પૃચ્છા કરી તો પૂજ્યશ્રીએ આસો સુ. ૧૦ અને ૧૪ ના બે શ્રેષ્ઠ મુહૂર્ત્તો દર્શાવ્યાં જેને સકળ શ્રીસંઘે **પ્રભુ મહાવીર સ્વામીના** ગગનભેદી જયઘોષ સાથે વધાવી લીધાં.

ચૌગાનના દહેરાસર આગળના વિશાળ વરંડામાં ભવ્ય મંડપ બાંધી ઉપધાનવાળાની ભક્તિ માટેની પણ બધી વ્યવસ્થિત તૈયારી કરવા ઉપરાંત ઉપધાનવાળા ભાઈ–બહેનોને રહેવા માટે જુદી–જુદી વ્યવસ્થિત સગવડ વગેરે કામકાજ શ્રીસંઘના સહકારથી **ગિરધર** શેઠે ઝડપભેર કરાવવા માંડ્યું.

આસો સુ. ૭ થી શ્રી નવપદજીની આરાધના **ચૌગાનના** દહેરે ભવ્ય શ્રી સિદ્ધચક્રજીનું યંત્ર પધરાવી ઠાઠથી શરૂ થઈ, પૂજ્યશ્રી સકળ શ્રી સંઘ સાથે શહેરના ઉપાશ્રયથી **ચૌગાનના** દહેરાસરે પાસેના મકાનમાં ઉપધાન માટે શુભ મુહૂર્ત્ત રૂપે પધાર્યા.

શ્રી નવપદજીની ઓળીના વ્યાખ્યાનો શ્રી ઉપધાન મંડપમાં ઠાઠથી શરૂ થયાં. સામુદાયિક શ્રી નવપદજીની આરાધના સામુહિક આંબિલ વગેરે બધો કાર્યક્રમ ભવ્ય રીતે ગોઠવાઈ ગયો.

આસો સુ. ૧૦ ના મંગળદિને સવારે ૮–૩૭ મિનિટના મંગળ મુહૂર્ત્તે શ્રી ઉપધાનતપની ક્રિયા પોણા ચારસો ભાઈ–બહેનોએ ઉમંગથી શરૂ કરી, ઘણા વર્ષો બે પ્રથમવાર શ્રી ઉપધાનતપની આરાધના હોંઈ કરનાર–કરાવનાર સહુને ભારે ઉમંગ હતો.

બીજા મુહૂર્ત્તમાં ૧૩૦ આરાધકોએ પ્રવેશ કર્યો કુલ ૫૦૫ આરાધકો શ્રુતજ્ઞાનના વિનયરૂપ શ્રી ઉપધાનતપમાં જોડાયા, જેમાં ૪૨ પુરૂષો બાકી ૪૬૩ સ્ત્રીઓ હતી.

શ્રીસંઘ તરફથી ઉપરાઉપરી એકાસણાની ટોળી કરાવવા પડાપડી થવા માંડી, માંડમાંડ બે બે ને ભેગા કરી વધુ ઠાઠથી ઉપધાનવાળાની ભક્તિ થવા માંડી.

પૂજ્યશ્રીએ ઉપધાનતપનું રહસ્ય શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે યોગ્યતાની પારાશીશીરૂપ મોહના ક્ષયોપશમને કેળવવા દોઢ મહિનાના પૌષધવ્રત દ્વારા ત્યાગ, તપ, સંયમની ત્રિવેણી સંગમનું મહત્ત્વ જણાવવા સાથે પૌષધવાળાની પાંચ સમિતિ; ત્રણ ગુપ્તિના વ્યવસ્થિત પાલનની જવાબદારી પર ખૂબ વ્યવસ્થિત વિવેચન કરી અજયણા–અસંયમ–અનુપયોગ આદિ દોષો ન લાગે તેની ખૂબ જ સાવચેતી કેળવવા ભારપૂર્વક સમજાવેલ.

પરિણામે ઉપધાનતપવાળા અપૂર્વ ઉલ્લાસથી વિગઈઓનો ત્યાગ-દ્રવ્ય સંક્ષેપ, મૌન અને અસંયમી જીવનના યથાશક્ય ત્યાગ આદિથી જીવનને ધન્ય-પાવન બનાવી રહ્યા.

કાર્તિક સુદિ પૂર્ણિમાના દિવસે ઉપધાનવાળાને સાધુજીવનની પ્રાસાદ્દી મળે તે હેતુથી સંયમી જીવન-ચર્યાના પ્રતીક રૂપે દરેક ઉપધાનવાળાઓએ મોટે ભાગે પોતાની ઉપધિ જાતે ઉઠાવી **સિસારવા** ગામે પૂજ્યશ્રી સાથે વિહારનો રસાસ્વાદ લીધો.

સિસારવા ગામે જઈ **શ્રી સિદ્ધગિરિના** પટની યાત્રા કરી **શ્રી સિદ્ધાચળ મહાતીર્થ**ની આરાધનાર્થે ચૈત્યવંદન-કાઉસ્સગ વગેરે કરી હેઠ બે વાગે મંદ શક્તિવાળાઓએ નીવિ કરેલ.

બાકી ઘણાઓએ પૂજ્યશ્રીની દેશનાથી ભાવિત બની છઠ્ઠની તપસ્યા કરી.

બીજે દિવસે સાધુની જેમ પોતાની ઉપધિ ઉપાડી પાછા યોગાનના દહેરે આવી બધી વિધિ કરી પૂજ્યશ્રીએ સાઢપોરસીએ પચ્ચ ૦ પારવાની છૂટ આપી છતાં છઠ્ઠના તપસ્વીઓએ પુરિમડ્ઢ નીવિ બધાએ ઉમંગભેર કરેલ.

આવી ઉપધાનના આરાધકોની વિશિષ્ટ આરાધનાની જાગૃતિ પૂજ્યશ્રીના વ્યાખ્યાન-મળે કેળવાયેલી.

તે પ્રસંગે સકળ શ્રીસંઘે ઉદાર મનથી લાભ લેવા માટે ઉમંગપૂર્વક તૈયારી કરવા માંડી. પૂજ્યશ્રીએ ઉપધાનવાળાને સમજાવ્યું કે-"હવે વિરતિ-જીવનના દિવસો ઓછા ગણુત્રીના જ છે. દુનિયાની દ્રષ્ટિએ તમે હવે છૂટા થવાના ! પણ હકીકતમાં મોહમાયાના બંધનથી તમે હાલ છૂટા છો, વળી પાછા બંધાવવાના છો ! શકય હોય તો દેશવિરતિમાંથી સર્વ વિરતિના ઉપલા વર્ગમાં નામ તો નોંધાવવું જોઈએ, અને કદાચ શકય ન બને તો વિરતિ-જીવનની સૌરભ જીવનમાં પ્રસરી રહે તે માટે **ભાગતા ભૂતની ચોટલી પકડવાની** જેમ અવિરતિના લપસણા માર્ગે ફરી પાછા જવું પડે તો પણ પૂરેપૂરા વિષય-કષાયના કીચડમાં ન ફસાઈએ એ માટે વિવિધ ત્યાગ-તપ-વ્રત-નિયમોનાં પચ્ચકખાણ કરવાં, અને આરાધના પણ તો જ સફળ થાય" એ વાત પણ પૂજ્યશ્રીએ સમજાવી.

તેથી બે છોકરીઓ અને ત્રણ વિધવા બહેનોને સર્વવિરતિ જીવન લેવા માટે ઉમંગ જાગ્યો, ઘરવાળાને ગમે તેમ સમજાવી માળના મુહૂર્તે જ દીક્ષા લેવાનો દઢ સંકલ્પ જાહેર કર્યો.

સકળ શ્રીસંઘમાં ખૂબ ખૂબ ધર્મોલ્લાસ વર્તાઈ ગયેા. કા. વ. ૧૦ થી સકળ શ્રીસંઘ તરફથી ભવ્ય અષ્ટાહ્નિકા-મહેાત્સવ ચૌગાનના દહેરાસરે શરૂ થયેા.

માગ. સુ. ૨ ની ભવ્ય રથયાત્રા નીકળી, જેમાં ઉપધાનના તપસ્વીઓ સારી રીતે વસ્ત્રાભૂષણેા પહેરી, હાથી, ઘેાડાગાડી, બગી, શણગારેલ માફા વગેરેમાં બેઠેલ.

આ રથયાત્રામાં સાત હાથી, પ્રભુજીનેા ભવ્ય ચાંદીનેા રથ, ચાંદીની પાલખી, નિશાન, ડંકા-કેાંતલ વગેરે ઉપરાંત અગણિત શણગારેલા કેટલાય ઘેાડાઓ, ઘેાડાગાડીઓ, બગીઓ વગેરેથી શાસનશેાભા ખૂબ થવા પામેલ.

માગ-સુ-૩ ના સવારના ૯-૨૩ ના શુભ મુહૂર્તે **ઉપધાનતપ માળારેાપણુની** ક્રિયા શરૂ થઇ.

૧૦-૩૭ મિનિટે **પહેલી માળ ૨૨૧૧ રૂપીયામાં શેઠ ગણેશમલ મુંથાના ઘરમાંથી પહેરી** મુહૂર્ત સાચવીને **પછી પાંચ દીક્ષાર્થી**-બહેનેાની દીક્ષા-વિધિ ઠાઠથી થઇ. અગીઆર વાગે દીક્ષાર્થીઓ વેષ બદલવા માટે ગયા તે વખતે માળા-પરિધાપન શરૂ થયું.

માળના ચઢાવા ૧૨૫ સુધી સારા થયા-૧૨૫ મી માળ ૧૧૨૧ માં પહેરાવી. પછી સમય-સંકેાચથી ૧૦૦૧, ૭૫૧, ૫૦૧, ૩૦૧, ૨૫૧, ૨૦૧, ૧૨૫, બાકીની માળેા ૧૦૧ ના નકરાથી પહેરાવવામાં આવી.

પછી બધા માળવાળા સાથે સકળ શ્રીસંઘને લઈ પૂજ્ય શ્રી ચૌગાનથી શહેરમાં **શીતલ-નાથજીના દહેરે** દર્શનાર્થે પધારી ચૈત્યવંદન કરી ગેાડીજીના ઉપાશ્રયે આવી માંગલિક સંભળાવી શ્રી ઉપધાન-તપની ભવ્ય-આરાધનાની સમાપ્તિ કરી.

શ્રીસંઘ તરફથી આ પ્રસંગે આઠે દિવસ સાધર્મિક-વાત્સલ્ય થયેલ, આંખા ઉદયપુરમાં બધાના ચૂલાને અભયદાન આપવામાં આવેલ.

આ ઉપધાન તપની આરાધના અને માળારેાપણુ-મહેાત્સવના વિશિષ્ટ શાસન-પ્રભાવના કારક પ્રસંગેાથી આખા ઉદયપુરની જૈનેતર જનતાને પણ ત્યાગ-ધર્મ અને વીતરાગ-પરમાત્માની ભક્તિનું અપૂર્વ બહુમાન ઉપજેલ.

મૌન-એકાદશી ખૂબ જ નજીક હેાઈ શ્રીસંઘના આગ્રહથી પૂજ્યશ્રીએ સ્થિરતા કરી.

આ ગાળામાં **પૂ. ગચ્છાધિપતિશ્રીની** તબિયતના સમાચાર અવારનવાર ઢીલા આવતા હેાઈ તેમજ બારથી ચૌદ વર્ષનેા લાંબેા ગાળેા થઈ ગયેા તેથી પૂ. ગચ્છાધિપતિશ્રીના દર્શન-વંદનની ઉત્કટ ભાવના થવાથી વિહાર માટે પૂરતી પાકી તૈયારી કરવામાં પૂજ્યશ્રી ગુંથાઈ ગયા.

શ્રીસંઘના અગ્રગણ્યોને ખબર પડી કે પૂજ્યશ્રી હવે ગુજરાત તરફ પધારે છે, તેથી તેઓ અવારનવાર બપોરે રાત્રે તેમજ વ્યાખ્યાનમાં જોરદાર વિનંતિ કરવા લાગ્યા કે—

"સાહેબ! અમે નિરાધાર થઈ જઈશું! આપ અમને મૂકીને ગુજરાતના સાધુઓથી ભરચક હર્યાભર્યા પ્રદેશમાં પધારી જશો તો સંવેગી–સાધુના વિહારથી વંચિત અમારા આ ક્ષેત્રની શી દશા થશે?" આદિ.

ઉદયપુર-શહેરના નાના મોટા એકેએક ભાઈ-બહેનો પણ કલ્પાંત કરવા લાગ્યાં, અને પૂજ્યશ્રીને આ પ્રદેશમાં વિચરી અવારનવાર **ઉદયપુરને** ચોમાસાનો લાભ આપવા ભાવપૂર્વક કરગરી રહ્યાં.

આ રીતે ઉપધાન કાર્ય પછી મૌન–એકાદશી સુધી સંઘના આગ્રહથી પૂજ્યશ્રીની સ્થિરતા થવા પામી.

આ ગાળામાં સૌથી વધુ મહત્વની બીના એ બની કે—

કપડવંજમાં પૂજ્યશ્રીની તાત્ત્વિક–દેશનાથી પ્રભાવિત બનેલ પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજી **ભગનભાઇ ભગતની** આધ્યાત્મિક–દોરવણી તળે પૂ. ચરિત્રનાયકશ્રીનો ધાર્મિક–ઉછેર થઈ રહેલ, તે અંગે વિવિધ ધર્મચર્ચા પણ પૂજ્યશ્રી સાથે પત્ર–વ્યવહારથી થતી, સારાંશરૂપે સર્વવિરતિમાર્ગની તમન્ના જાગૃત કરવામાં આવતી.

પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રી શારીરિક–દૃષ્ટિએ નાની વયના છતાં પૂર્વ–જન્મની આરાધનાના બળે અંતરાત્માથી ખૂબ જ ઉત્તમ વિચાર–સરણિ ધરાવતા હતા. જેનું પ્રતિબિંબ જેમાં ઝીલાયું છે, તેવો પત્ર જુના સંગ્રહમાંથી મળી આવ્યો છે–કે જે પત્ર પ્રથમ ભાગ (પા. ૨૫૦–૨૫૧) માં તથા પરિશિષ્ટ–૬ (પા–૪૮–૪૯) માં છપાયેલ છે, છતાં પ્રસંગોચિત સમજી આ પત્ર ફરીથી અહીં ટાંકયો છે.

"સ્વસ્તિ શ્રી પાર્શ્વજિનં પ્રણમ્ય શ્રીમતિ મહાશુભસ્થાને શ્રી **ઉદયપુર** નગરે સર્વ ઉપમા લાયક, મહામુનિરાજ, મારા કુટુંબના તારણહાર, શિરછત્ર, **પૂ. ઝવેરસાગરજી મ૦** ની પવિત્ર સેવામાં

લી. ચરણ–સેવક **હેમચંદ્ર ભગનલાલની** ૧૦૦૮ વાર દિન પ્રતે વંદના અવધારશોજી.

આપશ્રીના શરીરે શાતા હશે, અહીં ધર્મપસાયે અને આપ જેવા ગુરૂ મહારાજના પ્રતાપે ક્ષેમકુશળ છે.

વિ. આપના મુખારવિંદના દર્શન એ વર્ષ પૂર્વે અહીં થયેલ. તે પૂર્વે પણ બાપુજીની સામાયિકની ઓરડીમાં આપના ચિત્રમાં ઝમકતી અપૂર્વ– વદન પ્રતિભાથી નાનપણથી જ આકર્ષણ થયેલ, પણ પ્રત્યક્ષ-દર્શન કર્યા પછી તથા કેશરીસિંહની ગર્જના જેવી ઉદ્દામ–ગંભીર આપની સુમધુર ધર્મદેશના સાંભળ્યા પછી તો

જીવ આપનામાં જ રમે છે. આપ જેવા તારક ગુરૂદેવશ્રીના સતત સમાગમમાં રહેવાની તીવ્ર તમન્ના છે.

મારા બાપુજી અવારનવાર આપના અનેકવિધ ઉપદેશામૃત-ભરપૂર પત્રો વગેરેના આધારે આપની તાત્વિક વાણી-સુધાના મીઠા મધુર ઘુંટડા પીવડાવે છે.

દેવોને પણ દુર્લભ આ માનવ-જીવનની સફળતા આપ જેવા સદ્‌ગુરૂના ચરણોમાં બેસી સંસારના છકાયના આરંભ-સમારંભના કૂટામાંથી છૂટી વિશિષ્ટ રીતે સંયમી-જીવન કેળવી સર્વ-જીવોને અભયદાન આપનારી જીવનચર્યામાં છે !

હે તરણતારણહાર ! કૃપાળુ ગુરુ ! કંઈક એવું માર્ગદર્શન બતાવો ! કે જેથી સંસારનાં બંધનો મને ન સતાવે ! દેવ-ગુરુ-કૃપાએ જલદીથી હું પ્રભુ-શાસનના સંયમના પંથે ઘપી જાઉં !

મારા મોટાભાઇનાં લગ્ન થઇ ગયાં છે, મારા પણ વેવિશાળ થવાની તૈયારીઓ ચાલુ છે, બાપુજી તો મારા જીવનને પ્રભુ-શાસનના પંથે ધપાવવા માટે ખૂબ સહયોગ આપે છે, પણ માતાજી ખૂબ ધર્મિષ્ઠ આરાધક છતાં મને સંસારના કારાવાસમાંથી છોડાવનારી દીક્ષા માટે ખૂબ જ ઇતરાજ દર્શાવે છે.

સાંભળ્યા મુજબ તુર્તમાં વેવિશાળ કરી લગ્નની બેડીમાં મને જકડી દેવાની યોજના માતાજીએ ગોઠવેલ છે.

તેથી મારા પાપનો ઉદય હઠે ! અને હું સંસારના બંધનમાં ન ફસાઉં ! તેવો કોઈ માર્ગ બતાવશો. !!!

માતા-પિતાને પરમારાધ્ય ગણી તેઓની આજ્ઞા શિરોધાર્ય કરવી એમ સામાન્યથી કહેવાય,

પણ આ રીતે મોહના પાશમાં ફસાવવા માટેની થતી તેઓની પ્રવૃત્તિને આવકારવી ? કે શું કરવું તે મૂંઝ છે !!!

આપશ્રી યોગ્ય માર્ગદર્શન જરૂર આપશોજી ! મારે બીજી પણ કેટલીક વાતો "આત્મા સંસારમાં શી રીતે ? શા માટે કર્મ બાંધે છે ? કર્મ જો આપણને દુઃખી કરતું હોય તો દુઃખ આપનાર તે કર્મને આપણે બાંધીએ જ કેમ !" વગેરે મૂંઝભરી બાબતો પૂછવી છે, કે જે ફરીથી કયારેક પત્રમાં લખી જણાવીશ.

હાલ તો આપ મારા જીવનના ઉદ્ધારક બની લગ્ન-જીવનના લપસણીયા પંથે જવાને બદલે સંયમના ઉદાત્ત અને એકાંત હિતકર માર્ગપર આવી શકાય, તેવો કોઇ સફળ-ઉપાય જણાવવા તસ્દી લેશો.

આપનો હું ભવોભવ ઋણી રહીશ.

આપના સંયમની, જ્ઞાન-ગરિમાની, ભૂરિ-ભૂરિ અનુમોદના સાથે અલ્પ-મતિ મારાથી કંઈ અજુગતું પત્રમાં લખાયું હોય કે અવિવેક થયો હોય તો તે બદલ વારંવાર ક્ષમા માગું છું, અને સાથે આપના દર્શનની તીવ્ર-અભિલાષા-ઝંખના ધરાવતો આપના પત્રની પ્રતીક્ષા સાથે વિરમું છું."

સં. ૧૯૪૩ માગશર શુદ ૬ લી. **હેમચંદ મગનલાલની** ૧૦૦૮ વાર વંદના.

આ રીતે પૂ. ચરિત્રનાયકશ્રી ભાવિના અકળ– સંકેત પ્રમાણે ભાવી–ગુરૂદેવના ચરણોમાં નિખાલસતાથી હૈયું ખોલી રહ્યા હતા.

પૂજ્યશ્રીને પણ અ–જ્ઞાત–હેતુથી અકળ પ્રેરણા થતી કે–**"આ બાજુ ઘણો સમય થયો ! હવે ગુજરાત બાજુ જઈ ભગનભાઈ ભગતના ધર્મજિજ્ઞાસા અને સર્વવિરતિના પંથે ધપવા માટેની ઉત્કટ કામનાવાળા પત્રો તથા "બાપ તેવા બેટા"ની ઉક્તિ મુજબ તેમનો પુત્ર હેમચંદ પણ પ્રભુ–શાસનના પંથે નાની વયે લગ્નના મોહક વાતાવરણને પણ કુદરતી રીતે અનિષ્ટ સમજતો થયો છે, અને સર્વવિરતિના પંથે ધપવા તલપાપડ થઈ રહ્યો છે.**

આમાં કંઈક જિનશાસનની ભાવી–પ્રભાવનાનો ગૂઢ સંકેત લાગે છે.

તો હવે ગુજરાત બાજુ જવું ઠીક છે."

આમ વિચારી વિહારના નિર્ણય તરફ ઝૂકી રહ્યા હતા.

આ વખતે **ભોયણી** તીર્થ નવું પ્રકટ થયેલ, તેનો મહિમા ખૂબ ફેલાયેલ. નવું જિનાલય તૈયાર થવા આવેલ, તેની પ્રતિષ્ઠાનો પ્રસંગ માહ મહિને સંભળાતો હતો, તેથી પૂજ્યશ્રી **ભોયણી**–પ્રતિષ્ઠાના હિસાબે **ઉદયપુરથી** તુર્ત વિહારનો નિર્ણય કરવાની ભૂમિકા દૃઢ બનાવી રહ્યા હતા.

પણ **ઉદયપુર**–શ્રીસંઘનો ધર્મ–ભાવનાનો આગ્રહ જોઈ નાના–મોટા સહુનો કકળાટ જોઈ પૂજ્યશ્રી ગૂંચમાં પડ્યા.

જો કે વારંવાર ઉપરા–ઉપરી ચોમાસાથી વધુ પરિચયના કારણે જ્યારે વિહાર થાય ત્યારે આવું વાતાવરણ થવાનું એ સહજ છે ! પણ પૂજ્યશ્રીને જે **ભોયણી**–પ્રતિષ્ઠા પર જવાની **ભોયણીના** ચમત્કારોની વાતો સાંભળી–તમન્ના હતી, તેમાં ભાવીયોગે વિઘ્ન ઉભું થયું, કે જે નીચેના પત્રથી સ્પષ્ટ સમજાય છે.

મુનિશ્રી ઝવેરસાગરજી, ઉદેપુર

(આ પ્રાયઃ સરનામું લાગે છે.)

શ્રી અમદાવાદથી લી. મુનિ મૂળચંદજી, સુખશાતા વાંચજો શ્રી ઉદેપુર મુનિ ઝવેરસાગરજી ! તમારી ચિઠ્ઠી માગશર વદ–૨ ની પરવમ પોતી છે. જોઇ સુરચંદની ચીઠ્ઠી સાથે તેનો જવાબ લખાણો નહીં, તેનું

કારણ જેઠા સુરચંદ સાણંદ તરફ ગયેલા છે, તેના આવવાની રાહ જોવાથી લખાણો નો'તો. પણ હજી સુધી તે આવ્યો નથી, તેથી આ ઢીલ છે.

તમે (ભોયણીની પ્રતિષ્ઠા ઉપર) આવવા બાબત લખ્યું તે જાણ્યું, પણ × × × પ્રતિષ્ઠા ઉપર અમારી સલાહમાં ઠીક આવતું નથી, કારણો નીચે પ્રમાણે—

એક તો એ પ્રતિષ્ઠાનું કામકાજ વિદ્યાશાળાવાળા તથા બીજા સ્વેચ્છાચારીઓ (હસ્તક) છે, જેઓ અનુભવી નથી.

—જેઠા સુરચંદને તેવા માણસોના પ્રસંગમાં હાલ સુધી જવાનો વિચાર જણાતો નથી.

—આત્મારામજી પણ તે પ્રતિષ્ઠા ઉપર ભોયણી બાજુ આવવાના નથી, તેમ સાંભળ્યું છે.

—પ્રતિષ્ઠા કરાવવાવાળા વિધિવાળા પેથાપુરવાળા કે વડોદરાવાળા આવવાના સાંભળ્યા છે.

આ રીતભાત જોતાં અમારી નજરમાં ઠીક આવતું નથી, ગોકળજીને ધરમલાભ તમારી તરફથી કહ્યો છે, તેણે તમોને વંદણા લખાવી છે.

ઈહાં સર્વે સાધુ-સાધ્વીઓ સુખશાતામાં છે સંવત ૧૯૪૩ ના માગસર વદ ૧૩ ગુરૂવાર,

લી. સેવક ગોકળજીની વંદણા વાંચજો ને મગનલાલ પુંજાવતને પ્રણામ કહેજો, કહેવું કે તમારો કાગળ .....પોંચ્યો છે. એ રીતે કહેજો.

આ પત્રમાં મુખ્યત્વે **ભોયણી** પ્રતિષ્ઠા બદલ પૂ. ગચ્છાધિપતિ શ્રી **મૂળચંદજી** મ૦ની અરૂચિ દર્શાવનારી બાબતો છે.

તે વાંચી પૂજ્યશ્રીએ ખાસ **ભોયણી**ના સાંભળેલા ચમત્કારોથી ખેંચાઈ **ભોયણી** પ્રતિષ્ઠા પર જવા મન ઉત્સુક હતું, તે બહાને મેવાડના પ્રદેશથી બહાર નિકળાય અને પૂ. ગચ્છાધિપતિશ્રીના દર્શન-વંદનનો લાભ મળે એમ હતું, છતાં **આજ્ઞાધીનતા એ સાધુ-જીવનની સાચી મૂડી** હોઈ પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા **ભોયણી**-પ્રતિષ્ઠા માટેના અરૂચિ-દર્શક કારણોથી ગર્ભિત રીતે નિષેધાત્મક જાણી પોતાના માનસિક-આવેગને શાંત કરી ગુજરાત તરફના વિહારના વિચારને માંડી વાળ્યો.

આમાં **'એક પંથ દો કાજ'** ની નીતિ પણ પૂજ્યશ્રીએ વાપરી ગણાય.

ઉદયપુરના શ્રીસંઘના કાકલુદીભર્યા અત્યંત આગ્રહને વશ થઈ એક ચોમાસું વધુ કરી લેવાય તો ચોમાસા પછી તુર્ત ગુજરાત બાજુ વિહારની સુ-શકયતા રહે, અને તેમ કહેવા થાય

કે 'તમારા આગ્રહને માન આપી અનિચ્છાએ પણ એક ચોમાસું વધુ કર્યું' આદિ.

એટલે પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિશ્રીના વદ-૧૩ ના પત્રથી ભોયણી પ્રતિષ્ઠા પર જવા અંગે પૂ. ગચ્છાધિપતિશ્રીની અનિચ્છા જાણી **ઉદયપુર** શ્રી સંઘને રાજી કરવા પ્રયત્ન કર્યા કે—**"ચલો! તમારા બધાનો ખૂબ આગ્રહ છે, તો ગુજરાત તરફ નહીં જઈએ!"**

પછી પૂજ્યશ્રીએ કમૂરતાં પછી પો. સુ. ૧૦ ના મંગળદિને **રાણકપુર** બાજુ વિહારની ભાવના પ્રગટ કરી.

ભાવીયોગે **ધનજી સંઘવીને** મનમાં થયું કે—પૂજ્યશ્રી **રાણકપુર** તરફ પધારે છે, તો છ'રી પાળતા સંઘની મારી ભાવના બર આવી જશે, 'એમ વિચારી પૂજ્યશ્રીને વિનંતિ કરી' કે-

"સાહેબ! મારે છ'રી પાળતો સંઘ કાઢવાની ભાવના આપ ભીલવાડાથી કેશરીયાજીનો સંઘ લઈ અહીં પધારેલ, ત્યારથી પ્રકટી છે, આપની નિશ્રામાં તે સંઘ કાઢી જીવનને ધન્ય બનાવું તેવો વાસક્ષેપ નાંખો અને શુભ મુહૂર્ત દર્શાવવા કૃપા કરો."

પૂજ્યશ્રીએ કમૂરતાં પછી પો. સુ. ૭ ના રોજ આવવા જણાવ્યું.

આ સ્થિરતા દરમ્યાન મહત્વની વાત એ બની કે-

કપડવંજથી પૂ. ચરિત્રનાયકશ્રીને પોતાના પ્રથમ પત્રનો ખુલાસો ન મળવાથી વ્યાકુળ બની ગયેલા પૂ. ચરિત્રનાયકશ્રીએ ફરીથી કાકલુદીભર્યો એક પત્ર લખેલ જે કે પ્રાચીન સંગ્રહમાંથી મળી આવ્યો છે-કે જે પત્ર જીવન-ચરિત્રના પ્રથમ વિભાગ (પા. ૨૫૧)માં તથા પરિશિષ્ટ-૬ (પા. ૫૦)માં છપાયેલ છે છતાં અહીં પ્રસંગાનુરૂપ સમજી ફરી નોંધ્યો છે.

×× + ×× આપને એક પત્ર થોડા દિ પૂર્વે લખેલ તે મળ્યો હશે.

વિ. આ દરમ્યાન આપશ્રીનો મારા જેવાને પ્રભુ-શાસનના પંથે વાળવા ઉપયોગી-હિતશિક્ષા આપતો પત્ર પૂ. બાપુજી દ્વારા મળ્યો, વાંચી ખૂબ આનંદ થયો.

માગ. સુ-૭ ના રોજ લખેલ પત્રમાં મારી હૈયાની વેદના ઠાલવી છે. તે અંગે કૃપા કરી યોગ્ય માર્ગદર્શન આપશો.

વળી ખાસ નમ્ર વિનંતિ કે—**આ સંસારની પ્રવૃત્તિઓમાં ડગલે-પગલે અ-જયણા, જીવ-હિંસા આદિ અનેક પાપો કરવાં પડે છે, આમાંથી છુટાય શી રીતે !**

આપના સંપર્કથી અને પૂ. બાપુજીની હિતકર-પ્રેરણાથી સંયમ-પંથે જવાની ઉત્સુકતા ઉપજી છે, પણ તેનું મૂર્તસ્વરૂપ મેળવવા દિશાસૂઝ નથી.

યોગ્ય માર્ગદર્શન આપશોજી. આપતો જાણકાર છે, સેવક યોગ્ય શિખામણના બે બોલ જરૂર લખી મોકલવા તરફથી લેશોજી, × × × × ×

સં. ૧૯૪૩ ના માહ સુ. ૩

ધનજી સંઘવી સંઘના આગેવાનોને લઈ પો. સુ. ૭ ના પૂજ્યશ્રી પાસે સંઘ કાઢવાની ભાવનાને સાકાર બનાવવા સંઘ-પ્રયાણનું મુહૂર્ત પૂછવા આવ્યા.

પૂજ્યશ્રીએ શુભ સ્વરોદય પારખી **ધનજી શેઠના** નામથી બરાબર તપાસી **માહ સુ. ૫** નું શ્રેષ્ઠ મુહૂર્ત બપોરે ૩=૩૭ પ્રયાણ. મુહૂર્ત અને માહ સુદ ૧૩ નું માળનું મુહૂર્ત આપ્યું.

ધનજી શેઠે પણ ખૂબ ઉલ્લાસપૂર્વક મુહૂર્ત વધાવી લીધું; શ્રીસંઘના સહકારથી ઝડપથી તૈયારીઓ કરવા માંડી.

પૂજ્યશ્રીએ પોષ વદ-૧૪ ના વ્યાખ્યાનમાં છ'રી પાળતા સંઘનું મહત્ત્વ અને યાત્રિકોની જવાબદારી અંગે મહત્ત્વની જાણકારી આપી.

પહેલા વ્યાખ્યાન પછી શ્રીસંઘ તરફથી **ધનજી-શેઠને** સંઘપતિ તરીકેનું તિલક શ્રીસંઘના આગેવાન નગરશેઠ તરફથી થયું.

ધનજી શેઠે પણ આવો મહાન તીર્થયાત્રા કરવા-કરાવવાનો પવિત્ર લાભ પૂજ્યશ્રીની નિશ્રામાં મને મળશે, તે બદલ પોતાની જાતને ધન્ય માની સકળ શ્રીસંઘને સંઘમાં પધારવા આગ્રહભરી વિનંતિ કરી.

શ્રીસંઘના ઉત્સાહી-અગ્રણીઓના સહકારથી સંઘયાત્રા માટે જોશભેર તૈયારીઓ ચાલુ થઈ.

પૂજ્યશ્રીની દોરવણી મુજબ સુંદર ચાંદીના રથમાં ભવ્ય શાંતરસમુદ્રાવાળા નયન-રમ્ય પ્રભુજીને સાથે લેવાનું વિચાર્યું, શ્રી સંઘમાં પૂજા, ભક્તિ, ભાવના આદિથી સુંદર જિનભક્તિ મહોત્સવની વ્યવસ્થિત યોજના ગોઠવી.

વળી પૂજ્યશ્રીની સૂચનાથી ખાસ કરીને એકાસણું કરનારા યાત્રાળુને વધુ મહત્ત્વ આપવાનું **ધનજીશેઠ** ભૂલ્યા નહીં.



એકંદર ખૂબ ઉમંગ-ઉત્સાહથી માહ સુ. ૫ બપોરે વિજયમુહૂર્તે ઘેરથી ઉપાશ્રયે આવી બધી તૈયારી કરી બરાબર ૩-૩૭ના મંગળમુહૂર્તે હાથી-ઘોડા-ડંકા નિશાન આદિ ભવ્ય આડંબર સાથે **શ્રીસંઘે** પૂજ્યશ્રીના મંગળાચરણ બાદ પ્રયાણ કર્યું.

આખા શહેરના જૈન-જૈનેતરોએ **ધનજીશેઠનું** બહુમાન પુષ્પમાળાઓ અને તિલક સાથે શ્રીફળ અને રોકડનાણાંથી ઉલ્લાસભેર કર્યું.

પ્રથમ મુકામ "अल्पारंभाः क्षेमकराः" એમ ધારી ટૂંકો વિહાર કરી **દેવાલી** ગામે કર્યો.

ત્યાંના જૈન શ્રીસંઘે શ્રી સંઘનું ભવ્ય સ્વાગત કર્યું પૂજ્યશ્રીનું વ્યાખ્યાન થયું. સાંજે શ્રીસંઘની ભક્તિ થઈ, રાત્રે પ્રભુ-ભક્તિ ઠાઠથી થઈ.

ઉદયપુર શ્રીસંઘના પ્રતિષ્ઠિત આગેવાનો ઉપરાંત હજારોની સંખ્યામાં જૈન-જૈનેતરોએ વ્યાખ્યાન આદિમાં લાભ લીધો.

બીજે દિવસે **ગોગુંદા** મુકામ થયો, પાંચમા મુકામે **ભાણપુરાની** નાળ થઈ માહ સુ. ૧૧. મંગળપ્રભાતે **રાણકપુર** તીર્થે પ્રવેશ કર્યો.

આસપાસના **ઘાણેરાવ-સાદડી** આદિના હજારો ધર્મપ્રેમીઓ શ્રીસંઘના દર્શનાર્થે આવ્યા.

સુ. ૧૩ના સવારે ૯-૨૩ મિનિટે તીર્થમાળાની વિધિ શરૂ થઈ. શાસન-પ્રભાવનાપૂર્વક ભારે ઠાઠથી ૧૧-૨૭ મિનિટે સંઘવીને માળારોપણ થયું.

આ પ્રસંગે સંઘવીએ છૂટે-હાથે સાત ક્ષેત્રમાં લાભ લીધો.

પૂજ્યશ્રીની દેશનાથી શ્રીસંઘના યાત્રિકોએ યાત્રાની પુનિત સ્મૃતિ નિમિત્તે વિવિધ જાતના ધર્માભિગ્રહો સ્વીકાર્યા.

સાદડી-સંઘના આગેવાન શ્રાવકોની આગ્રહભરી વિનંતિ થવાથી પૂજ્યશ્રી માહ સુ. પૂનમ સાંજે **સાદડી** ગામ બહાર પધાર્યા. માહ વદ ૧ સવારે પૂજ્યશ્રીનો નગર-પ્રવેશ થયો.

પૂજ્યશ્રીની તાત્વિક-દેશના અને સચોટ હૃદયસ્પર્શી ઉપદેશ-શૈલિથી પ્રભાવિત બનેલ **સાદડી** શ્રી સંઘે પૂજ્યશ્રીને આગ્રહપૂર્વક રોકયા.

ત્યાંના સ્થાનકવાસીઓના આગેવાન શ્રાવકોને તાત્વિક શાસ્ત્રીયવાતોની રજુઆત કરનારા સંવેગી

સાધુને સાંભળવા જિજ્ઞાસા થઈ. ગામમાં સ્થાનકવાસીઓની સંખ્યા વધુ અને તેઓ અજ્ઞાનવશ થતા સંકોચના કારણે ઉપાશ્રયે આવતાં અચકાય, તેથી શ્રીસંઘના આગેવાનોએ બજારમાં જાહેર વ્યાખ્યાનની ગોઠવણ કરી.

સ્થાનકવાસી ઉપરાંત જૈનેતરો સંવેગી જૈનસાધુની તાત્ત્વિક–દેશના કદી સાંભળેલ ન હોઈ ખૂબ ધર્મોલ્લાસથી આનંદિત બન્યા.

શ્રીસંઘે ફાગણ–ચોમાસાનો આગ્રહ કર્યો. વધુ પ્રમાણમાં લોકોની સક્રિય ધર્મભાવના નિહાળી પૂજ્યશ્રીએ ફાગણ–ચોમાસી સુધી સ્થિરતા કરી.

આ દરમ્યાન વાયુવેગે આસપાસના ગામોમાં ફેલાયેલ પૂજ્યશ્રીની ધર્મ–કીર્તિથી પ્રેરાઈ **ઘાણેરાવના શેઠ સુલતાનમલજી સંઘવીએ** પોતાના ખર્ચે બહારથી આરાધકોને બોલાવી સામુદાયિક ચૈત્રી–ઓળી કરાવવા માટે ભાવનાશીલ બની પૂજ્યશ્રી પાસે આવી **ઘાણેરાવ** પધારવા અગ્રહભરી વિનંતી કરી.

પૂજ્યશ્રીએ ક્ષેત્ર–સ્પર્શના અને ધર્મ–પ્રભાવનાનો વિચાર કરી ફા.વ. ૫ **સાદડીથી** વિહાર કરી **ઘાણેરાવ** પધાર્યા, ત્યાંના વિશાળ જિનમંદિરોમાં તથા નજીકમાં રહેલ **મૂંછાળા મહાવીરજી તીર્થે** અનુપયોગથી થનારી અનેક આશાતનાઓ વારી પૂજ્યશ્રીએ ફા.વ. ૧૦ થી વ્યાખ્યાનમાં ચૈત્રી–ઓળીનું મહત્ત્વ જોરદાર ઓજસ્વિની શૈલિથી સમજાવવા માંડ્યું.

પરિણામે ચૈત્રી-ઓળીનું સામુદાયિક આરાધન કરાવવા ઇચ્છતા **શેઠ શ્રી સુલતાન-મલજી સંઘવીએ** ખૂબ ભાવોલ્લાસપૂર્વક સુંદર આરાધન કરાવવા તૈયારી કરી.

પત્રિકા લખી આસપાસના ગામોના ભાવિક–આરાધકોને આમંત્ર્યા.

ચૈ. સુ. ૬ ના રોજ બધા તપસ્વીઓના ઉત્તરપારણાં રાખ્યાં, સ્થાનિક શ્રીસંઘમાં સંવેગી–સાધુઓનો સંયોગ ઘણા વખતે મળ્યો હોઈ ધર્મોત્સાહ ઘણો હતો. ત્રણસો સ્થાનિક અને બહારના અઢીસો મળી સાડાપાંચસો આરાધકોએ શ્રી નવપદજીની ઓળીની સુંદરતમ આરાધના પૂજ્યશ્રીની નિશ્રાએ કરી.

ચૈત્રીઓળી દરમ્યાન **ઉદયપુર** શ્રીસંઘ અને ચૌગાનના દહેરાસરોના વહીવટદારોનો પત્ર આવ્યો, જેમાં પરસ્પર મતભેદના કારણે થઈ પડેલા વર્ગવિગ્રહ અને વૈમનસ્યની વાત રજુ થયેલી અને બંને પક્ષે પૂજ્યશ્રીને તાકીદે **ઉદયપુર** પધારી વૈમનસ્ય દૂર કરવા વિનંતિ કરેલી.



ચૈત્ર વદ ત્રીજના રોજ બંને પક્ષના આગેવાનો પૂજ્યશ્રીને **ઉદયપુર** પધારી ધર્મ સ્થાનોના વહીવટમાં પડેલી ગૂંચ ઉકેલવા પધારવા આગ્રહભરી વિનંતિ કરી.

એટલે ઉદયપુરની ધાર્મિક-સંપત્તિઓના વહીવટીતંત્રમાં થયેલ ખેંચાતાણીના પરિણામે ધર્મસ્થાનોની અ-વ્યવસ્થા ન થાય, વળી ઉદયપુર શ્રીસંઘનો તથા સામાપક્ષે ચોગાનના વહીવટદારોનો ખાસ આગ્રહ તથા ચોગાનના દહેરાસરની સ્થાપના સાગર-શાખીય-મુનિવરોના હાથે થયેલી હોઈ તેની અ-વ્યવસ્થા નિવારવાની પોતાની જવાબદારી આદિ કારણોને વિચારી ઇચ્છા નહીં છતાં પરિસ્થિતિવશ પૂજ્યશ્રીએ **ઉદયપુર** તરફ વિહારનો વિચાર રાખ્યો.

ચૈત્ર વદ દશમના દિને **ઘાણેરાવથી કુંભલમેર, રીંછેડ, આમેર** થઈ **રાજનગર-દયાલશાહનો કિલ્લો, અદબદજી** થઈ વૈશાખ વદ ૧૧ ના મંગળદિને **ઉદયપુર** પધાર્યા.

શ્રીસંઘે પૂજ્યશ્રીનું ચાતુર્માસ હવે અહીં જ થશે અને આગ્રહ કરી કરાવીશું જ, એમ ધારી ધામધૂમથી પ્રવેશ મહોત્સવ કર્યો.

પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં ધર્મસ્થાનોના વહીવટની પવિત્રતા કાર્યવાહકોની જવાબદારી આદિ પર પ્રકાશ પાથરવા સાથે બંને પક્ષનું બરાબર સાંભળી હકીકતમાં અહંભાવથી ઉપજેલ વિકૃત વાતોનું નિરાકરણ કરી બંનેનું મન સંતુષ્ટ કર્યું.

પણ પૂજ્યશ્રીને પરિસ્થિતિનો અભ્યાસ કરતાં લાગ્યું કે આગ્રહમજ અને વહીવટી નિપુણતાના અભાવે કેટલીક અક્ષમ્ય-ક્ષતિઓ થવા પામી છે, તેથી બધા ચોપડા તપાસી ખાતાવાર બધી વિગતો મેળવી વહીવટદારોનું ધ્યાન ખેંચી યથાયોગ્ય સુધારા કરાવ્યા.

આ બધી પ્રવૃત્તિમાં જેઠ વદ પાંચમ થઈ ગઈ. જેઠ વદ ૧૦ ના આદ્રા હતા, વરસાદની તડામાર તૈયારીઓ થઈ ગઈ, એટલે અનિચ્છાએ તેમજ શ્રીસંઘના અતિ-આગ્રહથી અને ગામસર વદમાં ચાતુર્માસની મર્યાદા હોવા પડાઈ ગયેલ હોઈ વચન-બદ્ધતાના કારણે વિ. સં. ૧૯૪૩ નું **ચોમાસું પૂજ્યશ્રીને ઉદયપુર કરવું પડ્યું.**

પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં દેવદ્રવ્યાદિની અ-વ્યવસ્થા દૂર કરવાના શુભ આશયથી શ્રાવકોના કર્ત્તવ્યના અધિકારની વાત વધુ સ્પષ્ટ રીતે સમજાવનાર **શ્રીશ્રાદ્ધ-દિનકૃત્ય સૂત્ર** અને ભાવનાધિકારે **સુદર્શનાચારત્ન** શરૂ કર્યું.

શ્રાવકોના દૈનિક-કર્ત્તવ્યનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવે તે રીતની છણાવટ સાથે પૂજ્યશ્રીએ

વ્યાખ્યાનમાં રજુઆત કરવા માંડી, જેથી શ્રાવક-જીવનમાં ઉપયોગની પ્રધાનતા શ્રોતાઓના મગજમાં ઠસવા માંડી.

પરિણામે અંધારે ચૂલો સળગાવવો, ગાળ્યા વગરનું પાણી, જીવ-યતનાનો અભાવ, લીલફૂલ અને ત્રસજીવોની થતી અ-જયણા, વાસી, વિદલ, રાત્રિભોજન, કંદમૂળ આદિ અભક્ષ્ય-પદાર્થો આદિ શ્રાવક-જીવનને અણછાજતી ઘણી બાબતો પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રાવકોના ઘરમાંથી દૂર થવા માંડી.

શ્રા. સુ. ૫ થી ૧૦ સુધી **પંચરંગીતપ** શરૂ થયો, જેમાં પાંચ ઉપવાસવાળા પચ્ચીસ, ચાર ઉપવાસવાળા પચાશ, ત્રણ ઉપવાસવાળા સો, બે ઉપવાસવાળા બસો અને એક ઉપવાસવાળા ચારસો મળી ૭૭૫ આરાધકોએ ચારગતિનો નાશ કરી પંચમીગતિ મોક્ષ પ્રાપ્ત કરવા માટેની વિશિષ્ટ-આરાધના કાઉસ્સગ્ગ, ખમાસમણ, સાથિયા અને નવકારવાળી સાથે ભાવોલ્લાસપૂર્વક કરી.

અહીં એક મહત્વની વાત એ પણ સમજવાની છે કે—

પૂજ્યશ્રી **ઉદયપુર** જેવા **મેવાડ**ના દૂર પ્રદેશમાં વિચરવા છતાં ગુજરાતના તત્ત્વપ્રેમી જિજ્ઞાસુ લોકો સાથે પત્રવ્યવહાર રાખી તેઓની ધર્મજિજ્ઞાસાને તૃપ્ત કરતા હતા, તેમજ વિવેકી-શ્રાવકોને જિનશાસનના સુગૂઢ રહસ્યો અવાર-નવાર પત્રથી સમજાવતા હતા.

આ બધી વાતની માહિતી પૂરી પાડતો એક મોટો પત્ર પ્રાચીન-સંગ્રહમાંથી મળી આવ્યો છે.

મુનિરાજ ઝવેરસાગરજી! સુ. ગિરધર પાનાચંદ તથા મનસુખ હીરાચંદ તથા_____ તથા દલસુખ પાનાચંદ તથા કુબેર પરબુદાસ તથા ધરમ_____વંદણા ૧૦૦૮ વાર અવધારશોજી. અમ તરફ અમો _____ઘણા _____યાદ કરીએ છીએ, કામકાજ અમલાયક _____ તે ફરમાવજો.

શંકરજીની વંદના એકહજાર આઠ વાર અવધારશો જી.

હું આપની ઘણી ચાહના રાખું છું, તે શી રીતે મેલાપ થશે ? તે તો જ્ઞાની મહારાજ જાણે.

વળી લખવાનું કે આ કાગળનો જવાબ લખતો. પદ્મસાગરજી વાંચ્યું છે તેના જવાબ લખશો.

(૧) રત્નાકર પચ્ચીશીના કર્તા રત્નસાગર સૂરિજીએ બાઈઓ અથવા દાસદાસી રાખી હતી તેમને બે રૂપીયા આપીને વિદાય કરીને બાકી_____દરજ્જામાં દીધા.

એ વાત બદલ અમને અંદેશો રહે છે.

(૨) સાધુના છઠ્ઠે ગુણઠાણે સંજમનો ____ ____થાય તો મુનિપણું જાય નહીં ? સંજમની એ____ ____

(૩) એક ગુંહલી શ્રાવક શોભાના ગુણની તેમણે અત્રે બનાવી છે, તેમા શ્રાવકને બહુશ્રુત કહ્યા છે, તે શી રીતે ?

બીજું ઘણું વધારે લખતા નથી,

(૪) જંબુદ્વીપના ખંડવા કેટલા ?

(૫) સાડા પચ્ચીશ આરિજ દેશ કયા ? તેનાં નામ.

હાલમાં સરવે ખુશીમાં છે.

પજુસણમાં **મહાસુખરામ મીઠાચંદ** કલ્પસૂત્રની ચોપડી વાંચશે. **પદ્મસાગર**ને ત્યાં લોકો બિલકુલ જતા નથી, આપની ખુશીનો પત્ર તાકીદે લખશો.

આપ સાહેબની ચિઠ્ઠી પોંતી છે, અમોએ કાગળ તમને સુદ-૮ મોકલેલ છે, તે તમારો જવાબ આવ્યેથી જણાશે.

તમારા વિરહનું દુઃખ ખમાતું નથી, પણ એ કહેવા પ્રાયઃ હાલ જણાય છે, તમો હમારા મનમાં રહેલ કંઈ દુઃખ જાણતા નથી.

વળી **રત્નાકરસૂરિજી**એ જે બૈરીઓ રાખી હતી તેવું ગોરજી **પદ્મસાગરજી**એ પરપણું કરી છે, માટે તે વાતનું શી રીતે છે ? માટે તેનો જવાબ લખશોજી.

વળી **રત્નાકર પચ્ચીશી**ની ગાથામાં दत्तं न दानं परिशीलितं च. એ ગાથાનો અર્થ સેવકને લખી મહેરબાની કરશોજી.

(૧) ચઉક્કસાય. પડિકમણામાં કહે છે, તે વખતે પ્રથમ ખમાસમણ દેવું કે નહીં ? તેનો ઉત્તર લખજો.

(૨) પ્રથમની લખેલ હકીકતનો જવાબ ઉત્તર કરી લખશો. હું____ ____ધરમ વિશે છું, પણ આદરા ફરી પરણાવાના કારણથી સંસારમાં ઘણો જરૂરથી બંધણમાં પડયો છું, પણ શું કરૂં ? કેમ જે પસ્તાવો તો ____ ____તે કહી શકતો નથી.

સેવક ઉપર કિરપા રાખી મહેરબાની રાખી હમારા લાયક કામકાજ લખજો.

૧૯૪૬ના શ્રાવણ સુ. ૮ મંગળ. કરમચંદ વળી બાલચંદજી____ ____મુંબઈ બંદર છે____ ____મુંબઈ છે તેવા.....સભા____ ____છે, માટે તે બાબત હમોને ખુલાસો લખશો.

લી. કરમચંદ____ ____.

આ પત્રમાં **કપડવંજ**-સંઘના આગેવાનોના નામો છે, વળી **કરમચંદભાઈ** જે પત્ર લખનાર ભાઈ છે, તે પણ ખૂબ જ તત્ત્વપ્રેમી ગુણાનુરાગી જિજ્ઞાસુ અને મુમુક્ષુ જણાય છે.

પૂજ્યશ્રીને તાત્ત્વિક બાબતો પૂછાવી છે, તે પરથી પૂજ્યશ્રીના સંપર્કમાં આવનાર પુણ્યાત્માઓ તત્ત્વદૃષ્ટિની ખીલવણી તરફ કેટલા વળતા હશે ? તેનો અણસાર આવે છે.

આ રીતે પૂજ્યશ્રી **ઉદયપુર** રહ્યા, પણ **કપડવંજ** જેવી પૂ. ચરિત્રનાયકશ્રીની પૂણ્યભૂમિના શ્રાવકો સાથે અજ્ઞાત-સંકેતરૂપે પણ સંપર્ક રાખી જાણે ! પૂ. ચરિત્રનાયકશ્રીના જીવન ઘડતર માટે જરૂરી તત્ત્વદૃષ્ટિની ખીલવણી માટે પૂર્વભૂમિકા કુદરતી રીતે તૈયાર થવા નિમિત્ત-કારણરૂપ બની રહ્યા.

પર્વાધિરાજ શ્રીપર્યુષણપર્વ પ્રસંગે અમદાવાદથી પૂ. ગચ્છાધિપતિશ્રીની નરમ તબિયતના સમાચારથી પૂજ્યશ્રી જરા વ્યથિત બન્યા, ચોમાસું ઉતર્યે ઝડપથી પૂજ્યશ્રીની સેવામાં હાજર થઈ જવાનું મનમાં ગોઠવ્યું.

સંવત્સરીના બામણાંના પત્રમાં પૂ. ગચ્છાધિપતિશ્રીની તબિયત સારી છતાં કથળતીના સમાચાર જાણી પૂજ્યશ્રીને વધુ ચિંતા થવા માંડી, **ઉદયપુર** શ્રીસંઘને પણ આ બાબત જાણકારી અને જેમ બને તેમ બધા કામ આટોપી કા. સુ. પૂનમ થાય કે તુર્ત **અમદાવાદ** તરફ જવાની પાકી તૈયારી કરવા માંડી.

ભાદરવા સુદ દશમથી સવારના ૬॥ કે ૭ વાગે **ઉદયપુર**-શહેરના દહેરાસરોની શહેરયાત્રા (સામૂહિક અષ્ટપ્રકારી પૂજા સ્વદ્રવ્ય અને જાત મહેનતથી કરવા રૂપની) શરૂ થઈ.

દરેક લત્તામાં મુખ્ય સ્થાને સામુદાયિક-પૂજાનો ક્રમ પત્યા પછી નવ વાગે પૂજ્યશ્રીનું વ્યાખ્યાન "**વીતરાગ-પરમાત્માની ભક્તિનું રહસ્ય**" વિષય પર થાય, કે જેથી પુણ્યવાન આરાધક જીવો પ્રભુ-ભક્તિના પરમાર્થને ધ્યાનમાં લઈ ચઢતા-ઉમંગે અ-વિધિના ત્યાગ અને વિધિના આદર-બહુમાન સાથે પ્રભુ-ભક્તિમાં પ્રવર્ત્તવા લાગ્યા.

એકંદરે આ કાર્યક્રમથી ધર્મપ્રેમી-જનતાના માનસમાં શ્રી વીતરાગ-પ્રભુની ભક્તિની વિશિષ્ટ મહત્તા અંકિત થઈ રહી.

આસો સુદ ત્રીજના **ચૌગાનના** દહેરાસરે શહેરયાત્રાનો કાર્યક્રમ પૂરો થયો. તે દિવસના વ્યાખ્યાનમાં આસો સુ. ૬ થી શરૂ થતી શાશ્વત શ્રી નવપદજીની ઓળીની સામુદાયિક-આરાધનામાં



જોડાવા પૂજ્યશ્રીએ સહુને પ્રેરણા કરી. **શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથપ્રભુના** જિનાલયે સામૂહિક-સ્નાત્ર આદિ વિધિમાં ઉમંગપૂર્વક લાભ લેવા શ્રીસંઘે પણ જાહેરાત કરી.

૭૦ થી ૮૦ નવા ઓળીવાળા તેમજ ૧૨૫ થી ૧૫૦ જુના ઓળીવાળા મળી ૨૨૫ આરાધકો **શ્રીનવપદજીની** ઓળીની ભવ્ય-આરાધનામાં પૂજ્યશ્રીની પ્રેરણાથી જોડાયા.

વ્યાખ્યાનમાં છટાદાર-શૈલીથી પૂજ્યશ્રીએ **શ્રીપાળચરિત્રના** પ્રસંગોનાં રહસ્યો સમજાવી આરાધકોને ઉદાત્ત પ્રેરણા આપી.

આરાધકો પૈકી **શ્રી જડાવચંદનાં** સુપત્ની **સુગનબાઈને** ભાવોલ્લાસ થવાથી ત્રણ છોડનું ઉજમણું ભવ્ય શાંતિસ્નાત્ર-મહોત્સવ સાથે કરવા ભાવના જાગી, તે મુજબ તાત્કાલિક ઝડપી તૈયારી કરાવી આસો સુદ ૧૫ થી ઉજમણાનો પ્રારંભ કરી આસો વદ ૭ નું શાંતિસ્નાત્ર રાખી સુ. ૧૫ થી અઠ્ઠાઈ ઓચ્છવ શરૂ કરવા પૂજ્યશ્રીએ અનુમતિ આપી.

ઉજમણાની સ્થાપના **ગોડીજી મહારાજના** દેરાસરની પાસે ઉપાશ્રયમાં થઈ, અઠ્ઠાઈ-ઓચ્છવ **શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુના** જિનાલયમાં રાખ્યો.

ભવ્ય-અંગરચના આદિ સાથે વિવિધ પૂજાઓના કાર્યક્રમ સાથે શ્રી વીતરાગપ્રભુની ભક્તિનો ભવ્ય કાર્યક્રમ શરૂ થયો.

ત્યારબાદ પૂજ્યશ્રીએ લૌકિક-પર્વરૂપે **દીવાળીની** અનર્થકારિતાને ટાળવા **પ્રભુ મહાવીર પરમાત્માના** નિર્વાણ-કલ્યાણક સાથે તેનો આદર્શ સંબંધ શાસ્ત્રાધારે દર્શાવી લોકોત્તર રીતે પ્રકાશ પર્વરૂપે **દીવાળીનું** રહસ્ય સમજાવી અજ્ઞાનના અંધકાર ઉલેચવા સમર્થ પ્રભુ-શાસનની સફળ આરાધના રૂપે **દીપોત્સવીની** આરાધનાનો પરમાર્થ સમજાવ્યો.

તે મુજબ પુણ્યાત્માઓએ છઠ્ઠની તપસ્યા બે દિવસના પૌષધ અને રાત્રે જાગરણ, દેવવંદન આદિ વિધિ સાથે **દીવાળીપર્વની** લોકોત્તર-આરાધના **ઉદયપુરમાં** પ્રથમવાર કરી.

નૂતનવર્ષના મંગળ-પ્રભાતે આદ્ય-ગણધર **શ્રીગૌતમસ્વામીજી** મ ના કેવળજ્ઞાનને નજરમાં રાખી મોહના ક્ષયોપશમ માટે સહુને સાવધ બનવા જણાવી નૂતનવર્ષમાં સૌથી પ્રથમ આવનાર **જ્ઞાનપંચમીની** આરાધના માટે યોગ્ય-તૈયારી કરવા જણાવ્યું.

પૂજ્યશ્રી ધાર્મિક આરાધક-જનતાના હૃદય સિંહાસન પર આરૂઢ થયેલા હોઈ તેઓશ્રીની વાણીની દોરવણી મુજબ સહુ આરાધનામાં લયલીન બની જતા.

આ રીતે સં. ૧૯૪૩નું ચોમાસું ખૂબ જ ધર્મોદ્ધારા વચ્ચે પુરૂં થવાની તૈયારીમાં હતું ત્યાં ફા.સુ.૧૦ ના રોજ અમદાવાદથી કીકાભટ્ટની પોળમાં રહેતા **શેઠ દીપચંદ દેવચંદનો** વિનંતિપત્ર આવ્યો કે—

" પૂ. શ્રી ગચ્છાધિપતિની નિશ્રામાં તીર્થાધિરાજશ્રી **શત્રુંજય-ગિરિરાજની** મંગળ-યાત્રા ચતુર્વિધ-શ્રીસંઘ સાથે છ'રી પાળવાપૂર્વક કરવા-કરાવવાનો દેવ-ગુરૂકૃપાએ ભાવ જાગ્યો છે, જેનું મુહૂર્ત હવે જોવડાવીશ, પણ પૂ. ગચ્છાધિપતિશ્રીની શારીરિક-સ્વસ્થતા બરાબર જેવી નથી, તેથી વહેલામાં વહેલી તકે સંઘ કાઢવા ભાવના છે.

આપને આગ્રહભરી નમ્ર વિનંતિ છે કે—તે બાજુ આપને ઘણા વર્ષો થઈ ગયાં, પૂ. ગચ્છાધિપતિ પાસેથી વારસો મેળવવા આપ જેવાની અહીં ખાસ જરૂર છે, સાથે જ મારી ભાવના છે કે આપ જરૂર સંઘમાં પધારો.

માટે ચોમાસું પૂરૂં થયે કોઈપણ જાતનો કાર્યક્રમ ગોઠવ્યા વિના તુર્ત ગુજરાત ભણી વિહાર કરી **અમદાવાદ** વહેલામાં વહેલી તકે પધારશો.

આપ તો સુજ્ઞ-વિવેકી અને શાસનના ધોરી છો. મારી ભાવના અને પૂ. ગચ્છાધિપતિની શરીર-પ્રકૃતિનો વિચાર કરી યોગ્ય નિર્ણય તુર્ત કરી મને પત્રથી આનંદિત કરશો."

પૂજ્યશ્રી આ પત્રને વાંચી પૂ **ગચ્છાધિપતિશ્રીની** તબિયત અંગેના સમાચારથી જરા ઉદ્વેગવાળા થયા, પણ **ઉદયપુર** શ્રીસંઘના ધર્મસ્નેહભર્યા આગ્રહની પકડમાંથી મુક્ત થવા **અમદાવાદથી** શ્રી **શત્રુંજય-ગિરિરાજના** છ'રી પાળતા સંઘની વાતનો ઉપયોગ સફળ રીતે થઈ શકશે, તેમ થવાથી પોતાને પૂ. **ગચ્છાધિપતિશ્રીના** દર્શન-વંદનનો લાભ તુર્ત મળશે, તે બદલ આનંદિત પણ થયા.

અહીં **અમદાવાદથી** શેઠ **દેવચંદભાઈના** શ્રી **સિદ્ધગિરિમહાતીર્થના** છ'રી પાળતા સંઘની વાત જે આપી છે.

આ અંગે "**આદર્શ ગચ્છાધિરાજ**" (શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા-**અમદાવાદથી** વિ.સં. ૨૦૧૧ માં પ્રકાશિત ગુજરાતી પુસ્તક) માં **સ્વ. પૂ. શ્રી દર્શનવિજયજી મ.** ત્રિપુટી મહારાજ ("**જય શત્રુંજય**" નામે ૧૫ મા પ્રકરણ-પા. ૧૦૨ માં) નોંધે છે કે—

" પૂ. **મૂલચંદજી** મહારાજે **શત્રુંજય**-મહાતીર્થની યાત્રા અનેકવાર કરી હતી, તેઓને **શત્રુંજય**ની યાત્રાનો પુનઃ મનોરથ થયો, એટલે તેઓએ એ યાત્રા ન થાય ત્યાં સુધી તુવરની દાળનો ત્યાગ કર્યો પણ શાસનના કામને લીધે જવાનું બની શકયું નહીં.

અમદાવાદના કીકાભટ્ટની પોળવાળા **શેઠ દીપચંદ દેવચંદ** પૂ. મહારાજશ્રીના અનન્ય ગુણરાગી હતા, તે એક દિવસે વાંદવા આવ્યા, અને વાતચીત ચાલી.

દીપ૦ સાહેબ ! સાધુઓને આજ્ઞા કરો. મને ગોચરીનો લાભ મળે !

મૂ૦ વર્તમાન જોગ !

દી૦ પણ સાંભળ્યું છે કે આપ તુવરની દાળ વાપરતા નથી. તો શું કારણ છે ? કયારે વાપરશો ?

મૂ.૦ તું વપરાવીશ, ત્યારે !

દી.૦ વાત શું છે ? એ જણાવોને !

મૂ૦ ભાઈ ! **શત્રુંજયની** યાત્રાની આખડી રાખી છે, પણ સંઘના કામને લીધે નિકળાતું નથી અને યાત્રા થતી નથી. આમ તો નહીં નિકળાય કોઈ સંઘ કાઢે તો કદાચ નિકળાય અને યાત્રાનો લાભ મળે.

દી૦ ગુરુદેવ ? આ રોવક તૈયાર છે ! કહાવો મુહર્ત !

મૂ૦ તો જરૂર મને યાત્રા થશે.

આ રીતે શેઠ **દીપચંદ દેવચંદ** તરફથી શત્રુંજયનો છ'રી પાળતો સંઘ કાઢવાનું નક્કી થયું.

—**આદર્શ** ગચ્છાધિરાજ પ્રકરણ પૃ૦ ૧૦૨

આ રીતે ઉપસ્થિત થયેલ પાલીતાણા–સંઘમાં જવાની વાતને આગળ કરી પૂ. ગચ્છાધિપતિ-શ્રીની વંદના માટે અત્યંત ઉત્સુક બનેલ પૂજ્યશ્રીએ ઉદયપુર શ્રીસંઘને કા. સુ. ૧૪ ના રોજ વ્યાખ્યાનમાં પત્ર વાંચી સંભળાવી કા. વ. ૨ સવારે કેશરીયાજી થઈ **ગુજરાત–અમદાવાદ** તરફ વિહારની ભાવના રજુ કરી.

શ્રીસંઘે નાના–મોટા સહુએ એકદમ આઘાત અનુભવ્યો, પરિણામે સહુએ ખૂબ જ ઉમંગ–તમન્ના થી પૂજ્યશ્રીને વધુ ધર્મલાભ આપવા સ્થિરતાનો ખૂબ આગ્રહ કર્યો, પણ છેવટે કર્ત્તવ્ય–નિષ્ઠાના ધોરણે પૂજ્યશ્રી મૌનભાવે સહુના ધર્મપ્રેમને ઝીલી રહ્યા.

સમયોચિત–આશ્વાસન પૂજ્યશ્રીએ ફરમાવ્યું, સહુએ ભારે–હૈયે વિદાય લીધી, ધામધૂમથી કા. સુ. ૧૫ નું ચાતુર્માસ–પરિવર્તન કરી **સિસારવા** ગામે શ્રી **સિદ્ધગિરિનો** પટ બાંધી મહા-તીર્થાધિરાજની આરાધના સકળ શ્રીસંઘ સાથે પૂજ્યશ્રીએ કરી.

પૂજ્યશ્રીએ કા. વ. ૧. ના યોગ્ય તૈયારી કરી છેલ્લા વ્યાખ્યાનમાં સહુને ધર્મની આરાધના

કરવા ભલામણ કરી, કા. વ. ૩ ના મંગળપ્રભાતે ગુજરાત તરફ જવાના ઈરાદે **કેશરીયાજી** તરફ વિહારની જાહેરાત કરી.

આખો સંઘ ખૂબ જ નારાજ બન્યો, ઉદ્વિગ્ન થયો. પૂજ્યશ્રીને ખૂબ આજીજી કાલાવાલા કરી થોડા દિવસ વધુ રોકાવા ખૂબ આગ્રહ કર્યો, પણ પૂ. ગચ્છાધિપતિની તબિયતના કારણે તેમજ પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં **કીકાભટ્ટની પોળવાળા શેઠ દીપચંદ દેવચંદ** તરફથી મહા સુ. ૩ ના મંગળ-પ્રભાતે શ્રી **સિદ્ધિગિરિ-પાલીતાણાનો** છ'રી પાળતો સંઘ નિકળતો હોઈ તે પૂર્વે પહોંચી જવાના ધ્યેયથી પૂજ્યશ્રી શ્રીસંઘના આગ્રહને વશ ન થયા.

છેવટે ટૂંકમાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે—"**મહાનુભાવો!** કારણવશ-સંજોગવશ સળંગ લાગટ દશ ચોમાસાં અહીં કરવાં પડયાં, આટલો બધો તમારા બધાંનો ગાઢ પરિચય થયો, છતાં આપ લોકોને મારા તરફ અરૂચિ-અભરખો નથી થયો, તે તમારી ઉત્કૃષ્ટ ધર્મનિષ્ઠા દર્શાવે છે, પણ હવે, "**તમે ના કહેતા રહો અને મહેમાન ચાલ્યા જાય તેમાંજ મહેમાનની શોભા**" ન્યાય પ્રમાણે ગુણાનુરાગ-ભર્યા તમો બધાના ધર્મસ્નેહભર્યા ઈન્કાર વચ્ચે અમ-સાધુ ઓને વિહરવામાં તમારી અને અમારી શોભા છે. કેમકે કહ્યું છે કે –

"જોકારા સાથે સાધુને વિદાય કરવા કે થવામાં ઉભયપક્ષે હાનિ છે."!

"તમો બધા સમજુ-દીર્ઘદર્શી છો! મારે પૂ ગચ્છાધિપતિશ્રીને વંદન કર્યે સોળ વર્ષ વીતી ગયા, હવે પૂ. ગચ્છાધિપતિશ્રીની તબિયત લથડી છે, માટે હવે બહુ આગ્રહ ન કરો તો સારૂં"

એ રીતે હાર્દિક આશ્વાસન આપી શ્રીસંઘનું મન સંપાદિત કર્યું.

કા. વ. ૩ સવારે નાના-મોટા ધર્માનુરાગી સહુની ભાવભરી વિદાય લઈ પૂજ્યશ્રીએ વિહાર કર્યો.

ઉદયપોળ-દરવાજે માંગલિક સંભળાવ્યું, અશ્રુભીના-નયને સહુએ પૂજ્યશ્રીને શાતાપૂર્વક વિચરવાનું કહી ભારે-હૈયે સહુ પાછા વળ્યા.

પૂજ્યશ્રી કા. વ. ૬ ના મંગળ દિને **કેશરીયાજી** પધાર્યા, વિહારમાં **ઉદયપુરના** સેંકડો ભાવિકો હતા.

તે સહુ સાથે **કેશરીયાજીની** ભવ્ય યાત્રા કરી પૂજ્યશ્રીએ **ડુંગરપુર** બાજુ વિહાર કર્યો.

ભક્તિશાળી કેટલાક શ્રાવકો હજી પણ સેવાના લાભ માટે વિહારમાં સાથે રહ્યા.

કા. વ. ૮ સવારે **ડુંગરપુર**માં પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત થયું.

શ્રીસંઘના આગ્રહથી બે દિવસ સ્થિરતા કરી અને કા. વ. ૧૦ પ્રભુ-મહાવીરની દીક્ષા-કલ્યાણક-તિથિનો ખ્યાલ આપી પૂજા-રથયાત્રા-મહોત્સવ કરવા શ્રીસંઘને પ્રેરણા આપી

શ્રીસંઘે પણ ચઢતા-ઉમંગે શાસન-નાયક **શ્રીમહાવીર-પ્રભુની** દીક્ષા-કલ્યાણકની ભવ્ય આરાધના કરી.

કા. વ. ૧૧ સવારે **વીંછીવાડા** થઈ **શામળાજી** વદ અમાસે પધાર્યા, ત્યાંથી માગ. સુ. ૧ સવારે **ટીંટોઇ-તીર્થે મુહરી-પાર્શ્વનાથ-પ્રભુને** દર્શન-વંદન કર્યાં.

શ્રીસંઘે મૌન-એકાદશી માટે રોકવા ઘણો આગ્રહ કર્યો, પણ પૂ. ગચ્છાધિપતિશ્રીના દર્શન-વંદનની ઉત્સુકતાથી રોકાયા નહીં.

મોડાસા, બાયડ, ધડિયા, લાલપુર થઈ પૂજ્યશ્રી માગ. સુ. ૧૦ના શુભદિને **કપડવંજ** પધાર્યા.

શ્રીસંઘને ખબર પડી કે અ-કાલે આંબે ફળ્યાની જેમ કે અચાનક નિધાનની પ્રાપ્તિની જેમ ખૂબ આનંદિત થઈ પૂજ્યશ્રીની નિશ્રામાં મૌન-એકાદશીની ભવ્ય આરાધના વિધિપૂર્વક કરી.

પૂજ્યશ્રીએ મગનભાઈ ભગતને તથા પૂ. **ચરિત્રનાયકશ્રીને** પાસે બેસાડી સંયમ-ધર્મની મહત્તા, તેની પ્રાપ્તિ માટેના ભવ્ય પુરુષાર્થ અને તે માટે વ્યવસ્થિત યોજના માટે વિચારણા કરી તેઓને સંયમ-માર્ગે વધવા ઉદાત્ત પ્રેરણા કરી.

પછી માગ. વદ. ૧ સવારે પૂજ્યશ્રી **આંતરસૂબા, હાંડોગામ** થઈ માગ. વદ ૭ના રોજ **નરોડા** પધાર્યા, **અમદાવાદ** સમાચાર પહોંચવાથી પૂ. ગચ્છાધિપતિશ્રી દ્વારા યોગ્યનું સન્માન યોગ્ય રીતે થવાના હેતુથી પોતાના આઠ-દશ સાધુઓને લેવા માટે મોકલ્યા.

પૂજ્યશ્રીએ પણ ખૂબ જ ઉલ્લાસથી **નરોડાના શ્રીગોડી-પાર્શ્વનાથની** યાત્રા કરી વદ ૮ના મંગળદિને શુભ-ચોઘડીએ પૂજ્યશ્રી પાસે **ઉજમફઈ ધર્મશાળાએ** પધાર્યા, પૂજ્યશ્રીએ ખૂબ જ ભાવોલ્લાસથી વંદના કરી.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પણ પૂજ્યશ્રીને હૈયાના ઉમળકાથી આવકાર્યા **રતલામ, ઇંદોર, મહીદપુર** અને **ઉદયપુરમાં** કરેલ વિશિષ્ટ શાસન-પ્રભાવના અંગે ખૂબ જ ધન્યવાદ આપી **ઉદયપુર** જૈન શ્રીસંઘના ધાર્મિક-જીર્ણોદ્ધાર અંગે ખૂબ જ અભિનંદન આપ્યા.

યથા-અવસરે પૂ ગચ્છાધિપતિશ્રીજી **રતલામ, ઇંદોર** અને **ઉદયપુરના** ચોમાસા દરમ્યાન થયેલ વિવિધ શાસનપ્રભાવનાદાયક સમાચારો, સનાતનીઓ, આર્યસમાજ, સ્થાનકવાસી, તેરાપંથી અને ત્રણ થુઈવાળા સાથે થયેલ ચર્ચા-વાદવિવાદની વિગતો મેળવી ખૂબ આનંદિત બન્યા.

ખાસ કરીને **મહીદપુરના** ચોમાસામાં **આગમવાચના** કરી પાંત્રીસ આગમો વાંચ્યાનું જાણી વધુ આનંદિત બન્યા.

એકંદરે જે વિશિષ્ટ આશયથી ગચ્છાધિપતિશ્રીએ પૂજ્યશ્રીને **માલવા-મેવાડ** તરફ વિચરવા મોકલેલ, તે આશય ધાર્યા કરતાં વધુ સફળ થવાથી પૂજ્યશ્રીને ભગવતી-સૂત્રના યોગદાન દ્વારા **પન્યાસપદવી** આપવા પૂ. ગચ્છાધિપતિશ્રીએ ભાવના વ્યક્ત કરી.

પણ પૂ. **ઝવેરસાગરજી** મ. શ્રી એ જણાવ્યુ કે—

"મુનિપદને અનુગુણ આચરણા અને સાધુના સત્તાવીશ ગુણોને સરળી રીતે પામવાની પૂરતી તૈયારી ન હોઈ "**ખર પાખર ભાર ન વહે**" એટલે ગધેડો હાથીનું બખતર ન ઉપાડી શકે, અગર "**ખર પર અંબાડી ન સોહે**" એ સૂક્તિઓના આધારે સઘળા આગમોના અનુયોગ કરી શકવાની વાસ્તવિક યોગ્યતાના પ્રતીકરૂપ **અનુયોગાચાર્ય** પદથી સંબોધાતા **પંડિતપદના** ટૂંકા સ્વરૂપે **પંન્યાસપદ** માટે મારી પાત્રતા નથી!"

"તેથી આપે મારામાં તેવી પાત્રતા નહીં છતાં **ઉત્સૃષ્ટાપવાદ** તરીકે બધા આગમો વાંચવાનો કામચલાઉ અધિકાર પણ આપ્યો છે, તે જ આપની મહાકૃપા છે, તેને લાયક હું બનું તે મારી અંતરની અભિલાષા છે."

"આપની કૃપાથી મળેલા આગમ વાંચવાનો કાચો પરવાનો (લાયસન્સ) જીરવી શકું, તેવી આપ કૃપા કરો! બાકી પંન્યાસપદ જેવા પાકા પરવાના (લાયસન્સ) માટે તો મારામાં યોગ્યતા કે તૈયારી નથી દેખાતી!"

"વધુમાં આપના ચરણોના પ્રતાપે **શ્રી મહાનિશીથ** સૂત્ર સુધીના યોગની આરાધના થઈ ગઈ તે થઈ ગઈ, પણ હવે તો છેલ્લા ૬-૭ વર્ષોથી આંતરડાની ખોટી ગર્મી તેમજ ઉગ્ર

કબજીયાતના લીધે આંબિલ કે છ મહિનાના મોટા યોગ વહી શકવાની મારી શારીરિક તૈયારી પણ નથી લાગતી."

"તેમ છતાં આપશ્રીના મંગળ-પુનિત આશિષભર્યા વાસક્ષેપ બળે યોગવહન-માટેની શારીરિક અનુકૂળતા બધી થઈ જાય એવો મને પૂર્ણ ભરોસો છે, પણ હકીકતમાં પદવીના ભારને ઉઠાવવાની, નભાવવાની અને શાસનાનુકૂળ રીતે તે પદવીને સફળ કરવાની પાત્રતા મારામાં નથી."

"હજી તો મારામાં સાધુતાના મૂળપાયા સમા ચરણસિત્તરી-કરણસિત્તરીમાં ઘણા દોષો લાગે છે ! શારીરિકાદિ-કારણે ઘણા દોષો લગાડવા પડે છે."

"માટે આપના ચરણે માથું મૂકી મારી નમ્રાતિનમ્ર પ્રાર્થના છે કે—" આ સેવકને આપ બીજા ગમે તે કામની આજ્ઞા કરશો પણ મારા આત્મિક-વિકાસની રીતે પ્રતિકૂળ-પદવી માટે આજ પછી કદી પણ સૂચના કૃપા કરી ન કરશોજી " આદિ બોલી પોતાની અંતરની ભૂલો-દોષો અને ક્ષતિઓ બદલ ગચ્છાધિપતિશ્રીના ચરણોમાં માથું મુકી પૂજ્યશ્રી ધ્રુસકે-ધ્રુસકે રડી પડયા.

પૂજ્યશ્રીએ આશ્વાસન આપ્યું કે-" ભાઈ ! તું સમજુ છો ! અને આવા ઢીલા-મનનો કેમ થાય ? આપણી ભૂલોનું સંવેદન આપણામાં કાયમ રહેવું જરૂરી છે, તે અંગે સ-જાગતા એ જ હકીકતમાં આધ્યાત્મિક-રીતે વિશિષ્ટ-યોગ્યતાનું લક્ષણ છે !"

" આ રીતે તો તું બરોબર પદવીને પાત્ર છે ! વધુમાં **રતલામ, ઇંદોર, ઉદયપુરમાં** જે પ્રતિપક્ષી-વાદીઓ સામે અજુની શાસનનો ડંકો વગાડયો છે, શાસનની વિજય-પતાકા જે તેં ભવ્ય રીતે ફરકાવી છે ! તે જોતાં તું **આચાર્ય-પદવીને** પણ લાયક છે ! તેમ છતાં વર્તમાન-સંજોગોને જોતાં તું **પંન્યાસપદ** માટે **ભગવતીજીના** યોગવહન કરવા તૈયાર થા ! એમ મારી અંતરની ઇચ્છા છે. છતાં તારી અંતરની ઉદાત્ત-આધ્યાત્મિક વિચારસરણિ જોતાં તારી પર આજ્ઞા-અભિયોગ કરવા મન નથી ! તારો અંતરાત્મા અ-પ્રસન્ન થાય તેવું મારે કરવા ભાવના નથી !"

"તું અંતરથી શાસન-સમુદાયની રીતે તૈયાર થાય તો જ પદવી આપવા મારી ભાવના છે!"

"બાકી થોડું પણ દબાણ મારે નથી કરવું ! તારી વાત પણ ટાળ કાઢી નાંખવા જેવી નથી !" વગેરે.

પૂજ્યશ્રી ખૂબ જ ગંભીર બની ગયા.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પણ "**બહુ ખેંચવામાં સાર નહીં**" સમજી તે વખતે તે વાત પડતી મુકી.

થોડા દિવસ પછી પૂ. ગચ્છાધિપતિશ્રીએ ફરી તે વાત જરા છેડી, પણ પૂજ્યશ્રી ફરીથી ગચ્છાધિપતિશ્રીના પગોમાં માથું મુકી ધ્રુસકેભંધ રડી પડયા અને ગદ્‌ગદ્ સ્વરે બોલ્યા કે "**મુજ નાલાયકને કાં આપ ઊંચા પદે બેસાડો !!! જરા દયા કરો તો સારૂં.**"

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પછી આ વાતને સાવ બંધ કરી દીધી, થોડા સમય પછી બપોરના વખતે **કીકાભટ્ટની પોળવાળા શેઠ દીપચંદ દેવચંદ** અદિ ચાર-પાંચ શ્રાવકો પૂ. ગચ્છાધિપતિ પાસે આવ્યા, વંદના કરી તેઓએ વિનંતિ કરી કે

"**સાહેબ ! હવે મહેરબાની કરી શ્રીશત્રુંજયના સંઘનું મુહૂર્ત કાઢી આપો તો સારું !**"

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પોતાના મુખ્ય શિષ્ય પૂ. **શ્રી કલ્યાણ વિજયજી** અને પૂ. શ્રી **નેમ વિજયજી** ને તથા પૂજ્યશ્રીને પણ બોલાવી વાત કરી, પૂ. **શ્રી નેમવિજયજી** મ. ને સંઘ-પ્રયાણનો શ્રેષ્ઠ દિવસ જોવા કહ્યું.

પૂ. **કલ્યાણ વિજયજી** મ. સાથે વિચાર-પરામર્શ અને પૂજ્યશ્રી સાથે વિચાર-વિનિમય કરી પૂ. **શ્રી નેમવિજયજી મ.** એ માહ વદ. ૧૧ શનિવારનું શ્રેષ્ઠ મુહૂર્ત કાઢયું.

પૂ. ગચ્છાધિપતિશ્રીને વાત કરી, પૂ. ગચ્છાધિપતિએ પણ સંઘ કાઢનાર વ્યક્તિના ચંદ્રનું બળ તથા ચંદ્રની દિશા વગેરે જોઈ **કીકાભટ્ટની પોળવાળા** શ્રાવકોને **શ્રી શત્રુંજય** તીર્થની યાત્રા માટે છરી પાળતા સંઘનું મહાવદ ૧૧ શનિનું શ્રેષ્ઠ મુહૂર્ત જણાવ્યું.

શ્રાવકો પણ ખૂબ પ્રસન્ન થઈ જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ નંખાવી માંગલિક સાંભળી શાસનદેવના જયનાદ સાથે સંઘ-પ્રયાણની તૈયારીનો મંગળ સંકલ્પ કરી ઉભા થયા.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ કોઈ અજ્ઞાત-સંકેતથી હવે જાણે ફરી અહીં આવવાનું નહીં થાય તે રીતે બધાં કામો ઝટપટ પતાવી વૃધ્ધ સાધુઓને તથા શ્રાવકોને પણ છેલ્લા-પહેલા પતાવી-મળી બધાને સુંદર હિતશિક્ષા અવારનવાર ફરમાવવા લાગ્યા.

પૂજ્યશ્રીને પૂ. ગચ્છાધિપતિના આવા વલણથી જરા મનમાં ખૂંચ્યું કે "સાહેબ ! કેમ આમ કરે છે !" પણ "**વડિલો જે કરે તે સમજીને કરે**" ની નીતિના આધારે પૂજ્યશ્રીએ તથા સમુદાયના બીજા વડિલ-મુનિઓએ પણ કંઈક ગંભીર-હેતુની કલ્પના કરી મનને શાંત રાખ્યું.

માહ વદ આઠમના વ્યાખ્યાન માટે આગ્રહ કરીને **શેઠ શ્રી દીપચંદ દેવચંદભાઈએ** ગચ્છાધિપતિશ્રીની સકળ–સાધુ સમુદાય સાથે ધામધૂમથી સામૈયા સાથે પોળમાં પધરામણી કરી, ઠેઠ સ્વામીનારાયણના મંદિર આગળથી કીકાભટ્ટની પોળ સુધીના રાજમાર્ગને ભવ્ય રીતે શણગારી પોતાની (કીકાભટ્ટની) પોળના ઉપાશ્રયે વ્યાખ્યાન રાખ્યું

પોળના દહેરાસરે દર્શન કરી ઉપાશ્રયે આવી ગચ્છાધિપતિશ્રીએ મંગલાચરણ કર્યું, તીર્થયાત્રા અને છરી પાળતા સંઘ વિષે પૂજ્યશ્રીને વ્યાખ્યાન માટે આજ્ઞા કરી

પૂજ્યશ્રીએ પણ શાસ્ત્રીય–શૈલિથી તીર્થો અને તેની યાત્રાની મહત્તા છરી પાળવા પૂર્વક સંઘયાત્રાનું મહત્ત્વ અને તે અંગેના ઉચિત કર્ત્તવ્યો પર સવા કલાક પ્રકાશ પાથર્યો, છેલ્લે ગચ્છાધિપતિશ્રીએ એ' શબ્દ કહી સંઘવીના ભાવને પરિપુષ્ટ કર્યો

પોળના સંઘ તરફથી **દીપચંદ શેઠને** સંઘના આગેવાન શેઠે પહેરામણી કરી સંઘપતિનું તિલક કર્યું.

પૂ. ગચ્છાધિપતિએ પણ **સંઘયાત્રા** અને **સંઘપતિ** શબ્દના રહસ્યને જણાવતાં ફરમાવ્યું કે–

"સંઘવી પોતાને પ્રભુઆજ્ઞાને શિરોધાર્ય કરી બધાને લાભ કરાવવાની જવાબદારી સમજે અને સંઘમાં આવનારા બધા પ્રભુશાસનના માર્મિક–ભાવને ધ્યાનમાં રાખી સહનશીલતા, સમતા, સંતોષ આદિ ગુણોની કેળવણી કરે" વગેરે માર્મિક ઉપદેશ આપી સહુને કર્ત્તવ્ય–નિષ્ઠ બનવા જાગૃત કર્યા.

મહા. વ. ૧૧ શનિવારે પોતાના દહેરે ઠાઠથી સામૂહિક–સ્નાત્ર ભણાવી શાંતિકળશ કરી ગચ્છાધિપતિ પાસે વાસક્ષેપ નંખાવી શુભ–શુકન જોળવી બીજા ચોઘડીએ ચઢતા સૂરે મંગળ વાજિંત્રોના સૂરો સાથે ઠાઠથી સિધ્ધાચળજીની દિશામાં ચતુર્વિધ શ્રી સંઘે પ્રયાણ કર્યું.[૧]

---

૧ પૂ. શ્રી દર્શનવિજયજી મ. ત્રિપુટી લિખિત "આદર્શ ગચ્છાધિરાજ" નામે પૂ. મૂળચંદજી મ. ના સંક્ષિપ્ત પણ મુદ્દાસરના ઐતિહાસિક પુસ્તકના "જય શત્રુંજય" નામના પંદરમા પ્રકરણ (પૃ.નં. ૧૦૨) માં આ સંઘયાત્રાની વિગત છે,

ત્યાં એક નવી વાત નોંધી છે કે–

ઉજમફઈની ધર્મશાળાએથી પૂ.શ્રી મૂળચંદજી મ. સપરિવાર શ્રીસંઘમાં જોડાવા માટે નિકળ્યા, ત્યારે કોક સાધુના અનુપયોગથી પાણીનો ઘડો નંદવાઈ ગયો, શ્રાવકોએ વહેમ કર્યો કે–સાહેબ! ન જવાય! પણ

પ્રથમ મુકામ **જમાલપુરનો** ટૂંકો રાખી સંઘની બધી યોજના વ્યવસ્થિત કરવા ગોઠવણ કરી.

બારેજા–ઐડા–ધોળકા થઈ ઉતેલીયાનો આરો ઉતરી **ધંધૂકામાં** ફાગણ–ચોમાસી કરી.

ચાર દિવસ સંઘ **ધંધૂકામાં** રહ્યો. કલિકાળ–સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરિ મ** ની જન્મ–ભૂમિની ભાવભરી સ્પર્શના કરી ફા. વ. ચોથે **વલ્લભીપુર** (વળા) સંઘ પહોંચ્યો.

આ વખતે પાલીતાણા બિરાજમાન પૂ. ગચ્છાધિપતિશ્રીના શિષ્ય [1]**શ્રી કમલવિજયજી મ.** અમદાવાદથી છ'રી પાળતા સંઘ સાથે પોતાના તારક–ગુરૂદેવશ્રીને પૂ. ગચ્છાધિપતિશ્રીને પાલીતાણા પધારતા જાણી અપૂર્વ ગુરૂભક્તિ અને વિનીતભાવથી પૂ. ગચ્છાધિપતિશ્રીને લેવા ઠેઠ **વલ્લભીપુર** સુધી (પાલીતાણાથી ૨૪ માઈલ) સામે આવ્યા.

પૂ. ગચ્છાધિપતિશ્રી પોતાના વિનીત શિષ્યની ઉદાત્ત મનોવૃત્તિ જોઈ ખૂબ પ્રસન્ન થયા.

પૂ. ગચ્છાધિપતિનો વિચાર વર્ષીતપના પ્રારંભ દિવસ તરીકે પોતાનો ફા.વ.૮ના મંગળદિને પાલીતાણા પ્રવેશ કરવા વિચાર હતો, પણ **ભાવનગરમાં** તબિયત આદિ કારણે સ્થિરવાસ

પૂ. શ્રી મૂળચંદજી મ મુહૂર્ત નક્કી કરી સંઘયાત્રાના પ્રસ્થાન પછી આવા નજીવા કારણે અપશુકનથી આવા શાસનના મહત્વના કાર્યમાં વિઘ્ન ઉભું થાય તેમ કરવું તે ઉચિત નથી " ... **જે થવાનું છે તેને કોઈ મિથ્યા કરી શકવાનું નથી** " એમ કહી થોડીવાર ઉભા રહી ૭ (સાત) નવકાર ગણી ૩ (ત્રણ) ઉવસગ્ગહ ગણી ફરીથી માંગલિક સંભળાવી સંઘમાં શામેલ થયા.

વૃધ્ધ પુરૂષો આ હકીકતને વજુદવાળી માને છે, અને એમ કહેવાય છે કે – શુકને છેટે ભાગ ભજવ્યા કે પૂ.શ્રી મૂળચંદજી મ પાછા અમદાવાદ ન પધારી શકયા અને ભાવનગરના ચોમાસામાં કાળધર્મ પામ્યા.

વસ્તુ ગમે એ હકીકત છે, પણ તેનો માંગલિક પ્રસંગે મન પર અસર ન થવા દેવી એ એક મહાપુરૂષ તરીકેની વિશિષ્ટતા ગણાય.

[1] ભવિષ્યમાં જેઓ **આચાર્ય શ્રી વિજયકમલસૂરિ મ.** તરીકે થઈ **ચરિત્રનાયક પૂ. આગમો. આચાર્યદેવશ્રીને** સં. ૧૯૭૪માં આચાર્ય પદવી આપનાર મહા–ભાગ્યશાળી થવાના તે **કમલવિજયજી મ.** પૂ. ગચ્છાધિપતિશ્રીના ખૂબ જ પ્રીતિપાત્ર શિષ્ય હતા.

કરી રહેલ ગુરૂભાઇ, **પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ.** ની પ્રેરણાથી આવેલ, **ભાવનગરના** શ્રીસંઘે અને **શીહોરના** શ્રીસંઘે પણ **ચોગઠ-ચમારડી** અને **સોનગઢના** રસ્તે સીધા પાલીતાણા જવાના બદલે **શીહોર** થઈને પધારવા માટે ખૂબ આગ્રહભરી વિનંતી કરી.

પરિણામે લાભાલાભ વિચારી પૂ. ગચ્છાધિપતિશ્રીએ **શીહોર ભાવનગર** જવાનું વિચાર્યું.

સંઘપતિએ પણ ગુરૂઆજ્ઞા તહત્તિ કરી, **શીહોર-ભાવનગરનો** સંઘ ખૂબ રાજી થયો.

ફા. વ. ૬ના રોજ **શીહોરમાં** ધામધૂમથી પ્રવેશ થયો. ત્યાં વ્યાખ્યાન-પૂજા-પ્રભાવના આદિ ધર્મકાર્યો સારાં થયાં.

ફા.વ.૭ નિકળી ફા.વ ૮ સવારે **ભાવનગરમાં** ચતુર્વિધ શ્રીસંઘ સાથે પૂ. ગચ્છાધિપતિનો નગર-પ્રવેશ થયો. બંને ગુરૂભાઈઓએ ખૂબ ભાવોલ્લાસથી મળી શાસન-સંબંધી અનેક વિચારણાઓ કરી. પૂ. ગચ્છાધિપતિએ **પૂ. શ્રીવૃદ્ધિચંદ્રજી** મ.ને સંઘ સાથે ગિરિરાજની યાત્રાએ આવવા કહ્યું, પણ **વૃદ્ધિચંદ્રજી** મ. કહ્યું કે **સાધુ "જીવનમાં વિના કારણે અપવાદનું સેવન ઉચિત નથી."**

"ડોળીનો અપવાદ ન છૂટકે છે, આપણી પોતાની સગવડ માટે તેનો ઉપયોગ ઠીક નથી."

"આપની વાત જુદી છે, મારે મારૂં સંયમ આરીં જળવાય છે, જંઘાબળ -ક્ષીણ થયા પછી આપવાદિક રીતે આગાઢ-કારણે વપરાતી ડોળીનો ઉપયોગ સ-કારણ પણ ઠીક નથી લાગતો." આદિ કહી તે વાતને ટાળી દીધી.

ફા.વ.૯ સવારે નીકળી **વરતેજ**, મઢડા થઈ ફા.વ.૧૦ સવારે ધામધૂમથી પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં આવી રહેલ **અમદાવાદના** છ'રી પાળતા શ્રીસંઘનો નગરપ્રવેશ થયો.

નગરશેઠના વંડામાં મુકામ થયો.

પૂ. **ઝવેરસાગરજી** મ.ના મંગળ-પ્રવચનથી બહુ યાત્રાળુઓ યાત્રાના મર્મને પારખી જીવનને મોહના સંસ્કારોથી અળગું રાખવાની જવાબદારી સમજી તીર્થક્ષેત્રમાં અલ્પ-સાવદ્યમય **શક્ય વિરતિવંત** જીવન બનાવવા ઉપયોગવંત બન્યા.

ફા.વ.૧૧ના શુભદિને પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં **અમદાવાદથી** આવેલ સકળ શ્રીસંઘે ગુરૂમહારાજ સાથે ગિરિરાજનું આરોહણ કરી દાદાને ઉમંગભેર ભેટી ઠાઠથી સ્નાત્રપૂજા આદિ ભણાવી ધન્ય પાવન બની રહ્યા.

સંઘવી શ્રીદીપચંદશેઠને ૧૨-૩૭ના મંગળ મુહૂર્તે પૂ. ગચ્છાધિપતિશ્રીના વરદહસ્તે તીર્થમાળા પહેરાવવામાં આવી.

આ પ્રસંગે મારવાડમાંથી યાત્રાર્થે આવેલ શ્રી **ઝાબકચંદજી**ને પૂ. શ્રીગચ્છાધિપતિશ્રીની દેશના સાંભળી ઘણા વર્ષોની દીક્ષાની ભાવના સ-તેજ થવાથી પૂ. ગચ્છાધિપતિશ્રીને વદ-૧૪ બપોરે પોતાની ભાવના વ્યક્ત કરી.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ તે ભાઈને થોડા દિવસ પોતાની પાસે રાખી ચકાસી જોઈ તેના કુટુંબીજનોને બોલાવી સંમતિ મેળવવાપૂર્વક વૈ. સુ. ૩ના મંગળદિને દીક્ષા આપી **મુનિ ભાવવિજયજી** મ. નામ સ્થાપી પોતાના પ્રીતિપાત્ર **મુનિશ્રી કમલવિજયજી મ.** ના શિષ્ય બનાવ્યા.

નવ-દીક્ષિત સાધુને પાલીતાણા જેવા ક્ષેત્રમાં સંયમની મર્યાદાઓ અંગે ચોમાસું ઉપયોગી નહીં ધારી પૂ. ગચ્છાધિપતિશ્રીએ પોતાના ખાસ પ્રીતિપાત્ર **મુનિશ્રી કમલવિજયજી મ.** ને સાથે રાખવાની ભાવના છતાં નવ-દીક્ષિત પુણ્યાત્માના લાભાર્થે મહાતાર્કિક **શ્રી દાનવિજયજી** મ. તથા **મુનિશ્રી રાજવિજયજી** મ. સાથે **વડોદરા** ચોમાસા માટે મોકલ્યા.

આવી હતી પૂ ગચ્છાધિપતિશ્રીની સંયમચર્યા ટકાવવાની અજબ કુનેહ !!!

પૂ. ગચ્છાધિપતિશ્રીની કાયા શાસનના અનેક કામોના ધક્કાથી જર્જરિતપ્રાયઃ થવા પામેલી, તેમ છતાં સંયમ-પાલનમાં તેઓશ્રી અપૂર્વ જાગૃત હતા.

પૂ. ગચ્છાધિપતિશ્રીને ચોમાસા માટે **ભાવનગર, શીહોર, મહુવા, સાવરકુંડલા,** આદિ અનેક ગામોની આગ્રહભરી વિનંતિઓ છતાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ જરા-જર્જરિત કાયાનું કલ્યાણ કરવાના ઉદ્દેશ્યથી તરણ-તારણહાર ગિરિરાજની શીતળ છાયામાં ચોમાસું રહેવાની ભાવના દર્શાવી.

જેથી **અમદાવાદથી** સંઘ લઈને આવેલ સંઘવી શેઠ **શ્રી દીપચંદ દેવચંદભાઇ** આદિ પણ ખૂબ પ્રસન્ન થયા, તેઓને પણ પૂ. ગચ્છાધિપતિશ્રીની સેવાનો લાભ મળે તેમજ પૂ.



ઝવેરસાગરજી મ.ના આગમિક તાત્ત્વિક-વ્યાખ્યાનો સંભળાય તે હેતુથી ચોમાસું રહેવાનો વિચાર સંઘવી **શેઠ દીપચંદભાઇ** આદિએ સ-પરિવાર કરવા નિર્ધાર્યું.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ સંઘવીના આગ્રહથી **શેઠ નરશી નાથાની ધર્મશાળામાં** ચાતુર્માસ માટે જે.સુ. ૧૧ના મંગળદિને પ્રવેશ કર્યો. સંઘવીએ સાકરના પડા વહેંચી સકળ-શ્રીસંઘનું બહુમાન કર્યું.

ત્યારથી પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી **પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ના શ્રી શત્રુંજય માહાત્મ્ય** ઉપર તાત્વિક-છણાવટવાળા વ્યાખ્યાનો શરૂ થયાં.

પૂ. ગચ્છાધિપતિશ્રી અનુકૂળતાએ અવાર-નવાર ચતુર્વિધ-શ્રીસંઘ સાથે શ્રી શત્રુંજય તળેટીની યાત્રાએ પધારતા, ત્યાં ભાવવાહી ચૈત્યવંદન કરી ગિરિરાજની સ્પર્શના કરી શ્રી શત્રુંજય ની આરાધનાનો કાઉ. અને ૧૦૦૦ જાપ કરતા-કરાવતા.

વિશિષ્ટ-પર્વના દિવસોમાં પૂ. ગચ્છાધિપતિશ્રી શરીર-શક્તિ ક્ષીણ જેવી છતાં ભાવોલ્લાસથી ગિરિરાજ પર ચઢી જતા અને દાદાને ભેટી ખૂબ આનંદ-વિભોર બનતા.

અસાડ સુદ ૫ ના મંગળદિને પૂ. ગચ્છાધિપતિશ્રી ઉપર પધારેલ, ત્યારે નવ-ટૂંકમાં બધે દર્શન કરવા પધારેલ, પછી નીચે આવતાં વરસાદની હેરાનગતી થવાથી શરીર-શ્રમ અને શર્દીની તકલીફમાં વધારો થયો. પરિણામે તાવની કસર રહેવા માંડી.

દીપચંદ શેઠ પૂ. ગચ્છાધિ. ની ભાવનાને માન આપી સકળ-સંઘ સાથે અસાડ સુદ ૧૦ **ગિરિરાજ-પૂજા** ખૂબ ભાવોલ્લાસ સાથે ડોલીમાં પૂ. ગચ્છાધિપતિશ્રીને સાથે રાખી ઠાઠથી કરી.

અસાડ સુદ ૧૪ ડોલીથી યાત્રા કરાવવાનો બધાનો આગ્રહ છતાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ વિના-કારણ આવા દોષ લગાડવા તે સાધુજીવન માટે ઠીક નથી, એમ કહી તલેટીની યાત્રા કરી. બીજા સાધુઓને ગિરિરાજની યાત્રાએ મોકલ્યા. પોતે ધીમે-ધીમે ચાલી ધર્મશાળાએ પધાર્યા.

છતાં આ શ્રમના કારણે બપોરના ચોમાસી-દેવવંદન વખતે તાવની તકલીફ વધુ રહી. સાંજના ચોમાસી-પ્રતિક્રમણ વખતે પણ શરીર જ્વરાક્રાંત બની રહ્યું.

પૂ. ગચ્છાધિપતિએ **પૂ. ઝવેરસાગરજી મ.** અને **પૂ. કુશલવિજયજી મ.** આદિને

ધર્મક્રિયાઓ કરાવવા વગેરેની પ્રવૃત્તિ સોંપી દીધી હતી પોતે અનુકૂળતાએ યોગ્ય દેખરેખ રાખતા.

દીપચંદ શેઠના આગ્રહથી **અમદાવાદ, સુરત, બોટાદ, લીંબડી, વઢવાણ, આણંદ, મહેસાણા, પાટણ,** આદિ ક્ષેત્રોના અનેક ધર્મપ્રેમી ગૃહસ્થો પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રાએ **સિદ્ધક્ષેત્રમાં** ચાતુર્માસનો લાભ મળે તે માટે રહેલ.

તે બધાએ પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રાએ સવાર-સાંજ પ્રતિક્રમણ, તળેટી-યાત્રા, વ્યાખ્યાન-શ્રવણ, બપોરે **પૂ. ઝવેરસાગરજી મ.** ની આગમવાચના આદિનો લાભ લઈ જીવન ધન્ય બનાવતા.

કયારેક સહુના આગ્રહથી પૂ. ગચ્છાધિપતિશ્રી સવારે **શત્રુંજયમાહાત્મ્ય**ના વિવેચન પ્રસંગે તારક-તીર્થાધિરાજની યાત્રા, આરંભ-સમારંભના ત્યાગની પ્રધાનતાએ શ્રાવક-જીવનની સફળતા અને વિષય-કષાયની વાસનાઓના શમન માટે કરાતી ધર્મક્રિયાનું રહસ્ય આદિ બાબતો પર થોડો પ્રકાશ પાથરતા.

આ રીતે બપોરે પણ પૂ. સાધુ-સાધ્વીઓને તાત્ત્વિક-બાબતો તરફ ધ્યાન ખેંચનારી વાચના આપતા.

ટુંકા પણ માર્મિક પૂ. ગચ્છાધિપતિશ્રીના ઉપદેશથી ચતુર્વિધ શ્રીસંઘમાં અનેરો ભાવોલ્લાસ જાગૃત થવા પામેલ.

પરિણામે સંયમ-ધર્મની શુદ્ધિ સાથે તપ-ધર્મની વિવિધ પ્રકારે આરાધના ખૂબ શરૂ થઈ.

આ ચોમાસામાં પૂ. ગચ્છાધિપતિની તબિયત અવાર-નવાર વિવિધ-રોગોથી ઘેરાયેલી રહી.

જેમાં ચોમાસી-ચૌદશ પછી મેલેરીયાના તાવે અને તેની અશક્તિ શરીરને વધુ ક્ષીણ બનાવી રહી.

છતાં પૂ. ગચ્છાધિપતિ અવાર-નવાર તળેટી-ગિરિરાજની સ્પર્શના-બપોરની વાચના અને બીજી પણ શાસનાનુસારી વિવિધ પ્રવૃત્તિઓ યથાશકય ચાલુ રાખતા.

ચોમાસા દરમ્યાન પૂ. સાધુ-સાધ્વીઓને પૂ. ગચ્છાધિપતિશ્રી હિતશિક્ષા-ભરી યોગ્ય ટકોર કરતા કે—

"**મહાનુભાવો !**" આ સંયમી-જીવનમાં ત્યાગ-તપની મહત્તા છે. "**ત્યાગ-તપ વિના સંયમ કાગળના ફુલની જેમ નિઃસાર બની જાય છે.**"

"ધર્મપ્રેમી લોકો તરફથી મળતા આદર-સત્કાર કે વસ્ત્ર-પાત્ર-આહારાદિની અનુકૂળ સામગ્રી ત્યાગ, તપ અને સંયમના વિશ્વાસ-બળે મળે છે, તે વિશ્વાસને આપણે પૂર્ણ વફાદાર રહેવું ઘટે".

"અન્યથા....

" धर्मादारी रोटीयां, जांका लांबा लांबा दांत ।
धर्मकरणी करे तो ऊबरे ! नहीं तो खेंची काढे आंत" રાજસ્થાની-કહેવતની જેમ આપણે

યથાશક્તિ વીર્યોલ્લાસપૂર્વક છતું પણ વીર્ય ગોપવ્યા વિના પ્રભુશાસનના સાચા વફાદાર આરાધક ન બનીએ તો આપણા આંતરડા ખેંચી કાઢે એવો આ હરામનો માલ પચવો ભારે છે.

"માટે પુણ્યવાનો ખૂબ જ સાવધ રહેજો !"

"જેમાં વળી આ તીર્થભૂમિ ! અહીં તો આપણી મોહવાસના, ભોગવાસના અને શરીર-વાસનાને કાબુમાં રાખવી જરૂરી છે."

"તરણ-તારણહાર પરમપવિત્ર **તીર્થાધિરાજની શીતળ-છાયામાં આપણી વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ પ્રભુશાસનની વફાદારીના બળે કરવું જરૂરી છે.**"

વળી પ્રભુશાસનના આરાધક-ભાગ્યવાનોએ શ્રી અધ્યાત્મ-કલ્પદ્રુમના તેરમા પ્રકાશના ૮, ૧૨, ૧૬ અને ૧૯ મા શ્લોકના ભાવાર્થને ખૂબ જ ગંભીરપણે ધ્યાનમાં લઈ જીવનમાં વારંવાર ઉપજતા વિષય-રાગાદિથી ઉપજતી આંતરિક-નિર્બળતા ખંખેરી નાખવી જરૂરી છે. આદિ"

અધ્યાત્મકલ્પદ્રુમ-તેરમા પ્રકાશના ૮, ૧૨, ૧૬, ૧૯ના શ્લોકો અર્થ સાથે આ પ્રમાણે છે.

गुणांस्तवाँश्रित्य नमंत्यमी जना, ददत्युपध्या-लय-भैक्ष्य-शिष्यकान् ।
विना गुणान् वेषमृषेर्बिभर्षि चेत् ततष्ठगानां तव भाविनी गतिः ॥८॥

ભાવાર્થ-તારા ગુણોને આશ્રીને-ધ્યાનમાં લઈ આ બધા લોકો તને નમે છે, અને તું જો ગુણ વિના વેષને જ ધારણ કરે તો ખરેખર! ઠગ લોકોના જેવી તારી દશા-ગતિ થશે.

આ રીતની પૂજ્યશ્રીની વેધક-માર્મિક ગંભીર અર્થ-ભરી ઉપદેશક સૂચના અને પ્રેરણા-બળે પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં સાધુ-ભગવંતોમાં ત્રણ અને સાધ્વીની મહારાજોમાં ચાર તથા શ્રાવક-શ્રાવિકામાં બાર માસક્ષમણ, ૨૮ સોળ ઉપવાસ, ૧૮, અગ્યાર ઉપવાસવાળા ૬૫ અઠ્ઠાઈઓ અને ચત્તારિ અટ્ઠ: ની તપસ્યાવાળા પુણ્યાત્માઓએ સફળપણે પર્વાધિરાજની આરાધના કરી જીવન ધન્ય બનાવ્યું.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પાકી વય છતાં પર્વાધિરાજ ટાણે અઠ્ઠાઈધર અને કલ્પધરનો ઉપવાસ કરી છેલ્લો અઠ્ઠમ કરેલ.

પુણ્યવંતા **શેઠ દીપચંદભાઈ** (કીકાભટની પોળ-અમદાવાદ) એ પણ પોતાના તરફથી છૂટથી સાધર્મિક ભક્તિ, પૂજા-પ્રભાવનાનો લાભ લેવા સાથે ૧૫૬ પુણ્યાત્મા ઓને ૬૪ પ્રહરી પૌષધ કરાવી તે દરેકને પૂજાના રેશમી-વસ્ત્રની જોડની પ્રભાવના કરી વિરતિધર્મનું બહુમાન કર્યું.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પજુસણ પછી શારીરિક-અશક્તિના કારણે થોડા દિવસ તલેટી

वेषोपदेशाद्युपधिप्रतारिता, ददत्यभीष्टान्नृजवोऽधुना जनाः ।
भुंक्षे च शेषे च सुखं विचेष्टसे, भवांतरे ज्ञास्यसि तत्फलं पुनः ॥ १२ ॥

ભાવાર્થ-તારા વેશ અને ઉપદેશ આદિથી ઠગાએલા સરળ માણસો તને તારી મન-પસંદ ચીજો બધી લાવી આપે છે ! તું મઝાથી ખાય છે ! સૂએ છે ! અને સુખરૂપે રહે છે ! પણ બીજા ભવમાં આના પરિણામ-ની ખબર પડશે !

गृह्णासि शय्या-हृति-पुस्तको-पधीन्, सदा परेभ्यस्तपसस्त्विय स्थिति : ।
तत्ते प्रमादाद्भरितात् प्रतिग्रहै-र्ऋणार्णमग्नस्य परत्र का गतिः ? ॥ १६ ॥

ભાવાર્થ-તું હંમેશાં બીજા પાસેથી મકાન, આહાર, પુસ્તક અને ઉપાધિને લે છે. તપ-સંયમની તો તારી આવી કંગાળ દશા છે. તો પ્રમાદથી ભરેલા, બીજાનું દાન લઈને જીવતા અને દેવાનું પણ દેવું કરી ફસાઈ રહેલા તારી પરલોકમાં શી દશા થશે ?

गुणैर्विहीनोऽपि जनानति-स्तुति-प्रतिग्रहान् यन्मुदितः प्रतीच्छसि ।
लुलाय-गोऽ-श्वो-ष्ट्र-खरादिजन्मभि- र्विना ततस्ते भविता न निष्क्रयः ॥१९॥

ભાવાર્થ-ગુણથી રહિત છતાં પણ તું લોકો પાસેથી નમસ્કાર, સ્તુતિ અને ધનનો હરણપૂર્વક તું સ્વીકાર કરે છે, તો ખરેખર પાડા, બળદ, ઘોડા, ઊંટ અને ગધેડાના અવતાર વિના આનો બદલો નહીં મળે !"

જવાનું મોકુફ રાખેલ, પરંતુ એક વખતે બાદરવા વદમાં બહિર્ભૂમિએથી આવતાં અજ્ઞાત–ગમે તે કારણથી ડાબા પગના પાછળના ભાગે સોજા જેવું થયું, વેદના ખૂબ થવા લાગી, પરિણામે બહિર્ભૂમિ જવાનું પણ બંધ થઈ ગયું.

દીપચંદ શેઠે યોગ્ય–અનુભવી કુશળ વૈદ્યોને તેડાવી યોગ્ય ઉપચારો ઘણા કર્યા, પણ રાહત ન થઈ, પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ., પૂ. **શ્રી નેમવિજયજી મ.** તથા પૂ. **શ્રી. કુશળ-વિજયજી મ.** પૂ. ગચ્છાધિપતિ ની સેવામાં ખડેપગે હાજર રહેવા લાગ્યા,

અધુરામાં પુરૂં આસો સુ. બારશે પૂ. ગચ્છાધિપતિશ્રીને તાવ શરૂ થયો, જેના પ્રારંભિક ઉપચારો કરવા છતાં હાડ ગાળી નાખે તેવી તાવની ઉંડી અસરોએ ઘર કર્યું

પરિણામે ખોરાક ઘટી ગયો, અશક્તિ નું પ્રમાણ વધી ગયું. સાધુઓ અને શ્રાવકો ચિંતાતુર થવા લાગ્યા. પૂ. ગચ્છાધિપતિશ્રી સ્વ-શતાસહને હિ ગુણો મહાન્ (અધ્યાત્મ કલ્પ. પ્ર. ૬૩ શ્લો. ૩૫)

આ વાકયને બીજમંત્ર બનાવી સહુને કહેતા કે–

"ભાઈ! પેઢી ધીકતી ચાલુ હોય ત્યારે સહુ લેણદાર પોતાનું લેણું પતાવવા આવે! આ ટાણે શાહુકારે તો મોં મચકોડયા વિના આપી દેવાની જરૂર છે" આદિ કહી બધાને દવા આદિ ઉપચાર માટે પણ ઈન્કાર કરતાં છતાં ભક્તિપ્રધાન સાધુઓ અને વિવેકી શ્રાવકોના ધર્મપ્રેમભર્યા આગ્રહને વશ થઈ નિરવદ્ય ઉપચારોને અપનાવતા.

ભાવીવશ પગની વેદના, તાવનો ભરાવો ઉપરાંત છાતીમાં ડાબા પડખે દર્દ ઉપજ્યું.

જેનાથી પૂ. ગચ્છાધિપતિશ્રી બોલવામાં પણ તકલીફ અનુભવવા લાગ્યા,

સહુને ગાઢી ચિંતા થઈ. ભાવનગરના શ્રી સંઘને ખબર પડી, ત્યાં બિરાજમાન પૂ. શ્રી **વૃધ્ધિચંદ્રજી મહારાજ** ખૂબ ચિંતિત બની સારા કુશળ-વૈદ્યોને લઈને શ્રીસંઘના આગેવાનોને મોકલ્યા.

કારતક સુ. ૭ દિને **ભાવનગરનો** શ્રીસંઘ આવ્યો પૂ. ગચ્છાધિપતિની સ્થિતિ નિહાળી ખૂબ ચિંતિત બન્યા, પૂજ્યશ્રીને ચોમાસું ઉતરે તુર્ત **ભાવનગર** પધારવાની પૂ. **શ્રી વૃધ્ધિચંદ્ર મ.** ની વાત આગળ કરી, ડોળીના સાધનથી પણ પધારવા ખૂબ આગ્રહ કર્યો.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ કહ્યું કે-"**ભારી અન્યથા કોઇ કરી શકતું નથી!** આટ-આટલા દવાના ઉપચારો માફક નથી આવતા, તેનો અર્થ અંદરથી તેલ ખુટયું લાગે છે, તો આ પવિત્ર તીર્થધામમાં માંગ્યુ ન મળે તેવું પવિત્ર મૃત્યુ આવે તો વધાવવા તૈયાર છું.!"

"નાહક ડોળીના આરંભ-સમારંભનો દોષ વહોરી **સંયમને કલંકિત કાં કરવું?**" આદિ.

પણ ભાવનગરના શ્રીસંઘે સેવાનો અમને લાભ મળે અને હજી આપની એવી મોટી ઉંમર કયાં છે? અહીં કરતાં ભાવનગર દવા,-વૈદ્ય આદિની સગવડ વધુ છે, આદિ ખૂબ આગ્રહ કરી કા. વ. ૧ સવારે ડોળીથી **ભાવનગર**નો નિર્ણય લગભગ કરી ગયા.

કા. સુ. ૧૩ ના દિવસે ૪૦ થી ૫૦ જણા ફરીથી શ્રી **વૃધ્ધિચંદ્રજી** મ. ના આગ્રહ-ભર્યા પત્રને લઈ વિહારમાં સાથે રહેવાની પૂરી તૈયારી સાથે આવ્યા,

ગુરૂભ્રાતા શ્રી **વૃધ્ધિચંદ્રજી મ.** ની સેવાનો લાગણી ભર્યો પત્ર વાંચી પૂ. **શ્રી મૂળચંદજી મ. શ્રી** એ ભાવી પર બધું છોડી કા. વ. ૧ સવારે ડોળીથી વિહાર કર્યો

પૂ **શ્રી ઝવેરસાગરજી મ.** આદિ ૧૦ ઠાણાં અને સાધ્વીજીના ૩૦ થી ૪૦ ઠાણાં, તથા ૧૦૦ થી ૧૨૫ શ્રાવકો, ૫૦ થી ૬૦ શ્રાવિકાઓ ચતુર્વિધ શ્રીસંઘ સાથે પૂ. ગચ્છાધિપતિશ્રી કા. વ. ૪ બપોરે **ભાવનગર** ગામ બહાર પધાર્યા.

કા. વ. ૫ **ભાવનગર**-શ્રીસંઘે ધામધૂમથી ભવ્ય સ્વાગતપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો.

પૂ. **શ્રી વૃદ્ધિચંદ્રજી મ.** આનંદભરી રીતે પૂ ગચ્છાધિપતિની બાહ્ય-અભ્યંતર પરિચર્યામાં ખડે પગે રહેવા લાગ્યા.

ભાવનગરના શ્રીસંઘે પણ સરકારી દવાખાનાના મોટા ડોકટરને બોલાવી પગના દુઃખાવાનો, તાવનો તથા છાતીના દર્દનો ઉપચાર કરાવવો શરૂ કર્યો.

માગ. સુ. ૪ થી ૭ ખૂબ ગંભીર સ્થિતિ રહી, શ્વાસ-પ્રશ્વાસની પ્રક્રિયા અનિયમિત થઈ રહી, શ્રીનમસ્કાર-મહામંત્ર સંભળાવવા શરૂ થયેલ, પણ શ્રીસંઘના પુણ્યોદયે ફરીથી માગ. સુ. ૮ થી વળતાં પાણી થઈ ગયા.

મૌન-એકાદશીની આરાધના સ્વસ્થપણે કરી મૌન-એકાદશીના દેવવંદન કર્યા, દોઢસો માળાના ગુણણામાંથી ૪૦ માળા પણ ગણેલ.

માગ. સુ. પૂનમે આખા શ્રીસંઘને બે શબ્દો કહી સહુનાં મન રાજી કર્યાં, સહુને એમ લાગ્યું કે હવે પૂજ્યશ્રી જલ્દી સ્વસ્થ થઈ જશે.

પણ ભાવીની ગતિ અકળ હોય છે. માગશર વદ ૨ રાત્રે પ્રતિક્રમણ પછી તાવ ખૂબ વધ્યો.

વદ ૪ રાતના ૧૦ સુધી તાવનું જોર ખૂબ રહ્યું, નવસારના પોતાં મૂકી રાહતનો પ્રયત્ન કર્યો, પણ તાવ કાબૂમાં ન આવ્યો, માગશર વદ ૫ સવારે તાવ કંઈક નરમ થયો, પણ છાતીમાં, પગમાં, દર્દે ઉપાડો લીધો,

પૂ. ગચ્છાધિપતિશ્રીને ગમે તેમ પણ અણસાર આવી ગયો કે' **હવે આ શરીર છુટશે જ!**

એટલે માગશર વદ ૫ સવારે પોતાના બધા સાધુઓને પાસે બોલાવી ધીમા ત્રુટક શબ્દે પ્રભુશાસનની વફાદારી આગમિક-અભ્યાસની મહત્તા અને સંયમ-પાલનની ચોકસાઈ આદિ ટૂંકમાં સમજાવ્યું.

માગ. વદ. ૬ ના સૂર્યોદય પછી પૂ. ગચ્છાધિપતિશ્રીનો તાવ ઘટી ગયો, પગે-છાતીએ દર્દે પણ સૌમ્ય-રૂપ લીધું પણ શ્વાસની પ્રક્રિયા અ-વ્યવસ્થિત થવા લાગી,

આખો સંઘ ભેગો થઈ ગયો **પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ.** તથા **પૂ. ઝવેરસાગરજી મ. પૂ. શ્રીકુશળવિજયજી મ.** ખડે પગે પાસે રહી નિર્યામણા-આરાધના કરાવી રહ્યા.

ઉપસ્થિત શ્રીસંઘે ઉદાત્ત સ્વરે શ્રી નમસ્કાર-મહામંત્રનો ઘોષ શરૂ કર્યો, આખા શ્રીસંઘે પુણ્યદાનરૂપે તપ-સ્વાધ્યાય-યાત્રા આદિ નોંધાવવા માંડ્યું. ૧૨॥ વાગે ખૂબ જ શ્વાસ વધી ગયો. चत्तारि मंगलं સૂત્ર પૂ **ઝવેરસાગરજી** મ. શ્રીએ કાનમાં સંભળાવ્યું. પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. શ્રીએ करेमि भंते અને પાંચ મહાવ્રતના આલાવા (ટૂંકમાં) સંભળાવ્યા.

સવા બે વાગતાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ આંખો ખોલી સહુને હાથ જોડી ખમતખામણાં કર્યા. સહુએ વિનયપૂર્વક ખામણાં કર્યાં.

ત્રણના ટકોરે પૂ. ગચ્છાધિપતિશ્રીએ પૂ. વૃદ્ધિચંદ્રજી મ. ને પાસે બોલાવી ધીમા તુટક સ્વરે બોલ્યા કે ભાઈ વૃદ્ધિચંદજી! અબ તો હમ ચલે! સબકો સમ્હાલના!

હમસે જો કુછ બની વહ જિનશાસનકી પ્રભાવના કી! અબ તુમને સબ સમ્હાલના!
બસ! णमो अरिहंताणं !!! કહી આંખો મીંચી દીધી.

થોડી વારે શારીરિક-પ્રક્રિયા અસ્તવ્યસ્ત થઈ, શ્વાસ ધીરધીરે બેસવા લાગ્યો. છેલ્લે સવા-ત્રણને પાંચ મિનિટે ફટાક કરતી આંખો ખુલી ગઈ અને "उड गया पंछी पड रह्या माला" જેવી દશા થઈ.

પૂ. શ્રી ગચ્છાધિપતિશ્રી જ્ઞાન-ધ્યાનપૂત સંયમીકાયાને આયુ પૂર્ણ થયેથી છોડી વિશિષ્ટ ગતિએ સંચરી ગયા.

પૂ. ગચ્છાધિપતિશ્રીના શિષ્યવૃંદમાં ભયાનક વજ્રપાત થયો. આખો શ્રીસંઘ દિઙ્મૂઢ થઈ ગયો.

પણ છેવટે સંસારની ગતિનો વિચાર કરી સહુ પોતપોતાના કર્તવ્ય-માર્ગે સંચરવા તૈયાર થયા.

પૂ. ગચ્છાધિપતિની કાયાને મહાપારિષ્ઠાપનિકાના કાયોત્સર્ગ દ્વારા પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. અને શ્રમણ-સંઘે વાસક્ષેપ કરી શ્રી સંઘને ભળાવી સ્વસ્થાને ગયા.

ભાવનગર શ્રીસંઘે પણ પાલીતાણા, અમદાવાદ, મુંબઈ, સુરત, ઉદયપુર, રતલામ, ઈંદોર આદિ સ્થળોએ તારથી ખબર આપ્યા. તાત્કાલિક બજારોની પાખી રખાવી દેવવિમાન જેવી ભવ્ય જરીયાન વસ્ત્રોથી શોભિત પાલખી બનાવી પૂ. ગચ્છાધિપતિની કાયાને ન્હવડાવી, સુંદર વસ્ત્રો પહેરાવી "जय जय नंदा जय जय भद्दा"ના મંગળ ઘોષોથી દિશાઓ ગજવતા છૂટે હાથે ગરીબોને દાન વગેરે આપવા સાથે ભવ્ય સ્મશાનયાત્રા કાઢી. અત્યારે જ્યાં દાદા સાહેબની જગ્યા છે ત્યાં આવી પવિત્ર શુદ્ધ ભૂમિએ ચંદનના ઉત્તમ કાષ્ઠોથી ચિતા બનાવી પૂ. ગચ્છાધિપતિની કાયાને પધરાવી વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો.

તે જ સ્થાને શ્રી સંઘ તરફથી દેવકુલિકાનું નિર્માણ શ્રીસંઘે કર્યું.

આ રીતે પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ઠેઠ ઉદયપુરથી પૂજ્યશ્રીના લાંબા ગાળાના વિયોગને ટાળવા તેમજ પૂજ્યશ્રીની નિશ્રાનો વધુ લાભ લેવા ઉમંગભેર આવેલ, પણ ભાવી-નિયોગે પૂજ્યશ્રીનો ચિર-વિરહ થવા પામ્યો. તે બાબત अ-कथा हि कर्मणां गतिः મુજબ પૂજ્યશ્રીએ મન મનાવી પૂજ્ય ગચ્છાધિપતિના કાળધર્મ-નિમિત્તે શ્રીસંઘ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ આદિ-પતી ગયા પછી **ભાવનગરના** ક્ષેત્રમાં પૂજ્યશ્રીની સ્મૃતિ વારંવાર આવતી હોઈ માહ સુ. ૧૦ વિહાર કરી **ઘોઘા, તળાજા, મહુવા** આદિની તીર્થોએ વિચરણ કરી છ-ગાઉની પ્રદક્ષિણા પ્રસંગે ફા. સુ. ૧૩ ના ગિરિરાજ **શ્રી સિદ્ધાચલ-મહાતીર્થને** ભેટવા પધાર્યા.

શેઠ શ્રી નરશી નાથાની ધર્મશાળામાં મુકામ હતો. ત્યાં **લીંબડી, બોટાદ, વઢવાણ** આદિ ગામોના સંઘોના આગેવાનો ચોમાસાની વિનંતિ માટે આવ્યા.

યોગ્ય લાભાલાભનો વિચાર કરી પૂજ્યશ્રીએ **પૂ. શ્રી વૃદ્ધિચંદજી મ.** ની સંમતિ મેળવી ચોમાસાનો નિર્ણય કર્યો અને ચૈત્ર વદ-૩ ના રોજ **બોટાદ** તરફ વિહાર કર્યો.

ચૈ. વ. ૧૩ ના મંગળદિને **બોટાદમાં** પ્રવેશ કર્યો. પૂજ્યશ્રીના વ્યાખ્યાનથી લોકો ખૂબ પ્રભાવિત બન્યા.

અક્ષયતૃતીયાના મંગળદિને વર્ષીતપનું મહત્ત્વ તથા દાનધર્મની શ્રેયસ્કારિતા, તેમાં રાખવા જોઈતા **પાત્રાપાત્ર**— વિચાર પર પૂજ્યશ્રીએ સારો પ્રકાશ પાથર્યો.

સૌરાષ્ટ્રમાં સ્થાને સ્થાને વસી રહેલ ઢુંઢકપંથીઓના પરિચયને નાથવા પૂજ્યશ્રીએ શ્રી જિન-શાસનની આજ્ઞા-મર્યાદા મુજબ સંયમ અને પંચ-મહાવ્રતોનું પાલન કરનારા ત્યાગી—સંયમી મુનિવરોને અપાતા પ્રાસુક-એષણીય દાનને સર્વોચ્ચ બતાવી ગૃહસ્થના અ-અંગારક તરીકે ગમે તે આંગણેથી પાછો ન ફરે તે નીતિથી ભલે અન્ય-સંપ્રદાયવાળા લઈ જાય, પણ અંતરના ભાવોલ્લાસ અને પ્રબળ-ગુણાનુરાગ-પૂર્વક અપાતા સુપાત્રદાનની વિશિષ્ટતા ધ્યાન પર રાખવા પર ખૂબ સરસ વ્યવસ્થિત તર્કબધ્ધ રીતે રજુઆત કરી.

પરિણામે બાહ્ય આચારો અને ટપ્પા-થોકડાના પોપટીયા જ્ઞાનના આધારે મુગ્ધ-જનતાના હૈયામાં આદર-પાત્ર બની રહેલ ઢુંઢકપંથીઓને ભક્તિપૂર્વક સામે પગલે બોલાવી આદર પૂર્વક વહોરાવવાની અ-શાસ્ત્રીય પદ્ધતિને હઠાવવા પૂજ્યશ્રીએ વેધક પ્રકાશ પાથર્યો.

વૈ. સુ. ૮ ના વ્યાખ્યાનમાં બે દિવસ પછી આવી રહેલ પ્રભુ **મહાવીર**—પરમાત્માના કેવળ

જ્ઞાન દિવસ અને શાસન-સ્થાપનાના દિવસની સાપેક્ષ રીતે મહત્તા સમજાવી શ્રી વીતરાગ-પરમાત્માના શાસનની વફાદારીનું મહત્ત્વ સમજાવ્યું.

પ્રભુશાસનની શ્રદ્ધાના પાયા ઢીલા કરનારા તત્ત્વો ઉત્સૂત્રભાષીઓના પરિચય આદિ બાબત ધર્મપ્રેમી-જનતાને સાવધ કરી તત્ત્વ-દૃષ્ટિ ખીલવવા સુ-સાધુઓના ચરણોમાં બેસી તત્ત્વજ્ઞાનના અભ્યાસ સાથે ધર્મક્રિયાઓની વ્યવસ્થિત આચરણા પર ખૂબ ભાર મૂકયો.

વૈ. સુ. ૧૪ ના વ્યાખ્યાનમાં **શ્રી વર્ધમાન તપ-આયંબિલ-ખાતાનું** મહત્ત્વ સમજાવી "આંબિલની તપસ્યા દ્રવ્ય-ભાવથી મંગળરૂપે શ્રી સંઘને કલ્યાણકારી છે" એ વાત ઠસાવી **શેઠ પુરૂષોત્તમદાસ ઠાકરશી** શાહના ઉદારતા ભર્યા ૧૦૦૧ ના દાનથી ઉપાશ્રયની પાસેના મકાનને ૧૫૦૦ માં ખરીદી બે શ્રાવિકાબાઈઓ અને એક નોકર દ્વારા શ્રીસંઘના આગેવાનોને આંબિલ ખાતું શરૂ કરવા પ્રેરણા કરી. પરિણામે વૈ. વ. ૬ ના **શ્રી સિદ્ધગિરિરાજ**ના મૂળનાયક પ્રભુના મંગળકારી પ્રતિષ્ઠા-દિવસથી આંબિલની શરૂઆત કરાવી.

પૂજ્યશ્રીના જોરદાર માર્મિક-ઉપદેશના આધારે પ્રથમ દિવસે ૨૭૭ આંબેલ થયા.

શેઠ શ્રી પરમાણંદભાઈ તરફથી દરેકનું શ્રીફળ-રૂપિયાથી બહુમાન થયું.

આ રીતે પૂજ્યશ્રીના આગમનથી શ્રીસંઘમાં સકળ-વિઘ્ન-હર આંબિલની તપસ્યા કાયમી થાય તેવાં શુભ મંડાણ થયાં.

જેઠ સુદમાં સંઘના આગેવાન શ્રી જાદવજીભાઈને પોતાની પાકટ અવસ્થામાં પોતાની જાતે જ અનુમોદનનો પૂરતો લાભ મળી રહે, તેવી સમજણ પૂજ્યશ્રીના વ્યાખ્યાનથી થવાથી આત્મશ્રેયાર્થે અઠ્ઠાઈ-ઓચ્છવ કરવા ભાવના થઈ.

પૂજ્યશ્રીની પ્રેરણા મુજબ સવારે શ્રાવક-જીવનના અત્યુત્તમ-કર્તવ્યરૂપ શ્રી વીતરાગ-પરમાત્માની ભક્તિનું રહસ્ય સમજાવનાર આદર્શ વ્યાખ્યાનો, બપોરે વિવિધ મોટી પૂજાઓ, સાંજે બૈરાંઓનું ગાવાનું આ બધા પ્રસંગે પ્રભાવના આદિથી ધર્મોલ્લાસનું વાતાવરણ સારૂં ઉભવાયું.

જેઠ વદ ૧૩ થી આર્દ્રા બેસતા હોઈ પૂજ્યશ્રીએ શ્રાવકપણાના ઉત્તમ સંસ્કારોની જાળવણી માટે ભક્ષ્યા-ભક્ષ્યવિચારની વાત, જયણા-પ્રમાર્જનાની વાત, ચોમાસામાં પૂંજણી, ઝીણી સાવરણી આદિના ઉપયોગની વાત વેધક-શૈલિમાં શરૂ કરી, પરિણામે શ્રીસંઘમાં જાગૃતિ સારી આવી.

અસાડ સુદમાં સુ-૫-૬ (૭ નો ક્ષય) અને ૮ ત્રણ દિવસ નીવી, આંબેલ, ઉપવાસથી णमो जिणाणं जिअभयाणं ની રોજની ૪૧-૪૨-૪૨ માળા ગણાવી ત્રણ દિવસમાં ૧૨૫૦૦/ જાપ કરાવ્યા, જેના પરિણામે પુણ્યાત્માઓ સંસારી-ઉપાધિના ત્રાસને વિસરી જાય અને પરમાત્માની શરણાગતિ મેળવી શકે.

પૂજ્યશ્રીની સાથે આ વખતે ત્રણ ઠાણા હતાં. તેમાંના પૂ. શ્રી જીતવિજયજીએ અસાઢ સુ. ૭ થી ચોમાસી-અઠ્ઠાઇની તપસ્યા આદરી.

બોટાદમાં પૂજ્યશ્રી સાથે ત્રણ ઠાણાં હોવા બાબદ પ્રાચીન પત્ર-સંગ્રહમાંથી જૂનો એક પત્ર નીચે મુજબ મળી આવ્યો છે.

"પત્ર નં-૪૮" મુકામશ્રી બોટાદ-તત્ર વીરાજમાન મહારાજજી ઝવેરસાગરજી જોગ-

મુકામ વઢવાણ કેમ્પથી લી. મુનિ લબ્ધિવિજયજી તથા કમળવિજયજી. વિગેરેની વંદણા અવધારશોજી.

અહીં દેવગુરૂ-પસાયે સુખશાતા છે.

બીજું ભાવસાર રવજીને દીક્ષા અષાઢ સુ. ૬ વાર ગુરૂવાર દિવસના અગીયાર વાગતા શરૂ કરી અને સવા બાર વાગતા દીક્ષા આપી છે. તે જોજ આપના જાણવા લખું છું.

બીજું તેમનો કાકો તથા તેમના મામા તથા માતાજી તથા બેન વિગેરે અત્રે આવી રાજીખુશીથી દીક્ષા અપાવી છે.

બીજું મુનિ જીત વિજયજી તથા મુનિ વીરવિજયજી તથા મુનિ વલ્લભ વિજયજીને અમારી વતી અનુવંદના વંદના કરશોજી

બીજું બગડીયા બેધડ તથા સલોત છગન મૂળચંદ તથા સલોત જગજીવન તથા શાહ પાના બોધા વિગેરેને અમારા વતી ધર્મલાભ કહેશોજી.

સંવત ૧૯૪૫ અષાડ વદ ૭ શુક્રવારે

લી. ગોવનજી ગાંગજીનાં વંદણા ૧૦૦૮ વાર અવધારશોજી.

લી. આપનો સેવક આજ્ઞાંકિત લીંબડી નિવાસી વહોરા જીવરાજ ગાંગજીની વંદના ૧૦૦૮ વાર આપની પવિત્ર સેવામાં ફુરસદ વખતે સ્વીકારશોજી."

આ રીતે પૂજ્યશ્રીની સાથે રહેલ તપસ્વી મુનિશ્રી જીતવિજયજીની ચૌમાસી–અઠ્ઠાઈની તપસ્યાથી શ્રીસંઘમાં અનેરા–ધર્મોલ્લાસની લહેર પ્રગટી.

પરિણામે ચૌમાસી–અઠ્ઠાઈમાં પૂજા, પ્રતિક્રમણ, બેસણું, ઉકાળેલું પાણી, પગરખાંનો ત્યાગ આદિ વિશિષ્ટ મર્યાદાઓ આચરવાની પ્રેરણા કહી ધર્મક્રિયા ન કરનારાઓના મનમાં પણ ઉદ્ભવવા પામી.

જેથી ઘણા વૃદ્ધપુરૂષો પણ પૂજ્યશ્રીના ચાતુર્માસની આગવી–વિશેષતા નિહાળી પ્રમોદ-ભાવથી ભરપૂર બન્યા.

પૂજ્યશ્રીની પ્રેરણાથી ચૌમાસી ચૌદશે છઠ્ઠ–ઉપવાસ–આંબેલ–એકાસણાથી ૨૨૫ અષ્ટપ્રહરી પૌષધ સ્ત્રી–પુરૂષોમાં થયા, સાંજના પૌષધ ૧૭૦ જુદા થયા.

આ બધાનું **સલોત છનાભાઈ મૂળચંદ** તરફથી સાકરના પડા અને ૧। રૂપિયાથી બહુમાન પણ થયું.

અષાડ વદ ૩ થી પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં **શ્રી રાયપસેણી** સૂત્ર અને **શ્રી શત્રુંજય માહાત્મ્ય** શ્રીસંઘે કરેલ મહોત્સવ પૂર્વક શરૂ કર્યું.

ધર્મપ્રેમી લોકો દિન–પ્રતિદિન વધુ સંખ્યામાં લાભ લેવા લાગ્યા.

જગ્યાની સંકડાશના કારણે શ્રીસંઘે જ્ઞાતિની વાડીમાં વરસાદ આદિ ન નડે તે રીતે પાકો પ્રબંધ કરાવી શ્રા. સુ. ૩ થી જ્ઞાતિની વાડીમાં વ્યાખ્યાનો શરૂ કરાવ્યાં.

શ્રા. સુ. ૫ અને ૬ પ્રભુ નેમિનાથના જન્મ–દીક્ષા કલ્યાણકના અપૂર્વ મહત્ત્વને સમજાવી વિષયની વાસનાના વમળમાંથી બહાર નિકળવા પૂજ્યશ્રીએ **શ્રી નેમિનાથ પ્રભુના** છઠ્ઠ કરાવ્યા અને "ઉજ્જિંત-સેલ-સિહરે." ગાથાની રોજની ૨૭–૨૭ માળા ગણાવી.

છઠ્ઠ ન કરી શકે તેવાને મગ–અડદનાં બે આંબેલ કરાવ્યાં. તેઓને "ॐ ह्रीँणमो वीअरागाण क्लीं फट्" ની રોજની ૬૦ / ૬૫ માળા ગણાવી.

સહુને વિષય–વિકારી ભાવોથી બચવા પરમ તારક **શ્રી નેમિનાથ પ્રભુની** શરણાગતિ સ્વીકારવા પ્રેરણા કરી.

શ્રા. સુ. ૮ શ્રી પાર્શ્વનાથ–પ્રભુના મોક્ષ–કલ્યાણક નિમિત્તે દેરાસરમાં સામુદાયિક–સ્નાત્ર ભણાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૧૦૦૮ શ્વેત પુષ્પોથી "ॐ ह्रीँ क्लीँ णमो जिणाणं जिअभयाणं अर्हँ नमः फट्" મંત્ર દ્વારા શ્રી સંઘની ચોથા વ્રતધારી ૧૧ વ્યક્તિઓ પાસે પૂજા કરાવી.

બધાને સામૂહિક ચૈત્યવંદન કરાવી " **રંગરસીયા રંગરસ ભર્યો મનમોહનજી** ". પૂજાની ઢાળ બોલાવી સહુને "ॐ ह्रीँ श्री पार्श्वनाथाय पारगताय नमः" નું ગણણું ૨૦ માળાનું ગણાવ્યું.

આ આરાધના ચૌવિહાર–ઉપવાસથી કરાવી.

લોકોમાં આવી સુંદર આરાધના પ્રથમવાર જોવાથી ખૂબ ભાવોલ્લાસ થયો.

શ્રા. વ. ચોથે પંદરના ઘરના દિવસે સહુને વિષય–કષાયની વાસનાઓની વિષમતા સમજાવી પર્વાધિરાજના સ્વાગત–સન્માન માટે અંતર શુદ્ધિ–નિખાલસતા આદિ અંગે વેધક પ્રકાશ પાથરી પુણ્યાત્માઓને સજાગ કર્યા.

પૂજ્યશ્રીની જોરદાર ધર્મદેશનાથી પર્વાધિરાજ ટાણે ૭ માસખમણ; ૩ એકવીસ ઉપવાસ, ૨૧ સોળ ઉપવાસવાળા અને ૧૭ અગીયાર ઉપવાસવાળા પુણ્યાત્માઓ થયા.

શ્રા. વ. ૧૨ થી પર્વાધિરાજની સફળ–આરાધના માટે લોકો ઉત્સાહભેર જોડાયા.

૬૫ સ્ત્રી–પુરુષો ચોસઠ પ્રહરી પૌષધમાં જોડાયા. જેમાં નાના નાના ૭/૮ બાળકો અને ૧૦/૧૫ બાલિકાઓ ૬૪ પ્રહરી પૌષધમાં જોડાયેલ.

અઠ્ઠાઈ ઘરના દિવસે જ ૫૫ સ્ત્રી—પુરુષોએ અઠ્ઠાઈનાં પચ્ચક્ખાણ લીધાં.

પૂજ્યશ્રીની સુંદર ધર્મ-પ્રેરણાથી શ્રી–સંઘમાં અનેરા ધર્મોલ્લાસ વચ્ચે પર્યુષણાપર્વની સુંદર આરાધના થવા પામી.

વધુમાં પૂજ્યશ્રી સાથે અવારનવાર પૂજ્ય ચરિત્રનાયકશ્રીના પિતાશ્રી તથા પૂ. ચરિત્રનાયકશ્રી સાથે ચાલતા પત્ર–વ્યવહારના આધારે પૂજ્યશ્રી તરફથી મળતી ઉત્કૃષ્ટ ધર્મપ્રેરણાના ફળ સ્વરૂપે પૂ. ચરિત્રનાયકશ્રી અંતરના ભાવોલ્લાસ અને પિતાશ્રીની આંતરિક સંમતિભર્યા સહયોગથી કપડવંજથી દુકાનના કામ અંગે અમદાવાદ જવાનું કુટુંબીઓને કહી અમદાવાદથી સીધા શ્રા. વ. ૮

લગભગ પૂ. ચરિત્રનાયકશ્રી બોટાદ પૂજ્યશ્રીની નિશ્રાએ પર્વાધિરાજની ચૌસઠ પ્રહરી પૌષધ સાથે આરાધના માટે આવી પહોંચેલ.

તેઓએ અઠ્ઠાઈધરનો ઉપવાસ, વડાકલ્પનો છઠ્ઠ, સંવત્સરીનો અઠ્ઠમ કરી પૂજ્યશ્રીની નિશ્રામાં પર્વાધિરાજની ચડતા-પરિણામે ભવ્ય આરાધના કરેલ.

વૃદ્ધ-પુરુષોના કથનાનુસાર અભૂતપૂર્વ થયેલી આરાધના અને વિવિધ તપસ્યાઓની અનુમોદનાર્થે ધર્મોત્સાહી-શ્રીસંઘના આગેવાનોએ ભા. સુ. ૬ ના. ભવ્ય રથયાત્રા અને ભા. સુ. ૧૦ થી અષ્ટાહ્નિકા મહોત્સવનો કાર્યક્રમ જાહેર કર્યો.

ભા. સુ. ૬ બપોરે ૧ વાગે ભવ્ય રથયાત્રા નિકળી, જેમાં ચાંદીના ત્રણ રથ, બે ગજરાજ વિવિધ વાજિંત્રો, અને શણગારેલ ૩૦/૪૦ તપસ્વીઓની માફા-ગાડીઓ હતી.

આખા બોટાદ શહેરમાં જૈન-શાસનના ત્યાગ-ધર્મની અપૂર્વ ઝોલમાલા થઈ રહી.

ભા. સુ. ૮ વ્યાખ્યાન પછી શ્રીસંઘ તરફથી સાધ્વીજી અને શ્રાવિકાઓના વર્ગે સામૂહિક ખામણાં કર્યાં.

પૂજ્યશ્રીએ દુબળી આઠમ તરીકે ગણાવાતા આજના દિવસને કષાયો-વાસનાઓ હળવી કેટલી પડી ? તે ધોરણથી ચકાસવા પર ભાર મૂકી આદર્શ-ક્ષમાપનાનું મહત્ત્વ સમજાવ્યું.

ભા. સુ. ૧૦ થી ભવ્ય મહોત્સવ શરૂ થયો, વડનગર (ગુજ.) થી ધર્મપ્રેમી ભોજકોને આમંત્રી પ્રભુભક્તિમાં રમઝટ જામે અને અપૂર્વ ભાવોલ્લાસ થાય તેવી વ્યવસ્થા પૂજ્યશ્રીની પ્રેરણાથી થઈ હતી.

આ દરમ્યાન પૂજ્યશ્રી પર અપૂર્વ ભક્તિભાવ ધરાવનાર પૂ. **મુનિશ્રી કમલવિજયજી** મ.નો પત્ર કે જે, પ્રાચીન સંગ્રહમાંથી જડી આવ્યો છે. તે અહીં જે અક્ષરશઃ ઉદ્ધૃત કર્યો છે.

શ્રી ૧।

પત્ર-૧

મુ. શ્રી બોટાદ
મુનિ મહારાજશ્રી ઝવેરસાગરજી
ઠે, શ્રાવકની ધર્મશાળાએ પહોંચે.

સ્વસ્તિ શ્રી પાર્શ્વજીત પ્રણમ્ય મુ. શ્રી બોટાદ તત્ર અનેક શુભોપમાલાયક, શાંત, દાંત, મહંત, સૂર્યની પરે પ્રતાપી, ચંદ્રમાની પરે શીતલ, સમુદ્રની પરે ગંભીર, મેરૂની પરે અચલ, વાયુની પરે અપ્રતિબદ્ધ,



ભારંડપક્ષીની પરે અપ્રમત્ત ભવ્ય જીવોના હિતોપદેશક, એવં અનેકગુણે કરી બિરાજમાન મુનિ **મહારાજશ્રી ઝવેરસાગરજી** તથા મુનિ **જીત વિજયજી** તથા મુનિ **શ્રી ધીરવિજયજી** તથા મુનિ **વલ્લભવિજયજી** ચરણાન્ શ્રી વઢવાણ **કાંપથી** લી. **મુનિ શ્રી કમલવિજયજી** તથા **હેમવિજયના** વંદના——અનુવંદના ૧૦૦૮ વાર અવધારશોજી.

બીજું અત્ર પયુર્ષણ પર્વ રૂડી રીતે થયા છે. વ્યાખ્યાનમાં **શ્રી શત્રુંજય મહાત્મ્ય** તથા **ઉત્તમકુમાર ચરિત્ર** તથા **સુબોધિકાના વ્યાખ્યાન** આઠ વંચાણા છે.

બીજું ભા. સુ. ૪ ને શુક્રવારે સંવચ્છરી પ્રતિક્રમણ સંઘ સમસ્ત કર્યું. તેમાં આપને ખમાવ્યા છે તે આપ કૃપા કરીને ખમાવશોજી.

બીજી અત્રે અષાડ સુ. ૬ દીક્ષા ઓચ્છવ બડી ધામધૂમથી થયો છે. વળી સુ. ૧૩ શ્રી શત્રુંજય મહાત્મ્યનો વરઘોડો ચડ્યો હતો, તેથી શાસનની ઉન્નતિ થઈ છે. બીજુ શ્રા. વદ ૬ શુક્રવારે સમોવસરણની રચના થઈ તેમાં વરઘોડા પાંચ ચડયા અને જલયાત્રાના વરઘોડામાં તથા છેલ્લા વરઘોડામાં શ્રી લીંબડીથી દરબારનો હાથી તથા રથ તથા શ્રી વીરમગામથી રૂપાની પાલખી તથા શ્રી સાયલેથી રૂપાની પાલખી આવવાથી ત્રણે ગામથી ગવૈયાની ટોળીનું માણસ ૧૦૦ આવવાથી જિનશાસનની પ્રભાવના ઘણી થઈ છે.

વરઘોડામાં માણસ આશરે ૪૦૦૦) થયું હતું. વરઘોડા તથા આરતીની ઉપજનું ઘી મણ ૩૨૬ તથા ખરડો તથા ભંડાર સર્વે મળીને રૂા. ૧૮૦૦૦) ની ઉપજ થઈ છે. સ્વામી-વાત્સલ્ય બે તથા છઠ્ઠ-અઠ્ઠમના પારણા થયા છે.

બીજું શ્રી **લખતરના કારભારી** શેઠ **કુલચંદભાઈ** અહીં પજૂસણ કરવા આવ્યા છે. તેણે ગામ બધામાં અઢારે વરણમાં સાકરની લ્હાણી કરીને શાસનની શોભા વધારી છે.

૭ સોળ ઉપવાસ, ૩૦૦ છ, પાંચ, ચાર, અઠ્ઠમ તથા છઠ્ઠ, સંવત્સરી પ્રતિક્રમણમાં માણસ ૫૦૦ તમારી તરફના સમાચાર લખશો.

મિતિ. ભા સુ. ૭ ૬ : પોતે

આ પત્ર ઉપરથી પૂજ્યશ્રીને વડીલ તરીકે માની સઘળી વાત જણાવવા રૂપ અંતરની વિનીતતા જણાવવાની પદ્ધતિ તે વખતના સાધુઓમાં કેવી હતી ? તે સ્પષ્ટ થાય છે.

આવા પરમ શાસન પ્રભાવક **પૂ. શ્રી. ઝવેરસાગરજી** મહારાજની રાહબરી નીચે ઓટાદ શ્રી. સંઘે પર્વાધિરાજની વિશિષ્ટ થયેલ આરાધનાની અનુમોદન નિમિત્તે ભા. સુ. ૧૦ થી ભા. વ ૪ નો ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ભાવોલ્લાસ પૂર્વક કર્યો.

પછી ભાદરવા વદમાં વદ ૧૩-૧૪ ०)) શ્રી શત્રુંજયગિરિ આરાધનાના અઠ્ઠમ ઠાઠથી કરાવ્યા.

શેઠ ગોપાળજી જેશિંગભાઇએ પારણાનો લાભ લઇ શ્રીફળ રૂપિયાથી તપસ્વીઓનું બહુમાન કર્યું.

પછી પૂજ્યશ્રીની પ્રેરણાથી શાશ્વતી શ્રી નવપદજીની ઓળીનું આરાધન ૨૦૦ આરાધકોએ કર્યું.

તેમના પારણા શ્રી. ચીમનલાલ છોટાલાલ શાહ તરફથી ઠાઠથી થયાં.


બાદ પૂજ્યશ્રીની પ્રેરણાથી મોટાદ શ્રી સંઘમાં પ્રભુ-ભક્તિના અપૂર્વ ધર્મ-રંગના ફળસ્વરૂપ જિનાલયોમાં પૂજારીને સાવ મુક્ત કરી દહેરાસરમાં કચરો વાળવો, વાસણ અવાળવાં, અંગ-લૂછણાં સાફ કરવાં આદિ સામાન્ય કામથી માંડી એક-એક પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા સ્વરૂપે નિજ-દ્રવ્યથી કરવાનો કાર્યક્રમ આસો વદ ૩ થી ૧૦ સુધી ચાલ્યો.

પરિણામે લોકોમાં ખૂબ જ પ્રભુ-ભક્તિની તમન્ના સક્રિય બની.

આ રીતે ઉમંગભેર વિવિધ ધર્મકાર્યોથી મોટાદનું ચાતુર્માસ દીપી રહ્યું.

આવા મહા-**મહિમશાળી** પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રીસંઘના ભાવોલ્લાસ સાથે ભા. સુદ ૧૦ થી શરૂ થયેલ ઓચ્છવ દરમ્યાન ભા. સુ, ૧૫ ના દિવસે શ્રી શત્રુંજય મહાતીર્થની ૯૯ અભિષેકની મોટી પૂજા ઠાઠથી બાર વાગે શરૂ થયેલ, સાંજે પાંચ વાગે પૂરી થઈ. ભાવિકજનો મોતીચૂરના લાડવાની પ્રભાવના સાથે સ્વસ્થાને ગયા.

ભા. સુ. ૧૫ ના ૯૯ અભિષેકની શ્રી શત્રુંજય મહાતીર્થની મહાપૂજા પ્રસંગે પૂ. ચરિત્ર-નાયકશ્રીને અપૂર્વ વીર્યોલ્લાસ થવાથી પૂ. ચરિત્રનાયકશ્રીએ રાત્રે પૂજ્યશ્રીના ચરણોમાં માથું નમાવી ભવોદધિ તારિણી ભાગવતી પ્રવજ્યા ન લેવાય ત્યાંસુધી છ વિગઈઓનો ત્યાગ કરાવવા પ્રાર્થના કરી.




श्री वर्द्धमानस्वामिने नमः

આગમજ્યોતિર્ધર

(પૂ. આગમોદ્ધારક શ્રીની જીવનગાથા)

(વિભાગ બીજો)

ખંડ ૨



આગમ જ્યોતિર્ધર
વિભાગ–૨

ખંડ–૨

૨૬	પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા ગ્રહણ માટે સાહસભરી અપૂર્વ તૈયારી	૧૫૩–૧૭૩
૨૭	સંયમગ્રહણની તમન્નાની ચકાસણી	૧૭૪–૧૭૮
૨૮	ચરિત્રનાયકશ્રીની કસોટી ભરી દીક્ષા	૧૭૯–૧૮૨



શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

પ્રકરણ-૨૬

પૂ. શ્રી ચરિત્રનાયકની દીક્ષા ગ્રહણ માટે સાહસભરી અપૂર્વ તૈયારી

પૂ. ચરિત્રનાયકશ્રી પૂર્વજન્મોપાર્જિત પ્રકૃષ્ટ-પુણ્યબળે ધર્મભૂમિ **કપડવંજ**માં ધર્મકેન્દ્ર સમા **દલાલવાડા**માં ઉદાર-ચરિત ધર્માત્મા ભગત તરીકે પ્રખ્યાત વિશિષ્ટ સુશ્રાવક **શ્રીમગનભાઇની** ધાર્મિક હુંફ નીચે આધ્યાત્મિક-જીવનના ઘડતરને મેળવી રહેલા.

પરિણામે ૭-૮ વર્ષની નાની વયથી જ દેવ-ગુરૂ પ્રતિ અંતરંગ-ભાવોલ્લાસભરી પ્રવૃત્તિના માર્ગે વળી શકયા અને ૧૩-૧૪ વર્ષની વયે તો વિશિષ્ટ રીતે સર્વવિરતિ ચરિત્ર માટે યા-હોમ કરી ભગીરથ તૈયારી સારી કરી શકયા-તેનું વર્ણન ચાલે છે.

તેમાં ગત પ્રકરણમાં પૂ. ચરિત્રનાયકશ્રી તીવ્ર-તમન્નાથી સંયમપંથે ધપવાની સફળ તૈયારી માટે કપડવંજથી ઠેઠ બોટાદ જેવા સૌરાષ્ટ્રના મધ્યભાગના ગામે બિરાજમાન પૂ. આરાધ્યપાદ ગુરૂદેવ શ્રી ઝવેરસાગર મ. ના પાવન ચરણકમળોમાં ભગીરથ સાહસભરી રીતે પહોંચી જઈ વિશિષ્ટ ભાવોલ્લાસથી છ વિગઈના ત્યાગ જેવા ઉત્કટ અભિગ્રહની તૈયારી કરતા જોઇ ગયા છીએ....

હવે તે અંગે પૂ. ચરિત્રનાયકશ્રીના ગાઢ વિચારો અને તેની પાછળ રણકતો વૈરાગ્ય કેવો હતો ? તે હવે વિચારીએ

બોટાદમાં પર્વાધિરાજ શ્રી પર્યુષણની સફળ આરાધના નિમિત્તે શ્રીસંઘ તરફથી ઉજવાઈ રહેલ અષ્ટાહ્નિકા મહોત્સવ દરમ્યાન ભાદરવા સુદ ૧૫ની શ્રી શત્રુંજય મહાતીર્થની નવ્વાણું અભિષેકની મહાપૂજા વખતે ઉપજેલ વિશિષ્ટ ભાવોલ્લાસભરી શુભ વિચારધારાના બળે પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂજ્યશ્રીને સાંજના પ્રતિક્રમણ પછી પરિચર્યા દરમ્યાન અવસર મેળવી નમ્ર ભાવે વિજ્ઞપ્તિ કરી કે—

" અપાર ઘોર ભવ-સમુદ્રથી તારનારી દીક્ષા મને ઝટ મળે તે અંગે કુટુંબીજનોના મોહના પાશ છેદવા છ વિગઈના ત્યાગનો અભિગ્રહ આપવા કૃપા કરોને ! "

પૂજ્યશ્રીએ કહ્યું કે "ભાઇ ! તારા કુટુંબીજનો ધર્મરંગે રંગાયેલ નથી, માટે **એકદમ વાતને વધારી દેવાથી અજ્ઞાની માણસોની પક્કડને વેગ મળી જાય છે.** તેથી ધીમા પણ મક્કમ પગલે ચાલવું ઉચિત છે."

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે "સાહેબ ! જીવન વહેતી નદીની જેમ વહેતું જાય છે ! આ સંસારી જીવો તો "**જમને દેવાય પણ જતિને ન દેવાય**" રીત મુજબ અજ્ઞાન-મોહ અને ધર્મની અણ-સમજના કારણે કંઈ અનુકૂળ થાય તેમ લાગતું નથી !"

"મારા પિતાશ્રી તો સંપૂર્ણ સંમત છે, સવાલ એક માત્ર માતાજીનો છે, બાકીના કુટુંબીજનો તો **આંગુલિ-નખ** ન્યાયે હકીકતમાં અંતરથી આધા છે. માટે કૃપા કરી મારા ભાવોલ્લાસને વધારવા-ટકાવવા છ વિગઈનો અભિગ્રહ આપી જ દો !"

પૂજ્યશ્રીએ કહ્યું કે—"ભાઈલા ! પુણ્યવાન છે તું ! કે ચઢતી જુવાનીમાં આવા સદ્વિચારો તને જાગ્યા છે, પણ **રીતસર જો કામ ન આદરાય તો કામ ડહોળાઈ જાય છે,** માટે જરા ધીરતાની જરૂર છે."

"તારા કુટુંબીજનોનો મને પરિચય છે જ ! તારા શ્વસુરપક્ષના લોકો તો મહા-તોફાની છે. તેથી ઉતાવળે પગલું ભરવામાં સાર નથી."

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—"સાહેબ ! **ઊંટના લબડતા હોઠની જેમ** કયાં સુધી આ કુટુંબીજનોના ભરોસે રહેવું ? મને આપ જેવા ધર્મગુરૂ મળ્યા ! મારા જીવનોપકારી પૂ. પિતાજી મળ્યા ! છતાં પણ હું મારા આત્મ-કલ્યાણના પંથે ધપી ન શકું ! તેમાં મારી પુણ્યાઇ કાચી કેટલી બધી ? હવે તો આપ મને જલ્દી સંસાર-પાર-ઉતારણી જિન-દીક્ષાના પથે વાળવા કૃપા કરો." આદિ.

પૂજ્યશ્રીએ રાત્રે ૧૧ા કલાક સુધી સમજાવી જરા આવેશ-લાગણીના ઉત્સાહને શમાવી કર્તવ્ય-નિષ્ઠાના ધોરણે વાતને વાળી ધી અને ગળપણ બે વિગઈ બંધ કરાવી.

જેનાથી માતાના હૈયા પર જરા સચોટ અસર થવાના પરિણામે કંઈક રસ્તો નિકળે !

આ દરમ્યાન કપડવંજથી કાગળ ઉપર કાગળ પૂ. માતાજી અને શ્વસુરપક્ષ તરફથી આવેલ અને ભા. વ. ૩ ના રોજ કપડવંજથી શ્વસુરપક્ષ તરફથી બે ભાઈઓ લેવા માટે આવ્યા, તેથી પૂ. ચરિત્રનાયકશ્રીને પરાણે પૂજ્યશ્રી પાસેથી કપડવંજ જવું પડ્યું.



કપડવંજ ગયા પછી પૂ. ચરિત્રનાયકશ્રીના ધી અને ગળપણના પચ્ચક્ખાણની વાત જાહેર થતાં કુટુંબમાં તથા શ્વસુર–પક્ષે ખૂબ ઉહાપોહ મચી રહ્યો.

પણ પૂ. ચરિત્રનાયકશ્રી નાની વય છતાં પિતાજીનો અંતરંગ સક્રિય સબળ સહકાર હોઈ ટકી રહ્યા.

પૂ. પિતાશ્રીની પ્રેરણાથી પૂ. ચરિત્રનાયકશ્રી પૂજ્ય **શ્રીઝવેરસાગર મ.** સાથે પત્રથી સંપર્ક સાધી પરિસ્થિતિનો ખ્યાલ આપી ગંભીરતા અને ધીરજ સાથે કામ લેવાનું માર્ગદર્શન મેળવતા રહ્યા.

આસો મહિનાની ઓળીમાં પૂજ્યશ્રી પાસે જવા પૂ. ચરિત્રનાયકશ્રીએ ઘણો પ્રયત્ન પૂ. માતાજી પાસેથી સંમતિ મેળવવા કર્યો, પણ સફળતા ન મળતાં તીવ્ર અંતરાય કર્મને હઠાવવા વર્ષ પ્રમાણે એક ધાન્યની અલૂણી ઓળીથી **શ્રી નવપદજીની** આરાધના ચઢતા–પરિણામે કરી.

જેના પરિણામે પૂ. માતાજીએ વાતની પક્કડ જરા ઢીલી કરી કે "ભાઈ! ચારિત્રના પંથે તું જાય તો મને આનંદ છે, મારી કૂખ તેં ઉજાળી કહેવાય! પણ તારી પત્નીનો તેં વિચાર કર્યો? તારા શ્વસુર–પક્ષવાળા એટલા ધર્મપ્રેમી નથી કે સંયમ–ધર્મની મહત્તા વ્યવસ્થિતપણે સમજે! માટે જોઈ વિચારી તું કરજે!"


આટલી વાત સં. ૧૯૪૫ ના આસો સુ. પૂનમ રાત્રે પૂ. ચરિત્રનાયકશ્રીને પૂ. માતાજીની ચરણચંપી કરતી વખતે થવા પામી.

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—"પૂ. માતાજી! બીજા બધાને હું પહોંચી વળીશ. આપ મારા માથે વાત્સલ્યભર્યો હાથ મૂકી આશિષ આપો કે—" **જા બેટા! વિરતિના પંથે જઈ કુળ અજવાળજે!**

પૂ. માતાજીએ પણ ભાવી નિયોગે એકદમ બેઠા થઈ પૂ. ચરિત્રનાયકશ્રીને છાતી સરસા ચાંપી માથે પ્રેમાળ હાથ ફેરવ્યો.

પૂ. ચરિત્રનાયકશ્રી વિષમ કલિકાળમાં શ્રી નવપદજીની શાશ્વત ઓળીની આવી પ્રભાવશાળી અસર નિહાળી શાસન પ્રતિ કૃતજ્ઞભાવે નમી રહ્યા.

થોડીવારે આ સમાચાર પૂ. પિતાજીને પૂ. ચરિત્રનાયકશ્રીએ હરખભેર આપ્યા, એટલે પૂ. પિતાજી તો ખૂબ જ હર્ષવિભોર બની પૂ. ચરિત્રનાયકશ્રીની પીઠ થાબડી મધુર–ભાવથી ભેટી પડયા કે—



"વાહ ! વાહ ! ધન્ય કુલદીપક ! તારી ભાવના અને ધર્મની આરાધના છેવટે ફળવતી થઈ !"

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—"આ બધો પ્રતાપ જિનશાસનનો તેમજ દેવ-ગુરૂનો તથા આપ જેવા સુજ્ઞ વિવેકી-પિતાજીની સુ-યોગ્ય દોરવણીનો છે."

બંને પિતા-પુત્રે અત્યંત આનંદપૂર્વક આસો પૂનમની રાત વીતાવી,

માનસિક રીતે સ્વસ્થતા હોઈ મગનભાઈ અને પૂ. ચરિત્રનાયકશ્રી બંનેએ પૂનમની ગળતી રાતે ૩॥ થી ૪ ના ગાળામાં ભવ્ય દૃશ્ય સ્વપ્નાવસ્થામાં જોયું.

શ્રી મગનભાઈએ દૃશ્ય જોયું કે—"હેમચંદ કો'ક જગ્યાએ ગારામાં ફસાયેલ-તે મગનભાઈ એ બીજા બે-ત્રણ જણાની મદદથી બહાર કાઢવા પ્રયત્ન કર્યો. લગભગ બહાર નીકળી પણ ગયો. એટલામાં ૬-૭ જણાએ ધસીને ફરી હેમચંદને ગારામાં નાંખ્યો. હેમચંદ બેભાન થઈ ગયો, મગનભાઈએ અને બીજી ત્રણ વ્યક્તિઓએ નિરાશ ભાવ વ્યક્ત કર્યો. ત્યાં અચાનક ચમત્કારિક રીતે કો'ક દિવ્ય શક્તિના સંચાર બળે જાણે હેમચંદમાં અપૂર્વ સ્ફૂર્ત્તિ આવી કે ગારામાંથી પથારીની જેમ બેઠો થઈ ગારામાં પટકનારા વિરોધીઓની સામી દિશાએ દોડતો રવાના થઈ ગયો."

પૂ. ચરિત્રનાયકશ્રીએ તંદ્રાવસ્થામાં સ્વપ્ન જોયું કે—"ફૂલની માળા લઈને કો'ક દેવકન્યા ઉભી છે ! પૂ. પિતાજીના ઈશારાથી પોતે ડોક નમાવી કે પેલી કન્યાએ વરમાળા પહેરાવી પણ કો'ક ૪-૫ જણાએ આવી તે માળા ઝુંટવી લીધી, પણ થોડીવારે પૂ. ચરિત્રનાયકશ્રીએ આકાશમાર્ગે આવેલ એક પોથીને હાથમાં લઈ પૂ. પિતાજીના ઈશારાથી દેવકન્યા પાસે રહેલ બીજી પુષ્પમાળા સ્વયં માંગીને પહેરી લીધી. અને આનંદ-વિભોર બની આકાશમાર્ગેથી આવેલ પોથીને વાંદી રહ્યા.

થોડીવારે જાગૃત થયા, પૂ. પિતાજી પાસે આવી વંદના કરી ચરણસ્પર્શ કરી સ્વપ્નની વાત કરી.

પિતાજીએ પણ પોતાના દૃશ્યની વાત કરી.

શ્રી મગનભાઈએ તારણ એમ કાઢયું કે—"હેમચંદ ચારિત્રના પંથે જશે જરૂર ! પણ એક વાર તેમાં નાકામયાબ નિવડશે, છેવટે મહાન શાસન-પ્રભાવક થશે"

આ વાત સાંભળી પૂ. ચરિત્રનાયકશ્રીએ ઉત્તરાસણના છેડે શુકનની ગાંઠ બાંધી.

પછી બંને પિતાપુત્રે રાઈ-પ્રતિક્રમણ કરી અષ્ટપ્રકારી પૂજા-સ્નાત્ર પૂજા આદિ જિનભક્તિ કરી ઓળીનું પારણું સુખરૂપે કર્યું.

આસો વદ ૩ લગભગ બોટાદથી **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** ના **મગનભાઈએ** ઓળી દરમ્યાન લખેલ પત્રનો જવાબ આવ્યો કે "તમે એક વાર યોગ્ય અવસરે રૂબરૂ મળી જાઓ તો ઠીક."

"ભાવતું"તું ને વૈદે કીધું" ની જેમ શ્રી **મગનભાઈ** દિવાળી ટાણું નજીક છતાં અઠવાડિયું પૂ. ગુરૂદેવશ્રીના ચરણોમાં રહી આવવાના ઈરાદે આસો વદ-૫ રવાના થઈ વદ-૭ બપોરે **બોટાદ** પહોંચ્યા.

પૂજ્યશ્રીએ **મગનભાઈની** ધાર્મિક-વૃત્તિના બહુમાન સાથે ધાર્મિક-આવકાર આપ્યો.

પૂજા આદિ પત્યા પછી બપોરે **મગનભાઈએ** પૂજ્યશ્રી પાસે હૈયું ઠાલવ્યું અને **હેમચંદે** એક દ્રવ્ય એક ધાન્યથી અલૂણી આંબિલની ઓળી નવપદજીની કરી. પરિણામે પૂનમ રાત્રે તેની બાના પરિણામ કૂણા થયાની વાત બધી જણાવી.

પછી પૂનમ રાત્રે પોતાને અને **હેમચંદને** આવેલ સ્વપ્નની વાત કરી.

પૂજ્યશ્રીએ આ બધું સાંભળી શાસનોદ્યોતના સૂર્યોદયની પ્રાથમિક-ભૂમિકાના આમાં દર્શન થયાં હોઈ શુકનની ગાંઠ બાંધી.

હવે **હેમચંદમાં** રહેલ ઉદાત્ત આત્મબળ અપૂર્વ રીતે શાસન-પ્રભાવના અને કલ્યાણના પંથે અવશ્ય વિકસ્વર બનશે જ! એમ ધારણા દૃઢ કરી.

એવી પ્રતીતિ થતાં **મગનભાઈને** પૂજ્યશ્રીએ હાર્દિક અભિનંદન આપ્યા.

મગનભાઈએ પૂજ્યશ્રીને વિનવ્યા કે "હવે કૃપા કરો આપ! તે બાજુ પધારો ને અમારા બેનો ઉદ્ધાર કરો!"

"આ સંસારના કીચડમાં કયાં સુધી અમે રીબાઈશું! આપ જેવા મહાધુરંધર ગુરૂ મહારાજ છતાં-ખૂબ જ ગંભીરપણે મારી આજીજીભરી વિનંતિ પર જરા ધ્યાન આપો!"

પૂજ્યશ્રીએ જણાવ્યું કે-"મારી પેટની તકલીફે હવે માઝા મુકી છે. લાંબો વિહાર હવે શકય નથી."

"હજી અહીંના દેવદ્રવ્ય આદિના વહીવટીતંત્રની ચોખ્ખાઈ માટે પજુસણમાં ખૂબ કહેવાયેલ છે. શ્રીસંઘ ના પાંચ આગેવાનોને ઘીની અગડ આપી છે. સાથે મારે પણ ત્યાં સુધી અહીં રહેવું પડે તેમ છે."

"ચોમાસા પછી આ હિસાબી કામ અંગે બે'ક મહિના કદાચ રહેવું પડે તેમ છે. તેથી મારા આવવાની વાતનો બહુ વિચાર ન કરતાં તમે મહાભાગ્યશાળી છો કે આવા મહાભાગ્યશાળી સંસ્કારી પુત્રના તમે પિતા છો! તમે હવે જરા માનસિક-ધીરતા કેળવો! મોહના પડલતળે અજ્ઞાનીઓની ઘડાતી યોજનાઓનો હવે ભાંગીને ભૂકકો જ થવાનો."

"તમે હિંમત કરી શાસનના ચરણે જવા ખૂબ જ પ્રયત્નશીલ બનો!"

શ્રી મગનભાઈ એ કહયું કે-"સાહેબ! આપની વાત અક્ષરશઃ સાચી છે.!"

"આ સ્વપ્ન અને દશ્ય જોયા પછી મને પણ એમ લાગે છે કે-ભાવી શુભ સંકેત છે! મારે અને **હેમચંદને** આત્મિક-શ્રેય સાધવાની તક આવી લાગી છે."

"પણ સાહેબ! મારો પથારો હજી ઘણો પથરાયેલ છે, તે સંકેલતાં બેવર્ષ થાય તેમ છે."

"તેમજ **હેમચંદની** બાના માનસ પર પતિ અને પુત્ર બેના વિરહની વ્યથા આખરે તેના માનસને વધુ બળબળાવી મૂકે, માટે જરા કળથી કામ લેવું જરૂરી છે, **હેમચંદને** હવે સંસાર કારાવાસથી વધુ ભયંકર ભાસ્યો છે. તેથી યોગ્ય-ઉપાયથી **હેમચંદને** આપના ચરણે ધરી દેવા ભાવના છે."

"પછી યોગ્ય સમયે હું પણ સંસારની માયા સંકેલી તુર્ત શાસનના ખોળે આવી જવા માંગું છું."

પૂજ્યશ્રીએ **મગનભાઈની** વાત વ્યવહારૂ અને સંગત લાગવાથી તે રીતે કરવા પ્રેરણા આપી.

પછી **મગનભાઇ** બીજી તાત્વિક-વાતો કરી બે દિવસ રહી આસો વદ-૯ બપોરે નિકળી વદ-૧૧ સાંજે **કપડવંજ** પાછા આવી ગયા.

પૂ. ચરિત્રનાયકશ્રીએ ઉમંગભેર પિતાજીની એકાંતમાં મુલાકાત લીધી કે—"સંયમી જીવનનો રસ્તો પૂ. ગુરૂદેવે શો બતાવ્યો?" ઉમંગપૂર્વક બધી વાત સાંભળી.

પૂ. ગુરૂદેવ અને પિતાજી પોતાને ટૂંક સમયમાં ચારિત્રના પંથે મુસાફર બનાવવા પ્રયત્નશીલ છે, એ જાણી પૂ. ચરિત્રનાયકશ્રી ખૂબ ઉત્સાહી બન્યા.

પૂ. ચરિત્રનાયકશ્રીને કા. સુદમાં પેટનો દુખાવો શરૂ થયો. જેની ચિકિત્સા ખૂબ કરાવી છતાં માગ. સુદ–૩ સુધી ઠેકાણું ન પડ્યું. તે દર્દે ઉપાડો લીધો. તાવ અવારનવાર આવવા લાગ્યો.

મગનભાઇએ સંતિકરં ને ત્રિકાળ ત્રણવાર ગણી મંત્રેલ પાણીનો પ્રયોગ માગ. સુ. ૫ થી શરૂ કર્યો. પરિણામે માગ. સુ. ૮ સર્વથા રોગમુક્ત થયેલ પૂ. ચરિત્રનાયકશ્રીએ માગ. સુ. ૧૧ નો મૌન ઉપવાસ સાથે પૌષધ કર્યો.

આ દરમ્યાન બોટાદથી પૂજ્યશ્રીનો ચારિત્રના ભાવ–પરિણામને વધારવા સૂચવાયેલ અધ્યાત્મ કલ્પદ્રુમના બીજા, પાંચમા, આઠમા અને નવમા અધિકારનું તથા **યોગશાસ્ત્રના** ૧ થી ૪ પ્રકાશનું તથા **શ્રી વીતરાગ સ્તોત્રનું** વાંચન પૂ. પિતાશ્રી પાસે ચરિત્રનાયકશ્રીએ માગ. સુ. ૩ થી શરૂ કરેલ.

તેના વાંચનના પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રીની વિચારધારા અપૂર્વ વીર્યોલ્લાસથી રંગાવા માંડી.

પો. સુ. ૧૦ રાત્રે પૂ. પિતાશ્રીના ચરણોમાં માથું મૂકી સંસાર–વાસનાના દુઃખનું નિવેદન અંતરના કરૂણ ડુસકાંઓ અને ચોધાર આંસુથી વ્યક્ત કર્યું.

મગનભાઈએ પુત્રની ચારિત્ર અંગેની સંવેગ–ભરી ઉત્કટ ભાવના નિહાળી અંતરથી ખૂબ પ્રમુદિત બની આશ્વાસન આપી કર્ત્તવ્ય–નિર્દેશ કર્યો કે—"ભાઈ! હવે તો તું ઉંમરલાયક થઈ ગયો છે સંસારી–જનો તને હવે સંસારના બંધનમાં જકડી રાખી શકતા નથી."

"તારા હૈયાના વિકટ વૈરાગ્યને રહેણી–કરણી દ્વારા પિંજરામાં પૂરાયેલ પંખીની પાંખોના તડફડાટની જેમ વ્યક્ત થવા દે. સંસારી માણસો મોહાધીન છે, તેઓમાં સમજશક્તિ અલ્પ હોય છે. માટે ધીરતાપૂર્વક આપણા ઉદાત્ત–વિચારોને કર્તવ્યના માધ્યમથી વ્યક્ત થવા દે."

"થોડું ડોળાણ ભલે થાય ! પણ વલોણું થયા વિના માખણ ન નિકળે."

"હું અંદરથી તારા પડખે છું, પણ વ્યવહારૂ-નીતિ પ્રમાણે બહારથી તારી વાતોનો વિરોધ દર્શાવી સરવાળે તારા માર્ગને સરળ બનાવવા માટેની ચાણક્ય-નીતિનો ઉપયોગ નછૂટકે હવે વધુ-પ્રમાણમાં કરવો પડશે."

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—"પૂ. પિતાજી ! આપ ફરમાવો તે રીતે હું મારા જીવનને વાળું ! શું શું મારે કરવું જોઈએ ?"

મગનભાઈએ કહ્યું કે—"વત્સ ! પ્રથમ તો તારી બા પાસે આસો સુ. પુનમની રાતની વાત યાદ કરાવી આજીજીપૂર્વક સંયમપંથે જવાની અનુમતિ માંગવી."

"વળી પ્રભુ-પૂજનમાં ખૂબ ધીરતાપૂર્વક ત્રણ-ચાર કલાક ગાળવા."

"બપોરે ત્રણ-ચાર સામાયિક ઉપાશ્રયે જઈ કરવાં."

"જમવા વગેરેમાં સ્વાદેન્દ્રિયનો વિજય કરી બધું ભેગું કરી જમવું. સારી ચીજોનો સ્વેચ્છાએ ત્યાગ કરવો."—

—"આદિ બાહ્ય-આચારોથી તારા હૈયામાં રહેલ વૈરાગ્યને બહાર પ્રકટવા દે ? જેથી મોહાકુલ સંસારી-જીવોને તારી સંયમ લેવાની વૃત્તિનો પરિચય મળે !"—

—આદિ વાતોથી મગનભાઈએ પૂ. ચરિત્રનાયકશ્રીના ગુંચવણભર્યા માનસને વ્યવસ્થિત રીતે શાંત કર્યું.

પૂજ્યશ્રીના પત્રો પણ અવારનવાર આવતા, જેમાં વિવિધ ધર્મોલ્લાસભરી પ્રેરણાઓ આવતી.

એકાદવાર એવું ગર્ભિત સૂચન પણ હતું કે, "તારા પિતાજીની સંમતિ લઈ જરા હિંમત દાખવી સાહસ કરવાની જરૂર છે."

"નહીં તો સંસારી જીવો કદી સ્વેચ્છાએ સંયમપંથે જવાની અનુમતિ આપે તે સંભવિત નથી."

"માટે તારા પિતાજી કહે તેમ જરા ઝુકાવી દેવાની જરૂર છે."

"विना साहसं न सिद्धिः" જોખમ ઉઠાવનારો જ સમૃદ્ધિ મેળવી શકે" આદિ કહેવતની જેમ જીવનમાં "या होम करीने पडो तो फत्तेह छे आगे" "हिंमते मर्दा तो मददे खुदा" આદિ લૌકિક સૂક્તિ-ઓના આધારે સાત્વિક-પુરૂષાર્થ પૂર્વક સંયમ-પંથે ઝુકાવી દેવા પિતાજીની સંમતિ મુજબ યોગ્ય કરશો."

—આદિ અવારનવાર ધર્મપ્રેરક અનેક વિચારો મળવાથી પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂ. પિતાજી આગળ માહ સુ-૫ રાત્રે અજ્ઞાત રીતે અહીંથી છટકીને પૂજ્યશ્રી પાસે પહોંચી જઇ સંયમ લઈ શકાય કે કેમ! તે અંગે પોતાની ધીરતાભરી વાત રજૂ કરી.

મગનભાઈએ સંયમોત્સુક બનેલ કુલદીપક પુત્રની ઉદાત્ત-મનોભાવનાથી ખૂબ જ આહ્લાદિત બની પૂ. ચરિત્ર-નાયકશ્રીને છાતી સરસા ચાંપી માથા અને પીઠ પર વાત્સલ્યભર્યો હાથ ફેરવવા પૂર્વક હર્ષાવેશના આંસુ સાથે કહ્યું કે—

"બેટા! ખરેખર હું આટલી મોટી વયે પણ આવો ઉલ્લાસ મેળવી શકતો નથી! ધન્ય છે તારા પુણ્યવાન આત્માને! વિકટ પરિસ્થિતિમાં અનિષ્ટ પરિણામોની સામે ઝઝુમવાની તત્પરતા સાથે નાની વયમાં પણ પ્રભુ-શાસનના સંયમને પામવાની આવી તારી દૃઢ તમન્ના નિહાળી ગજગજ હૈયું મારું ઉછળે છે!

"વાહ કુળદીપક! વાહ! તારી ભાવનાને હૈયાના ઉંડાણથી આવકારૂં છું."

"બેટા! **ગુંચવાયેલ કોકડું ઉકેલવા જતાં વધુ ગુંચવાય છે,** ત્યાં તો કાતર મુકયે જ છુટકો! તારી ઉચ્ચકક્ષાની ભાવનાને મારો સક્રિય સંપૂર્ણ ટેકો છે."

"હું તારી આ જાતની તત્પરતા નિહાળવાની શુભ ઘડીની રાહ કયારનો જોઈ રહ્યો હતો! આજ મારા પુણ્યના ઉદયે તારી આવી તત્પરતા નિહાળી હું ખરેખર કૃતાર્થ બન્યો છું."

"બેટા! હવે તું નિશ્ચિંત રહે! આ અંગે મધ્યમમાર્ગે ઉચિત-સાહસ દ્વારા જલ્દી સિદ્ધિ થાય તેવી ગોઠવણ કરું છું."

"જેથી ટૂંક સમયમાં તું સંસારના બંધનોથી મુક્ત થઈ શકીશ."

આ પ્રમાણે માહ સુ. ૫ ની રાત્રિ પૂ. ચરિત્રનાયકશ્રી માટે ખૂબ જ યાદગાર યશસ્વી અને પવિત્ર નિવડી.

ખૂબ આનંદભેર સર્વવિરતિના પંથે જવાના ઉદાત્ત અરમાનના મીઠાં-મધુરાં સોણલાં નિહાલતા પૂ. ચરિત્રનાયકશ્રી સંથારા-પોરસી દ્વારા આત્મશુદ્ધિનું બધુ બળ મેળવી શયનખંડમાં ગયા.

મગનભાઇને પૂ. ચરિત્રનાયકશ્રીના ગયા પછી વિચારોનું તુમુલ દ્વંદ્વ ચાલ્યું.

ઘરમાંથી શ્રાવિકાનું વલણ આસો સુદ પૂનમથી નરમ થયેલું છતાં હેમચંદે ૮-૧૦ દિવસ પૂર્વે જ્યારે આસો સુ. ૧૫ ની વાતની યાદ દેવડાવી સંયમપંથે જવા માટેની સંમતિની વાત કરેલ ત્યારે ગાઢ સંચિત મોહના જોરે વાઘણની જેમ છંછેડાઈને શ્રાવિકાએ પૂ. ચરિત્રનાયકશ્રીને દબડાવેલા અને વાતાવરણમાં ભારે કલુષિતતાનું ડોળાણ આખા કુટુંબમાં ફેલાયેલ.

તે બધું વિચારતાં મગનભાઇ ભારે વ્યથિત બન્યા.

પોતાની સ્થિતિ "**સૂડી વચ્ચે સોપારી**"ની જેમ નાજુક બની રહી.

"**એક બાજુ નદી બીજી બાજુ વાઘ**"ની જેમ મગનભાઈ રાત્રે શાંતિથી ઉંઘવાના બદલે પ્રશસ્ત વિચાર-ધારામાં ચઢી ગયા.

એક તો શ્રાવક તરીકે પિતા તરીકેની પવિત્ર ફરજ! બીજી બાજુ પુત્રની દીક્ષાની ખુલ્લી હિમાયત કરવામાં પુત્રની દીક્ષાનાં દ્વાર સદાના માટે ભીડાઈ જવાનો ડર તથા અધુરામાં પુરૂં શ્રાવિકાએ પુત્ર-વધુને હાથ પર લઇ તેના માતા-પિતા કે જેઓએ પૂ. ચરિત્રનાયકના કુળની અપેક્ષાએ ધાર્મિક-સંસ્કારોની દૃષ્ટિએ ખૂબ જ પછાત હોઈ ઉશ્કેરણી કરી માર્ગને વધુ વિષમ બનાવેલ.

આ બધી ગડમથલમાં રાત્રે ૧૧ા વાગે દેવગુરૂનું શરણ લઈ **મગનભાઈએ** ઘીનો દીવો કરી **કેશરીયાજી**ના ફોટા સમક્ષ ત્રણ બાંધી માળા ગણી આર્ત્તભાવે શાસનદેવને પ્રાર્થના કરી કે—"મારા કુલદીપકની દીક્ષા નિર્વિઘ્ને થઈ જાઓ."

આંખો મીંચીને **મગનભાઈએ** હાર્દિક કામના વ્યક્ત કરી.

થોડીવારે સામે તેજવર્તુલ દેખાયું, જેમાં તેજસ્વી અક્ષરોએ "**હિંમત કર! સફળતા મળશે.**"નું લખાણ વાંચી હૈયામાં ખૂબ આનંદ થયો.

ત્રણ વાગે **મગનભાઈ** આનંદપૂર્ણ સ્થિતિમાં સૂઈ ગયા.



સવારે પોતાના પરમ-ધર્મમિત્ર શ્રી **શંકરલાલ વીરચંદભાઇને** ઘરે બોલાવી ૭ થી ૯ ના ગાળામાં ખૂબ ગંભીર વિચારણા કરી.

જેનું તારવણ પત્ર રૂપે લખી **બોટાદ પૂ. શ્રી ઝવેરસાગરજી મ.**ને વિગતથી પત્ર લખ્યો.

જેનો ભાવાર્થ ટૂંકમાં એ હતો કે—"**હેમચંદને** ગમે તેમ કરી આપની પાસે મોકલું તેને તુર્ત આપ દીક્ષા આપવા મહેરબાની કરો." આદિ.

માહ સુ. ૧૦ લગભગ પૂજ્યશ્રીએ ગર્ભિત સંમતિ છતાં **હેમચંદની** બરેબર તૈયારી કેવી છે ? તેની બાનું વલણ કેવું છે ? આદિ પરિસ્થિતિનો ખ્યાલ પૂછાવ્યો.

મગનભાઈએ પૂ. ચરિત્રનાયકશ્રીના મનની સ્થિતિનો ખ્યાલ તેની જ પાસે પત્ર લખાવી પૂજ્યશ્રીને જણાવ્યો.

"બીજા સગા-સંબંધીઓની વાતમાં ખાસ તથ્ય નથી. માત્ર **હેમચંદના** શ્વસુરપક્ષવાળાનો થોડો ભય છે. પણ આપ સમર્થ-ગીતાર્થ જ્ઞાની છો ! શાસનના પુણ્યે વાંધો નહીં આવે !" એમ **મગનભાઈએ** પૂજ્યશ્રીને પત્રથી જણાવેલ.

માહ વદ-૫ લગભગ પૂજ્યશ્રીનો પૂર્ણ સંમતિ-દર્શક પત્ર આવી ગયો કે—"**હેમચંદને** અહીં મોકલો ! યોગ્ય રીતે કામ પતી જશે."

આ પત્રથી **મગનભાઇ** ખૂબ પ્રસન્ન થયા. ધર્મમિત્ર શ્રી **શંકરભાઈ વીરચંદ** સાથે કલાકો સુધી મંત્રણા કરી.

પૂ. ચરિત્રનાયકશ્રી પણ ખૂબ આનંદોલ્લાસથી ભરપૂર બન્યા કે, હવે સંસારના કેદખાનાથી છૂટવા મળશે. તેઓ પણ પોતાની બુદ્ધિ પ્રમાણે કલ્પનાના અશ્વ પર બેસી વિચાર-ચંક્રમણિકા કરતા રહ્યા.

છેવટે માહ વદ-૮ ના રોજ પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂજ્યશ્રીને **લીંબડી** પત્ર લખી પોતાનો છેલ્લો નિર્ધાર વ્યક્ત કર્યો.

શ્રી મગનભાઈએ પણ **શંકરભાઈની** ધર્મસ્નેહ ભરી દોરવણીના આધારે બધું વ્યવસ્થિત ગોઠવી પૂ. ચરિત્રનાયકશ્રીને વદ ૧૩ ના મંગળ મુહૂર્ત્ત બધી વાત કરી-વદ ૧૪ના પૌષધમાં આખી યોજના સ્પષ્ટ રીતે સમજાવી.

જે સાંભળી પૂ. ચરિત્રનાયકશ્રી ખૂબ આનંદોલ્લાસથી પૂ. પિતાજીના ચરણોમાં માથું નમાવી પિતાજી ઉપરાંત ધર્મનાયક તરીકે પોતાને સંસારથી છોડાવનાર તરીકે ખૂબ ખૂબ કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કર્યો.

ફા.સુ. ૧ રાત્રે બધી યોજના સાંગોપાંગ પાર ઉતરે એવી ગોઠવણી પૂ. ચરિત્રનાયકશ્રીએ કરી, બેસતા મહિને પૂ. પિતાજી સાથે **શ્રી ચિંતામણિદાદાના** દહેરે ઠાઠથી સ્નાત્ર ભણાવી શાંતિકળશ કરી તેની સામે ઘીના દીવા સાથે નવસ્મરણ ગણી તે પાણી માથે અને છાતીએ લગાડી સંયમધર્મની નિર્વિઘ્ન પ્રાપ્તિ થાઓ તેવો શુભ સંકલ્પ કર્યો.

પછી શ્રી **અજિતનાથ પ્રભુના** દહેરે સ્નાત્ર ભણાવી વિવિધ પુષ્પોની અંગરચના કરાવી.

શ્રી વાસુપૂજ્ય સ્વામીના **પૈતૃક-દહેરે** ૧૦૮ ગુલાબના પુષ્પોને શ્રી નવકાર ગણવા સાથે પ્રભુજીને ચઢાવી ભાવ-ભક્તિ સાથે ચૈત્યવંદન કરી " ॐ ह्रीं णमो चारित्तस्स " ની ૨૦ માળા પૂ. ચરિત્રનાયકશ્રીએ ગણી.

ઘરે આવી ધાર્મિક-ક્રિયાની ઓરડીમાં જઈ પૂ. શ્રી **અવેરસાગરજી મ.**ના ચિત્રને વંદના કરી તેમની સમક્ષ ૭ નવકાર ગણી નિર્વિઘ્ને આપના ચરણમાં પહોંચાય તેવા ભાવથી વાસક્ષેપ પૂ. પિતાજી પાસે નંખાવ્યો.

પછી સામાયિક કર્યું. જેમાં ૭૦ લોગસ્સનો ને ૧૭ લોગસ્સનો અને ૧૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કર્યો. પછી ૧ બાંધી માળા ગણી આંબિલ કર્યું.

બપોરે ૩ થી ૪ માં પૂ. પિતાજી પાસેથી સંયમપંથે વિચરવા અંગેની યોગ્ય હિતશિક્ષા મેળવી જીવનને ધન્ય બનાવ્યું.

સાંજનું પ્રતિક્રમણ પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂ. પિતાજી અને પોતાના મહાન ધર્મોપકારી શંકરભાઈની નિશ્રાએ ભાવોલ્લાસ સાથે કર્યું.

પ્રતિક્રમણ પછી મગનભાઈ ને શંકરભાઇની વાત વિચારણા દરમ્યાન પોતાના પ્રતિ બંને વડિલોનો કેટલો આત્મિક સ્નેહ છે ? તે અંગે બંને વડિલોને મનોમન ખૂબ આદરભાવ કેળવી પૂર્વ-નિયોજિત યોજના મુજબ હા વાગે પૂ. ચરિત્રનાયકશ્રીને પિતાજીએ સૂઈ જવા સૂચવ્યું.

પૂ. ચરિત્રનાયકશ્રીને સંયમના મનોરથોની વણઝારમાં ઊંઘ ન આવી, થોડી તંદ્રા જેવું લાગ્યું. જેમાં પોતે કયાંક ઊંચા ગિરિશિખરો પર એક ભાઈની સહાયતાથી ચઢી રહ્યાનો ભાસ થયો.

અગ્યાર વાગ્યા એટલે પિતાજીની સૂચના મુજબ હાથ-પગ ધોઈ શુદ્ધ-વસ્ત્ર પહેરી ધાર્મિક ઓરડીમાં આવી પિતાજીના મુખથી શ્રી ગૌતમસ્વામીજીનું અષ્ટક માંગલિક રૂપે સાંભળ્યું, પછી ઘીનો દીવો કરી ૨૭ નવકાર અને ૨૭ ઉવસગ્ગહરં ગણ્યા, ઉંચે શ્વાસે ૭ નવકાર ગણી પિતાજીના ચરણે હાથ મુકી ભાવ-વાત્સલ્યભરી આશિષ મેળવી તે દિવસે મંગળવાર હોઈ ચોથા લાભ ચોઘડિયે ૧૧-૩૭ મિનિટે પિતાજીનો વરદ હાથ માથે મુકાવી ઘરેથી રવાના થઈ શંકરભાઈ વીરચંદના ઘરે પહોંચ્યા.

શંકરભાઈ પણ મોહના તોફાનમાંથી એક જીવને છોડાવવાના પવિત્ર કાર્યમાં વિઘ્ન ન આવે તે માટે ઘીનો દીવો કરી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ સમક્ષ નવસ્મરણ અને પાંચપદની અનાનુપૂર્વી (૭ વાર ગણી) ભાવમંગળની અર્જના કરી તૈયાર થયા હતા.

પૂ. ચરિત્રનાયકશ્રી તેમના ઘરે આવ્યા એટલે તેમને પોતાના ધાર્મિક-ઓરડામાં જરા વાર બેસાડી પોતે પ્રવાસની તૈયારી કરી જાણકારે આપેલ મુહૂર્ત પ્રમાણે ઉપડતા-શ્વાસે ૧૨-૨૩ મિનિટે સંયમ અંગેની મંગળ-યાત્રાના પ્રવાસની શુભ શરૂઆત કરી.

દલાલવાડાના દરવાજામાં ઉભા રહી સર્વ કાર્યોમાં શુકનવંતા ગણાતા શેઠ મીઠાભાઈ ગુલાલચંદનું નામ તેમના ઉપાશ્રયના નિમિત્તે સ્મરી ૭ નવકાર ગણી રવાના થયા. ગાયના શુકન લઈ શ્રી ચિંતામણીદાદાના દહેરાસર આગળ સંયમની નિર્વિઘ્ન પ્રાપ્તિ થવાના શુભ આશયથી પૂ. ચરિત્રનાયકશ્રી પાસે ૭ નવકાર ૩ ઉવસગ્ગહરં ગણાવી કડીયા-મસ્જિદ થઈ પશ્ચિમ સન્મુખ ગલીએ ચાલ્યા.

આખા કપડવંજમાં મધ્ય-રાત્રિનો સોંપો પડેલ, દૂર-સુદૂરથી રોન મારતા "**જાગતા રે'જો**"ના અવાજો, ગળાના ઊંચા ખોંખારા, તથા રક્ષા-દંડના ઠમકારા અને કયારેક કૂતરા ઓના ભસવાના વિચિત્ર અવાજો વાતાવરણની નીરવતાને ભેદતા હતા.

આ રીતે **અમદાવાદ** જવાના ઈરાદે **કપડવંજ** શહેરની આસપાસના પાકી કીલેબંધ કોટના નદી દરવાજા તરફ શંકરભાઈની હૂંફ તળે પૂજ્ય ચરિત્રનાયકશ્રી ધીમા પણ મક્કમ પગલે વધી રહ્યા.

કુદરત જોઈ રહી હતી કે સમસ્ત સંસારને ભવસમુદ્રથી પાર ઉતારવાની શક્તિ ધરાવનાર જિનશાસનનો એક મહારથી સૈનિક બનવાની યોગ્યતાવાળો પુણ્યશાળી જીવ સંયોગવશ અંધાર-પછેડાનો લાભ લઈ હિંમતભેર ધનસમૃદ્ધિ, સ્ત્રી, માતા, પિતા આદિ કુંટુબની બહોળી જંજાળને કપડા પર વળગેલા તણખલાની જેમ ખંખેરી દઈ ત્યાગ–વૈરાગ્યના પંથે સંયમના ઉચ્ચતમ શિખરો સર કરવા જઈ રહ્યો છે.

થોડીવારે નદી દરવાજા નજીક પહોંચ્યા, પણ તોતીંગ દરવાજા બંધ હતા. ચોકીદાર એક બાજુ બંદૂકને ઉભી કરી બેઠો બેઠો તંદ્રાવશ ઝોલાં ખાતો હતો.

કાયદા–કાનૂનની રીત રસમ પ્રમાણે રાત્રે બંધ થયેલ નગરકોટના દરવાજા ઉચ્ચ–અધિકારીની ખાસ મંજૂરી વિના ઉઘડવાની શકયતા ન હોઈ "**સમય વર્તે સાવધાન**" ની નીતિ અપનાવી શંકરભાઈ કોટના દરવાજાની ડાબી તરફ ગંદા પાણીના પ્રવાહને વહી જવા માટે બનાવેલ મોટા નાળા તરફ વળ્યા, જેમાં ભૂંગળાં ગોઠવેલ અને આસપાસ ઝાડીઝાંખરાં કચરો અને અપાર દુર્ગંધ ભરેલ તેમાં થઈને શહેર બહાર જવાના ઉપાય સિવાય અંધારી રાતે બહાર જવાય તેમ ન હોઈ શંકરભાઈએ પૂ. ચરિત્રનાયકશ્રીને કાનમાં કહ્યું "ભાઈ! વાત આ રીતની છે! છે હિમ્મત! દુર્ગંધને સહન કરવાની, ગંદકી, કીચડ અને ઝાંખરામાંથી હિમ્મત-ભેર પસાર થવાની તૈયારી છે ને?"

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે– "આ સંસારના ભયંકર કારાવાસમાંથી છૂટવા માટે તમે સાક્ષાત્ નરકાવાસમાંથી પસાર થવાનું કહો તોય મને મંજુર છે! તમારા જેવા મારા ભવભવના ઉપકારી કોણ મળે? કે મને આ રીતે આ સંસારના કેદખાનાથી છોડાવવા આટલી ઉમંગભેર સહાય આપે."

"માટે કાકા! આપ આગળ અને હું પાછળ! મારી ચિંતા ન કરો. આપને મારી ખાતર થોડી દુર્ગંધ સહન કરવા આદિની તકલીફ ભોગવવી પડશે, તે બદલ હું આપનો એ:શિંગણ બની રહ્યો છું."

શંકરભાઈ બોલ્યા કે–"બેટા હેમુ! તું આ શું બોલ્યો? મારે ધોળા થવા આવ્યા તોય હજી આ વિષ્ટા ચુંથવાની પ્રક્રિયા છોડાતી નથી. તું હજી દૂધ–મુંહો ગણાય! જુવાનીના દોર પણ હજી કૂટયા નથી, ત્યાં આવી ધીરતા અને ગજબની હિમ્મત કેળવી પ્રભુશાસનના સંયમ

પંથે જવા તમન્નાભેર જઈ રહ્યો છે, તારા આ દિવ્ય પુરુષાર્થ આગળ માથું અદ્‌ભુત ગુણાનુરાગથી ઝુકી જાય છે."

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે– "એ બધો પ્રતાપ જિનશાસનનો, દેવગુરૂનો અને મારા પરમોપકારી અને પૂ. પિતાશ્રીનો અને તમારા જેવા ધર્મબંધુનો !

આ સાંભળી નાની વયે પણ અજબ પ્રૌઢ–વિવેક બુદ્ધિવાળા પૂ. ચરિત્રનાયકશ્રીને **શંકરભાઈ** હૈયાથી બિરદાવી રહ્યા.

પછી વદ પક્ષના ઝાંખા ચંદ્રના અજવાળે રસ્તો બરાબર કંઈ ન સૂઝે, મીણબત્તી અને દીવાસળીની પેટી **શંકરભાઇએ** અગમચેતીથી સાથે લીધેલ, તેથી મીણબત્તી વારંવાર પ્રકટાવી પૂ. ચરિત્રનાયકશ્રીનો હાથ પકડી ધીમે ધીમે નાળામાં ઉતર્યા.

તેમાં ૮–૧૦ દિ' પૂર્વે થયેલ માવઠાના હિસાબે ગારો કાંજી એવા જામેલા કે ઉપરથી કંઈ સમજ ન પડે અને પગ મૂકતાં જ અંદર ગરક, શંકરભાઈ અને પૂ. ચરિત્રનાયકશ્રી બંને પરસ્પર એકબીજાના પૂરક બની નાળાના સાંકડા ભાગને સંકોચી કયાંક બેઠાબેઠા પસાર થઈ કયાંક ઉપર માથામાં વાગે, કયાંક કાંટાઓના ઝાંખરાથી શરીરે–કપડે ઉઝરડા થાય, પણ પૂ. ચરિત્રનાયકશ્રી–સંયમ મેળવવો કેટલો કઠિન છે ? પૂર્વની પુણ્યાઈની કચાશથી સંયમ આડે કેવા આડ અંતરાયો–વિઘ્ન હોય છે ? તે હઠાવવા દિવ્ય–પુરૂષાર્થની કેટલી જરૂર છે ? આદિ વિચારતાં અર્ધા કલાકે લગભગ નાળાની બહાર આવી લાગ્યા, વચ્ચે થોડું ગંદુ પાણી જેમ તેમ પસાર કરી આડ રસ્તે થઈ મહોર નદીના કાળમીંઢ પત્થરો અંધારી રાત્રે કૂદી પાસેની ભેખડને પકડી ધીમે ધીમે ઉપર ચઢી નદી–દરવાજાની બહાર અમદાવાદ તરફ જતા ધોરી માર્ગ ઉપર પહોંચી ગયા. શંકરભાઇએ સીસોટી મારી કે જમણેથી સીસોટીનો જવાબ મળ્યો.

પૂર્વ–નિયોજિત યોજના પ્રમાણે શંકરભાઇએ ભગાજી નામે સાંઢણીવાળાને સુંદર બેઠકવાળી પવનવેગી સાંઢણી લઈ તૈયાર રાખેલ તે તુર્ત સાંઢણી લઈ હાજર થયો.

સાંઢણી નીચે બેઠી કે સવાર આગળ બેઠો. તેની પાછળ પૂ. ચરિત્રનાયકશ્રી ૭ નવકાર ગણી બેઠા એટલે શંકરભાઈ પોતે પણ પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષાના કાર્યને સુખરૂપ પતાવવાના શુભ આશયથી "**સત્યને પક્ષે કુદરત પણ અનુરૂપ થઇ રહે છે**"ની ધારણા મુજબ પૂ. ચરિત્રનાયકશ્રીની પાછળ સાંઢણીપર બેસી ગયા ને તુર્ત સાંઢણીને **અમદાવાદ** તરફ

હુંકારવા સવારને સૂચના કરી અને સાંઢણી અંધારામાં પણ સ્વારીની સમયસૂચકતા જાણકારીને વફાદાર હોઈ સડસડાટ આગળ વધી.

આંતરસૂબા, અજમાવતકોટ, બહીયલ, રાયપુર થઈ સવારના ૪ વાગે **નરોડા** પહોંચી ગયા, ત્યાં થોડો વિશ્રામ કરી **અમદાવાદ** તરફ પ્રયાણ કર્યું. બ્હોં–ઝાંખણીયા અજવાળા ટાણે ઠેઠ **અમદાવાદની** ભાગોળે પહોંચી ગયા.

ત્યાં સાંઢણી–સવારને ઠરાવેલ ભાડાની રકમ કરતાં દોઢા પૈસા અને બક્ષીશ સારી આપી કોઈને વાત–જાણકારી ન કરવાની ભલામણ કરી સાંઢણીવાળાને છૂટો કર્યો.

શંકરભાઈ ૭ નવકાર અને ત્રણ ઉવસગ્ગહરં પૂ. ચરિત્રનાયકશ્રી પાસે ગણાવી સીધા રસ્તે આવી પહોંચ્યા. નિર્વિઘ્ન રીતે ધર્મકાર્ય પતે એ શુભ આશયથી શંકરભાઈએ **ગોમતીપુરમાં** ભોંયરામાં બિરાજતા પ્રાચીન **શ્રી શામળા** પાર્શ્વનાથનાં દર્શન કરવા પૂ. ચરિત્રનાયકશ્રીને લઈને ગયા.

ત્યાં હરખભેર ગહુંલી કાઢી રૂપિયો, શ્રીફળ ચઢાવી ૧૧ રૂપિયો ભંડારમાં નાંખી ભાવોલ્લાસ સાથે ચૈત્યવંદન કર્યું–પૂ. પ્રગટપ્રભાવી. દાદા **શ્રી શામળા પાર્શ્વનાથ પ્રભુ** સમક્ષ ૭ નવકાર ૧૧ ઉવસગ્ગહરં પૂ. ચરિત્રનાયકશ્રી પાસે ગણાવી શુભ શુકન લઈ ત્યાંથી નીકળી કાળુપુર દરવાજે આવી પહોંચ્યા.

ત્યાં ફરીથી ત્રણ નવકાર અને ૧ ઉવસગ્ગહરં ગણાવી ઉપડતા શ્વાસે ત્રણ ડગલાં શ્રી નવકારના પ્રથમ પદના જાપ સાથે ઉપડાવી પૂ. ચરિત્રનાયકશ્રીને સાથે લઈ માંગલિક તરીકે દેવદર્શન–પ્રભુપૂજા–ગુરૂવંદન અને ગુરૂમુખે માંગલિક શ્રવણ કરવાના ઇરાદે સૌ **પ્રથમ રીચીરોડના** શાંતરસભરપૂર **શ્રી મહાવીર પ્રભુનાં** દર્શન કરી હરખભેર ચૈત્યવંદન કરી સીધા **વિદ્યાશાળાએ** પૂર્વ–પરિચિત **શ્રી નીતિવિજયજી** મ. પાસે **શંકરભાઈ** પૂ. ચરિત્રનાયકશ્રીને લઈ ગયા.

પૂ. ગીતાર્થપ્રવર **શ્રી નીતિવિજયજી** મ. પૂ. ચરિત્રનાયકશ્રીને **શંકરભાઇ** સાથે અચાનક આવેલ જોઇ પિંજરામાંથી છુટી નીલ–ગગનમાં મુક્ત વિહાર માટે જતા પંખીની કલ્પના મુજબ પૂ. ચરિત્રનાયકશ્રીના મુખના હાવભાવથી વાત પામી ગયા.

શંકરભાઈએ ટૂંકમાં બધી વાત કરી, ગગનભાઇનો પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ઉપરનો પત્ર બતાવી પૂ. ચરિત્રનાયકશ્રીને વરદ વાસક્ષેપની વાત રજુ કરી.

પૂ. શ્રી નીતિવિજયજી મ.એ કહ્યું કે–"હાલ તો નાસ્તા પાણીની વ્યાવહારિક વિધિ પતાવો. પ્રભુપૂજા કરી ૧૨–૨૩ મિનિટે વાસક્ષેપ માટે આવવા ખ્યાલ રાખશો."



એટલે શંકરભાઈએ પૂ. ચરિત્રનાયકશ્રીને પાસેના ભક્તિશાળી **શેઠ નાનચંદ છોટુભાઈના** ઘરે લઇ જઇ યોગ્ય વિધિ પતાવી **અષ્ટાપદજી**ના દહેરે સ્નાત્ર ભણાવી શાંતિકળશના પાણી સામે નવસ્મરણ ગણી તે પાણી પૂ. ચરિત્રનાયકશ્રીની આંખે, મગજ અને છાતીએ લગાડી ત્રણ બાંધી માળા ગણવા પૂ. ચરિત્રનાયકશ્રીને સૂચવ્યું.

પૂ. ચરિત્રનાયકશ્રી પણ પરમસુજ્ઞ સાધર્મિકોત્તમ અને પોતાને ચારિત્રમાર્ગના પરમ સહાયી સુશ્રાવક **શ્રી શંકરભાઈની** સૂચનાને શિરોધાર્ય કરી **શ્રી નમસ્કાર-મહામંત્રના** જાપમાં લીન બન્યા. ત્રીજી નવકારવાળી વખતે પ્રભુજીના જમણા નેત્રમાંથી તેજરેખા નિકળી પૂ. ચરિત્રનાયકશ્રીના જમણા હાથે સ્પર્શી પાછી પ્રભુજીના ડાબા નેત્ર તરફ ગઈ.

તે તેજરેખાની શીતળતાથી પૂ. ચરિત્રનાયકશ્રી આનંદવિભોર બની પરમાત્મતત્ત્વની દિવ્ય શક્તિનો અનુભવ કરી રહ્યા.

પછી સંયમ-ગ્રહણનું કાર્ય નિર્વિઘ્ને પતે તે આશયથી આત્મરક્ષા સાથે **શ્રી વજ્રપંજરસ્તોત્ર શ્રી મંત્રાધિરાજ સ્તોત્ર, શ્રી ગૌતમસ્વામી સ્તોત્ર** અને **શ્રી ઋષિમંડલ સ્તોત્ર**નો પાઠ કરી બરાબર ૧૨ા વાગ્યે વિદ્યાશાળામાં શંકરભાઈની સાથે પૂ. ચરિત્રનાયકશ્રી પહોંચી ગયા.

વયોવૃદ્ધ, દીર્ઘ-સંયમપર્યાયી, અનુભવી ગીતાર્થ પૂ. **મુનિશ્રી નીતિવિજયજી મ.** એકાંત ઓરડીમાં **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ**ના ચિત્ર સમક્ષ વાસક્ષેપના વાટકા લઇ ધ્યાનસ્થ હતા ત્યાં ધીરેથી પૂ. ચરિત્રનાયકશ્રી શંકરભાઈની સાથે સ્વસ્થતાપૂર્વક બેઠા.

બરાબર ઘડિયાળમાં ૧૨-૩૭ થતાં પૂ. **નીતિવિજયજી મ.** એ ધ્યાનમાંથી જાગૃત બની પૂ. ચરિત્રનાયકશ્રીને અંદર બોલાવી સાત નવકાર ગણવા કહી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના વાસક્ષેપ સાથે વર્દ્ધમાન વિદ્યા અને ઋષિમંડલ યંત્રના વાસક્ષેપને મિશ્ર કરી ૨ા મિનિટ સુધી વાસક્ષેપ કરી બ્રહ્મરંધ્ર અને તેની પાછળના અજ્ઞાત મસ્તિષ્ક અને મુખ્ય મસ્તિષ્કના કેંદ્રમાંના મોહના **સંસ્કારો**ને નિષ્ક્રિય-નિર્જીવ બનાવી ઉદાત્ત શક્તિશાળી ચૈતન્યતત્વના વિકાસને અનુકૂળ આત્મ-તત્વની ચેતના શક્તિને જાગૃત કરવાથી પૂ. ચરિત્રનાયકશ્રીને આખા શરીરે રોમાંચની ઝણઝણાટી થઇ આવી.

પછી શંકરભાઇને પણ અંદર બોલાવી આવા મહત્ત્વના ભગીરથ કાર્યમાં સહયોગ આપવાના સાહસભર્યા પુરૂષાર્થની સફળતા મળે તેવા દિવ્ય વાસક્ષેપ દ્વારા આશિષ પાઠવ્યા. પછી પૂ. ચરિત્રનાયકશ્રીના જમણા હાથની અનામિકા અને અંગુષ્ઠને ચક્રબંધ દ્વારા અભિમંત્રિત કરી હાર્ટ પર મુકાવી. ત્રણ નવકાર ગણાવ્યા.

શંકરભાઈને પણ ડાબા હાથની તર્જની અને જમણા હાથની અનામિકા નીચે ડાબા અંગૂઠા ઉપર જમણો અંગુઠો રખાવી નવપદાવર્ત્તથી અભિમંત્રિત કરી–હાર્ટ પાસે સ્થપાવી ૭ નવકાર ગણાવ્યા.

પછી બંને જણાએ પૂજ્યશ્રીની સૂચનાથી મહા–માંગલિક શ્રી ગૌતમ સ્વામીજીનો **પ્રાભાવિક** છંદ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના છંદનો પાઠ કર્યો.

પછી ભોજનાદિથી નિવૃત્ત થઈ બપોરે ત્રણ વાગે પૂ. શ્રી **નીતિવિજયજી મ.** ની ઉપયોગી અનુભવપૂર્ણ હિતશિક્ષા સાંભળી **શંકરભાઈ** આગળની યાત્રાની સગવડ માટે બજાર તરફ ગયા.

પૂ. ચરિત્રનાયકશ્રીએ સામાયિક લઈ પાંચ બાંધી માળા શ્રી નવકાર–મહામંત્રની ગણી.

સાડા પાંચ વાગે લગભગ **શંકરભાઈ** બજારમાંથી બધી તૈયારી કરીને આવ્યા, પછી જમવાનું પતાવી બુધવારના છેલ્લા **લાભ** ચોઘડિયામાં અહીંથી રવાના થવાની વાત પૂ. શ્રી **નીતિવિજયજી મ.** દ્વારા જાણી, જ્ઞાનપૂજા કરી, માંગલિક સાંભળી પૂ. ગુરુદેવશ્રીના આશીર્વાદ લઈ શંકરભાઈ પૂ. ચરિત્રનાયકશ્રીને ઉપડતા સ્વરે શ્રી નવકારના પ્રથમ પદના સાત વાર જાપ કરાવી **વિદ્યાશાળાથી** વિદાય થયા.

શ્રી અષ્ટાપદના દહેરે તથા **શ્રી મહાવીર પ્રભુના દહેરે** દર્શન કરી, ચૈત્યવંદન કરી, ત્રણ દરવાજે થઈ **સાબરમતી** નદીના રેતીના પટમાં પૂર્વ સંકેત પ્રમાણે સાંઢણી સવારને બરાબર ૬–૩૭ મિનિટે મળી, ૭ નવકાર ગણી ૬–૪૧ ના મંગળ મુહૂર્ત્તે **ધંધુકા નગર** તરફ સાંઢણીને વાળવા **શંકરભાઈએ** સૂચના કરી.

સાંઢણી સવાર **તેજાજીએ** પણ રાજકુંવર જેવા દેખાવડા મનમોહક ચહેરાવાળા પૂ. ચરિત્રનાયકશ્રીના મુખ પર **સંયમ પ્રાપ્તિની ઘડીઓ નજીક આવતી હોઈ ઉપસી આવતી હર્ષની રેખાઓને જોતાં કલ્પના કરી કે** "આ કોઈ વેપારીનો પુત્ર લાગે છે. **અને આ ભાઈ** કાકા કે મામા લાગે છે કોઈક શુભ કામ અંગે મંગલ શુકન લઈને ઘરેથી નીકળ્યા પછી મુહૂર્ત્ત સાધવા માટે તડામાર જતા લાગે છે."

પૂ. ચરિત્રનાયકશ્રીની ચહેરાની તેજસ્વિતાથી અંજાયેલ **તેજાજી** અસ્ત પામતા સૂર્યની તેજરેખાથી ચમકતા પૂ ચરિત્રનાયકશ્રી તરફ વારંવાર જોયા કરતો.

થોડીવારે **સરખેજની** નજીક પહોંચ્યા, એટલે **શંકરભાઈએ તેજાજીને સાણંદ-વીરમગામ** બાજુએ રાખી **બાવળા-ગાંગડ** થઈ **બગોદર** થઈ **ગુંદી-ફેદરાના** રસ્તે રાત્રે દશ પહેલાં **ધંધુકા** પહોંચી જવાય તેમ કરવા સમજણ પાડી.

પશ્ચિમાકાશમાં સન્મુખ ફાગણ-બીજનો ચંદ્ર ચમકતો હતો. પૂ. ચરિત્રનાયકશ્રીએ **શંકર-ભાઈ**ની સૂચનાનુસાર બીજની ચંદ્રકલાને નમસ્કાર કરી વિમાનમાં રહેલ શાશ્વત જિનબિંબોને વંદનાપૂર્વક ભાવના ભાવી કે–

"સુ. ૨ની ચંદ્રકલાની જેમ મારૂં જીવન સંયમ-માર્ગે ધપી સોળે કળાએ ખીલી શાસનનો પ્રભાવક બનું."

એ મંગળભાવના સાથે શુકનગાંઠ ૭ નવકાર ગણી બાંધી. થોડીવારે **બાવળા**ના પાદરે **ચીબરી** કાંટાળા થોર પર બેસી પશ્ચિમ દિશા સામું મ્હોં રાખી ત્રણવાર **ચીં૨પી....ચીં૨પી** એમ બોલી.

શંકરભાઈએ સુ. ૨ ના રાત્રિના પ્રથમ પ્રહરે જવાની દિશા સામું મુખ રાખી ડાબે ચીબરીને બોલતી જોઈ મહાશુકન માન્યાં, પણ કાંટાળા થોર પર બેઠેલ એટલે કંઈક વિઘ્ન નડશે એવી કલ્પના થવાથી ૨૧ નવકાર, ૭ ઉવસગ્ગ. પે.તે ગણ્યા અને પૂ. ચરિત્રનાયકશ્રી પાસે ગણાવ્યા.

ફાગણ મહિનાની રાત્રિ એટલે નહીં ઠંડી કે નહીં ગર્મી અને નવ વાગ્યાનો સોહામણો સમય, ખેતરોમાં બેડૂનો મોલ-પાકને સાચવવા માંચડા પર કે ખાટલા ઢાળી મરતીથી જંગલની ખુશનુમા હવા સાથે તાલ મિલાવી દેશી સંગીતના સૂરમાં મસ્ત થયેલ.

આવે વખતે ભયંકર સૂકા-ભઠ ભાલ પ્રદેશમાં પ્રવેશ થયો.

ડાબેથી આવતો **ઉતેલીયાનો** ભોગાવો તથા લોલીયાનો વચ્ચે આડો આવતો ભોગાવો અને તેનાં થોડાં પાણી સૂકો-કીચડ મિશ્રિત રસ્તો પવનવેગી સાંઢણને કુશળ તેજાજીએ ખૂબ કાબૂમાં રાખી પાર ઉતારી હેમખેમ ૧૦॥ વાગતાં તો **ધંધુકાના** પાદરમાં પહોંચી ગયા.

ધંધુકાના પાદરે **શંકરભાઈ**એ નક્કી કર્યા પ્રમાણે ઠરાવેલ ભાડું ઉપરથી બક્ષીસના પાંચ રૂપીયા તથા ગોળપાપડીનું ભાથું **તેજાજી**ને આપી સન્માન સાથે છૂટો કર્યો.

પછી **શંકરભાઈ** અજાણ્યા ગામમાં પણ ધર્મ-સ્થાનકની નિશ્રાએ સુખપૂર્વક રાત ગાળી શકાશે એમ વિચારી તથા. પૂ. કલિકાળ સર્વજ્ઞ **આચાર્ય** શ્રી **હેમચંદ્રસૂરીશ્વર** ભગવંતની પુણ્યભૂમિના પવિત્ર પરમાણુઓથી આરંભેલું કાર્ય નિર્વિઘ્ને પાર પડે તે હેતુથી પૂછતાં પૂછતાં

જૈન દેરાસરે જઈ-ઉપાશ્રયમાં બિરાજમાન પૂ. શ્રી **નીતિવિજયજી** મ. ના શિષ્ય શ્રી **યોભણુ-વિજયજી મ.** ને ત્રિકાળવંદના કરી **અમદાવાદ વિદ્યાશાળાથી** પૂ. શ્રી **નીતિવિજયજી મ.** નો પત્ર તથા બે-ત્રણ પુસ્તકોની પોટલી આપી વિશ્રામ લીધો.

સવારે વહેલા જવાના ઈરાદે **શંકરભાઈ** તુર્ત ગામમાં જઈ પેલા સાંઢણી સ્વાર તેજાજી મારફત મેળવેલ સરનામે જઈ સાંઢણીવાળા સાથે સવારે વહેલી પરોઢે ૪ વાગે લીંબડી તરફ જવાનું ઠરાવી બાર વાગે આવી સૂઈ ગયા.

પૂ. ચરિત્રનાયકશ્રી તો થાકના કારણે શ્રી નવકાર ગણી તુર્ત સૂઈ ગયેલ.

સવારે ત્રણ વાગે ઉઠાડી-રાઈ પ્રતિક્રમણ કરી બરાબર ૩-૫૭ ના મંગળ મુહૂર્ત્તે પૂ. **યોભણુ-વિ. મ.** નું માંગલિક સાંભળી પૂ. ચરિત્રનાયકશ્રીને લઈને રવાના થયા.

ઉપાશ્રયની નજીકમાંજ સાંઢણીવાળો આવી ઉભો રહેલ. ઈશારાથી સાંઢણીવાળાને પાસે બોલાવી કંકુથી તિલક કરી રૂપિયો આપી-સાંઢણીનું પણ કંકુ-ચોખાથી બહુમાન કરી. ત્રણ નવકાર ગણી પૂ. ચરિત્રનાયકશ્રીને સાંઢણીવાળાની પાછળ બેસાડી. **શંકરભાઈ** પોતે ૭ નવકાર ગણી પૂ. ચરિત્રનાયકશ્રીની પાછળ બેસી સાંઢણીવાળાને જેમ બને તેમ ઝડપથી લીંબડી ૯ વાગ્યા પૂર્વે પહોંચાડવા સૂચના કરી.

સૂર્યોદય લગભગ **બરવાળાની** ઘેલો નદી વટાવી સાડા સાત લગભગ **લીંબડીના** પાદરે લોગાવાના કાંઠે પહોંચી ગયા.

શંકરભાઈએ સમયસર પહોંચાડવા બદલ સાંઢણીવાળાને ઠરાવેલ ભાડા ઉપરાંત બક્ષીસ આપી છૂટો કર્યો.

ફા. સુ. ૩ ગુરૂવારના શુભ ચોઘડીએ **લીંબડીના** પાદરે લોગાવા કાંઠે બેસી **લીંબડીના** જૈન દેરાસર સામે મુખ રાખી સાત નવકાર અને ત્રણ ઉવસગ્ગહરં ગણી શ્રી **ગૌતમ સ્વામીજીનું** નામ લેવા સાથે પૂ. ચરિત્રનાયકશ્રીને ઉપડતા સૂરે સાત ડગલાં મુકાવવા સાથે શંકરભાઈએ લીંબડી શહેરમાં સુહાગણ બાઈના શુકન સાથે પ્રવેશ કર્યો.

વ્યવસ્થિત પદ્ધતિપૂર્વક વસાવેલ **લીંબડી** શહેરના શેતરંજના ચોપાટસમા ઉભા પટ્ટા જેવા રાજમાર્ગે થઇ **શ્રી શાંતિનાથ** પ્રભુના મોટા જિનાલયે થઈ શાંતરસ ઝરતી **શ્રી શાંતિનાથ** પ્રભુની મુખમુદ્રાનાં દર્શન કરી ધન્ય પાવન બન્યા, સવા રૂપીયો, શ્રીફળ, ગહુંલી કરી ચઢાવી

ભાવોલ્લાસપૂર્વક ચૈત્યવંદન કર્યું. ચૈત્યવંદન પછી સંયમપ્રાપ્તિની તીવ્ર-ઝંખનાને સાકાર બનાવવા ૨૭ નવકાર ૭ ઉવસગ્ગહરં ગણ્યા અને પાછળ છીંક થઈ, **શંકરભાઇએ** શુકનની ગાંઠ વાળી.


દેરાસરથી બહાર નીકળ્યા. પાસેની **શેઠાણી** શ્રી **પૂરબાઇની** ધર્મશાળાએ બિરાજમાન **પૂ. શ્રી ઝવેરસાગરજી** મ. પાસે હરખભેર પહોંચ્યા.

સંયમના ભાવોલ્લાસથી ખૂબ હર્ષાન્વિત થયેલ પૂ. ચરિત્રનાયકશ્રીએ વિવેકી **શંકરભાઇની** દોરવણી મુજબ પાટલો રાખી ગહુંલી કરી ૧૧ રૂપિયો શ્રીફળ ચઢાવી ખૂબ ભક્તિથી વંદના કરી અને **મગનભાઈ ભગતનો** પૂજ્યશ્રી પરનો પત્ર **શંકરભાઇએ** રજુ કર્યો.

પૂજ્યશ્રી ઝવેરસાગરજી મ. નિત્ય જાપ અને દૈનિક સ્વાધ્યાય કરી રહ્યા હતા, પણ પૂ. ચરિત્રનાયકશ્રી અને **શંકરભાઈને** ઓળખી લઈ સ-સ્મિત મધુર દૃષ્ટિથી આવકાર્યા.

વંદનાર્થે આવેલ ઉપયોગવંતા વિવેકી શ્રાવક **શેઠ દલછારામ નત્થુચંદે** બંનેની સાધર્મિક ભક્તિ માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી ઘરે લઈ ગયા.

આ રીતે જૈન-જગતની મહાન વિરલ દિવ્ય વિભૂતિ, આગમોના અખંડ અભ્યાસી બનવા સર્જાયેલ પૂ. ચરિત્રનાયકશ્રી કૌટુંબિક અનેક ઝંઝટોમાંથી પૂ ગુરૂદેવશ્રીના ઉપદેશ અને ધર્મપિતાની ધર્મસ્નેહભરી સાચા શ્રાવક તરીકેની પ્રેરણા તથા **શંકરભાઇ** જેવા આદર્શ શ્રાવકની કુનેહભરી દોરવણીથી ભાવી યોગે છેવટે વિ. સં. ૧૯૪૬ ના ફા. સુ ૩ ને ગુરૂવારે લીંબડીમાં પૂ. ગુરૂદેવશ્રીની શીળી છાયામાં પહોંચી ગયા.



શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

પ્રકરણ-૨૭

સંયમ-ગ્રહણની તમન્નાની ચકાસણી

પૂ. ચરિત્રનાયકશ્રી **શંકરભાઈ** સાથે સાધર્મિક-ભક્તિ માટે લઇ ગયેલ **શેઠ દલછારામ નત્થુચંદભાઈ**ને ત્યાં ન્હાઈ ધોઇ પૂજા માટે જિનાલયે ગયા.

ત્યાં ભાવોલ્લાસથી સ્નાત્ર ભણાવી શાંતિકળશ કરી તેના પાણી સમક્ષ **શંકરભાઈની** સૂચનાથી લઘુશાંતિનો પાઠ સાતવાર કરી "**શ્રીમતે શાંતિનાથાય**", ગાથા ૪૧ વાર ગણી ૧ નવકાર, ૧ ઉવસગ્ગ. એ રીતે ૨૧ વાર પૂ. ચરિત્રનાયકશ્રીએ ગણ્યા.

પછી **પૂરબાઇ ધર્મશાળામાં** પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં દશ વાગે પહોંચ્યા. પૂજ્યશ્રીની તાત્ત્વિક-દેશનામાં ઉપશમ-રસની પ્રધાનતા અને સંસારની વિષમતાના વિશદ વિવેચન દરમ્યાન **શ્રી જંબૂસ્વામી-શ્રી ધન્ના અણગાર** અને **શ્રી શાલિભદ્ર** જેવા મહાપુરૂષોના દૃષ્ટાંતોથી પૂ ચરિત્રનાયકશ્રી ખૂબ ભાવવિભોર બન્યા. આંખમાંથી આંસુ સરી પડ્યાં. "કયારે આ વિષમ સંસારના કેદખાનામાંથી છૂટી પૂજ્યશ્રીએ દર્શાવેલ વિશિષ્ટ-વૈરાગ્યના પંથે સંચરીશ?" ટૂંક સમયમાં વ્યાખ્યાન પૂરું થયેથી **શંકરભાઈ** સાથે પૂ. ચરિત્રનાયકશ્રી પૂજ્યશ્રીની પાસે બેઠા.

ઔપચારિક વાતો થયા પછી પૂ. ચરિત્રનાયકશ્રીએ અંતરની વ્યથા ટૂંકા પણ માર્મિક શબ્દોમાં વ્યક્ત કરી અને નમ્રભાવે આજીજી કરી કે-"આપને ઠીક લાગે તો મને વહેલામાં વહેલી તકે દીક્ષા આપવા કૃપા કરો"-આદિ.

પૂજ્યશ્રીએ બધી વાત ધીરતાથી સાંભળી. **શંકરભાઈની** પણ વાત સાંભળી, **શંકરભાઇએ મગનભાઇના** અંતરની વાત અને પોતાના વિચારો જણાવી પૂ. ચરિત્રનાયકશ્રીની ભાવના પૂર્ણ કરવા વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ થોડીવારે આંખો મીંચી જાણે ભાવિદર્શન કરતા હોય તેમ જરા સ્થિર બની જાણે કે કશું ભાવી ચિત્ર જોયું હોય? તેમ પૂજ્યશ્રી ગંભીર-વદને સ્થિર બન્યા.

પૂ. ચરિત્રનાયકશ્રીએ પુનઃ આજીજી કરી–"**સાહેબ! આપના સીંચેલ સંસ્કારો હવે જોર કરે છે! હવે સંસાર ભયંકર દાવાનળ જેવો ભાસે છે! કૃપા કરી આ સળગતા-તાપમાંથી છોડાવોને?**"

પૂજ્યશ્રી બોલ્યા કે—" ભાઈલા! તારી ભાવના ઉદાત્ત છે! પણ સંજોગો-પરિસ્થિતિનો વિચાર કર્યા વિના ડગલું ભર્યાથી પાછળ પસ્તાવું પડે છે, માટે જરા ગંભીર થવાની જરૂર છે."

" પણ પૂજ્યશ્રી! " **ધૂંઆડે ધીંજું નહીં સાહિબ! પેટ પડયા પતીજે**" "વાતોથી પેટ ન ભરાય. પેટમાં પડે તો કંઈક શાંતિ થાય! માટે હવે મહેરબાની કરો!" બોલી ગદ્‌ગદ્‌ થઈ ગયા. ડુસ્કાં ભરી અંતરની વ્યથા ઠાલવવા માંડયા.

પૂજ્યશ્રીએ અને શંકરભાઈએ પૂ. ચરિત્રનાયકશ્રીને ધીરતા આપી સ્વસ્થ કર્યા.

પૂજ્યશ્રીએ આજે રાત્રે આ અંગે કંઈક વિચાર કરીશું! એમ કહી આશ્વાસન આપ્યું.

જમ્યા પછી બપોરે ત્રણ સામાયિક કરી પૂ. ચરિત્રનાયકશ્રીએ **પ્રશમરતિ**-ગ્રંથનો સ્વાધ્યાય કર્યો.

ચાર વાગે **શંકરભાઈ** સાથે મંત્રણા કરી શકે–" પૂજ્યશ્રી જો યોગ્ય રસ્તો ન કાઢે અને દીક્ષાના પંથે ન જવાય તો.....કહી ફરી ગળગળા થઈ ગયા. **શંકરભાઈ** એ આશ્વાસન આપ્યું કે " આમ ઢીલા ન થાઓ! પૂજ્યશ્રી મહાકરૂણાળુ છે! સંસારથી પાર ઉતરવા તમે આવ્યા છો, તો તમને ધક્કો નહીં મારે " આદિ

સાંજે પ્રતિક્રમણ પૂર્વે **શંકરભાઇ** સાથે દહેરાસરોનાં દર્શન કરી પૂ. ચરિત્રનાયકશ્રી ખૂબ ભક્તિવિભોર બન્યા.

રાત્રે પૂજ્યશ્રીની પરિચર્યા કરી, તે દરમ્યાન ફરીથી પૂ. ચરિત્રનાયકશ્રીએ પોતાની વાત ધ્યાનમાં લેવા વિનંતિ કરી.

રાત્રે ચરિત્રનાયકશ્રીએ પૂજ્યશ્રીની સૂચનાનુસાર ૩ બાંધી માળા તથા ૐ હ્રીં અર્હં ક્ષ્વીં णमो जिणाणं जिअभयाणं क्ल्रीं क्ष्वीं फट् वषट् મંત્રની ૨૭ માળા પશ્ચિમ દિશા તરફ મુખ રાખી ગણી તે મંત્રથી ૨૭ વાર મંત્રેલ રૂને જમણા કાને નાંખી ૨૧ વાર શ્રી ગૌતમસ્વામી મ.નું નામ લેઈ ડાબા પડખે સંથારે સૂઈ ગયા.

રાત્રે ૧૧ા વાગ્યાના સુમારે સ્વપ્ન જોયું કે—"એક મોટા અજગરની ભીંસમાં રહેલ બકરાને કોઁકે છોડાવ્યો અને પોતે કોક મોટા પર્વતના શિખર પર ચઢી રહ્યો છે, ઠેઠ શિખરે પહોંચ્યા પછી કોઁક બે-ચાર બુરખાધારીઓએ પરાણે હાથ પકડી નીચે ઉતારી તળેટીમાં લાવી દીધો. ત્યાં બંદૂકધારી પોલિસે ડંડા પછાડી બુરખાધારીને ભગાડી મુક્યા એટલે પોતે ઉપર ચઢી પહાડી પરના જિનાલયમાં દર્શન-વંદન કરી ખૂબ ભાવવિભોર બન્યા."

તુર્ત આંખ ઉઘડી ગઈ, ઘડિયાળમાં ત્રણના ટકોરા પડ્યા. સ્વસ્થ થઇ બેસી ૨૧ નવકાર ૭ ઉવસગ્ગહરં ગણ્યા. પછી શ્રી **ગૌતમસ્વામીનો** છંદ બોલી **શંકરભાઈને** ઉઠાડી સ્વપ્નની વાત કરી.

શંકરભાઈએ 'ખૂબ સરસ સ્વપ્ન છે' એમ કહી ચરિત્રનાયકશ્રીને સામાયિક લેવા સૂચવ્યું -પોતે પણ સામાયિક લઈ બેઠા, સામાયિકમાં ધીમા મંદ સ્વરે નવસ્મરણ અને ઋષિમંડલ સ્તોત્રનો પાઠ કર્યો. પછી **શંકરભાઈએ** ૧ બાંધી માળા ગણી અને ચરિત્રનાયકશ્રીને ૨૭ ઉવસગ્ગહરં ગણવા કહ્યું.

એટલામાં પૂજ્યશ્રી જાગૃત થયા. એટલે સામયિક પારી પૂજ્યશ્રી પાસે ફેટાવંદન કરી બેસી ધીમેથી **શંકરભાઈએ** ચરિત્રનાયકશ્રીને આવેલ સ્વપ્નની વાત કરી.

પૂજ્યશ્રીએ સાંભળીને 'સારૂં' 'બધી વાત સવારે કરીશું' કહી બંનેને રાઈ-પ્રતિક્રમણ માટે સૂચના કરી.

શંકરભાઈ અને ચરિત્રનાયકશ્રીએ સામાયિક લઈ પાંચ જ્ઞાનની, આઠ સિદ્ધના ગુણોની અને નવપદની આરાધના નિમિત્તે ૫-૮-૯ લોગસ્સ નો કાઉસગ્ગ કરી કર્મક્ષય નિમિત્તે ૧૦ લોગસ્સ નો કાઉસગ્ગ કર્યો.

પછી ચારિત્રની આરાધના વહેલી પ્રાપ્ત થાય તે ભાવનાથી ૭૦ લોગસ્સનો કાઉસગ્ગ કર્યો. પછી સામાયિક લઈ રાઈ પ્રતિક્રમણ કર્યું. તેમાં શ્રી સીમંધરસ્વામી પ્રભુના ચૈત્યવંદનમાં **"સયલ સંગ છંડી કરી ચારિત્ર લઈશું"** શબ્દો ખૂબ ભાવપૂર્વક ચરિત્રનાયકશ્રીએ આંખમાં ઝળઝળીયાંપૂર્વક બોલી હૈયાની નિખાલસતાપૂર્વક સંયમગ્રહણની પકડને મજબૂત કરી.

પ્રતિક્રમણ પૂરૂં થયા પછી ઇરિયાવહી કરી શ્રી સિદ્ધગિરિની આરાધના નિમિત્તે ૨૧ લોગસ્સ નો કાઉસગ્ગ કરી વિવિધ દુહા બોલી ૨૧ ખમાસમણા દીધા પછી સામાયિક પારી ગુરૂ-

વંદના કરી શુદ્ધ વસ્ત્ર પહેરી શ્રી શાંતિનાથ-પ્રભુના જિનાલયે જઈ ચરિત્રનાયકશ્રીએ શંકરભાઈ સાથે ભાવભરી ચૈત્યવંદના કરી. બીજા દહેરે પણ જઈ ભાવભરી ભક્તિ કરી.

પછી પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રી જાપમાં-ધ્યાનમાં હતા, શંકરભાઈએ ચરિત્રનાયકશ્રીને 'નવકાર-ઉવસગ્ગહરં' નો જાપ કરવા કહ્યું. થોડીવારે પૂજ્યશ્રી જાપ-ધ્યાનથી નિવૃત્ત થયા. શંકરભાઈને કહ્યું કે—"હેમચંદને આવેલ સ્વપ્નનો પરમાર્થ સમજાયો છે, તેની જે અંતરંગ તૈયારી છે, તેને અટકાવવા મારી ભાવના નથી. પણ કુદરતી એક ઠેસ એવી મોટી લાગે તેમ છે કે આપણે નિરૂપાય છીએ ! મારા રાત્રિ-ધ્યાનમાં પણ તપાગચ્છના અધિષ્ઠાયક શ્રી માણિભદ્ર મહારાજે સ્પષ્ટ કહ્યું છે-કે "તમે ફા. સુ. ૫ ની દીક્ષા આપો, પણ વિઘ્નો ઘણાં આવશે ! 'અહીંનો સંઘ પણ તૈયાર નથી !' બધું સમજી વિચારી કરશો."

"બોલો ! હવે તમારો શો વિચાર છે ! જાણી જોઈને સામી-છાતીએ વિઘ્નોની વણઝાર સામે થઈ કામ કરવાનું છે ! હિંમતની કિંમત છે !"


હેમચંદને આ અવસરે તક ચૂકવા પછી મોકો મળવો મુશ્કેલ છે, એટલે મારી તો ઈચ્છા છે કે ગભરાયા વિના જે માટે તમે કપડવંજથી સાહસભરી રીતે નિકળ્યા છો, તેને પાર પાડયે છુટકો ! શાસનદેવ સહુ સારૂં કરશે.

શંકરભાઈ બોલ્યા કે "સાહેબ ! અમે તો આ બાબત અ-બુઝ છીએ ! આપના ચરણે આ પુણ્યાત્માને લાવવાનું શુભ નિમિત્ત હું બન્યો છું ! હવે આપ જે કહો તે બધું મંજુર છે."

ચરિત્રનાયકશ્રી તરફ પૂજ્યશ્રીએ જોઈને કહ્યું કે—'કેમ હેમચંદ ! શો વિચાર છે !" એટલે ચરિત્રનાયકશ્રી તો ખૂબ પ્રસન્ન બની હર્ષિત બની પૂજ્યશ્રીના ચરણોમાં લોટી પડયા કે—

"સાહેબ ! આ સંસારના કારાવાસથી છોડાવો મને ! વિઘ્નો-અંતરાયો હોય તો જ ખરી કિંમત થાય કે આપણી શ્રદ્ધા-ભક્તિ કેટલી છે ! આપના ચરણોના પ્રતાપે અને જિનશાસનના પુણ્યપ્રતાપે બધું સારૂં થઈ રહેશે ! માટે કૃપા કરો ને તુર્ત ચારિત્રના પંથે મને લઈ જાઓ." આદિ.

પૂજ્યશ્રીએ ચરિત્રનાયકશ્રીને અહીંના સંઘ તરફથી, કુટુંબીઓ તરફથી કે બીજા સરકારી લફરાં પણ થાય વગેરેનો ખ્યાલ આપી તાવી જોયા, પણ પૂ. ચરિત્રનાયકશ્રીએ ચઢતે-પરિણામે સંયમની વિશિષ્ટ-ભાવનાના બળે બધી જાતના અંતરાયોનો ધીરતાપૂર્વક સામનો કરવાની તૈયારી દર્શાવી.



આ રીતે પૂજ્યશ્રીએ ચરિત્રનાયકશ્રીને વારંવાર બરાબર ચકાસ્યા. કહ્યું કે—"હવે મારે સંઘના આગેવાનોને વાત કરવી જરૂરી છે, 'કેમ કે દીક્ષા જેવી ચીજ તે પણ પારકા ગામના છોકરાની, અને કાચી ઉંમરે, એટલે આગેવાનોના કાને વાત નાંખ્યા વિના ખાનગી પણ દીક્ષા ન આપી શકાય—આદિ.


શંકરભાઈએ કહ્યું કે—"સાહેબ! એ તો આપને જે ઠીક લાગે તે; પણ હવે મારી મહેનત સફળ થાય તેમ લક્ષ્યમાં લેવા કૃપા કરશો."

ચરિત્રનાયકે પણ કહ્યું કે—"સાહેબ! હવે ચટપટી લાગી છે સંયમની' સંસાર આરો ઝેર ભાસ્યો છે! જલ્દી ઉદ્ધાર કરો એટલી જ વિનંતિ!"

મહાપુરુષોની
ઉદાત્ત–પ્રવૃત્તિઓ

મહાપુરૂષોના જીવનમાં વિશેષતા એ કે—

- જગતની સ્વાર્થની વાટને સંકેલી જીવ–માત્રના હિતની ચિંતાની બારીયત.
- કષ્ટ વેઠીને કે પોતાના અંગત લાભને જતો કરીને પણ પારકાના હિતને કેન્દ્રમાં રાખી પ્રવર્ત્તવાની તૈયારી.
- બીજાના દોષોના ડુંગરતળે છુપાએલ નાનકડા પણ ગુણને પરાર્થવૃત્તિથી મોટા કરી સામા તરફ વાત્સલ્યનાં ઝરણાં વહેવડાવવાની તત્પરતા.
- સામા તરફથી જરા પણ બદલો મેળવવાની લાલસા તો નહીંજ, પરંતુ બદલો મળે તેવી સ્થિતિને પણ ગૌણ કરી નિષ્કારણ પરમાર્થદર્શી દૃષ્ટિ.
- ભૌતિકવાદી રવાડે ચઢેલ જગતના માંધાતાઓના પૌદ્‌ગલિક મહાસત્તાના કારમા ત્રાસને પણ અવગણી આત્મદૃષ્ટિના અનુસંધાન તરફ પ્રયત્નશીલતા.



શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

પ્રકરણ–૨૮

ચરિત્રનાયકશ્રીની કસોટીભરી દીક્ષા

ચરિત્રનાયકશ્રીના સંયમ અંગેના ચઢતા–પરિણામોની પૂરતી ચકાસણી પછી પૂજ્યશ્રીએ ફા. સુ. ૪ ના વ્યાખ્યાનમાં "સંયમ અને બાલજીવનમાં તેના સ્વીકારની વાત ઉપસ્થિત કરીને તેના સહયોગમાં પુણ્યવાન્ આત્માઓ વિશિષ્ટ રીતે સહયોગી બને તો જિનશાસનની વધુ પ્રભાવનાનો લાભ મળે" એ વિષય પર ખૂબ છણાવટ કરી.

વ્યાખ્યાન પછી શ્રીસંઘના મુખ્ય આગેવાન શ્રાવકોને બોલાવી પૂજ્યશ્રીએ સંક્ષેપમાં બધી વાત કરી, સંઘના અગ્રગણ્ય **શેઠશ્રી જીવણચંદ સંઘવી, પુરૂષોત્તમદાસ ગીગાણી** તેમજ **જીવરાજ નત્થુચંદ શેઠે** પૂજ્યશ્રીની વાતને વધાવી લીધી, અને બોલ્યા કે–"આવો મહાન લાભ અમોને કયાંથી! શાસનને આજે બાલ–દીક્ષિતોની જરૂર છે! અમારાં કમભાગ્ય કે અમે શાસનના ચરણે આવી સામગ્રી ધરી શકતા નથી, પણ આપ પૂજ્યશ્રીએ આવી સરસ સુંદર કેળવણી આપી નાનપણમાં કેવા અદ્‌ભુત તૈયાર કર્યા કે ઠેઠ ગુજરાતથી આટલે દૂર હિંમત કરી ઉમંગભેર સંયમ લેવા આવ્યા? આવા ભાવિકની ઈચ્છા પૂર્ણ કરવા અમો ભાગ્યશાળી બનીએ; એથી રૂડું શું?"

પણ પાછળથી બે–ત્રણ બીજી વ્યક્તિઓએ જરા ગૂંચવાડો ઉભો કર્યો ને વાત ઠોળી નાંખી કે–"પારકા ગામના આવા નાના છોકરાને જાણ્યા કર્યા વિના તેના મા–બાપની સંમતિ વિના આનગી દીક્ષા આપણે અપાવીએ તો કયારેક ફસામણી થઈ જાય. આ તો દેશી રજવાડાં છે, તેના કુટુંબીઓ કંઈક લફરૂં કરે તો આપણે કયાં હેરાન થવું! માટે સમજીને પગલું ભરવા જેવું છે."

પૂજ્યશ્રીએ વાતને વધુ ઠોળવામાં સાર ન સમજી–"સારૂં! તમારી વાત સાંભળી–શાસનને ધક્કો ન પહોંચે અને તમારા શ્રીસંઘને વાંધો ન આવે તેમ કામ થશે! ગભરાશો નહીં" કહી બધાને વિદાય કર્યા.

બપોરે ગોચરી પછી શંકરભાઈ સાથે મંત્રણા કરી પૂજ્યશ્રીએ નિર્ણય કર્યો કે–વધુ

ફંફેડવામાં સાર નથી. "લોકોને મોંઢે ગળાણું ન રહે" "ત્યાગધર્મની રૂચિ વિરલા જીવોને હોય" એટલે પારકા છોકરાના નામે અને નાની વયના બહાના તળે અજ્ઞાની-જીવો સંયમની અરૂચિના બળે નાહક ધાંધલ ઉભી કરે. પરિણામે વાતનું વતેસર થઈ જાય. તેના કરતાં "સાપ મરે નહીં ને લાઠી ભાંગે નહીં" તેવો મધ્યમમાર્ગ અપનાવાય તો શું ખોટું ? આપણે તો કામથી કામ છે ને" એમ કરી પૂજ્યશ્રીએ શંકરભાઈને કહ્યું કે "તમે સાથે જાઓ હું મારા વિવેકસાગરને અને પ્રમોદવિજયને સાથે મોકલું ! અહીંથી ૭ માઈલ પર શ્રી સંપ્રતિમહારાજાના વખતનું બંધાયેલ પ્રાચીન મંદિરવાળું શીયાણીતીર્થ છે, ત્યાં શ્રી શાંતિનાથ પ્રભુજી પ્રાચીન છે. તેમની નિશ્રામાં આ કામ નિર્વિઘ્ને પતી જાય, તેવી મારી ધારણા છે, અહીંથી બે-ચાર વિવેકી શ્રાવકોને આગળ મોકલીશ-તમે કોઈ વાતે ચિંતા ન કરશો" આદિ !

શંકરભાઈએ પૂજ્યશ્રીની આજ્ઞાને શિરોધાર્ય કરી, ચરિત્રનાયકશ્રી રાજીના રેડ થઈ ગયા, એમને કંઈ ઘોડે ચઢવાનો કે વાજાં વગડાવવાનો અભરખો ન હતો, એમને તો જીવનને પ્રભુશાસનના પંથે સમર્પિત થવાની તમન્ના હતી, વળી જેની નિશ્રાએ જીવન ગાળવાનું છે, તેમની આજ્ઞા શિરોધાર્ય કરવામાં તેઓએ પોતાનું ચોક્કસ હિત માનેલું.

એટલે ચરિત્રનાયકશ્રી પણ પૂજ્યશ્રીના ચરણોમાં કૃતજ્ઞતાભરી આંખોથી ઉપકાર ભાવના વ્યક્ત કરતા ઝુકી પડયા ને હાર્દિક-પ્રમોદ વ્યક્ત કર્યો.

પૂજ્યશ્રીએ સાંજે જે આગેવાન શ્રાવકો દીક્ષામાં સંમત હતા. તેમને ફરીથી બોલાવી પોતાની યોજના જણાવી કે-"શિયાણીતીર્થે આ કામ થાય તો કંઈ હરકત છે ? કામનું કામ થાય અને સંઘમાં વિક્ષેપ પણ ન પડે."

આગેવાન શ્રાવકો પૈકી શેઠશ્રી જીવણચંદભાઈ અને પુરૂષોત્તમભાઈ આદિ મહાનુભાવોએ ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો, અને પૂજ્યશ્રીની પ્રતિભા અને આગવી સૂઝ બદલ આનંદ વ્યક્ત કર્યો.

પૂજ્યશ્રીએ શ્રાવકોને તુર્ત જ સાંજે બે-ચાર ભાઈઓને મોકલી કાલનો દિવસ સારો અને ૧૦-૪૭ નું મુહૂર્ત શ્રેષ્ઠ છે તેથી સવારે નાણ અને ૪ પ્રભુજી પ્રક્ષાલ કરીને તૈયાર રાખવા વગેરેની વ્યવસ્થા કરવા સૂચન કર્યું.

સાંજના પ્રતિક્રમણ પછી શંકરભાઈ અને ચરિત્રનાયકશ્રીને ગંભીરપણે પૂજ્યશ્રીએ જણાવ્યું કે-

"દીક્ષા તો શાસનદેવની કૃપાએ કાલે જઇ જશે, પણ કપડવંજની કૌટુંબિક-જંજાળ શાસનને વધુ ડોળે નહીં, તે માટે બહુ પૂરતી પાકી તૈયારી કરવી પડશે, તેમાં તમારે મારા કહ્યા પ્રમાણે વર્તવું પડશે," કહી પોતાની અંતરની ગોઠવેલી બધી યોજના **શંકરભાઈ**ને સમજાવી અને ચરિત્રનાયકશ્રીને પણ સંમત કર્યા.

પૂજ્યશ્રીએ ચરિત્રનાયકશ્રીને રાત્રે સૂતી વખતે "ॐ क्लीं णमो अरिहंताणं क्लीं फट्" મંત્રાક્ષરની ૭ માળા ગણી સૂઈ જવા કહ્યું.

સવારે વહેલા ૭ વાગે પોતાના બે સાધુઓ, **શંકરભાઈ** અને ચરિત્રનાયકશ્રીને વાસક્ષેપ નાંખી માંગલિક સંભળાવી **મનસુખભાઈ, બચુભાઈ** બે શ્રાવકો સાથે **શીયાણી** તરફ વિહાર કરાવ્યો, કાચો રસ્તો હોઈ હોંશિયાર ભોમિયાને સાથે રાખવાની વ્યવસ્થા શ્રાવકોએ કરેલી. તે ભોમિયા સાથે શ્રી **શાંતિનાથ** પ્રભુનાં દર્શન કરી આ મંડળી **લીંબડી**ના ઉત્તર દિશા તરફના પાદરથી **શિયાણી** તરફ ઝડપભેર ઉપડી.

શુકનો સારાં થવા માંડ્યાં, એટલે **શંકરભાઈ**ને મન આનંદ થયો, પણ ગામમાંથી નિકળતાં જ સામી છીંક થઈ અને ડાબી બાજુ કૂતરાએ કાન ફફડાવ્યા, તેથી જરા **શંકરભાઈ** અચકાયા, મનમાં તુર્ત **૨૧** નવકાર, ૭ ઉવસગ્ગહરં ગણ્યા.

ઘાઘરેટીયા ગામ પછી નદી ઉતરી સામે કાંઠે પહોંચતાં (જ્યાંથી **શીયાણી** બહુ નજીક છે.) જમણે ચીબરી કઠોર-સ્વરે બોલી. વ્યવહાર-ચતુર **શંકરભાઈ** માનસિક રીતે થયેલ વહેમને ટાળવા થોડીવાર ઉભા રહી....આત્મરક્ષા અને શ્રી **ગૌતમસ્વામી અષ્ટક**નું સ્મરણ કરી ૭ ઉવસગ્ગહરં ગણી આગળ વધ્યા.

૯॥ થી ૧૦ ના ગાળામાં **શીયાણી** તીર્થે પ્રશાંત બે બળદની જોડી અને માથે પાણીના ભરેલ બેડાંવાળી સધવા-સ્ત્રીનાં શુકન લઈ ગામમાં ૭ નવકાર ગણી પ્રવેશ કરી, **શ્રી શાંતિનાથ દાદા**ના દરબારમાં જઈ મંગળ ભાવનાપૂર્વક ઉલ્લાસભેર સ્તુતિ કરી ચૈત્યવંદન કર્યું.

ગઈકાલે સાંજે આવેલ **જગજીવનભાઈ-ઓતમચંદભાઈ** આદિ શ્રાવકોએ બધી પૂર્વ તૈયારી કરી દીધેલી; દેરાસરના રંગમંડપમાં જ ત્રિગડા પર પ્રભુને ચતુર્મુખ (ચાર ધાતુના પ્રતિમાજી દ્વારા) ગોઠવી પાંચ શ્રીફળ વગેરે ગોઠવી દીધેલ.

લાભ ચોઘડીએ ફા. સુ. ૫ રવિવારે ૧૦-૩ મિનિટે **મહાનિશીથ** યોગ વહન કરેલ **મુનિશ્રી પ્રમોદવિજયજી** મ. શ્રીએ દીક્ષાવિધિ ઉમંગભેર શરૂ કરાવી, ૧૦॥ વાગે સ્નાન કરી વેષ-પરિધાન કરી આવેલ ધર્મોત્સાહી ચરિત્રનાયકશ્રીને વિધિવત્....સામાયિક ઉચ્ચરાવી બરાબર

૧૦-૪૭ વાગે દિગ્બંધ કરી **મુનિશ્રી કનકસાગરજી** નામ સ્થાપ્યું અને ગુરૂ તરીકે પૂ. **મુનિશ્રી ઝવેરસાગરજી** મ. નું નામ લઇ વિધિ પૂરી થયા બાદ ઉમંગભેર પુનઃ **શ્રી શાંતિનાથ** પ્રભુનાં દર્શન કરી બે વાગે શુભ ચોઘડીયે વિહાર કરી બધા સાધુઓ નવ દીક્ષિત પૂ. ચરિત્રનાયકશ્રી સાથે સાંજે પાા વાગે **લીંબડી**માં પૂજ્યશ્રી પાસે આવી ગયા.

આપણું ચૈતન્ય-તત્વ જ્ઞાન-દર્શનાદિ ઉપયોગ દ્વારા વીર્યશક્તિ રૂપે આપણાં અંતરમાં સતતપણે વિલસી રહ્યું છે.


તે ચૈતન્ય-તત્વનો પ્રવાહ સીધો જવાને બદલે અનાદિકાલના સંસ્કારોના બળે વામ = અવળી - ડાબી બાજુ વળી જાય છે. એટલે- યોગ અને કષાય રૂપે ચૈતન્ય શક્તિ વિકૃત થવા પામે છે.

પણ મૂળભૂત ચૈતન્ય શક્તિને જો ગુરૂકૃપાએ સીધી દિશાએ = જમણી - બાજુ વાળવામાં આવે તો —

-જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપે ચૈતન્ય-તત્વ પરિણમી સંસ્કારોનો હ્રાસ કરી સ્વ-સ્વરૂપની રમણતારૂપે આત્મતત્વ સ્થિર થવા માંડે. પણ-

જ્ઞાનીની નિશ્રાએ આ વિષેની સ્પષ્ટ સમજૂતી ન હોવાથી મોટે ભાગે આત્મતત્વની સાધના માટે પ્રયત્નશીલ રહેનારાઓ પણ ડાબી તરફ યોગ અને કષાયના ચક્રાવે ચઢી જઈ સંસારનો નાશ કરવાને બદલે તેના રવાડે ચઢી જતા હોય છે.

આની સમજૂતી નીચેના ચિત્રથી સમજવી.



શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

પ્રકરણ ૨૯

પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષાથી થયેલ ખળભળાટ

પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા નિર્વિઘ્ને થયા પછી પૂજ્યશ્રીએ **શંકરભાઈ**ને બોલાવી રાત્રે બધી વાત પૂછી કે "કેમ થયું ? શી રીતે થયું ? રસ્તામાં કંઈક અવનવી ઘટના બની કે ?"

શંકરભાઈએ બધી વાત કરી તેમાં ખાસ કરી **લીંબડી**થી નિકળતાં શુકન સારાં થયાં પણ **લીંબડી** ગામના પાદરે **સીયાણી**ના રસ્તે વળતાં સામી છીંક અને ડાબે કૂતરાએ કાન ફફડાવ્યાની વાત કરી.

વધુમાં **શીયાણી**ના પાદરે મોટી નદી ઉતરી સામી ભેખડે ચડયા કે ચીબરી ડાબે કઠોર સ્વરે બોલી....એટલે સાહેબ ! કામ તો દીક્ષાનું આપની કૃપાથી અને શાસનદેવ પ્રતાપે બરાબર પતી ગયું. પણ મનમાં જરા શંકા રહે છે. તે બીજું નહી, પણ **કપડવંજ**ના મોહઘેલા કુટુંબીઓ કંઇક અવનવી ધમાલ ન કરે તો સારું !

પૂજ્યશ્રી બોલ્યા કે "મહાનુભાવ ! **કાર્યની સિદ્ધિમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ નિમિત્તરૂપે ભાગ ભજવે છે, કયારેક ઉપાદાનની વિકૃતિ કે નબળાઈથી બાહ્ય નિમિત્તો પણ જોર કરી જાય છે.**"

"તમે શાસનદેવના પ્રતાપે ખૂબ મહત્ત્વનું કામ પાર પાડી આવ્યા છો, પણ કાળના પ્રભાવે "**સારા કામમાં સો વિઘ્ન**" ન્યાયે તમે ગયા પછી મને પણ એમ ખ્યાલ થયેલ કે– **કપડવંજ**ના કુટુંબીજનો છાના નહી રહે ! માટે અગમચેતી વાપરી કંઈક કરવું પડશે."

શંકરભાઈએ કહ્યું કે "સાહેબ ! આપ શાસન-પ્રભાવક ગીતાર્થ મહાપુરુષ છો ! આપની વિચારણા યથાર્થ જ હોય ! હું તો સંસારી માણસ ! આમાં વધુ ન સમજી શકું ! પણ હવે મારી જવાબદારી પૂરી થવાથી હવે આ પ્રસંગ-ચિત્રમાંથી ખસી જવા માંગું છું. મારા કૌટુંબિક-કારણો તેમાં કારણરૂપ છે."

"આપની કુનેહભરી દીર્ઘદૃષ્ટિ અને આગમજ્ઞતાના બળે શાસનદેવ જરૂર આપના કાર્યમાં આવતાં વિઘ્નો દૂર કરશે જ!" એમ કહી **શંકરભાઈ** જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ નંખાવી માંગલિક સાંભળી શ્રી સિદ્ધગિરિની યાત્રાર્થે રવાના થઈ ગયા.


પૂજ્યશ્રીએ ખૂબ ગંભીરપણે વિચાર કરી ઠરેલ-બુદ્ધિવાળા ગંભીર બે-ત્રણ શ્રાવકોની મદદ લઈ વિશ્વાસુ ચોક્કસ માણસ સાથે **મુનિ કનકસાગરજીને મુનિશ્રી વિવેકવિજયજી** નામના પીઢ ગંભીર અનુભવી બાહોશ સાધુ ભગવંત સાથે **લીંબડી** સંઘને પણ બહુ ખ્યાલ ન આવે તે રીતે સવારે ૮॥ વાગે જ **અમદાવાદ** જેવા **રાજનગર**માં ધર્મીઓના ભરચક લત્તામાં તે વખતના પ્રભાવશાલી પૂ. મુનિરાજ શ્રી **સિદ્ધિવિજયજી મ.** (સંવસ્થવિર પૂ. આ. શ્રી **વિજય સિદ્ધિસૂરીશ્વરજી** મ.) શ્રી પર **પૂ. મણિવિજયજી મ.** દાદા સાથેના પૂર્વ પરિચયના કારણે ભલામણ-પત્ર લખી રવાના કર્યા.

શાસનદેવના પ્રતાપે પૂ. ચરિત્રનાયકશ્રીની આ દીક્ષાનો પ્રસંગ એવો ઝડપી અને ગુપ્તપણે પત્યો કે શ્રી સંઘના છ-સાત આગેવાન શ્રાવકો અને ઉપાશ્રયે આવનારા ચાર-પાંચ ધર્મી-શ્રાવકો સિવાય કોઈને ખાસ માહિતી જ ન થઈ કે કોણ આવ્યું? ને શું થયું?

જે શ્રાવકોને વાતની જાણકારી હતી તેઓને પૂજ્યશ્રીએ-ખાસ ભારપૂર્વક ભલામણ કરી કે-"આ વાત સહુ પેટમાં રાખજો. તેમાં શાસનને લાભ છે!"

"અન્યથા અજ્ઞાની મોહાધીન સંસારી જીવો "**રીસનો બળ્યો કુંભાર ગધેડાના કાન આમળે**" ની જેમ જિનશાસન અને ધર્મ તેમ જ સાધુઓની હીલના કરવા તૈયાર થશે. માટે સહુ સમય-સૂચકતા વાપરી આ વાતને જરૂરી નાંખી જાણે કંઈ થયું જ નથી, તેવી વૃત્તિ કેળવશો, કેમ કે દીક્ષિત થનાર વ્યક્તિ સામાન્ય નથી **કપડવંજની** પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. તેથી મોહાધીન દશાથી....કુટુંબીજનો કદાચ દોડ્યા આવે, એલફેલ બોલે કે વાતાવરણ ડોળાવે પણ તમે બધા મારા પર છોડી દેશો અને જાણે અમે કંઈ જાણતા નથી તેવો દેખાવ ઊભો કરી શાસનની હીલનાને અટકાવવા લક્ષ્ય રાખશો." આદિ. શ્રી સંઘના દીર્ઘદર્શી શ્રાવકોએ પૂજ્યશ્રીની વાતને માન્ય રાખી.

આ બાજુ **કપડવંજ** શહેરમાં ફા. સુ. ૨ સવારે **જમનાબહેને** પ્હો ફાટતાં જ ધડાકો કર્યો કે "**હેમચંદ નથી!**" માણેકબહેનને પૂછ્યું કે "રાત્રે આવેલ કે નહીં?" જાણવા મળ્યું કે કાલે રાત્રે જૂના ઘરે ગયેલ, પછી આવ્યા જ નથી.



श्री वर्द्धमानस्वामिने नमः

आगमज्योतिर्धर

(પૂ. આગમોદ્ધારક શ્રીની જીવનગાથા)

(વિભાગ બીજો)

ખંડ ૩

આગમ જ્યોતિર્ધર

વિભાગ–૨

ખંડ–૩

૨૯	પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષાથી થયેલ ખળભળાટ	૧૮૩–૧૮૬
૩૦	પૂ. ચરિત્રનાયકશ્રીની શોધ માટે દોડધામ	૧૮૭–૧૯૩
૩૧	પૂ. ચરિત્રનાયકશ્રીની આકરી કસોટી	૧૯૪–૨૦૧
૩૨	પૂ. ચરિત્રનાયકશ્રીની અપૂર્વ ધીરતા	૨૦૨–૨૦૬

આ સાંભળી માણેકબહેને હોબાળો કરી મૂક્યો. સવારના પહોરમાં–પાડોશીઓ ભેગા થઈ ગયા.

વાત વાયુવેગે ગામમાં ફેલાઈ. પૂ. ચરિત્રનાયકશ્રીના શ્વસુરપક્ષના સંબંધીઓ પણ હલાલવાડામાં આવી ધરયા અને **મગનભાઈ** ભગતનો ઊધડો લેવા લાગ્યા ! ને બધા તેમને કનડવા માંડયા કે–"બોલો ભગત ! હેમચંદ કયાં ગયો ? ભગતડા થયા હો ને આવા ધંધા કરો છો ?" આદિ.... કટુભાષા વાપરી સ્વજનો રોષ ઠાલવવા લાગ્યા.

મગનભાઈએ ખૂબ જ ખામોશી રાખી "**ઝઘડાનું મારણ મૌન**" કહેવત પ્રમાણે ગંભીરતાપૂર્વક મૌન રાખ્યું.

વ્યાઘ્ર–તટી ન્યાયે બોલાવામાં વધુ અનર્થની સંભાવના ધારી કંઈ જીભાજોડી જ ન કરી.

કુટુંબીલોકોમાં **જમના** માતા અને **રણછોડભાઈ** (સસરા)એ **માણેકબહેનને** આગળ કરી ઝઘડો ચગાવવામાં ખામી ન રાખી.

લોકો જુદી–જુદી વાતો કરવા લાગ્યા. કોઈક **મગનભાઈ**નો વાંક કાઢે, કોક વળી સાસુ–વહુની ત્રાસની વાત આગળ કરે, કોઈક વળી કહે કે ધર્મીના દીકરા તો ધર્મી જ હોય ! ચારિત્રની તમન્ના તેને કેટલી હતી ? તો તે ભગતનો દીકરો દીક્ષા જ લેવા જે હશે વગેરે.

કુટુંબીજનોએ માણસો આસપાસ દોડાવ્યા. સગા–વહાલાં–મિત્રો ભાઈબંધોના ઘરે તપાસ કરાવી પગેરું જોવડાવ્યું. પણ કંઈ પત્તો ન ખાધો.

જમના માએ ખાવાનું છોડી દીધું. છાતી કૂટવા માંડી. સમજુ કુટુંબીજનોએ કહ્યું કે– "હવે બાજી હાથમાંથી ગઈ છે બહેન તમે શરીરને ના સતાપો ! વગેરે ઘણી શાંત પાડયાં.

અજ્ઞાની લોકો **મગનભાઈ**ને જાતજાતના કુ–વચનો સંભળાવવા લાગ્યા **રણછોડભાઈ** પોતાના વેવાઈને કહેવા લાગ્યા કે–"આવું નાટક કરવું હતું તો મરી દીકરી ! અમે ક્યાં બગાડયો ?" આદિ.

છતાં ધીરતાપૂર્વક "**મોહના આ બધા ચાળા છે.**" દૂધના ઉભરાટની જેમ આ વાતનો સવાલ–જવાબથી અંત નહીં આવે. **સમય જ આનો અંત લાવશે** વિચારી **મગનભાઈ** આદર્શ હિંમત રાખી સ્વજનોના, કુટુંબીઓના, અજ્ઞાની લોકોના કુ–વચનોના સતત વરસાદને અડીખમ–રીતે ઝીલી રહ્યા.

મગનભાઈ ભગતના વેવાઈ **રણુછોડભાઈ** ધર્મસંસ્કારોથી પૂરા નહીં રંગાયેલા હોઈ વધુ પડતા ઐલફેજ-શબ્દોથી વાતાવરણ ખળભળાવતા, તે વખતે પણ **મગનભાઈ** કર્માધીન-જીવોની વિચિત્ર-પરિણતિની વિચારણાથી સૌમ્યભાવ જાળવી રહેતા.

જમનાબહેન પણ **માણેકવહુને** આગળ કરી **મગનભાઈ** ભગતને અશ્રાવ્ય દુર્વચનો સંભળાવતાં, પણ ગ્રહાવેશવાળા કે દુર્જય-ભૂતગ્રસ્તની ઘેલછાની તુલનાએ આ બધાં કુવચનોને ગળી જવા રૂપે **મગનભાઈ** ભગતની અરેઅર આકરી કસોટીભરી સત્ત્વપરીક્ષા થવા માંડી.

આપણે કોણ ? એ વિચારણા ખૂબ જ ગહન છે.

પૌદ્ગલિક પદાર્થોની ઓછાશ કે સંપૂર્ણતાથી થતા વિકલતા હૈયામાં રહેલ મોહનીય-કર્મના ઔદયિક સ્વરૂપની આતરી કરાવે છે.

પૌદ્ગલિક ભાવોની સિદ્ધિ-સમૃદ્ધિ કે હાનિ-વિનાશ એ આપણું પોતાનું પોતીકું સ્વરૂપ નથી.

આપણે એટલે શરીર-બુદ્ધિ-ઇન્દ્રિય એ ચોકડાથી ઉપર જડ તત્વની પેલે પાર રહેલ ઉર્જાના ચારે જડ પદાર્થોને સક્રિય બનાવનાર ચૈતન્ય સ્વરૂપ છીએ.

આ ભૂમિકાએ આપણા ચિંતનને નય-સાપેક્ષ રીતે લઈ જવાની જરૂર છે પરિણામે જીવનમાં શાંતિનો સાક્ષાત્કાર સહેલાઈથી થઈ શકે.

* * * *

સંયોગોને પરવશ બની આપણે પુરૂષાર્થહીન થઈ જઈએ તો માટી ભીંત ભૂલીએ છીએ કેમકે સંયોગોનું ઘડતર ભૂતકાળમાં આપણે જ કર્યું છે.

રાગજન્ય કે દ્વેષજન્યના દ્વારમાં સારી કે ખોટી પ્રવૃત્તિથી આપણા જીવનને સારા નરસા હાલતમાં લઈ જનાર સંયોગોનું ઘડતર થવા પામે છે.

માટે સંયોગોનું સમ કે વિષમ સર્જન કરનાર આપણે પોતે જ છીએ તેથી જ્ઞાની-ગુરૂજનોના દોરવણી અનુસાર વિશિષ્ટ પુરૂષાર્થ દ્વારા સંયોગોની આધારશિલા રૂપ કર્મ સત્તાને હટાવવા શુભ સંકલ્પ કરવાની જરૂર છે.

જ્ઞાની ગુરૂની નિશ્રાએ યોગ્ય પ્રવૃત્તિથી તે સંકલ્પ જરૂર ફળે જ છે, આ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

પ્રકરણ ૩૦

પૂ. ચરિત્રનાયકશ્રીની શોધ–માટે દોડધામ

પૂ ચરિત્રનાયકશ્રીની ખાનગી રીતે દીક્ષા **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.**ની કુનેહ અને શ્રાવકોની ગંભીરતાથી થઈ ગયા પછી શાસન–હીલના તેમના કુટુંબીઓ તરફથી થવા ન પામે એ હેતુથી પૂજ્યશ્રીએ નવ–દીક્ષિત પૂ. ચરિત્રનાયકશ્રીને બે સાધુ સાથે **રાજનગર અમદાવાદ** જેવા ધર્મપુરીના **અભેદ્ય** કિલ્લામાં તે વખતે વધુ પ્રભાવશાળી **પૂ. મુનિ શ્રી સિદ્ધિવિજયજી મ.** શ્રીની નિશ્રામાં ઝડપભેર મોકલી દીધા.

પૂ. ચરિત્રનાયકશ્રી **અમદાવાદ વિદ્યાશાળામાં પૂ. શ્રી સિદ્ધિવિજય મ.** ની નિશ્રામાં પહોંચી ગયા. પૂ. શ્રી સિદ્ધેવિજયજી મ. શ્રીએ પણ પૂજ્યશ્રીના પત્રથી બધી વિગત જાણી યોગ્ય તજવીજ કરી વ્યવસ્થિતપણે પૂ. ચરિત્રનાયકશ્રીને ગોઠવી દીધા.

થોડા સમય પછી બાળદીક્ષિત આ મુનિ કોણ ! કયારે દીક્ષા થઈ ? કયાં થઈ ? કયાંના છે ? વગેરે ઉહાપોહ થવા માંડયો. વળી **અમદાવાદથી કપડવંજ** નજીક હોઈ કદાચ નવા કોઈ બાલમુનિ **અમદાવાદમાં** છે તે સમાચાર પહોંચવાની વધુ શકયતા વિચારી દીર્ઘદર્શી **પૂ. મુનિ શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીએ** સ્થાનાંતર કરી સુરક્ષાનો વિચાર કર્યો.

વિદ્યાશાળાની સામે ડેલાના ઉપાશ્રયે, ત્યાંથી **ભઠ્ઠીની બારીએ વીર વિજયજી મ.** ના ઉપાશ્રયે, **લવારની પોળે, ખેતરપાળની પોળે,** બે–ચાર દિવસ રાખી ફેરવવાની ગોઠવણ કરી.

પણ બધે આ નવા મુનિ કોણ ? કયાંના ? કયારે દીક્ષા થઈ ? એ ચીજ તો સહુને કુતૂહલનો વિષય બની રહી. સુરક્ષા કરવા જતાં કાળની વિષમતાએ વાત ઊલટી ચકાવે ચઢી. કેમ કે તે વખતે બાળદીક્ષા બહુ જુજ થતી હોઈ મુગ્ધ લોકોને માટે કુતૂહલરૂપ અને ધર્મપ્રેમીઓ માટે ભક્તિરૂપ બનવાથી પૂ. ચરિત્રનાયકશ્રીને છુપાવવાના પ્રયત્નો ઊલટા ચકચાર જગવનારા થયા.

જેના પરિણામે લોકવાયકા એવી જાગી કે "**અમદાવાદમાં કો'ક બાળમુનિ નવદીક્ષિત આવ્યા છે**" આ વાત વાયુવેગે ફેલાઈ રહી, વ્યવહારાદિ કામકાજ અંગે **કપડવંજ**થી આવનારા ભાઈઓ મારફત **કપડવંજ**માં પણ વાત વહેતી થઈ કે-"**અમદાવાદમાં કો'ક--નવદીક્ષિત બાળમુનિ છે અને જુદી જુદી જગ્યાએ બે ચાર દિવસ રાખી સંતાડી રાખવાનો પ્રયત્ન થાય છે.**"

આ ઉપરથી પૂ. ચરિત્રનાયકશ્રીના સ્વજન-વર્ગમાં ચર્ચા ઉપડી અને માતુશ્રી **જમનાબહેન** તથા શ્વસુરપક્ષના **રણછોડભાઈ** વગેરે કુટુંબીઓ ધમાલ કરવાની દૃષ્ટિએ **અમદાવાદ** આવી પહોંચ્યા.

તેઓ તપાસ કરવા લાગ્યા, તે વખતે પૂ. ચરિત્રનાયકશ્રી પૂ. **શ્રી વીર વિજયજી મ.** ના ઉપાશ્રયે (ભઠ્ઠીની બારી) નીચે ભોંયરામાં ગુપ્ત હતા. પણ **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રી**ને કુદરતી ભાવી શુભ સંકેતે વંદનાર્થે આવેલ એક ભાઈ મારફત સમાચાર મળ્યા કે-**કપડવંજ**થી કો'ક પાંચ-સાત ભાઈબહેનોનું ટોળું **લવારની પોળે** આવેલ અને નવદીક્ષિત બાળમુનિ કો'ક અહીં છે? એમ તપાસ કરતા હતા.

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રી એ તુર્ત અગમચેતી વાપરી સંયમી-આત્માના રક્ષણાર્થે પોતાના સાધુઓ દ્વારા **ભઠ્ઠીની બારી**એ કહેવડાવી દીધું કે-"**જરા પણ બહાર ન નિકળે**" આદિ પાકી ભલામણ કરી.

આ બાજુ **કપડવંજ**થી આવેલ પૂ. ચરિત્રનાયકશ્રીના સંબંધીઓ **અમદાવાદ**માં ચાર-પાંચ પોળે ફર્યા, પણ પૂરી માહિતી ન મળી. પણ એટલી વાત ચોક્કસ મળી કે બે દિ' પૂર્વે અહીં હતા-નાના મહારાજ છે. નવદીક્ષિત છે-આદિ.

જેથી સ્વજનોએ અટકળ કરી કે **હેમચંદ** જ હોવો જોઇએ. પણ હવે તપાસ કયાં કરવી? છેવટે થાકીને તે વખતે **અમદાવાદ**ના બધા ઉપાશ્રયોમાં સૌથી અગ્રગણ્ય તરીકે ગણાતા **વિદ્યાશાળા**ના ઉપાશ્રયે તે વખતના સંવેગી સાધુઓમાં અગ્રગણ્ય ગણાતા પ્રભાવશાળી પૂ. સ્વ. **મણિવિજયજી મ૦** (દાદા) ના શિષ્ય પૂ. **શ્રી સિદ્ધિવિજયજી** મ. મોટા સાધુ તરીકે પ્રખ્યાત હોઈ તેમની પાસે બધા આવ્યા.

તે વખતે વ્યાખ્યાન પુરું થયાને અર્ધો કલાક થયેલ બીજા લોકો પાસેથી પૂ. **મુનિ શ્રી**

સિદ્ધિવિજયજી મ. શ્રી ની પ્રભાવશીલતા સાંભળી જરા ડઘાઈ જઈ તોફાની-વૃત્તિને કાબૂમાં રાખી શાંતિથી મુલાકાત લીધી.

તપાસ કરવાની રીતે પૂછ્યું કે "અહીં કોઈ નવ-દીક્ષિત બાળમુનિ છે ?" આદિ. પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીએ ના પાડી. એટલે કપડવંડથી આવેલા સ્વજનો મુંઝવણમાં પડ્યા કે-"ગામમાં લોકો વાત કરે છે કે કોઈક નવદીક્ષિત બાળમુનિ છે અરા! આ મોટા પ્રભાવશાળી મહારાજ ના પાડે છે! હવે કોને પૂછવું ? શું કરવું ?"

કપડવંજના ભાઈ-બહેનોએ ઘણી તપાસ કરી પણ પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીનો "એક નન્નો સો વાતને હણે" રીતથી ચરિત્રનાયકશ્રીનો સ્વજન-વર્ગ વિલખો થઈ રવાના થઈ ગયો.

તેમના ગયા પછી પૂ. સિદ્ધિવિજયજી મ. શ્રી એ નવદીક્ષિતને હવે અમદાવાદમાં રાખવામાં જોખમ સમજી નવી યોજના બરાબર વિચારી બધું ગોઠવી પોતાના બે સાધુઓ ત્રણ ચાર વિશ્વાસુ શ્રાવકો સાથે અમદાવાદથી ૧૫ મા દૂર ખોરજ (ખોડિયાર) ગામે સ્થાનક વાસીઓની વસ્તી વધુ હોવાને કારણે બીજે કશો ભય નહીં એમ વિચારી શ્રાવકો મારફત વ્યવસ્થા કરી એક સ્થાનકવાસીનું ઘર ભાડે લઈ તેમાં પૂ. ચરિત્રનાયકશ્રીને રાખ્યા. બહાર તાળું મારી રાખે. પાછળથી બીજા રસ્તેથી ગોચરી-પાણી સ્થંડિલ-માત્રાની બધી વ્યવસ્થા ગુપ્તપણે કરાવી.

ખોરજવાળા સ્થાનકવાસી જૈનો કે ગામની ઈતર પ્રજાને પણ કશી ગંધ ન આવે તેવી પાકી વ્યવસ્થા કરી,

આ રીતે વૈ. વ. ૩ ના રોજ ખોરજ ગામે પૂ. ચરિત્રનાયકશ્રી પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રી ની દોરવણી તળે સંયમ-રક્ષાર્થે ગુપ્તવાસમાં રહ્યા.

આ દરમ્યાન કપડવંજમાં ચરિત્રનાયકશ્રીના સ્વજનવર્ગમાં ભારે ખળભળાટ મચી રહ્યો. કપડવંજથી અમદાવાદ ગયેલા ભાઈ-બહેનોને સહુ ઠપકાની નજરે જોઈ રહ્યા અને ટોણા મારવા લાગ્યા કે-

"શું તમે અમદાવાદ ગયા ને પાકી તપાસ કરી નહીં ! જ્યારે ગામમાં-પોળોમાં તપાસ કરતાં બાળમુનિ નવદીક્ષિત હોવાના સમાચાર મળ્યા, તો એ હેમચંદ જ હોય ! તો પછી

તમારે વિદ્યાશાળાએ જ મોટા મહારાજ હતા તેમની પાસે ધરણું દઈને બેસવું જોઈએ કે અમને બાળમુનિ બતાવો! વગેરે કડક-હાથે પ્રયત્નો કરવાના બદલે આમ વીલે-મોંએ પાછા શું આવ્યા?"-આદિ.

એટલે જમનાબેન અને રણછોડભાઈ વગેરેને હકીકતમાં પોતાની ભૂલ સમજાઈ, ફરીથી તેઓ સાત-આઠ જણા વિદ્યાશાળાએ આવી પૂ શ્રી સિદ્ધિવિજયજી મ. ને આગ્રહપૂર્વક કહેવા લાગ્યા કે-"મહારાજ! બાળમુનિ બતાવો અમને! મારો દીકરો છે. ઘરે નાની વહુ છે. પરણેલ તે છોકરાને પૂછયા-ગાછયા વિના દીક્ષા કેમ અપાય?" વગેરે.

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. કહે કે-"મહાનુભાવો! તમે શાંત થાઓ! તમારી વાત સાચી હોય તો પણ મેં કંઈ દીક્ષા આપી નથી! તમે મને શા માટે ઠપકો આપો છો?

કુટુંબીઓએ કહ્યું કે-"જેણે દીક્ષા આપી હોય તેણે ભયંકર ભૂલ કરી છે, પણ અમને તે બાલમુનિનાં દર્શન તો કરાવો!"

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. એ કહ્યું કે "મહાનુભાવો! તમારૂં અત્યારનું વલણ એવું છે કે તમને જે બતાવાય કે માહિતી અપાય કે અહીં છે! તો તમે તો તેનો વેષ ઉતરાવી સંસારી જ બનાવી દો!"

એટલે વધુ છંછેડાએલા કુટુંબીઓએ ધમાલ કરી મૂકી. ધર્મના રંગની ઓછી-અસરવાળા કેટલાકે તો સાધુઓએ આ શું માંડ્યું છે? લોકોના નાના સગીરવયના છોકરાઓને પૂછયા ગાછયા વિના મુંડી નાખે અને સંતાડી રાખે આ બધું શું? આદિ બોલફેલ બોલી હો-હા કરી મૂકી.

પૂ શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રી પણ જરા ગભરાઈ ગયા, પણ ભેગા થઈ ગયેલ શ્રાવકો પણ શાસનની દાઝવાળા હોઈ કપડવંજના ભાઈ-બહેનોને સમજાવવા લાગ્યા કે-"નાહક ખોટી ધમાલ શા માટે કરો છો? પૂ. મહારાજશ્રી કહે છે કે-"મેં દીક્ષા નથી આપી. પછી તેમને વઢવાનો શો અર્થ?"

કુટુંબીઓ કહે કે-"અમને બતાવો તો ખરા! કયાં સંતાડી રાખ્યા છે?"

શ્રાવકોએ સમજણ પાડી કે-"તમો ઠંડા થાવ! ધીરા પડો! બધાં સારાં વાનાં થશે" આદિ સમજણ પાડી વાત ઠંડી પાડી.

પૂ. સિદ્ધિવિજયજી મ. શ્રીએ તો અવસર પ્રાપ્ત 'માન સર્વાર્થસાધન' સૂત્રને અનુસરી મોહાધીન-કુટુંબીઓના વિવિધ-પ્રશ્નોના ખુલાસા કરવાની ભાંજગડમાં ઉતર્યા નહીં.

અંતે થાકીને કપડવંજવાળા પાછા ગયા. બે-ચાર દિ' પછી ફરી માતુશ્રી જમનાબેન માણેકબહુને સાથે લઈ વેવાઈ અને તેના છોકરાઓ સાથે આવી કરૂણાભરી રીતે આજીજી કરી. પૂ. સિદ્ધિવિજયજી મ. શ્રીને ઢીલા પાડવા બહોળા પ્રયત્ન કર્યો.

પણ શાસનને કેન્દ્રમાં રાખી દ્રવ્ય-દયા કે મોહજન્ય કાલાં-ઘેલાં વચનોની માયાજાળમાં ન ફસાઈ મૌનપૂર્વક કુટુંબીઓના વિચિત્ર ઉપસર્ગને સમભાવે વેઠી રહ્યા.

આવા બે-ત્રણ દિ'ના આંતરે ત્રણ-ચાર પ્રયત્નો થયા. પણ કંઈ વળ્યું નહીં.

આ બાજુ મગનભાઈએ જમનાબહેનને એકાંતમાં સમજાવ્યું કે- "શા માટે આવી બધી ખોટી ધમાલ કરે છે? તને ખબર તો છે. હેમચંદના ગ્રહોના ફળાદેશ વખતે કાશીના પંડિતે કેવું ભવિષ્ય ભાખેલ? જન્મ-જાત સંસ્કારો ફેરવી શકાય નહીં! આપણા કુળને અજવાળનાર પ્રભુશાસનની દીક્ષાના પંથે જનારા આપણા સંતાનને બિરદાવવાના બદલે આવી ભયંકર શાસનની, ધર્મની-સાધુઓની હીલના, નિંદા-અપભ્રાજનાથી બંધાતાં પાપકર્મો કયાં છૂટશે? આદિ.

આ બધાના કારણે માતુશ્રી જમનાબહેનના પરિણામ જરા કૂણા થયા, આમેય તે રત્નકુક્ષિ પુણ્યશાલિની માતા હતી. મનમાં તેને હવે લાગ્યું કે મારી કૂખને અજવાળનાર સંતાનને હાથ પકડી ફરી પાછો સંસારના કીચડમાં લાપવાનું પાપ કરવું વ્યાજબી નથી.

પણ પૂ. ચરિત્રનાયકશ્રીના શ્વસુર શ્રી રણછોડભાઈ ધર્મની રીતિ-નીતિમાં બહુ માર્મિક રીતે અંદર ઉતરેલ ન હોઈ તે માત્ર પોતાની દીકરીના વ્યાવહારિક-જીવનની ઘેલછામાં અતિરેક વૃત્તિના પંથે ખપવા લાગ્યા.

વેવાઈ મગનભાઈને વદ્ધા-તદ્ધા બોલી પજવવા લાગ્યા. વેવાણ જમનાબહેનને પણ વિશિષ્ટ રીતે ઉશ્કેરી રહ્યા કે-"શું તમને દીકરાની પણ પડી નથી? બધાને બાવા બનાવવા છે કે!"

બીજા કુટુંબીઓ મારફત પણ આ વાતને વધુ ચગવી. પણ દરેક ચીજ પોતાની મર્યાદામાં શોભે.

તે રીતે કુટુંબીવર્ગને પણ હવે બહુ ધમાલમાં રસ ન રહ્યો. જેમાં મગનભાઈની પ્રેરણાથી જમનાબહેનનો અંતરંગ સૂર પણ ભળ્યો કે–"ઉત્તમ મનખા–અવતાર મેળવી ધર્મના પંથે વધવાના પ્રયત્નને બદલે પૂર્વ–પુણ્યથી જેણે નાની–વયે મારી કૂખ અજવાળી તેના આત્મકલ્યાણમાં હવે આડે આવવાનો શો અર્થ?"

પરિણામે રણછોડભાઈનું શાણપણ ઠેકાણે આવવા લાગ્યું, છતાં ભાવીયોગે હજી પૂ. ચરિત્રનાયકશ્રીને કર્મના ફંદામાં જાણે વધુ ફસાવવાનું થવાનું હોઈ નિમિત્તરૂપે રણછોડભાઈએ થોડીવાર વાણીયા વિદ્યાની રીતે વિચાર્યું.

એક દિ' સાંજના જમનાબહેન પાસે આવી રણછોડભાઈ કહે કે–"જબરા છો તમે! જનેતા થઈ દીકરાનો મોહ ધરખમ ઘટાડી દીધો! મને તો મારી દીકરીનો ભવ બગાડ્યાનો વિચાર હેરાન કરી મૂકે છે! હશે! ભાવી! પણ એક વાત તમને કહું ઓઢું ન લાગે તો!"

એટલે જમનાબહેન બોલ્યા કે–"મોહ ઓછો થયો કે કઠાય કરવો પડયો એ તો મારૂં અંતર જાણે છે! પણ આટલી મહેનત છતાં પત્તો નથી લાગતો. વળી મારૂં ઘર જ સાજું નથી. ભગત પોતે એવા મીંઢા થઈને રહ્યા છે. તેમને બધી વાતની ખબર હોવી જોઈએ. છતાં કંઈ બોલતા નથી અને આટલા બધાં કડવા વેણો સાંભળી રહે છે. એટલે પછી મન મનાવી લેવું પડ્યું કે–હવે આ ટૂંકી જીંદગીમાં પાપનાં પોટલાં વધુ કાં બાંધવા?"

તમારી દીકરીને મારી પણ દીકરી–તુલ્ય વહુનો વિચાર મને પણ આવે છે. પણ હવે ભાવી આજ્ઞાળ શું થાય?

મારો દીકરો લુચ્ચો–લફંગો થઈ ભાગી ગયો હોત કે બીજું કંઈ થયું હોત તો તમારા કરતાં મારા અંતરને વધુ દુઃખ થાત.

પણ આ તો મારો કહ્યોકારો કુંવર જેવો, કાજળની કોર જેવો હેમુ જીવન અજવાળવાના પંથે ગયો છે. મારી કૂખ અજવાળી છે. એટલે હૈયે ટાઢક છે.

આવા દીકરાના પુણ્ય–પ્રભાવે સહુ સારાં વાનાં થશે. વહુનો તમે બહુ વિચાર ન કરો! ભગવાન સહુનો બેલી છે! પણ તમે એક વાત કહેતા હતા તે શી છે? તે કહો.

રણછોડભાઈ બોલ્યા કે–"શું કહું ? મને મનમાં ઘણું દુઃખ થાય છે, પણ તમે કહ્યું તેમ ધર્મનું બહુ ખોટું લાગે છે, લોકોમાં સાધુઓની મશ્કરી થાય છે, માટે મેં પણ હવે **જમાઈ**ને ઘરે લાવવાનો વિચાર મોળો કર્યો છે, પણ એકવાર તેનું મ્હોં જોવાની ખૂબ તમન્ના **જાગી** છે, શું તમને તેનું મ્હોં જોવાની લાગણી નથી થતી ?

જમનાબહેને કહ્યું કે "અરે ! અરે ! ઘણુંય મન થાય છે, પણ શું થાય ?"

રણછોડભાઈ કહે કે– "ચાલો ! આપણે હવે આ રીતે મહેનત કરીએ કે અમને તેનું મ્હોં બતાવો ! એટલે અમારા હૈયાને ટાઢક વળે" વગેરે વાતો કરી. **રણછોડભાઈ**એ પોતાની બાજી બીજી રીતે પાથરી. **જમનાબહેન**ને પડખામાં લીધા કેમ કે તેમના વિના પોતાની વાત આગળ વધે તેમ ન હતી, એ વાત તેમના ધ્યાનમાં જ હતી.

ભગતને આ વાતની ખબર પડી કે શ્રાવિકાને વાત કરી કે–"આ નાહક સાપને દૂધ પાવા જેવું થાય છે. **રણછોડભાઈ**ની ચાલમાં તું ફસાઈ ગઈ, તને આગળ કરી એ એની મેલી રમત રમી જશે." "તારે તારા દીકરાના દર્શન કરવા હોય તો હું થોડા દિ'માં કરાવી દઉં," પણ ભાવીયોગે વાતનું વતેસર અને રજનું ગજ થવાનું નિર્માણ થોકબંધ હોઈ **જમનાબહેન** બોલ્યા કે "તમે **નાહકના** વહેમાઓ છો ? તેમાં શું થઈ જવાનું છે ?" આદિ બોલી પોતે **રણછોડભાઈ** આદિ બીજા સ્વજનવર્ગ સાથે જવા તૈયાર થયા.

ભગનભાઈ શાસનદેવને પ્રાર્થી રહ્યા કે સર્વં શુભં ભવતુ !



શ્રીવર્ધમાનસ્વ-ામિને નમઃ

પ્રકરણ ૩૧

ચરિત્રનાયકશ્રીની આકરી કસોટી

વર્તમાન સંવેગી-શાખાના પ્રભાવક મહાપુરૂષ શ્રી **મણિવિજયજી મ.** દાદાના મુખ્ય શિષ્ય પૂ. **મુનિ શ્રી સિદ્ધિવિજયજી મ.** ના જ્ઞાન, પ્રતાપ અને સંયમના તેજની તેમના વિશિષ્ટ પુણ્ય-પ્રભાવના બળે **રાજનગર** શ્રીસંઘમાં ઘેરી છાપ હતી, તેથી **રાજનગર અમદાવાદના** મુખ્ય શ્રાવકો અવારનવાર પૂ. શ્રી **સિદ્ધિવિજયજી મ.** પાસેથી ધર્મપ્રેરણા મેળવવા સામાયિક-ધર્મચર્ચા આદિ માટે પૂ. **શ્રી સિદ્ધિવિજયજી મ.** પાસે આવી રહેતા.

જેથી પૂ. ચરિત્રનાયકશ્રીની માતાજી અને શ્વસુર પક્ષના ભાઈ-બહેનો અવારનવાર મોહજન્ય ઘેલછાથી ધમાલ કરવા આવતા, પણ ફાવી શકતા નહીં.

છેવટે **મગનભાઈની** સમજાવટથી ઉંડે ઉંડે પડેલ ધર્મના સંસ્કારોથી **જમનાબહેન** જરા ઠંડા પડયા અને છેવટે માત્ર '**મ્હોં જોવા મળે**' તે વાત પર આવી રહ્યા, અને **રણછોડભાઈ** ભાવીયોગે હજી વધુ થનારી શાસન-હીલનાના નિમિત્તરૂપ બનવાના હોઈ આ સીધી-સાદી વાતને ફૂટ-નીતિ રૂપે સ્વીકારી ઉપરના દેખાવથી શાંત બની કેટલાક સ્વજન-વર્ગ સાથે **વિદ્યાશાળાએ** વૈશાખ વદ દશમ લગભગ આવ્યા ને મુખ્ય શ્રાવકોને વાત કરી કે....

"અમારે અમારા હેમચંદને માત્ર જોવો જ છે! અમે કંઈ તેની દીક્ષા છોડાવીશું નહીં, પણ અમને દર્શન તો કરાવો! ભલે! એ સંયમ પાળે! પણ અમને તેનું મ્હોં જોયા વિના ચેન નહીં પડે!" આદિ આજીજી-ભર્યા શબ્દોથી ભાવીયોગે **વિદ્યાશાળાના** શ્રાવકોએ પૂ. **શ્રી સિદ્ધિવિજયજી મ.** ને વિનવ્યા કે-"સાહેબ! આખરે તો આ બધા સંસારી જીવો છે. મોહાધીન છે, મોહદશા તેમને તો પજવે જ! તેમને માત્ર જોવા જ છે તો બતાવવામાં શો વાંધો?

પૂજ્યશ્રીએ શ્રાવકોને ખાનગીમાં લઈ જઈ કહ્યું કે-"ભાઈ! આ તો વાણિયાગત છે! આ લોકો આમ બીજી રીતે નથી ફાવ્યા એટલે આ રીત અપનાવી છે કે અમને ખાલી જોવા દો! પછી તે લોકો કબજે કરશે તો!"

શ્રાવકોએ કહ્યું કે–"તેની આપણે ચોખવટ કરી લઈએ કે તમારે જોઈને–દર્શન કરીને ચાલ્યા જવાનું. બીજી કશી ધમાલ કે છળભરી રમત નહીં કરવાની !" આદિ.

પૂ. **શ્રી સિદ્ધિવિજયજી મ.** કહ્યું કે– "મહાનુભાવો ! તમે બધા સમજુ છો; હું વધુ શું કહું ?

શ્રાવકો **કપડવંજવાળા** પાસે ગયા ને બધી વાત સમજાવી તો જમનાબહેન તો નિખાલસ હતા જ ! એટલે તેમણે માતૃ-વાત્સલ્યથી માત્ર પોતાના કૂખ અજવાળનાર પુનોતા દીકરાનું મ્હોં જ ખરેખર જોવું હતું, તેથી તેમણે ખરેખર ખાત્રી આપી અને **રણછોડભાઈએ** ગૂઢ પણે હા-હા કરી વાતને વિશ્વાસના પાટા પર ચઢાવી દીધી.

શ્રાવકો ફરી પૂ. **શ્રી સિદ્ધિવિજયજી** મ. પાસે ગયા, બધી વાત કરી. ભાવીયોગે નરમ થઈ ગયેલ શ્રાવકોએ મહારાજશ્રીને પણ જરા દબાવ્યા કે "સાહેબ ! હવે શું નાહક વધુ ખેંચો છો ? સંસારી જીવોને થોડા સંતોષવા જોઈએ" આદિ.

એટલે પૂ. **શ્રી સિદ્ધિવિજયજી** મ. શ્રીએ ભાવીની અકળ ગતિ વિચારી થોડા દિવસ પછી મળવા આવવા કહ્યું.

પૂ. **શ્રી સિદ્ધિવિજયજી** મ. શ્રીએ તુર્ત વિશ્વાસુ-માણસને **કપડવંજ** મોકલી **મગનભાઈ** ભગતને બોલાવ્યા. બધી વાત કરી શું કરવું ? તે અંગે વિચારો માંગ્યા.

મગનભાઈએ કપડવંજની સ્થિતિનો ચિતાર આપ્યો કે–"બે મહિનાથી ધમાલ છતાં કંઈ પત્તો ન લાગવાથી હવે કંઈક ઢીલા તો પડયા છે, છતાં મોહાધીન સંસારી-જીવોનું કંઈ કહેવાય નહીં, માટે મધ્યમ માર્ગે ચાલવું સારૂં ! એમ કહી ટૂંકમાં પોતાના વિચારો પ્રદર્શિત કર્યા કે—વેવાઈમાં ધર્મનું તત્ત્વ ઓછું છે, પણ શ્રાવિકાનું ધર્મ-રંગથી રંગાયેલું મન મોહથી ઘેલું બની વધુ દુભાઈ રહ્યું છે, તો માત્ર મ્હોં જોવાથી શ્રાવિકાને તો શાંતિ વળવા સંભવ છે.

આ "તો મારી વિચારણા છે. શાસનની દૃષ્ટિએ આપને જે ઠીક લાગે તે ખરૂં !"

પછી પૂજ્યશ્રીએ **મગનભાઈ** સાથે કેટલાય ગુણ-દોષોની વિચારણા કરી છેવટે સંયમ ન છોડાવવાની વાત પર ભાર મૂકી બતાવવાની તૈયારીની વાત નક્કી કરી.

મગનભાઈએ વાત બરાબર સમજી જાણે વાતનો મર્મ કંઈ પોતે ન જાણતા હોય તેમ **કપડવંજ** જઈ આમોશ રહ્યા.

આ બાજુ **કપડવંજ**માં પૂ. ચરિત્રનાયકશ્રીના સ્વજન-વર્ગમાં **કપડવંજ** ક્ષેત્રની ઉદાર ધર્મકૃષિના પરમાણુઓની અસરથી અને **મગનભાઈ ભગત**ની મીઠી સમજાવટથી ધમાલી વૃત્તિ ધીમે ધીમે શમવા માંડી, પણ **જમનાબહેન**નું માતૃ-હૃદય પોતાના વહાલા પુત્રને ઝંખવા લાગ્યું. સ્વજન-વર્ગમાં પણ એવી હવા ઉભી થવા લાગી કે "હવે સંયમ લીધુ છે તો ભલે! પણ તેમના દર્શન કરી પાવન થઈએ અને અમારા કુળ-દીપકની અનુમોદના કરીએ."

પણ ભાવીયોગે ભવિતવ્યતાની વિચિત્રતાથી વેવાઈના માનસમાં માત્ર પોતાની દીકરીના ભવ બગાડ્યાના રોષનો ધુંધવાટ વારંવાર જે-તે કુટુંબીઓ સામે ઠલવાતો **મગનભાઈ**એ જાણેલ, તેથી **જમનાબેન**ની ભાવનાને યોગ્ય અવસરોચિત માનવા છતાં પોતે શરૂમાં દાદ ન આપી.

પણ એકવાર વેવાઈ **રણછોડભાઈ જમનાબેન** પાસે આવી હૈયાનો ઉભરો ઠાલવતા હતા કે-'જબરા છે આજના સાધુઓ? આટલી-આટલી દોડધામ છતાં પત્તો લાગતો નથી, છે અમદાવાદમાં છતાં બરોબર આપણે મેળવી શકતા નથી?

કેવી કમનસીબી! હાય! હવે શું થશે?

જમનાબહેને કહ્યું કે-રણછોડભાઈ વાત તમારી સાવ સાચી છે, શોધવામાં તમે કે અમે કયાં કસર રાખી છે? કેટલું ઘણું બળે છે? પણ શું થાય?

ખૂબ ઊંડું વિચારતાં મને હવે એમ લાગે છે કે આમને આમ નાહક આર્ત-ધ્યાન કરી કેટલા કર્મ બાંધીશું? તે કરતાં આપણે આ ધમાલ છોડી માત્ર મારા કલૈયા કુંવરનું મ્હોં જોવા મળે તોય સારૂં!

હવે નાહક સંયમના પંથેથી બસેડવાના અવળા રસ્તા મને નકામા લાગે છે. આદિ—

આ બધી વાત ચાલતી હતી ત્યાં **મગનભાઈ** ભગત બહારથી આવ્યા. તેમને જોઈ વેવાઈ આવેશમાં બોલી ઉઠ્યા કે- "હવે આ ભગતવેડા કયાં સુધી કરશો! તમને મારી દીકરીની

દયા આવે છે કે નહીં ? આમ તો કીડી-મંકોડીની ખૂબ દયા પાળો છો અને મારી દીકરીનો ભવ બગડે છે તે તમને કંઈ મનમાં લાગતું નથી.

મગનભાઈએ કહ્યું કે "**રણછોડભાઈ** ! વાત તમારી વ્યવહારથી સાવ સાચી ! પણ મારી સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી છે ! એક બાજુ મારા દિકરાના સંયમ-જીવનનો પ્રશ્ન-બીજી બાજુ વ્યવહારથી વહુનો પ્રશ્ન ! પણ બુદ્ધિના ત્રાજવે તોળતાં દીકરાના સંયમી-જીવનની કિંમત મને વધુ જણાઈ છે. એટલે જ તો હું માંડ પરાણે આત્મસંયમ કેળવી ચૂપ બેસી રહ્યો છું !

વહુના સંસારી-જીવનને ધાર્મિક સંસ્કારોથી મઢીને વ્યવસ્થિત કરી શકાશે, પણ દીકરાના સંયમી-જીવનને ધક્કો લાગે તેવું તો હું શી રીતે આચરી શકું ? આદિ.

રણછોડભાઈ ગમખાઈ ગયા, પણ વાણીયાનિધા જરા વાપરી. **આંગળી પકડી પોંચો પકડવાની** વાત આગળ કરી. **જમનાબહેનની** વાતને આગળ કરી માત્ર મ્હોં જોવા મળે તો સારૂં ? એ વાત પર **રણછોડભાઈ**એ **મગનભાઈ**ને રાજી કર્યા.

મગનભાઈએ **રણછોડભાઈ** અને **જમનાબહેન**ને સ્પષ્ટપણે વાત કરી કે જો તમે દીક્ષા ન છોડાવવાની બાંહેધરી આપો તો હું **અમદાવાદ** જઈ તમારી મ્હોં જોવાની વાત આગળ વધારૂં અને તમારી ઈચ્છા પૂરી થાય તેમ કરૂં !

જમનાબહેન અને **રણછોડભાઈ** જાણતા જ હતા કે ભગત અંદરના અંદર અને બહારના બહાર છે.

એટલે હવે જો મ્હોં બતાવવાની વાતને માટે ઉકેલ આવતો હોય તો તેમાં શું ખોટું ? એમ વિચારી **રણછોડભાઈ** અને **જમનાબહેને** ભગતને મ્હોં જોવાની વાતને આગળ વધારવા દબાણ કર્યું.

પરિણામે **મગનભાઈ** ભગત **અમદાવાદ** જઈ પૂ. **મુનિ શ્રી સિદ્ધિવિજયજી મ.** ને મળ્યા. બધી વાત કરી. કુટુંબીઓની મોહજન્ય ઘેલછા ઘટ્યાની અને હવે બતાવવામાં વાંધો નથી વગેરે વાતો કરી, પણ સાથે સાથે વેવાઈના મનની છળભરી નીતિની આશંકાની વાત કરી સાવચેતીની પણ ભલામણ કરી.

પૂ. **શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રી**એ સમજુ બે-ત્રણ શ્રાવકોને બોલાવી બધી વાત કરી અને પૂ. ચરિત્રનાયકશ્રીને મળી તેમની શી વિચારધારા છે ? તે જાણી લાવવા સૂચના કરી.

મગનભાઈ ભગત **વિદ્યાશાળા**ના ધર્મી–રામજી બે શ્રાવકોને લઈ **અમદાવાદથી** સાત ગાઉ દૂર આવેલ **ખોરજ** ગામે બપોરના ટાઈમે પહોંચ્યા.

ગુપ્તવાસની મર્યાદા પ્રમાણે બહારથી તાળું મારેલ એક જુના મકાનમાં રાખવામાં આવેલ પૂ. ચરિત્રનાયકશ્રીને પૂર્વ–સંકેત પ્રમાણે બધી વ્યવસ્થા ગોઠવી **મગનભાઈ** અને **વિદ્યા**-**શાળા**ના શ્રાવકો મળ્યા. પૂ. **શ્રી સિદ્ધિવિજયજી મ.** ની મૌખિક વાતનો સંદેશો પહોંચાડ્યો.

કપડવંજના વાતાવરણની જાણકારી **મગનભાઈ**એ આપી અને માત્ર વેવાઈ **રણછોડભાઈ** સિવાય મોહની ઘેલછામાંથી પ્રાયઃ બધા મુક્ત થઈ ગયાની વાત કરી. હવે તમારી શી ઈચ્છા છે? તમારી માનસિક સ્થિતિ કેવી છે? સ્વજનોના પરિચયે વૈરાગ્યરંગ ઢીલો પડે તેમ નથી ને? વગેરે અંગે વાતચીત કરી, છેવટે **વિદ્યાશાળા**માં સંઘ વચ્ચે **કપડવંજ**વાળાઓ સમક્ષ રજુ કરવાની પૂ. **શ્રી સિદ્ધિવિજયજી મ.** ની વાત જણાવી.

પૂ. ચરિત્રનાયકશ્રીએ માનસિક–સંવેદનાઓના તારણરૂપ વૈરાગ્ય ભાવના–પ્રબળ આંદોલનોની અનુઆત મક્કમતાપૂર્વક સંસારી પિતાજી અને **વિદ્યાશાળા**ના શ્રાવકો આગળ કરી.

વિદ્યાશાળાથી આવેલ શ્રાવકો પૈકી વયોવૃદ્ધ ઠરેલ બુદ્ધિવાળા **ન્યાલચંદકાકા**એ પૂ. ચરિત્રનાયકશ્રીને વિનમ્રભાવે ભૂચવ્યું કે–"મહારાજ! જોજો હોં! સંબંધીઓના મોહના ચેનચાળામાં અમારી આબરૂ જોખમાય એવું ન થાય હોં!"

પૂ ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે–"કાકા! જગતના વ્યવહારમાં જેમ કહેવાય છે કે–

"વા ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર।
સજ્જન બોલ્યા ના ફરે, પશ્ચિમ ઉગતે સૂર॥"

એટલે દેવ–ગુરૂકૃપાએ મહાન પુણ્યોદયે પામેલા અપૂર્વ સંયમરત્નને ગુમાવી દેવાની અક્ષમ્ય ભૂલ દેવ–ગુરૂકૃપાએ નહીં થવા પામે એ બાબત તમે બેફિકર રહેજો!

પછી **મગનભાઈ** ભગતે પૂ ચરિત્રનાયકશ્રીને રણછોડભાઈની વાતથી સાવચેત રહેવાની પાકી સૂચના કરી પાછા **અમદાવાદ** આવી પૂ. **શ્રી સિદ્ધિવિજયજી** મ.શ્રીને બધી વાત જણાવી.

પૂ. **શ્રી સિદ્ધિવિજયજી** મ.શ્રીએ વાતનો તાગ બરાબર નિર્ણયાત્મક રીતે મેળવી ચોક્કસ માણસ સાથે **સં. ૧૯૪૬ ના જેઠ સુદ ૩ના રોજ** પૂ ચરિત્રનાયકશ્રીને **વિદ્યા-શાળાએ** બોલાવી લીધા.

જેઠ સુદ ચોથ સાંજે **કપડવંજવાળા** પણ **મગનભાઇ** ભગતની આગેવાની તળે આવી રહ્યા.

પૂ. **શ્રી સિદ્ધિવિજયજી** મ. શ્રીએ દીર્ઘદર્શિતા વાપરી આવતી કાલે વ્યાખ્યાનમાં પોરસી વખતે સંઘ-સમક્ષ પૂ. ચરિત્રનાયકશ્રીને રજૂ કરવાની વાત જણાવી.

કપડવંજવાળા બધાઓએ તે વાત મંજૂર રાખી, **સં. ૧૯૪૬ના જેઠ સુદ પંચમે સવારે** વ્યાખ્યાનમાં પોરસી-મુહપત્તી વખતે ૧૦-૧૫ મિનિટે પૂ. ચરિત્રનાયકશ્રીને બે સાધુઓ દ્વારા ઓરડીમાંથી બોલાવી સકળ શ્રીસંઘ-સમક્ષ રજૂ કર્યા.

કપડવંજવાળાઓએ ભારે ઉલ્લાસપૂર્વક વંદના કરી. **મગનભાઈ ભગતે** હાર્દિક-અભિનંદનાપૂર્વક પૂ. ચરિત્રનાયકશ્રીને બધાના દેખતાં સંયમ-માર્ગે સ્થિરતાપૂર્વક આગળ વધવા ભલામણ કરી.

જમનાબહેને પણ મોહવશ **આંખોમાં** ઉભરાયેલ અશ્રુજળ સાથે પણ નાની વયે આટલી ધીરતા-મક્કમતા દાખવી પ્રભુ શાસનના સંયમપંથે ટકી રહ્યાની વાતની ખૂબ-ખૂબ અનુમોદના કરી અને **"મારી કૂખ જેવી-અજવાળી છે તે જ રીતે આપણા કુળને અને જૈન શાસનને અજવાળવાની વાત કરી બોવારણાં લીધા."**

બીજા બધા સ્વજનોએ ખૂબ ખૂબ-ભક્તિભાવ ભર્યા વંદન કરી જીવનને-ધન્ય પાવન બનાવ્યું.

ફક્ત રણછોડભાઈએ ઔપચારિક-રીતે વંદના કરવા છતાં **"હૈયાના ભાવનું પ્રતિબિંબ મ્હોં પર પડયા વિના ન રહે."** એ લોકોક્તિ પ્રમાણે આંખના ખૂણાની-જરા વકતા તથા મ્હોં પર ભાવો છૂપાવવા છતાં **વિષમ વૈરવૃત્તિની** કઠોરતાના ભાવોની અટપટી આટા પાટા ભરી રમતમાં ખોવાઈ રહ્યા.

જે કે પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. મગનભાઇ ભગત, પૂ. ચરિત્રનાયકશ્રી અને સંઘના સમજુ આગેવાન શ્રાવકોના ધ્યાન બહાર ન રહી.

જેથી હજી ભય કે આફતની વાદળી પૂરી ખસી નથી. ગમે ત્યારે અચાનક વિચિત્ર રીતે આક્રમણ રાણુછોડભાઇ તરફથી આવવાની સંભાવના નિહાળી પૂ. ચરિત્રનાયકશ્રીને સંયમના પંથે ટકાવી રાખવા વધુ સાવચેતીની વાતને સહુ ઘુંટી રહ્યા.

આ બધી વિગતનું સમર્થન–પૂ. ચરિત્રનાયકશ્રીના હસ્તાક્ષરમાં મળી આવેલ તે વખતના પ્રાચીન પત્રથી સ્પષ્ટપણે થવા પામે છે. તે પત્ર આ પ્રમાણે—

મુ. લીંબડી,

મુનિ મહારાજ ઝવેરસાગરજી

ઠે. પુરભાઈની ધર્મશાળા

શ્રી કેશરીયાજી મહારાજની કિરપા હજે.

સ્વસ્તિ શ્રી પ્રાર્શ્વજિનં પ્રણમ્ય શ્રી લીંબડી નગરે પરમ ઉપકારી બુદ્ધિદાયક કુમતાંધકાર તરણી શ્રીશ્રીશ્રીશ્રીશ્રી મુનિ મહારાજ ઝવેરસાગરજી સાહેબજી વગેરે સર્વે મુનિ મહારાજ જોગ શ્રી રાજનગરથી લી. મુનિ કનકસાગરજીની વંદના ૧૦૦૮ વાર ત્રિકાળ અવધારશોજી.

વિશેષ વિનંતિપૂર્વક લખવાનું કે આપની કૃપાથી હું મારા સંસારીપણાના માતાપિતા ભેગો પબ્લિક રીતે મુનિ મહારાજ સાહેબજી સિદ્ધિવિજયજી સાહેબજીની સેવામાં હાજર થયો છું.

તે એવી રીતે કે પ્રથમ મગનલાલે જમનાને કહ્યું કે—આ રીતે આપણે પાંચ વર્ષ ખોળ કરશું તો પણ પત્તો લાગવા દેનાર નથી.

વળી મને ત્રીજા માણસ પાસે એકાંતે કહેવરાવ્યું છે કે જો તમે દીક્ષા ન મુકાવો તો અમારે કંઈ અમારો ચેલો કરવાની ગરજ નથી તમારે ગમે તેને સોંપો તો અમે બતાવીએ તેવી રીતે કહ્યું છે.

ત્યારે જમનાએ કહ્યું કે—અમે વૃત નહીં મુકાવીએ. અમો સિદ્ધિવિજયજી મહારાજને સોંપીએ

તેવી રીતે પહેલેથી જ સભા વચ્ચે વખાણમાં બન્ને જણે સિદ્ધિવિજયજી મહારાજને સોંપવા કબૂલ કર્યું. ત્યારબાદ મગનલાલ તથા સાહેબ સિદ્ધિવિજયજી તરફનો શ્રાવક બંને જણ મારી આગળ આવ્યા,

મારા સાહેબજીનો કાગળ લઈ ને.

ને ત્યારે અમો ખોરજ આગણામાં ઢુંઢીયાના ઘરો છે, તેમાં એક ઢુંઢીયાના સૂના ઘરમાં બહાર તાળું લટકાવી રાખેલ. × × ×

આવીને સિદ્ધિવિજયજી મહારાજને માણસને સોંપી તેડીને અત્રે આવીને સભા વચ્ચે આજ દિને વખાણ વખતે સોંપ્યા, તે વખતે જમના પણ વિદ્યાશાળામાં હતાં.

મગનલાલ જેઠ સુદ ત્રીજના નિકળી આવ્યા હતા. એવી રીતે જુગતિ કરીને આજ દિને ભેગો થયો છું.

તે આપનો ઉપકાર મારા જીવતાં સુધી ભૂલવા જેવો નથી કે **આપની કૃપાથી સંસારની તૃષ્ણાના દાવાનળમાંથી નિકળ્યો, વળી સર્વ વાતે શાંતિ થઈ તે સર્વે આપનો ઉપકાર મારા માથા ઉપર છે.**

વળી વિશેષે સહાય ઉપકાર કરશો. આપણું હેત ઘડી એક વિસરે તેવું નથી. જે જે કલ્યાણ થયું તે સર્વ આપની કૃપાથી થયું છે.

વળી જમનાએ તથા મગનલાલે કહ્યું કે રૂપિયા અગ્યાર મુંબઈગરા લહીયા પોપટને આપ્યા છે તે લખામણીમાં વાળી દેજો. મફતના રૂપિયા ખાઈ જાય તેમ થવું જોઈએ નહીં.

વળી અમદાવાદથી ઉપર લખેલું ગામ ખોરજ ગાઉ પંદર થાય છે, આપ તો કંઈ ભૂલો તેમ તો છો જ નહીં ને કદાપિ કોઈના પૂછવાથી કહી બોલવું પડે તો ઉપરની જ ગતિથી ફેરફાર થાય નહી એટલામાં જાણજો.

સંવત ૧૯૪૬ ના જેઠ સુદ ૫. લી. દ. પોતે.

ઉપરના પત્રથી પૂ. ચરિત્રનાયકશ્રીએ આખી પરિસ્થિતિનો ચિતાર અને સુખદ ઉકેલની વિગત ટૂંકમાં જણાવી છે.

સાથે જ હૈયામાં ચાલી રહેલા પૂજ્યશ્રી પ્રતિ કૃતજ્ઞતા ભાવના ઘમકારા પત્રમાં માર્મિક શબ્દોથી વ્યક્ત કરેલ છે. નાની વયમાં પણ પૂ. ચરિત્રનાયકશ્રીમાં કેવા ઉદાત્ત ગુણોનો વિકાસ થયો હતો તે વાત "**નાનો પણ રાઈનો દાણો.**" કહેવતના આધારે સ્પષ્ટપણે જાણવા મળે છે.

પ્રકરણ : ૩૨

પૂ. ચરિત્રનાયકશ્રીની અપૂર્વ ધીરતા

પૂ. ચરિત્રનાયકશ્રી મોહાધીન સ્વજનોએ ઊભી કરેલી સંયમાવસ્થાની આકરી-કપરી કસોટીઓમાંથી પસાર થવાના પ્રસંગે ગુપ્તવાસની દુવિધાભરી સ્થિતિમાંથી બહાર આવ્યા.

વિદ્યાશાળામાં પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. ની નિશ્રામાં સ્વજનો સમક્ષ ચતુર્વિધ શ્રીસંઘની સાક્ષીએ આવી રહ્યા.

તે વખતે શિથિલાચારીઓના એકછત્રી સામ્રાજ્ય અને સંવેગી દીક્ષા અને તેમાં પણ બાળદીક્ષા તો બહુ જુજ હોઈ બાલ્યાવસ્થામાં દીક્ષિત થયેલા પૂ. ચરિત્રનાયકશ્રીને નિહાળી ભાવિક-લોકોના હૈયા ઉલ્લસી રહેલાં.

તેમાં પણ સંસારની મોહ-માયામાં વિવેકશૂન્ય બનેલા સ્વજનોએ ઊભી કરેલ કષ્ટોની હારમાળામાં પણ અડોલપણે સંયમને વફાદાર બની રહેલ પૂ. ચરિત્રનાયકશ્રીને નિહાળી ધર્મપ્રેમી લોકો ખૂબ શાસન અને ધર્મના મહિમાને વર્ણવવા લાગ્યા.

આ બાજુ કપડવંજથી આવેલા સ્વજનોમાં **જમનાબહેન** વગેરેએ પૂ. ચરિત્રનાયકશ્રીની ઉદાત્ત અડગ ભાવના નિહાળી અનુમોદના સાથે મોહના ઉછાળાથી આંખમાં ઝળઝળીયા આવવા છતાં અંતરમાં ઊંડા ઉતરેલા ધર્મસંસ્કારોના આધારે પોતાના કુળદીપકના અપૂર્વ ઝળહળતા ત્યાગની તે અંગે દાખવેલ અપૂર્વ ખમીરની ખૂબ ખૂબ અનુમોદના કરી અંતરથી મંગળ આશિષના શબ્દો ઉચ્ચાર્યા કે- **"ભલે સંયમ લીધું તો હવે મારી કૂખ અજવાળજે અને શાસનનો ધુરંધર પ્રભાવક થજે!"**

બીજા સ્વજનોએ પણ ભાવભરી વંદના કરી, ફક્ત કોયડુ મગની જેમ શ્રી **રણછોડભાઇ** (શ્વસુર) બાહ્ય દેખાવથી વંદનાદિ કરવા છતાં મોહની કારમી ઘેલછાને વશ બની મારી છોકરીનો ભવ બગાડયો એ વાતને કેન્દ્રમાં રાખી પૂ. ચરિત્રનાયકશ્રીને ખરેખર સકંજામાં ફસાવવાની તરકીબોની વિચારણામાં અટવાઈ રહ્યા.

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રી **મગનભાઈ** અને **ન્યાલચંદકાકા** (વિદ્યાશાળાના આગેવાન મુખ્ય શ્રાવક) એ ત્રણેના ધ્યાનમાં આ વાત આવી ગઈ કે "**રણછોડભાઈ** ધર્મ-

ધમાટમાં છે" અત્યારે પૂ. ચરિત્રનાયકશ્રીને વધુ છૂટા મુકવા જેવા નથી. કદાચ હુમલો કરી કબજો મેળવે.

એટલે પૂ **શ્રી સિદ્ધિવિજયજી** મ. ની ઈશારતથી **અને મગન ભગતના** સંકેતથી **ન્યાલચંદકાકા** "**બાલમુનિ ! ચલો જરા અહીં આવોને**" એમ કહી વ્યાખ્યાનખંડની પાછળની ઓરડીમાં લઈ જઈ પાકો પ્રબંધ કરી દીધો કે **રણુછોડભાઈ** કોઈ રીતે અહીં ફાવી ન શકે.

આંખ મીંચીને ઉઘાડે એટલીવારમાં આ બધું થઈ જવાથી **રણુછોડભાઈ તો** ચમકયા અને મનમાં પસ્તાયા કે હું વિચારમાં રહ્યો અને બરી બાજી તો હાથમાંથી સરી ગઈ.

રણુછોડભાઈના પેટમાં પાપ હતું તેમને દર્શનના બહાને પૂ. ચરિત્રનાયકશ્રીનો કબજો મેળવવો હતો, પણ કુદરતી પુણ્યબળે પૂ **શ્રી સિદ્ધિવિજયજી** મ. શ્રીની સૂચનાથી પૂ. ચરિત્ર-નાયકશ્રી સુરક્ષિત બની ગયા.

બાકી **કપડવંજથી** પુત્રનું મ્હોં જોવાના બ્હાને **જમનાબહેનને** શણગારી લાવનાર **રણુછોડભાઈની** મેલી મુરાદ હતી કે બતાવે કે તુર્ત પકડી પાડયા **અને વેષ** છોડાવી ઘરે લઈ આવવા.

પણ શાસનદેવે **રણુછોડભાઈ** ને વિચારોના ચકાવામાં રાખી પૂ. **શ્રી સિદ્ધિવિજયજી મ.** ના હૃદયમાં સૂત્ર-કપજાવી આખી પરિસ્થિતિ વણસતી અટકાવી દીધી.

રણુછોડભાઈ તો હાથમાંથી બાજી સરકેલી જોઈ મૂળ સ્વભાવમાં આવી ધૂંઆંપૂંઆં થઈ બોલફેલ બોલવા લાગ્યા.

મગનભાઈ ભગતે જમનાબહેનને એક તરફ લઈ જઈ બધી વાત સમજાવી કે—

"જોયું ? વેવાઈના મનમાં કેવું પાપ છે ! તેની છોકરીનો ભવ સુધારવાની ઘેલછામાં આપણા માથે દીક્ષા છોડાવવાના પાપનું કલંક ચોંટાડવાના તેમનાં કારસ્તાન છે ! હું તો તને પહેલેથી કહેતો હતો કે–આ વેવાઈની જાળમાં તું ફસાઈ ગઈ મ્હોં જોવાની વાત જ તેની અવળી બાજી ગોઠવવા માટે હતી.

સારું થયું ! શાસનદેવે બચાવી લીધા, આપણા પનોતા કુળદીપકને હવે ઉની આંચ આવે તેમ નથી."

આ બાજુ રણછોડભાઈએ ધમાલ કરી મૂકી. "લાવો ! અમારા કપડવંજના બાલમુનિ કયાં ! આ શું માંડયું છે મારી દિકરીનો ભવ બગાડયો" આદિ—

કપડવંજના બીજા બધા સ્વજનો પૂ. ચરિત્રનાયકશ્રીના સંયમપ્રેમ અને ધીરતાને બિરદાવી "હવે ભલે ! સુખેથી સંયમ પાળે" એમાં સંમત થયા. "નાહક ધર્મના અંતરાયનું પાપ નથી બાંધવું"—એમ કહી રણછોડભાઇના પક્ષમાં કોઈ ન રહ્યું.

સહુ તેમને વારવા લાગ્યા કે "રણછોડભાઈ ! આ તમે શું કરી રહ્યા છો ! હવે દીક્ષા લીધી તો ભલે ! સુખેથી પાળવા દો ! આપણે તેને અંતરાય કરી પાપના પોટલાં કાં બાંધીએ !"

પણ ભાવીનું વિચિત્ર નિર્માણ થયેલ, જેથી રણછોડભાઈ શાંત થવાને બદલે ગરમ ધગધગતા અંગારા પર પાણી છાંટીએ તો વધુ ભભકે એની જેમ વધુ નિરંકુશ બની યદ્વા-તદ્વા બોલી રોષ ઠાલવવા લાગ્યા-

રોષમાં ને રોષમાં બોલી ઉઠયા કે "જોઉં છું ! કેવું સંયમ પાળે છે ! મારી દીકરીનો ભવ બગાડયો તો હું પણ તેની ખબર લઈ નાંખીશ !"

કાયદાનો આસરો લઈને છેવટે તેને ઘરભેગો કરીશ"—આદિ....

કપડવંજથી આવેલા બધા સ્વજનોએ રણછોડભાઈના મ્હોં પર હાથ દબાવી વાર્યા કે આ શું બોલો છો !

અને જેમતેમ કરી ગુસ્સામાં ધમધમી ઉઠેલા રણછોડભાઇને પરાણે ઉપાશ્રયમાંથી બહાર લઈ ગયા.

વિદ્યાશાળાના શ્રાવકોએ હવે કાનની બૂટ પકડી, પૂ શ્રીસિદ્ધિવિજયજી મ. ની અગોતર વાણી યાદ કરી કે પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. તો પ્રથમથી જ કહેતા હતા કે— "વાણિયાઓનો ભરોંસો નહીં ! મ્હોં જોવાની વાત પાછળ મેલી રમત છે." આદિ-- પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. કહેતા હતા પણ આપણે માન્યું નહિ—આદિ....

પણ બધા શ્રાવકોએ ભેગા મળી વિચારણા કરી–પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. ને વિનંતિ કરી કે હવે બાલમુનિને ગુપ્ત–બાનગી રાખવા જરૂરી નથી. હવે તેમના કુટુંબીઓનો ભય નથી.

શંકા ફક્ત રણછોડભાઈની છે, તો અમે તેનો પાકો પ્રબંધ કરીએ છીએ કે–"તે કંઈ તોફાન ન કરી શકે." આદિ કહી શ્રાવકોએ વ્યવસ્થિત ચાંપતી પાકી વ્યવસ્થા વિદ્યાશાળાના નાકે અને પોળમાં પણ આસપાસ પુરતી વ્યવસ્થા કરી દીધી.

આ પછી રણછોડભાઈ તોફાની–તત્ત્વોને આગળ કરી પૂ. ચરિત્રનાયકશ્રીનો કબજો લેવા ધમાલ કરી પણ અગમચેતીભર્યા શ્રાવકોની કુનેહભરી ધાકધમકીથી કંઈ વળ્યું નહીં.

એટલે રણછોડભાઈ વધારે ખીજવાણા. છેવટે ધર્મની હીલનાનો ડર ભૂલી જઈ સાન–ભાન ભૂલી રાજ્યસત્તાનો આસરો લેવા ઉતાવળીયું પગલું ભર્યું.

પરિણામે આખી વાતને વિકૃત કરી સાચી–ખોટી કેટલીક વાતો ભરી–મસાલા ભભરાવી ગોઠવી એક ભડકામણી અરજી અમદાવાદના કલેકટરની કચેરીમાં પૈસા પેટ ભરીને વેરી દાખલ કરી તુર્ત પેરવી ચાલુ કરાવી.

પરિણામે કલેકટરે તેના પર યોગ્ય તજવીજ તાકીદે કરવાનો સેરો મારી અમદાવાદ શહેરના ન્યાયાલય–કોર્ટના વડા જજ પર તે અરજી મોકલી આપી.

રણછોડભાઈએ પાછળ પડી નાણાં–કોથળીનું મ્હોં ખુલ્લું રાખી અમલદારોને રાજી કરી તે અરજી કોર્ટના વડા ન્યાયાધીશના ટેબલ પર પહોંચાડી દીધી.

ન્યાયાધીશે કલેકટરના સેરાવાળી તે અરજી વાંચી કંઈક કરવા વિચાર્યું ત્યાં "દામ કરાવે કામ" કહેવત પ્રમાણે રણછોડભાઈની નાણાંની લાગવગમાં દોરવાયેલ શિરસ્તેદારો–કારકૂનોની વિનવણીથી કલેકટરના શેરાને મહત્ત્વ આપી ન્યાયાધીશે સમન્સ કાઢી "તમારી વિરૂદ્ધ અરજી આવી છે, તેનો ખુલાસો કરવા કોર્ટમાં હાજર થવા પૂ. ચરિત્ર નાયકશ્રીને સૂચવ્યું."

વિદ્યાશાળાએ કોર્ટનો બેલીફ સમન્સ લઈ હાજર થયો. ચકોર વિવેકી શ્રાવકો હાજર જ હતા, સમજણપૂર્વક તેમ જ દાનદક્ષિણા આપી બેલીફને રવાના કર્યો અને કોર્ટના નિયમ પ્રમાણે સમન્સ પર લખાવ્યું કે આજથી ત્રીજા દિવસે કોર્ટમાં હાજર થશે.

પછી પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. પાસે બધા શ્રાવકો ભેગા મળી રણછોડભાઈએ કાયદાનો આસરો લઈ ઝંઝટ ઉભી કર્યાની વાત કરી.

પૂ. શ્રી ચરિત્રનાયકે મક્કમ ભાષામાં કહ્યું કે—

"મહાનુભાવો ! અજ્ઞાનીના ધમપછાડા ગમે તે હોય પણ દેવકૃપાએ મને પાકી હિમ્મત છે ! હું કોર્ટમાં જાતે હાજર થઈશ—મારે કોઈ વકીલની જરૂર નથી. પૂજ્ય શ્રી સિદ્ધિવિજયજી મ. ને મારી નમ્ર વિનંતિ છે કે-સાધુથી કોર્ટમાં ન જવાય છતાં મારા માટે થોડી છૂટ આપે ! હું કોર્ટમાં જાતે હાજર થઈ મારા નિમિત્તે શાસન પર આવી પડેલ આફતનું નિવારણ કરીશ.

આપ સૌને પણ મારી નમ્ર અરજ છે કે મારા નિમિત્તે ઉભા થયેલ ઉપદ્રવનું નિવારણ હું મારી જાતે કરીશ આપ બધા નિશ્ચિંત રહો.

સંઘના આગેવાનો અને પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. પૂ. ચરિત્રનાયકશ્રીની નાની વયે પણ ધીરતા મક્કમતા નિહાળી ખૂબ પ્રસન્ન થયા.

પૂ. ચરિત્રનાયકશ્રીને ગંભીરતાથી આ વાત પર વિચારવા પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીએ કહ્યું કે-"કોર્ટમાં તમે જાતે જાઓ પણ તમારી ઉંમર નાની, આડાઅવળા સવાલોની ગૂંચમાં ફસાઈ ન જાઓ.

બાકી અમારા તો અંતરના આશિષ છે તમો આ ઉપસર્ગમાંથી શાંતિથી છૂટા થાઓ."

પૂ. ચરિત્રનાયકશ્રીએ સાહજિક-સૂઝબૂઝવાળી પ્રતિભાશક્તિથી આખો જવાબ જે ગોઠવી રાખેલ તે સંભળાવી પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. ને તથા સંઘના આગેવાનોને નિશ્ચિંત કર્યા.





॥ श्री वर्धमानस्वामिने नमः ॥



પ્રકરણ : ૩૩

શ્વસુર–પક્ષ તરફથી થયેલ ભારે ઉપસર્ગ અને તેને ટાળવા પૂ. ચરિત્રનાયકશ્રીનો પ્રયત્ન



પૂ. **ચરિત્રનાયકશ્રી**એ અંતરની સૂઝબૂઝના આધારે ભલભલા ધારાશાસ્ત્રીઓ પણ જેમાંથી કંઈ વાંધામર્યો મુદ્દો ન કાઢી શકે તેવું પોતાનું નિવેદન તૈયાર કરી **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રી**ને બતાવ્યું, પૂજયશ્રીએ બે–ત્રણ સુધારા કરાવ્યા.

પછી **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** મોકલેલા ત્રણ સાધુઓ **વિદ્યાશાળા**ના આઠ–દશ શેઠીયાઓ સાથે જેઠ વદ દશમના રોજ ન્યાયની કચેરી કોર્ટમાં **પૂ. ચરિત્રનાયકશ્રી** અગ્યાર વાગે હાજર થયા.

આ પ્રસંગે કપડવંજથી ઘણા સ્વજન કુટુંબીઓ તેમજ ધર્મપ્રેમી શ્રાવકો–'**રણછોડભાઈ**એ આ શું કર્યું ? જિનશાસનની કેટલી વગોવણી થશે ? જૈન સાધુ વળી કોર્ટમાં....!' આદિ ગંભીર વિચારધારાથી પ્રેરાઈને "ઓ શાસનદેવ ! સારૂં કરજે !" આદિ શુભ–આશંસા સાથે ઉપસ્થિત થયેલ.

મગનભાઈ ભગત પણ **જમનાબહેન**ને સાથે લઈ હાજર રહેલા, બાનગીમાં **મગનભાઇએ પૂ. ચરિત્રનાયકશ્રીને** મળીને આખી વિગત જાણી લીધેલી.

પૂ. ચરિત્રનાયકશ્રીએ પોતાનું લેખિત નિવેદન પણ વંચાવી પૂર્ણ સંતોષ કરેલ.

કોર્ટમાં બીજા કેસની સુનાવણી ચાલુ હતી એટલે સવા અગિયાર વાગે **પૂ. ચરિત્રનાયકશ્રી** હાજર થઈ ગયા, પણ વાર હોવાથી એક બાજુ ઝાડ નીચે યોગ્ય સ્થળે શ્રાવકો સાથે બેઠા.

આ અરસામાં **પૂ. ચરિત્રનાયકશ્રી**ને હેરાન કરવામાં આગળ પડતો ભાગ ભજવનાર **શ્રી રણછોડભાઈ** પણ ગામના પ્રતિષ્ઠિત–વકીલને લઈ હાજર થયા. બધા કપડવંજ વાળા સમસમી રહ્યા કે–" અરે ! **રણછોડભાઈ**ને આ શું સૂઝયું છે ? આવા મોટા વકીલને સાથે લઈને આવ્યા છે, તે શું કરવા ધારે છે !" આદિ.

થોડીવારે કોર્ટના ચોકીદારે બોલાવેલ પોકારી અને **રણછોડભાઈ**ને હાજર થવા કહ્યું.

રણુછોડભાઈએ હાજર થઈ પોતાની વાત રજૂ કરવા વકીલને મુખત્યારનામું આપ્યું છે, એમ કહી વકીલને ઊભા રહેવા કહી પોતે એક બાજુ બેસી ગયા.

કપડવંજવાળા સ્વજનવર્ગ પણ પ્રેક્ષક ગેલેરીમાં કુતૂહલથી ભેગા થયા અને મનોમન શાસનની હીલના થાય તેવું કંઈ ન થાય તેવું ચિંતવવા લાગ્યા.

રણુછોડભાઈના વકીલે જોરદાર રજૂઆત કરી કે–"તહોમતદાર હેમચંદે ઘરવાળાની સંમતિ વિના છાની રીતે ભાગીને દીક્ષા લીધી છે"–વગેરે.

જેનો ખુલાસો કોર્ટે માંગતાં પૂ. ચરિત્રનાયકશ્રી હાજર થયા.

"તમારે કોઈ વકીલ છે!" એમ પૂછતાં કહ્યું કે "મારી વાત હું પોતે રજૂ કરવાનો કોઈ વકીલ નથી રાખ્યો."

કોર્ટે પૂછ્યું કે—"તમે દીક્ષા લીધી છે?"

ચરિત્રનાયકે કહ્યું કે—"હા."

"કયારે લીધી?"

"—પાંચ મહિના થયા."

"કયાં લીધી?"

"લીંબડી શહેરમાં."

"શા માટે લીધી?"

"—મારા આત્માના કલ્યાણ માટે"

એક પછી એક જવાબો પૂ. ચરિત્રનાયકશ્રી ધડાધડ આપી રહ્યા. કપડવંજવાળા બહુ પ્રસન્ન થયા.

કોર્ટે ફરી કોસ કર્યો કે–"તમારી દીક્ષામાં મા–બાપની–કુટુંબીઓની સંમતિ ખરી?"

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—"હા."

રણુછોડભાઈના વકીલે કહ્યું કે–"નામદાર કોર્ટનું ધ્યાન ખેંચું છું કે આ વાત સાચી નથી."

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—"કોર્ટ ખાત્રી કરી જુએ, સંસારી માતા–પિતા હાજર છે."



શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

આગમ જ્યોતિર્ધર

(પૂ. આગમોદ્ધારક શ્રીની જીવનગાથા)

(વિભાગ બીજો)

ખંડ ૪

આગમ જ્યોતિર્ધર

વિભાગ–૨


ખંડ–૪

૩૩ શ્વશુરપક્ષ તરફથી ઉપસર્ગ અને એને ટાળવા ચરિત્રનાયકશ્રીનો પ્રયત્ન ૨૦૭–૨૦૯

૩૪ પૂ. ચરિત્રનાયકશ્રીની વિષમ પરિસ્થિતિ ૨૧૦–૨૨૦

૩૫ ન્યાયાલયમાં પૂ. ચરિત્રનાનકશ્રીએ દાખવેલ અપૂર્વ મનોબળ ૨૨૧–૨૨૮

૩૬ પૂ. ચરિત્રનાયકશ્રીનું વિચિત્રભાવી યોગે સાધુવેષે ગૃહાગમન..... ૨૨૯–૨૩૩



કોર્ટે ચોકીદાર દ્વારા **મગનભાઈ** અને **જમનાબહેનને** કોર્ટમાં હાજર કર્યા ને તેમની જુબાની લીધી.

કોર્ટે મગનભાઈને પૂછ્યું કે–"તમારા દીકરાની દીક્ષા બાબત તમારું શું **કહેવું છે?**"

મગનભાઈએ કહ્યું કે—"તે દીક્ષા મારી સંમતિથી થઈ છે. તેણે દીક્ષા લઈ અમારું કુળ અજવાળ્યું છે."

કોર્ટે **જમનાબહેનને** પૂછ્યું કે–"તમારા દીકરાની દીક્ષા તમારી સંમતિથી થઇ છે?"

જમનાબહેને કહ્યું કે—"દીક્ષા થઈ ત્યારે મારી સંમતિ ન હતી, પણ હવે મને એમ લાગે છે કે-મારા દીકરાએ મારી કૂખ અજવાળી છે. હવે મારી પૂર્ણ સંમતિ છે."

કોર્ટ આ બધું સાંભળી સ્તબ્ધ થઈ ગઈ.

કપડવંજવાળા ખૂબ પ્રસન્ન થયા.

પણ **રણછોડભાઈ** વિલખા થયા. તેમણે ચિઠ્ઠી લખી વકીલને સૂચવ્યું કે–"કેસ આપણો લૂલો થઇ જાય છે, ગમે તે કરો"–આદિ.

રણછોડભાઈના વકીલે કહ્યું કે–નામદાર કોર્ટનું ધ્યાન ખેંચું છું કે—"દીક્ષિત થનારની માતાએ કેટલા ધમપછાડા કર્યા છે. કેટલી રોકકળ કરી છે, છાતી–માથાં કૂટ્યાં છે, એ આખું **કપડવંજ** જાણે છે."

આ બધું તરકટ લાગે છે, હકીકતમાં ઘણા સાક્ષીઓ આપી શકાય તેમ છે કે માએ દીક્ષા બાબત ઘણી ધમાલ કરી છે.

"હું આ અંગે ઘણા પુરાવા રજૂ કરીશ. કોર્ટ મને ટાઇમ આપે."

પૂ. ચરિત્રનાયકશ્રી જે નિવેદન ઘડી લાવેલ તે વાંચવાનો અવસર ન આવ્યો અને ૧૫ દિવસ પછીની તારીખ કોર્ટે આપી અને કેસ આગળ પર મુલતવી રહ્યો.

પૂ. ચરિત્રનાયકશ્રી શ્રાવકો સાથે ઉપાશ્રયે પાછા આવ્યા.

કપડવંજવાળા પ્રસન્ન થયા કે–"શાસનનું ગૌરવ હણાયું નહીં! પણ આવતી તારીખે મોહમાં ઘેલા બનેલ **રણછોડભાઈ** ન જાણે શા શા મુદ્દા રજૂ કરશે? એનો ફફડાટ સૌના દિલમાં રહ્યો.

પણ પૂ. **શ્રી સિદ્ધિવિજયજીમ.**ના વાસક્ષેપથી અને માંગલિક–શ્રવણથી "શાસનદેવ સહુ સારું કરશે" ની મંગળ–ભાવનાથી સહુને ધરપત થઈ.

શ્રીવર્ધમાન-સ્વામિને નમઃ

પ્રકરણ ૩૪

પૂ. ચરિત્રનાયકશ્રીની વિષમ પરિસ્થિતિ

પૂ **ચરિત્રનાયકશ્રી** કોર્ટમાં પોતાનું નિવેદન મૌખિક આપી **વિદ્યાશાળાએ** પાછા ફર્યા, ત્યારે **મગનભાઈ** વગેરે **કપડવંજના** શ્રાવકોએ **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** પાસે ભેગા થઈ કોર્ટે ચઢેલ આ મામલો કેવી રીતે બીચકે ? કે શાંત થાય ? તેની ચિંતા વ્યક્ત કરી.

પૂ. શ્રી. સિદ્ધિવિજયજી મ. શ્રીએ સઘળા-શ્રાવકોને ધીરજ ધરવા અને "ચરિત્રનાયકશ્રીની મક્કમતાના આધારે તમો બધા શાસનદેવના ભરોસે નિશ્ચિંત રહો;" એમ કહી સહુને **ધીર-ગંભીર** આશ્વાસન આપ્યું.

પૂ **ચરિત્રનાયકશ્રી** પણ **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીની** સૂચના મુજબ સાંજના પ્રતિક્રમણ પછી **ક્ષુદ્રોપદ્રવ** ઉડ્ડાવણીનો કાઉસ્સગ્ગ, ચાર લોગસ્સ **સાગરવર ગંભીરા** સુધીનો બે પગના પંજા પર ઊભા રહી કરતા અને શ્રી નવકાર-ઉવસગ્ગહરતંની ૩ માળા સૂતી વખતે ગણતા.

મગનભાઈ બે-ત્રણ દિવસ પછી ફરી આવી **કપડવંજની** સ્થિતિનો ચિતાર આપ્યો કે "વેવાઈ **રણુછોડભાઈ** ઘેલછાવશ બની પૈસા ખેરીને ખોટા સાક્ષીઓ ઊભા કરી રહ્યા છે કે જેના લીધે આ વખતે કેસમા બહુ ભારે ગૂંચવાડો ઊભો થાય" આદિ.

વધુમાં પૂ. **ચરિત્રનાયકશ્રીને** કહ્યું કે-"તમે તમારી વાતમાં મક્કમ રહેશો કે મારા માતાજીની ઇચ્છા શરૂઆતમાં નહીં છતાં સંસારી-બાપુજીની પૂર્ણ સંમતિથી મેં સ્વેચ્છાએ દીક્ષા લીધી છે."

"બસ ! આટલી જ વાત બરાબર પકડી રાખશો. બીજા આડા-અવળા વકીલોના આઠ પ્રશ્નોમાં ગૂંચવાશો નહીં," વગેરે વાત કરી. **પૂ. શ્રી. સિદ્ધિવિજયજી મ.**ને પણ બધી વાતથી વાકેફ કર્યા.

કપડવંજ શ્રીસંઘના આગેવાન શ્રાવકો તથા વિદ્યાશાળાના આગેવાન શ્રાવકો મળી પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.ને સારા વકીલને રોકવા માટે તજવીજ કરવા લાગ્યા, પણ પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—

"મને મારી વાત મારી રીતે રજૂ કરવા દો, મારી ધીરતાથી ભલભલાના કાવાદાવા નિષ્ફળ જાય એવી આપ સહુના ઊમળકાભરી શુભાશંસા ઇચ્છું છું.

વકીલ રાખવામાં મોટી મુશ્કેલી એ કે—પછી આપણે વચ્ચે ન બોલાય અને વકીલ આખરે કાયદાનું પ્રાણી ગણાય, તે સાક્ષીઓની જુબાની અને ન્યાયાધીશ સામે ન્યાયની જોગવાઈ વગેરેથી દોરવાઈ જાય.

પરિણામે હકીકત વિકૃત થાય તો તેમાં તેને ન્હાવા-નિચોવાનું શું ?

એટલે મને જ આમાં બોલવા દો. વકીલના ભરોસે વાત વણસી જવાની સ્થિતિ ઊભી ન થાય તેમ મારી ઇચ્છા છે.

પછી તો આપ બધા જે કહો તે ખરું !"

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીએ સંઘના આગેવાનોને અને કપડવંજના શ્રી-સંઘના શ્રાવકોને વાત કરી કે—

"દીક્ષિત થનાર સ્વયં પોતાની વાત જે જોરદાર શબ્દોમાં રજૂ કરી શકે, તે ભાડૂતી માણસ = વકીલ શું રજૂ કરી શકે ? એ વાત તો દીવા જેવી છે.

વળી કપડવંજનું તમારું આ રતન ભગવન-ભગવતના શુભ-સંસ્કારોથી ખૂબ સરસ રીતે ઘડાયેલ છે.

આટઆટલી વિષમ પરિસ્થિતિઓ છતાં તેના ચઢતા-પરિણામોમાં જરાય ફરક નથી પડયો. સંયમ પ્રત્યેની તેની પક્કડ ઢીલી નથી થઈ.

માટે કંઈ શંકા રાખવાની જરૂર નથી. શાસનદેવ સહુ સારું કરશે,"
આદિ કહી સહુને સ્વસ્થ કર્યા.

થોડા દિ' પછી સમાચાર મળ્યા કે કાચી ઉંમરના કારણે વાલીની સંમતિ ન હોવાની વાત આગળ કરી દીક્ષા છોડાવવાની પણ પેરવી કદાચ થાય, એટલે પૂ શ્રી. સિદ્ધિવિજયજી મ. શ્રીએ

મગનભાઈ ભગતને બોલાવી કાશીના પંડિતોએ જે જન્મપત્રી પરથી ફળાદેશ કહેલ તે અસલ જન્મપત્રી અને નિશાળના સર્ટિફિકેટના આધારે સોળ વર્ષ પૂરા ન હોવાના કારણે (દીક્ષા સં. ૧૯૪૬ ના ફાંગણ સુ. ૫ થયેલ હોઈ કાયદેસર વર્ષ ૧૪, મહિના ૪ અને ઉપર પાંસ દિવસ થતા હોઈ) કદાચ જજના મગજમાં એ મુદ્દો ઠસી જાય અને દીક્ષા છોડાવવાની રણછોડભાઈની વાતમાં સંમત થઈ પણ જાય.

એટલે પૂ. શ્રી. સિદ્ધિવિજયજી મ.શ્રીએ મગનભાઈ ભગત દ્વારા જમનાબહેન પાસેથી કદાચ કોર્ટમાં રજૂ કરવું પડે તો બચ લાગે એવું લખાણ લખાવી લીધું કે—"**દીક્ષા વખતે મારી સંમતિ ન હતી, પણ હવે હું પૂર્ણ સંમત છું.**"

મગનભાઇ ભગત અવારનવાર **અમદાવાદ** આવી **કપડવંજના** સમાચારોથી **પૂ. શ્રી. સિદ્ધિવિજયજી મ.**નં જાણકારી કરતા રહ્યા, અને પૂ. ચરિત્રનાયકશ્રીને પણ મજબૂતાઇથી પોતાની વાત રજૂ કરવા ધીરજ કેળવતા રહ્યા.

કોર્ટ તરફથી અસાડ સુ. ૧૦ દિને ૧૧ વાગે હાજર થવાની નોટિસ પૂ. ચરિત્રનાયકશ્રીને **વિદ્યાશાળાના** સરનામે પોસ્ટથી મળી.

પૂ. શ્રી. સિદ્ધિવિજયજી મ. શ્રીએ વિદ્યાશાળાના આગવાન શ્રાવકોને બોલાવી "શાસનદેવ સહુ સારું કરશે"ના પ્રબળ-વિશ્વાસને કેળવવા માથે આવી પડેલ વિષમ-વાતને યોગ્ય રીતે ઉકેલવા જરા પણ ઉશ્કેરાટમાં આવ્યા વિના આપણી વાતની રજૂઆત બાળમુનિ પોતાના શબ્દોમાં કરે તે તરફ પૂરતું ધ્યાન આપશો."

"ધર્મવિદ્વેષી મોહઘેલા-ભાઇઓની વિષમ વાણી કે આચરણ તરફ બહુ લક્ષ્ય ન આપશો" આદિ હિતશિક્ષા કહી સહુને યોગ્ય રીતે આશ્વાસન આપ્યું.

પૂ. ચરિત્રનાયકશ્રીએ સુ-૮ થી સંકટ નિવારણ માટે **શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ** પ્રભુની આરાધના નિમિત્તે અઠ્ઠમ કરવા ભાવના દર્શાવેલ, પણ **પૂ. શ્રી. સિદ્ધિવિજયજી મ.શ્રીએ** દીર્ઘદૃષ્ટિ વાપરી તપસ્યાના ત્રીજા ઉપવાસે કદાચ આવેશ આવી જાય અને ધર્મદ્વેષીઓની જાળમાં ફસાઈ જવાય તેવું કંઈક બોલાઈ જવાય તો આખી વાત વણસે તેથી ત્રણ આંબેલ માંગલિક રૂપે કરવાની રજા આપી.

ત્રણે દિવસ પૂજ્યશ્રીના વર્ધમાન-વિદ્યાના વાસક્ષેપ અને નવકાર-ઉવસગ્ગહરંની **સંયુક્ત**

માળા ત્રિકાળ એકેક ગણવાના પ્રતાપે સુ. ૯ ના દિવસે **મગનભાઈ** ભગતના મોઢે વેવાઇ તરફથી તૈયારી ઘણી છતાં અહીંના વકીલે જોરદાર દલીલો કરવાની ના પાડ્યાના સમાચાર સાંભળી સહુ પ્રસન્ન થયા.

છતાં **"ચેતતા નર સદા સુખી" "ઊંટ ન જાણે કયે પડખે બેસે!"** એ કહેવાય નહીં! **કોર્ટના મામલામાં નિશ્ચિત ધોરણ ન હોય! સાક્ષીઓના નિવેદનો અને વકીલોની શબ્દજાળમાં ન્યાય કયાંય ખોવાઈ પણ જાય!** આદિ સુભાષિતોના આધારે નિવેદનને ફરી વાંચી તેને સુયોગ્ય રીતે ફરીથી જોરદાર રજૂઆતવાળું પૂ. ચરિત્રનાયકશ્રીએ બનાવ્યું.

પૂ. શ્રી. સિદ્ધિવિજયજી મ. શ્રીએ શ્રાવકો દ્વારા **અમદાવાદના** કોઇ પ્રખ્યાત સારા વકીલને ઉપાશ્રયે બોલાવી સલાહ લેવાનું ગોઠવ્યું.

તે વખતે **અમદાવાદમાં** સારી પ્રેકટિસ ધરાવનાર **શ્રી પાંડે** નામના વકીલને બે-ત્રણ વાર મળી ઉપાશ્રયે લાવવાની ગોઠવણ કરી.

પૂ શ્રી. સિદ્ધિવિજયજી મ.શ્રીએ ટૂંકમાં બધી વિગત કહી.

કપડવંજવાળા રણછોડભાઈએ કોર્ટમાં કેસ કર્યો છે. અને આટલી વાત ગઈ મુહૂર્તમાં થઈ છે, એ બધું જણાવ્યા પછી હવે એમ સાંભળ્યું **છે કે રણછોડભાઈ** પૈસા વેરી ખોટા સાક્ષીઓ ઊભા કરી રહ્યા છે, તો હવે વકીલના સંબંધે તમોને શું લાગે છે?

વકીલશ્રીએ બાળમુનિને બોલાવી કાયદાની રીતે આડા-અવળા ક્રોસ કરી માપી જોયા, પણ બાળ-મુનિએ ખૂબ જ મક્કમતા-ધીરતાથી બધા જવાબો સ્પષ્ટપણે આપ્યા.

જે સાંભળી ખૂબ જ પ્રભાવિત થયેલા વકીલશ્રી પાંડેજીએ થોડીવાર વિચાર કરી પોતાનો અભિપ્રાય જણાવ્યો કે—

"કેસ આમ તો ગુંચવાડા ભર્યો છે! પણ મૂળ વ્યક્તિ આ બાળ-મુનિ ખૂબ જ મજબૂત છે! પોતાના વિચારોમાં બહુ સ્પષ્ટ છે એટલે કેસનું પરિણામ બીજી દિશામાં જઈ શકે તેમ નથી.

"વળી તમારા કહેવા પ્રમાણે તેના માતા-પિતા જો અનુકૂળ હોય તો કાયદાની કોઈ

કલમ નથી કે કોઈ ધર્મનું આચરણ કરે અને કોઈ પથ્થરો નાંખે, એટલા માત્રથી તેને ધર્મ કરતાં અટકાવી શકે."

"અંગ્રેજોના રાજ્યમાં ન્યાયની પતાકા અણનમ છે, વળી કાયદાની જોગવાઈ ધર્મના રક્ષણ માટે છે."

"કદાચ સામા પક્ષ તરફથી ખોટા સાક્ષીઓ ઊભા કરાય તો પણ "ખોટું એ ખોટું" આખરે **'સત્યનો વિજય થાય'** તેથી બાળ-મુનિના માતાજી એમ સ્પષ્ટ કહે કે—**"પ્રથમ મારી ઇચ્છા કે સંમતિ ન હતી તે વાત સાચી! પણ હવે પૂર્ણ સંમતિ છે. તેણે ભલે! દીક્ષા લીધી."** આટલી વાત પર તેની માતાજી મજબૂત રહે તો કાયદો કંઈ બળાત્કારે ધર્મમાં રૂકાવટ કરી શકતો નથી."

આવો સ્પષ્ટ અભિપ્રાય મળવાથી બધાને ધીરજ થઈ. **અગનભાઈને** આ વાત બરાબર લાગી. તેમણે કપડવંજ જઈને **જમનાબહેનને** સમજાવ્યાં કે—"જુઓ! હવે ધર્મની લાજનો સવાલ છે.'

"વેવાઈ રણછોડભાઈ એ માગા મૂકી પણ આપણાથી ન મૂકાય."

"બીજા ભવમાં જીભ ન મળે માટે તમો હવે કોર્ટમાં એમને એમ કહેશો કે પ્રથમ ભલે મારી ઇચ્છા ન હતી, પણ હવે મારી પૂર્ણ સંમતિ છે. આ બધા સાક્ષીઓ ભાડૂતી છે એવું મને લાગે છે."

"મારા હૈયાની વાત કે મને આ દીક્ષા નથી ગમતી કે આ દીક્ષા થઈ છે તેમાં મારી સંમતિ નથી એ બીજા સાક્ષીઓને શી રીતે ખબર પડી! મારા મનની વાત જાણવાનું કોઈ સાધન કોઈની પાસે નથી—" આદિ

"આમ મજબૂત રજૂઆત તમે નહીં કરો તો વેવાઈ ફાવી જશે. અને આપણા સહુની મુરાદ પર પાણી ફેરવશે ને દીક્ષા છોડાવવાનું ભયંકર પાપ કરશે, તેમાં આપણો પણ હિસ્સો થઈ જશે."

"માટે જરા ગંભીરતાથી તમે આ વાત હૈયામાં ગોઠવી રાખો કે—પ્રથમ ભલે! મારી સંમતિ ન હતી, પણ હવે પૂર્ણ સંમતિ છે! **જમનાબહેને** કહ્યું કે ભગત! તમે કોઈ વાતે

ચિંતા ન કરો. મારા વેવાઈએ અજ્ઞાનીની બની ગાંડપણનું પગલું ભર્યું, ને હું પણ તેમની જાળમાં કદાચ ફસાઈ જાત, પણ ધર્મપસાયે હું તેમના ફંદામાં ન આવી અને મારા પનોતા દીકરાનું મુખ અને તેની ધીરતા નિહાળી મને સદ્‌બુદ્ધિ સૂઝી ખરેખર! આ દીકરો મારી કૂખ અજવાળનાર છે."

"વેવાઈની બદદાનતનો હું હાથો ન બની એ બધો રુડો પ્રતાપ તમારી આપેલ સમજણનો અમેં શાસનદેવનો કે મને મહાપાપમાંથી બચાવી! હવે હું નવું આવું મહાપાપ નહિ કરું કે મારા જરા હેરફેર બોલવાથી મારા દીકરાને દીક્ષા છોડવી પડે, ના!....ના....એવું પાપ મારે નથી બાંધવું. મેં તો હવે તમારા અક્ષર ગોખી નાંખ્યા છે કે **"પ્રથમ મારી સંમતિ ન હતી પણ હવે મારી સંપૂર્ણ સંમતિ છે....છે....ને....છે જ!"**

મગનભાઈ ખૂબ રાજી થયા અને **અમદાવાદ વિદ્યાશાળાએ** બધા સમાચાર મોકલી દીધા.

આ બાજુ **કપડવંજમાં રણછોડભાઇએ** પોતાના કેસને સબળ બનાવવા સાક્ષીઓ ભેગા કરવા માંડ્યા કે :—

હેમચંદના છાના ગયા પછી તેની માતાએ કેટલા ધમપછાડા કર્યા.

તેમાં પૂ. ચરિત્રનાયકશ્રીના માશીના દીકરા **જમનાભાઈ** પાસે **રણછોડભાઈ** ગયેલા ને વાત કરી કે—"મારી દીકરીનો ભવ બગડી જાય છે, હેમચંદે છાનામાના દીક્ષા લઈ લીધી."

"તેના બાપા તો ભગત છે, પણ તેની માએ દીક્ષાના વિરોધમાં કેટલા ધમપછાડા કરેલ તે તમને ખબર છે!"

"જમના ડોશી ખાતાં ન હતાં. તો તમે ને હું સાથે તેને સમજાવવા ગયેલા—આ વાત યાદ છે ને!"

જમનાભાઈ બોલ્યા કે—"હા! હા! બરાબર યાદ છે."

રણછોડભાઇએ કહ્યું કે—"બસ! બસ! જમનાભાઈ! લો આ અગ્યાર રૂપિયા! તમારે સુદ ૧૦ ના રોજ અમદાવાદ મારી સાથે આવી કોર્ટમાં આ વાત કહેવાની છે કે દીક્ષા પછી જમનાએ ઘણા ધમપછાડા કરેલ. ખાતા ન હતા પણ હું અને રણછોડભાઈ તેને સમજાવવા ગયેલા."

જમનાભાઈ અગ્યાર રૂપિયા રણછોડભાઈ કેમ ધરે છે! એ પરથી વહેમાયા.

રણછોડભાઈની શરમથી અગ્યાર રૂપિયા લઈ લીધા, પણ મનમાં ગુંચવાયા કે સીધી સાદી વાત કોર્ટમાં રજૂ કરવા હું તૈયાર છું, મેં કયાં આનાકાની કરી છે? તો પછી અગ્યાર રૂપિયા કેમ મારી સામે ધર્યા?

જમનાભાઈ તે વખતે કંઈ ન બોલ્યા. રણછોડભાઈના ગયા પછી જમનાભાઈ જમી-પરવારી બજારમાં પોતાની હાટડીએ બેઠા હતા ત્યાં ગોપાળભાઈ, ચીમનભાઇ અને ગોકળભાઈ ત્યાંથી પસાર થયા.

જમનાભાઈએ ઇશારાથી ગોપાળભાઈને પોતાની હાટડીએ બોલાવ્યા, એટલે ત્રણે જણા હાટડીએ આવ્યા.

જમનાભાઈએ છોકરાને હાટડીએ બેસાડી પોતે આ ત્રણે જણાને લઈ હાટડીમાં અંદરના ઊંડાણવાળી ઓરડીમાં લઈ જઈ પાનસોપારી આપી, ઠંડુ પાણી પાઈને વાત કરી કે—

"ગોપાળભાઈ! એક વાત પૂછું—આજે સવારે રણછોડભાઈ ઘેરે આવેલા."

બીજી આડીઅવળી વાતો કર્યા પછી પેલા હેમચંદના ભાગી ગયા પછી જમનાએ રોકકળ કરી મૂકેલ, ખાવાનું બંધ કરેલ તો રણછોડભાઈ મને લઇને સમજાવવા જમના પાસે ગયેલ, માંડમાંડ તેમને જમાડેલા."

"આ વાત આજે કેમ યાદ કરી છે! કંઈ છે આજે! એટલું જ નહીં, આટલું કહી રણછોડભાઈએ કહ્યું કે આ વાત તમારે અમદાવાદ કોર્ટમાં કહેવા આવવાનું છે, લો આ અગ્યાર રૂપિયા."

"ભાઈ! હું તો સામાન્ય માણસ છું! રણછોડભાઈ તો શેઠીયા છે! તેમની સાથે મારે અમદાવાદ કોર્ટમાં શા માટે જવાનું છે! અને અગ્યાર રૂપિયા મેં તો લઈ લીધા પણ આ શું ચાલી રહ્યું છે? હું તો મારા ધંધા અને ઉધરાણીમાંથી ઊંચો નથી આવતો."

"સવારે દહેરે પૂજા કરીને આવ્યા પછી ગામડે ફરવાનું અને હાટડીએ બેસવાનું એટલે એ સિવાય કયાંય જવાનું-અવાનું નથી."

ગોકળભાઈ બોલ્યા કે—"**જમનાભાઈ** ! તમે જબરા વેપારી ! આખા ગામમાં હો-હા મચી ગઈ છે ! એકવાર તો આખું ગામ **અમદાવાદ** જઈ આવ્યું અને તમને કશી ખબર નથી ? આશ્ચર્ય !

ચીમનભાઈ બોલ્યા કે—"ભાઇ ! શું કરે ! આટલી ગામડે વેઠ કરે અને હાટડીએ ચોંટી રહે છે, ત્યારે તો દાળ-રોટલા ભેગા થાય છે."

"આપણને સામાન્ય પરિસ્થિતિવાળાનો ખ્યાલ ન આવે."

"ગામડે ઉઘરાણી અને હાટડીએ ગ્રાહકોને જાળવવા આડે **જમનાભાઈ**ને ગામગપાટા સાંભળવાનો ટાઇમ ક્યાંથી મળે ?"

ગોકળભાઈ બોલ્યા કે—"ભાઈ ! **જમનાભાઈ** મહેનતુ-પ્રમાણિક અને ઉદ્યમી જીવ છે, તેમને પોતાના કામથી કામ ! બીજી માથાકૂટ નહીં, ખૈર—હશે ! જવા દો એ બધી વાત !

જમનાભાઇ ! તમોને ખબર નથી તો ટૂંકમાં જણાવું કે—

"આપણા **મગન ભગતના હેમચંદે** ગયા ફાગણમાં ભાગીને દીક્ષા લઈ લીધી, તે સમાચાર આવતા અહીં ધમાલ ઘણી થઇ."

તેના બાપા તો અંદરથી સંમત જ હતા, **હેમચંદની** મા-**જમના**એ આકાશ-પાતાળ એક કર્યાં. ત્રણ-ચાર મહિના ઘણી તપાસ કરી પણ **હેમચંદનો** પત્તો ન લાગ્યો.

છેવટે **અમદાવાદ-વિદ્યાશાળામાં** રહેલ સાધુઓએ તેને ક્યાંક સંતાડ્યાના સમાચાર આવ્યા, એટલે જેઠ સુ. ૫ વ્યાખ્યાન વખતે **વિદ્યાશાળામાં** "**તમે દીક્ષા ન છોડાવો-ધમાલ ન કરો**" એ શરતે માત્ર **હેમચંદનું** મ્હોં જોવા મળ્યું.

જમનાએ હવે ધાર્મિક સંસ્કારોના કારણે મન વાળી લીધું છે કે—"**હશે ! ગમે તેમ ! પણ મારો દીકરો ભલે સંયમ પાળે !**" તેમ કહી તેણે તો સભા વચ્ચે આશીર્વાદ પણ આપ્યા કે "**જેવી લીધી છે તેથી વધુ પાળજે ! મારી કૂખ અજવાળજે**" કહી વંદના કરી.

પણ **હેમચંદના** સસરા **રણછોડભાઇને** પોતાની દીકરીના મોહમાં ગમે તેમ કરી **હેમચંદને** દીક્ષા છોડાવી ઘેર લાવવો છે ! તેમણે કોર્ટમાં કેસ માંડ્યો છે."

"જેઠ વદ–૫ કોર્ટમાં જુબાનીઓ થઇ. તે કેસ ભાષાડ સુદ–૧૦ના ફરી ચાલવાનો છે તેમાં તમારે જુબાની આપવા જવાનું છે, તેના ચાંલ્લાના તમને અગ્યાર રૂપિયા મળ્યા છે"

આ વાત સાંભળી **જમનાભાઈ** તો ચમકી ગયા કે—"બાપ રે! મારાથી ધર્મ તો થતો **નથી** ને આ શું પાપના પોટલા મારે બાંધવાના!"

"**લોહું જાણેને લુહાર જાણે**" મારે શું? નાહક મારી જીભ ચલાવી એક મહાન પુણ્યાત્મા નાની વયે ચરિત્ર લઇ જીવન અજવાળે! તેમાં અવરોધ કાં ઊભો કરવો?

"હું તો અગ્યાર રૂપિયા **રાણુછોડભાઇને** પાછા આપી આવીશ"

ગોકળભાઈ જરા વૃદ્ધ હતા, ઠરેલ હતા. તેમને એક વાત સૂઝી એટલે તેમણે **જમનાભાઈને** કહ્યું કે—"**જમનાદાસ**! મારી એક વાત સાંભળશો!"

જમનાદાસ બોલ્યા કે—"કાકા! તમે તો મારા **મુરબ્બી** છો! તમે કહો તેમ કરવા તૈયાર છું."

ગોકળભાઈ બોલ્યા કે—"હાલ ભાઈ! વાત એમ છે કે **આપણાથી ધર્મ ન થાય તો કોઇના આડે ન આવવું**."

જમનદાસ બોલ્યા કે—"હા! હા! વાત બિલકુલ સાચી! મારે **હેમચંદે** દીક્ષા લીધી, તેમાં કોર્ટમાં મારા બોલવાથી કદાચ ઊંધુ જજમેન્ટ આવે ને **હેમચંદને** દીક્ષા છોડવી પડે, તો તે મહાપાપમાં મારે **નથી પડવું**."

ગોકળભાઈએ દાસભાઈને બરાબર તાવીને રંગમાં લાવ્યા પછી ધીમે રહીને બોલ્યા કે–

"દાસ! ધર્મમાં આડે આવવું જેમ પાપ છે, તેમ ધર્મમાં પ્રોત્સાહન આપવું તે ધર્મ ખરો કે નહિ?"

જમનાદાસે કહ્યું કે, "હા! હા! ભાઈ! મારાથી કંઈ ધર્મ થતો નથી તો ધર્મમાં સહાયભૂત થવા જેટલું મારા નસીબમાં હોય તો મારા અહોભાગ્ય!"

ગોકળભાઈ બોલ્યા કે—"દાસ! હું એ જ વાત કહું છું. તમે આ કેસમાં સાક્ષી આપવા જાઓ, જરૂર જાઓ અને કહો કે સદરહુ દીક્ષિતની માતાએ દીક્ષા બદલ ઘણા ઊત્પાત

મચાવેલ પણ હાલમાં તો તે **જમનાબહેન** દીક્ષા માટે પૂર્ણ સંમત છે, કોર્ટને શંકા હોય તો તેમની જુબાની લઈ લે!"

"વળી આવી અધુરી અધકચરી વાતની રજૂઆત કરાવવા મારા જેવાને આ **રણછોડ-ભાઇએ** અગ્યાર રૂપિયા આપેલા."

"એટલે પૈસા વેરીને સાક્ષીઓ ઊભા કરાવ્યાનું અનુમાન સાચું થાય છે."

"આમ ભરી-કોર્ટમાં તમે આ વાતનો પરદો ફાડી તમારા જેવા બીજા સાક્ષીઓ બધા બોદા હશે એવી છાપ ઊભી કરી દો! એટલે સરવાળે શાસનની હીલના કરાવનારું આ નાટક શમી જશે."

"વેષ ઉતરાવી ઘરે લાવવાની **રણછોડભાઈની** ઉમેદ પર પાણી ફરી જશે, કરો! હાલ ભાઇ! આટલી હિંમત કરો! અગ્યાર રૂપિયા પાછા ન આપશો. ત્યાં કોર્ટમાં પાછા આપશો. આમ કરવાથી ધર્મની મહાન સેવા થઇ સમજશો."

"આપણે સાધુપણું લઈ શકતા નથી પણ નાની વયમાં દીક્ષા લઈ આત્મ-કલ્યાણ સાધવા મથતા આપણા ગામના નવરત્નને આ રીતે ટેકો આપ્યો ગણાશે."

જમનાદાસ આ સાંભળી ચકિત થઇ ગયા અને હરખભેર કબૂલ્યું કે—"મારી જીંદગી આવી ખોટી સાક્ષી આપવાથી ધૂળ ધાણી થતી અટકે અને એક ધર્મકાર્યમાં મારો નાનો ફાળો પણ નોંધાય. આવો તમે જે રસ્તો બતાવ્યો તે બદલ આભાર!" એમ કહી બધાને ફરી સોપારી, સોપારી-વરીયાળી અને મુખવાસ આપી હાથ જોડી વિદાય કર્યા.

ચીમનભાઈ અને **ગોકળદાસે** **મગનભાઈ ભગતને** આ વાતથી વાકેફ કર્યા.

મગનભાઈ ભગતે જમનાબહેનને આ વાત કરી કે, "જોજે! હોં! હવે ઢીલી ન થતી, વેવાઈની બદદાનતને બર આવવા ન દેતી! જો તું જરા ઢીલી પડી કે વેવાઈનો વકીલ ચઢી બેસશે ને આખો કેસ ચુંથાઈ જશે ને બધા સાક્ષીઓની વાત પર આધાર રાખી ન્યાયાધીશ અવળો ચુકાદો આપી દેશે ને સાધુવેશ ઉતારવાની ફરજ પાડશે."

હવે તું બરાબર સમજી-વિચારીને શાસન અને ધર્મને વચ્ચે રાખી હૈયું કઠણ રાખી કોર્ટમાં સ્પષ્ટ કહેજે કે "**પ્રથમ મારી સંમતિ નહતી પણ હવે મારી સંપૂર્ણ**

સંમતિ છે." બસ આટલા શબ્દો જ વારંવાર જ્યારે જ્યારે પૂછવામાં આવે ત્યારે બોલવા! બીજા આડાઅવળા પ્રશ્નોથી ગુંચાઈશ નહીં, આદિ.

વધુમાં **મગનભાઈ** અવસર જોઈ **જમનાબહેને** વેવાઈ કેવી કેવી બોટી સાક્ષીઓ પૈસા વેરીને ઊભી કરે છે! તે વાત **જમનાદાસને** અગ્યાર રૂપિયા આપ્યાની વિગત જણાવી રજૂ કરી.

જેથી **જમનાબહેનને** ખરેખર એમ લાગ્યું કે–"વેવાઈ આવા ધંધા કરે છે! આવી ફરેબી કરી બોટી સાક્ષીઓ ઊભી કરી મારા પનોતા પુત્રને ચારિત્રના માર્ગથી ભ્રષ્ટ કરે એ કેમ બને!"

આ બાજુ **અમદાવાદમાં પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીએ** વિદ્યાશાળાના આગેવાન શ્રાવકો મારફત અમદાવાદના મોટા વકીલ **શ્રી પાંડે બેરિસ્ટરને** બોલાવી અભિપ્રાય લીધા પછી તે વકીલને સાથે લઈ ત્રણ ચાર કાયદાના જાણકાર પીઢ શ્રાવકોને ન્યાયાધીશના બંગલે મોકલી સત્ય વિગત જણાવી.

"અમારે બીજું કંઈ કહેવું નથી. આ એક અમારા ધર્મનો પ્રશ્ન છે, સામા પક્ષ તરફથી બોટી સાક્ષીઓ ઊભી કરાયાનું પાકું જાણવા મળેલ છે."

"તો સાક્ષીઓના નિવેદનો તરફ આપ વધુ ધ્યાન ન આપતાં આ બાજુ અમારા બાળમુનિ, બીજી બાજુ દીક્ષિત થનારની બા! આ બેનાં જ નિવેદનો તરફ આપ પૂરતું ધ્યાન આપો. આટલું કહેવા અમે આવ્યા છીએ.

ન્યાયાધીશે કહ્યું કે–"વાત બરાબર છે! તમારી વાત ધ્યાન પર રાખવા પ્રયત્ન કરીશ."

આ રીતે પૂર્વતૈયારી બધી થઈ ગઈ અને સહુ અષાઢ સુ. ૧૦ના દિવસની કાગડોળે રાહ જોવા લાગ્યા.



श्रीं वर्धमान-स्वामिने नमः ।

પ્રકરણ : ૩૬

ન્યાયાલયમાં પૂ. ચરિત્રનાયકશ્રીએ દાખવેલ અપૂર્વ મનોબળ

પૂ. ચરિત્રનાયકશ્રી ખૂબ સ્વસ્થ ચિત્તે આવી રહેલ વાવાઝોડા સામે સક્ષમતાપૂર્વક ટકવા **જાપ** દ્વારા શ્રી વીતરાગ-પરમાત્માનું બળ અને વિવિધ કાઉસગ્ગ અને આંબેલના તપ દ્વારા શાસનદેવનું બળ મેળવવા પ્રયત્નશીલ રહ્યા.

કપડવંજમાં પૂ. ચરિત્રનાયકશ્રીના કુટુંબમાં **મગનભાઈ ભગતની** સૂચનાથી અ. સુ ૧૦ના રોજ કોર્ટમાં ચાલનારા કેસમાં સફળતા મળે તે ઉદ્દેશ્યથી કુટુંબીવર્ગમાં અસાડ સુ. ૮ના ૨૫ આંબિલ થયેલ.

મગનભાઈ ભગતે સુ. ૮-૯-૧૦ નો અઠ્ઠમ કરેલ. સુ. ૮ના અહોરાત્રિ પૌષધમાં **ચિંતામણિદાદા** આગળ અને પૈતૃક મંદિર **શ્રી વાસુપૂજ્યપ્રભુની** આગળ ક્ષુદ્રોપદ્રવ નિવારણ માટે ૨૭ લોગસનો કાઉસગ્ગ ઊભા ઊભા કર્યો અને પોતાના ઘરની નજીક **લહુડી પોસાળના** ઉપાશ્રયે રહેલ **શ્રી મણિભદ્રજી** આગળ દીવો કરાવી ૧। શેર સુખડી ધરાવી તેના મૂળમંત્રની **૧૨૫** માળા **જમનાબહેન** દ્વારા સુ. ૮ના રોજ આંબેલ કરાવી ગણાવી.

સુ. ૯ની બપોરે ત્રણ-ચાર છકડાં, બે-ત્રણ ગાડાં ગામડેથી મંગાવી પોતાના સંબંધીઓને લઈ **અમદાવાદ** તરફ **નરોડા**ના ટૂંકા રસ્તે રવાના થયા. સુ. ૧૦ સવારે **અમદાવાદ** પહોંચી ધર્મશાળામાં મુકામ કરી સવારે ૮ વાગે **વિદ્યાશાળા**એ પહોંચી ગયા.

પૂ. ચરિત્રનાયકશ્રી સુ. ૧૦ના રોજ સવારે ૨॥ થી ૪ સુધીમાં **લોગસ્સ**ની પંચમી ગાથાની ૪૧ માળા અને णमोजिणाणं जिअभयाणं ની ૧૦૮ માળા ગણી પ્રતિક્રમણ-પ્રતિલેખના કરી **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** ની સાથે દેરાસર જઈ આઠ થુઈએ દેવવંદન કરી શ્રી નવકારના પ્રથમ અને સાતમા પદનો સંયુક્ત જાપ ૭૭૭ની સંખ્યામાં કર્યો.

પછી ઉપાશ્રયે આવ્યા ત્યાં **મગનભાઈ** વગેરે કપડવંજના પૂ૦ ચરિત્રનાયકશ્રીના સંસારી-સ્વજનો તથા સંઘના આગેવાનોએ વંદના કરી **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** પાસે જ્ઞાનપૂજન કરી માંગલિક સાંભળી આવેલા તે બધામાંથી મોટા ભાગનાએ આંબિલનું પચ્ચક્ખાણ લીધું.

કપડવંજ શ્રીસંઘના આગેવાનો **મગનભાઈ ભગત** સાથે **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** પાસે એકાંતમાં બેઠા.

કપડવંજના વાતાવરણની બધી વાત કરી. પેલી જમનાદાસની પણ વાત **મગનભાઈ**એ કરી. જે બધું સાંભળી **પૂ૦ શ્રી સિદ્ધિવિજયજી મ.** એટલું જ બોલ્યા કે–

"શાસનદેવ સહુ સારૂં કરશે. સત્ય અને ન્યાયના પંથે ચાલનારને કસોટી થાય બાકી બીજો ભય ન રાખવો. તેમ છતાં કંઈ થાય તો આપણા અંતરાય કે પાપનો ઉદય સમજવો! પણ કોઈના પર ગુસ્સે નહીં થવું! સહુ જીવ કર્માધીન છે."

આદિ કહી સહુને પૂજા આદિ કરી વ્યાખ્યાનમાં આવવા સૂચવ્યું.

વ્યાખ્યાન પૂરૂં થયું કે તુર્ત **વિદ્યાશાળા**ના આગેવાનોને પૂ. મહારાજશ્રીએ કહ્યું કે—

"ભાઈઓ! આજે શાસન અને ધર્મની આરાધનાની બરી કસોટી છે શાસનદેવ સહુ સારૂં કરશે જ. **કપડવંજવાળા** અઠ્ઠમ અને આંબિલ વગેરે કરી બૂબ ઉત્સાહથી આવ્યા છે."

"તમો પણ જલ્દી તૈયાર થઈ અહીં આવી જાઓ."

"૧૨-૨૩ મિનિટે સહુએ અહીંથી ચઢતા સૂરે કોર્ટમાં જવાનું છે."

"**તપાસ કરાવતાં** ખબર મળી છે કે દોઢ વાગ્યા પૂર્વે આપણો કેસ નિકળે તેમ નથી તે એક રીતે સારૂં છે."

"દોઢ વાગ્યે ચોઘડીયું સારૂં શરૂ થાય છે" આદિ સાંભળી **વિદ્યાશાળા**ના આગેવાન શ્રાવકો જલ્દી તૈયાર થવા તત્પર બન્યા. બરાબર બાર ઉપર દશ મુંબઈમાં તો **વિદ્યાશાળા**ના આગેવાન શ્રાવકો–**કપડવંજ**ના સહુ ભાઈ–બહેનો આવી ગયા.

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીએ પૂ. ચરિત્રનાયકશ્રીને આંબિલ પતાવી તૈયાર કરી દીધા. સાથે ઠરેલ બુદ્ધિના **મુનિશ્રી રાજવિજયજી, નીતિવિજયજી મ., ચંદ્રવિજયજી મ.** તથા **બુદ્ધિવિજયજી મ.** ને મોકલ્યા.

જાણે લડાઈના મોરચા પર જતા હોય તેવી ધીરતા પૂ. ચરિત્રનાયકશ્રીના મુખ પર તરવરતી.

ચંદ્રસ્વરમાં ઉપાશ્રયેથી બહાર નીકળ્યા, થોડી વારે સુધુખ્યા–બંને નાડીઓ ચાલવા માંડી એટલે દહેરાસરે જઈ ચૈત્યવંદન કરી ૨૧ નવકાર ગણ્યા ત્યાં સૂર્યસ્વર ઉપડયો. તે સૂર્યસ્વરમાં णमो अरिहंताणं બોલવાપૂર્વક સાત ડગલાં પૂર્વ સન્મુખ ચાલી પછી દક્ષિણ તરફ ઉપડતા સૂરે ત્રણ ડગલાં ભરી, **પ્રભુ મહાવીર પરમાત્માના રીંચીરોડ** પરના દહેરાસરે દર્શન કરી સન્મુખ–**ચંદ્રે ચાલી** પછી રાયપુર ચાર–રસ્તે થઈ ડાબે નવી **શાહીબાગ** તરફની કોર્ટ તરફ જમણે ચંદ્ર રાખી પૂ. ચરિત્રનાયકશ્રી ચાલ્યા.

ટૂંક સમયમાં કોર્ટના દ્વારે પહોંચ્યા ને થોડીવાર થઈ ત્યાં કોર્ટના શિરસ્તેદારે આલબેલ પોકારી એટલે પૂ. ચરિત્રનાયકશ્રી ચાર સાધુઓ સાથે હાજર થયા.

કપડવંજ–શ્રીસંઘના આગેવાનો, **વિદ્યાશાળા**ના આગેવાનો તથા **મગનભાઈ** આદિ સ્વજનવર્ગ બધા રીતસર ગોઠવાઈ ગયા

સામે પક્ષે **રણછોડભાઈ** પોતાના કુટુંબીઓ સાથે **ગોઠવાયા.**

કોર્ટમાં સન્નાટો છવાઈ ગયેલ. જૈન સાધુને કોર્ટમાં આવેલા જોઈ જૈનેતરોમાં ભારે બળભળાટ મચી ગયેલ.

કુતૂહળવૃત્તિવાળા **સેંકડો લોકોની** ઉપરની ગેલેરીમાં ઠઠ જામી.

કેસની શરૂઆત જજસાહેબે પૂ. ચરિત્રનાયકશ્રીની ફરીથી જુબાની લેવા રૂપે કરી.

કોર્ટના એકેક સવાલનો ધડાકાબંધ નિર્ભયતાથી જવાબ આપી પૂ. ચરિત્રનાયકશ્રીએ સહુને ચકિત કરી દીધા.

થોડીવારે કોર્ટની રજા લઈ પૂ. ચરિત્રનાયકશ્રીએ પોતાનું મંતવ્ય લેખિત જે લાવેલ હતા તે વાંચી સંભળાવ્યું.

"મારી પોતાની દીક્ષા મારી પોતાની ઇચ્છાથી થઈ છે. મારા ધર્મિષ્ઠ પિતાશ્રીની સંમતિથી થઈ છે, પણ મારા સ્વજન–વર્ગની પૂર્ણ સંમતિ ન હોવાથી મારે છાની દીક્ષા લેવી પડી."

"પણ હવે મારો સ્વજનવર્ગ બધો મારી દીક્ષાથી પ્રસન્ન છે."

"તેથી કેટલાક અજ્ઞાનીઓએ ઊભી કરેલ આ જંજાળથી કોઈએ ભરમાવવાની જરૂર નથી. હું મારા આત્મ-કલ્યાણના પંથે આ દીક્ષા દ્વારા આગળ વધવા માંગું છું."

આ નિવેદન સાંભળી સહુ ચકિત થયા. પણ કોર્ટે વાંધો ઉઠાવ્યો કે—

"તમારા કહેવા મુજબ સ્વજનવર્ગની પૂર્ણ સંમતિ ન હતી તો તમે જે દીક્ષા લીધી તે અનુચિત નહીં?"

પૂ ચરિત્રનાયકશ્રીએ સિંહ ગર્જનાપૂર્વક કહ્યું કે—"નામદાર કોર્ટ જે જણાવે છે તે બરાબર છે! પણ અજ્ઞાન અને મોહના પરદા હેઠે વિવેકની આંખ જેમની અવરાયેલી હોય તેવાઓ સંમત ન થાય, તેથી કંઈ આત્મ-શુદ્ધિના પંથે રોકાણ ઉચિત નથી."

"આત્મ-સાધના પંથે હિંમતભેર મેં છાની-દીક્ષારૂપે પગલાં ભર્યા, પછી મારા જીવનને સંયમના બીબામાં એવું ઢાળવા માંડ્યું છે કે મારા સ્વજન-વર્ગ—કે જે પ્રથમ સંમત ન હતા તેઓ આજે મારી દીક્ષાથી ખૂબ પ્રસન્ન છે."

"એટલે પરિણામનો વિચાર કરી વિવેકીઓએ કડવી દવાની જેમ તાત્કાલિક સંમતિ ન હોય તો પણ શુભ પ્રવૃત્તિ છોડવી ન જોઈએ."

કોર્ટે કહ્યું કે—"હવે આ સંબંધમાં સામા પક્ષને કંઈ કહેવું છે?"

એટલે રણુછોડભાઈના વકીલ શ્રી ધ્રુવ ઊભા થઈ ખોંખારો ખાઈ નામદાર કોર્ટનું માય લોર્ડ! કહી પોતાના અસીલની વાતની રજૂઆત બોલ્યાં કે—

"અમારા આરોપી સ્વયં પોતાના નિવેદનમાં અમારા આરોપનો સ્વીકાર કરે છે કે—કેટલાક સ્વજન-વર્ગની દીક્ષામાં સંમતિ ન હતી."

"તે વાતને પૂરવાર કરતી નામદારકોર્ટ અમારી સાક્ષીઓને સાંભળે તો વાતની પ્રતીતિ થશે કે સ્વજન-વર્ગનો ઘોર વિરોધ હતો" એમ કહી બે-ત્રણ સાક્ષીઓના નિવેદન થયા કે—

ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—"કોર્ટનું ધ્યાન એ બાબત ખેંચું છું કે ભૂતકાળની વાતોની રજૂઆત કરી સ્વજન-વર્ગનો વિરોધ દર્શાવવાનો જે પ્રયત્ન છે તે બાલિશ છે, અત્યારે શું છે? અત્યારે સ્વજન-વર્ગમાં કોઇનો વિરોધ છે!"

બીજું તો ઠીક સંસારી-માતાજી સ્વજન-વર્ગમાં સૌથી મુખ્ય છે.

તેમને કોર્ટ પૂછી જુએ કે સ્વજન-વર્ગનો કે તમારો અત્યારે મારી દીક્ષા અંગે વિરોધ છે ખરો !

કોર્ટે જમનાબહેનને સાક્ષીના પાંજરામાં ઊભા રાખી હાથમાં કલ્પસૂત્ર આપી સત્યના સોગંદ લેવડાવી જે સાચી વાત હોય તે કહેવા સૂચના કરી.

જમનાબહેને ખૂબ જ ધીરતા કેળવી ગંભીર શબ્દોમાં કહ્યું કે—

"મારા દીકરાએ દીક્ષા લીધી તે વખતે અજ્ઞાનતાવશ મેં ઘણો વલોપાત કરેલ, તે મારી ભયંકર ભૂલ થઈ—હવે મારો દીક્ષા અંગે કોઈ વિરોધ નથી."

આ વાતની કોર્ટે નોંધ લીધી.

આ વખતે સામા-પક્ષના વકીલ શ્રીધ્રુવે કોર્ટનું ધ્યાન ખેંચ્યું કે—

"હમણાં મારા અસીલ તરફથી બે-ત્રણ સાક્ષીઓના નિવેદનો થયા છે, આવી સાક્ષીઓ દશ-બાર છે, તે દરેકમાં હેમચંદની દીક્ષા નિમિત્તે જમના-બહેને ઘણો વલોપાત કર્યો છે ! ધમાલ કરવામાં બાકી નથી રાખી. આખું ગામ જાણે છે."

"પણ હમણાં જમનાબહેનના મોંઢાથી જે જુબાની બોલાવી છે, તે તરકટ છે, બનાવટી છે, દબાણ લાવીને તેમને તેમ બોલવા ફરજ પાડી છે."

"જુઓ ! જમનાબહેન એ વખતે ખાતા ન હતા તે સમજાવવા રણછોડભાઈ સાથે જમનાદાસ ગયેલા, માંડ સમજાવીને ખવડાવેલ."

"રણછોડભાઈ તો ફરીયાદી છે, તેથી તે સાક્ષીમાં ન આવે, પણ જમનાદાસ હાલ અહીં હાજર છે, તેઓ પોતે પોતાની વાત રજુ-કરશે."

રણછોડભાઈ જમનાદાસનો હાથ દબાવી "બરાબર બોલજો હો" એમ ધીમેથી કહી આગળ મોકલ્યા, સામે કપડવંજના આગેવાનોમાંથી ગોપાળભાઈ, ચીમનભાઈ, ગોકળદાસભાઈએ આંખના ઈશારાથી કંઈક સૂચવ્યું.

જમનાદાસ સાક્ષીના પાંજરામાં ઊભા થયા.

"હાથ જોડી થરથરતા અવાજે બોલ્યા કે "મારા બાપ-જનમારામાં કયારેય મેં કોર્ટ જોઈ નથી, આટલા બધા માણસો તે પણ ભણેલ લોકો વચ્ચે હું શી રીતે બોલી શકીશ ? એવી મને ધાસ્તી હતી, ને છે."

"પણ રણુછોડભાઈએ મારા ઘરે આવી છોકરાની દીક્ષાથી દુઃખી થયેલ જમના મા બોલતા ન હતા તે સમજાવવા મને સાથે આવવા કહેલ."

"એ વાત સાચી !"

"પણ મારી સમજમાં નથી આવતું કે તે જૂની વાત અહીં કોર્ટમાં મારા મોઢે રણુછોડભાઈ શા માટે કહેવડાવે છે ? અત્યારે તો **જમના-મા** પોતાના છોકરાની દીક્ષાથી ખૂબ પ્રસન્ન છે, પોતે ધમાલ કરી તેનો પસ્તાવો કરે છે."

"તો આવી અઘકચરી ભૂતકાળની વાતો કોર્ટમાં રજુ કરવા રણુછોડભાઈએ મને કેમ ફરમાણ કર્યું ? તે સમજાયું નહીં !"

"વળી કોર્ટનું ધ્યાન ખેચું છું કે—(એમ કહી બિસ્સા ફંફોસી અગિયાર રૂપિયા રોકડા ટેબલ ઉપર બખડાવી) રણુછોડભાઈએ આંખની ઈશારત કરી મારા બિસ્સામાં આ અગ્યાર રૂપિયા સેરવી દીધેલા અને કહેલ કે '**તમે આટલું કહેવા જરૂર આવજો**' કહી હું કંઈ બોલું તે પહેલાં રણુછોડભાઈ છટકી ગયેલ."

"તો નામદાર કોર્ટનું ધ્યાન ખેંચું છું કે આ અગ્યાર રૂપિયાનું મારે શું કરવાનું ?"

એમ કહી અગ્યાર રૂપિયા ટેબલ પર રહેવા દઈ **જમનાદાસ** પોતાના સ્થાને બેસી ગયા.

જમનાદાસની સાક્ષીથી **મગનભાઈ** વગેરે પ્રસન્ન થયા, પણ રણુછોડભાઈ વગેરે, દીવેલ પીધેલ ડાચાવાળા થયા.

પૂ. ચરિત્રનાયકશ્રી ધીર ગંભીર-સ્વસ્થ લાગ્યા.

ફરિયાદ પક્ષ તરફથી નામદાર કોર્ટને **મિ. લોર્ડ** કહીને સંબોધતા **શ્રીધ્રુવ** ફરી ઉભા થયા ને બોલ્યા કે આરોપી પક્ષ તરફથી સાક્ષી ફોડવામાં આવ્યા હોય. એવી મને શંકા છે.

પણ હવે નામદાર કોર્ટનું ધ્યાન હું બીજા મુદ્દા તરફ કેન્દ્રિત કરું છું કે—

"દીક્ષિત થનાર ઈસિમ **સગીર** ઉંમરના છે, તેથી સોળ વર્ષની પુખ્ત ઉંમર ન થાય ત્યાં સુધી મા-બાપ એની, તો સંમતિ દીક્ષામાં જોઈએ જ !"

આજે તેની માતા સંમત છે કે કેમ ! એ વાત શંકાસ્પદ છે, પણ દીક્ષા વખતે તે સંમત ન હતી એ વાત ચોક્કસ છે તો તેમના શાસ્ત્રની દૃષ્ટિએ અને પુખ્ત-વયની કાયદાની દૃષ્ટિએ દીક્ષિત થનાર ઈસિમે જ્યારે દીક્ષા લીધી, ત્યારે તેની ઉંમર માત્ર ચૌદથી પંદરની છે.

"વળી તે ઈસિમના લગ્ન થયેલા છે તે પરણેતર ઘરમાં છે, તેની પણ સંમતિ નથી કે જેની સંમતિ ખાસ જરૂરી છે."

"આ બે મુદ્દા પર હું કોર્ટનું ધ્યાન ખેંચું છું."

થોડીવાર કોર્ટમાં સન્નાટો ફેલાઈ ગયો. ફરીયાદી પક્ષનો વકીલ આવો ધડાકો કરશે, તેની કોઈને કલ્પના ન હતી.

પૂ. ચરિત્રનાયકશ્રી જરાક ઢીલા પડયા કે કદાચ આ પોઈંટ પર દીક્ષા છોડવી પડે. પણ પાસે રહેલ બુદ્ધિવિજયજી મ. એ આશ્વાસન આપ્યું કે "એમ કોઈ કપડાં ઉતરાવી ન શકે. એવો કોઈ ફોજદારી ગુન્હો નથી, માટે ગભરાઓ નહીં."

આ બાજુ કોર્ટે જણાવ્યું કે—"બંને પક્ષના મંતવ્યો સાંભળ્યા, સાક્ષીઓના નિવેદનો પરસ્પર વિરોધી છે, છતાં સામા વકીલ તરફથી ઊભા કરાયેલ **કાચી** ઉંમરનો પોઈંટ અમને બહુ મહત્ત્વનો લાગે છે, તેથી અમો એમ ઠરાવીએ છીએ કે તમારી દીક્ષા કાચી ઉંમરની છ તેથી તે યોગ્ય નથી."

આ સાંભળી ચરિત્રનાયકશ્રીએ ધડાકાબંધ કહ્યું કે—"**નામદાર કોર્ટનું** ધ્યાન ખેંચું છું કે શિક્ષણક્ષેત્રમાં અમુક ઉંમરે અમુક ધોરણ પસાર કરવાના ધોરણને કોઈ ચપળ છોકરો વટાવી દે તો ઈનામ, માનપત્ર અને આવકારપત્ર આપી તેનું બહુમાન કરાય છે તો દીક્ષા જેવા આત્મ-કલ્યાણના આત્મ-શુદ્ધિના માર્ગ પર ઉંમરનો સવાલ શો મહત્ત્વનો ?"

"સામાન્ય ધોરણ કરતાં વિશિષ્ટ વ્યક્તિ મહત્ત્વની છે."

"તેથી મેં જે દીક્ષા તમારી દૃષ્ટિએ કાચી વયે લીધી તો તેનું સન્માન કરવું ઘટે કે

ધન્ય છે આટલી નાની વયે સંસારને લાત મારી! આશ્ચર્ય છે કોર્ટ આ વલણ કેવી જાતનું લે છે"—આદિ ધીર-ગંભીર વક્તવ્ય પૂ. ચરિત્રનાયકશ્રીએ મક્કમતાથી કર્યું.

મિ. ત્રિવેદી જજ સાહેબ પ્રભાવિત થયા અને પૂ. ચરિત્રનાયકશ્રીને પૂછયું કે "તમો શું કહેવા માંગો છો."

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—"મારો કહેવાનો આશય એ છે કે મેં ચોરી કે યારી જેવો ગુન્હો નથી કર્યો. આત્મ-શુદ્ધિના પંથે સંસારની મોહમાયા ઉતારવાનો પ્રયત્ન કર્યો છે તો હું આપના આ ઠરાવના આધારે દીક્ષા છોડી દઉં એ તો નહીં જ બને."

થોડીવાક **મિ. ત્રિવેદી** થંભી ગયા. વિચારીને બોલ્યા કે "ભલે! એમ કરો, તમે દીક્ષા ન છોડો! પણ અમે કાયદાથી બંધાયેલા છીએ, તેથી કાયદાની રૂએ તમોને ઘરે મોકલવા એ અમારી ફરજ થઈ પડે છે માટે તમે ભલે! આ વેષમાં પણ ઘેર ચાલ્યા જાઓ, ત્યાં ગયા પછી તમારા કુટુંબીઓને સમજાવી ફરી પાછા તમે આ પંથે આવી શકશો."

"પણ એકવાર તમારે આ વેષમાં ઘરે જવું એવો ન્યાયાલયનો આદેશ છે," કહી **મિ. ત્રિવેદી** કચેરીમાંથી ઊભા થઈ ગયા.

બંને પક્ષે અર્ધી અર્ધી જીત થઈ. સામા પક્ષવાળાની જીત કે ઘરે આવવાનો કોર્ટનો ઓર્ડર થયો.

પૂ. ચરિત્રનાયકશ્રીના પક્ષમાં વેષ કાયમ રાખવાની વાત કોર્ટે મંજુર રાખી.

શાસનદેવની જય બોલાવતા સહુ સ્વસ્થાને ગયા.





॥ श्री वर्धमान स्वामिने नमः ॥

પ્રકરણ : ૩૭

પૂ. ચરિત્રનાયકશ્રીનું વિચિત્ર ભાવી યોગે સાધુવેષે ગૃહાગમન

પૂ. ચરિત્રનાયકશ્રી કોર્ટમાં હિંમતભેર વાતની રજૂઆત કરી છતાં કોર્ટે સાધુવેષે ઘ જવાનો ફેંસલો આપ્યો, તેથી જરા ગુંચવાયા, છતાં **"જેની નિશ્રામાં છીએ તેઓશ્રી જે કહે તે ખરૂં !"** એમ કહી સાધુઓ અને શ્રાવકો સાથે **વિદ્યાશાળાએ** આવી બધ વિગત ટૂંકમાં સાથેના સાધુ-ભગવંતો અને શ્રાવકોએ કરી.

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.શ્રીએ ચરિત્રનાયકશ્રીની ધીરતાને આવકાર સાથે એક વાત તરફ ખાસ ધ્યાન ખેંચ્યું કે—"કેમ ! આટલા ગુંચવાઈ ગયા ! તમારે સ્પષ્ટ-શબ્દોમાં કહેવુ જોઈતું હતું કે **સગીર વયના કારણે દીક્ષામાં સંમતિ જોઈએ જ !** એ નિયમ તે લૌકિક છે." **જૈનશાસનમાં તો લોકોત્તર માર્ગની પ્રધાનતા છે."**

"વ્યવહારમાં વારસો લેવો કે મેળવવો હોય કે ધંધામાં ભાગીદારી લેવી હોય તો સગીરવય કે સ્વજનોની સંમતિની જરૂરીયાત હોય."

"પણ દીક્ષા જેવા આત્મ-કલ્યાણના પવિત્ર કાર્યમાં ઉંમરનો કે સંમતિનો નિયમ કઈ રીતે ઘટે !"

"સંસારની આગમાંથી નીકળવા માટે શું અમુક ઉંમર કે અજ્ઞાની જીવોની સંમતિની જરૂરી ખરી !"

"આગમાંથી ગમે ત્યારે ગમે તેમ પણ કૂદી શકાય."

"આ રીતની રજુઆત થઈ હોત તો વેષ કાયમ રાખીને પણ ઘરે જવાની વાત ન્યાયા ધીશ ન બોલત."

"એટલું સારૂં થયું કે બાળમુનિની હિંમતથી જૈનેતર-ન્યાયાધીશના મનમાં પણ વેષ કાયમ રાખવાની વાત ઉપસી આવી."

"તેમ જો સગીર વય અને સંમતિ માટે લૌકિક-લોકોત્તર માર્ગની ભેદરેખા સમજાવી હોત તો ન્યાયાધીશ કેસ કાઢી નાંખત, અગર ઘરે જવાનો ફેંસલો ન આપત. કેમ **મગનભાઈ**! તમારા ખ્યાલમાં આ વાત આવી!"

મગનભાઈ બોલ્યા કે "સાહેબ! વાત સાચી! પણ હું વેવાઈ તરફની બોટી સાક્ષીઓએ જે બાફેલું તેના વિચારમાં વિહ્વલ થઈ ગયેલ. મારા સંતાનને દીક્ષા છોડવી પડશે કે! **ન્યાયાધીશ** કેવો ફેંસલો આપશે? વગેરે વિચારોમાં ખોવાઈ ગયેલો."

વળી **પૂ. મુનિશ્રી સિદ્ધિવિજયજી** મ. શ્રી કહ્યું કે-"**રાજ્યશાસન કે રાજ્યસત્તા ધર્મસત્તાથી નીચી છે.**"

"**પ્રજાકીય જાન-માલના માત્ર રક્ષણ માટે રાજ્યસત્તા છે.**"

"**જ્યારે પ્રજાના આધ્યાત્મિક-વિકાસ અને સંરક્ષણ માટે ધર્મસત્તા સર્વોપરી છે.**"

"આ મુદ્દાને છણવામાં આવે તો ભલભલા ન્યાયધીશો પણ આ વાતને સંમત થઈ શકે કે દીક્ષા લીધા પછી હવે રાજ્યસત્તા તેમાં ડખળ ન કરી શકે."

"શું **બાલાભાઈ**! (કપડવંજ સંઘના આગેવાન) **ન્યાલચંદભાઈ** (**વિદ્યાશાળાના** આગેવાન) અને **મગનભાઈ**! (પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજી) સમજાય છે આ વાત! તો કરો કેશરીયાં."

"અને ઉપલી કોર્ટમાં અપીલ કરી આ મુદ્દો ફરી છાણવા જેવો છે અને સાધુવેષમાં પણ ઘરે જવાનો ઓર્ડર રદ કરવા પ્રયત્ન કરવા જેવો છે."

બધા વિચારમાં પડી ગયા.

સહુને ગંભીર જોઈ મુખની મુદ્રા પરથી અંતરંગ તૈયારી ન જોઈ ભાવિ વિચિત્ર નિર્મિત હતું એટલે પૂ. ચરિત્રનાયકશ્રી વચ્ચે બોલી ઉઠયા કે-

સાહેબ! હવે આ શ્રાવકોને મારે હેરાન નથી કરવા!"

"કોર્ટમાં સાધુ જાય એ શાસનની હીલના મારે નથી થવા દેવી!"

"અને ન્યાય કયી બાજુ ઢળે તે કહેવાય નહી, એના કરતાં મારામાં હિંમત છે હું ઘરે જઈને બધા ઉપદ્રવોને સહન કરી પત્થર-હૈયાને પણ પીગળાવી દઇશ," આદિ કહી પોતે સાધુવેષમાં ઘરે જવા ઉત્સુકતા બતાવી.

તે સાંભળી **મગનભાઇ** એકદમ ચોકી ઉઠયા અને બાલમુનિને કહ્યું કે—

"મહારાજ! આગ સાથે અડપલાં કાં કરો છો! ઘરે ગયા પછી વાતાવરણની વિષમતા અને મોહાધીન સ્વજનોની રોકકળ આદિ સામે તમે ટકી શકશો!" આદિ ખૂબ સમજાવ્યા.

પણ ભાવિનિયોગે કર્માધીના હિ મતિ : ન્યાયે પૂ. ચરિત્રનાયકશ્રી "સાધુવેષ મારો કોણ ઉતારી શકશે!". "હું મક્કમ છું," આદિ શાબ્દિક-આશ્વાસનો આપી ઉપસ્થિત બીજા સહુને સંતોષ્યા.

પણ **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** તથા **મગનભાઈ**ને ભારે અજંપો થયો.

તે વખતે તો બધા ઉઠી સ્વસ્થાને ગયા, રાત્રે **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** તથા તો ઉલટો **મગનભાઈએ** બાળમુનિ. ઘણું સમજ્યા, પણ ભાવીનું નિર્માણ વિચિત્ર હોવાના કારણે કોર્ટે ફરી અપીલ કરવાની વાત પર બાળમુનિ સંમત ન થયા.

બાળમુનિ તૈયાર ન હોય કોર્ટમાં નિવેદન તો તેમને જ આપવું પડે. તેમાં તે ગોટાળા વાળે કેસ ચુંથાઈ જાય!

એટલે અષાડ સુદ ૧૦ ની મોડી રાત્રે **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. અને મગનભાઇએ** વિચિત્ર-ભાવીના ભરોસે વાત મૂકી નિસાસો લીધો.

આ બાજુ **રણછોડભાઇએ** ઉઠતી કોર્ટે પણ આ હુકમનો ઝટ અમલ થાય એ માટેની અરજી કરી નવો હુકમ મેળવ્યો કે—

"વહેલામાં વહેલા આરોપીએ અમદાવાદની હદ છોડી કપડવંજ ચાલ્યા જવું.

ચોવીસ કલાકમાં અમદાવાદની હદ નહીં છોડે તો કોર્ટના હુકમને ન માન્ય બદલ કાયદેસર પગલા ભરવામાં આવશે."

રાત્રે દશ વાગે સરકારી ઓલીફ દ્વારા વિદ્યાશાળાએ આ હુકમ પહોંચાડવાની પેરવી રણુછોડભાઇએ કરીને જ મુકામે જઈ ઉંઘ લીધી, એટલે પૂ. ચરિત્રનાયકશ્રીને સમજાવવા પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. અને મગનભાઇ મહેનત કરતા હતા, ત્યાં ૧૦–૩૦ વાગે સરકારી ઓલીફ ઓર્ડર લઈને આવ્યો.

એટલે પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રી વચ્ચેથી ખસી ગયા. મગનભાઇને કહ્યું કે "હવે તમે આ બાળમુનિને સંભાળો! હું મારી જવાબદારીમાંથી મુક્ત થાઉં છું હજી આગલી કોર્ટમાં અપીલની તૈયારી હોય તો હું બધી રીતે પડખે રહું! બાકી મારી હવે કોઈ જવાબદારી નહી" કહી શ્રી સિદ્ધિવિજયજી મ. ઊઠી સંથારો કરવા ગયા.

પછી મગનભાઇએ બાળમુનિને ઘણું સમજાવ્યા. પણ સફળતા ન મળી. એટલે ભાવી વિચિત્ર સમજી હવે શું કરવું છે? પૂછયું તો–

બાળમુનિએ કહ્યું કે "હું અહીંથી સવારે વિહાર કરી ત્રણ–ચાર દિવસમાં કપડવંજ આવીશ અને ઘરમાં જ રહીશ, અને લોઢાના ચણા મીણના દાંતે ચાવવાની જેમ સંયમચર્યા જાળવી બધાને મોહમુક્ત કરીશ"–આદિ.

મગનભાઈ ખૂબ જ ખિન્ન–હૃદયે ઢીલા પડી ઊભા થયા.

ન જાણે કેમ મગનભાઈને ભાવી અંધકારમય હોવાનો ભાસ થયો, છેલ્લે છેલ્લે બાળમુનિને કહ્યું કે "તમારૂં આ પગલું બરાબર નથી." આટલું કહી વિદાય થયા.

બાળમુનિ ચિંતામાં પડયા, પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. પણ ખસી ગયા અને મારા તારક સંસારી પિતાજી પણ નિરાશ થઈને ગયા.

શું કરવું મારે! ભારે વિસમાણમાં પડયા, પણ ઉદયમાં આવી રહેલ કર્મની પૂર્વ–અસરના કારણે સન્મતિ કે વિવેકબુદ્ધિ ન જન્મી અને ગુંચવાડામાં બુદ્ધિ ડોળાઈ ગઈ, છેવટે થાકીને સૂઈ ગયા.

સવારે પ્રતિક્રમણ પડિલેહણ કરી જો પોતે હવે ન જાય તો પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. તથા જૈનસંઘ મુશ્કેલીમાં આવે.



श्री वर्धमान स्वामिने नमः

આગમ જ્યોતિર્ધર

(પૂ. આગમોદ્ધારક શ્રીની જીવનગાથા)

(વિભાગ બીજો)

ખંડ ૫

આગમ જ્યોતિર્ધર

વિભાગ–૨

ખંડ–૫

૩૭	પૂ. ચરિત્રનાયકશ્રીની કપરી કસોટી	૨૩૪–૨૩૭
૩૮	પૂ. ચરિત્રનાયકશ્રીની સાત્ત્વિક–વૃત્તિઓની આકરી કસોટી	૨૩૮–૨૪૫
૩૯	મર્યાદા પાલન ન કરવાનું દુષ્પરિણામ	૨૪૬–૨૫૧
૪૦	કર્મની વિષમ–પરિણતિનો અજબ પ્રભાવ	૨૫૨–૨૫૫



અજ્ઞાન-મૂઢ મોહઘેલા રણછોડભાઈ પોલિસપાટી લાવે-કરે એવું ન બને, તે માટે તૈયાર થઈ કપડવંજ તરફ વિહારની તૈયારી કરી.

તૈયારી થયેથી પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. પાસે ગયા.

વાસક્ષેપની માંગણી કરી પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.શ્રીએ—"ભાઈલા !!! ખૂબ ધીરતા કેળવજે ! કાજળની કોટડીમાં જાય છે. સારૂં નથી કરતો ! છતાં હવે છેલ્લી વખતે શું કહું ! पंथानः संतु ते शिवाः શાસનદેવ તને સદ્‌બુદ્ધિ આપે અને તારા ઉપસર્ગનું નિવારણ કરે" કહી વાસક્ષેપ નાંખી માંગલિક સંભળાવી પૂ. ચરિત્રનાયકશ્રીને ભાવભરી વિદાય આપી. તેજ વખતે અગ્નિખૂણે ચીબરીએ કીં કીં ચી.....એવો અવાજ ત્રણ વાર કર્યો.

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીએ બુદ્ધિવિજયજી મ. ને કહ્યું કે—"ભાવી વિચિત્ર લાગે છે" હશે !

પૂ. ચરિત્રનાયકશ્રી વિદ્યાશાળાથી નીકળી રીંચીરોડના શ્રી મહાવીર પરમાત્માના દહેરાસરે દર્શન-ચૈત્યવંદન કરી ખાડીયા ચાર રસ્તા થઈ કાળુપુર દરવાજેથી નરોડાના રસ્તે શ્રી નવકાર ગણવા પૂર્વક રવાના થયા.

श्री वर्धमान-स्वामिने नमः

પ્રકરણ ૩૮

પૂ. ચરિત્રનાયકશ્રીના કપરી કસોટી

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. સંસારી પિતાજી **મગનભાઈ** વગેરે સુજ્ઞ વિવેકી શ્રાવકોની અનિચ્છાએ પણ પૂ. ચરિત્રનાયકશ્રી ભાવીનિયોગે ક્ષણજીવી આવેશના ઉભરાટમાં **"હું મક્કમ છું ! તો મને સંસારી-સ્વજનો શું કરશે ?"ની મગરૂબીમાં** સ-વેષે ઘરે જવાના કોર્ટના હુકમને પડકારવાના બદલે તાબે થઈ વિહાર કરી **અસાઢ સુ. ૧૩** સાંજે **આંતરસૂબા** પહોંચ્યા.

કપડવંજથી સ્વજનો બધા આવ્યા, બધા ભયભીત થયા કે-**"તમે ગુરૂનિશ્રા અને સંઘના સંરક્ષણને છોડી તમારા સસરાને ધાર્યું નાટક કરવા મળે તે રીતે તમે અહીં કેમ આવ્યા ?"**

પૂ ચરિત્રનાયકશ્રી અજ્ઞાત-કારણવશ **"પોતે કર્યું છે તે બરાબર છે"** એમ સમજી મૌન રહ્યા.

મગનભાઈએ પૂ ચરિત્રનાયકશ્રીને કહ્યું કે-"શો વિચાર છે ? સંઘના ઉપાશ્રયે **પૂ. શ્રી નીતિવિજયજી મ.** ના શિષ્ય **પૂ. શ્રી તત્ત્વવિજયજી** આદિ ઠા. ૩ ચોમાસું બિરાજમાન છે, તેમની સાથે રહો તો તમારા સંયમનું જતન સારૂં રહેશે. સંઘ પણ પડખે રહેશે."

પણ "विचित्रा हि कर्मपरिणतिः" ના આધારે પૂ. ચરિત્રનાયકશ્રી આભાસિક ગૌરવમાં તણાયા કે-"ઘરે રહી સંસારી-પત્નીને વિવિધ રીતે સમજાવી જેમ માતાજી સંમત થયા, તેમ શ્રાવિકાને પણ સંમત કરી દઈશ." આ વિચારધારામાં ફસાઈ ઘરે જ એક જુદા રૂમમાં રહેવા વિચાર દર્શાવ્યો.

મગનભાઈએ આ બાબત જોરદાર વિરોધ કર્યો, અને કહ્યું કે-"એક તો તમે વિદ્યાશાળા જેવા ગઢને તરછોડી અને **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** ની શીળી છાયા છોડી આ તરફ આવ્યા તે જ ખોટું કર્યું."



"હવે તમે અહીં ઉપાશ્રયે ચોમાસું રહેલ પૂ. મુનિભગવંતો સાથે ન રહી સંસારી ઘરે રહેવા વિચારો છો?"

"આ તો તમે "**બળતામાં પૂળો નાંખો છો**"! એ તો એક લાછલદે માતાએ એક જ સ્થૂલભદ્રનો જન્મ આપેલ કે જે બાર વર્ષની **પ્રીતિવાળી** કોશા વેશ્યાને ત્યાં રહી રસવંતા ભોજન કરીને પણ તેણીને બુઝવી શકયા."

"કે જેના પરિણામે તેઓશ્રીનું પુણ્યનામ ચોરાશી ચોવીશી સુધી અમર બની ગયું? પણ મહારાજ! તમે જરા ગંભીરતાથી વિચારો! "**કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી!**" "**મોટાના પગમાં આપણો પગ ન જાય**"! "**લાંબાની સાથે ટૂંકો જાય, મરે નહીં તો માંદો તો પડે જ**"! આદિ કહેવતોને તમે ખરી કરી રહ્યા છો!"

"તમારી ઉંમર જૂઓ! તમારૂં ભણતર હજી શું છે! સંસારી મોહ-માયાના નખરાંનો તમને પરિચય નથી!"

"વેવાઈના તરકટ હજી ઘણા છે, તેમની માયાવી-જળમાંથી બચવા માટે તમે કપડવંજમાં ઉપાશ્રયે રહો તો આખા સંઘનું સંરક્ષણ મળે!"

"માટે હજી વિચાર કરો! ખૂબ ગંભીરતાથી વિચાર કરો! "**ઉતાવળા સો બાવરા**" "**ઉતાવળે આંબા પાકતા નથી**" "**ધીરા સો ગંભીર**" કહેતીઓના **મર્માર્થને** વિચારો!"

"આપણા કુલની શોભા વધારવા તમારે ઉપાશ્રયે જ રહેવું જોઈએ" આદિ ખૂબ સમજાવ્યા.

પણ પૂ. ચરિત્રનાયકશ્રી આવી રહેલ. પ્રબળ-મોહનીયના ઉદયને વિવશ બનવા રૂપે જરા આગ્રહે ચઢી ગયા કે—

"હું ઉપાશ્રયે રહું તેમાં સસરાના તોફાનોથી તમારે જ રાત-દિ" ઉપાધિ રહેવાની! તે કરતાં સંસારી-પત્નીને સમજાવી-પટાવી તેને સંમત કરી આખી વાત પલટાવી દેવાય! તેમાં શું ખોટું!

મગનભાઈ "कर्मानुसारिणी मतिः" સમજી ખિન્ન-હૃદયે ચૂપ રહ્યા.

અસાડ સુ. ૧૪ સવારે પૂ. ચરિત્રનાયકશ્રી **આંતરસૂબાના** મૂળનાયકશ્રી (સંસારી પૈતૃક દહેરાસરના પણ મૂળનાયકશ્રી વાસુપૂજ્ય સ્વામી આ રીતે સફળ સંયોગને અવધારી) શ્રી વાસુપૂજ્ય સ્વામીજીને ખૂબ હૈયાની આજીજી-ભરી વિનંતી સાથે "મને અને અવરોધ કરનારાને સદ્બુદ્ધિ થાએ"ની ભાવના ભાવી **કપડવંજ** તરફ રવાના થયા કે ચીબરીએ કઠોર અવાજ ડાબે કર્યો.

આંતરસૂબાના નગરદ્વારથી બહાર નિકળતાં જમણે ગધેડું ભુંકયું, કુતરાએ કાન ફફડવ્યા. થોડે આગળ ચાલ્યા, કાળોતરો એક નાગ જમણેથી ડાબે સડસડાટ આડો ઉતર્યો.

થોડે આગળ એક બાજુથી **ધુંસરી** ભાંગેલ ગાડું જોયું.

આ બધાંથી પૂ. ચરિત્રનાયકશ્રી જરા અચકાયા-અધવચ્ચે આવતા એક મુવાડામાં ઘડીકવાર બેસી ૨૭ નવકાર ૨૧ ઉવસગ્ગ. ગણ્યા. ઉભા થયા કે ઉપરથી કાગડો ચરકયો અને **કપડવંજ** તરફના રસ્તા પરના ઝાડે બેસી કઠોર કાકલીથી કર્કશ અવાજ કર્યો.

થોડે આગળ એક કાળી બિલાડી આડી ઉતરી.

પૂ. ચરિત્રનાયકશ્રીને વહેમ પાકો થયો, છતાં હિંમત રાખી. મનમાં શ્રી નવકાર ગણતાં ગણતાં **વરાંસી** નદી ઉતરી **મહોરનદી**ના આ કાંઠે આવી રહ્યા.

ભાવથી **શ્રી ચિંતામણિદાદા** સમક્ષ ઉભા રહી આત્મરક્ષા-જિન પંજર સ્તોત્ર ગણી ૪૧ નવકાર. ૭ ઉવસગ્ગ. ગણ્યા.

એટલામાં સંસારી-સ્વજનો આવી પહોંચ્યા. **મગનભાઈ** "તે દિવસે મંગળવાર હોઈ ઉદ્વેગ ચોઘડીયું પતે કે હું જાઉં" એમ વિચારી આવેલ નહીં.

અહીં પૂ. ચરિત્રનાયકશ્રીને ભાવીયોગે ચોઘડીયાનો ખ્યાલ ન રહ્યો, નદી-દરવાજે પ્રવેશ કર્યો.

કડીયા મરજીદ લગભગ પહોંચ્યા કે હાંફળા ફાંફળા **મગનભાઈ ભગત** આવ્યા અને આવતાં વેંત કહ્યું કે-"**મહારાજ! આ શું કર્યું? મારી તો રાહ જોવી હતી!**"

"ઉતાવળમાં તમે ઉદ્વેગ ચોઘડીયામાં નગરપ્રવેશ કર્યો."

"આજે મંગળવારી ચૌદશ છે, ભારે તિથિ, ભારે વાર! પણ ચોમાસું બેસી જાય એ સવાલ

મોટો હતો છતાં ચોઘડીયું તો સારું લેવું જોઇએ. ઉદ્વેગ પછી ચલ ચોઘડિયું છે, તેમાં પ્રવેશ કરી લાભ ચોઘડીએ ઘરે આવવાનું હતું."

"આ બધી વાત હું ગઇ કાલે સાંજે ન કરી શકયો, મારા મનમાં એમ કે મારા આવ્યા વિના કંઇ ગામમાં પ્રવેશ નહી કરો! સવારે બધી વાત કરી દઈશ, આમ ધારેલું! પણ ભાવી વિચિત્ર લાગે છે! હશે! જે થયું તે ખરૂં"

એમ કહી પૂ. ચરિત્રનાયકશ્રીને ઉભા રાખી ઉંધા નવકાર ત્રણ ગણાવી ઉપડતા સૂરે સાત પગલાં ભરવા કહ્યું.

પણ જેવા નવકાર ગણી ચાલવા માંડયા કે સામે લાકડાના ભારાવાળી મળી અને બિલાડી ઝડપથી આડી ઉતરી, પણ હવે બધા વચ્ચે શું બોલવું?-ભાવી વિચિત્ર ધારી મનમાં શ્રી ચિંતામણિદાદાનું નામ લઈ મગનભાઈ બધા સ્વજનવર્ગ સાથે પૂ. ચરિત્રનાયકશ્રીને ચિંતામણિદાદાના દહેરે લાવ્યા.

ત્યાં ચૈત્યવંદન-દેવવંદન અને ત્રણ બાંધી માળા ગણવા કહી પોતે ન્હાઇ પૂજાની સામગ્રી લેવા ગયા.

પૂ. ચરિત્રનાયકશ્રીએ ખૂબ ભાવથી દર્શન ચૈત્યવંદન કરી ભાવ પૂર્વક "અબ મોહે ઐસી આય બની" સ્તવન ખૂબ ઉલ્લાસથી ગાયું.

પછી દેવવંદન કર્યું તેમાં "જિન! તોરે ચરણ કી શરણ ગ્રહું!" સ્તવન ખૂબ ઉલ્લાસથી બોલ્યા.

પછી ત્રણ બાંધી માળા ગણી.

પછી સ્વજનવર્ગ ફરી એકત્રિત થયો તેમની સાથે પૈતૃક-દહેરે શ્રી વાસુપૂજ્ય-પ્રભુના દર્શન-ચૈત્યવંદન કરી મગનભાઈ અને સ્વજનવર્ગની નામરજી અને બધાની સૂચના ઉપાશ્રયે ઉતરવાની છતાં "હું જે કામ માટે આવ્યો છું, તે કામ કરવા દેશોને!" એમ બોલી બધાને ચૂપ કરી પોતાના ઘરના એક બાજુના ઉપલા મેડે મુકામ કર્યો.

સહુ સ્વજનવર્ગ જાતજાતની કલ્પનાઓ કરતા સ્વસ્થાને ગયા.

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

પ્રકરણ-૩૯

પૂ. ચરિત્રનાયકશ્રીની સાત્ત્વિક-વૃત્તિઓની આકરી કસોટી

પૂ. ચરિત્રનાયકશ્રી પૂ શ્રી **સિદ્ધિવિજયજી** મ.ની અનિચ્છા છતાં ભાવીયોગે **વિદ્યા-શાળાથી** નીકળી કપડવંજ આવ્યા.

ભાવીયોગે શુકનોએ વિકૃતભાગ ભજવ્યો. ચોઘડીયામાં ફેરફાર થયો. સંસારી-પિતાજીએ લાલબત્તી વારંવાર ધરી, છતાં કુદરતી વિકૃત-ભાવીથી પ્રેરાઈને પૂ. ચરિત્રનાયકશ્રી હિતૈષીવર્ગની ના છતાં વ્યવહાર-વિરૂદ્ધ પગલું ભરવારૂપે "પોતાના કુટુંબમાં રહેલ વિરોધી-વાતાવરણને હું અંદર ને અંદર સમજાવટથી શમાવી દઈશ" ના વિશ્વાસમાં સંસારી ઘરમાં રહ્યા.

સમજુ ધાર્મિક-વર્ગને આમાં શાસનની લઘુતા સાથે વ્યક્તિગત પૂ. ચરિત્રનાયકશ્રીના જીવનને કલંક લાગવાનાં એંધાણ દેખાયાં.

પણ "सो तेरी रामदुवाई एक मारुं ऊंहूं" કહેતીને આધારે અપરિપકવકાચીવયમાં પકડાયેલી વાત બાલહઠ રૂપે પરિણમી, તેમાં સાધુ તરીકેની 'જોગી-હઠ' ભળી, સરવાળે વિચારના દ્વાર બંધ થઈ જાય એમાં નવાઈ શી !

વર્તમાનયુગના સમર્થ ધુરંધર અને ભાવી શ્રુતધર મહાપુરુષને પણ પુરાતન ચારિત્ર મોહનીય કર્મ ઉદયાગત બની મતિમાં મુંઝારો ઊભો કરે, પડતા-કાળની કેવી આ વિષમતા !!!

ઘરે રહેલા પૂ. ચરિત્રનાયકશ્રી ઇંદ્રિયોની ગતિવિધિ પર પૂર્ણરૂપે દ્રવ્ય-સંવર જાળવી પોતાની આવશ્યક-ક્રિયાઓ સ્વાધ્યાયાદિ કરતા.

ગોચરી પ્રથમ આસપાસના ઘરોમાં જતા, પણ મોહવિવશ બનેલ સંસારી પત્નીના આગ્રહ-દબાણથી શય્યાતરપિંડના દોષ સામે આંખ આડા કાન કરી ઘરની ગોચરી લેવા માંડયા.

"शास्त्राज्ञानिरपेक्षाणां शतमुखो हि विनिपातः"

કહેવતની જેમ શાસ્ત્ર-આજ્ઞા અને ગુરુ-આજ્ઞાને અવગણનારાઓનો સર્વ વિનાશ શરૂ થાય છે.

તેના પ્રથમ પગલારૂપે પૂ. ચરિત્રનાયકશ્રી—"ચાલો! આમ કરીને સંસારી-પત્નીને રાજી રાખી પોતાના વચનની ઉપાદેયતા સાબિત કરાવવા દોષમયી ગોચરી લઈને પ્રાયશ્ચિત્ત કરી લેવાના મન-કલ્પિત ઇરાદે ઢીલા થયા."

પછી અવારનવાર માતા વગેરે સ્વજનવર્ગ પૂ **ચરિત્રનાયકશ્રીને** સમજાવે કે "તમે આ શું કરો છો! અમારા કુળને લાંછન લગાડો છો!"

"ગૃહસ્થના ઘરમાં એકલા સાધુએ આમ રહેવાય! શું કરવા ધાર્યું છે તમે!"

ચરિત્રનાયકશ્રી ધીમે રહીને સમજાવતા કે "ઘરમાંથી શ્રાવિકાને સમજાવવા મેં આ આફ્ત માથે વહોરી છે.

"રાત્રે પરિચય બિલકુલ નથી-હું મારી ઓરડીના દ્વાર અંદરથી બંધ કરી દઉં છું, જો કે તેમ કરવામાં રાત્રે માતુ પરઠવવા નીચે ઊતરાય નહીં, એટલે ઉપરથી બારીમાંથી પરઠવવાનો દોષ મને લાગે છે, પણ મહાદોષથી બચવા આમ મારે કરવું પડે છે." વિગેરે સમજાવી માતાજી આદિ સ્વજનવર્ગને ચરિત્રનાયકશ્રી સંતોષ પમાડતા.

બપોરે અવારનવાર સંસારી પત્ની રાત્રે છાની રીતે તેના પિતાજી **રણછોડભાઈ** ચાવી ભરી જતા તે પ્રમાણે પોતાની હૈયાવરાળ કાઢતી, પણ ચરિત્રનાયકશ્રી ધીરતાપૂર્વક મધુબિંદુ-કિંપાકફળ આદિના દૃષ્ટાંતોથી સંસારની વિરૂપતા-અસારતા સમજાવતા.

પરિણામે દલીલબાજીમાં સંસારી-પત્નીને ચૂપ કરી શકતા.

આ સમાચાર **રણછોડભાઈ**ને મળેલ એટલે તેઓએ પોતાની દીકરીને બહુ સવાલ-જવાબની લપમાં ન ઊતરતાં ખાવામાં રસકસવાળા માદક-દ્રવ્યોનો આહાર વહોરાવવાની યુક્તિ દર્શાવી

પરિણામે બનવાકાળ સંજોગોની વિવશતાથી ચરિત્રનાયકશ્રી નિદ્રા પ્રમાદ-આ બાજુ સુસ્તીનું પ્રમાણ વધવાથી સ્વાધ્યાયાદિમાં ઢીલા થવા લાગ્યા.

આ અરસામાં **રણછોડભાઈ**એ પોતાની દીકરીના હાવભાવ અને મોહના પ્રપંચોથી પૂ. ચરિત્રનાયકશ્રી વશમાં ન આવતા દેખાવાથી "**ડૂબતો આણસ તણખલાં પકડે**"ની જેમ **કપડવંજ**ની કોર્ટમાં ચરિત્રનાયકશ્રીના નામે પત્નીના ભરણ-પોષણનો દાવો દાખલ કર્યો.

ફરી પાછી કપડવંજમાં ચકચાર જામી. સમજુ-માણસોએ **રણુછોડભાઈ**ને સમજાવ્યા કે-"શું કરો છો તમે? તમારી દીકરીના ભરણુ-પોષણ માટે મગનભાઈ કંઈ ઈન્કાર કરે એમ છે?"

"નાહક આવી શાસન-હીલના વધારનારી પ્રવૃત્તિઓ ઉપરાઉપરી કાં કરો છો!"

"તમારી ભૂલના પ્રતાપે આજે ચારિત્રના પંથે ગયેલ હેમચંદ્ર સંસારી ઘરે શાસ્ત્રમર્યાદા-વિરુદ્ધ રહેલ છે."

"કદાચ કાલે કંઈ પરિણામ બીજું આવે તો તેનું પાપ તમોને નહીં લાગે?"

"શું કરો છો તમે આ બધું?"

રણુછોડભાઈ તો "सब से बडी चूप" કહેવતને પકડી રાખી જીભાજોડીમાં ઊતરતા નહીં.

તેઓ ચરિત્રનાયકશ્રીની ધીરતા નિહાળી મનમાં સમજી શકયા હતા કે-"હું જે આ કરી રહ્યો છું તે બરાબર નથી."

પણ દીકરીના ભવ બગાડયાની વાતથી ફરી પાછા છંછેડાઈ જતા.

તેમ જ વેવાણ વગેરે સ્વજનવર્ગે પ્રથમ ધમાલ-તોફાનમાં સાથે રહી દગો દીધો, હવે સજ્જનનાં પૂતળાં બની ગયાં છે તો તેમને બબર પાડી દેવાના ખોટા-આવેશમાં **રણુછોડભાઈ**એ ભાન ભૂલી કપડવંજની કોર્ટમાં પોતાની દીકરીના ભરણુ-પોષણની વાતને કાયદાના ચક્રાવે ચઢાવી.

કોર્ટ તરફથી સમન્સ નિકળ્યો. **ચરિત્રનાયકશ્રી**ના પિતાશ્રી આ વાતથી વાકેફ થતાં જ સારા વકીલની તપાસમાં **અમદાવાદ** જઈ આવ્યા. પણ ચરિત્રનાયકશ્રીએ-"કોઈ વકીલની જરૂર નથી, મારી વાત હું જાતે જ રજુ કરીશ" કહી પિતાજીને સ્વસ્થ બનાવ્યા.

મગનભાઈને દીકરા પર વિશ્વાસ તો હતો જ! પણ "**અન્ન તેવું મન**" કહેવતના આધારે "સંસારી મોહાધીન જીવોના હાથની ગોચરીથી કયાંક ઢીલા થઈ ગયા હોય"-એની દહેશત હતી.

પણ મૂળધણી ચરિત્રનાયકશ્રી પોતે જ વકીલની ના પાડે પછી **અમદાવાદ**થી પૈસા ખર્ચી વકીલ લાવવાનો અર્થ શો?

ભાવીની અકળ ગતિ પર વિશ્વાસ રાખી **મગનભાઈ ભગતે** અડદના ત્રણ આંબેલ કરીને શ્રી નવકાર-ઉવસગ્ગહરંની રોજની સાત માળા દેશસરમાં ગણી માનસિક સ્વસ્થતા મેળવી.

કોર્ટનો સમન્સ લઈ ભગતના ઘરે સરકારી બેલીફ આવ્યો. **ભગતે** સહી કરી સમન્સ લઈ લીધો. પછી ચરિત્રનાયકશ્રી પાસે જઈ તે બતાવ્યો.

મગન ભગતે કહ્યું કે-"શું કરશું હવે! તમે ઉપાશ્રયે હોત તો આખો સંઘ પડખે રહેત!" વગેરે.

ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે-"**તમે જરા પણ ગભરાશો નહીં**".

"હું જોરદાર સચોટ શબ્દોમાં સત્ય હકીકત કોર્ટમાં જાહેર કરીશ" એમ કહી પોતે જે પોતાનું નિવેદન લખી રાખેલ તે બતાવ્યું.

જે વાંચી **મગનભાઈ ભગત** ખૂબ રાજી થયા. વિપરીત પરિણામ આવે તેવું લાગતું નથી. "આ નિવેદન સાંભળી જજ પોતે આ કેસ કાઢી નાંખશે"-એવી પાકી ધારણા **મગનભાઈને** થઈ.

અસાડ મહિનાની અંધારા પખવાડીયાની તેરશ હતી અને કપડવંજની કોર્ટમાં ચરિત્રનાયકશ્રી સાધુવેષે હાજર થયા.

આખા ગામમાં હો-હા અને ચકચાર મચી ગઈ. કો'ક ચરિત્રનાયકશ્રી અંગે, કો'ક મગન ભગત અંગે ઘસાતું બોલી રહ્યા, પણ મોટો ભાગ તો **રણછોડભાઈના** પગલાંને વખોડી રહ્યો.

ફરીયાદી-પક્ષ તરફથી બહારગામથી મોટો ધારાશાસ્ત્રી બોલાવી વકીલ લાવવામાં આવેલ. ફરીયાદપક્ષના વકીલે નામદાર કોર્ટનું ધ્યાન ખેંચ્યું કે-

"અહીંના વતની **શેઠ મગન ભાઈચંદ ગાંધીના** પુત્ર **હેમચંદે** છાનામાના નાસી જઈને ગયા ફાગણમાં દીક્ષા લીધી છે."

"પણ તેની પરણેતર સગીર વયની છે, દીક્ષિત થનાર પોતે પણ સગીરવયના છે. માટે નામદાર કોર્ટને આ અંગે યોગ્ય કરવા વિનંતિ કરૂં છું."

પછી **મગનભાઈની, જમનાબહેનની અને રણુછોડભાઈની** જુબાનીઓ થઈ.

દરેકે પોતપોતાની રીતે વાતની રજુઆત કરી. ફરીયાદી પક્ષના વકીલે કહ્યું કે–

' નામદાર કોર્ટનું હું એ બાબત ધ્યાન ખેંચું છું કે દીક્ષિત થનાર ઈસમ ઉપર **અમદાવાદ** જિલ્લાની કોર્ટમાં પણ તેમના સસરા તરફથી કેસ થયેલ."

" જેના પરિણામે દીક્ષિત થનાર ઈસમ ઉપર સાધુવેષમાં પણ ઘરે રહેવાની ફરજ પડી છે."

પછી બીજા સાક્ષીઓનાં નિવેદનો લેવાયાં.

નામદાર કોર્ટે એમ કહ્યું કે–

" દીક્ષિત થનાર ઈસમ ભલે સગીર વયનો હોય ! પણ તેના સ્વજન-વર્ગમાં તેના ખુદ માતા, પિતા, મામા વગેરેની જુબાનીથી એ સ્પષ્ટ થાય છે કે–દીક્ષિત થનાર વ્યક્તિએ ભલે ! નાસીને દીક્ષા લીધી હોય,

પણ એ દીક્ષા બદલ સ્વજનવર્ગ તો સંમત છે જ !

પછી કોર્ટ કોઈના ધર્મની આડે શી રીતે આવે?"

ફરીયાદી પક્ષના વકીલે કહ્યું કે–" માય લોર્ડ ! હું આપની વાત સમજી શકયો છું ! પણ દીક્ષિત થનાર વ્યક્તિનો સ્વજનવર્ગ પૂરેપૂરો સંમત નથી જ !"

" દીક્ષા થઈ ત્યારે ખુદ તેની સગી માએ કેટલા કરૂણ કલ્પાંત કર્યા છે, તે આખું ગામ જાણે છે !"

નામદાર કોર્ટે કહ્યું કે–" તે ભૂતકાળની વાત થઈ. હાલમાં તો અમારી સામે તેમની જુબાની છે, તે જોતાં તેમની પૂર્ણ-સંમતિ લાગે છે."

" આ રીતે બીજા સ્વજનોનાં નિવેદનો પણ દીક્ષિત થનાર વ્યક્તિની દીક્ષાને આજે સહુ માન્ય ગણે છે પછી શું ?"

ફરિયાદ-પક્ષના વકીલે પોતાનો આ મુદ્દો ઢીલો પડતો જાણી ધીમે રહીને વાતને બીજા પાટે ચઢાવી.

ફરીયાદ પક્ષના વકીલે કહ્યું કે—

"માય લોર્ડ! દીક્ષિત થનાર વ્યક્તિ કુંવારી નથી. પરણેલ છે. સવા વર્ષની પરણેતર ઘરમાં છે, તેની જુબાની લઈ જુઓ! તે પરથી આપને પરિસ્થિતિનો સાચો તાગ મળશે.

માણેકબહેન (ચરિત્રનાયકના સંસારી પત્ની) થરથર ધ્રુજતા સાક્ષીના પાંજરામાં ઊભા રહ્યા. કદી કોર્ટ જોયેલી નહીં એટલે ગભરાઈ ગયા, પણ લથડતા અવાજે એટલું માંડ બોલી શકયા કે "**મારા ધણીએ દીક્ષા લીધી તે મને ગમ્યું નથી.**"

ફરીયાદ-પક્ષના વકીલે નામદાર કોર્ટનું ધ્યાન ખેચ્યું કે-"દીક્ષિત થનાર વ્યક્તિના પરણેતરના આ શબ્દો ટાંકી લેવા જેવા છે."

ફરીયાદ-પક્ષના વકીલે ફરીથી જોરદાર જુસ્સાભર્યા શબ્દોમાં કહ્યું કે—

"માય લોર્ડ! આવી માસૂમ બાળાને દીક્ષા લેનાર વ્યક્તિ કોના ભરોંસે મુકી જાય છે?"

"ભારતવર્ષના સમાજ-જ્ઞાતિના બંધારણ મુજબ આખી જીંદગી વેંઢારવી આ બાઈને ભારે પડી જશે! તેનો જવાબદાર કોણ?"

"તેના ભરણપોષણની વ્યવસ્થા શી? તેના સાસુ-સસરા કદાચ ભવિષ્યમાં ગમે તે કારણે તેને ઘરમાંથી કાઢી મુકે તો તેની જીવનયાત્રાનો આધાર શો?"

વગેરે વાતની જોરદાર રજુઆત કરી એટલે નામદાર કોર્ટે ચરિત્રનાયકશ્રીને પૂછ્યું કે-"બોલો! તમારે આ અંગે શું કહેવું છે?"

એટલે ચરિત્રનાયકશ્રીએ જોરદાર જુસ્સાભેર શૈલીથી પોતે લખી લાવેલ પોતાનું નિવેદન વાંચી સંભળાવ્યું.

"**આજે મારી સામે જે સંબંધમાં કેસ કરવામાં આવ્યો છે તે સંબંધમાં હું એક જૈન સાધુ તરીકેની મર્યાદામાં રહી નીચે પ્રમાણેની મારી વિગત સ્પષ્ટપણે રજુ કરું છું!**"

"**આજે મારા પર જે સંબંધમાં ફરીયાદ કરી છે કે-મેં સગીર વયમાં છાની રીતે દીક્ષા લીધી તે અંગે મારો ખુલાસો એ છે કે--મારા તરફ પૂ. પિતાશ્રીની સંપૂર્ણ સંમતિ-સહકારના બળે જ મેં દીક્ષા લીધી છે.**

રહી વાત! બીજા સ્વજનોની. તો અજ્ઞાન-મોહના આવરણમાં ઘેલા બનેલા સ્વજનો પોતાની અવિવેકભરી દૃષ્ટિથી મારા આત્મકલ્યાણના માર્ગને અનુમોદન ન આપે, તેથી મારે મારા આત્મકલ્યાણનો રસ્તો છોડી દેવો તે વાજબી હું નથી માનતો.

આ મારી સ્પષ્ટ વાત છે!!!"

"બીજી વાત જે ફરીયાદપક્ષે મારા પર આક્ષેપાત્મક રજૂ કરી છે કે-સગીર વયની ગભરૂ-બાળાને તરછોડી નિરાધાર મૂકી દીક્ષા લીધી ઇત્યાદિ."

"તો આ અંગે મારૂં સ્પષ્ટ નિવેદન છે કે પાંચ-દશ રૂપિયાના લાભ આગળ એક પાઇનું નુકશાન તે નુકશાન ન ગણાય!"

"વળી સંસારી માતા-પિતાનું ઘર ભર્યું-ભાદર્યું છે કે સંસ્કારી પત્નીને ઊની આંચ આવે તેમ નથી."

"છતાં કદાચ તેમની વાત માની લઈએ તો પણ તે બદલ હું જવાબદાર નથી--કેમ કે—

"આખા ગામને ખબર છે! જ્યારે-જ્યારે સગપણ-ચાંદલાનો પ્રસંગ આવ્યો, ત્યારે-ત્યારે શ્રીફળ આપવા આવનાર ભાવી સાસુ-સસરાને મેં ધડાકાબંધ સ્પષ્ટપણે કહેલ છે કે—

"માતાપિતાના આગ્રહથી શ્રીફળ લેવું પડે તો લઈ લઉં, પણ હું તકની રાહમાં છું! તક મળતાં જ હું સંસારની આગમાંથી કુદકો મારી સંયમ-ચારિત્રની શીળી છાયામાં ચાલ્યો જઇશ."

"ગાઈ-વગાડીને ઢંઢેરો પીટવાની જેમ મારી જગજાહેર આ વાતના ઘણા સાક્ષીઓ છે."

"એટલે પત્નીના ભરણપોષણના હાઉને આગળ કરી મને દીક્ષાથી ભ્રષ્ટ કરવા બૂમરાણ મચાવનારાઓ સમજે કે—મેં મારા વચન પ્રમાણે સંસારના કેદખાના-માંથી મુક્તિ મેળવી આત્મશુદ્ધિના પંથે હું ચાલ્યો જાઉં છું તો પરાણે વળગાડેલ

લપને સાચવવાની જવાબદારી બળાત્કારે પરણાવનાર લોકોની છે. મારી મુદ્દલ પણ નથી જ !!! આ સ્પષ્ટ હકીકત છે!"

"આ કારણથી હું સાધુવેષ છોડવા માંગતો નથી, હું લીધેલી દીક્ષાને ટકાવી રાખવા સંપૂર્ણ રીતે સભાન છું.

ભલભલાને ચોંકાવી મુકનાર આ નિવેદનના ટંકશાળી શબ્દો સાંભળી ન્યાયાધીશ, ફરીયાદી પક્ષના વકીલ અને બીજા શ્રોતાજનો ચિત્ર-લિખિતની જેમ સ્થિર થઈ ગયા.

સહુએ ભારે આશ્ચર્ય અનુભવ્યું.

પરિણામે ન્યાયાધીશે ફરીયાદી-પક્ષનાં કરેલ ફરીયાદના ટેકામાં કોઈ સબળ કારણ મળતું ન હોઈ કેસ કાઢી નાંખ્યો.

અને ન્યાયાલય આ સંબંધમાં ચુકાદો શાનો આપે ? કેમ કે ફરીયાદી પક્ષની ફરીયાદ બોગસ છે, એમ કહી કેસ રદ કરી કોર્ટ બરખાસ્ત કરી.



પ્રકરણ ૪૦

મર્યાદા–પાલન ન કરવાનું દુષ્પરિણામ

ચરિત્રનાયકશ્રી કોર્ટની દેવડીએ ચઢેલ ચકચારભર્યા કેસમાં જવલંત વિજય મેળવી શાસનદેવના જયજયકાર સાથે પોતાના મુકામે પાછા આવ્યા.

મગનભાઈ ભગતે ચરિત્રનાયકશ્રીને ખૂબ બિરદાવ્યા, પણ સંસારી–ઘરે રહેવાના બદલે ઉપાશ્રયે જઈ રહેવા બદલ ખૂબ સમજાવ્યા.

પણ ભાવિનિયોગે ચરિત્રનાયકશ્રી સંસારી–પત્નીને સમજાવી અનુકૂળ બનાવી લેવાના વિશ્વાસમાં મર્યાદાની દિવાલ ચૂકી જવા માંડયા.

મગનભાઈ ભગતને વિષમ ભાવીનાં એંધાણ લાગ્યાં. **"આગ પાસે ઘીનો ઘડો કયાં સુધી પીગળ્યા વિના રહી શકે ?"**

"તેમાં પણ એક પગથીયું ચૂકેલ કયાંનો કયાં જઈ ઊભો રહે ? તે કહેવાય નહીં !"

"ઘરની જ ગોચરી, સંસારી–પત્નીના હાથની રસોઈ, **શય્યાતર** પિંડના દોષની અવગણના આદિથી **મગનભાઈ** ખૂબ જ **અસ્વસ્થ બની** રહ્યા."

મગનભાઈએ પોતાના નાના કાકા, ચરિત્રનાયકશ્રીના મામા અને ભાઈબંધો દ્વારા ઉપાશ્રયે રહેવાની વાત ખૂબ સમજાવવા છતાં પરિણામ કંઈ ન આવ્યું !

મગનભાઈ ભગત પોતાની સામાયિક–પ્રતિક્રમણની ઓરડીમાં પૂ **શ્રી ગૌતમ સ્વામીજી** અને પૂ. **અંબેરસાગરજી** મ. ના ચિત્ર સમક્ષ ચોધાર આંસુએ હૈયાને ઠાલવી રહ્યા કે–**"કાલે ઉઠીને મારા કુળને કલંક લાગે તેવું ન બને તો સારૂં !"**

"અત્યારે તો સાધુતાના ચોકઠા ઢીલા થયા છે ! તો અનાદિ કાળના મોહના સંસ્કારોની થપાટોમાં ચરિત્રનાયક કયાંક વિષયવાસનાની ખાઈમાં ગબડી ન પડે !" તે માટે નવસ્મરણ ત્રિકાળ ગણવા લાગ્યા.

આ બાજુ દુન્યવી–દૃષ્ટિએ કોર્ટમાંથી પાછા પડેલા **રણછોડભાઈ** વસ્તુસ્થિતિ સમજવાના બદલે વધુ છંછેડાઈને ગમે તેમ કરી ચરિત્રનાયકને ચારિત્રમાર્ગથી ભ્રષ્ટ કરવા કમ્મર કસી તૈયાર થયા.

ભાવીયોગે શ્રાવણ મહિનાની સુદ **સાતમ** સાંજે રણછોડભાઈ ઘોડા પર ઉધરાણીએ જતા હતા, ત્યાં સામેથી એક બાવો મળ્યો. "**ડૂબતો માણસ ઝાંખરાં પકડે**" ની જેમ **રણછોડભાઈ** હવે બાવા-સંન્યાસી તરફ ઢેલ્લા અઠવાડીયાથી ઝુકેલ- "**કોઁક કંઈ ઔષધિ આપે જેથી વિષયવાસના વધે અને ચરિત્રનાયકશ્રી દીક્ષા છોડે**" એ ધૂનમાં ઘોડેથી ઉતરી અફીણની ડબ્બી આગળ ધરી બાવાને સંતોષ્યા.

ઝાડ નીચે બેઠા. બાવાએ અફીણની ફાકી મ્હોમાં નાંખી કહ્યું કે-

"क्यों शेठजी! क्या बात है! उदास क्यों? क्या पैसे की मुशीबत है। और कोई बात है? मैं गंगोत्रीसे आ रहा हूँ! द्वारकाजी जानेका इरादा है।"

"कोई दुःख हो तो बताओ! गुरु महाराज अलख-निरंजन सब ठीक कर देंगे।" કહી બે મિનિટ **રણછોડભાઈ** સામે જોયું એટલે **રણછોડભાઈની** આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

બાવાજી બોલ્યા કે-"अरे शेठजी! इतना दिल ढीला क्यों? बोलो क्या बात है। देखो! मेरे पास कई जडीबुटीए है, चोंटदार मंत्र भी है! बोलो क्या तकलीफ है।"

એટલે **રણછોડભાઈ** બોલ્યા કે-"महात्माजी! आज आप मेरेको भगवान मिल गये! मैं इतना दुःखी हूँ कि कोई बात नहीं।

રણછોડભાઈએ ધીમે રહીને ભાંગી-તૂટી હિંદીમાં ટૂંકમાં બધી વાત કરી કે-"मारी दिकरीने। भव બગડે છે! જમાઈ ભાગીને સાધુ થઈ ગયો છે'- હાલ અહીં છે. કોર્ટે બે વાર કેસ કર્યો પણ કંઈ ફાવટ ન આવી!"

"महात्माजी! कंईक करो," मारी दीकरीनो भव सुधरे आदि-

બાવાજી બોલ્યા કે-"शेठजी जरा भी गभराओ मत। मेरे पास एक बज्रदंती, मुशली भीलामा और दूधीया गोखरु की गोली डेढ साल तक बिविध वनस्पति के रसमें घुंटी हुई है।

गुरु महाराजने प्रसादी रूपमें दी है हमारे कामकी तो ये चीज नहीं क्यों कि इसकी पाव गोली आठ दिन तक शरीरमें तूफान जगाती है। स्त्रीके पास गये बिना रहा नहीं जाता। तो हमें ऐसी उत्तेजक गोली का कोई मतलब नहीं—किंतु गुरुमहाराजने यह कहकर दी थी कभी पैसोकी जरुरत पड जाय तो शेठीयोंको १००) रुपया लेकर १ गोली देना तो मेरे पास ऐसी १० गोली है। अभी तक मेरेको पैसेकी जरुरत नहीं पडी है-आदि.

રણુછોડભાઈ તો રાજી થઈ ગયા. ઝટ ખિસ્સામાંથી બસો રૂપિયા કાઢી બે ગોળી લઈ લીધી. બાવાજીને અઢીણની ડબ્બી ભેટમાં આપી દીધી.

અને પોતે ગામડે ન જતાં ઘરે પાછા આવ્યા. રાત્રે પોતાની દિકરી પાસે જઈ "શીરામાં આ ગોળીનો ચોથો ભાગ નાંખી મહારાજને ખવડાવજે! તારૂં કામ થઈ જશે," કહી કાનમાં બધી વાત કરી.

બીજે દિ' સુદ આઠમ **પાર્શ્વનાથ પ્રભુનું નિર્વાણ કલ્યાણક** એટલે ચરિત્રનાયકશ્રીએ આંબિલ કરેલ.

આ વાતની ખબર સંસારી-પત્નીને થવાથી સુદ ૯ ના પારણે સવારે પેલી ગોળીમાંથી ૦ા ભાગ નાંખી ભક્તિભાવના દેખાવ સાથે પાતરૂં ભરી દીધું.

ચરિત્રનાયકશ્રીને કંઈ ખબર ન પડી. વાપરીને ઊઠયા પછી ચૈત્યવંદન કરી સ્વાધ્યાય કરવા બેઠા. પેટમાં આગ ઊઠી, મગજ ભમવા લાગ્યું. થોડીવારે આંખમાં ઊંઘ ઘેરાવા લાગી. સંથારો કરી સૂઈ ગયા તે ઠેઠ સાંજે ચાર વાગે **મગનભાઈ** ભગતે પરાણે ઉઠાડયા.

પૂછ્યું કે "કેમ શું છે? કયારે સૂઈ ગયેલા? કેમ આવો પ્રમાદ?"

બધી વાત કરી આજે સવારે વાપર્યા પછી સ્વાધ્યાય કરતો હતો ને શરીરમાં બેચેની આંખમાં ઊંઘ વધુ થવાથી પરાણે સૂવું પડયું.

મગનભાઈને પણ બીજી કોઈ કલ્પના નહીં, તેથી સ્વસ્થ થઈ પડિલેહણ આદિ કરવાનું કહી સ્વ-સ્થાને ગયા.

સાંજે ફરીથી ગરમ-દૂધમાં ઘી નાંખેલ અને અંદર પેલી ગોળી પા ભાગની નાંખી ખૂબ આગ્રહથી વહોરાવ્યું.

પ્રતિક્રમણ પરાણે કરી સૂઈ ગયા. રાત્રે સ્વપ્નમાં જંજાળરૂપે ચારિત્ર-મોહનીયના ઉદયવાળા સંસારી સ્વપ્નો ખૂબ આવ્યાં.

રાત્રે બે વાગે જાગ્યા. મન મજબૂત કરી વિચારોની શુદ્ધિ કરવા શ્રી નવકાર ગણવા બેઠા પણ મન ન લાગે. સાથે સંસારી પત્નીના વિચારો આવવા લાગ્યા અને સંયમ-ચારિત્ર લીધા બદલ પશ્ચાત્તાપ થવા લાગ્યો.

ચરિત્રનાયક ચમકયા કે—આ શું ? ચરિત્ર લીધા બદલ પશ્ચાત્તાપની ભાવના કાં જાગી ? મારા દુષ્કૃત્ય – પાપકર્મોનો ઉદય થયો કે શું ?

ખૂબ અંતરની આજીજીપૂર્વક "આ અશુભ કર્મનો ઉદય જીવનમાંથી છુટે" ની ગંખના સાથે શ્રી ગૌતમસ્વામીજીનું નામ લઈ શ્રી નવકાર-મહામંત્ર, શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથ, ઉવસગ્ગહરં અને શ્રી સ્થૂલભદ્રસ્વામી, શ્રી વજ્રસ્વામીજી આદિના નામ-સ્મરણ સાથે બ્રહ્મચર્યપદની ૨૦ માળા માંડમાંડ પૂરી કરી.

સંસારી પત્ની નજર સામે આવવા લાગી, તેના હાવ – ભાવ આદિ સંસારી – વાસનાઓ સ્મૃતિમાં આવવા લાગી. ચરિત્રનાયક ભારે વિમાસણમાં પડયા. ઊભા – ઊભા ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ કર્યો. પરાણે ૨॥ કલાક થઈ ગયા. માનસિક – મથામણમાં લોગસ્સ અટવાઈ જવા લાગ્યા.

સવારે ચાર વાગે ગૌતમસ્વામીજીનો, શંખેશ્વર પાર્શ્વનાથનો, અને સોળ સતીઓનો છંદ બોલી પ્રતિક્રમણ કરી પડિલેહણ કરી સામે જ ચૌમુખજીના દહેરે શ્રી અજિતનાથ પ્રભુ આગળ "જે તેં જીતીયા રે તેણે હું જીતીયો રે" એ લીટી વારંવાર બોલી ભાવ-શુદ્ધિ કરવા પ્રયત્ન કર્યો.

અન્યથા શરણં નાસ્તિ...।
નહિ ત્રાતા નહિ ત્રાતા...।

શ્લોકો ખૂબ ભાવોલ્લાસ સાથે ભક્તિભર્યા પંચાંગ – પ્રણિપાત સાથે ભાવવાહી સૂરે બોલી વિષયના વમળોમાંથી બહાર નીકળવા પ્રયત્ન કર્યો.

પણ દહેરાસરમાંથી જઈ ઘરે જઈ સંસારી-પત્નીના સંપર્કની ઇચ્છા તીવ્રતર થવા લાગી.

ભગનભાઈ ભગત આ ટાણે આવી લાગ્યા. અર્ધા-પોણા કલાક સુધી ચરિત્રનાયકશ્રીનો વાણી દ્વારા વ્યક્ત થઈ રહેતો તડફડાટ નિહાળી ગૂંચમાં પડયા કે, "આ શું ?"

દહેરાસર બહાર બોલાવી ટૂંકમાં બધી વિગત પૂછી.

ચરિત્રનાયકે બધી વાત કરી કે કાલે ૧૨ વાગ્યા પછી પ્રમાદ ઘણો વધ્યો અને રાત્રે ૧॥ વાગ્યાથી વિકારી-વાસનાઓના ચકકરે ચાલ્યો છું.

"પ્રભુની ભક્તિ કરી આમાંથી છૂટવા મથું છું, પણ કાબૂ-બહાર વાત જતી લાગે છે !"

ભગનભાઈ ભગતે કહ્યું કે–" હજી કંઈ બગડયું નથી, તમે ઉપાશ્રયે આવી જાઓ ! હું તમારી પાસે રહીશ. તમારી પ્રવૃત્તિઓને કાબૂમાં લેવા પ્રયત્ન કરીશ."

પણ ચરિત્રનાયક ફરી પાછા સંસારી–પત્નીને સમજાવવાની ધૂનમાં ઉપાશ્રયે રહેવાની વાત **અવગણી** પોતાની વાત પર મુસ્તાક રહ્યા.

ભગનભાઈ ભગત ' विचित्रा हि कर्मपरिणतिः " સૂત્ર વાગોળતા પૂજાના કાર્યમાં પ્રવૃત્ત થયા.

ચરિત્રનાયક થોડી વારે દહેરાસરથી નીકળી સ્થાને આવ્યા કે ત્યાં સંસારી–પત્ની ઉભા જ હતા.

પોતે જે અધીં ગોળી શીરામાં આપી છે તેની અસર થઈ કે નહીં ? તે જોવા વહેલી સવારથી ચરિત્રનાયકના મુકામે આવેલ, પણ ચરિત્રનાયકે દહેરામાં દોઢ કલાક ગાળ્યો એટલે એ ઘરકામમાં પરોવાઈ હતી, પણ ચિત્ત અહીં હતું, એટલામાં તેણીનું બહાર આવવું થયું, અને ચરિત્રનાયક દહેરાસરથી પાછા આવ્યા.

ચરિત્રનાયકના મુખ પર વિચિત્ર વિકારી–ભાવોની અસર નિહાળી સંસારી–પત્ની રાજી થઈ.

કઢેલું કેશરીયા દૂધ તૈયાર કરેલ, તે વહોરવાનો આગ્રહ કરવા લાગી, પરિણામે દહેરાસરમાં કરેલ ભક્તિભરી–આજ્ઞાની અસરને ભૂલી જઈ પાત્રાં તૈયાર કરી વહોરવા ગયા. પેલી ગોળીની અસરવાળું દૂધ વાપર્યું અને શરીરમાં ઝણઝણાટી થવા માંડી, છેવટે मूलौषधिमन्त्राणां अचिन्त्यः प्रभावः કહેતી પ્રમાણે વિવશ બની ચરિત્રનાયક સળગતી આગમાં હાથ નાખવાની જેમ પત્નીને પાસે બોલાવી વાત કરવા લાગ્યા.

અત્યાર સુધી પોતાના સ્થાનમાં પત્નીને આવવાનો જ સખત નિષેધ હતો, તેના બદલે ચરિત્રનાયક સ્વયં બોલાવે એટલે પત્ની રાજી–રાજી થતી સરસ સાડી ઓઢી પોતાની ગોળીની ધારી અસર થઈ જાણી હરખભેર ગઈ.

ચરિત્રનાયકે સંયમની મર્યાદાઓ શિથિલ હોવા છતાં અંતરના બનાવટી જુસ્સાથી વાતની અડઆત કરી કે—

" ભલી થા ! તું ! મને સંયમ–માર્ગે જવા દે ! તારા પિતાને સમજાવ કે આત્મ–કલ્યાણના પંથે અવરોધો ઊભા ન કરે " આટલા શબ્દો માંડ પરાણે બોલ્યા.

સંસારી-પત્નીએ હાવભાવપૂર્વક ચરિત્રનાયકને કહ્યું કે—

"દીક્ષા પાળવી હતી તો અપાસરે રહેવું 'તું ને અહીં ઘરે કેમ આવ્યા ! માટે બધા ઢોંગ છોડો ! અને મારી તરફ નજર નાંખી મારા જીવતરમાં પડતી ધૂળ અટકાવો."

"તમે મારો હાથ પકડયો ? ને મને રઝળતી મૂકી નિકળી ગયા."

આદિ કહી આંખોમાંથી આંસુ ટપકાવી સ્ત્રીચરિત્ર કરવા માંડયું.

પરિણામ જે આવવું હતું તે આવ્યું.

ધીરતા સંયમની પાળ તો કયારની હઠી ગઈ હતી, મર્યાદાઓના પાલનની કાંટાળી વાડ પણ હઠી ગઈ હતી.

છેવટે શ્રા. વ. ૧૧ ના ગોઝારા એ દિવસે કર્મરાજાએ ભાવી-મહાપુરૂષને પણ થપેટ મારી ગબડાવી દીધા.

સાધુ-વેષ એક બાજુએ મૂકી સંસારી કપડાં ચરિત્રનાયકશ્રીને સંસારી-પત્નીના મોહ-ઘેલાં વચનોથી સ્વીકારી લેવાની ફરજ કર્મરાજાએ ફરજ પાડી.

મગનભાઈ ભગતને આ સમાચારથી ભયંકર વજ્રાઘાત થયો આખા ગામમાં હો-હા મચી ગઈ.

બધાંને એમ લાગ્યું કે **મર્યાદાનું પાલન કેટલું જરૂરી છે ?**

"આચાર-નિષ્ઠાની મર્યાદાઓનું દ્રવ્યથી પણ પાલન ભયંકર કર્મના ઉદયના ઝંઝાવાતથી બચાવનાર બને છે."

ચરિત્રનાયકની માતાને પણ કારમો અસહ્ય આઘાત લાગ્યો કે **"મારી કૂખે જન્મી આ શું કર્યું ?**

"અમારી ઈજ્જત પર પાણી ફેરવી નાંખ્યું."


એક જ ઘરમાં રહેવું અને આવા અસહ્ય-વાતાવરણમાંથી પસાર થવું એ જમનાબહેન માટે ખૂબ અસહ્ય બન્યું, પણ છેવટે કર્મણાં હિ વિચિત્રા ગતિઃ ન્યાયે માંડ પરાણે મન મનાવ્યું.

॥ श्री वर्धमानस्वामिने नमः ॥



પ્રકરણ : ૪૧

કર્મની વિષમ-પરિણતિનો અજબ પ્રભાવ



આત્માના અનંત જ્ઞાનાદિ-ગુણો પર હલ્લો મચાવનાર ક્રૂર કુટિલ કર્મ-રાજાની અજબ-થપાટોથી ભલભલા ચક્રવર્તી જેવા માન્ધાતાઓ પણ હીન બન્યા છે.

માત્ર પ્રભુ-શાસનની મર્યાદાઓને અણીશુદ્ધ પાળનાર મહાસંયમી જ કાતિલ કર્મરાજાના પણ દાંત ખાટા કરી શકે છે.

પણ ચરિત્રનાયક નાની-ઉંમરમાં દીક્ષા-ચારિત્ર લેવાના અદમ્ય ઉત્સાહ છતાં જ્ઞાની-મહાપુરુષોના ચરણોપાસનાથી મળતી આદર્શ વિવેકનિષ્ઠાની ખામીથી લૌકિક-રીતે એક-બીજાને પછાડવાની મલિન વિચારધારામાં અટવાઈ સંસારી-સસરાને પાછા પાડવાની અને સંસારી પત્નીને સમજાવી પોતાનો સંયમમાર્ગ ચોખ્ખો કરી લેવાની ધૂનમાં આચાર-નિષ્ઠાની વાડ ઓળંગી જવાના પરિણામે અત્યંત વિષમ-પરિસ્થિતિમાં મૂકાઈ ગયા.

હવે તો કર્મરાજાનો કારમો પંજો વધુ ને વધુ મજબૂત થવા લાગ્યો.

પરિણામે પર્વાધિરાજ **પજ્જુસણમાં** ઉપાશ્રયે જવાની વાત ભૂલી જઈ વાસનાઓના ચક્રાવે ચઢી શ્રાવક-જીવનને ન છાજે તેવા પંથે ચઢી ગયા.

ભાઈબંધો પણ તેવા મળી રહ્યા, જેથી તેમની વાસનાઓ અજબ રીતે ચમકી રહી.

સંવત્સરી પ્રતિક્રમણ લોકલાજે કર્યું પણ અંતરનું હૈયું વિકારી-વાસનાથી ભરપૂર રહ્યું.

સંસારી-પ્રવૃત્તિઓમાં રતિ વધવા લાગી.

મગનભાઈ ભગત અને જમનામહેન હવે ઝુરવા લાગ્યાં કે—"આ શું ?"

કાશીના પંડિતોએ આ બાલકના ગ્રહોનો કેવો સુંદર ફળાદેશ કહેલ. એ બધો શું ભ્રામક ?

ગામમાં પ્રસિદ્ધ અગ્નિહોત્રી બ્રાહ્મણ પં. **સુખદેવ શર્માને** ફરીથી જન્મપત્રી બતાવી. પંડિતજીએ ખૂબ ધારીને જોઈને કહ્યું કે—

"આ બાળકનો આ પીરિયડ જ આવો છે ! પણ ગભરાઓ નહીં ! પાંચ મહિના પછી શુક્ર-મંગળ-રાહુનો વિષમયોગ ટળવાથી અજબ ફેરફાર થશે જ !!!

તમે જરા પણ મનમાં મુંઝાઓ નહીં ! આવતી વસંત-પંચમીએ આ તમારો બાલક સંસારમાં નહીં હોય ! અને મહા-તેજસ્વી મહાવિદ્વાન થશે ! અને તમારું નામ આખા વિશ્વમાં ચમકાવશે ! આ ચોક્કસ વાત છે."

પંડિતજી પૈસાના લોભી ન હતા. તેઓના સરળ-નિખાલસ શબ્દોથી માતા-પિતાને સંતોષ થયો.

સમયના પરિપાકની રાહ જોવા રૂપે ધીરજ ધરી.

અમદાવાદથી સાધુવેષે કપડવંજ આવવાની ચરિત્રનાયકની તૈયારીથી અનુમાનિત કરેલા વિષમ-ભાવીનાં એંધાણ આજે વિષમરૂપે સ્પષ્ટ થઈ રહ્યાં જાણી મગનભાઈએ દિઙ્મૂઢ-સ્થિતિમાં સમય પસાર કરવા માંડ્યો.

ચરિત્રનાયક વિષમ કર્મ-પરિણતિને આધીન બની થોડા દિવસોમાં લાજ-શરમ બળગી કરી દુકાને આવવા થયા. સંસારી-પ્રવૃત્તિમાં વધુ માથું મારવા લાગ્યા. સામાયિક-પૂજા આદિ માટે પિતાજીની અપ્રેરણાઓ છતાં કર્મપરિણતિને પરવશ બનેલ ચરિત્રનાયક સંસારી પ્રવૃત્તિઓમાં આગળ વધવા લાગ્યા.

મગન ભગત કર્મના સ્વરૂપની વિચિત્રતા શાસ્ત્ર-જ્ઞાન બળે વિચારી મનમાં અધીરા થયા વિના વ્યવહાર-નીતે મુજબ દુકાનનાં બધાં કામો, ન પતે તેવી ઉઘરાણી વગેરે ચરિત્રનાયકને ભળાવવા માંડ્યા—

—કે જેથી કંટાળી નિરાશામાંથી પણ વૈરાગ્યનું બીજ પાંગરે.

"કુળસંસ્કારો અને જિનશાસનના સંયમની ક્રિયાઓનું કરેલ વિશુદ્ધ પાલન છેવટે મારા પનોતા કુળદીપકને મોહની કારમી ભીંસમાંથી બચાવશે જ !"

આવો **અટલ** સુદૃઢ વિશ્વાસ **મગન ભગતને** હતો, પણ અત્યારે **કાજળઘેરું** અંધારું ચોપાસ દેખાતું હતું !

છતાં **મગનભાઈ** જન્મપત્રિકાના વિશિષ્ટ-ગ્રહોની કાળસ્થિતિના ભરોસે આશાન્વિત બની સમય-યાપન કરી રહ્યા.

રણછોડભાઈ પોતાની દીકરીના સંસારી-જીવનની અપેક્ષાએ પોતે ચારિત્રની મહાભયંકર પણ કરેલ વિરાધનાને અજ્ઞાન-દશાથી મનમાં હોંશિયારીભર્યું કામ કર્યાનો સંતોષ મેળવી રહ્યા.

જમનાબહેન તો આંખોમાંથી આંસુ પાડી પોતાની કૂખે જન્મેલા સંતાનના ચારિત્રિક પતનને ખૂબ જ વખોડી રહ્યા.

બીજા સ્વજનો ધર્મપરિણતિની માત્રાની અપેક્ષાએ સારું-નરસું બોલી રહ્યા.

મગન ભગતે વિદ્યાશાળા પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. ને બધી વિગત પત્રથી જ જણાવી હૈયાનું કારમું દુઃખ વ્યક્ત કર્યું કે—

"છેવટે આપની ધારણા પ્રમાણે અનિષ્ટ ફળ આવ્યું!

ખરેખર! મર્યાદાઓના પાલનની ઢીલાશ અશુભ-કર્મના ઉદયને ખેંચી લાવે છે!

આપે બચાવવા ઘણા-ઘણા પ્રયત્નો કર્યા, પણ આખરે ભાવી-યોગે ડાગલી બસી ગયાની જેમ ચરિત્રનાયકની વિચિત્ર-મનોદશાનો બળાપો જ કરવો રહ્યો આદિ."

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. શ્રીએ આશ્વાસન આપતાં લખ્યું કે—

"ભગતજી! તમે તો સમજુ તત્ત્વદર્શી છો! તમે કે હું ભાવીને અટકાવી શકતા નથી! "कर्मानुसारिणी मतिः" ની જેમ ચરિત્રનાયક સ્વયં પોતે મારી અને તમારી હિતકારી વાતને પણ સ્વીકારી ન શકયા.

છેવટે ઉપાશ્રયે ન રહેતાં ઘરે શય્યાતર-દોષ વહોરીને ઘરની જ ગોચરી વહોરવા સુધીનો મર્યાદાભંગ કર્યો, પછી શું થાય! માટે હવે તમે નાહક આર્ત્ત-ધ્યાનથી દુઃખી ન થાઓ" આદિ.

આ રીતે **મગન ભગતે** પોતાના જીવનના પરમોપકારી **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** ને પણ વિગતવાર પત્ર લખી હૈયાવરાળ ઠાલવેલ—

જવાબમાં પૂજ્યશ્રીએ લખેલ કે—

"ભગત ! મારા વડિલ પૂજ્ય શ્રી સિદ્ધિવિજયજી મ શ્રીએ જે કર્યું તે બરાબર !

બાકી બોરજથી લાવી જાડેરમાં રજુ કર્યા તે જ ઉચિત ન હતું-બોર ભાવી.

હવે તમોને માનસિક-સંતાપ થાય તે સહજ છે.

તમારા આવા ધાર્મિક-કુટુંબમાં આવી ઘટના થાય, તે તમોને ભારે મનઃશલ્ય રૂપ જ થાય.

પણ તેની જન્મકુંડલી મારા ધ્યાનમાં છે.

ચોમાસું વીતવા દો ! પૌષ મહિનાની વદ ૧૧ આવશે કે તુર્ત તેના માનસનો પલટો થશે !

પુનઃ પ્રભુશાસનના પંથે મક્કમ પગલાં ભરશે !

મહાન શાસન-પ્રભાવક થશે ! જરા પણ ચિંતા ન કરશો" આદિ.

ભગત ભગતે આ રીતે જોશી પાસેથી માહ મહિને ગ્રહયોગ શુભ થવાની વાત જે જાણેલ, તેનું સમર્થન પૂ શ્રી ઝવેરસાગરજી મ. ના પત્રમાં પણ જાણવા મળ્યું.

વધુમાં તેમાં ચોક્કસ દિવસ કારતક વદ ૧૧ પછી વળતાં પાણી થવાની વાત જાણી ખૂબ આનંદિત થયા.

આ બાજુ ચરિત્રનાયકના જીવનમાં અંગારા પર રાખ ફરી વળે તેમ વૈરાગ્ય પર આવેલ આવરણની પ્રબલતાથી સંસારી કાર્યો કરવાની વધી રહેલ ચીવટ-તમન્નાને ભગત ભગત અવારનવાર માર્મિક-ઉપદેશ દ્વારા સંસારની વિષમતાનાં પ્રત્યક્ષ ઉદાહરણો દ્વારા સમજાવતા

લેણદારોના અટપટા હસ્તાક્ષરો, બાકી-પત્રોના અટપટા હિસાબો, હિસાબી-આંટીઘુંટીના કાગળો, ચોપડાઓનો ખડકલો ચરિત્રનાયકના સામે કરી ભગત ભગત ચરિત્રનાયકને ગુંચવાડો-કંટાળો ઊભો કરવા મથતા

પરિણામે ચરિત્રનાયક ગુંચવાતા પણ ખરા ! તે વખતે અવસર જોઈ ભગત ભગત વિશિષ્ટ માર્મિક-શૈલિથી ઉપદેશ દ્વારા ચરિત્રનાયકના હૈયામાં છુપાયેલા વૈરાગ્યના રંગને અંગારા પરથી રાખ ખંખેરવાની પદ્ધતિએ પુનઃ જાગૃત કરવા અચૂક પ્રયત્ન કરતા.

॥ શ્રી વર્ધમાનસ્વામિને નમઃ ॥

પ્રકરણ-૪૨

પિતાજીની કુનેહથી
પૂ. ચરિત્રનાયકશ્રીનો આત્મોદ્ધાર

ચરિત્રનાયક બે-ચાર મહિનાના સંસારવાસ દરમ્યાન જીવનોપકારી પૂજ્ય પિતાજીની વિવેકભરી પદ્ધતિથી વ્યાપાર-ધંધા અને વ્યવહારુ પ્રવૃત્તિઓથી ઉભગી જવાની ભૂમિકાએ કંટાળવા લાગ્યા.

આ અરસામાં પત્નીશ્રી **માણેકબહેને** ભાંગી ગયેલ પોતાનો એક દાંતનો નવેસરથી નવી ડિઝાઈનનો કરાવવાની વાત રજુ કરી.

સંસારની વાત-માત્રથી સાવ અજાણ્યા ચરિત્રનાયકે તે વાત કુળ-મર્યાદા પ્રમાણે બાપુજીને કરી.

વ્યવહારજ્ઞ વિવેકી-ચતુર **ભગન ભગતે** કોઈક બહાના તળે ગમે તેમ પણ પોતાના સંતાનને અહીંના વાતાવરણથી અળગો કરી અમદાવાદ લઈ જઈ વૈરાગ્યના સુષુપ્ત-ભાવોને પુનઃ જાગૃત કરવાની તક ઝડપી લીધી.

ચરિત્રનાયકે બાપુજીને વાત કરી, એટલે **જાણીને ભગન-ભગતે** તે વાતની ઉપેક્ષા કરવા માંડી.

હા-હા કરીને તે વાત ટાળવા પ્રયત્ન કર્યો.

પરિણામે બે અઠવાડિયાં વીતી ગયાં, ઘરમાંથી પત્ની દિવાળી પછી પોતાના પીયરમાં વ્યાવહારિક-પ્રસંગ આવવાનો હોઈ ચરિત્રનાયકને ટોકવા મંડ્યા કે – "આટલું નાનું કામ પણ તમે કરી શકતા નથી શું ? તેમાં બાપુજીની શી જરૂર !" આદિ

તેથી જરા ઉત્તેજિત થઈ બાપુજી પાસે ગયા.

બાપુજીએ અવસર વર્તી તુર્ત પરિચિત-સોનીને ત્યાં લઈ ગયા.

પ્રથમથી ભગતે સોનીને સમજાવી રાખ્યા મુજબ – "આ દાનીનાનું સમારકામ અહીં થાય તેમ નથી. નવેસરથી સરસ તૈયાર કરાવવો પડશે તો અમદાવાદ મારો ભાઈબંધ બહુ હોંશિયાર છે, ત્યાં લઈ જાઓ" એમ કહ્યું.

એટલે આવેશમાં આવેલ ચરિત્રનાયકે બાપુજીને **અમદાવાદ** જવાની વાત ઉચ્ચારી.



શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

આગમ જ્યોતિર્ધર

(પૂ. આગમોદ્ધારક શ્રીની જીવનગાથા)

(વિભાગ બીજો)

ખંડ ૬

આગમ જ્યોતિર્ધર

વિભાગ–૨


ખંડ ૬

૪૧ પિતાશ્રીની કુનેહથી પૂ ચરિત્રનાયકશ્રીનો
આત્મોદ્ધાર ૨૫૬–૨૫૯

૪૨ ચરિત્રનાયકશ્રીની પુનઃ જાગૃતિ
દીક્ષાના પંથે પ્રયાણ ૨૬૦–૨૬૪

૪૩ પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા
મગન–ભગતની પૂર્વ તૈયારી ૨૬૫–૨૬૮

૪૪ પૂ. ચરિત્રનાયકશ્રીની ચારિત્ર–ગ્રહણની
તીવ્ર આતુરતા છતાં સંયોગોની પ્રબળ ભીંસ ૨૬૯–૨૭૬



મગન ભગતે તો "ભાવતું"તું ને વૈદે કીધું" ની જેમ અમદાવાદ જવાની વાત સાંભળી હા પાડી, પણ ચરિત્રનાયકને ઉત્સુકતા આ બહાને કેટલી છે ? તે ચકાસવા માટે જાણીને "હોલ દિવાળી છે, જ્ઞાનપાંચમ છે, કારતક પૂનમ ચાલે છે," વગેરે બહાના કાઢી મોડું કરતા ગયા.

આ બાજુ વ્યવહાર-કળામાં બાહોશ રણછોડભાઈને આ સમાચાર મળ્યા કે, "મગન ભગત ચરિત્રનાયકને દાગીના બનાવવાના બહાને અમદાવાદ લઈ જાય છે, તો કોણ જાણે કંઈ ભેદી રમત હોય તો....માટે ચરિત્રનાયકને અમદાવાદ ન જવા દેવા ! ! ! "

આવું વિચારી મૂળ ચાવી રૂપ પોતાની દીકરીને સમજાવી, કે "તું ના કહી દે કે મારે દાગીનાની જરૂર નથી ! જેવો બને તેવો અહીં જ કરાવી લો ! પણ તમે અમદાવાદ ન જાઓ" વગેરે.

માણેકબહેને પિતાજીની વાતને હૈયામાં ગોઠવી અવસરે ચરિત્રનાયકને કહ્યું કે— "પેલા દાગીનાનું શું થયું ? "

ચરિત્રનાયકે કહ્યું કે-"અહીં સોની પાસે બાપુ સાથે ગયેલ પણ તે સોનીના કહેવા પ્રમાણે આને નવેસરથી સરસ બનાવવા માટે તેના ભાઈબંધ સોની પાસે અમદાવાદ જવા કહ્યું છે.

તે પ્રમાણે કારતક પૂનમ પછી બાપુજી સાથે હું અમદાવાદ જઈ નવો સરસ દાગીનો કરાવી લાવીશ."

માણેકબહેને કહ્યું કે-"દાગીનો અહીં જેવો બને તેવો ! મારે બહુ ફેશનની જરૂર નથી પણ અહીં જ બનાવો ! તમે અમદાવાદ ન જાઓ" વગેરે ખૂબ ઉકળાટ સાથે કહ્યું.

ચરિત્રનાયકમાં બીજ રૂપે પડેલ સત્ત્વ, વ્યક્તિ-ગૌરવ અને સાત્ત્વિક-અહંના તત્ત્વો આ પ્રસંગે જાગૃત થયા કે-

"વારંવાર તારા આગ્રહ અને માંગણીઓથી મેં નવા દાગીના માટે અમદાવાદ જવાનું નક્કી કર્યું અને હવે તું ના પાડે છે ! તો શું હું તારો ગુલામ છું ? તું કહે તેમ મારે કરવું ? તું કહે તો જ હું જઉં ? એ નહીં બને !"

પત્નીના મનમાં ભય રણછોડભાઈએ એવો ઠસાવી દીધેલ કે "ચરિત્રનાયક જો અમદાવાદ જશે તો દીક્ષા લઈ લેશે. મગન ભગત દીક્ષા અપાવવાની જ તેવડમાં છે" આદિ આ બધી

વિધિથી વિહ્વળ બનેલા માણેકબહેને કહ્યું કે–" મારે દાગીનો જ નથી જોઈતો, નવો કે જૂનો ! મારે મન તો તમે છો એટલે બધા દાગીના જ છે !"

" તમે અમદાવાદ ન જાઓ મને મારા સસરાનો ભરોસો નથી. તે ફરીથી તમને બાવા બનાવી દે ! માટે તમો અમદાવાદ ન જાઓ !" આદિ કહી સ્ત્રી–ચરિત્ર કરવા માંડ્યું.

એટલે ચરિત્રનાયકનો સૂતેલો અંતરાત્મા જાગૃત થયો, ચારિત્રમોહનું આવરણ હઠવા માંડેલ જેથી તેઓ છંછેડાઈને પત્નીને કહે કે–" આવી ડરપોક તું કેમ થાય છે ! એમ કંઈ મને પરાણે બાવો બનાવી શકે છે ! અને કદાચ મારા ભાવ પલટાય અને એ માર્ગે જવાનું થાય તો બોલું શું ! શું હું તારો ગુલામ છું ?"

" તારી આંગળીએ નાચું એવો હું કાયર નથી ! મારી મરજી પ્રમાણે દાગીનો બનાવવા હું અમદાવાદ જાઉં તેમાં તું રોકનાર કોણ ?" આદિ સત્ત્વ–ભર્યા અહંભાવને વશ બનીને પણ ચરિત્રનાયક શુભદિશા તરફ માનસને વાળી રહ્યા.

માણેકબહેને ઘણા ધમ પછાડા કર્યા. પોતાના પિતાને જઈને વાત કરી રણછોડભાઈએ આવીને મગન ભગતનો ઉધડો લેવા માંડ્યો કે–" શું ધાર્યું છે તમે ! ફરીથી દીક્ષા અપાવવા લઈ જાઓ છો કે ?" વગેરે શંકાન્વિત–વચનોથી વાતાવરણ ઘેરું કરી દીધું.

હવે ચરિત્રનાયકે પોતાના વ્યક્તિગત–સ્વતંત્રતા પર પોતાના સસરા કે પત્ની કાપ મૂકે તે તેમને સહન ન થયું. " શું તેઓ ના પાડે એટલે મારે અમદાવાદ ન જવું ? અત્યારે મારી હૈયાના એક ખૂણે પણ દીક્ષાની વાત જ નથી, છતાં મારા બાપુજી પર આવા ખોટા આક્ષેપ એ કેમ કરી શકે !" એમ વાત વધુ ચગવા માંડી. પરિણામે કુટુંબીજનો સમજાવવા લાગ્યા કે-" જવા દો ને ! દાગીનાની વાત ! બાઈ પોતે ના કહે છે તો તમારે શી જરૂર છે અમદાવાદ જવાની ?" પણ ચરિત્રનાયકના લોહીમાં પડેલ પડકાર ફેંકવાનું તત્ત્વ કામ કરી રહ્યું કે " પત્નીએ દાગીના માટે પંદર દિ'માં પચ્ચીશવાર ઉઘરાણી કરી કરી મારું મગજ ભમાવી દીધું અને હવે તેના બાપે ઊભી કરેલી શંકાથી મને અમદાવાદ ન જવા દેવાના હિસાબે હવે ડાહી થઈને દાગીનો નથી જોઈતો, એમ કહે છે !"

તો શું હું પત્નીનો ગુલામ છું ! શું હું મારા સસરાનો કેદી છું કે તેમની રજા વિના ફપડવંજ બહાર ન જઈ શકું ! નહીં બને એ વાત ! હવે તો હું જઈશ જ !

"વળી સસરાની શંકા મુજબ મને ભાવ થઈ જાય તો દીક્ષા લઈ પણ લઉં તો મારા બાપુજીને તેમાં શા માટે સંડોવાય છે! હવે તો મને સોળ વર્ષ પૂરાં થઈ ગયાં છે. હવે મને કોણ રોકનાર છે?"

"એ માર્ગે જવામાં કલ્યાણ જ છે! જાઉં તો ખોટું શું છે?" – આદિ.

મગન ભગત આ સાંભળી ખૂબ ખૂબ પ્રસન્ન થયા.

પોતે જે આશયથી દાગીના બનાવવાની વાતને ઠેલી હતી અને અમદાવાદ જવાની વાત ઊભી કરેલ, તેનું પરિણામ સારું આવ્યું જાણી ખૂબ હર્ષિત બન્યા. અંદર ડોળાતી આ વાત મોટા રૂપે સ્વજન–વર્ગની આ બધી ચડભડ સં. ૧૯૪૭ના કારતક વદ સાતમના થયેલ. છેવટે કારતક વદ અગ્યારશ ગુરુવારે પુષ્ય નક્ષત્રનો યોગ મગન ભગતે નિહાળી ચરિત્રનાયકને લઈ જૂના દાગીનાને સમારવાના બહાને અમદાવાદ જવાનું નક્કી કર્યું.

ખાસ સમજવા જેવું!!!

* ધર્મના કામમાં ઢીલ કરે તે મૂર્ખ ગણાય!
* અચાનક આવી પડનાર મોતના પંજામાંથી બચાવનાર કોઈ હોય તો એક ધર્મ છે!!! માટે હાર્દિક ઉમળકાપૂર્વક ધર્મની આચરણામાં આગળ વધવું હિતાવહ છે!!!
* સંસારના ઊંચામાં ઊંચી કોટિના સુખ–વૈભવ જ્યારે અકારા લાગે ત્યારે હૈયામાં સમ્યક્ત્વ દીવો પ્રકાશે છે એમ જાણવું.
* વ્યાવહારિક જીવનમાં વિષયની વાસના અને કષાયોનું જોર ઘટે તો સમજવું કે ધર્મની આચરણા જીવનમાં સફળપણે પરિણમી છે!!!
* ભૂલને છાવરવાનો પ્રયત્ન આત્મશુદ્ધિના દરવાજા બંધ કરવા જેવો છે.
* બોલવામાં અને રસાસ્વાદમાં જીવનને ડોળી નાખનાર જીભ પર જેનો કાબૂ–તે પુણ્યશાળી!!!
* જીવનની જરૂરિયાતો ઘટાડવી તે સુખ–શાન્તિની સફળ ચાવી છે!!!

श्री वर्धमानस्वामिने नमः

પ્રકરણ-૪૩

ચરિત્રનાયકની પુનઃજાગૃતિ
દીક્ષાના પંથે પ્રયાણ

મગન ભગત ચરિત્રનાયકને દાગીના સમારવાના હિસાબે **અમદાવાદ** લાવી સોનીને ત્યાં દાગીના આપી રાત્રિવાસ માટે વિદ્યાશાળા-ઉપાશ્રયે સામાયિક-પ્રતિક્રમણાદિ ગુરુનિશ્રાએ થાય તે હિસાબે આવ્યા.

મગન ભગતે વિદ્યાશાળામાં ચાતુર્માસ બિરાજમાન પૂ. મુનિ શ્રી **સિદ્ધિવિજયજી મ.** શ્રીની પાસે ચોધાર-આંસુએ બધી વિગત રજૂ કરી.

ચરિત્રનાયક પોતાની સાથે છે! પણ આપની પાસે આવતાં શરમાય છે, વગેરે કહી પોતે પૂ. ગુરુદેવ સાથે પ્રતિક્રમણ કર્યું.

પ્રતિક્રમણ પછી **વિદ્યાશાળા**-ઉપાશ્રયમાં નીચેના હોલમાં સૂઈ જવાનું રાખ્યું.

ત્યાં અવારનવાર શ્રાવકો સામાયિક કરતા, તેથી સામાયિકમાં વાંચવાનાં ધાર્મિક પુસ્તકો સાપડા પર હતાં.

મગન ભગત તો સાત નવકાર ગણી સાડા નવ વાગે આરામ કરી નિદ્રાધીન બની ગયા.

પણ ચરિત્રનાયકશ્રી વિદ્યાશાળા અને તે વખતના સંયમી-જીવનની સ્મૃતિ થવાથી કંઈક વિચારોના ચકાવે ચઢ્યા અને નિદ્રાદેવી રીસાઈ ગઈ.

પડખાં ઘસવા છતાં નિદ્રાદેવી પધારી નહીં એટલે બેઠા થઈ દીવાનો ઉપયોગ કરી જોતાં ત્યાં રહેલ ધાર્મિક પુસ્તકોમાંથી **શ્રી જંબૂસ્વામીજીનો રાસ** હાથે ચઢ્યો.

તે રાસ સુંદર, સરળ ગુજરાતી ભાષામાં હોઈ હૈયું હળવું કરવાના ઇરાદે કુતૂહલથી વાંચવાની શરૂઆત કરતાં જ ધીમે ધીમે પૂ. ચરિત્રનાયકશ્રીના આત્મા પરથી મોહના આવરણો ઓગળવા માંડ્યાં.

"પૂ. સુધર્માસ્વામીજી મ. ની દેશના સાંભળી વૈરાગ્ય વાસિત થવાના પ્રસંગથી માંડી કોટના દરવાજામાંથી અચાનક છૂટેલ તોપના ગોળાથી પોતાનો થયેલ બચાવ, તે પરથી આયુની અસ્થિરતાનું ભાન, તે પરથી જંબૂસ્વામીજીએ પાછા વળી ચોથા-વ્રતની લીધેલી બાધા, ઘરે આવી માતા-પિતાને વિવિધ રીતે સમજાવટ, છેવટે માતાપિતાનું મન રાખવા ખાતર ઘેરથી ઊતરી સીધા દીક્ષા લઈશ એ શરતે લગ્નના ઘોડે ચડવું" વગેરે એક પછી એક પ્રસંગોથી પૂ. ચરિત્રનાયકશ્રીનો સુષુપ્ત-આત્મા ચેતનવંતો બની જાગૃત થવા લાગ્યો.

"પછી આઠ કન્યાઓની આગ્રહભરી વિજ્ઞપ્તિ, તેઓને જંબૂસ્વામીજીની મધુબિંદુ આદિ દૃષ્ટાંતોથી સંસારની ભયાનકતા ની સમજાવટ, તે વખતે પ્રભવસ્વામીનું ૫૦૦ ચોરો સાથે આવવું, પોતાની અવસ્વાપિની-વિદ્યાની અસર જંબૂસ્વામીજી અને આઠ સ્ત્રીઓ પર ન થઈ તે પરથી ચકિત બનેલ પ્રભવસ્વામીજીની સંસારમાં રહેવા માટેની તર્કભરી દલીલોની રજૂઆત, તેના જંબૂસ્વામીજીના સચોટ જવાબો, જેથી આઠ સ્ત્રીઓ અને ૫૦૦ ચોરોનો પ્રતિબોધ-ઉપરાંત આઠ કન્યાઓના માતા-પિતા અને પોતાના માતા-પિતા સાથે જંબૂસ્વામીજીનો પરદેશ પુણ્યાત્માઓ સાથે દીક્ષાનો સ્વીકાર"

આ બધા પ્રસંગોથી પૂ ચરિત્રનાયકશ્રીના હૈયામાં ઊંડે છૂપાઈ રહેલ વૈરાગ્યનો રંગ જાગૃત થયો અને પોતે પૂ. શ્રી સિદ્ધવિજયજી મ. અને મગન ભગતની સાચી સલાહ અવગણી ઉપાશ્રયે ન રહી ઘરે રહ્યા, કેવી ભયંકર ભૂલ કરી ? ચારિત્રથી પતિત પોતે બન્યા ? વગેરે ભૂલો વીંછીના ચટકાની જેમ સાલી રહી.

ચોધાર આંસુના પ્રવાહથી સર્વથા કલિ-કલ્મષને ધોઈ નાંખી સ્વસ્થ બની હવે અહીંથી સીધા જ્ઞાની-ગુરુના ચરણોમાં જીવનનું સમર્પણ કરી કરેલ-થયેલ ભૂલોનું તીવ્ર વૈરાગ્ય અને જ્ઞાનાભ્યાસ તથા શાસન પ્રભાવનાથી પરિમાર્જન કરવાનો સુદૃઢ નિર્ધાર કર્યો.

મોડી રાત્રે અઢી વાગે નિદ્રાધીન બન્યા. વહેલા સૂઈ ગયેલ મગન ભગતને આ પરિવર્તનની કંઈ જાણ નહીં, તેથી પોતે સવારે ૪॥ વાગે ઊઠી રાઈ-પ્રતિક્રમણ વખતે ચરિત્રનાયકને ઊઠાડવાની ઈચ્છા છતાં અંતરના પરિણામોની પૂરતી જાણકારી પોતાને ન હોઈ કદાચ આમન્યાભંગ થાય એમ વિચારી ઉઠાડ્યા નહીં.

પોતાનું પ્રતિક્રમણ કાઉસ્સગ્ગ વગેરે પતાવી સામાયિક પારી ૬॥ વાગે પોતે નિવૃત્ત થઈ કપડાં બદલી રહેલ.

તે સમયે પૂ. ચરિત્રનાયકશ્રીના ખાસ બેઠકીયા તરીકે પ્રેમાળ સ્વભાવના છનાભાઈ આવ્યા.

પૂ. ચરિત્રનાયકશ્રીને સૂતેલા જોઈ જગાડ્યા અને ટોણો માર્યો કે "કાં ભાઈ! દીક્ષા છોડી! પણ સામાયિક-પ્રતિક્રમણ આદિ બધું મુકી દીધું!"

પૂ. ચરિત્રનાયકશ્રીએ ધીરતાપૂર્વક દૃઢ સ્વરે જવાબ આપ્યો કે-"ભાઈલા! છોડયું નથી પણ છૂટી ગયું છે, પણ હવે બધું મજબૂતાઈથી પકડવાનો છું કે જે કદી નહીં છૂટે."

આ જવાબથી છનાભાઈ જરા ડઘાઈ મૌનપૂર્વક ચાલ્યા ગયા.

પણ ભગન ભગતને આશાસ્પદ આ શબ્દો સાંભળી હૈયામાં ખૂબ આનંદનો અતિરેક થયો.

પૂ. ચરિત્રનાયકશ્રીએ જલ્દી કપડાં બદલી સામાયિક લીધું. પ્રતિક્રમણ કર્યું. છ વાગે પિતાજી સાથે શ્રી મહાવીર-પ્રભુના દહેરે જઈ ભગન ભગતને આશ્ચર્ય પમાડે તેવી ધીરતા-અને ઉલ્લાસપૂર્વક પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂજા કરી.

પૂજા કરીને નવ વાગે વિદ્યાશાળાએ આવ્યા.

પૂ. ચરિત્રનાયકશ્રીએ પિતાજીને ધીરેથી રાતની બધી વાત કરી અને આંખોમાંથી ટપકતે આંસુએ પોતાની બધી ભૂલો સ્વીકારી હવે મક્કમતાપૂર્વક ચરિત્રના પંથે જવાની પૂર્ણ તૈયારી દર્શાવી.

ચારિત્ર ન મળે ત્યાં સુધી મારે છ વિગઈ-ત્યાગની ભાવના પણ પ્રદર્શિત કરી.

ભગન ભગત તો રાજીના રેડ થઈ ગયા, છેવટે સૂતેલ અંતરાત્મા જાગૃત થયો અને મારા કુળને અજવાળશે જરૂર! એમ ધારી પોતે સિદ્ધિવિજયજી મ. પાસે જઈ બધી વાત કરી.

પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. કહ્યું કે-"ભગત! અવસર ચૂકવા જેવો નથી! પરિણામની ધારા ઉલ્લસાયમાન હોય ત્યારે તક ઝડપી લેવાથી વિશિષ્ટ પરિણામ આવે છે."

"મટે તુર્ત તમે લીંબડી જાઓ! પૂ આગમપ્રજ્ઞ ગીતાર્થ મુનિ શ્રી ઝવેરસાગરજી મ. પાસે તાબડતોબ તમે લઈને જાઓ! અને શાસનદેવની સ્મરણ સાથે ડંકો વગાડો! ઢીલ ન કરો!"

"આજે તેરસ છે. "**તીજ ને તેરશ વગર જોયું મુહૂર્ત્ત**" જેમાં **શનિવાર** છે. "स्थाप्यं समाप्यं शनि-भौमवारे" શનિવારની સ્થાપના ખૂબ ઉત્તમ હોય છે માટે આજે તમે **કેશરીયાનાથ** અને **શંખેશ્વર પાર્શ્વનાથ** તથા **શ્રી ગૌતમ સ્વામીજીનું** નામ લઈ કેશરીયાં કરો !!!"

મગન ભગત પૂ. **શ્રી સિદ્ધિવિજયજી મ.** ની શિષ્ય બહલ નિઃસ્પૃહતા નિહાળી માથું ઝુકાવી રહ્યા.

પોતાને પૂ **ઝવેરસાગરજી મ** પાસે મોકલે છે ! ચરિત્રનાયકશ્રી પણ આવી ઉદાર સજ્જનતા બહલ **પૂ. સિદ્ધિવિજયજી મ.** માં આદર્શ-સાધુતાનાં દર્શન કરી આનંદ-વિભોર બન્યા

બે વાગે પિતા-પુત્ર બંનેએ વિદ્યાશાળામાં **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ.** પાસે **સામાયિક** લઈ ૧ નવકારવાળી બાંધી ગણી णमो संजमस्सनी ૨૦ માળા ચરિત્રનાયક પાસે ગણાવી. णमो चारित्तस्सनी ૭ માળા ગણાવી.

પોતે **શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથ** અને **શ્રી ગૌતમસ્વામીજી**ની ૧૦-૧૦ માળા ગણી.

સામાયિક પારેથી બંને પિતા-પુત્રે જ્ઞાનપૂજા કરી **પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ** શ્રીનો વાસક્ષેપ લીધો.

પૂ. ચરિત્રનાયકશ્રીના માથે વર્ધમાન-વિદ્યાનો રૂપે. મંત્રેલ વાસક્ષેપ ૩૩ મિનિટનો નંખી णित्थारगपारगा होह કહ્યું. પૂ ચરિત્રનાયકશ્રીએ ચઢતા ભાવે तहत्ति કહી અંતરના આશીર્વાદને ઝીલી લીધા.

પછી બંને જણાએ માંગલિક સંભળ્યું.

પછી ઉપડતા સૂરે સાત ડગલાં ભરી બંને પિતાપુત્રે માણેકચોકમાં જઈ સાંઢણી ભાડે કરી મંગળ વેળાએ ૭ નવકાર ગણી **ધંધુકા** તરફ પ્રસ્થાન કર્યું.

પવનવેગી સાંઢણી સડસડાટ **સાબરમતી**ના કિનારેથી ટૂંકા રસ્તે નદીને પાર કરી **સરખેજ-બાવળા** થઈ **કોઠ-ગુંદી-ફેદરા** થઈ રાત્રે ૧૧ા વાગે **ધંધુકા** પહોંચી ગયા.

ગામ બહાર ધર્મશાળાનાં બંને પિતા-પુત્રે મુકામ કરી દેવસી-પ્રતિક્રમણ કર્યું. સંથારા પોરસી ભણાવી સૂઈ ગયા.

આ પૂર્વે પૈસા સાંઢણુ-સવાર મારફત બીજી સાંઢણી સવારે પા વાગે તૈયાર થઈ આવી જાય તેમ નક્કી કરી લીધેલ.


સવારે ચાર વાગે ઊઠી બંને પિતા-પુત્રે રાઈ-પ્રતિક્રમણ કરી પા વાગે આવેલ **સાંઢણી** પર બેસી સાત નવકાર ગણી પ્રસ્થાન કર્યું.

આઠ વાગતાં તેઓ લીંબડીના પાદરે ભોગાવાના કાંઠે આવી પહોંચ્યા.

ત્યાં સાંઢણી-સવારને પૈસા ચૂકવી બક્ષીસના પાંચ રૂપીઆ આપી દૂરથી દેખાતા જિનાલયના શિખરનું णमो जिणाणं जिअभयाणं श्री सन्मान કરી ૨૧ નવકાર ૭ ઉવસગ્ગહરં ગણી **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** અને શ્રી **ગૌતમસ્વામીજી**ના ૨૭-૨૭ નામ લઈ બંને પિતાપુત્રે ધીમે-ધીમે ભોગાવો પાર કરી કારતક વદ-૧૪ રવિવારે ત્રીજા લાભ ચોઘડીએ ૧૦-૨૩ લગભગ **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુ, **શ્રી ગૌતમસ્વામીજી** અને સંયમધર્મને નમસ્કાર કરી ઊપડતા સૂરે ૭ ડગલાં ભરી **લીંબડી** ગઢૈરમાં પ્રવેશ કર્યો.

બજાર વચ્ચે ચોકમાં આવેલ શ્રી **શાંતિનાથ** પ્રભુના દર્શન કરી-પાસેના બજારમાં ભવ્ય દેવવિમાન જેવા શ્રી **શાંતિનાથ** પ્રભુના દહેરે દર્શન ચૈત્યવંદન કરી પાસે આવેલ પૂરબાઈની ધર્મશાળાએ णिसिही કહીને બંને પિતા-પુત્ર પૂ. **અંબેરસાગરજી મ** પાસે હરખભેર પહોંચ્યા.

મત્થએણ વંદામિ કહી વંદના કરી સુખશાતા પૂછી સ્વસ્થ ચિત્તે બેઠા ફે ઘડિયાળમાં ૧૧ ના ટકોરા પડ્યા.



શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પ્રકરણ-૪૪

પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા અંગે મગન ભગતની પૂર્વ તૈયારી

પૂ. શ્રી **ઝવેરસાગરજી મ.** શ્રીએ મગન ભગત અને સાથે આવેલ ચરિત્રનાયકને નિહાળી દૃષ્ટિથી જરા ખેદને વ્યક્ત કરીને પણ સૌજન્ય-ભાવને મુખમુદ્રા પર વ્યક્ત કરી અને સૂચવ્યું કે "પૂજા આદિનું કાર્ય પતાવી નિરાંતે આવવા ઉપયોગ રાખવો."

મગન ભગત પણ ગૃહસ્થના ઘરે ન્હાઈ-ધોઈ શ્રી **શાંતિનાથ** પ્રભુના દહેરે ચરિત્રનાયકશ્રી સાથે પૂજા કરી, પછી સ્નાત્રપૂજા ભણાવી સ્વ-દ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરી.

શાંતિકળશ કરી પૂ. ચરિત્રનાયકશ્રીએ "પોતાનો કર્મ-દાવાનળ **શ્રી શાંતિનાથ-પ્રભુના** અજબ પ્રતાપે શાંત થાય" એવી તીવ્ર ઉત્કંઠાપૂર્વક અંતરથી ચારિત્રની પ્રાપ્તિનો દૃઢ સંકલ્પ કર્યો.

પછી ચૈત્યવંદનમાં મગન ભગત **"શાંતિ જિણંદ સોભાગી"** સ્તવન ભાવવાહી મુદ્રાએ બોલ્યા. જેમાં પૂ. ચરિત્રનાયકશ્રી પિતાશ્રીના સૂરે-સૂરે તાલ મેળવવાપૂર્વક કયારેક ટપકતા આંસુએ, કયારેક ઉલ્લાસપૂર્વક **સ્તવનના** મર્મને હૈયા સુધી પહોંચાડવા આદર્શ પ્રયત્ન કર્યો.

છેવટે પૂ. ચરિત્રનાયકશ્રીએ **"મારો મુજરો લ્યોને રાજ !"** સ્તવન ગંભીર સ્વરે બોલી દાદાને વિનંતિ કરી કે-

"ભવમંડપમાં કરેલ વિવિધ નાટકને નિહાળી આપ મારો મુજરો સ્વીકારવા રૂપે મને આ નાટક હવે કરવું ન પડે તેવું વરદાન સ્વરૂપ ચારિત્ર-સંયમ આપવા રૂપે રહેમ-બક્ષીસ કરો !!!"

એવા અંતરના નાદ સાથે સ્તવન રોમાંચપૂર્વક બોલ્યા. ગદ્‌ગદ્‌ થઈ જયવીયરાય બોલ્યા- "सुह-गुरु-जोगो तव्वयण-सेवणा" "तहवि मम हुज्ज सेवा भवे भवे तुम्ह चलणाणं" અને "दुक्खखओ कम्मखओ." ગાથા ખૂબ જ સંવેગભર્યા સૂરે બોલી અંતરથી ભવ-ભ્રમણ ટાળવા માટે સર્વ-વિરતિ-ચારિત્રની ખૂબ આજીજીભરી પ્રાર્થના કરી.

પછી "દર્શન મોહનીય ક્ષયંકરાય, શ્રી તીર્થંકર પરમાત્મને નમઃ" ની ૨૦ માળા ગણી.

ૐ હ્રીં णमो चारित्तस्स ની ૨૦ માળા ગણી બ્રહ્મચર્ય-પદની ૧૮ માળા ગણી વિવેકી શ્રાવકોની અભ્યર્થનાથી સમયસર જમવાનું પતાવી ૧૧। વાગે લગભગ ઉપાશ્રયે આવ્યા.

પૂ. અવેરસાગર મ. ની ગોચરી તુર્તમાં થયેલ, તેથી બંને પિતાપુત્રે સામાયિક લઈ ત્રણ બાંધી માળા નવસ્મરણ, ગૌતમસ્વામી રાસ વગેરેનો સ્વાધ્યાય કર્યો.

બીજા સામાયિકમાં પૂજ્યશ્રીએ આપેલા શ્રી જંબૂસ્વામી લઘુ રાસનું વાંચન પિતા-પુત્રે કર્યું.

પૂ. જંબૂસ્વામીજીના ચારિત્ર-ગ્રહણ પ્રસંગે પૂ. ચરિત્રનાયકશ્રી પશ્ચાત્તાપ-સંવેગ ભાવથી પ્લાવિત બની મજબૂત અને ટપકતી-આંખે ખૂબ ગંભીર બની ગયા.

એટલામાં ત્રીજા સામાયિક વખતે પૂજ્યશ્રીએ બંનેને બોલાવી બધી વિગત જાણી.

શીયાણી-દીક્ષા પછી ખોરજમાં ગુપ્તપણે રાખેલ અને જેઠ સુદ ૫ ના વિદ્યાશાળામાં સ્વજનો સમક્ષ જાહેર થયા સુધીની વાત જાણમાં હતી.

પછી વેવાઈએ કરેલ કેસ અને અમારા બધાની ના છતાં શ્રાવિકાને સમજાવી દેવાના તોરમાં ઘરે રહ્યા જેનું પરિણામ હૈયું કંપાવનાર આવ્યું. વગેરે કહી "बीती ताही विसार दे आगे की सूधि लेय" ની જેમ હવે હેમચંદ્ર બરોબર અગ્નિ-પરીક્ષામાંથી પસાર થઈ કુંદન જેવી ઉત્કટ નિર્મળ-પરિણામની ધારાએ હૈયાના પલટાપૂર્વક આવીને શરણાગત-ભાવથી આપના ચરણોમાં આવ્યો છે.

આપ કરૂણાના ભંડાર છો! વર્ષોથી આપની ધર્મકૃપા મારા પર છે તેવી ટાઢી રાખી "છોરૂ કછોરૂ થાય, પણ માવતર કમાવતર ન થાય" ની જેમ અમારી ભૂલો-ક્ષતિઓને અંતરની ભાવદયાથી માફ કરીને હવે જિનશાસનના રાજમાર્ગે મારા સંતાનને આપની નિશ્રાએ વાળવા આવ્યો છું. તો જરૂર સ્વીકારી મહાકૃપા કરો!

હવે સગીર-વયનો સવાલ નથી કેમકે હેમચંદ્રને પંદર વર્ષ પૂરા થઈને આજે ચાર મહિના-ઓગણત્રીશ દિવસ ઉપર થયા છે.

પંદર વર્ષ ઉપર એક દિવસ થાય એટલે સોળમું બેઠું કહેવાય.

એટલે સોળ વર્ષના મારા ધર્મિષ્ઠ સંતાનને હવે કાયદેસર કોઈ નડતર આવે તેમ નથી.

હવે મારું સંતાન ઠેકરો ખાઈને શાણપણના રાહે આવેલ છે. એટલે આજ્ઞાનિષ્ઠતામાં હવે ખામી નહીં આવે. વગેરે આજીજીભરી-વાતોથી પૂજ્યશ્રીના હૈયાને ચરિત્રનાયકની દીક્ષા માટે ધરપત આપી.

પણ પૂજ્યશ્રી જરા ગંભીર બની આંખો મીંચી ગંભીર-મુદ્રાએ સ્થિર થઈ ગયા, થોડીવારે જાણે ધ્યાનમાંથી જાગૃત થવાની જેમ ગંભીર સ્વરે બોલ્યા કે—

ભગત! "દૂધનો બળેલો છાશ ફૂંકીને પીયે." ની જેમ જે તમારી પર અને હેમચંદ પર ભાવીયોગે જે વીત્યું છે, તેનું પુનરાવર્તન ન થવા પામે એ વિચારવું બહુ જરૂરી છે!

તમારા વેવાઈ અને મોહઘેલા સ્વજન-વર્ગનો ઊભરો શમે નહીં, ત્યાં સુધી ઉતાવળું પગલું વધુ અનિષ્ટ વધારી મુકે.

માટે હજી થોડો કાળ-વ્યાક્ષેપ કરવો વ્યાજબી છે!"

એમ કહી મગન-ભગતને ધીમેથી બધી વાત સમજાવી કે "એક વાર, ભૂલ-ભરેલા પંથે જઈ ઠોકર ખાધા પછી વળી પાછા તે જ રસ્તે ડગલાં ભરવાં વ્યાજબી નહીં," આદિ.

મગનભાઈએ પૂજ્યશ્રીની વાત ખૂબ જ અગમચેતી ભરી સમજી હેમચંદભાઈને ટૂંકમાં સમજણ પાડી પોતે પાલીતાણા યાત્રા કરવા જવાનું વિચાર્યું.

પૂ. શ્રી ઝવેરસાગરજી મ. શ્રીની સૂચનાનુસાર સંયમની સાધના પંથે આડા આવી રહેલા અંતરાય-કર્મને હઠાવવા પૂ. ચરિત્રનાયકશ્રીને પણ તરણતારણહારશ્રી સિદ્ધગિરિની યાત્રાએ લઈ જવા વિચાર્યું.

ચૌદશનું પાક્ષિક પ્રતિક્રમણ-ગુરુનિશ્રાએ કરવા વિચાર્યું.

અમાસના દિવસે સવારે વહેલું ચોઘડીયું સારું ન હોઈ ચૌદશની પાછલી રાતે છેલ્લા ચલ ચોઘડીયામાં પ્રથમથી વાત કર્યા મુજબ સાંઢણી મારફત બોટાદ દશ વાગતાં પહોંચ્યા.

ત્યાં પૂ શ્રી ઝવેરસાગરજી મ. ની ચિઠ્ઠીને આધારે ન્યાલચંદ છનાભાઈને ત્યાં ન્હાઈ-ધોઈ પૂજા કરી જમી બપોરે ૨॥ વાગે સાંઢણી મારફત રાત્રે ૮ વાગે પાલીતાણા પહોંચી ગયા.

બંને પિતા-પુત્રે ઉમંગભેર બેસતા મહિનાની યાત્રા અને શ્રી આદીશ્વર-દાદાની પૂજા કરી માનસિક-ઉલ્લાસ મેળવ્યો.

યાત્રા કરીને નીચે આવ્યા પછી મગન ભગતે જમવાનું પતાવ્યા બાદ રાત્રે પ્રતિક્રમણ પછી પૂ. ચરિત્રનાયકને વાત કરી કે "તરણતારણહાર શ્રી સિદ્ધગિરિની સ્પર્શના કરી તો બાળ-બ્રહ્મચારી બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુને પણ ગિરનાર જઈ ભેટી આવો તો સંયમનો માર્ગ મોકળો બનશે."

પૂ. ચરિત્રનાયકને નાનપણથી જ શ્રી નેમિનાથ પ્રભુ પર વધુ ભાવ હોઈ "ભાવતું"તું ને વૈદ્યે કહ્યું." તેવી આંતરિક-પ્રસન્નતાપૂર્વક તૈયારી દર્શાવી.

મગનભાઈએ કહ્યું કે—"બેટા હેમુ! હવે હું અહીં વધારે સમય ગાળીશ તો ઘરે ઘમાલ કરી ઉપડશે માટે લે આ વાટખર્ચીના પૈસા! બીજા જ્યારે જોઈએ ત્યારે મંગાવજે! પણ હું અહીંથી હવે સીધો કપડવંજ જઈશ. તું નિરાંતે ચઢતે-ઉમંગે જૂનાગઢ જઈ ગિરનાર તીર્થને ભેટી શ્રી નેમિનાથદાદા પાસેથી અપૂર્વ બળ મેળવી સંયમપંથે ગુરૂઆજ્ઞા પ્રમાણે ધપજે!"

"અહીંથી જૂનાગઢ માટે અમરેલી થઈને જવું પડે તો હું બજારમાં જઈ સાંઢણીની વ્યવસ્થા કરી આવું. અમરેલીમાં તે સાંઢણીવાળો જૂનાગઢની સાંઢણી કરી આપે તેવી ભલામણ કરીશ જ!"

"ગભરાઈશ નહીં! શાસનદેવ બધું સારું કરશે!" કહી મગનભાઈ પાલીતાણા બજારમાં જઈ સાંઢણીવાળાનું નક્કી કરી આવ્યા.

ભાગ્યયોગે તે સાંઢણીવાળાના કાકા અમરેલી રહેતા હતા, તે એમ આવી સાંઢણીઓથી મુસાફરી કરાવવાનું કામ ભાડેથી કરતા હતા.

એટલે મગનભાઈ એ પાંચ રૂપિયા વધારાના આપી "પોતાનો દીકરો કાળજાની કોર જેવો" છે. જરાય તકલીફ ન પડે તેની પૂરતી ભલામણ સાથે સાંઢણીવાળા મારફત ઠેઠ જુનાગઢ સુધીની પાકી તજવીજ કરી.

સાંઢણીવાળાને સાથે લઈ ધર્મશાળાએ આવી પૂ. ચરિત્રનાયક સાથે વાત કરાવી દીધી. સાંઢણીવાળો પણ સારો ભદ્ર પ્રકૃતિનો માણસ હતો જેથી સાંઢણીવાળાએ મગનભાઈને મરપત આપી કે-"મારા દીકરાની જેમ ખૂબ સાચવીને લઈ જઈશ અને જૂનાગઢ પહોંચાડવાની પાકી જોખમદારી કરીશ"-આદિ.

મગનભાઈએ પૂ. ચરિત્રનાયકને અમરેલી રાત રહી બીજે દિ' જુનાગઢ જવાની ભલામણ કરી. ફા.સુ. ૨ ગુરૂવારે શુભ ચોઘડીયે ૭ નવકાર ગણી પોતાના હાથે કંકુ-ચોખા કરી પૂ. ચરિત્રનાયકને હરખભેર અમરેલી તરફ વિદાય કરી પોતે પાલીતાણાથી કપડવંજ તરફ રવાના થયા.

श्री वर्धमानस्वामिने नमः

પ્રકરણ-૪૫

પૂ. ચરિત્રનાયકશ્રીની ચારિત્ર-ગ્રહણની તીવ્ર આતુરતા છતાં સંયોગોની પ્રબળ ભીંસ

પૂ. ચરિત્રનાયકશ્રી દેવ-ગુરુકૃપાએ હેમખેમ અમરેલી થઈ જુનાગઢ પહોંચ્યા. ત્યાં **શેઠશ્રી હેમાભાઈની ધર્મશાળામાં** રાત રહી **શ્રી ગિરનાર તીર્થ**ની બધી માહિતી મેળવી.

જુનાગઢના ઉપલા-કોટ બજારના ચૈત્યોની ભાવભરી યાત્રા કરી સાંજે તલેટીએ **ધર્મ-શાળાએ** જઈ સૂઈ ગયા.

બીજા યાત્રાળુઓ સાથે માગશર સુ ૩ ગુરુવારે ઉમંગભેર ગરવા **ગિરનાર-ગઢની** સ્પર્શના કરી વિષય-વાસનાના વિજેતા અજોડ-બ્રહ્મચારી **શ્રી નેમિનાથ-દાદાની** ચઢતા-પરિણામે સંયમની જલ્દી પ્રાપ્તિ થાય તેવી ભાવનાથી અષ્ટપ્રકારી પૂજા કરી ચૈત્યવંદન આદિ કરી "ॐ ह्रीँ श्री गिरनार मंडन-श्री नेमिजिनवराय नमः"ની ૨૦ માળા ગણી સાંજે ૬ વાગે નીચે આવી ગયા.

જુનાગઢમાં રહેવા વગેરેની સગવડ સારી હતી. એટલે શ્રી ગિરનાર તીર્થની બીજી બધી ટૂંકોની યાત્રાનો વિચાર હોવા છતાં પૂ. ચરિત્રનાયકશ્રીએ જેમ બને તેમ પૂ ગુરુદેવશ્રીની નિશ્રામાં ઝટ પહોંચી તેઓ કહે તે રીતે સંયમ અંગેની પૂર્ણ તૈયારી કરવાના શુભ-ઈરાદાથી જલ્દી **લીંબડી** પહોંચી જવા વિચાર્યું. *

---

* જૂના સંગ્રહમાંથી એક પત્ર જેના પર લેખન સંવત વગેરે મળેલ નથી, પણ સરનામું **હેમચંદ લક્ષ્મીચંદની પેઢી** છે. તે જુનાગઢમાં તીર્થનો વહીવટ કરનારી પેઢીનું નામ છે.

એટલે અનુમાન થાય છે કે- **મગનભાઈએ** એક પત્ર જુનાગઢ **હેમચંદ લક્ષ્મીચંદની પેઢી**ના સરનામે લખેલ હશે.

પણ તે પૂ. ચરિત્રનાયકશ્રીને મળ્યો લાગતો નથી. કેમ કે તેના પર **પુરુષાઈ જૈન ધર્મશાળા લીંબડી**નું સરનામું પણ છે કદાચ જુનાગઢથી રિટર્ન થઈ લીંબડી મળ્યો હશે.

આ પત્ર પૂરો પરિશિષ્ટમાં છાપેલ છે, પણ આ પત્રમાં જુનાગઢથી તુર્ત લીંબડી જવાનો ઈશારો છે.

ઘણી ભણવાની તાલાવેલી પૂ. ચરિત્રનાયકશ્રીની ઘણી છે તો **પૂ. મણિવિજયજી મ** ખંભાત કે જ્યાં હોય ત્યાં પહોંચી જવાની ભલામણ કરી છે.

તે પ્રમાણે તપાસ કરી સાંઢણી મારફત અમરેલી–ગારીયાધર–બોટાદ થઈ ચોથે દિવસે માગશર સુદ ૭ બપોરે બે થી ત્રણ ના ગાળામાં લીંબડી પહોંચ્યા. પૂજ્યશ્રી પાસે જઈ યાત્રાની બધી વિગત જણાવી.

પૂજ્યશ્રીએ યાત્રાની વિગતમાં ઘણકતા સંયમ પ્રત્યેના અહોભાવને પારખી પૂ ચરિત્રનાયકશ્રીને કહ્યું કે–"મહાનુભાવ ! ઉતાવળના કડવા ફળ એક વાર ચાખ્યા છે ! માટે ધીરજની જરૂર છે ! તમને નિકળ્યાને આઠ-દશ દિવસ થયા છે. તમારા શ્વસુર-પક્ષની ધમાલ કેવી રહે છે ! તે ઉપર નિર્ણય થઈ શકે ! ! !"

"તે દરમ્યાન તમે શાંતિથી અહીં રહો ! ધાર્મિક-અભ્યાસ કરો અને અંતરને વધુ મજબૂત બનાવો." આદિ કહી તેઓએ ગંભીર આશ્વાસન આપ્યું.

પૂ. ચરિત્રનાયકશ્રીએ "**આજ્ઞા એ સંયમ જીવનનો પ્રાણ છે**" એ વાતના મર્મને પારખી મનની સક્રિયતાને ડામી આજ્ઞા મુજબ વર્તવા નિર્ધાર કર્યો.

સવાર-સાંજ પ્રતિક્રમણ, રોજ સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા, ત્રિકાળ દેવવંદન, રોજના છ-સાત સામાયિક અને ધાર્મિક-અભ્યાસ સાથે ગુરુમહારાજની શુશ્રૂષા આદિથી જીવનને પાવન બનાવી રહ્યા.

પૂ. ચરિત્રનાયકશ્રી ગોઠવણ પ્રમાણે તારક ગુરુદેવશ્રીનું શરણું ફરીથી લાધી ગયાની મસ્તીમાં આનંદવિભોર બની ગયા લાગે છે કે જેથી પોતે જુનાગઢ થઈ લીંબડી આવી ગયાના સમાચાર કપડવંજ લખવું ભૂલી ગયા લાગે છે.

આ વાત નીચેના પત્ર પરથી પ્રતીત થાય છે :

"પરમ ઉપકારી મુનિ મહારાજા ઝવેરસાગરજી સાહેબજી કપડવંજથી લી. ગાંધી મગનલાલ ભાઈચંદ આપની ચરણ કમળની સેવાના ઈચ્છુકની વંદના ૧૦૮ વાર અવધારશોજી.

અત્રે ઉદય યોગ્ય દેવ-ગુરુપસાયથી સુખશાતા વર્તે છે. આપની સુખશાતાનો પત્ર કૃપા કરીને લખજો.

જુનાગઢ ગયેલ માણસ જરૂર આપની પાસે આવવાનો હતો તે આપની પાસે આવ્યો હશે.

અગર જુનાગઢ પહોંચ્યાનો જવાબ આજ સુધી બિલકુલ આવેલ નથી તેથી ઘણી જ ફીકર થાય છે.

માટે આવ્યા હોય અગર જેમ હોય તેવી ખબર તમારે ત્યાં જામનગર કે જુનાગઢથી મંગાવીને તરત કાગળ લખશો.

જુનાગઢથી ખબર મંગાવીને ખબર લખશો. આ કાગળનો જવાબ આવ્યેથી શાતા થશે ત્યાં સુધી અમારો જીવ ઘણો જ દિલગીર રહેશે. આપ કૃપા કરી વળતી ટપાલે લખજો."

આ દરમ્યાન અંતરંગ-હિતૈષી પિતાજીનો પત્ર પણ વિગતથી આવ્યો જે નીચે મુજબ છે–

"સ્વસ્તિ શ્રી પાર્શ્વ જિન પ્રણમ્ય શ્રી લીંબડી નગરે એકવિધમ સંજમના દાતક દુવિધ ધર્મના પ્રરૂપક ત્રણ તત્ત્વ ધારક ચાર પ્રકારના કસાયજીવક પંચ મહાવ્રત મહા પાલણહાર ઈત્યાદિક અનેક ગુણાએ કરી સુશિરાજમાન શ્રીશ્રીશ્રીશ્રીશ્રી ૧૦૦૮ શ્રી મુનિ મહારાજશ્રી જવેરસાગરજી સાહેબજી જોગ શ્રી ખંભાત બંદરથી વિ. આપના ચરણકમળની સેવાનો સદા ઈચ્છુક મગનલાલ ભાઈચંદની વંદના દિનપ્રતિ ૧૦૦૮ વાર અવધારશોજી.

અત્રે દેવગુરુપસાયથી ઉદયયોગ સુખશાતા વર્તે છે.

આપની સુખશાતાનો પત્ર હેમચંદના અક્ષર સાથે પહોંચ્યો છે.

પછી બીજી વાતો લખી પૂ. ચરિત્રનાયકને અંગે મગનભાઈ જણાવે છે કે—

"એઓને સોબત ધરમને વિષે ઉદ્યમવાન સારી રીતે રખાવજો! કોઈ ઉલ્લંઠ અગર બાળજીવોની કરવી નહીં.

ભણવાને વિષે સારી રીતે ઉદ્યમ કરાવશો તે બાબતમાં તમોને કંઈ લખવું પડે તેમ નથી. જેમ પરણતી (કન્યાને) ગુણનું આસ્થાન રૂપ પ્રગટ થાય તેમ સારી રીતે વરતાવવા."

હવે પૂ. ચરિત્રનાયકને ઉદ્દેશીને મગનભાઈ જણાવે છે કે—

"ભાઈ હેમચંદને માલુમ થાય જે કાગળ લખવામાં બે દિવસની ઢીલ થઈ છે, તેનું કારણ કે મારા શરીરે બાદી થઈ આવી હતી તેથી ઢીલ થઈ છે. હવેથી સારું છે. અમારી તરફની કંઈ ફિકર કરશો નહીં."

તમારા શરીરનો બાપતો રાખજો! કોઈ રીતે હેરાન થશો નહીં! પૈસા જોઈએ તે પ્રમાણે મંગાવજો ને જેમ મહારાજ સાહેબ કહે તેમ બરોબર રીતે વર્તશો કે જેથી પરિણામે અનંતો હિત-લાભ થાય.

ગુરુમહારાજ સર્વોપરિ નિષ્કારણબંધુ છે. તેઓનું જે કહેવું છે તે સર્વે આપણા હિતને માટે છે. પરમાર્થ દાવે છે. તે સર્વે અમૃત ભોજનવાર ઉલ્લાસથી અંગીકાર કરશો.

તેમાં તમોને વિશેષ લખવું પડે તેમ નથી. થોડું લખ્યું ઘણું કરીને જાણજો.

એજ સંવત ૧૯૪૭ના માગસર સુ. ૧૪ વાર ગુરુ."

લી. આપણા ચરણકમળની સેવાનો સદા ઇચ્છુક મગનલાલ ભાઈચંદની વંદના દિનપ્રતિ ૧૦૦૮ વાર અવધારશોજી. કાગળનો ઉત્તર તુર્ત લખશોજી. કપડવંજ તરફ પ્રભાતનો નીકળી જઈશ."

× × ×

આ પ્રમાણે પૂ. પરમોપકારી પિતાજીની દોરવણી મુજબ ગુરુભક્તિ, વિનય, વૈયાવચ્ચ અને જ્ઞાનાભ્યાસમાં પૂ. ચરિત્રનાયકશ્રી ભાવોલ્લાસથી ખપી રહ્યા.

પૂ શ્રી જવેરસાગરજી મ. પાસે કાસીંદ્રાના **શાહ કાલા મૂળજી** અને **હામાચૂડા** વંદનાર્થે આવેલ. બે દિવસના પરિચયમાં તેમોએ પૂ. ચરિત્રનાયકશ્રીની ઉત્કટ વૈરાગ્ય-વૃત્તિ નિહાળી ખૂબ આનંદિત થયેલ. તેમનો પત્ર જૂના સંગ્રહમાંથી મળી આવ્યો છે.

"ભાઈ હેમચંદ મગનલાલના વિરંજીવી પરમેશ્વર ઘણા વરસ રાખે

કાસીંદ્રાથી લી. શાહ કાલા મૂળજીના ઘણાં હેતે યથાયોગ્ય પ્રણામ વાંચજો.

લખવાનું કે હું ચૌદશે સવારના ૯ વાગે કાસીંદ્રા પહોંચ્યો છું.

ઘડી ઘડી સાંભરો છો !

વિશેષ આપ ભણવામાં ઉદ્યમ સારો રાખજો કે જેથી તરશો.

બીજું તરવાનું જહાજ એ જ જ્ઞાન છે માટે જોગ સારો કે.

વિશેષ ગાંડપણ કરશો નહીં. હમણાં ભણવાનો ઉદ્યમ રાખજો.

કાગળ મારા પર ખુશીના તરતી લઈ લખતા રહેજો.

બસ મને હેતથી જુહાર વંચાવજો.

મણિ વિ. વિહાર કરી આવવાનો કાગળ આવે એટલે મને પત્ર લખજો.



કામકાજ મુજ લાયું લખજો.

જોઈતું-કરતું મંગાવજો.

મિતી માગશર સુ. ૧૪

પત્ર ઉતાવળથી લખ્યો છે. ભૂલચૂક સુધારી વાંચશો.

લી. ડામાચૂડા

આ કાગળમાં પૂ. શ્રી અવેરસાગરજી મ. પાસે વંદનાદિ કાર્યપ્રસંગે આવેલ કાસીંદ્રાના ભાઈ કેવા હેતથી પૂ. ચરિત્રનાયકશ્રીને પત્ર લખે છે ! તે શબ્દ-શૈલિ પરથી જણાઈ આવે છે.

વળી "ગાંડપણ કરશો નહીં" હેતભર્યા ઠપકાના શબ્દોથી પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષાની અતિ ઉત્સુકતાને નાથવા કોશિશ કરી છે.

પૂ. ચરિત્રનાયકશ્રી અવારનવાર પૂજ્યશ્રીને ઝડપથી દીક્ષા આપવા વિનવણી-આજીજી કરતા હશે. કપડવંજ પિતાજીને પણ પત્રથી જણાવતા હશે.

કેમ કે સં. ૧૯૪૭ માગસર વદ ૩ નો મોટો પત્ર જૂના સંગ્રહમાંથી મળ્યો છે જે પત્ર પાછળ પરિશિષ્ટમાં આપેલ છે.

તે પત્રની કેટલીક કંડિકાઓ પૂ ચરિત્રનાયકશ્રીના માનસની કેટલીક વાતો રજુ કરતી જણાય છે. જેમ કે

"લીંબડી રજવાડી છે માટે અમારો વિચાર અંગ્રેજીમાં રાખવાનો છે, કારણ કે અંગ્રેજી રાજ્યમાં કાયદા પર કામ થાય, માટે લખ્યું છે.

તેમ જ હાલ ખંભાતમાં અંગ્રેજી કારભાર ચાલે છે, વળી પોપટભાઈના તથા નીતિવિજયજી સાહેબ તથા મણિવિજયજીની સહાયતા છે ને મદદ પણ સારી રીતે છે.

માટે એને ખંભાત મોકલશો.

અમારો વિચાર અંગ્રેજીમાં રાખવાનો છે. લીંબડીમાં રહેતા કાળીદાસ જીવણદાસવાળાનું સપાડું પાડ્યું હોય તેમ છે.

પણ કોઈ તરેહનું રાધનપુરવાળાની પેઠે જુદું તહોમત લગાવી ચાર દિવસ ખોસી ધલાવે.



અથવા દ્રવ્યદયાના કારણથી ખોટી રીતે હેરાન કરે તો મુશ્કેલી આવી પડે માટે અમારા મનમાં ખોટી ધાસ્તી રહે છે."

આ લખાણ પરથી મગનભાઈએ પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષાની ઉતાવળથી પૂ શ્રી ઝવેર-સાગરજી મ. ફરીથી બાનગી દીક્ષાની તૈયારી કદાચ કરી હોય, તેનો સ્પષ્ટ વિરોધ દર્શાવ્યો છે.

તેમ જ પૂ ચરિત્રનાયકશ્રીના મનને ધરપત આપવા ખંભાતનો ઉપાય સૂચવ્યો છે. બીજું આ પત્રમાં લખાણ છે કે—

"બીજું સામેવાળા લોકો સંઘમાંથી માગશર વદ દશમ પર આવવાના છે ત્યાં સુધી હરકત નથી."

આ લખાણ બે-ત્રણ બાબતો સૂચવે છે. એક તો કપડવંજથી સિદ્ધાચલ મહાતીર્થનો છ'રી પાળતો સંઘ ગયો લાગે છે.

તેમાં પોતાના વેવાઈ વગેરે યાત્રાર્થે ગયાનો ઉલ્લેખ કરી હાલ અહીં ધમાલ નથી એમ દર્શાવ્યું છે

બીજું ખંભાત દીક્ષા આપવી હોય તો વાંધો નથી. તેઓ માગશર વદ ૧૦ પર આવવાના છે તે પૂર્વે કામ પતી જાય.

અને હવે સોળ વર્ષ થયેલ હોઈ અંગ્રેજી રાજ્યમાં કાયદેસર કંઈ ન ચાલે એમ ગર્ભિત સૂચન લાગે છે.

ત્રીજુ વેવાઈ પક્ષવાળા માગ. વદ ૧૦ પછી આવી હેમચંદની ગેરહાજરીનો અર્થ શો કાઢે છે? કેવો વાંધો પડે છે? તેની ખબર પછી પડે વગેરે બાબતોનું સૂચક આ લખાણ લાગે છે.

"આ કાગળનો જવાબ તથા ખંભાતથી લખેલ કાગળનો પડોંચ્યાનો જવાબ તરત વળતી પોષ્ટમાં લખજો કે અમારા જીવને વિકલ્પ થાય નહીં.

જેમ નિરુપદ્રવથી કામ સિદ્ધ થાય તેવી ગોઠવણ કરવાની છે."

આ ઉપરથી દીક્ષા અપાવવી તે વાત ચોક્કસ! પણ હવે ઉપદ્રવ ન થાય તેવી સાવચેતીથી અપાવવી છે એમ પ્રતીત થાય છે.



વળી આ જ પત્રમાં પૂ. ચરિત્રનાયકશ્રીને ઉદ્દેશીને લખેલ છે કે—

"ભાઈ હેમચંદને માલમ થાય જે ઉપર લખેલી સર્વ હકીકત વાંચીને વાકેફ થજો ને જેમ પરિણામે જ્ઞાનવૃદ્ધિ થાય તેમ કરજો.

તમે તો સમજુ છો તમોને કંઈ ઘણું લખવું પડે તેમ નથી.

જેમ શાંતિથી કામ સિદ્ધ થાય તેમ વર્તવું.

અત્રે તરફની કશી ફીકર તમારે રાખવી નહીં.

જેવો અવસર હશે તેવું સર્વે સુખી થાય તે ધર્મનો વેશ ના થાય તેવો વિચાર ગોઠવણીથી કરશું.

તમો જેમ આત્મસાધન રૂડી રીતે થાય તેમ વર્તજો.

અમો જેમ તમારું કામ સિદ્ધ થાય તેમ અમારું સાધન જે રીતે બનશે તે રીતે કરશું."

આ લખાણમાં વિવેકી મગનભાઈએ પૂ. ચરિત્રનાયકને યોગ્ય હિતશિક્ષા અનેક રીતે આપી છે.

અને સર્વ હકીકત વાંચીને વાકેફ થવાની વાત લખી આનગી દીક્ષા માટે અંગ્રેજી રાજ્ય ઠીક હોવાની વાત સૂચવી.

તેમ જ "**શાંતિથી કામ સિદ્ધ થાય**" એ વાત ધીરતા કેળવવા ગર્ભિત સૂચન કરેલ છે.

"સર્વે સુખી થાય અને ધર્મનો વેશ ના થાય" ની વાત લખી વિરોધ કરનારા વેવાઈઓ તરફ પણ દુર્ભાવ નથી પણ ધર્મનો વેશ – ફજેતી ન થાય તેવી તકેદારી રાખવી જરૂરી સૂચવી છે.

છેલ્લે છેલ્લે "અમો તમારું કામ સિદ્ધ થાય, તેમ અમારું સાધન બનશે તે રીતે કરશું." આ લખાણથી તો પૂ. ચરિત્રનાયકશ્રીનો દીક્ષા માટે બનગની રહેલ મનની ઘોડીને જબરા ચોકઠામાં લેવા સફળ પ્રયત્ન કર્યો છે.

પૂ. ચરિત્રનાયકશ્રી વિવિધ રીતે પ્રથમ ખાધેલ ઠોકરને નજર સામે રાખી પોતાની **રાજસિક-વૃત્તિને** કાબૂમાં લેવા **સફળ** પ્રયત્નો કરી રહ્યા હતા.



પણ ચારિત્ર ન મળે તે દરમ્યાન **જ્ઞાનોપાર્જન**ની, જે તાલાવેલી હતી, તેને લઈને પણ પૂ. ચરિત્રનાયકશ્રી સંયોગોને વિવશ બની અધીરા બન્યા હતા.

જે વાત તેમણે પ્રાયઃ પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ. (સંઘસ્થ વિર પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ.) ને રાધનપુર પત્રથી લખી જણાવી લાગે છે. કેમ કે જુના સંગ્રહમાંથી નીચે મુજબનો પત્ર મળી આવ્યો છે.

"શ્રી પાર્શ્વનાથજી પ્રણમ્ય સ્વસ્તિશ્રી રાધનપુરથી લી. મુનિ સિદ્ધિવિજયજી તથા ચતુરવિજયજી તથા ચારિત્રવિજયજી શ્રી લીંબડી નગર મધ્યે લજ્જાળુ દયાળુ ધર્માભિલાષી શ્રદ્ધાવિવેક માધ્યસ્થ સુશ્રાવક હેમચંદ મગનલાલ જોગ દુષ્કર્મોચ્છેદક ધર્મલાભ પહોંચે.

શ્રી અત્રે દેવગુરુ પસાયે સુખ વર્ત્તે છે તેમ તમોને સુખ વર્મો.

વિશેષ અમે આજ દિને અત્રે આવ્યા છીએ અને તમારો પત્ર પણ મળ્યો છે. વાંચીને પરમ સંતોષ પ્રાપ્ત થયો છે.

વળી અમારે અહીં રહેવાનું પ્રાયઃ એક માસ ખરો, એટલે હાલ સ્થિરતા છે તે જાણજો.

બીજું ભણવામાં વિશેષ પ્રકારે વૃદ્ધિ થાય તેમ કરશો.

એ જ ધર્મ સાધના રુડી રીતે કરવું એજ સાર છે.


એજ સંવત ૧૯૪૭ વરસે પોષ સુદ ૧૨ બુધ.

ઇ. ચતુરવિજયના ધર્મલાભ વાંચજો."

આ પત્રમાં પૂ. ચરિત્રનાયકશ્રીના નામ આગળ પ્રયોજેલા વિશેષણો ચરિત્રનાયકશ્રીની **અધ્રુતિ** ટાળવાના આશયથી લખાયા હોય તેમ લાગે છે.

વળી ભણવા સંબંધી વિચારોના અતિરેકને ધર્મસાધના રુડી રીતે કરવાની વાત રજુ કરી વળાંક આપવા પ્રયત્ન કર્યો લાગે છે.

આ રીતે પૂ શ્રી ચરિત્રનાયકશ્રી વિવિધ રીતે ઘડાઈ રહ્યા હતા.



श्री वर्धमानस्वामिने नमः

આગમ જ્યોતિર્ધર

(પૂ. આગમોદ્ધારક શ્રીની જીવનગાથા)

(વિભાગ બીજો)

ખંડ ૭

આગમ જ્યોતિર્ધર

વિભાગ–૨

ખંડ–૭

૪૫	પૂ. ચરિત્રનાયકશ્રીની ચારિત્ર–ગ્રહણનો તીવ્ર તમન્ના	૨૭૭–૨૮૦
૪૬	પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા અંગે પૂ. શ્રી ઝવેરસાગરજી મ.ની પૂર્વ તૈયારી	૨૮૧–૨૮૩
૪૭	પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા સાથે લીંબડીનો ઐતિહાસિક પરિચય	૨૮૪–૨૯૬
૪૮	પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા અંગે લીંબડી સંઘનો ભવ્ય ધર્મોત્સાહ	૨૯૭–૩૦૩
૪૯	પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા અંગે વર્ષીદાન મહોત્સવ	૩૦૪–૩૦૭
૫૦	પૂ. ચરિત્રનાયકશ્રીનું વર્ષીદાન પછી	૩૦૮–૩૧૬

ચા....રિ....ત્ર .. ગ્ર....હ....ણ



શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પ્રકરણ-૪૬

પૂ. શ્રી ચરિત્રનાયકશ્રીની ચારિત્રગ્રહણની તીવ્ર તમન્ના

પૂ. શ્રી ઝવેરસાગરજી મ. અવારનવાર પૂ. શ્રી ચરિત્રનાયકશ્રીની મનોવૃત્તિને વિવિધ પરીક્ષણોથી ચકાસતા રહ્યા.

એકંદરે ભૂમિકા ખૂબ સુદૃઢ જણાઈ. આ બાજુ પૂ ચરિત્રનાયકશ્રીએ વિવિધ આજ્ઞાઓ ભર્યા લખાણોવાળા પત્રો દ્વારા એક વાત પિતાજીના મગજમાં સચોટ ઠસાવી દીધેલ કે- "હું હવે આ ગુરુદેવનું શરણ છોડવાનો નથી."

તમે ખંભાત વગેરે બીજા સ્થળોના વિચાર અળગા કરશો. ગમેતેમ કરી મને આ ગુરુદેવશ્રીની નિશ્રામાં જ આત્મકલ્યાણ કરનારી દીક્ષા અપાવો." આદિ.

વારંવાર આ જાતના પત્રોથી **મગનભાઈને** પણ એમ લાગ્યું કે-"હવે લીંબડી જઈ રૂબરૂ પૂજ્યશ્રીને વિનવી દીક્ષાનું નક્કી કરાવવું સારૂં !"

એટલે **પૂ શ્રી ઝવેરસાગરજી** મ.ને પ્રથમથી જણાવી પોષ વદ ૧૦ લગભગ લીંબડી આવ્યા. પૂજ્યશ્રીને મળી પૂ. ચરિત્રનાયકશ્રીના બધા પત્રો વંચાવ્યા અને નમ્ર આજ્ઞા કરીને કહ્યું કે-

"મારા કુળ-દીપકને આપ જરૂર શરણે રાખી લો."

વેવાઈઓ કે સ્વજનવર્ગનું હવે કંઈ ચાલે તેમ નથી.!

ઉપરાંત મારા પુત્રને પંદર વર્ષ ચાર મહિના ઓગણત્રીશ દિવસ થઈ ગયેલ હોઈ હવે કાયદેસર પણ કોઈ નડતર આવે તેમ નથી!!!

માટે આપ સંમતિ ફરમાવો એટલે અહીંના શ્રીસંઘના આગેવાનોને વાત કરી ધામધૂમથી મારા કલૈયા-કુંવરને પ્રભુશાસનના ચરણોમાં સમર્પિત કરું !

પૂજ્યશ્રી જરા ગંભીર બની ગંભીર ચિંતનમાં ઊતરી ગયા.

થોડી વારે સ્વસ્થ થઈ બોલ્યા કે- "ભગત ! વાત જરા અટપટી બનેલ છે, છતાં તમારી

ધાર્મિકતા, શાસન પ્રતિ વફાદારી અને સંતાનના ભાવિ–કલ્યાણ માટેની અપૂર્વ તત્પરતા આદિનો વિચાર કરતાં હવે બીજું કંઈ વિચારવું ઠીક નથી.

તમારી વાતને ભારી સંકેત સમજી હું તમારા સંતાનને પ્રભુશાસનના ચરણે સમર્પિત કરવાની વાતને સંમત તો થાઉં જ છું, છતાં આજની રાત્રે ધ્યાન દરમ્યાન જરા સ્પષ્ટ ખુલાસો મેળવી લઉં !

એટલે કાલે સવારે તમને ચોક્કસ કહું !

પૂ. ચરિત્રનાયકશ્રી તો આ સાંભળી ખૂબ ખૂબ પ્રસન્ન થયા "પૂ. ગુરુદેવ મારી–મૂર્ખાઈ ભરેલ પ્રવૃત્તિઓના કારણે ઠપકો તો ઠીક, પણ કદાચ દીક્ષા માટે અપાત્ર ઠરાવી દે તો શું ?" એ ફફડાટ શમી ગયો.

આ બંનો પ્રતાપ પોતાના ઉપકારી–પિતાજીની ધાર્મિકતા અને શાસનની વફાદારીનો નિહાળી "આવા ધર્મના સંસ્કારો રેડનારા આદર્શ પિતા ભવોભવ મળો !" એવી અંતરથી ઉલ્લાસભેર પ્રાર્થના કરી રહ્યા.

ત્યાં સામાયિક પૂરું થયેથી **મગન ભગત** ચરિત્રનાયકશ્રીને બજાર વચ્ચે આવેલ શ્રી શાંતિનાથ પ્રભુના દહેરાસર પાસે રહેલ પ્રાચીન જ્ઞાનભંડારના દર્શન કરાવવા લઈ ગયા.

તાડપત્રી – કાગળોની અનેક પ્રતોના ભાવભર્યા દર્શન કરાવી મધુર શબ્દોમાં જાણે ગૂઢ સંકેત કરી રહ્યા કે—

"ભવિષ્યમાં આ વારસાને સંભાળી જિનશાસનના ગગનમાં શ્રુતજ્ઞાનના સૂર્યને ચમકાવજો !"

હસ્તપ્રતોમાં પ્રાચીન આગમોની શીર્ણ–વિશીર્ણ દશા બદલ હાર્દિક દુઃખ વ્યક્ત કરી મૌનમ રૂપે પણ આત્મા શાસનના પ્રાણ રૂપ આગમોને સુવ્યવસ્થિતપણે શ્રમણવર્ગમાં અધ્યયનાદિનાં પ્રચલિત કરવાની ગૂઢ પ્રેરણા આપી રહ્યા.

પછી ત્યાર બાદ ફરી ઉપાશ્રયે આવી એક સામાયિક કરી પ્રકરણાદિ ગ્રંથોના પુનરાવર્તનની સૂચના **મગન ભગતે પૂ. ચરિત્રનાયકશ્રીને** કરી. પુસ્તક પાસે રાખી પૂ. ચરિત્રનાયકશ્રીએ

ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્ સંગ્રહણી, લઘુક્ષેત્ર સમાસની ઝડપભેર આવૃત્તિ કરી.

વિવેકી પુણ્યવાન શ્રાવક જમવા બોલાવવા આવ્યા એટલે સવા પાંચ વાગે જમવા ગયા.

જમીને સાંજે દેરે ગયા ત્યાં ભાવપૂર્વક **મગન ભગતે** સ્તુતિ કરવા માંડી અને અંતરને વીતરાગ – દશાના ભાવોથી પ્લાવિત કરી પૂ. ચરિત્રનાયકશ્રીએ **શ્રી શાંતિનાથ પ્રભુ**ના બિંબને નિહાળી ત્યાંથી ઝરતા સૌમ્ય શાંત–સુધારસની કલ્પનાથી અંતરમાં રહેલ વિષયવાસનાના વિકારી ભાવોના મેળને ધોઈ રહ્યા.

સંધ્યાટાણું થયું, એટલે ખૂબ ભાવપૂર્વક **મગન ભગતે** આરતી ઉતારી અને પૂ. ચરિત્ર-નાયકશ્રીએ **મંગળદીવો** ઉતાર્યો.

તેમાં "**દેવાવાળ ભણે ઈણ એ કલિકાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે**" કડી ખૂબ ભાવથી ત્રણચાર વાર બોલી અને ભાવના ભાવી કે—

"**મહારાજા કુમારપાળે** આદર્શ રીતે જિનશાસનની એવી આરાધના કરી કે જેથી પોતાનો કર્મ–દાવાનળ ઠંડો થઈ ગયો કે જેના પરિણામે અત્યારે ભલે વ્યંતર–નિકાયમાં પણ ૮૪૦૦૦ વર્ષના ટૂંકા ગાળામાં જલ્દી છૂટી આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર **પદ્મનાભ પ્રભુના અગ્યારમા ગણધર** થઈ કેવળજ્ઞાન પામી મોક્ષે પધારી જવાની ચોક્કસ તૈયારી જ્ઞાનીના ચોપડે નોંધાઈ ગઈ."

"એટલે ખરેખર આર્ત્તિ = પીડા (ભવ = સંસારની)નું શમન કરનારી આર્ત્તિ = આરતિ = આરતી. ખરેખર **કુમારપાળ મહારાજે** ઉતારી કે તેમની ભવ ભ્રમણા ટળી ગઈ."

"આવી આદર્શ આરાધના હું પણ કરી શકું. મારી ભવભ્રમણા સર્વવિરતિ – ચારિત્રના આદર્શ–પાલનથી સર્વથા ટળી જાય." એવા ઉત્કૃષ્ટ–ભાવથી **મંગળદીવો** ઉતાર્યો.

પછી ચૈત્યવંદન કરી "**જિન તેરે ચરણકી શરણ ગ્રહું**" સ્તવન બોલતાં છેલ્લે "**કહે જશ વિજય કરો ત્યું સાહિબ! ત્યું ભવ દુઃખ ન લહું**" કડી ત્રણ–ચાર વાર બોલી પ્રભુ પરમાત્મા વીતરાગ – દેવના શાસનની મર્યાદા પ્રમાણે ઉચ્ચ કોટિના આદર્શ

સર્વ વિરતિ ચારિત્રનું પાલન કરવા રુપે ભવનું દુઃખ હવે ન લહું આવા ભાવને વ્યક્ત કરી પરમાત્માની ભક્તિથી તરબોળ બની રહ્યા. થોડી વારે આનંદ-વિભોર બની સૂનમૂન થઈ ગયા.

મગન ભગતે ઉવસગ્ગહરં કહ્યું તે દરમ્યાન પૂ ચરિત્રનાયકશ્રીએ માથું નમાવી ખૂબ આજીજી કરી કે "**હે પ્રભો ! સર્વવિરતિ-ચારિત્ર જલ્દી મળે**"

પછી જય વીયરાય બોલી ચૈત્યવંદન પૂરું કરી છેલ્લી ભાવનામાં **આવ્યો શરણે તુમ્હારે.**

अन्यथा शरणं नास्ति.
जिने भक्ति जिने गाथा ખૂબ ભાવથી બોલ્યા.

સમર્પણ મુદ્રાએ ભક્તિભાવ ભર્યાં ત્રણ ખમાસમણ દઈ પ્રતિક્રમણનો સમય થયો હોઈ ધર્મોપકારી પિતાજી સાથે ઉપાશ્રયમાં આવ્યા.

પ્રતિક્રમણ કરી ધર્મચર્ચા કરી સંથારા પોરસી ભણાવી બંને જણા સંથારે સૂઈ ગયા.

શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પ્રકરણ-૪૭

પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા અંગે પૂ. શ્રી ઝવેરસાગરજી મ. શ્રીના પૂર્વ તૈયારી

પૂ. શ્રી ઝવેરસાગરજી મ શ્રીએ પ્રતિક્રમણ પછી પ્રશ્નાદેશના મંત્રને સ્વપ્ન-વિદ્યા સાથે ગુરુગમ પ્રમાણે મિશ્ર કરી **પૂ ચરિત્રનાયકશ્રી**ની દીક્ષા અંગે જિજ્ઞાસા રાખી ચારે દિશામાં ઉભા ઉભા ત્રણ-ત્રણ માળા ગણી ઊર્ધ્વ-વીરાસને ૧ માળા, અર્દ્ધ પદ્માસને ૧ માળા, સિદ્ધાસને ૧ માળા ગણી સ્વપ્નાદેશના મંત્ર સાથે જિજ્ઞાસાના લેખિત પત્રને વીંટીયા નીચે પધરાવી પશ્ચાનુપૂર્વીથી ૨૭ નવકાર ગણી સૂઈ ગયા.

બરાબર ૧૨॥ વાગે પૂજ્યશ્રીની આંખ ઉઘડી ગઈ. તેજસ્વી ઝબકારો પોતાની સામે થયો જેથી પૂજ્યશ્રી જરા સ્વસ્થ બની શ્રી નવકાર મહામંત્રની બે બાંધી-માળા ગણી કે પોતાની સામે વ્યાખ્યાનની પાટની આગળ તેજસ્વી દેવ લીલા તેજના વર્તુળમાં રત્ન-મણિના તેજસ્વી મુકુટથી શોભતા હાથમાં એક પુષ્પનો ગુચ્છો લઈ પ્રકટ થયા.

પૂજ્યશ્રીને કહે કે—"**તમોએ શાસનના કાજ માટે સ્વપ્નાદેશ અને પ્રશ્નાદેશ બંનેને મિશ્ર કરી જિજ્ઞાસાનો ખુલાસો માંગ્યો છે, તે વિદ્યા અંબાજીના મંત્રવાળી છે,**

આપની નિષ્ઠા અને શાસન ભક્તિથી અંબાજી ખેંચાયાં! પણ તેમણે ગમે તે કારણથી સ્વયં રૂબરૂ ન આવતાં અહીંના દહેરાસરમાં બિરાજમાન શ્રી માણિભદ્રજીને સંદેશો પહોંચાડવા કહ્યું પણ તેઓશ્રીએ પણ આપનું આમંત્રણ ન હોઈ પોતાનો સંદેશો મારી સાથે મોકલ્યો છે નીચે મુજબ છે.

એમ કહી ફૂલના ગુચ્છા નીચેથી તેજસ્વી એક લીલા રંગનો પત્ર જેમાં શ્વેત અક્ષરે લખેલ—

"मा मुज्झह! एसो हि भावुगप्पा परमो सासणोज्जायकारी हविस्सइ! जिणागमागमाणं समुद्धारओ होही"

પછી કહ્યું કે "આ ફૂલનો ગુચ્છો તે પુણ્યાત્માને આપશો. આની સામે રાત્રે ૧૧ થી ૧માં "ॐ ह्रीं क्लीं सौं हस्क्लफ्रीं णमो जिणसासणस्स" ની ત્રણ માળા જરૂર ગણે.

મહાસુદ પાંચમનો દિવસ દીક્ષા માટે સર્વશ્રેષ્ઠ છે, તે ભૂલશો નહીં."

આટલું કહી પેલો પુષ્પનો ગુચ્છ એક થાળીમાં મુકી પેલો દેવ અદશ્ય થયો

પૂ. **અંબેરસાગર** મ. શ્રીએ **મગન-ભગતને** ઉઠાડ્યા,—પૂ ચરિત્રનાયકશ્રી પણ જાગી ગયા, પણ "अनाहूतो न वदेद्" બાત મુજબ જાગતા છત સંથારે સૂઈ રહ્યા.

પૂજ્યશ્રીએ **મગન ભગતને** બધી વાત કહી દેવે કહેલ અક્ષરો મીણબત્તીના પ્રકાશમાં લખાવી દીધા.

પેલા પુષ્પગુચ્છની ઉપર શ્વેત વસ્ત્ર ઢાંકી કબાટમાં મુકાવી તાળું મરાવી દીધું.

મગન ભગતે સામાયિક લઈ આવા વિશિષ્ટ દૈવી – સંકેતથી – "**પોતાના કુળને અજવાળનાર પોતાનો પુત્ર થશે.**" એ આનંદને વાગોળતાં પાંચ બાંધી માળા ગણી.

સવારે ચાર વાગે પૂ. **ચરિત્રનાયકશ્રીને** ઉઠાડી સામાયિક લેવરાવી વિવિધ કાઉસ્સગ્ગ કરાવી બીજા સામાયિકમાં રાઈ-પ્રતિક્રમણ કરાવ્યું. પછી ગુરુવંદન કરી દહેરાસર જઈ આવ્યા.

પોતાની દીક્ષા વિષે શું થયું ? તે જાણવાની પૂ. **ચરિત્રનાયકશ્રીની** ઈંતેજારીને ગોપવી **મગન ભગત** બેસતા મહિનાનું વહેલું સ્નાત્ર ભણાવી પૂ. ગુરુદેવશ્રી પાસે આવી પાંચ રૂપિયાથી જ્ઞાનપૂજા કરી, પૂ **ચરિત્રનાયકશ્રી** પાસે ૧ સોનામહોરથી જ્ઞાનપૂજા કરાવી વાસક્ષેપ લઈ વિનયથી પૂછ્યું કે-"**સાહેબ ! કૃપા કરી આ બાલક પર કરૂણા કરી અમારી જિજ્ઞાસા તૃપ્ત કરો !!!**"

એટલે પૂજ્યશ્રીએ ટૂકમાં બધી વાત કરી. પેલો લખેલ પત્ર પણ પૂ **ચરિત્રનાયકશ્રીને** બતાવ્યો

વધુમાં વિધિપૂર્વક વંદન કરાવી "वायणा संदिसाहुं" આદિ ત્રણ આદેશ મંગાવી ચઢતા પહોરે પૂ ચરિત્રનાયકશ્રીના જમણા કાનમાં વાસક્ષેપપૂર્વક ગુરુમંત્રના દાનની પદ્ધતિ મુજબ પૂ. ચરિત્રનાયકશ્રીને પેલો મંત્ર પણ જણાવ્યો.

વધુમાં જણાવ્યું કે "**સુદ ૧-૨-૩ ત્રણ રાત ૧૨॥ પછી (રાત્રે) આ મંત્રની ૭ નવકારવાળી તારે ગણવાની.**"

મગન ભગતે પણ નિર્વિઘ્ને પોતાના સંતાનની દીક્ષા થાય તે માટે ત્રણ આંબિલ કરી ઉવસગ્ગહરં ની રોજ ૨૧ માળા ગણી આરાધના કરવાનો સંકલ્પ જાહેર કર્યો.

પૂ. શ્રી ઝવેરસાગરજી મ. શ્રીએ બંનેની ભાવના સફળ થાઓ ! નો મંત્રેલ વાસક્ષેપ કર્યો.

પછી વ્યાખ્યાનમાં ચારિત્રનો પ્રસંગ ચર્ચી આગેવાનો સામે પોરસી વખતે બધી વાત પૂજ્યશ્રીએ ટૂંકમાં મુકી.

મગન ભગતે બધી વાત કરી કે-"મારા સંતાનને જિનશાસનના ચરણે સોંપવા હું લાવ્યો છું ! ! !"

"આપ કૃપા કરી મારી વાતને ધ્યાન પર લઈ મારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરો ! ! ! એવી મારી પ્રાર્થના છે !"

સંઘવાળાએ "વિચાર કરી જણાવીશું કહી તે વખતે વાતને વધાવી લીધી.

બપોરે સંઘના આગેવાનો બધા ભેગા થયા. સંઘે **મગન ભગત** પાસેથી યોગ્ય રીતે ખુલાસો મેળવી પૂ. મહારાજશ્રી કહે તે દિવસે દીક્ષા અપાવવાનું નક્કી કરી બધા પૂ. **શ્રી ઝવેરસાગરજી મ.** પાસે આવ્યા.

પૂજ્યશ્રીને સંઘના આગેવાનોએ વિનતિ કરી કે – "અમે અમારી રીતે બધી તપાસ કરી છે, હવે આપ કહો તે મુહૂર્તે દીક્ષા અપાવવા સંઘ તૈયાર છે."

પૂજ્યશ્રીએ મહા સુ. ૫ નો દિવસ સર્વશ્રેષ્ઠ જણાવ્યો, એટલે સંઘે **જિનશાસન દેવની જય** બોલાવી તે મુહૂર્ત્ત વધાવી લીધું.



શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પ્રકરણ-૪૮

પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષાભૂમિ લીંબડીનો ઐતિહાસિક-પરિચય

પૂ. ચરિત્રનાયકશ્રી ભાવિ-નિયોગે કર્મના સકંજાની થયેલ ફ્રામણીમાંથી પૂ. પિતાજીના સત્-પ્રયત્ને બહાર નિકળી ચઢતા શુભ-પરિણામે પૂ. પિતાશ્રીની સાથે પરમતારક ગુરુદેવની શીળી છાયા તળે એવી ભૂમિએ આવી પહોંચ્યા—

કે જે ભૂમિ વીરતાના સંસ્કારોથી રંગાયેલી **ક્ષાત્રવટ** અને શૌર્યના તેજથી ચમકતી હતી.

લીંબડી માટે એમ કહેવાય છે કે—

"**મહારાજા સિદ્ધરાજ જયસિંહના** વખતમાં તેમની ઘોડેસ્વારી સેનાના મુખ્ય અધિકારી તરીકે **ચૂડાસમા** વંશના **ઝાલા** અટકવાળા **વીરપુરુષ શ્રી હરિસિંહજી** હતા.

તેમણે કોઈક દુર્ગમ પ્રદેશ પર વિજય મેળવ્યાની ખુશાલીમાં **મહારાજ સિદ્ધરાજ જયસિંહે** કહ્યું કે—"કાલી આઠમની રાત્રે તમે જેટલા ગામોને તોરણ બાંધો તેટલાં તમારાં, તો તેમણે અંબામાની સહાયથી એક રાતમાં ૪૧૨ ગામડે તોરણ બાંધ્યાં.

તે આખો પ્રદેશ **ઝાલાવાડ** તરીકે ઓળખાયો.

તેનું આધિપત્ય **વીરનર શ્રી હરિસિંહજી**ને મળ્યું.

તે વખતે રાજધાની **શીયાણી**માં હતી.

પણ સત્તરમી સદીની શરૂઆતમાં પ્રાયઃ **વિ. સં. ૧૮૦૩ વૈશાખ સુદ ૭ ના શીયાણી**ના વાસ્તુ ક્ષીણ થયાં જાણી શીયાણીથી દક્ષિણે નિમિત્ત-શાસ્ત્રીઓની દોરવણી મુજબ લીંબડાના ઝાડોથી સમૃદ્ધ ભૂમિમાં નવી રાજધાનીનું વાસ્તુ કરી **લીંબડી** નામે રાજધાની વસાવી.

દરબાર-ગઢની મૂળ રચના પછી ચોપાસ ઊભી પટ્ટીએ એક જ ઘાટના સુંદર કમાનદાર બે બાજુ મકાનોની હારમાળા વગેરે ચોક્કસ દોરવણી મુજબ બજારનું નિર્માણ થયું.

જેમાં **શ્રી શાંતિનાથ પ્રભુનું** દેરાસર વચ્ચે આવ્યું તો તેને બાળવી તેની બે બાજુ રાજમાર્ગ રાખી દેરાસરની મહત્તા જાળવી રાખેલ.

તે દેરાસરમાં પ્રાચીન હજાર-અગ્યારસો વર્ષ જૂનો જ્ઞાનભંડાર સુરક્ષિતપણે જળવાયેલ છે."

આવા વિશિષ્ટ શૂરાતનના પ્રતીકરૂપ **લીંબડી** જેવી પનોતી ભૂમિમાં પૂ. ચરિત્રનાયકશ્રી તે વખતના શ્રમણસંઘમાં તેજસ્વી હીરલા જેવા પૂ. શ્રી **અવેરસાગરજી મ.** ની તારકનિશ્રાએ જીવનની કાયાપલટ કરવા આવી રહ્યા.

આ બધામાં કુદરતી વિશિષ્ટ શુભ-સંકેતની હારમાળા જણાય છે.

વળી આ પુણ્યભૂમિમાં અનેક ધર્મકાર્યોથી તેજસ્વી ધર્મતારક તરીકે પ્રખ્યાત બની ગયેલા **શેઠ ડોસાભાઈ હેમચંદ** જેવા પુણ્યવાન ધર્માત્માએ અનેક ધર્મકાર્યો કર્યાની નોંધ ઈતિહાસમાં મળી આવે છે.

જેનો ટૂંક સાર ઉપયોગી ધારી અહીં રજુ કરાય છે.*

"**ગુજરાત** દેશમાં **લીંબડી** નગરે સં. ૧૮૦૩ ના વૈશાખ સુદ ૭ ના રોજ પ્રથમ શ્રી **હરિભદ્રસિંહજી** મહારાજા **શીયાણીથી** રાજધાની ખસેડી શકુનવિદ્ જ્યોતિષીઓની સલાહ મુજબ પોતાની રાજધાની લાવ્યા અને અનેક ગઢ-મંદિરો રચનાથી અલકાપુરી-અમરાવતીને પણ બે ઘડી થંભાવી દે તેવી અદ્‌ભુત વાસ્તુ-શિલ્પશાસ્ત્ર મુજબ નગરીની રચના કરી

તે વખતે મહારાજાના આગ્રહથી **શીયાણી લીંબડી** વચ્ચેના **ભલગામડા** (**લીંબડીથી** ઉત્તરે ૧। ગાઉ દૂર ગામ) **થી શેઠ ડોસાભાઈ હેમચંદને** સબહુમાન **લીંબડીમાં** લાવીને વસાવ્યા.

આ ધર્મનિષ્ઠ **શેઠ ડોસાભાઈ દેવચંદે લીંબડી** શહેરમાં ઘણા ધર્મકાર્યો કર્યાં છે, તેમાં **વિ. સં. ૧૮૧૦** માં મહાયોગી અધ્યાત્મનિષ્ઠ **શ્રીમદ્ દેવચંદ્રજી મ.** ને આગ્રહભરી વિનંતિ કરી પધરાવી તેઓશ્રીની નિશ્રામાં શહેર વચ્ચે વિમાન જેવા શોભતા શ્રી **શાંતિનાથ પ્રભુના** દહેરે **શ્રી સીમંધર સ્વામીની** પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી.

---

* આ નોંધ **કવિરાજ શ્રી જેરામભાઈ** એ વિ. સં. ૧૮૩૯માં **૧૫૨૫** ગીત (વોરા **ડોસાજી હેમચંદ**ના પરિવારમાં સં. ૧૮૩૯ના ચોમાસામાં કરેલ માસખમણ આદિ તપસ્યાનું વિગતથી વર્ણન છે.)
તથા પૂ. મુનિ **શ્રી લાલવિજયજી મ.** કૃત **તપબહુમાન ભાસ** (સં. ૧૮૩૯માં રચાયેલ) તથા **શ્રી લીંબડી** જૈન સંઘ જ્ઞાનભંડારનું લિષ્ટ (સંપાદક **શ્રી ચતુરવિજયજી મ.**)માં પૂ. મુનિ **શ્રી પુણ્યવિજયજી મ.** લિખિત "જ્ઞાનભંડારનું અવલોકન"ની પૂરવણી (પૃ. ૧૫ થી ૨૦) ના આધારે આ લખેલ છે.

પ્રતિમાજી ઘણું પ્રાચીન છે. લેખ ઘસાઈ ગયેલ છે, સ્પષ્ટ વંચાતો નથી.

આ પ્રતિષ્ઠા-મહોત્સવની મંગળ પત્રિકાઓ ભારતના ગામેગામ મોકલેલ હજારોની સંખ્યામાં પુણ્યવાનો આવેલા.

ભોગાવાના કિનારે અનેક તંબૂ-પાળ વગેરે બાંધી સહુની ખૂબ ભક્તિ કરેલ.

આ પ્રસંગે અષ્ટોત્તરી સ્નાત્ર અને સત્તરભેદી પૂજા વગેરેથી ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ થયેલ.

અહીં "**ગીત**" અને "**ભાસ**"માં "**સુખડીનાં જમણો ઘણાં થયાં**" એમ લખેલ છે.

તે **સુખડી** એટલે સામાન્ય સુખડી નહી. જે આતાં કયારેક દાંતની મજબૂતાઈ પરખાઈ જાય, પણ **સુરત**ની બરફી, **ખંભાત**ની સૂતરફેણી, **ભાવનગર**ના દશેરાના ફાફડા, **જામનગર**ના અડદીયા, **મુંબઈ**ના હલવો વગેરે જેમ અત્યારે પ્રખ્યાત છે, તેમ તે વખતે **લીંબડી**ની સુખડી વિશિષ્ટ પક્વાન્ન તરીકે ગણાતી.

કેમકે—તેમાં ઓછામાં ઓછું મણ આટાએ મણ ઘી ભેળવાતું, વધુ તો જેની જેવી ભાવના-જેથી આ સુખડી તો હાથમાં લેતાં જ તુટી પડે. પોચા દાંતવાળા સીત્તેર વર્ષના ડોસા પણ મજેથી વાપરી શકે તેવી વિલક્ષણતાવાળી આ સુખડી હોવાનું જાણકારો કહે છે.

હજી પણ આજે અવારનવાર ધાર્મિક કે વ્યાવહારિક પ્રસંગે આવી સુખડીનાં જમણ થાય છે—અસ્તુ.

ધર્મપ્રેમી શેઠ ડોસાભાઈ દેવચંદને બે દીકરા હતા-(૧) **જેઠા વોરા** (૨) **કસલા વોરા**.

દૈવસંયોગે સં. ૧૮૧૨ માં **જેઠા વોરા** ટૂંકી માંદગી ભોગવી મૃત્યુ પામ્યા. છતાં **ડોસાજી શેઠે** ધીરતા રાખી આવેલ અનિષ્ટ અશુભ કર્મને હઠાવવા **સં. ૧૮૧૪** માં સંઘપતિનું તિલક સંઘના અગ્રણી **પુંજા શેઠ** પ.સે ધામધૂમથી કરાવી શ્રી **સિદ્ધાચળજી**નો ચઢતે રંગે ઠાઠથી મોટો છ'રી પાળતો સંઘ કાઢયો.

સં. ૧૮૧૭માં **શેઠ ડોસાભાઈ**એ સંવેગી શિરોમણી પૂ. પં. શ્રી **ઉત્તમવિજયજી મ.** ને આગ્રહપૂર્વક ચોમાસું કરાવી આસો સુ. ૧૪થી શ્રી ઉપધાન તપ કરાવ્યા.

જેમાં સાસુ-વહુ **હીરબાઈ** અને **પુંજીબાઈ**એ પણ ઉપધાન તપ કરી મોક્ષમાળ ધામધૂમથી પહેરી.

સં. ૧૮૨૦માં ધર્મકાર્યોનો અનેરો લ્હાવો લેવામાં તત્પર બનેલ શેઠ શ્રી **ડોસાભાઈ**એ **પંન્યાસ મોહનવિજયજી મ.** ને આગ્રહપૂર્વક તેડી શ્રી **અજિતવીર્ય** નામના વિહરમાન પ્રભુની પ્રતિષ્ઠા માહ સુ ૬ ના રોજ ધામધૂમથી કરાવી ચઢતે રંગે ગામોગામ કંકોતરીઓ લખી ધામધૂમથી શ્રી **સિદ્ધાચળ મહાતીર્થ**નો છ'રી પાળતો સંઘ પૂ. શ્રી **મોહનવિજયજી મ.**ની નિશ્રામાં મહા સુ ૧૦ ના મંગળ દિવસે કઢ્યો.

મહા વદ ૧૩ ના દાદાના દરબારમાં માળ પહેરી ધામધૂમથી ગિરિરાજની ભક્તિ કરી.

પાછા વળી ઘરે આવી આખા સંઘને જમાડવા સાથે ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો.

આ ધર્મપ્રેમી **ધર્મરસિયા વોરાશેઠ ડોસાભાઈ હેમચંદ** સં. ૧૮૩૨ના પોષ વદ ૪ ના રોજ સમાધિપૂર્વક શ્રી નમસ્કાર મહામંત્ર ગણતાં ગણતાં મૃત્યુ પામ્યા.

ખરેખર **લીંબડી** સંઘમાંનો તેજસ્વી તારો અસ્ત પામ્યો.

આ શેઠશ્રીના નામથી શેઠશ્રીના ધાર્મિક કાર્યોની સાક્ષી ભરતો "**શેઠ ડોસા દેવચંદ જૈન ઉપાશ્રય**" આજે પણ શ્રી **શાંતિનાથ** પ્રભુના દહેરાસરની પાસે જોવા મળે છે.

આ પુણ્યાત્માના કાળધર્મથી થવા જોગતા શોકને તેઓશ્રીના ધાર્મિક-જીવનને સંભારી હળવો કરી શેઠાણી શ્રી **પુંજીબાઈ**એ આ જ વર્ષના વૈશાખ મહિને પોતાના સસરાની ધાર્મિક જીવનયાત્રાની અનુમોદનાર્થે અને પોતાના પતિ **જેઠાવોરા**ના આત્મશ્રેયાર્થે મોટો અઠ્ઠાઈ મહોત્સવ કરી **લીંબડી** શહેરને લગતી ૮૪ ગામોની ચોરાશીને અમંત્રી અનેરી શાસન પ્રભાવના કરેલ.

આ બધો ધાર્મિક પ્રસંગ પતવા ટાણે પૂ. પં. **પદ્મવિજયજી મ** ગણી ગુજરાત તરફથી વિહાર કરતા આ બાજુ પધાર્યા ખૂબ આગ્રહ કરી **પુંજીબાઈ**એ સકળ શ્રી સંઘના આગેવાનોને સાથે લઈ આગ્રહભરી વિનંતિ કરી ચોમાસા માટે લઈ આવ્યાં.

ખૂબ ઠાઠથી ચોમાસાનો પ્રવેશ **પુંજીબાઈ**એ કરાવ્યો અને ચોમાસામાં વંદનાર્થે આવનારા બધા સાધર્મિકોની ભક્તિનો લાભ લેવાની વિનંતિ શ્રી સંઘ પાસે **પુંજીબાઈ**એ કરી.

શ્રી સંઘે તેમની ભાવના માન્ય રાખી પુંજીબાઈનો ધર્મોત્સાહ ખૂબ વધ્યો. અનેક તપસ્યાઓ થઈ, વિવિધ ધર્માનુષ્ઠાનો થયાં. છેવટે આસો સુ. ૧૦ થી ઠાઠમાઠથી શ્રી ઉપધાન તપ પણ પુંજીબાઈએ ધામધૂમથી કરાવ્યાં.

અનેક પુણ્યાત્માઓએ ઉપધાન તપ વહી અનેરી શ્રાવક-જીવનની દીક્ષા મેળવી જીવન ધન્ય બનાવ્યું.

સાત વર્ષના ગાળા પછી ગુજરાત બાજુથી પધારતા પૂ પદ્મવિજયજી મ. શ્રીને પૂ. શ્રી *લાલવિજયજી મ. આદિ સાત શિષ્યો સાથે શ્રીસંઘ પાસે આગ્રહથી વિનંતી કરાવી લીંબડીમાં ચાતુર્માસ કરાવ્યું.

આ ચોમાસું ખરેખર લીંબડી સંઘના પુણ્યબળે સ્વર્ણાક્ષરોથી અંકિત થયાનું ઐતિહાસિક ગ્રંથોના આધારે જણાય છે.

કેમકે-આ ચોમાસામાં શેઠશ્રી ડોસાભાઈ દેવચંદ વોરાના જ્યેષ્ઠ પુત્રની વિધવા બાઈ સુશ્રાવિકાશ્રી પુંજીબાઈએ પોતાના દીયર શ્રી કુસલા વોરા શેઠને પૂછ્યું કે-

આવા ઉત્તમ સદ્‌ગુરૂનો યોગ છે, જો તમારી સંમતિ હોય તો માસખમણ પ્રથમ થઈ ગયું છે. તો ૩૫ ઉપવાસ કરૂં ?

કુસલા શેઠે કહ્યું કે-"તમે અમારા ઘરનાં પુણ્યવતી શ્રાવિકા છો ! તમોએ ત્રણ ઉપધાન વહ્યા છે. ૫-૧૦-૧૨-૧૫ ઉપવાસ અને માસખમણ પણ કરેલ છે."

"આ ઉપરાંત કર્મ-સૂદન તપ, કલ્યાણક તપ, વીશ સ્થાનક તપ (ઉપવાસથી) નવપદજીની ઓળી, શ્રી વર્ધમાન તપની તેત્રીશ ઓળી, ચંદનબાળાનો તપ, આઠમ, પાંચમ, રોહિણી આદિ વિવિધ તપસ્યાઓ તમે ઘણી કરી છે."

"પણ હવે તમારી કાયા નબળી પડી છે. એટલે વિચારીને કરો તો સારૂં !"

"મારાથી તપ તો થતા નથી. તો વચ્ચે આડી જીભ કાં વાપરૂં !"

"પણ કાયાની શક્તિ વિચારીને કરો તો સારું !"

---

*જેમણે સં. ૧૮૩૬ ના ચોમાસામાં થયેલ તપસ્યાઓની વિગત સાથે શેઠ ડોસાજી દેવચંદના પરિવારના પરિચયરૂપ **તપબહુમાન-ભાસ** બનાવેલ છે તે આ મુનિરાજશ્રી જાણવા.

પુંજીબાઈએ ધર્મોત્સાહથી કહ્યું કે–'વાત તમારી સો ટકા સાચી ! પણ હવે દિવસે દિવસે કાયા ક્ષીણ જ થવાની છે હવે કંઈ જુવાની નથી આવવાની !!!"

આવા સદ્‌ગુરૂનો યોગ ફરી–ફરીને કયારે મળે ! વળી મને અંતરથી ભાવોલ્લાસ જાગ્યો છે તો મહેરબાની કરી સંમત થાઓ તો સારૂં !!!

છેવટે પોતાની ભાભીના ધર્મપ્રેમ અને તપ કરવાના ઉત્સાહ સામે કસલાશેઠ ચૂપ રહ્યા.

એટલે મૌન-સંમતિ માની પુંજીબાઈએ શ્રાવણ સુ ૧ ના વ્યાખ્યાનમાં ગહુંલી–જ્ઞાન પૂજન કરી ભા. સુ. ૫ લોગી ગણી ૩૧ ઉપવાસની ભાવનાથી સોળ ઉપવાસના પચ્ચક્‌ખાણની ભાવના છતાં ગુરૂદેવશ્રીના કહેવા પ્રમાણે તેર ઉપવાસનાં પચ્ચક્‌ખાણ લીધાં.

આ પ્રસંગે **શેઠશ્રી ડોસાભાઈ દેવચંદ વોરાના** નાના પુત્ર **શેઠશ્રી કસલા વોરાની** સુપત્ની સુશ્રાવિકા **શ્રી સોનબાઈએ** પણ જેઠાણી **પુંજીબાઈના** ધર્મોલ્લાસથી પ્રેરાઈ પ્રથમ માસખમણ કરેલ હોઈ ૩૫ ઉપવાસ કરવાની ભાવનાએ ૧૬ ઉપવાસના પચ્ચક્‌ખાણ લીધા.

આ રીતે **પુંજીબાઈ** (જેઠાણી) અને **સોનબાઈ** (દેરાણી)ની જોડીએ ૩૫ ઉપવાસની ભાવના જાહેર કરી. જેથી આખા શ્રીસંઘમાં ધર્મ–ભાવનાની એક લહેર ફેલાઈ ગઈ.

પરિણામે **પુંજીબાઈના** મોટા પુત્ર **જેરાજની** સુપત્ની સુશ્રાવિકા **મૂળીબાઈ**, નાના પુત્ર **મેરાજની** સુપત્ની સુશ્રાવિકા **અમૃતબાઈએ** તથા **અવલ** બહેને (પ્રાયઃ કસલા વોરાની બહેન) માસખમણની તપસ્યા કરી.

બીજા પણ અનેક પુણ્યવાન શ્રાવક–શ્રાવિકાઓએ માસખમણની ભગીરથ તપસ્યા આદરેલ.

એકંદરે ૭૫ માસખમણ થયેલા.

આ તરફ ભાવી–નિયોગે પુંજીબાઈને દશમા ઉપવાસથી અશાતાનો ઉદય થયો અને તબિયત લથડવા માંડી.

આ પ્રસંગે પૂ પદ્મવિજયજી મ. તથા શ્રીસંઘના આગેવાનો જેમાં ખાસ કરીને **ધીંગડમલ ધારશી મહેતાના** પુત્ર **મહેતા * ડોસાભાઈ, શેઠ ડોસાભાઈ દેવચંદ વોરાના** ઘરે આવી **પુંજીબાઈને** સમજાવવા લાંબ્યા.

"શરીરની સુખાકારીનો નથી તે હવે તેર ઉપવાસે પારણું કરી લો."

પણ ધર્મપ્રેમી ભાઈ પુંજાએ ખૂબ મક્કમતા રાખી **"શરીર તો એકદિ' પડવાનું જ છે"** કહી શ્રા વ ૧ના રોજ બાકીના ૨૨ ઉપવાસના પચ્ચક્ખાણની આજીજીભરી માંગણી કરેલ, પણ દેશ-કાળની સ્થિતિ વિચારી પુંજાભાઇના ધર્મપ્રેમભર્યા આગ્રહને વશ બની નવ ઉપવાસના બીજા પચ્ચક્ખાણ **પૂ શ્રી પદ્મવિજયજી** મ. **શ્રીએ** કરાવ્યા.

---

* **ડોસા મહેતા** માટે **લીંબડી**ના વૃદ્ધો પાસેથી એમ સાંભળવામાં આવ્યું છે કે—

તેઓ સ્થાનકવાસી હતા. અને વોરા **ડોસા દેવચંદ**ના ભાગીદાર હતા. બન્નેય ભિન્ન ભિન્ન સંપ્રદાયના હોઈ વાર-તહેવારે જવા-આવવામાં ભિન્નતા પડતી.

એ વાત બન્નેયને રૂચતી ન હોવાથી નિશ્ચય કર્યો કે—યા તો આપણે બન્નેય સ્થાનકવાસી થઈ જઈએ અથવા આપણે બન્નેય મૂર્તિપૂજક થઈ જઈએ. પણ ભિન્નતા તો ઠીક નહીં !

છેવટે બન્ને જણાએ મૂર્તિનો મુખ્ય પ્રશ્ન ઉડાવ્યો. જેના નિર્ણય માટે **ડોસા** વોરાના પાંચસો રૂપિયા ડીપોઝીટ મુકી **પાટણના સંઘવી** પાડાના ભંડારમાંથી **જ્ઞાતાધર્મ કથાંગ, રાજપ્રશ્નીયોપાંગ અને ઉવવાઈ સૂત્રા** દની પ્રતો લાવ્યા.

જે પ્રતો અત્યારે **લીંબડી**ના જ્ઞાનભંડારમાં વિદ્યમાન છે.

અંતમાં નિર્ણય થયા બાદ **ડોસા મહેતા**એ અને તેમના કુટુંબે સ્થાનકવાસીપણાનો ત્યાગ કર્યો.

આ ત્યાગની વાત **ડોસા મહેતા**ના વંશજો પણ સ્વીકારે છે.

ડોસા મહેતાની ભરાવેલી **શ્રી સીમંધર સ્વામીની** પ્રતિમા **લીંબડી**ના **શ્રી શાંતિનાથ** પ્રભુના જુના દહેરાસરમાં વિદ્યમાન છે તેના ઉપર નીચે પ્રમાણે લેખ છે.

સંવત ૧૮૨૦ વર્ષે માઘ સુદી ૧૩ દિને ડોસા ધારસી સીમંધર જિનબિંબ કારાપિતં શ્રી

પાછળથી આ મહેતા કુટુંબ સ્થાનકવાસી થઈ ગયું છે.

અહીંનું સંઘવી-કુટુંબ એકવાર મૂર્તિપૂજક હતું, પણ અત્યારે સ્થાનકવાસી છે.

આ લોકોના મહોલ્લામાં જે મંદિર હતું, તે શાંતિનાથના જુના મંદિર સાથે મેળવી દેવામાં આવ્યું છે.

શ્રી પદ્મવિજયજી મસલા વોરા ઉપર લખેલ પત્રમાં **'ડોસા ધારસી તથા સહેસમલ તથા ઝવેરચંદ** કમોલાક કહેવા" જણાવ્યું છે, તે **ડોસા ધારસી** આ જાણવા.

આખો શ્રીસંઘ ખૂબ ભક્તિમાં તત્પર બન્યો. પુંજીભાઈ પણ શરીરની ક્ષણભંગુરતાને ખ્યાલમાં રાખી પૂ. ગુરૂદેવશ્રીની નિશ્રાએ **શ્રી પુણ્યપ્રકાશનુ સ્તવન** વિધિપૂર્વક સાંભળી **શ્રી પદ્માવતીની આરાધના** દ્વારા સઘળા પાપ વોસરાવી સકળ શ્રી સંઘ અને બધા કુટુંબી જનોને સભાન અવસ્થામાં ક્ષમાપના કરી. **તપસ્વી શ્રી પુંજીભાઈ** જાણે ગાડી આવે કે પ્લેની જવાની પૂરી તૈયારીવાળા મુસાફરની જેમ પૂર્ણ સ્વસ્થતાથી શ્રી નવકાર-મહામંત્રના જાપમાં લીન બન્યા.

૨૧ મા ઉપવાસે શારીરિક અશાતા બધી ઘટી ગઈ, માત્ર શરીરની ક્ષીણતા વધી છતાં આત્મિક અપૂર્વ-ઉત્સાહથી મુખ પર પ્રસન્નતાપૂર્વક એકેક ઉપવાસનું પચ્ચક્ખાણ શ્રા. વ. ૧૦ થી લેવા માંડયું.

તેમાં સં. ૧૮૩૯ ના શ્રાવણ વદ ૧૧ ના રોજ બપોરના ૨-૩૭ મિનિટે આખા સંઘના પુણ્યદાન લેવા સાથે અખંડ **શ્રી નવકાર-મહામંત્ર**ના ઘોષને શ્રવણ કરતાં **તપસ્વી પુંજીભાઈએ** ૨૪ મા ઉપવાસે શરીરના પાંજરામાંથી મુક્તિ મેળવી.

વદ ૧૩ થી પર્વાધિરાજની આરાધના ચાલુ થતી હોઈ કોઈને ધર્મમાં અંતરાય ન પડે તે ખાતર **શ્રી પુંજીભાઈએ** બે દિ' પૂર્વે જ **" કદાચ મારૂં શરીર છૂટી જાય તો મારા નિમિત્તે પર્વાધિરાજની આરાધનામાં કોઇ કસર ન રાખશો, તેમજ રોવા-કૂટવાનું સદંતર બંધ રાખશો "** ભલામણ કરેલ.

તે પ્રમાણે સત્તાવન વર્ષની વયે કાળધર્મ પામનાર પણ **પુંજીભાઇના** ધાર્મિક-જીવનની અનુમોદના રૂપે તેમના દીયર **શ્રી કુસલાશેઠે** રોવા-કૂટવાની પ્રથા બંધ કરી ઉમંગથી-ઉલ્લાસથી પર્વાધિરાજની આરાધનામાં શોકના કારણે અંતરાય ન પડવા દીધો.

પોતે સ્વયં વ્યાખ્યાન-પ્રતિક્રમણમાં હાજર રહી બીજા બધાને શોકના બહાને અટકવા ન દીધા. પર્વાધિરાજની સમાપ્તિએ આખા સંઘને પારણાં અને સાધર્મિક-વાત્સલ્ય કરી અનેરો લહાવો લીધો.

અને તપસ્વિની પોતાની ભાભીની ધર્મ આરાધના-તપસ્યાની અનુમોદના અર્થે ભવ્ય મહોત્સવપૂર્વક ૯ છોડનું ઉજમણું ગોઠવી વિવિધ પૂજાઓ **શ્રી અષ્ટોત્તરી મહાસ્નાત્ર** ભણાવ્યું.

આખા સંઘને પાંચ પકવાન્નના ભોજન આપવા ઉપરાંત આખા **લીંબડી** શહેરના અઢારે વર્ણને સુંદર મિષ્ટાનનું ભોજન આપ્યું.

તેમ કરી તપસ્વી ભાઈની તપસ્યાના ગુણગાન કરાવ્યા.

આવા પુણ્યવાન ધર્મપ્રેમી વિવેકી **શ્રી કસલા વોરા** જેવા મહાન ધર્મ પ્રભાવક જેવા અનેક પુણ્યાત્માઓની પવિત્રભૂમિ આ **લીંબડીનગરી** ઇતિહાસમાં નોંધાયેલ છે.

શેઠ ડોસાભાઈ દેવચંદ વોરાએ વિ. સં. ૧૮૦૭ માં બજાર વચ્ચે આવેલ **શ્રી શાંતિનાથ પ્રભુનું** મોટું જિનાલય બંધાવેલ, તે રીતે તેમના **જ્યેષ્ઠ પુત્ર શેઠશ્રી કસલા વોરાએ** ઉપધાન ઉજમણું અને ચોરાશીનાતનું જમણ વગેરે કરી **ડોસા શેઠની** ધાર્મિક-વ્યાવહારિક કીર્તિ કળગીમાં અનેરો વધારો કરેલ.

આ **શેઠશ્રી કસલા વોરા** માત્ર પૈસાદાર હતા એટલું જ નહીં પણ સારા તત્ત્વના જાણકાર પણ હતા અને કેવા કેવા શાસ્ત્રના ગૂઢ તત્ત્વોની તેમની સમજ હતી. તે **પૂ. પં. શ્રી પદ્મવિજયજી મ.** શ્રીએ વિ. સં. ૧૮૩૩માં **શેઠ કસલા વોરા**ના પૂછાવેલા પ્રશ્નોના ઉત્તર રૂપે લખેલ પત્રમાંથી જાણવા મળે છે.

તે પત્ર "**લીંબડી જૈન જ્ઞાન-ભંડારનાં હસ્તલિખિત પ્રતિઓનું સૂચિપત્ર**" * પુસ્તકના પરિશિષ્ટ નં-૪ (પા. ૫૪-૫૫) માં છપાયેલ છે, જે નીચે મુજબ છે—

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

સંવિજ્ઞપક્ષિ પં. શ્રી પદ્મવિજય ગણિએ કસલા વોરા ઉપર લખેલ એક પત્ર ।। એ. દ્રં. ।।

સ્વસ્તિ શ્રી પાર્શ્વ પરમેશ્વરં પ્રણમ્ય શ્રી લીંબડી નગરે

સુશ્રાવક પુણ્ય પ્રભાવક દેવગુરુભક્તિકારક સંઘ મુખ્ય વોરા કસલા ડોસા યોગ્યં! શ્રી અમદાવાદથી લિ। પં. પદ્મવિજયનો ધર્મલાભ જાણવો.

---

* જે પુસ્તકના સંપાદક પૂ. આત્મારામજી મ. ના શિષ્ય પૂ. પ્રવર્ત્તક કાંતિવિજયજી મ. ના શિષ્ય, પૂ. મુનિશ્રી ચતુરવિજયજી મ. (જેઓશ્રી સાહિત્ય વિશારદ પૂ. શ્રી પુણ્યવિજયજી મ. ના ગુરુદેવ થાય) છે.

તે પુસ્તક શાહ જીવણચંદ સાકરચંદ ઝવેરીએ શ્રી આગમોદય સમિતિ સુરત તરફથી વીર નિ. ૨૪૫૫ વિક્રમ સં. ૧૯૮૫ ઈ. સ. ૧૯૨૮ માં પ્રકાશિત કરેલ છે.



૧ બીજું અત્ર પુણ્યોદય પ્રમાણે સુખ છે. તુમ્હારો પત્ર ૧ આવ્યો તે વાંચી સમાચાર જાણ્યા. તુમ્હે લિખ્યું જે ચૌદમા-ગુણઠાણાને દ્વિચરમ-સમયે ૭૨ ક્ષય કરી અને ૧૩ પ્રકૃતિ ચરમ-સમયે ક્ષય કરી સિદ્ધિ વર્યા તે ચરમ-સમયે જ સિદ્ધિ વર્યા કે લગતે-સમયે સિદ્ધિ વર્યા ? ઈમ લખ્યું તેહનો ઉત્તર.

ચૌદમા ગુણઠાણાના છેહલો સમય ગઈ લગતે સમયે સિદ્ધિ વર્યા, જે કારણે છેહલે સમયે તો ૧૩ પ્રકૃતિ ઉદયમાં તથા સત્તામાં છે, અને જે સમયે ઉદય-સત્તાગત કર્મ હોય તેહજ સમઈ સિદ્ધિ, ઈમ કહેવાય જ કિમ ?

કોય સમયના બે ભાગ થતા નથી. તથા જે કર્મનો ઉદય તેહ જ કર્મનો ક્ષય, એક સમયે કિમ હોય ?

તથા કોઈ કહેસ્યે જે એ તો વ્યવહાર વ્યાખ્યા છે, નિશ્ચય થકી—

ચૌદમા ગુણઠાણાને છેહલે સમયે સિદ્ધિ ! તે પણિ કહેવું ન ઘટે.

જે કારણ માટે આઉખ્ય કર્મનો પરિશાટ કહ્યો છઈ. જે આયુકર્મ સર્વથા જીવથી ભિન્ન કિ વારઈ થયું ? તિવારે **વિશેષાવશ્યક**માં કહ્યું જે નિશ્ચય નયે "परभव पढमे साडो" ઈતિ એતલે પરભવને પ્રથમ સમયે સર્વશાત કહ્યો

જિવારે છેહલે સમયે તો ન કહ્યો.

વલી શ્રી **વિશેષાવશ્યક** મધ્યે કેવલજ્ઞાન ઉપજવા આ શ્રી નિશ્ચય-વ્યવહાર નય કહ્યા છે,

તેહમાં ઈમ કહ્યું જે-નિશ્ચય થકી કેવલજ્ઞાન તેરમા ગુણઠાણાને પ્રથમ સમયે ઉપનું, અને વ્યવહાર નયે તેરમાને બીજે સમયે ઉપનું, જે માટે વ્યવહાર નય તે ઉપના પછી ઉપનું કહે છે;

ક્રિયાકાલ-નિષ્ઠાકાલ ભિન્ન સમયે માને છે, અને નિશ્ચયનય કપજતાં વેલા ઉપનું કહે છે, જે માટે નિશ્ચયનય ક્રિયાકાલ-નિષ્ઠાકાલ એક માને છે ઈતિ. એ રીતે **વિશેષા-વશ્યક**માં ચર્ચા કરી છે;

પણિ બારમા ગુણઠાણાને ચરમ-સમયે કેવલજ્ઞાન-એહવું તો કહિઈ લિખ્યું નથી.

જો તે બારમાને છેહલેં સમયેં કેવલજ્ઞાન ઉપનું લિખ્યું હોત તો ચૌદમાનેં છેહલેં સમયેં સિદ્ધિ ઈમ કહેવાત તે તો નથી. તે માટેં લગનેં સમયેં સિદ્ધિ ઈતિ.

વલી **સૂગડાંગ સૂત્ર**માં કેવલી ભગવાનનેં ઈરિયાવહી સંબંધી શાતા વેદનીનો બંધ કહ્યો છે, તિહાં એહવો પાઠ છેં જે—"पढमे बन्धई, बीए वेएई तईए णिज्जरेई ।"

પ્રથમ સમયેં બાંધે, બીજે સમયેં વેદે, ત્રીજે સમયેં નિર્જરે, એહમાં પણિ વેદવાનેં સમયેં નિર્જરા નથી કહી, તિવારેં ઈમ ઠર્યું જે વેદવાનેં લગતે સમઈ નિર્જરા,

એ રીતેં ચૌદમાને છેહલે સમયેં ૧૨ પ્રકૃતિનું વેદવું અનેં તેહનેં લગતેં સમયેં નિર્જરા, અનેં નિર્જરા તથા સિદ્ધિનો સમય તે એક, જે સમયે નિર્જરા તેહ સમયે સિદ્ધિ એ રીતિ છેં.

વલી કોઈ કહેસ્યેં જે એક સમયમાં ઉત્પાદ–વ્યય કિમ થાય ? તેહને કહિઈ, જે સિદ્ધિનેં સમયેં સકર્મા–પર્યાયનો વ્યય, સિદ્ધ–પર્યાયનો ઉત્પાદ એ પણિ પ્રગટ છે;

કાંય એક સમયમાં જે પર્યાયનો વ્યય તે પર્યાયનો વ્યય તે પર્યાયની ઉત્પત્તિ ઈમ તો હોય જ નહીં.

વલી **શ્રી ભગવતી સૂત્ર**નેં ધુરેં "चलमाणे चलिए" ઈત્યાદિક પ્રશ્નમાં પણિ

"उदीरिज्जमाणे उदीरिए, वेदिज्जमाणे वेईए, णिज्जरिज्जमाणे णिज्जिण्णे ।"

એહમાં પણિ ઈમ કહ્યું, ઉદીરવા સમયેં ઉદીર્યું કહિઈ, વેદવા સમયેં વેદ્યું કહીઈ, તથા નિર્જરવા સમઈ નિર્જર્યું કહિઈ.

તે માટેં વેદવાનો તથા નિર્જરવાનો સમય જૂદો છઈ.

જો જૂદો ન હોય તો વેદના તથા નિર્જરા એ બેં પ્રશ્ન જૂદાં કિમ હોય ? ઈતિ.

બીજા કર્મગ્રન્થની ટીકા મધ્યે બીજી ગાથાની ટીકામાં ચૌદમા ગુણઠાણાનો અર્થ કર્યો તિહાં ઈમ લિખ્યું છેં જે

"शैलेशीकरणचरमसमयानन्तरमुच्छिन्न-तुर्विधकर्मबन्धनत्वात् ।"

ઈહાં પણિ શૈલેશીના ચરમ સમયનેં અનંતર કહેંતાં લગતેં સમઈ ચાર કર્મ બંધન ઉચ્છિન્ન થયાં ઈત્યાદિક.

કાગલમાં કેતલી વાત લિખાય ? પણિ સર્વનો રહસ્ય એ જે ચૌદમા-ગુણઠાણાને છેહલેં સમઈ પ્રકૃતિ ૧૨ તથા ૧૩ છતી છે અને તદનંતર સમઈ એહનો ક્ષય અનેં એહજ સમયેં સિદ્ધિ ઈતિ તત્ત્વં.

એ વાત ગુરુજી પાસે પણિ ચર્ચા સહિત ઘણી વાર સાંભલી છે, તે જાણવું.

ડોસા ધારસી તથા **સહેંસમલ** તથા **ઝવેરીનેં** ધર્મલાભ કહેવો દેવદર્શન સંભારવા. અત્ર સંભારીઈ તે અનુમોદવું.

વલતા પત્ર પોહતાનો સમાચાર દેવો.

ચોમાસુ ઉતરેં **સિદ્ધાચલજી** નીસર્યા તો એ માર્ગેં જણાસ્યેં, પછી તો જિમ નિમિત્ત હસ્યેં તે બનસ્યેં. મિતિ **શ્રાવણ વદિ ૯ ગુરૌ.**

તથા વળી છઠા કર્મગ્રંથની ટીકાને છેહડેં પણિ એહવો પાઠ છે જે "ततोऽनन्तरसमये" ઈતિ. **એ કાગલ કોઈ ઠાઉકા પાસે વંચાવજ્યો.**

સં. ૧૮૩૩ વર્ષે૦.

॥ સંઘમુખ્ય. વો. કસલા ડોસા યોગ્યં. લીંબડી નગરે. ॥"

આ પત્રમાં તત્ત્વજ્ઞાનની કેટલી ભવ્ય છાંટ છે ? તે સહજ રીતે વિવેકી-પુણ્યાત્માને સમજાય તેમ છે.

કર્મગ્રંથની ગૂઢ વાતો વ્યવહાર-નિશ્ચયની ભેદ-રેખાના વિવેચન સાથે ચર્ચી શકવાની ક્ષમતા લીંબડીના સ્વ-નામ-ધન્ય શેઠશ્રી કસલા વોરામાં કેટલી ઉદાત્ત હશે ? તે પૂ. પં. શ્રી પદ્મવિજયજી મ. શ્રીએ પત્રના છેડે "કાગળ કોઈ ઠાવકા પાસે વંચાવજો" લખીને પત્રમાં વિવેચેલ બાબતોની ગંભીરતા સૂચવી છે.

તે પરથી **શ્રી કસલા શેઠની** તત્ત્વદૃષ્ટિનું ઊંડાણ સમજાય છે.

આવી મહાપવિત્રતત્ત્વજ્ઞ ધર્મધુરંધર શ્રાવકોથી શોભતી લીંબડીનાં પૂ. ચરિત્ર-નાયકશ્રીની દીક્ષાનો યોગાનુયોગ કેવો મળે છે કે—


પૂ. ચરિત્રનાયકશ્રીની પ્રથમ દીક્ષા કૌટુમ્બિક-કારણે ક્ષીણ-વાસ્તુ વાળા **શીયાણી-તીર્થે** થઈ.

કે જેથી કર્મસત્તાને પ્રબળ થવામાં નિમિત્ત રૂપે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની પ્રબળ-અસર પૈકી ક્ષેત્ર-નિમિત્તે જબરો ભાગ ભજવ્યો, જે આપણે ગત-પ્રકરણોમાં જોઈ ગયા છીએ.

હવે પુનઃ શાસનના આરાધક-જીવોના પુણ્યે પૂ ચરિત્રનાયકશ્રી સંયમ-માર્ગે ચઢતે ભાવોલ્લાસે ધપવા તૈયાર થયા, ત્યારે **લીંબડી** જેની તત્ત્વજ્ઞ ધર્મપ્રેમી-ધર્મધારોની પુણ્ય ભૂમિમાં **શેઠ કુસલા વોરા** જેવા ધર્મનિષ્ઠ શ્રાદ્ધવર્યોની પવિત્ર ધાર્મિક-અસરવાળા વાતાવરણથી સભર સ્થિતિનો સાહજિક-સંયોગ મળી રહ્યો.

વળી આ **લીંબડી** રાજ્ય સૌરાષ્ટ્રનું હૃદય ગણાય. ત્યાં આખા શાસનના આધારરૂપ પવિત્ર-આગમોની ક્ષીણ પ્રાયઃદશાના સમુદ્ધારક થનારા પૂ ચરિત્રનાયકશ્રીની દીક્ષાના સંયોગ એ પણ કુદરતી અદ્ભુત મેળ ગણાય.

તેમજ **દુઃષમ**-કાળના પ્રભાવે **મોહરાજાનું** ક્રુર તાંડવ મૂર્તિપૂજાના ઉગ્ર વિરોધી વલણનો વંટોળ લુંકાલહીયા દ્વારા અહીંથી જ ઉઠેલ, તે જ ભૂમિમાં આગમોના પવિત્ર-તત્ત્વોને ભવ્ય-જીવોના હૈયાના ઊંડાણ સુધી પહોંચાડનારા મહાપુરુષરૂપ પૂ ચરિત્રનાયકશ્રીની **દીક્ષાનો સંયોગ** ખરેખર અદ્ભુત સુયોગ કહેવાય.



શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પ્રકરણ-૪૯



પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા અંગે લીંબડી સંઘનો ભવ્ય ધર્મોત્સાહ



જિનશાસનરૂપ ગગનમાં ભવ્ય તેજસ્વી રીતે ચમકતી **સાગર**-શાખાના તેજસ્વી મહાપુરુષ અને તે વખતના સંવેગી-શાખાના ધુરંધર મહાપુરુષો વચ્ચે આદરપાત્ર **પૂ. મુનિરાજશ્રી ઝવેરસાગરજી મ.** જેવા નિપુણ આધ્યાત્મિક-શિલ્પીના હાથ તળે પૂ ચરિત્રનાયકશ્રીના જીવનનું ઘડતર થવાનો સુમેળ બનવા પામ્યો એ એક જૈનશાસનના ઈતિહાસનો સુવર્ણયુગનો પ્રારંભ ગણાય.

કે જે અનેક વિષમકર્મોના આવરણને હતપ્રભ બનાવવાના પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજીના વિશિષ્ટ પ્રયત્નોના બળે પૂ. ચરિત્રનાયકશ્રીની શાસનના ચરણે ભેટ ધરવા રૂપે તેમજ **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** ની માનસિક પ્રતિભાના બળે બનવા પામ્યો ગણી શકાય.

પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ના ધર્મોપકારનું ક્ષેત્ર અને ઐતેહાસિક અનેક મહત્વપૂર્ણ પ્રસંગોથી **લીંબડી** જેવા **સૌરાષ્ટ્ર**ના તિલક સમા નગરમાં પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા હકીકતમાં ઇતિહાસની સોનેરી ઝલકરૂપ વિવેકી પુણ્યાત્માઓને લાગે તેવા ઉદ્દામ સંયોગો તે વખતે થયા હતા.

વધુમાં પૂ. ચરિત્રનાયકશ્રીના સંયમ-પ્રાપ્તિના અપૂર્વ થનગનાટના ઊંડા મૂળની જાહુકારી સ્વપ્નાદેશ-વિદ્યા દ્વારા અને શાસનદેવ દ્વારા **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** ને મળેલ હોઈ ચરિત્રનાયકશ્રીની દીક્ષાનો પ્રસંગ ઉજ્જવળ ભાવીના સંકેત મુજબ સાહજિક રીતે લીંબડી શહેરના જૈન શ્રી સંઘે અનેક ધર્મોત્સાહથી વધાવી લીધો,

શ્રી સંઘના આગેવાન **શેઠશ્રી ન્યાલચંદભાઈ, ઈચ્છાચંદભાઈ, જયસુખભાઈ કસલચંદભાઈ** આદિ ધર્મનિષ્ઠ-સુશ્રાવકોએ ઉમંગભેર પૂ. શ્રી ચરિત્રનાયકશ્રીની દીક્ષાની વાતને વધાવી આખા શ્રીસંઘમાં ધાર્મિક-વાતાવરણની સુષમા ફેલાવી.

પરિણામે પૂ. શ્રી ચરિત્રનાયકને બહુ-મૂલ્ય સુંદર વેશ-ભૂષાથી સજ્જિત કરી મહામૂલા

રત્નજડિત સ્વર્ણના આભૂષણો પહેરાવી સોના-ચાંદીના આભૂષણોથી શણગારેલ ઘોડા પર બેસાડી મેઘાડંબર-છત્ર ધરાવી મંગળ-વાજિંત્રોના ગગનભેદી **સૂરો** સાથે ચારિત્રધર્મના બહુમાનના ઉદ્દેશ્યથી **વાયણે** ફેરવવાની શરૂઆત આજ સુ. ૧૦ ના ૧૦ વાગે કરી.

પૂ શ્રી ચરિત્રનાયક પૂ ગુરુદેવ ભગવંત પાસે ગહુંલી કરવા પૂર્વક સ્વર્ણમુદ્રાથી જ્ઞાન-પૂજન કરી મંગલ વાસક્ષેપ કર્યો પિતાજી. ચરણોમાં ભાવભર્યો નમસ્કાર કર્યો. તાજીના વ્હાલભર્યા આશીર્વાદ મેળવી શ્રી સંઘના આગેવાન શ્રાવકો સાથે દીક્ષા સન્માન-યાત્રામાં જોડાયા.

લીંબડી જૈન સંઘની ધર્મ ભાવના ઉછળી બધી ઉત્કૃષ્ટ કે પોતાના આંગણે ભવ્ય-મંડપ બધી લગ્ન કરાવ્યા અને ઉત્સાહ સાથે દીક્ષાર્થીને ઘરાવ અને જાતના વસ્ત્રભૂષણો થી સન્માની દીપડા સાથે રાસ ભરવા રૂપે છૂટે હાથે લક્ષ્મીનો સદ્વ્યય કરવા લાગ્યા.

દીક્ષાર્થીને પાલે બેસાડી વિવિધ ઉચ્ચ કોટિના ફળો-મેવા-મીઠાઈનો નજરાણા **ઉત્તમ** પદાર્થો ના થાળ ધરવા પૂ ચરિત્રનાયકશ્રી **"આ બધાના ઉપયોગથી આપણે લેવા લાયક ત્યાગ ધર્મ ચૂકી જવાય."** એવી ઉત્તમ ભાવનાથી આ સ્વીકાર છે "આની જરૂર નથી." "આ બધું અભક્ષ્ય છે." વગેરેથી બહુવિધ કરાતા સન્માનને પણ આવું ઠેલતા હતા.

જેના પરિણામે ધર્મપ્રેમી લોકો દીક્ષાર્થીના ત્યાગભાવ અને ઉચ્ચ પરિણામોની ખૂબ ખૂબ અનુમોદના કરતા.

વધુમાં પૂ. ચરિત્રનાયકશ્રી દેવદર્શન, પૂજા, સામાયિક અભક્ષ્યત્યાગ, પ્રતિક્રમણ, મહિનામાં અમુક આયંબિલ દીક્ષા બાદ એકાદી ચીજનો ત્યાગ, મુઠ્ઠીસી પચ્ચક્ખાણ, ચૌદ નિયમ ધારવા આદિ નાના-મોટા નિયમોનો છુટે હાથે વહાણ કરી પોતે સર્વ-ત્યાગના માર્ગે જઈ રહ્યા છે તો સંસાર-ગ્રસ્ત લોકોને **"દુઃખમય સંસારથી છોડાવનાર એક માત્ર ત્યાગ ધર્મ છે"** એવી વાત વિવિધ દલીલ-ભરી સમજાવટથી લોકોને ત્યાગ ધર્મની સન્મુખ બનાવવા પ્રયત્ન કરેલ.

પરિણામે આખા શ્રીસંઘમાં "બહાર ગામના વતની અને ચઢતી જુવાનીમાં ચઢતા વૈરાગ્ય-રંગે ઉછળતી શુદ્ધ-ભાવનાઓની ખૂબ સરસ છાપ પડી.

પિતાજી પણ કેવા સંસ્કારી ધાર્મિક વૃત્તિના "કે પોતાના કાળજાની કોર જેવા કલૈયા-કુંવરને સગે હાથે પ્રભુશાસનના પંથે વાળી રહ્યા છે!

ધન્ય છે જિનશાસનને કે જેના પ્રતાપે આવા દેવ-કુમાર જેવા સારૂં ભણેલા દીકરાને પણ મોહ-માયાના વળગણાં તરછોડી સર્વવિરતિના પંથે જવા માટે તેના સગા-પિતા ઉમળકાભેર રજા આપી રહ્યા છે."

આદિ અનેક જાતની અનુમોદનાઓ શ્રીસંઘમાં આબાલ વૃદ્ધ દરેકના મુખથી થવા માંડી.

શ્રીસંઘે પણ ઉમળકાભેર ઘણા વર્ષે આવો દીક્ષા-મહોત્સવનો અવસર સાંપડ્યો હોઈ ખૂબ ધામધૂમ અને દબદબાથી **શ્રી શાંતિનાથ પ્રભુના** દેહેરે મહા સુ. ૩ થી અષ્ટાહ્નિકા-મહોત્સવ શરૂ કર્યો.

પ્રથમ-દિવસે તરણ-તારણહાર **શ્રી સિદ્ધાચલ-મહાતીર્થ**ના મહિમા-ગુણગાનથી ભરપૂર ૯૯ અભિષેકની પૂજા ઠાઠથી થઈ, જેમાં પૂ. ચરિત્રનાયકશ્રીએ સ્વયં ઊભા રહી ૯૯ અભિષેકના કળશોથી પોતાની જાત પરના વિવિધ આવરણોને ક્ષીણ-પ્રાયઃ કરવાનો ભાવ કેળવ્યો.

પરિણામે **"સંયમ રંગ લાગ્યો—રંગ લાગ્યો તે ચોલ મજીઠ"**ની ભાવના હાડોહાડ મજબૂત થઈ.

પૂજ્યશ્રી પાસે પિતાજીની પ્રેરણાથી મેળવવા રાત્રે પ્રતિક્રમણ પછી ગુરૂ-પરિચર્યાના બદલે સંયમ અંગેની હિતશિક્ષા મેળવવા પ્રયત્ન કર્યો.

પૂજ્યશ્રીને પૂછ્યું કે **"સાહેબ ! આ વાયણા એટલે શું ? વાયણા તો આમાં લેવા-દેવાની નથી અને સંયમી આત્માને વિરાગ-ભાવના પંથે જવું અને સારા કાપડ-ઘરેણાની શોભા આ બધું શું ?**

પૂજ્યશ્રીએ જણાવ્યું કે—દીક્ષાના અર્થી મુમુક્ષુ આત્માનું બહુમાન કરવા **ધર્મપ્રેમીઓ** તૈયાર થાય ત્યારે વૃત્તિસંક્ષેપ અને ત્યાગ-ભાવના પોષણે **"આનો બસ નથી" "આના પચ્ચક્ખાણ છે" "આજે નિયમ ધાર્યા છે" દ્રવ્યની ગણત્રી થઈ ગઈ" "વિગઈનો અમુકનો ત્યાગ છે"** આદિ શબ્દોથી ભક્તિ કરવા આવનારની ભક્તિને વારવી-અટકાવવી. તે ક્રિયા જેમાં છે, તે દીક્ષાર્થીની ભક્તિને વાયણા દેવાય છે પણ ખરી રીતે વારણા શબ્દ છે.

"વળી સુંદર વસ્ત્રાભૂષણોની શોભા જે વિરાગ-ભાવવાળા મુમુક્ષુની કરવામાં આવે છે તે ત્યાગ ધર્મના પંથે જનારાની ભાવનાનો સત્કાર છે તેમ છતાં વૈરાગી આત્માએ પોતાની જાતને જાગ્રત રાખવી ઘટે."

"ભક્તિ કરનાર પૂર્ણ રીતે ભક્તિ કરે પણ ભક્તિ લેનારાએ ખૂબ સાવચેતી કેળવવી જરૂરી છે! આપણી અંતરની વાસના વૈરાગ્ય-વૃત્તિનો કબજો ન લઈ લે તે અંગે ખૂબ સાવચેત રહેવું ઘટે."

પૂજ્યશ્રીએ કહ્યું કે "ભાઈ! સંયમ એટલે અનાદિકાલીન સંસ્કારો કે જે મન-વચન-કાયાના માધ્યમથી પ્રકટે છે. તેનું નિયંત્રણ કરવા માટે ગુરુનિશ્રાએ પ્રભુ શાસનની વફાદારી કેળવવાનો પ્રયત્ન! તે માટે સહનશીલતા અને સમર્પણ ભાવ એ મુખ્ય વસ્તુ છે."

વધુમાં સાધુ જીવનની કેટલીક સામાચારીઓનો નિર્દેશ જયણાપ્રધાન જીવનની મહત્તા વગેરે પર પ્રકાશ પાથરવા સાથે પૂજ્યશ્રીએ કર્યો.

સુદ ૪ ના દિવસે પૂ. ઉપા. **શ્રી વીરવિજયજી મ.** કૃત ૬૪ પ્રકારી પૂજામાંથી **મોહનીય કર્મનિવારણ** અષ્ટ પ્રકારી પૂજા સવારે ૯ વાગે શરૂ થઈ.

તેમાં વાયણાના હિસાબે શરૂની ચાર પૂજામાં પૂ. ચરિત્રનાયકશ્રી પહોંચી ન શકયા પણ ઝડપથી વાયણા પતાવી ૧૦॥ વાગે દેરાસરમાં ઉપસ્થિત થયા ત્યારે પાંચમી દીપક પૂજા ચાલતી હતી "**જગદીપકની આગળે રે** દીપકનો ઉદ્યોત" તેના ધ્રુવ પદ તરીકે **તેજે તરણિથી વડો રે, દોય શિખાનો દીવડો રે ઝળકે કેવળ જ્યોત** એ શબ્દો પૂ. ચરિત્રનાયકશ્રીને મનમાં ખૂબ વસી ગયા.

"પ્રભુજી! આપ તો તરણિ-સૂર્ય કરતાં મહાન છો! તેઓએ દેશવિરતિ-સર્વ વિરતિ બે શિખાનો દીપક દર્શાવ્યો છે. જેનાથી કેવળજ્ઞાનની જ્યોત ઝળકે.

આ રીતે તેના અર્થ-ચિંતનમાં ઊંડા ઉતરી આખી પૂજા ખૂબ ઉલ્લાસપૂર્વક ઝાંઝના તાલ સાથે તેમના હૈયાના તાલ મેળવવા માંડ્યા અને "**અરેખર! મારા પુણ્યનો ઉદય કે મને આ પ્રભુ શાસન મળ્યું છે. હવે હું તેના સ્વ-પર કલ્યાણકારી આરાધના જરૂર કરી લઉં.**" આદિ વિશિષ્ટ-ભાવનાઓથી પૂ. ચરિત્રનાયકશ્રી પૂજાના અર્થમાં તરબોળ બની ગયા.

પછી છઠ્ઠી પૂજામાં "**વીર કને જઈ વસીએ ચાલોને સખિ!**" એ પદ દ્વારા પોતાની વીતરાગ-પરમાત્માની સર્વવિરતિ આજ્ઞાને સ્વીકારી પ્રભુ પાસે નજીક રહેવાની વાત પૂ. ચરિત્રનાયકશ્રીએ હૈયામાં ગોઠવી.

પછી "**અક્ષતપૂજા જિનની કરતાં અક્ષય મંદિર વસીએ**" પૂ. ચરિત્રનાયકશ્રી આ કડીનો પ્રચલિત અર્થ ગૌણ કરી એ ભૂમિકાએ પહોંચ્યા કે-



પ્રભુની અક્ષત અખંડ સંપૂર્ણ પૂજા કયી! તેઓની આજ્ઞા સર્વવિરતિરૂપ ચારિત્ર સ્વીકારવાની, તેને અમલમાં મૂકીએ તો અક્ષય મંદિર સિદ્ધિગતિ તુર્ત મળે માટે ચાર કર્મોના કારમા બંધનથી છૂટવા પ્રભુની સર્વવિરતિરૂપ ચારિત્રની આજ્ઞાના યથાશક્ય સંપૂર્ણ સ્વીકારની ખાસ જરૂર છે."

આદિ ચિંતનમાં છઠ્ઠી પૂજા કયારે પૂરી થઈ? તે પૂ. ચરિત્રનાયકશ્રીને ખબર ન રહી કાવ્ય-મંત્ર બોલાઈને થાળી ખણખણી ત્યારે પૂ. ચરિત્રનાયકશ્રી શુભ વિચાર-નિદ્રામાંથી જાગૃત થયા.

પછી સાતમી પૂજામાં "**મળીને વિછડશો નહીં કોય રે**" એ પદ પર વિચારતાં પૂ. ચરિત્રનાયકશ્રી ઊંડા ઉતરી ગયા.

"આ સંસાર કેવો ક્ષણ ભંગુર! સંયોગ-વિયોગની ઘટમાળ સતત ચાલુ."

"મારે આ ઘટમાળ થંભાવી દઇ શાશ્વત આત્મ સુખની અનુભૂતિ મેળવવી છે, તે માટે પરમાત્મા જો મારી પાસેથી જુદા ન પડે એટલે સતત હું તેમની આજ્ઞામાં રહું તો આજ્ઞાના માધ્યમથી પ્રભુજી સતત મારા હૈયામાં રહ્યા ગણાય!

વાહ! વાહ! પ્રભુજી! આવો! પધારો! મુજ મન મંદિરીયે! તમારી આજ્ઞાના પાલન દ્વારા મારી જાતને પાવન બનાવું!

આદિ વિચારધારાએ એવા ચઢયા કે અચાનક તબલ્લાની થાપે જાગ્યા અને પૂજાના શબ્દો કાને પડયા કે-

"વેદ નડયો જડયો, સંસારી નડયો, નિર્વેદી ચઢયો નહીં છાંય રે."

"અરેરે! હે પ્રભુ! વેદનો ઉદય કેવો કારમો! મળેલ ચિંતામણિ-રત્ન જેવો સંયમ ગુમાવી દેવાની સ્થિતિમાંથી પસાર થયો."-આદિ ચિંતનમાં માનસિક પશ્ચાત્તાપ ખૂબ થયો.

પણ પાછું પૂજામાં આવ્યું કે-

"અબ તું સ્વામી મળ્યો, નરભવ જ ફળ્યો; નૈવેદ્ય પૂજા ફળદાય."

પૂ. ચારિત્રનાયકશ્રી પ્રભુ-શાસનની પ્રાપ્તિ થવા પામી છે, તેના ઉમંગમાં પુનઃ ભૂતકાળની થયેલ ભૂલો પરથી ભવિષ્યને સુધારી લેવાની શિષ્ટપુરુષોની રીતિ-નીતિ મુજબ "**કર્તવ્યનિષ્ઠા વિનાના પશ્ચાત્તાપથી કંઈ ન વળે**" સૂત્રને અનુસરી પ્રભુના ચરણે ભાવોલ્લાસ ભર્યો નમસ્કાર કરી. શરણાગતિ ભાવ વ્યક્ત કર્યો.

છેલ્લી આઠમી પૂજામાં- "મોહમહાભટ કેશરી નામે તે મિથ્યાત" દુહા દ્વારા અંતરના રોગાદિ-દૂષણોના મૂળ કારણ સમા મિથ્યાત્વને મૂળમાંથી ક્ષય કરવા માટેની આદર્શ વિચારધારાને પૂ. ચરિત્રનાયકશ્રી અપનાવી રહ્યા.

પછી પૂજામાં "મોહમહીપતિ મહેલમેં બેઠે" આદિ શબ્દોથી મોહ રાજા અને ચારિત્ર ધર્મ રાજા બંનેની લડાઈમાં જે ચિતાર આવ્યો.

તેમાં પૂ. ચરિત્રનાયકશ્રી એવા તરબોળ થયા કે આ લડાઈમાં વિજય પ્રભુશાસનની મર્યાદામાં રહેનારાનો જ થાય છે. એ વાત હૈયામાં અંકિત રાખી પ્રભુશાસનની મર્યાદા શાસ્ત્ર-વાકયોની વફાદારી અને સામાચારી જીતકલ્પની પ્રધાનતા આદિ સત્યોની મહત્તાને ઓળખી રહ્યા.

છેલ્લે "તસ રક્ષક મન જિન પલટાયો, મોહ તો ભાગ્યો જાય લલના."

કડીમાં અનાદિ કાલીન-સંસ્કારોનો દોરી સંચાર કરનાર મનને જ્યારે વિનય-નિશ્રા-શરણાગતિ આદિ રૂપે પ્રભુ તરફ પલટાવી દેવાય એટલે મનનું ઊંધું નમ થાય એટલે મોહનું જોર સાવ ઠંડું પડી જાય.

મોહના સંસ્કારોનું માધ્યમ મન છે તે જ પલટાઈ જાય પછી મોહ રાજાને ફાવટ ન જ આવે.

આ એક ગુરૂમંત્ર પૂ. ચરિત્રનાયકશ્રીના હૈયામાં એવો અદ્‌ભુત રીતે વસ્યો જેથી કે મોક્ષ હથેલીમાં દેખાયો. તે આનંદના ભાવાવેશમાં પૂ. ચરિત્રનાયકશ્રીએ સુંદર વેશભૂષાથી સજ્જ છતાં શરમને નેવે મૂકી પ્રભુ આગળ બે હાથમાં બે ચામર લઈ ખૂબ સુંદર ભક્તિ-નૃત્ય પૂજાની સમાપ્તિ સુધી કરી જીવનને ધન્ય-કૃતાર્થ બનાવ્યું.


બરાબર બાર વાગે પૂજા પૂરી થઈ, પછી પૂ. ગુરુદેવ પાસે જઈ પૂજ્યશ્રીને પૂજા વખતે ઉપજેલા શુભ ભાવો ટૂંકમાં વર્ણવ્યા.

પછી વાયણાનું કામ પતાવી શ્રીસંઘ તરફથી બપોરે ત્રણ વાગે ભવ્ય રથયાત્રા હતી, જેમાં ગજરાજ, ડંકા, નિશાન, પ્રભુજીનો ભવ્ય રથ, પાલખી અનેક શણગારેલા સાંઢેલાં ઉપરાંત ભવ સમુદ્રથી તરવા જહાજ સમાન સંયમના પ્રતીકરૂપે ચાંદીના પતરા મઢેલ નાવ આકારની ચાર ઘોડાની બગીમાં ભવ્ય અસલી ગુલાબના આકારની ભવ્ય પાંખડીવાળી બેઠકમાં વર્ષીદાન દેવાની

વ્યવસ્થા હતી, પૂ. ગુરૂદેવશ્રી પાસે ૨-૧૭ મિનિટે પાંચ સોનામહોરોથી જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ લઈ મોહરાજાની સામે યુદ્ધે ચઢવાની સંયમરૂપી સમર-યાત્રાના મંડાણ પૂ. ચરિત્રનાયકશ્રીએ કર્યાં.

અનેક રત્નજડિત અબેરાતભર્યા સ્વર્ણાભૂષણો આદિથી દેવકુમાર જેવા સુસજ્જ બનેલા પૂ. ચરિત્રનાયકશ્રીએ ધર્મોપકારી પિતાશ્રીને પોતાની સામે ઉચ્ચ આસને બેસાડી તેમના ચરણે મસ્તક નમાવી તેમના વરદ આશીર્વાદ મેળવ્યા. પછી વર્ષીદાન માટેની બગીમાં ૭ નવકાર ગણી ૨-૩૭ મિનિટે દેવકુમારની જેમ બિરાજમાન થયા.

થોડીવારે સઘળી સ્ત્રીઓએ આવી ઓવારણા લીધાં, કંકુ-ચોખા કરી હાથમાં શ્રીફળ આપી સંયમયાત્રામાં તમે સફળતાને વરોના મંગળ આશિષ વચનો બોલી. દીક્ષાયાત્રામાં શામેલ થઈ. અનેક દેશી મંગળ વાજિંત્રોના મંગળ ધ્વનિથી આખું શહેર ગાજી ઊઠ્યું, અઢી કલાક વર્ષીદાનની રથયાત્રા આખા ગામમાં ફરી.



શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પ્રકરણ-૫૦

પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષા અંગે વર્ષીદાન મહોત્સવ

પૂ. ચરિત્રનાયકશ્રી તપાગચ્છની સાગર-શાખાના અદ્વિતીય તેજસ્વી તારકસમા પૂ શ્રી **ઝવેરસાગરજી મ.** ની પાવન-નિશ્રામાં જીવન સમર્પિત કરવાના પગથારે અપૂર્વ આનંદોલ્લાસ ભર્યા ઉમંગથી પોતાના પરમોપકારી પિતાજીના કુનેહભર્યા ધર્મ-સંસ્કારોની ઋણવણી કરવાના **સત્પ્રયત્નોથી** આવી રહ્યા.

તે વખતે **સૌરાષ્ટ્ર**માં તિલક સમા **લીંબડી** શહેરના જૈન શ્રી સંઘે જિનશાસનના ચમકતા સિતારા સમા પૂ. ચરિત્રનાયકશ્રીના હરખભેર વધામણાં સાથે અદ્વિતીય અનોઠ શાસન-પ્રભાવના સાથે ચારિત્રયાત્રાનો અપૂર્વ મહોત્સવ ઉજવ્યો.

છેલ્લે મહા સુ. ૩ ની મંગળ વર્ષીદાનની રથયાત્રા દ્વારા ચરિત્રનાયક **ધર્મવીર શ્રી હેમચંદભાઈ**એ સંસારના કારાવાસમાંથી છુટવાના થનગનાટ સાથે પ્રભુશાસન પર જીવન ન્યોછાવર કરી દેવાની તમન્ના જગ-જાહેર કરવાના પ્રતીક રૂપે વર્ષીદાનની મંગળ ક્રિયામાં ઉલ્લાસભેર ભાગ લીધો.

લીંબડી શહેરના રાજમાર્ગ પર ફરી રહેલ વર્ષીદાનની રથયાત્રા એવા અનેરા ધર્મોલ્લાસના વાતાવરણનું સર્જન કરી રહી કે—

જેના પરિણામે જૈન શું ? જૈનેતર શું ? શ્રીમંત શેઠીયા શું ? સામાન્ય જનતા શું ?

તે દિવસે શુક્રવારના હટાણાના કારણે આજુબાજુના ગામડાંના હજારો માણસો ભવ્ય **રોમાંચક** રથયાત્રાના બાહ્ય દેખાવથી આકર્ષાઈ કૂતુહલવૃત્તિથી જોવા પડાપડી કરવા લાગ્યા.

જેમાં જુવાનીના ઉંબરા પર પગ મુકનાર ફૂટડા રૂપવાળા દેવકુમાર જેવા શરીરની ઉંચાઈ વધુ નહીં એટલે નાનકડા છોકરા જેવાને ચાર ઘોડાની બગ્ગીમાં છૂટે હાથે રૂપિયા-પૈસા-સોના-ચાંદી સાથે બદામ-સોપારી-ચોખાને મુઠ્ઠીઓ ભરી-ભરી ચોપાસ દાન આપતા નિહાળી ઘરડા કે જુવાન, બાઈઓ કે છોકરાં બધા દાંત નીચે આંગળી દબાવીને બોલવા લાગ્યા કે—

"આ શું ! આવો રૂપનો અંબાર કલેયા કુંવર જેવો ! દેવકુમાર જેવો ! માખણ જેવી કોમળ કાયાવાળો ! સાધુ બને છે ! શું દુઃખ પડયું હશે !

પણ કોઁક સમજુ કહે કે—"ભાઈ ! દુઃખ પડે તે બાવા થાય તે હિંદુઓમાં !

આ જૈનોમાં તો ઋર્યા-ભાદરા ધન-સમૃદ્ધ ઘરને તરછોડી-માબાપના વ્હાલને અવગણી પોતાની કાયાનું કલ્યાણ કરવા નિકળી પડે છે.

જુઓને ! તેના મ્હોં પરનો ઉમંગ કેટલો છે !

દુનિયાદારીની જરા પણ તમા દેખાતી નથી ! મ્હોં પર જાણે સંસારમાંથી છૂટવાનો અનેરો આનંદ દેખાય છે !

આ તેની સામે બેઠા છે તે ભાઈ કોણ હશે ? ત્યાં કોઁકે કહ્યું કે—તે તેના બાપુજી છે ! આ ભાઈ બેઠા જિલ્લાના કપડવંજના શેઠ છે.

ગુરૂ મહારાજ અહીં એટલે સામે પગલે આવી પોતાના પનોતા દીકરાને દીક્ષા અપાવવા અહીં આવ્યા છે !!

વગેરે વાતો જાણી ગામના લોકો અને ઈતર પ્રજા ખૂબ પ્રભાવિત બની રહી.

વધુમાં વિચારવા લાગ્યા કે—"શે ! આ મોહ છૂટે !

આ દુનિયામાં અનેક દેવી-દેવલાં આગળ કેટલાંય માથાં ઘસીએ ત્યારે આવો દેવકુમાર જેવો દીકરો મળે ? શી જિગર ચાહતી હશે આમની ! ધન્ય છે આમને કે આવા દીકરાને પરમાત્માના પંથે વાળી દીધો ! ધન્ય છે તેમને ! તથા તેમના મા-બાપને !"

આમ વિવિધ અનુમોદનાના ભાવો જન-સાધારણના હૈયામાં ઉછળવા લાગ્યા.

રાજમહેલ આગળથી વર્ષીદાનની રથયાત્રા પસાર થઈ ત્યારે શ્રી સંઘના આગેવાનોએ નજરાણું કરવાપૂર્વક દરબાર સાહેબને અરજ કરેલ કે—

"આવા મહાન પુણ્યાત્મા આપની ધરતી પર સંયમ-પંથે ધપે છે" વગેરે વાત જાણી દરબાર સ્વયં ઘોડા પર બેસી સામે આવી ભગીને ઉભી રાખી પોતાના હાથે

સુંદર ગુલાબની માળા પૂ. ચરિત્રનાયકશ્રીને પહેરાવી હાથમાં ગજરો દીધો. ઉપરાંત દશથી પંદર સોનામહોરો વચ્ચે હીરામોતી ટાંકેલ એક માળા પૂ ચરિત્રનાયકશ્રીને પહેરાવી.

દરબારના અંતઃપુરનાં રાણીજી વગેરેએ મહેલના ઝરૂખામાં પરદા પાછળ ઊભા રહી બગીને ઝરૂખા આગળ લાવી ઊભી રખાવી ઉપરથી લાલમોતીથી વધાવી પુષ્પાંજલિ વરસાવી.

"તમારી આધ્યાત્મિક યાત્રા સફળ થાઓ" ની મંગળકામના માટે ટાચકા ફોડી ઓવારણાં લીધા.

જૈન-જૈનેતર જનતા આનાથી ખૂબ પ્રભાવિત બની રહી.

પૂ. શ્રી **અવેરસાગરજી મ.** શ્રીએ આ બધાને પ્રશસ્ત શકુન માની શકુન-ગ્રંથિ વાળી જિનશાસનના ગગનમાં અદ્વિતીય તેજસ્વી સૂર્ય ઉગી રહ્યો હોવાની કલ્પનામાં ખોવાઈ ગયા.

પછી રથયાત્રા શહેરના બીજા લત્તાઓમાં ફરી **શ્રી શાંતિનાથ પ્રભુના દહેરે** આવી ઉતરી.

પૂ. ચરિત્રનાયકશ્રી **"હવે સંસારથી બહાર નિકળ્યાનો અભિનય જાહેરમાં કર્યા પછી કોઈના ઘરે ન જવાય!"** એમ પૂ. પિતાજીની સૂચનાથી મંગલ વાજિંત્રો અને સૌભાગ્યવતી બહેનોના ધવલ-મંગલ ગીતગાન સાથે ઉપાશ્રયે પૂજ્યશ્રી પાસે હરખભેર આવ્યા.

પૂજ્યશ્રીએ પણ ચરિત્રનાયકશ્રીને પ્રાસંગિક ટૂંકું સંબોધન કર્યું કે—**"પુણ્યવાન! સંસારમાંથી તમે દુનિયાની સાક્ષીએ નિકળીને અહીં આવ્યા."**

"મહાભિનિષ્ક્રમણ તમારૂં દ્રવ્યથી સંસાર એટલે મોહના પગલામાંથી છુટવા રૂપે થયું."

હવે હકીકતમાં જિનશાસનની મર્યાદા પ્રમાણે તમારો સંસારથી ભાવથી-અરેખર છૂટકારો શાસ્ત્રીય વિધિ પ્રમાણે કાલે સવારે થશે."

હવે તમારે અહીં જ રહેવાનું. રાત્રે સંથારો અહીં કરવાનો!

હવે વાયણા કે લૌકિક રીત-રિવાજો બધા તમારા બંધ થઈ ગયા.

પૂ. ચરિત્રનાયકશ્રીએ કહ્યું કે—**"સાહેબ! મંજુર છે મને! આપ જે ફરમાવો તે મારે તહત્તિ છે."**

સાથેના શ્રાવકોએ કહ્યું કે—"સાહેબ ! હજી અમારે દીક્ષાર્થીના પગલાં ખાસ કરવવા છે તો લઈ જવાની રજા આપો !"

પૂજ્યશ્રીએ કહ્યું કે—"હવે કાંઈ બધું કંઈ ન બને ! તમારી વિધિ પૂરી થઈ ગઈ ! હવે દુનિયાની સાક્ષીએ તેઓ પ્રભુ-શાસનના શરણે આવી ગયા. હવે એમનાથી ઘોડે બેસવું, સ્ત્રીઓનો સ્પર્શ કે રંગરાગ વગેરે કંઈ ન કરાય. તમારા હિસાબે તેઓ સંસારથી બહાર નિકળી ગયા, કાચું સાધુપણું તેમને નભાવવાનું.

કાયદેસર પાકું સાધુપણું કાલે નાણ માંડી વિધિપૂર્વક અપાશે."

તે સાંભળી સહુ સ્તબ્ધ બની રહ્યા. એટલામાં કોઈ વિનંતિ કરી કે સાંજે જમવા તો અમારા ઘરે આવશે ને ! એટલે પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂ. ગુરૂદેવના હૈયાના ભાવને પારખી કહ્યું કે—

"જ્યાં સુધી હવે મને ચારિત્રની પ્રાપ્તિ ન થાય, સંસારથી પાર ઉતારનાર રજોહરણ ઓઘો ન મળે ત્યાં સુધી મારે ચારે આહાર ત્યાગ છે."

એટલે સૌ ચૂપ થઈ ગયા ને સહુ પોતપોતાના સ્થાને ગયા.

શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પ્રકરણ-૪૮

પૂ. ચરિત્રનાયકશ્રીનું વર્ષીદાન પછી

ચા...રિ...ત્ર ગ્ર...હ...ણ

પૂ. ચરિત્રનાયકશ્રી શ્રીસંઘ-આયોજિત રથયાત્રા દ્વારા સંસારના બંધનોને ફગવી દેવાના પ્રતિક રૂપે વર્ષીદાન દેવાપૂર્વક ઉભા પગે સ્વેચ્છાએ મહાભિનિષ્ક્રમણ કરી પૂ. ગુરૂદેવશ્રીની શીળી છાયામાં ઉપાશ્રયે આવી પહોંચ્યા બાદ સંસારની સઘળી રંગરાગની પ્રવૃત્તિઓથી અટકી ધર્મમય-સંયમ-ધર્મની ઝાંખીરૂપ જીવન જીવવા રૂપે સામાયિક-પ્રતિક્રમણ-ગુરૂભક્તિ-સ્વાધ્યાય આદિમાં તત્પર બની રહ્યા.

જેથી શ્રીસંઘમાં ચઢતે-પરિણામે રહેલી દીક્ષાર્થીની વૈરાગ્ય-ભાવનાની એવી ભવ્ય અનુમોદના થવા પામી કે—

"ખરેખર ! જિનશાસનની આદર્શ-પ્રક્રિયા પ્રમાણે વૈરાગ્ય-રંગે રંગાયેલ જીવ પદ્ધતિપૂર્વકની દીક્ષા પૂ. ગુરૂદેવ યોગ્ય મુહૂર્તે ભલે આપે ! પણ સૂર્યોદય પૂર્વે થતા અરૂણોદયની જેમ દીક્ષા દ્વારા મોહનીયના સંસ્કારના વિજયની પૂર્વ ભૂમિકાએ ટકી રહેલ રંગ-રાગ ભર્યા વિલાસી-વાતાવરણથી સર્વથા દૂર થઈ રહેવા રૂપે ચઢતી વૈરાગ્યધારાથી પૂ ચરિત્રનાયકશ્રીએ આ-બાલગોપાલ સહુના મનમાં પાકી છાપ ઉભી કરી કે-"લોકોત્તર દીક્ષા અને સંયમનો પંથ કેટલો અદ્ભુત છે" !

શ્રીસંઘના આગેવાનો શ્રાવકોનો અતિઆગ્રહ છતાં જમવાનું પણ ત્યાગ જણાવી **"ચારિત્ર પ્રાપ્તિ એ જ હવે મારા જીવનનું પરમધ્યેય છે, તે વિના જંપ નહી"** આદિ ભારપૂર્વક શબ્દોથી પૂ. ચારિત્રનાયકશ્રીએ હૈયામાં ઉછળી રહેલ ઉદાત્ત સંયમ પ્રત્યેના પ્રેમને વ્યક્ત કર્યો.

પરિણામે ધર્મિષ્ઠ આગેવાનોની આંખમાં હર્ષાશ્રુ પ્રકટયા ને ખૂબખૂબ ગદ્‌ગદ્ હૈયે પૂ. ચરિત્ર-નાયકશ્રીની દીક્ષા પ્રતિ ઉત્કટ ભાવનાને બિરદાવી.

પછી પૂજ્યશ્રીની નિશ્રામાં સામાયિક કરી પાંચ મહાવ્રતનો, ૧૭ સંયમનો અને ૨૭

સાધુના ગુણનો કાઉસ્સગ્ગ પૂ. ધર્મોપકારી પિતાજી સાથે કરી ૐ હ્રીં णमो चारित्तस्स ની ૨૦ માળા ગણી.

પછી પ્રતિક્રમણના સમયે પૂજ્યશ્રી સાથે પૂત્ર ભાવોલ્લાસપૂર્વક પ્રતિક્રમણ કર્યું.

સાત લાખ અને ૧૮ પાપસ્થાનકની આલોચના ભારપૂર્વક કરી હવે ગણુત્રીના કલાકોમાં પ્રભુ-શાસનના અ-દ્વિતીય સંયમની પ્રાપ્તિ દ્વારા આ બધા પાપોના કડાકૂટમાંથી છૂટી જવાનો અનેરો આનંદ અનુભવ્યો.

પ્રતિક્રમણમાં પૂ. શ્રી પિતાજીએ **"સંયમ કબ મિલે ! સસનેહી પ્યારા હો !" "સંયમ રંગ લાગ્યો"** બોલીને પોતાના સંતાનની અદ્‌ભુત સંયમ પ્રત્યેની તમન્નાને પોષણ આપ્યું.

સજ્ઝાય વખતે પૂજ્યશ્રીના આદેશથી મુનિ શ્રી કમળવિજયજી મ.શ્રી **"હવે રે નહીં રાચું આ સંસારમાં"** ભવપદવાળી **સુબાહુકુમારની** સજ્ઝાય એવી ભાવવાહી-શૈલિમાં બોલ્યા કે પૂ. ચરિત્રનાયકશ્રી ગદ્‌ગદ્‌ થઈ મનમાં ગાંઠવાળી રહ્યા કે **"સંયમ લઈને ઉચ્ચ કોટિનો પરમાર્થ સાધવો"** આદિ ભાવનાથી તરબોળ બન્યા.

પ્રતિક્રમણ પછી ત્રીજું સામાયિક લઈ પૂજ્યશ્રી પાસે બેસી **સંયમ** અંગેની હિત-શિક્ષાની માંગણી કરી એટલે પૂજ્યશ્રીએ **પંચસૂત્રનું** ચોથું સૂત્ર **શ્રી દશ વૈકાલિક સૂત્રનું ૯ મું, ૧૦ મું અધ્યયન અને બીજી ચૂલિકાના** આધારે કેટલીક મહત્વની બાબત ફરમાવી **ટૂંકમાં ગુરૂઆજ્ઞા મુજબ શાસ્ત્રીય મર્યાદા અને જીતકલ્પની સામાચારી પ્રમાણે જીવનનું ઘડતર** કરવા માટે **આપણી વિચાર-ધારાને સંપૂર્ણ તિલાંજલિ** આપવા પર ભાર મુક્યો.

પછી સંથારા-પોરસી ભણાવી શ્રી નમસ્કાર-મહામંત્રના જાપ પૂર્વક બંને પિતા-પુત્ર સંથારે સૂઈ ગયા.

સવારે ચાર વાગે એક સામાયિક કરી વિવિધ આરાધનાના કાઉસ્સગ્ગ કરી બીજા સામાયિકમાં ચારિત્ર પદ આરાધના નિમિત્તે ૭૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ પૂ. ચરિત્રનાયકશ્રીએ પિતાજીની સૂચનાથી ઉભા ઉભા ચઢતા પરિણામે કર્યો.

પછી ૐ હ્રીં णमो संजमस्स ની ૨૦ માળા ગણી રાઈ-પ્રતિક્રમણ કર્યું

પછી પિતાજી સાથે પાસેના શ્રાવકના ઘરે પરિમિત-જળથી ન્હાઈ પૂજાનાં વસ્ત્ર પહેરી **શ્રી શાંતિનાથ પ્રભુના** દહેરે જઈ મૂળનાયક **શ્રી શાંતિનાથ દાદાની** સવા અગ્યાર મણના ચઢાવાથી ઉમંગભેર જળપૂજા, પ્રક્ષાળ આદિ કરી સ્નાત્ર ભણાવી અષ્ટપ્રકારી પૂજા કરી મૂળનાયક દાદાને સવા એકતાલીશ મણના ચઢાવે ચંદનપૂજા કરી બાવીશ મણના ચઢાવે ફૂલ પૂજાનો લાભ લીધો.

છેલ્લે સત્તર મણે મુગટ ચઢાવી આરતી-મંગળ દીવો શાંતિકલશ કરી ગહુંલી કરી **ચારગતિના સંસારની રખડપટ્ટીનો અંત આવે** એવા ભાવથી શ્રીફળ, નૈવેદ્ય અને અને સવા પાંચ રૂપિયા ચઢાવી ભાવથી ચૈત્યવંદન કર્યું.

ચૈત્યવંદનમાં પિતાજી **"શાંતિ જિણુંદ તું સૌભાગી** સ્તવન બોલ્યા તેના પદે પદે પોતાની જાતને તન્મયતાથી સંયુક્ત કરી પૂ. ચરિત્રનાયકશ્રી ભાવ-વિભોર બન્યા.

છેવટે શ્રી કલ્યાણ મંદિર ના ૭ થી ૨૧ અને ૩૫ થી ૪૨ કાવ્યો બોલી પરમાત્મ-સ્વરૂપ સાથે પૂ. ચરિત્રનાયકશ્રીએ એકાકારતા અનુભવી.

પરમાત્મ-સ્વરૂપ-ઉપાય તરીકે સર્વવિરતિ-ચારિત્રના સ્વીકારની મહત્તા સમજી મહાન પુણ્યોદયે હવે ગણત્રીના કલાકોમાં જ પૂજ્યશ્રી દ્વારા ભવ-ભયહારિણી પ્રવ્રજ્યાની પ્રાપ્તિના ઉમંગમાં હર્ષઘેલા બની પ્રભુજીને શરણાગતિ ભાવ વ્યક્ત કરવા રૂપે સાત **ભક્તિ ખમાસમણાં** દીધાં, પછી ૧ બાંધી નવકારવાળી, સંયમ-ચારિત્ર, બ્રહ્મચર્ય અને જિનશાસનની એકેક માળા પૂ. પિતાજીની સૂચના મુજબ ગણી અત્યંત સ્વસ્થ ચિત્તે પૂ. ગુરૂદેવશ્રી પાસે આવ્યા.

પૂજ્યશ્રી પાસે ઉમંગપૂર્વક ભાવોલ્લાસ સાથે **વિનય-ખમાસમણ** સાથે **ભક્તિ-ખમાસમણ** દ્વારા વંદન કર્યું, પછી જ્ઞાનપૂજા કરી જીવન ધન્ય-પાવન બને અને **"પ્રભુશાસનનો સફળ આરાધક બનું"** ના મંગળ-ભાવથી વરદ વાસક્ષેપ નંખાવ્યો.

શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પ્રકરણ-૫૨

અત્યંત ભાવોલ્લાસથી થયેલ પૂ. ચરિત્રનાયકશ્રીની ભવ્ય દીક્ષા

જિન-શાસનના ગગનમાં ભાવીમાં સૂર્યની પેઠે ઝળહળાટ ચમકી આરાધક-આત્માઓના વિશિષ્ટ આધારરૂપ શ્રી જિનાગમોના વારસાને સમૃદ્ધ-સુવ્યવસ્થિત કરનાર મહાપુરુષ પૂ. ચરિત્રનાયકશ્રીની મંગળકારી દીક્ષાનો પવિત્ર દિવસ વિ. સં. ૧૯૪૭ ના મહા સુદ ૫ નો સોનેરી દિવસ લીંબડી શહેરમાં દ્રવ્ય-ભાવ બંને રીતે ચમકી રહ્યો.

યોગ્ય વિધિ-વિધાનપૂર્વક દીક્ષાની ભવ્ય તૈયારી નંદી-સમવસરણની રચના આદિ થયા પછી ચતુર્વિધ શ્રી સંઘના વિશાળ-સમૂહ સાથે પૂ. શ્રી ઝવેરસાગરજી મ. પૂરબાઈ ધર્મશાળાના વિશાળ વ્યાખ્યાન-કક્ષમાં બરાબર ૮-૨૪ મિનિટે ગણિતની રીતે શ્રેષ્ઠ સમયે પાટે બિરાજમાન થયા.

પૂ. ચરિત્રનાયકશ્રી પણ સુંદર શ્રાવકોચિત સામાયિક-યોગ્ય વસ્ત્રો પહેરી હાથમાં શ્રીફળ લઈ પૂજ્યશ્રીની સૂચનાનુસાર નંદી-સમવસરણની ચતુર્મુખ જિનબિંબો સમક્ષ ઉલ્લાસભેર એકેક નવકાર ગણવા સાથે ત્રણ પ્રદક્ષિણા દઈ રહ્યા.

સંઘના આગેવાન શ્રાવકોનો ધર્મોત્સાહ માતો ન હતો, તે વખતના કાળમાં સંવેગી દીક્ષાઓ જૂજ ! કચારેક થાય ! તેમાં પણ સત્તર વર્ષની ચઢતી જુવાનીએ ! તે પણ ઠેઠ બેડા જિલ્લાના કપડવંજના વાસીનો લાભ આપણા શ્રી સંઘને મળ્યો-આદિ કારણોથી ખૂબ ભાવોલ્લાસથી જિન-શાસનનો જય-જયકાર વિવિધ જય-ધ્વનિઓથી પ્રગટ કરી રહ્યા.

પછી પૂ. ચરિત્રનાયકશ્રીએ શ્રીફળ પ્રભુજી આગળ ચઢાવી પાંચ મહાવ્રતના પ્રતીક રૂપે સવા પાંચ રૂપિયા પ્રભુજીની થાળીમાં ત્રણ નવકાર ગણી પધરાવી મુખકોશ બાંધી પ્રભુજીની વાસક્ષેપથી પૂજા કરી.

પૂજ્યશ્રી પાસે ફેટા વંદનથી પ્રણામ કરી ત્રણ સ્વર્ણ-મુદ્રાથી ત્રિયોગશુદ્ધિના ધ્યેયથી જ્ઞાનપૂજા કરી પૂ. ગુરુદેવશ્રીના ચરણે માથું નમાવી, પ્રભુ-શાસનની સર્વવિરતિ જીવનમાં પરિણત થાઓની મંગળ ભાવનાથી વાસક્ષેપ નંખાવ્યો.

પછી શાસનદેવના મંગળ જયનાદો મંગળગીતોથી ગૂંજતા વાતાવરણમાં ખૂબ ભાવોલ્લાસ સાથે પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂજ્યશ્રીના ડાબે પડખે ઈશાન-ખૂણા સમક્ષ મુખ રહે તેમ કટાસણું પાથરી ચરવળો મુહપત્તી લઈ પૂજ્યશ્રીના નિર્દેશ મુજબ **નંદી ક્રિયાની** મંગળ-શરૂઆત કરી.

પ્રારંભમાં મોહના સંસ્કારોને મૂળમાંથી ઉખેડી સ્વ-પર-કલ્યાણકારી ધર્મ-જીવનનો મંગળ પંથ બતાડનારા મહાન ઉપકારી શ્રી તીર્થંકર-પરમાત્માના સમવસરણની કલ્પનાને નજર સામે રાખી તેમની નિશ્રામાં અતિવિષમ સંસાર-અટવીમાંથી પાર ઉતારનારી પ્રભુ-શાસનની સર્વવિરતિ દીક્ષા અપનાવવાની મંગળક્રિયા સફળ રીતે થાય "श्रेयांसि बहुविघ्नानि" "**સારા કામમાં સો વિઘ્ન**" કહેણી મુજબ આવતી વિઘ્નોની વણઝારમાં પણ હિંમત હારી ન જવાય અને ચઢતે પરિણામે અપૂર્વ વીર્યોલ્લાસથી મોહના કારમા સંસ્કારો પર વિજય મળી રહે તે શુભ આશયથી **નંદીક્રિયા** શરૂ થઈ.

શરૂઆતમાં આઠે થોયોના દેવવંદનથી અંતરંગ પરિણામ-શુદ્ધિ માટે જરૂરી આલંબન અને બાહ્ય સહકારી-નિમિત્તોની સહકારિતાની ભૂમિકા તૈયાર કરી સંસારના-દાવાનળમાંથી નિકળી પ્રભુ-શાસનની શીળી છાયામાં જવા રૂપની મનોકામનાને સફળ કરવા માટેનો મંગળ વાસક્ષેપ મેળવ્યો.

પછી સર્વ-સત્તાધીશ બનેલ મોહરાજાના કારમા તાંડવને શમાવવા સર્વ-જીવોને અભયદાનની ઘોષણારૂપ **સર્વવિરતિ-સામાયિકની નંદી** શ્રી નંદીસૂત્રના મંગળ શબ્દો દ્વારા પૂજ્યશ્રીએ સંભળાવી "पन्थानः सन्तु ते शिवाः" ની મંગળ ભાવના વાસક્ષેપ દ્વારા વ્યક્ત કરી.

પછી પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાશ્રી મગન ભગતે પૂજ્યશ્રીની સૂચનાથી નમ્ર વિનંતિ કરી કે—

"પૂજ્યશ્રી! આપના ચરણોમાં મારા કાળજાની કોર જેવા કુટડા ગુલાબશા કોમળ મારા સંતાનને તેના આત્માનો ઉદ્ધાર થાય, પ્રભુશાસન દીપાવે તે હેતુથી સમુપસ્થિત કરૂં છું! કૃપા કરી સ્વીકારી મને ધન્ય-પાવન બનાવો!"
કહી પૂજ્યશ્રી સામે નત-મસ્તકે ઉભા રહ્યા

એટલે શ્રી સંઘના આગેવાનોને ઉદ્દેશીને પૂજ્યશ્રીએ કહ્યું કે **"તમે વિવેકી છો! વધુ તમારે કહેવાની જરૂર નથી! મગન-ભગત પોતાના પુત્રને વહોરાવી જીવન ધન્ય બનાવવા તલસી રહ્યા છે.**

તમોએ યોગ્ય ચકાસણી કરી છે જ ! હું તેમની વિનંતિનો સ્વીકાર સ્થાનિક સંઘ તરીકે તમારા બધાની સંમતિ માનીને કરૂં છું, બોલાવો ! ત્યારે શાસન દેવની જય ! એટલે શ્રી સંઘે જોરદાર રીતે ત્રણવાર શાસનદેવની જય બોલાવી.

પૂજ્યશ્રીએ કહ્યું કે-"વિવેકી શ્રાવકોનું આ પરમ કર્તવ્ય છે કે શાસનના ચરણે સર્વસ્વ સમર્પિત કરી પોતાની કૃતજ્ઞતા-વફાદારી વ્યક્ત કરે !

ધન્ય છે ! તમોને કે મોહની વાસનાને કાબૂમાં લઈ આવા કલૈયાકુંવર જેવા પુત્રને પ્રભુશાસનને સમર્પિત કરી રહ્યા છો.

શાસન અને શ્રુતજ્ઞાનની મર્યાદાઓના યથાશકય પાલન સાથે તમારા સંતાનને શાસનનો અદ્વિતીય પ્રભાવક બનાવવાની મારી ઉમેદ છે, શાસન દેવ જરૂર પૂરી કરશે જ !'

પછી પૂજ્યશ્રીએ પ્રવ્રજ્યા-દીક્ષા વિધિના અંગ તરીકે "મમ મુંડાવેહ" "મમ પવ્વાવેહ "મમ વેસં સમપ્પેહ" ના ત્રણ આદેશ મંગાવી શ્રાવિકાઓના વિશિષ્ટ મંગળ-ગીતો અને મંગળ વાજિંત્રોની રમઝટ વચ્ચે છાબડીમાંથી ઓઘો **મગન ભગત** પાસે મંગાવી પૂ. ચરિત્રનાયકશ્રીને મનમાં શ્રી નવકાર મહામંત્રનો જાપ કરવાનું કહી પોતે ઉભા થઈ સમવસરણ નંદીમાં બિરાજમાન પ્રભુજી પાસે ગયા.

આ વખતે ઈશારાથી વાજિંત્ર આદિ કોલાહલ શાંત કરી **સર્વવિરતિના પંથે જતા આ પુણ્યાત્મા સફળતાને વરો !** એવી મંગળ-કામના સાથે સહુને સાત નવકાર ગણવાનું કહી પૂજ્યશ્રી પોતે એક હાથમાં નવો ઓઘો **મગન ભગતના** હાથમાં મંત્રેલ વાસક્ષેપનો વાટકો તેમાંથી વાસક્ષેપ લઈ પૂજ્યશ્રી સમવસરણ-સ્થિત ચતુર્મુખ પ્રભુજીના જમણા અંગુઠેથી દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર-પૂર્વ એ દિશાના ક્રમથી **આકર્ષણી, મત્સ્ય, કચ્છપ, અંકુશ** મુદ્રાથી વિશિષ્ટ આધ્યાત્મિક-શક્તિઓને આકર્ષિત કરવાનો અભિનય કરી **સૌભાગ્ય, પરમેષ્ઠી, ધેનુ** અને **ગરૂડ** મુદ્રાથી તે શક્તિને ઓઘામાં ઉતારી ત્રાટક દ્વારા પ્રભુજીમાંથી દિવ્ય શક્તિના ધોધને પૂ. ચરિત્રનાયકશ્રીના હૃદય **પર વાળી** પાછા પ્રભુજી તરફ **એમ** લંબગોળ આકારે શક્તિચક્ર ચલાવ્યું.

પછી **નંદીને** ફરતી **સૃષ્ટિ-સંહારક્રમથી** વાસ ચૂર્ણ દ્વારા શક્તિ-તત્ત્વને ખેંચી પૂ. ચરિત્રનાયકશ્રીના માથે બ્રહ્મરંધ્ર અને પાછળના કેંદ્ર પર વાસક્ષેપ દ્વારા અંદર ઉતારવાનો અભિનય કરી કાંસાની થાળીના ત્રણ વખત ૨૭ ડંકા સાથે શક્તિને પૂ. ચરિત્રનાયકશ્રીમાં સ્થિર કરી.

પછી પૂજ્યશ્રી પાટે બેસી **ભગન ભગતના** હાથમાં એ ઘો રખાવી ઓઘા પર શંખૂકાવર્ત્ત (દક્ષિણ) થી આરોહાવરોહ દ્વારા વાસક્ષેપ કરી પુનઃ પોતે તે ઓઘો **ભગન ભગત** દ્વારા સ્વીકારી પૂ. ચરિત્રનાયકને વિનયાવનત મુદ્રાએ પોતાની સમક્ષ ઉભા રહેવા સૂચવ્યું.

પછી પૂજ્યશ્રીએ ઓઘાને **સાત ફૂટાક્ષરોની શક્તિ** વડે **અધિવાસિત** કરી ઉર્ધ્વશ્વાસે પૂ. ચરિત્રનાયકશ્રીના હાથમાં સકળ-સંઘના હર્ષોલ્લાસભર્યા જયનાદ અને કાંસાની થાળીના રણકારભર્યા મંગળ ધ્વનિના વાતાવરણમાં બરાબર ૧૦-૨૩ મિનિટ ઓઘો આપ્યો.

પૂ. ચરિત્રનાયકશ્રી ખૂબ હર્ષોલ્લાસભર્યા ભાવાવેશમાં આવી ખૂબ નાચ્યા. **"જાણે ત્રણ જગતનું રાજ્ય મળ્યું, જીવન-શુદ્ધિનાં ખજાનાની ચાવી મળી"** એવા હર્ષાતિરેકથી ખૂબ નાચ્યા.

ભગન ભગતે તો બે હાથ થમાવી વધુ પડતા નાચથી આવેલ ચક્કરથી પડતા રાખ્યા, પોતાના ખોળામાં બેસાડી દીધા.

થોડીવારે કળ વળ્યેથી પ્રભુ-પરમાત્માને, પૂજ્ય ગુરૂદેવને અને સકળ શ્રીસંઘને ખાસ કરી પિતાજીના પગે હાથ લગાડી **ભવોભવ તમારો ઉપકાર નહીં ભૂલું!** શબ્દો દ્વારા સંયમ-યાત્રાનો આનંદ વ્યક્ત કર્યો.

પછી પૂજ્યશ્રીની સૂચનાથી સંઘના અગ્રગણ્ય શ્રાવકોની વિનંતિથી પૂ. ચરિત્રનાયકશ્રીને **પૂરબાઈ ધર્મશાળામાંજ** નીચે વાડીમાં લઈ ગયા.

દીક્ષાના ઉપકરણોની છાબડી પણ વિવેકી શ્રાવિકાઓ ત્યાં લઈ ગઈ.

પૂજ્યશ્રીની સૂચનાથી **કમળવિજયજી મ., પ્રધાન વિજયજી મ., થોભણ વિજયજી** ત્યાં ગયા અને ઈશાન ખૂણે ત્રણ નવકાર ગણી સુંદર બાજોઠ ઉપર અર્ધપદ્માસને બેસાડી વાસક્ષેપ પૂર્વક હજામ પાસે મુંડન-ક્રિયા શરૂ કરવા શ્રાવકોને સૂચના કરી.

થોડીવારે ચોટલીના સ્થાને ત્રણ **ચપટી** જેટલા વાળ રાખી બાકી બધું મુંડન કરાવી નાખ્યું.

ભગન ભગતે હજામને પૂ. ચરિત્રનાયકના હાથની હીરાજડિત વીંટી અને વર્ષીદાનનાં રથયાત્રામાં પહેરેલ રેશમી જરીયાન કપડાંની પોટલી ભેટ આપી.

પછી જયણાનો ખ્યાલ રાખી પાણી ગટરમાં ન જાય તે હેતુથી પ્રથમથી મંગાવી રાખેલ

મોટી તાંબાની છાછર માં જમવાનો પાટલો મુકી ઉભડક પગે (સંસારમાંથી કૂદીને બહાર આવવાનું છે તેથી) બેસાડી મગન ભગતે પ્રથમ પોતાના હાથે કાચા પાણીનો અભિષેક કરી સંસાર બાટલાના ત્રણ પાયા રૂપ સ્ત્રી, અગ્નિ અને કાચા પાણીમાંથી સૌથી વધુ મુંઝવનાર અને સંસારમાં ફસાવી રાખનાર એવા કાચા પાણીના આરંભમાંથી છૂટવાના પ્રતીક રૂપે "ન્હાઈ નાંખવાના" આશયને વ્યક્ત કર્યો.

પછી હજામતના કારણે થયેલ અશુચિ બરાબર સાફ કરી શરીરને નિર્જંળ બનાવી પૂ. શ્રી કમળવિજયજી મ. ની દેખરેખમાં શ્રી પ્રધાન વિજયજી મ. પુનઃ ચરિત્રનાયકશ્રીને ઇશાન ખૂણે મુખ રખાવી ચોલપટ્ટો પહેરાવવા રૂપે ૧૧-૧૭ મિનિટે વેષ પરિધાનનું મુહૂર્ત સાચવ્યું.

પછી બાકી વેષ પહેરાવી ૧૧-૨૭ મિનિટે મંગળ-વાજિંત્રોના મધુર સરોદા અને કાંસાની થાળીના ખણખણાટ સાથે સંઘના નાનામોટા સહુના હર્ષભર્યા ઉપરાઉપરી અનેક જયનાદો વચ્ચે પૂ. ચરિત્રનાયકશ્રી પૂજ્ય ગુરૂદેવ શ્રી પાસે ઉપસ્થિત થયા.

સકળ-સંઘે એકવાર ફરી જોરથી શાસન દેવની જયનો મંગળઘોષ કર્યો.

પછી પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂ. ગુરૂદેવને પ્રણિપાત કર્યો, પૂજ્યશ્રીની સૂચનાથી પોતાની ડાબે ઈશાન ખૂણા સમક્ષ મુખ રહે તેમ આસન પધરાવી મહત્ત્વની દીક્ષાની ક્રિયા શરૂ કરી.

સકળ-સંઘ ઘડીભર પૂર્વે આપણા જેવા લાગતા બાળમુનિ હવે કેવા પ્રૌઢ તેજસ્વી લાગે છે! એ જોઈ રહ્યા.

થોડીવારે પૂ. શ્રી જવેરસાગરજી મ.શ્રીએ સકળ સંઘને શાંત-આમોશ રહેવા સૂચના કરી

૧૧-૩૭ ના મંગળમુહૂર્તે શ્રી યોગાણુ વિજયજી મ. અને શ્રી પ્રધાન વિજયજી મ. એ કાંબલનો પરદો કર્યો, અને પૂ. શ્રી કમલવિજયજી મ. શ્રીએ પૂજ્યશ્રીના આપેલ વાસક્ષેપથી ઉચ્ચ-શ્વાસે ઉભડક-પગે પૂ. ચરિત્રનાયકને બેસાડી ત્રણ ચપટીથી કેશ-લોચન વિધિ બાળવી.

પછી પૂજ્યશ્રીએ મહત્વનો સમ્યક્ત્વ દંડક ઉચ્ચ સ્વરે ઉચ્ચરાવી છેલ્લે અરિહંતો મહ દેવો ગાથા ત્રણ વાર બોલાવી મોટી ઈમારતના મજબૂત પાયાના ચણતરની જેમ સર્વવિરતિ ચારિત્ર જેવા મહાપ્રાસાદના પાયાસમા સમ્યકત્વનું સ્થાપન કરી પૂ. ચરિત્રનાયકશ્રીને સર્વવિરતિ દીક્ષાને યોગ્ય બનાવ્યા.

પછી સકળસંઘને પૂજ્યશ્રીએ સૂચના કરી કે—

દીક્ષાની યાવજ્જીવની પ્રતિજ્ઞા ઉચ્ચરાવાય છે, સહુ મનમાં ૭ નવકાર ગણે.

પછી પૂજ્યશ્રીએ પૂ. ચરિત્રનાયકશ્રીને અર્ધાવનત-મુદ્રાએ પ્રભુ સામે નમ્રભાવે રહેવા જણાવી "इच्छकारी भगवन्! पसाय करी सर्वविरति दंडक उच्चरावोजी" બોલાવી પોતે પ્રૌઢસ્વરે ગંભીરતાપૂર્વક શ્રી નવકાર-મહામંત્રના સ્પષ્ટ ઘોષ સાથે "करेमिभंते। सामाइयं" (સાધુ દીક્ષા પ્રતિજ્ઞા) ત્રણ વખત ઉચ્ચરાવી દરેક વખતે वोसिरामि ઉચ્ચ-સ્વરે બોલી પૂ. ચરિત્રનાયકશ્રી સંસારને અંતરથી ખંખેરી રહ્યા.

પછી આખા શ્રી સંઘને વાસક્ષેપથી મંત્રેલ ચોખા વહેંચ્યા અને પૂ. ચરિત્રનાયકને પોતે જે સર્વવિરતિ-ચારિત્ર લીધું છે તે અંગે સકળસંઘની મંગળ-કામના ઝીલવા રૂપના શાસ્ત્રીય વિધિ પ્રમાણે નંદી-ક્રિયાના સર્વવિરતિ-સામાયિક આરોપાવણી ના સાત ખમાસમણામાં ચોથા ખમાસમણે સકળ સંઘને પોતે જે મહાપ્રતિજ્ઞા લીધી છે, તેની જાહેરાત અને સહુની મંગળકામના રૂપ ચોખા વધાવવાની પ્રક્રિયામાં પૂ. ચરિત્રનાયકશ્રી પૂજ્યશ્રીની સૂચના મુજબ નંદી સમવસરણને એકેક નવકાર ગણવા સાથે ત્રણ પ્રદક્ષિણા સંઘના હર્ષોલ્લાસને વધારવા રૂપે દીધી.

પૂજ્યશ્રી અને બીજા સાધુ-ભગવંતોના વાસક્ષેપ પૂ. સાધ્વીજીઓના વાસક્ષેપ અને પરમોપકારી પિતાશ્રીનો છેલ્લો આશીર્વાદ વાસક્ષેપ દ્વારા અને આખા સંઘની મંગળ-કામના ચોખા વધાવવા રૂપે મેળવી પોતાની જાતને ધન્ય-કૃતાર્થ બનાવી રહ્યા.

પછી બાકીની વિધિ થયા પછી પૂજ્યશ્રીની સૂચનાથી આખો સંઘ શાંત સ્વસ્થ થયો અને 'નવદીક્ષિતનું નામ સ્થાપન થાય છે' ની જાહેરાતથી સહુ ઉત્સુકપણે નવા મહારાજનું શું નામ રહેશે! તે જાણવા સહુ ઉંતેજાર બની રહ્યા.

પૂજ્યશ્રીએ નત મસ્તકે રહેલા પૂ. ચરિત્રનાયકશ્રી પાસે "इच्छकारी भगवन् मम णाम ठवणं करेह" બોલાવી ગંભીર સ્વરે આખો દિગ્-મંડલ બોલી નૂતન-દીક્ષિતનું નામ મુનિશ્રી આનંદ સાગરજી અને ગુરૂનું નામ મુનિશ્રી અંબેર સાગરજી જાહેર કર્યું.

આખા સંઘે આ બંને નામની જોરદાર જયધ્વનિ બોલાવી અંતરંગ આનંદ વ્યક્ત કર્યો.

પછી બાકીની વિધિ થયા પછી હિતશિક્ષા પૂજ્યશ્રીએ સાધુજીવનની મહત્તા, સંયમી જીવનની વિશિષ્ટતા, શાસન પ્રભાવવાની ફરજ વગેરે બાબતો સમજાવી.

એકંદરે આખા સંઘે ખૂબ ધર્મોત્સાહથી આ પ્રસંગ ઉજવ્યો.

આગમસમ્રાટ આગમાવતાર

આગમિક મર્મજ્ઞ

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના

જીવનચરિત્ર

(વિભાગ–૨)

ના

પ્રસંગોના આલેખનવાલી




ચિ...ત્રા...પ...લી






સં. ૧૯૧૩ માગ સુદ ૧૧ ના રોજ પૂ. શ્રી ગૌતમ સાગરજી મ. ના વરદ હસ્તે પૂ. ઝવેર સાગરજી મ.ની દીક્ષા. (પૃ. ૬)




પૂ. ઝવેરસાગરજી મ. જે આગમાભ્યાસાર્થે પૂ. મૂલચંદજી મ. ની નિશ્રાનો કરેલો સ્વીકાર. (પૃ ૮થી૧૦)



પૂ. મૂલચંદજી મ. પાસે પૂ. ઝવેર સાગરજી મ. નો આગમાભ્યાસ (પૃ. ૮ થી ૧૦)




સ્વ. ગુરુદેવને અંતિમ નિર્યામણા કરાવતાં પૂ. ઝવેર સાગરજી મ. સં. ૧૯૧૬, માગ વદ–૭ નાગોરીશાળા (પૃ. ૧૦) અમદાવાદ.



સં. ૧૯૨૯ ના પોસ સુદ ૧૦ ના વલભીપુરમાં પૂ. ઝવેર સાગરજી મ.ના હસ્તે મુનિશ્રી કેશવસાગરજીની દીક્ષા. (પૃ. ૧૨)



વિ. સં. ૧૯૨૯ના ફાગણ મહિને પૂ. ગચ્છાધિપતિશ્રી મૂલચંદજી મ. ને માલવાના શ્રી સંઘની આગ્રહભરી વિનંતિ (પૃ. ૧૩)



પૂ. ગચ્છાધિપતિ પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મ. ને માલવા તરફ વિચરવાનું સૂચન કરી રહ્યા છે. (પૃ. ૧૪–૧૫)



સં. ૧૯૨૯ રતલામમાં ત્રિસ્તુતિક પ્રધાનાચાર્ય
પૂ. આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.
(પૃ. ૨૦–૨૧)



સં. ૧૯૩૦ રતલામ ચોમાસામાં પુજ્યશ્રીની હાજરીમાં
જૈન–ધર્મની છાયા ઝાંખી પાડવા આવેલા
દંડીસ્વામી શ્રી નારાયણસ્વામી
(પૃ. ૨૩ થી ૨૯)

પૂજ્યપાદ શ્રી ઝવેર સાગરજી મ. ની ધર્મસભા


સનાતન ધર્માચાર્યની ધર્મસભા




વિ. સં. ૧૯૩૦ ના રતલામ ચોમાસામાં
પૂ. શ્રી ઝવેર સાગરજી મ. શ્રીએ સનાતન ધર્માચાર્ય દંડીસ્વામી સાથેના શાસ્ત્રાર્થમાં મેળવેલો વિજય !
(પૃ. ૨૩ થી ૨૯)




સં. ૧૯૩૨ ના કાર્તિક મહિને રતલામથી સેમલિયાના સંઘનું પ્રયાણ (પૃ. ૩૦)



સં. ૧૯૩૧ ના માગ મહિને મહિદપુરથી મક્ષીજીતીર્થના સંઘનું પ્રયાણ (પૃ. ૩૦)




સં. ૧૯૩૧ ના પોષમહિને ઉજ્જૈનમાં સ્થાનકવાસી અગ્રણી ત્રણ મુનિઓ સાથે
કરેલ શાસ્ત્રાર્થની ધર્મસભાનું દૃશ્ય (પૃ. ૩૧ થી ૩૫)




ત્રિસ્તુતિક પૂ. આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરિજી
મ.ની ધર્મસભાનું દૃશ્ય

પૂ. શ્રી ઝવેરસાગરજી મ.ની
ધર્મસભાનું દૃશ્ય (પૃ. ૩૬-૩૭)




સં. ૧૯૩૨માં ઈંદોરમાં ત્રિસ્તુતિક-પ્રધાન-આચાર્ય શ્રીવિજય રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ.

(પૃ. ૩૬/૩૭)



વિ. સં. ૧૯૩૫ ઉદયપુરથી કેશરીયાજી સંઘના પ્રયાણનું ભવ્ય દૃશ્ય


(પૃ. ૪૧)




સંવત ૧૯૩૬ ના ઉદયપુરના ચોમાસામાં આર્યસમાજી પં. શ્રી ગંગેશ્વરાનંદજી સાથે પૂજ્યપાદ શ્રી ઝવેર સાગરજી મ. ની શાસ્ત્રસભાનું દૃશ્ય. (પૃ. ૪૬)




શ્રી ઉદયપુર–સહસ્રફણાપાર્શ્વનાથના દહેરે થયેલ મહોત્સવનું દૃશ્ય (પૃ. ૪૪)




સાગર–શાખાના પૂજ્ય–પુરુષોએ સ્થાપેલ ભંડારને વ્યવસ્થિત કરવા પૂ. ઝવેર સાગરજી મ. ની પ્રેરણા...
(પૃ. ૪૪ થી ૪૭)



સં. ૧૯૩૬ના ઉદયપુર ચોમાસામાં આર્યસમાજી પંડિત સાથે શાસ્ત્રાર્થ કરી વિજય મેળવતા પૂ. ઝવેરસાગરજી મ. (પૃ. ૪૮ થી ૫૦)



ત્રિસ્તુતિક મુનિ શ્રી સૌભાગ્ય વિજયજી મ. (પૃ. ૫૩)



(પૂ. ઝવેરસાગરજી મ)

સં. ૧૯૩૭ના પોષ મહિને ચિતોડગઢમાં પૂ. ઝવેરસાગરજી મ.ની પધરામણી (પૃ. ૫૩)



સં. ૧૯૩૮ ના ઉદયપુર ચોમાસામાં સ્થાનકવાસી ત્રણ મુનિઓ સાથે મૂર્તિપૂજા અને સાધુસમાચારી સંબંધી પૂજ્યશ્રીએ કરેલો શાસ્ત્રાર્થ (પૃ. ૫૬થી૫૯)



આર્યસમાજના પ્રવર્તક
સ્વામી દયાનંદજી.


(પૃ. ૬૩)




સં. ૧૯૩૯ ના ચોમાસામાં અષાઢ વદી ૬ ના રોજ
પૂ. મુનિશ્રી કેશવસાગરજીનો સમાધિપૂર્વ કાળધર્મ.
(પૃ. ૬૫,૬૬)




સં. ૧૯૪૦ ના આસોમહિને પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ને કપડવંજના સંઘની વિનંતિ. (પૃ. ૭૯થી ૮૧)



સં. ૧૯૪૭ પોષ વદી ૦)ની રાતે પૂ. ઝવેરસાગરજી મ. ને મળેલે દૈવી સંકેત. (પૃ. ૮૧–૮૨)




ધૂ. ચરિત્રનાયકશ્રીનું અમદાવાદથી ધંધુકા તરફ સાંઢણીદ્વારા પ્રયાણ. (પૃ. ૧૦૧)



સં. ૧૯૪૨ ઉદયપુર ચોમાસામાં ભાદરવામધ્યે પાલીતાણા રખોયા અંગે પેઢીના સ્ટેટ સાથે ચોથા કરારનામા વખતે તીર્થરક્ષા હેતુ ઉદયપુરના સંઘને જુસ્સાભરી પ્રેરણા... (પૃ. ૯૪ થી ૯૭)




સંવત ૧૯૪૨ના ચોમાસામાં ઉપધાન અંગે ઉદયપુર શ્રીસંઘને પૂજ્યશ્રીએ કરેલ પ્રેરણા (પૃ. ૯૮)



ઉજમફઈ ધર્મશાળા પૂજ્યશ્રી મૂળચંદજી મ. પાસે દીક્ષા ગ્રહણ કરી રહેલા એક શ્રાવિકા બહેન ! (પૃ. ૧૦૬)




સં. ૧૯૪૨ ના ઉદયપુર ચોમાસામાં થયેલ ઉપધાનની માગ–સુદ ૩ની માળા પ્રસંગ સાથે પાંચબહેનોની દીક્ષા.... (પૃ. ૧૧૧,૧૧૨)




પૂ. શ્રી ઝવેરલાલજી મ.નું ઉદેપુરની જનતાને ઉદ્‌બોધન (પૃ. ૧૨૫)




સં. ૧૯૪૪ના ફા. વ. ૬ ના રોજ ઉદયપુરથી ગુજરાત તરફ પૂજ્યશ્રીનો વિહાર. (પૃ. ૧૨૮)




સં. ૧૯૪૪ મહા વદી ૮ના રોજ અમદાવાદ કીકાભટ્ટની પોળમાં પૂ. ગચ્છાધિપતિ શ્રીનું શ્રી શત્રુંજા તીર્થ માહાત્મ્ય પર પ્રવચન અને ત્યારે પૂ. ઝવેરસાગરજી મ.નું તીર્થયાત્રા સંબંધી ઉદ્બોધન (પૃ. ૧૩૩)



પૂ. ગચ્છાધિપતિ શ્રી મુલચંદજી મ. ડોળીમાં ભાવનગર તરફ વિહાર કરે છે (પૃ. ૧૪૨)



સં. ૧૯૪૫ના માગશર વદી ૬ના રોજ શ્રી ગચ્છાધિપતિ શ્રી મૂલચંદજી મ.નો સમાધિપૂર્ણ કાળધર્મ
(પૃ. ૧૪૨ થી ૧૪૪)



વિદ્યાશાળામાં પૂ. ચરિત્રનાયકશ્રીને મેળવવા સ્વજન-વર્ગે ચાલુ વ્યાખ્યાનમાં કરેલ ધાંધલ.
(પૃ. ૧૪૪ થી ૧૯૨)




સં. ૧૯૪૫ આસો સં. ૧૫ રાતે પૂ. ચરિત્રનાયક શ્રીએ સર્વવિરતિ પંથે જવા મેળવેલા માતાજીના આશિષ. (પૃ. ૧૫૩)




પૂ. ચરિત્રનાયકશ્રીએ સંયમલક્ષ્મીની વરમાલ પહેર્યાનું જોયેલ સ્વપ્ન. (પૃ. ૧૫૬)




પૂ. ચરિત્રનાયકશ્રીએ સંસાર કીચડમાંથી બહાર નીકળવા અંગે જોયેલું સ્વપ્નદૃશ્ય (પૃ. ૧૫૬)



સં. ૧૯૪૫ ફા. સુ. ૧ની મધ્યરાત્રે દીક્ષા માટે
પ્રયાણ કરતાં પૂ. ચરિત્રનાયકશ્રી સાથે
ધર્મમિત્ર શંકરભાઈ (પૃ. ૧૬૫)



દીક્ષાર્થે જઈરહેલ પૂ. ચરિત્રનાયકશ્રી શહેરના દરવાજા
બંધ હોઈ ગંધાતી ગટરના માર્ગે નીકળી રહ્યા છે.
(પૃ. ૧૬૬–૧૬૭)




કપડવંજથી ગટરના રસ્તે બહાર નીકળી પૂ. ચરિત્ર-
નાયકશ્રીનું સાંઢણીદ્વારા અમદાવાદ તરફ પ્રયાણ...
(પૃ. ૧૬૮)



સં. ૧૯૪૫માં ફા. સુ. ૩ પૂજ્યશ્રી પાસે
શંકરભાઈ પૂજ્યશ્રી ચરિત્રનાયક સાથે પહોંચ્યા.




સં. ૧૯૪૫ પોષ સુદી ૧૦ રાતે પૂ. ચરિત્રનાયક શ્રીને પૂ. પિતાજી તરફથી મળતું સંયમભાવનામાં ઉત્તેજન. (પૃ. ૧૫૯ થી ૧૭૧)




કપડવંજથી અમદાવાદ વિદ્યાશાળામાં પૂ. નીતિવિજયજી મ. પાસે પૂ. ચરિત્રનાયકશ્રીનું શંકરભાઈ સાથે આગમન (પૃ. ૧૬૮ થી ૧૭૦)



પૂ. ચરિત્રનાયકને કપડવંજથી દીક્ષા માટે ગુપ્ત રીતે લઈ આવેલ શંકરભાઈને વિદ્યાશાળા અમદાવાદના ઉપાશ્રયે પૂ. શ્રી વિધિપૂર્વક વાસક્ષેપ કરી રહ્યા છે. (પૃ. ૧૭૦)




પૂ. ચરિત્રનાયક શ્રી કપડવંજના ધર્મમિત્ર શંકરભાઈ સાથે ઘોડા પર બેસી અમદાવાદની લીંબડી ભણી જઈ રહ્યા છે. (પૃ. ૧૭૨)




દીક્ષામાટે ધ્રાંધુકાથી લીંબડી તરફ સાંઢણીદ્વારા પ્રયાણ. (પૃ. ૧૭૨)



સં. ૧૯૪૫ રાત્રે ફા. સુ. ૩ ગુરુવાર લીંબડીમાં પૂ. ઝવેર સાગરજી મ.ને પૂ. ચરિત્રનાયકશ્રી તરફથી દીક્ષાર્થે વિનંતી. (પૃ. ૧૭૩)




પૂ. શ્રી ઝવેરસાગરજી મ. પાસે પૂ. ચરિત્રનાયકશ્રી સામાયિકમાં સ્વાધ્યાય કરી રહ્યા છે. (પૃ. ૧૭૫)




સીયાણીતીર્થે પૂ. ચરિત્રનાયકશ્રી દીક્ષાગ્રહણ કરી પૂ. પ્રમોદ વિ. મ. સાથે લીંબડી મુકામે આવી પૂ. ઝવેરસાગરજી મ. ને વંદન કરી રહ્યા છે. (પૃ. ૧૮૨)




સંસારીઓના ઉપદ્રવથી બચવા પૂ. ચરિત્ર નાયકશ્રીને પૂ. મુનિ વિવેકવિજયજી સાથે લીંબડીથી અમદાવાદ તરફ કરાવેલ વિહાર (પૃ. ૧૮૪)



સંવત ૧૯૪૫નાં કા. સુ. ૫ ના સવારે ૧૦. ૪૭ મિનિટે સીયાણી (લીંબડી)માં પૂ. ચરિત્રનાયક શ્રીની દીક્ષા. (પૃ. ૧૭૯ થી ૧૮૨)




કુટુંબવર્ગના ઉપદ્રવથી બચાવવા પૂ. ઝવેરસાગરજી મ. શ્રીએ પૂ. ચરિત્રનાયકશ્રીને અમદાવાદમાં જ્યાં રાખેલ તે વિદ્યાશાળાનુ દૃશ્ય. (પૃ. ૧૮૭)



શ્વશુરપક્ષના તોફાનથી બચવા પૂ. આ. શ્રી સિદ્ધિસૂરિ (બાપજી) મ.ની સૂચનાનુસાર પૂ. ચરિત્ર-નાયકશ્રીનો ખોરજ મુકામે એકાન્તવાસ. (પૃ. ૧૮૯)



વિરોધીઓના દબાણથી ખોરજ ગામે છૂપાવીને રાખેલા ચરિત્રનાયકશ્રીને કુટુંબીજનોના આગ્રહથી વિદ્યા-શાળામાં વ્યાખ્યાન વચ્ચે જાહેર કર્યા. (પૃ.૨૦૨,૨૦૩)




પૂ. ચરિત્રનાયકશ્રીને દીક્ષામાંથી ચલિત કરવા માટે સંસારી સસરાએ કરેલા કેસમાં વાદી તરફથી વકીલ મારફત કરેલી રજૂઆત. (પૃ. ૨૦૫,૨૦૬)



અમદાવાદની કોર્ટમાં પૂ. ચરિત્રનાયકશ્રીના સંસારી સસરા એ કરેલા કેસની જુબાની પૂ. ચરિત્રનાયકશ્રી બેધડક આપી રહ્યા છે. (પૃ. ૨૦૭–૨૧૬)



કપડવણજના જમનાભાઈ (વિનોદી સ્વભાવવાળા) એ રણછોડભાઈની શીખવણીથી ખોટી જુબાની આપતાં શાસનદેવની કૃપાથી સત્યવાતની પડખે રહી ભરી કોર્ટમાં રણછોડભાઈનો કરેલો ફિયાસ્કો. (પૃ. ૨૨૫)




પૂ. ચરિત્રનાયકશ્રી ઉપર સંસારી સસરાશ્રી રણછોડ ભાઈએ નાણા ના દબાણથી કરેલ કેશનો આખરી ફેંસલો. (પૃ. ૨૨૮)



(પૂ. ચરિત્રનાયકશ્રીના સસરા) શ્રી રણછોડભાઈની ગંગોત્રી (હિમાલય)થી આવેલા બાવાજી સાથે મંત્રણા (પૃ. ૨૪૭)



પૂ શ્રી ચરિત્ર નાયકશ્રીના અંતરમાં વિકારદર્શક ગોળીના પ્રતાપે મચેલો ખળભળાટ (પૃ. ૨૪૮ થી ૨૫૦)



પૂ. ચરિત્રનાયકશ્રીના સંસારી પત્ની બાવાની ગોળી ઉકાળી રહ્યા છે.


(પૃ. ૨૪૮)



પૂ. ચરિત્રનાયકશ્રીની સંસારીય પત્ની સાથે દાગીના સમરાવવાના બહાને અમદાવાદ જવાની વિચારણા
પૃ. ૨૫૬




અમદાવાદ આવ્યા બાદ વિદ્યાશાળામાં શ્રી જંબુસ્વામીના રાસના વાંચનથી ચરિત્રનાયકશ્રીએ મેળવેલ અંતરઆત્માની જાગૃતિ પૃ, ૨૬૦–૨૬૧




સં. ૧૯૪૭ ના લીંમડીમાં પૂ. ઝવેરસાગરજી મ. ને પૂ. ચરિત્રનાયકશ્રીની કાકલુદી–ભરી વિનંતી
(પૃ, ૨૬૪)




પૂ. ચરિત્રનાયક શ્રી પાલીતાણામાં સં. ૧૯૪૭માં પિતાશ્રી પાસેથી દીક્ષા માટે મંગળ આશિષ મેળવી રહ્યા છે. (પૃ. ૨૬૮)



પૂ. શ્રી ઝવેરસાગરજી મ.ની નિશ્રામાં કેશરીયાજીના છરી પાળતા સંઘનું ભવ્ય દૃશ્ય (પૃ. ૧૭૮)



પૂ. શ્રી ચરિત્રનાયકશ્રીના વર્ષીદાનની ભવ્ય રથયાત્રા (સ્થળ લીંબડી શહેર) (પૃ. ૩૦૪)



સં. ૧૯૪૭ના મહા સુદી ૫ના મંગલદિને પૂ. ચરિત્રનાયકશ્રીનો લીંબડી શહેરે ઉજવાયેલો દીક્ષા પ્રસંગ
(પૃ. ૩૧૧ થી ૩૧૬)

પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રીની દીક્ષાભૂમિ લીંબડી (સૌરાષ્ટ્ર)ની પૂરબાઈ જૈન ધર્મશાળાનું સન્મુખ દૃશ્ય.


લીંબડીની પૂરબાઈ જૈન ધર્મશાળાના ઐતિહાસિક લેખનું સન્મુખ દૃશ્ય

લીંબડી (સૌરાષ્ટ્ર) પૂરબાઇ જૈન ધર્મશાળાના
વ્યાખ્યાન માંડવીની પશ્ચિમ બાજુનું
દૃશ્ય




પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રીની જ્યાં દીક્ષા થઈ તે પૂરબાઈ જૈન ધર્મશાળા લીંબડી (સૌરાષ્ટ્ર)ના વ્યાખ્યાન હોલના મધ્યભાગે વ્યાખ્યાન-વેદિકાની માંડવી ઉપર પશ્ચિમ બાજુ પૂ. આગમોદ્ધારકશ્રીની દીક્ષા-પ્રસંગે થયેલ ઓચ્છવ વિગેરેનો શિલાલેખ છે. જે કે સામેના પાને અક્ષરશઃ છાપેલ છે.


લીંબડી (સૌરાષ્ટ્ર)માં પૂ. આગમોદ્ધારકશ્રીની જ્યાં દીક્ષા થઇ તે પૂરમાઇ જૈનન ધર્મશાળાની વ્યાખ્યાન વેદિકાનું દૃશ્ય



આ વ્યાખ્યાન વેદિકામાં બહારના મંડપમાં ઉપર ૯x૨૨ ઈંચની લાંબી ચિત્ર-પટ્ટિકા દેખાય છે તેમાં વચ્ચે ઝવેરસાગરજી મહારાજ અને બે બાજુ બબ્બે સાધુઓ અને શ્રાવકો દેખાય છે.
ડાબે દેખાતા નાના મહારાજ તે પૂ. આગમોદ્ધારકશ્રીની બાલ્યાવસ્થાનું દૃશ્ય છે.





મુની મહારાજશ્રી ઝવેરસાગરજી સં. ૧૯૪૭ની સાલમાં સાધુ ૧૦ સાધ્વી ૭ સહીત ચોમાસું રહ્યા જેઠ વદ ૧૩ના દિવસે પૂજ્ય હેમવિજયજી તથા શ્રી અમદાવાદના શેઠ મણીભાઇ પ્રેમાભાઈ જેસીંગભાઈ હઠીસીંગ તથા શ્રી લીંબડી સર્વે સંઘ મલીને પં. આણંદવિજયજી તથા પં. કમલવિજયજીને ગણી પદવી તથા પં. પદવી આપી તેનો સમારંભ ઓચ્છવ સર્વસંઘ તથા મણીભાઈ વિગેરે ઠાઠ આડંબર આનંદપૂર્વક કર્યો ત્યારે આ સિંહાસન કરાવ્યું છે, સર્વે ગણીજી શ્રી મુલચંદજી મહારાજના ઉપકારથી શ્રી ઝવેરસાગરજીને પ્રયત્ન કર્યો છે, પરમપવિત્ર શ્રી જૈનધર્મ પામી શ્રી સંઘે શ્રદ્ધા લાવી શ્રી દેવગુરૂની ભકિત કરાવી તથા કલ્યાણ ધર્મ પામી શ્રી જીનેશ્વરને નમઃ શ્રી ગુરૂભ્યો નમઃ લીંબડીના સંઘના ઉપાશ્રયમાં લાકડાના સિંહાસનની જમણી બાજુ ઉપરના ભાગમાં લેખ લખેલ છે.



પૂ. આગમોદ્ધારક આચાર્યદેવની ગુરુ-પરંપરાની મૌલિકતા દર્શાવનાર

સાગરશાખાના જ્યોતિર્ધરોનું વંશવૃક્ષ





આગમોદ્ધારકશ્રીજીવનદર્શન

જન્મ-કપડવંજ ૧૯૩૧

દીક્ષા-લીંબડી ૧૯૪૩

પંન્યાસપદ-અમદાવાદ ૧૯૬૦

આચાર્યપદ-સુરત ૧૯૭૪

કાળધર્મ.- સુરત ૨૦૦૬
વૈશાખ વદ ૫

સંકેત ચિન્હોની સમજુતી


= જન્મસ્થાન.

= દીક્ષા.

= કાળધર્મ.

દલસુખ

પૂજ્ય આગમાવતાર આચાર્ય દેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી એ કરેલા ચાર્તુમાસોની યાદી દર્શાવતો નકશો.


પૂજ્ય
ગચ્છાધિપતિ
આ.શ્રી
માણિક્ય
સાગર
સૂરીશ્વર
જી.મ.
પૂ. આગમોદ્ધારક શ્રીના
મુખ્ય ૩૨
શિષ્યો.
પૂજ્ય
આગમોદ્ધારક
આનંદસાગર-
સૂરીશ્વરજી
મ.
શાસન રક્ષક
શ્રી ઝવેર સાગરજી મહારાજ
પૂ.આગમોદ્ધારક આચાર્ય
શ્વરજીના મુખ્ય ૩૨
દેવશ્રી આનંદસાગરસૂરી-
શિષ્યો દર્શાવતું વંશવૃક્ષ
કલ્યાણ


૧૧
૨
૧૨
૮
૧૦
૯